Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

द्

[illegible]

# સમયસાર વૈભવ

## શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

## (ભાગ-૭)

## (ગાથા-૯૬ થી ૧૨૫, શ્લોક-૫૭ થી ૬૪, પ્રવચન-૧૮૫ થી ૨૧૨)

પ્રકાશક

સ્વ. શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર

(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)

હ : અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ

સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વિક્રમ સંવંત ૨૦૭૩


વીર સંવંત ૨૫૪૩

ઈ. સન ૨૦૧૭

**પ્રકાશન**
તા. ૭-૯-૨૦૧૭
ઉત્તમ ક્ષમાવણી દિન

**પ્રાપ્તિ સ્થાન**
જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.
મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨

**ટાઈપ સેટિંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧



ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।
एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્‌ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર વૈભવ**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ

વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્‌શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા

તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ ૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર વૈભવ ભાગ-૭ ઉત્તમ ક્ષમાવણી દિને પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધી, ચેતનભાઈ મહેતા-રાજકોટ તથા પંકજભાઈ કામદારનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હ્રદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર



ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.

# સ્મરણાંજલિ





**અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.**

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર
કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા



| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ. સં. |
|---|---|---|---|
| ૧૮૫ | ૧૨–૧૧–૧૯૬૬ | ગાથા–૯૬ | 00૧ |
| ૧૮૬ | ૧૩–૧૧–૧૯૬૬ | ગાથા–૯૬ | 0૧૮ |
| ૧૮૭ | ૧૪–૧૧–૧૯૬૬ | ગાથા–૯૭ | 033 |
| ૧૮૮ | ૧૫–૧૧–૧૯૬૬ | ગાથા–૯૭, શ્લોક–૫૭ | 0૪૮ |
| ૧૮૯ | ૧૬–૧૧–૧૯૬૬ | શ્લોક–૫૭ થી ૫૯ | 0૬3 |
| ૧૯0 | ૧૭–૧૧–૧૯૬૬ | શ્લોક–૬0 થી ૬૨ | 0૭૬ |
| ૧૯૨ | ૧૯–૧૧–૧૯૬૬ | ગાથા–૯૯ થી ૧0૫ | 0૮૯ |
| ૧૯3 | ૨0–૧૧–૧૯૬૬ | ગાથા–૧00 | ૧0૪ |
| ૧૯૪ | ૨૧–૧૧–૧૯૬૬ | ગાથા–૧00–૧0૧ | ૧૨0 |
| ૧૯૫ | ૨૨–૧૧–૧૯૬૬ | ગાથા–૧0૧ | ૧3૮ |
| ૧૯૬ | ૨3–૧૧–૧૯૬૬ | ગાથા–૧0૧ | ૧૫૨ |
| ૧૯૮ | ૨૫–૧૧–૧૯૬૬ | ગાથા–૧0૧ | ૧૬૭ |
| ૧૯૯ | ૨૬–૧૧–૧૯૬૬ | ગાથા–૧0૧–૧0૨ | ૧૮૧ |
| ૨00 | ૨૭–૧૧–૧૯૬૬ | ગાથા–૧0૨ | ૧૯૫ |
| ૨0૧ | ૨૮–૧૧–૧૯૬૬ | ગાથા–૧03 | ૨૧0 |
| ૨0૨ | ૨૯–૧૧–૧૯૬૬ | ગાથા–૧03–૧0૪ | ૨૨૯ |
| ૨03 | 30–૧૧–૧૯૬૬ | ગાથા–૧0૪ | ૨૪૭ |
| ૨0૪ | 0૧–૧૨–૧૯૬૬ | ગાથા–૧0૪–૧0૫ | ૨૬૪ |
| ૨0૬ | 03–૧૨–૧૯૬૬ | ગાથા–૧0૮ થી ૧૧૨ | ૨૮૧ |

| | | | |
|---|---|---|---|
| ૨૦૭ | ૦૪–૧૨–૧૯૬૬ | ગાથા–૧૦૯ થી ૧૧૫ | ૨૯૫ |
| ૨૦૮ | ૦૫–૧૨–૧૯૬૬ | ગાથા–૧૧૩ થી ૧૧૫ | ૩૧૦ |
| ૨૦૯ | ૦૬–૧૨–૧૯૬૬ | ગાથા–૧૧૩ થી ૧૨૦ | ૩૨૫ |
| ૨૧૦ | ૦૭–૧૨–૧૯૬૬ | શ્લોક–૬૪, ગાથા–૧૧૫થી૧૨૫ | ૩૪૨ |
| ૨૧૧ | ૦૮–૧૨–૧૯૬૬ | ગાથા–૧૨૧ થી ૧૨૫ | ૩૫૯ |
| ૨૧૨ | ૦૯–૧૨–૧૯૬૬ | ગાથા–૧૨૧ થી ૧૨૫ | ૩૭૬ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# સમયસાર વૈભવ

**(ભાગ-૭)**
**(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના શબ્દશઃ પ્રવચનો)**

**નોંધ :- પ્રવચન નં. ૧૮૧થી ૧૮૪, ગાથા-૯૩થી ૯૫ ઉપલબ્ધ નથી.**

**આસો વદ ૧૫, શનિવાર તા. ૧૨-૧૧-૧૯૬૬**
**ગાથા-૯૬, પ્રવચન-૧૮૫**

... ચાલે છે. ૯૬ ગાથા. શું કહે છે? **'તેથી કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું એમ હવે કહે છે :-'** એટલે કે આ આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય પદાર્થ સ્વભાવ છે એનો. એ પોતાના સ્વભાવને ભૂલે ત્યારે એ પુણ્ય-પાપ આદિ વિકાર અને પરવસ્તુના સંબંધે થતો વિકલ્પ, એનો એ કર્તા થાય છે. જેની ચૈતન્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી, હું એક જ્ઞાનસ્વભાવની સંપદાવાળું તત્ત્વ છું એમ જેની અંતર્મુખ દૃષ્ટિ નથી, એને રાગાદિ વિકલ્પો અને શરીરાદિ પરદ્રવ્ય એના સંબંધે અથવા પુદ્ગલાદિ કે અન્ય જીવો, એના સંબંધે ઉત્પન્ન થતો રાગ, તેના ઉપર દૃષ્ટિ હોવાથી તેનો તે કર્તા થાય છે. એ કર્તાનું મૂળ તો સ્વરૂપનું અજ્ઞાન છે. સમજાય છે કાંઈ?

**'ટીકા :- ખરેખર એ રીતે,...'** એ રીતે એટલે ૯૪ અને ૯૫માં કહ્યું તે રીતે. ૯૪માં કહ્યું કે **'હું ક્રોધ છું.'** ૯૪ ગાથામાં એમ કહ્યું કે કર્મ એ જડ છે, ભાવ થવાને-પાક થવાને લાયક કર્મ. એના ભાવકથી થયેલો વિકારી શુભ-અશુભભાવ તે ભાવ્ય. એને જેણે પોતાનો માન્યો છે અને એવા ભાવ્યથી રહિત હું ચૈતન્ય જ્ઞાયક છું એની દૃષ્ટિ નથી, તે તે વિકારી પરિણામનો રચનાર, બનનાર, કરનાર થાય છે. એ મિથ્યાત્વ અને અજ્ઞાન છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'ખરેખર એ રીતે, હું ક્રોધ છું...'** માન, માયા, લોભ, દયા, દાન, વ્રતાદિના પરિણામ તે હું છું. **'ઈત્યાદિની જેમ...'** એટલે બધા ભાવો સોળાદિ જે અસંખ્ય લીધા એ. **'અને હું ધર્મદ્રવ્ય છું....'** એક ધર્માસ્તિનો વિચાર કરતા એને તે સંબંધીનો રાગ થાય તો રાગના જેટલો છું અને રાગથી (ભિન્ન) જાણનાર ચૈતન્યના શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ જેને નથી, તે એમ જ માને છે કે ધર્માસ્તિકાયને જાણવા પૂરતો જે જ્ઞાન અથવા વિકલ્પ થયો તે હું છું. સમજાણું કાંઈ? બહુ ટૂંકું, ઘણું ટૂંકું અહીં તો વર્ણવ્યું છે, જુઓને! ઓલા કેસ કરતા હશે એ લાંબા લાંબા લપસિંદર કરતા હશે કે નહિ વકીલ? ક્યાંના ક્યાં રખડવા જતા હતા કલકત્તા ને... સમજાણું? ઓહો..! ઈ કહે છે, જુઓ!

હું વિકારી છું એવું જેણે, નિર્વિકારી જ્ઞાન સંપદાવાળું તત્ત્વ આત્મા છે એને જેણે દૃષ્ટિમાં લીધો નથી, એ જ કર્મના સંગે થયેલા વિકારને દૃષ્ટિમાં લઈ અને એ હું છું એમ એનો કર્તા થાય છે. **'અને હું ધર્મદ્રવ્ય છું...'** પુદ્‌ગલ છું, આ બધા અન્ય જીવ તે હું છું. એટલે કે એ અન્ય જીવના વિચારના કાળે વિકલ્પ આવ્યો અથવા એ અન્ય જીવને, પુદ્‌ગલને જાણવા કાળે જે જ્ઞાન થયું એટલો હું છું, એમ જેની દૃષ્ટિ પર્યાયના અંશ અને પર ઉપર છે, તે તે પરદ્રવ્યના સંબંધે થતાં રાગનો કર્તા થતાં પરદ્રવ્ય મારા છે એમ તે માને છે. કહો, સમજાણું આમાં?

**'ઈત્યાદિની જેમ આત્મા પરદ્રવ્યોને પોતારૂપ કરે છે...'** ભગવાન આત્મા ચૈતન્યનો સાગર છે. સમજાણું? પરથી તો શૂન્ય છે. તમારો બિંદુ યાદ આવી ગયો. ઓલું આવ્યું છે ને આજ આમાં? બિંદુ અને જોડે પાછું આમ કાંઈક કર્યું છે મીંડું, એ શું કર્યું છે? થોડુંક આમ કરીને મીંડુ કર્યું છે. કાગળ હતો ને ક્યાંક? જુઓ ત્યાં. આમાં કાંઈક કર્યું છે તમે. બિંદુ કરીને પાછું આમ કરીને મીંડું કર્યું છે. શું હશે એ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચિહ્ન-બિહ્ન આપણે સમજીએ નહિ. રામજીભાઈ સમજે. ચિહ્ન એટલે? એ તો બિંદુ. પાછું એક આમ કરીને મીંડું કર્યું છે. નામ બિંદુ અને પછી બિંદુ લખ્યું. પણ બિંદુમાં જરી પહોળું રાખ્યું છે. આખું બિંદુ નથી કર્યું. એટલે વહેમ પડ્યો કાંઈક હશે? નહિતર આમ શૂન્ય કરે તો તો થાય.

અહીં કહે છે કે ભગવાન આત્મા એ પરથી શૂન્ય છે. પ્રવચનસારમાં આવે છે સપ્તભંગી. સપ્તભંગીમાં આવે છે. પરથી શૂન્ય છે અને પોતાથી અશૂન્ય છે. ભિન્ન ભિન્ન શાસ્ત્રની ભાષાએ આચાર્ય વસ્તુને જેવી રીતે છે એમ વર્ણવે છે. તો કહે છે, **'ઈત્યાદિની જેમ...'** હું રાગ છું, હું દયાનો ભાવ છું, હું હિંસાના ભાવરૂપ છું, હું પરજીવની ક્રિયામાં મારું લક્ષ જતાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જે રાગ થાય છે તે રાગ સ્વરૂપે હું છું, એ બધા પરદ્રવ્યને એ '**આત્મા પરદ્રવ્યોને...**' પરદ્રવ્ય શબ્દમાં દયા-દાનના પરિણામ અને શરીર અને કર્મ આદિ પર બધાને અહીં પરદ્રવ્ય કીધા છે. રાજેન્દ્રજી! છે એમાં જુઓ! આ જુઓ, છે ને પણ. એનો સરવાળો કરી નાખ્યો છે, ૯૪-૯૫નો.

ભગવાન સ્વદ્રવ્ય તો ચૈતન્યમૂર્તિ કહેશે હમણા. એ તો જ્ઞાનનો પુંજ, સત્‌નું સત્ત્વ એનું સત્‌નું સત્ત્વ તો એકલું જ્ઞાન અને આનંદ એનું સત્ત્વ છે. સત્ પોતે એનું સત્ત્વ તો આ છે. એના સત્‌ના હોવાપણાના સત્ત્વમાં આ વિકારના પરિણામ અને પરદ્રવ્ય તો નથી. છતાં તે પરદ્રવ્યોને-દયાનો ભાવ, પુણ્યનો ભાવ એને અહીંયાં પરદ્રવ્ય કીધું છે. વિજયમૂર્તિ!

મુમુક્ષુ :- પહેલેથી...

ઉત્તર :- એ તો પહેલેથી જ છે ને. સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય બેય તદ્દન ભિન્ન. ભગવાન આત્મા સ્વદ્રવ્યમાં આસ્રવ અને અજીવ નથી. આસ્રવ અને અજીવ એ નથી એટલે એ પરદ્રવ્ય થયા અને આ સ્વદ્રવ્ય થયું. એમ સીધી વાત છે એમાં. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તત્ત્વના નામ તો એને ખબર હોય કે નહિ સાત? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. જીવ જુદું તત્ત્વ, આસ્રવ જુદું, અજીવ જુદું. અજીવ જુદું બધા દ્રવ્યો આદિ. એ આ જીવ નહિ તો બીજા પણ એ અપેક્ષાએ અજીવ કહેવાય અને એ અજીવ તે આત્મા નથી. કેમ? આસ્રવ એ આત્મા નથી. કારણ નહિતર ભિન્ન તત્ત્વ રહેતું નથી. શુભ-અશુભ રાગ એ આસ્રવ છે એને તો અહીં પરદ્રવ્ય કહી દીધું છે. સમજાણું કાંઈ? રાડ નાખે. અર..ર..! પરદ્રવ્યનો કર્તા ન થાય? અરે..! પ્રભુ! પરદ્રવ્ય શું પણ અહીં તો આસ્રવનો કર્તા થાય એ પરદ્રવ્યનો કર્તા થાય એ સ્વદ્રવ્યનો જ્ઞાતા નથી રહેતો. આહાહા..! એને પણ આ ચોર્યાશીની ઘાણીમાં પિલાય છે એની એને ખબર નથી. આ ક્યાંય સખ નથી એને. અવતારમાં જ્યાં જ્યાં હોય ત્યાં અવતારે આકુળતા છે. બધા સુખી દેખાય છે કે નહિ આ તમે બધા?

મુમુક્ષુ :- નથી.

ઉત્તર :- નથી લાગતા પણ,... અમારા ભાઈ અહીં હોય તો કહે કે અહીં તો કહેવું પડે ને. એમ કહે એ.

મુમુક્ષુ :- ... બહુ સુખી થઈ જાય.

ઉત્તર :- ધૂળમાંય સુખો નથી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શ્રીમદ્દે લખ્યો છે ને એક ટૂકડો? **'હે જીવ! તું ભૂલ મા.'** છોકરો બોલે છે ઓલો તમારો. દોલુભાઈનો નાનો નહિ? ચેતન છે ને? એ બોલે. સામે બેઠો હોય ત્યારે બોલે છે કોઈવાર. નાનો નથી ઓલો? ...ભાઈ! નથી આવ્યો એ? નાનો બોલે છે, હે જીવ! તું ભૂલ મા. આવડો નથી ઢીચકો? હે જીવ! તું ભૂલ મા. સુખ અંતરમાં છે, બહારમાં નથી. હું તને સાચું કહું છું, હોં! એમ બોલે. એ શબ્દ આમાં છે. શ્રીમદ્‌માં શબ્દ છે. એ જરી તોતડું બોલે છે. જોડે હોય ને ભરત, તો થોડું કહે. શું કહે છે? હે જીવ! તું ભૂલ મા. સુખ અંતરમાં છે. સુખ બહારમાં નથી. બહાર શોધે સુખ નહિ મળે. અંતર શોધે જ્યાં છે ત્યાં શોધે સુખ મળશે. આ તો સીધી વાત છે.

સુખ કહો કે આત્માની શાંતિ કહો કે ધર્મ કહો, એ આત્માના સ્વભાવમાં ધર્મ છે. એ ધર્મ કોઈ રાગમાં, પુણ્યમાં, શરીરમાં, પરમાં છે નહિ. અને ધર્મ થતાં એ સુખી થાય છે. કેમ કે આત્મા અનાકુળ આનંદસ્વરૂપ છે એવો જે ધર્મી-પદાર્થ, એનામાં અસ્તિત્વમાં પ્રતીત અને અનુભવ કરતાં એનામાં રહેલી શક્તિનું વ્યક્તપણું અંશમાં આવે છે. એટલે એ ધર્મી સુખી છે. સમજાણું કાંઈ? અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ ચાહે તો મોટો દેવ નવમી ગ્રૈવેયકનો હોય. મિથ્યાદૃષ્ટિ એ દુઃખી છે. અને સાતમી નરકનો નારકી રવરવમાં પડ્યો હોય સમકિતી. સ્વભાવની દૃષ્ટિએ સુખી છે. સમજાણું કાંઈ? ઓલું આવે છે ને ભજનમાં નથી આવતું? 'નારકી બાહ્ય કૃત દુઃખ ભોગત, અંતરમાં ગટાગટી. સુખની ગટાગટી.' આવે છે? બાબુલાલજી! એ ભજન.

મુમુક્ષુ :- આ કાળમાં બીજો હોય.

ઉત્તર :- આ કાળમાં ધૂળેય .. હવે આટલી વાત સીધી ભજનમાં સાદામાં નાખી છે. 'નારકી બાહ્ય કૃત દુઃખ ભોગત, અંતર સુખમાં ગટાગટી' ત્યાં ક્યાં પાંચમું ગુણસ્થાન છે? છે પાંચમું? ત્યારે શું છે આ વાત? અરે..!

આત્મા પ્રભુ પોતે છે એની પ્રભુતામાં આનંદ છે. શક્તિમાં આનંદ છે. તેથી તો શક્તિમાં જ્ઞાન, સુખ અને વીર્ય એમ ત્રણ પાડ્યું. ૪૭ શક્તિમાં જીવતરશક્તિ, ચિતિશક્તિ, દૃષ્ટિ-જ્ઞાન સુખ અને વીર્ય. એ જ્ઞાન, સુખ અને વીર્ય. આમ આત્મામાં અંતર જ્ઞાન ભર્યું છે, આનંદ ભર્યો છે અને વીર્ય. એ અંતર જતાં એની અંતરની સંભાળની સાવધાની છે એવો આત્મા એને પ્રતીત-અનુભવમાં લેતા ચોથે ગુણસ્થાને નરકમાં પણ આનંદ હોય છે. માને નહિ શું કહીએ? આનંદ તો તેરમે હોય છે એમ કહે છે. હમણાં આવ્યું હતું. એ સુખ તેરમે હોય. અરે..! ભગવાન! એ નથી, બાપા! પૂરાની વાત લીધી છે. અરે..! ભગવાન! હવે આ પંડિત બેઠા હોય એનું કોઈ માને નહિ. શું કરવું?

મુમુક્ષુ :- ...ભગવાનને માને નહિ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- મોટા પંડિત છે, આબરૂદાર છે, કેટલા વર્ષ જૂના છે, લ્યો!

મુમુક્ષુ :- જૂનામાં જૂના.

ઉત્તર :- જૂનામાં જૂના છે. આ કોણ જાણે ક્યાંથી આવા..? અરે.. ભગવાન! બાપુ! કાંઈક વિચાર તો કર, ભાઈ! આ જૈનદર્શનની પેઢીએ બેસીને વાત કરવી આવી? આહાહા..! અબજોપતિની દુકાને બેસી અને ઘાંચીને બેસાડે અને વેપાર કરે. બે રૂપિયાનો નોકર. દસ રૂપિયા આપીશ મહિને. એ અબજોપતિનું શું કરે એ?

મુમુક્ષુ :- ઘાણી ફેરવે.

ઉત્તર :- એને તો ઘાણી હોય નહિ. ઘાણી પણ આવડે નહિ, માથા ફોડે આવડત વિનાના. એનું ઓલું લાકડું ફરતું હોય ને આમ. એ માથુ એમાં બરાબર ન રાખે તો ખૂંચી જાય. લાકડું હોય ને મોટું ઘાણીનું? એ આમ ફરતા ફરતા આવે તો આમ પાછું કરી નાખવું પડે. હોંશિયાર ઘાચી હોય તો. એમ ને એમ રાખે ફરતું તો ફૂ..

અહીં કહે છે, બાપુ! ચૈતન્યપ્રભુ મોટો ત્રણ લોકનો નાથ. આહાહા..! જેની દશામાં કેવળજ્ઞાન એવા તો અનંતા પડ્યા છે. એવો જે ભગવાન આત્મા એની દૃષ્ટિ અને ભાન થતાં આનંદ ન આવે તો એણે આત્માને માણ્યો અને જાણ્યો જ નથી. આહાહા..!

અહીં તો કહે છે, જ્યાં સુધી એને ચૈતન્યના સ્વભાવનું ભાન નથી ને. ત્યાં સુધી એની દૃષ્ટિ વિકાર મારા અને પરદ્રવ્ય મારા અથવા પરદ્રવ્યના સંબંધે થતું જ્ઞાન અને રાગ, એમાં જ પોતાની દૃષ્ટિ સ્થાપી છે. એથી '**આત્મા પરદ્રવ્યોને પોતારૂપ કરે છે...**' પરદ્રવ્યને. છે ને પાઠ? '**पराणि दव्वाणि अप्पयं कुणदि मंदबुद्धीओ**' મંદબુદ્ધિનો અર્થ મિથ્યાદૃષ્ટિ કહ્યો છે.

આ ભગવાન આત્મા ચૈતન્ય પરમાત્મા બિરાજે છે ને. આહાહા..! જેનામાં કેવળજ્ઞાનની પર્યાય તો અનંતી અનંતી છે. પણ એ કેવળજ્ઞાન પર્યાય કરતા અનંતગુણો જ્ઞેય લોકાલોક હોત તો એ પર્યાય જાણી શકત એટલી એની તાકાત છે. જેનો સ્વભાવ છે એનું શું કહેવું? જેનો સ્વભાવ-સ્વભાવ, સત્ત્વ, શક્તિ, સ્વભાવ અમાપ, એનું શું માપ? એવું ગંભીર મહાતત્ત્વ. જેણે પરને પોતાનું માન્યું છે એ પરદ્રવ્યને પોતારૂપ કરે છે. ભગવાન આવો ચૈતન્યપ્રભુ એને રાગ અને પરદ્રવ્યરૂપ માને છે અને પોતાને પણ પરદ્રવ્યરૂપ કરે છે. ભગવાન જ્ઞાનરૂપ છે એ પર છું એમ માને છે અને પર તે મારામાં છે એમ માને છે.

'**તેથી આ આત્મા, જોકે...**' ભાષા ફેરવીને કેટલું સ્પષ્ટ કરે છે! '**સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત...**' ત્યાં દ્રવ્ય કીધું, અહીં વસ્તુ કીધી. એ વસ્તુ કહો, દ્રવ્ય કહો (એકાર્થ છે). રાગને પણ વસ્તુ કીધી છે અહીં. આહાહા..! એક દયાનો કણ ઉઠે, જે ભાવે તીર્થંકરભાવ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉઠે એ ભાવ પરદ્રવ્ય-પરવસ્તુ. આહાહા..! સહ્યા જાય નહિ. ચૈતન્યની સત્તાના સામર્થ્યને માન્યા વિના સહ્યા જાય નહિ. આહાહા..! આ વિના? આ વિના? એવા વિકલ્પો ઉઠે સમકિતીને. સમજાય છે? પણ એ સંબંધ વિનાનો છે. એ વિકલ્પના સંબંધ વિનાનો છે આત્મા. આહાહા..! એનાથી તો હજી એને લાભ માનવો છે. જે રાગાદિ, શરીરાદિ પરવસ્તુ છે, એનાથી અહીં લાભ (માનવો છે). જેનાથી લાભ માને એને જુદું પાડવાની શક્તિ એને હોય નહિ. સમજાણું કાંઈ? જેનાથી સ્વતત્ત્વને લાભ માને, એને આત્માથી પર છે એમ માની શકે જ નહિ. સમજાણું આમાં? આ ભારે. ભગવાન! તું મોટો છો ને, ભાઈ! તારાથી મોટો આ દુનિયામાં કોઈ પરમેશ્વર બીજો નથી. લે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, '**તે સમસ્ત વસ્તુઓના...**' ભગવાન આત્મા સમસ્ત દ્રવ્ય અને પરવસ્તુના. એને વસ્તુ કીધી, હોં! એ રાગને વસ્તુ (કીધી). કેમ કે એક રાગમાં અનંતી સપ્તભંગી લાગુ પડે છે. સમજાય છે? રાગ રાગપણે છે, રાગ જ્ઞાનની પર્યાયપણે નથી, ગુણપણે નથી, દ્રવ્યપણે નથી, પૂર્વ પર્યાયપણે નથી, પછીની પર્યાયપણે નથી. એવી એવી એક રાગમાં અનંતી સપ્તભંગીનો સમૂહ પડે છે. તેથી અહીંયાં રાગને પણ વસ્તુ કહેવામાં આવે છે. પર્યાય તરીકે પણ એક વસ્તુ છે. અવસ્તુ શૂન્ય છે કે નથી એમ નથી. ઓલા વેદાંત કહે ને કે રાગાદિ તો કાંઈ છે જ નહિ. એ વિકાર-બિકાર બધો વ્યવહાર છે. સમજાય છે? વસ્તુ નથી, એ તો કલ્પનાથી માન્યું છે. પણ માન્યું છે એ માન્યું છે એ છે કે નહિ કંઈ? એય..! શશીભાઈ! એથી કહે છે કે સમસ્ત વસ્તુઓ છે. રાગાદિ છે, પુણ્ય-પાપ દયા. આ વ્યવહારરત્નત્રયને પણ અહીંયાં વસ્તુ કીધી છે-પર. છે, એમાંથી છે કે નહિ?

મુમુક્ષુ :- આમાં તો અજ્ઞાનીને...

ઉત્તર :- અજ્ઞાનીને અને જ્ઞાનીને બધાને પર જ છે. માને છે કે હું ... એટલો ફેર છે. સમજાણું કાંઈ? માન્યતા. એ તો એ જ કહે છે કે તારી માન્યતામાં ફેર છે. વસ્તુ તો વસ્તુ છે. વસ્તુ તો રાગ અને શરીર અને કર્મ એ બધી પરવસ્તુનો જેને ચૈતન્યપ્રભુને સંબંધ જ નથી. નથી તેને માને છે એ જ મોટી ભૂલ છે. એ ભ્રમ છે. એ માટે તો આ વાત ચાલે છે. કહો, જેઠાલાલભાઈ! આવો ધર્મ ભારે. જૈનધર્મ. આવો ધર્મ! એ તો એકલા નિશ્ચયની વાત (કરે છે). બાપુ! નિશ્ચય એટલે સત્ય. ભાઈ! એ ભ્રમમાં ન પડ. એ ભ્રમમાં ભગવાન ભાંગી જાય છે. આહાહા..! તૂટી જાય છે. ચૈતન્ય પ્રભુ તારી દૃષ્ટિમાં એની મહત્તા રહેતી નથી. તેથી કહે છે, વસ્તુના સંબંધથી રહિત. એ નાસ્તિથી વાત કરી. હવે છે કેવો?

'**સમસ્ત વસ્તુઓના...**' સમસ્ત શબ્દે ૯૪, ૯૫માં જે ભાવ્યભાવક અને જ્ઞેયજ્ઞાયક કહ્યું, એ બધા જ્ઞેય અને બધાય ભાવ્ય પુણ્ય-પાપ, વિકાર, દયા, વ્યવહાર વિકલ્પ આદિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એવી સમસ્ત વસ્તુના સંબંધથી પ્રભુ આત્મા રહિત છે. ત્યારે છે કેવો? '**બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય છે...**' આહાહા..! સમજાણું કાંઈ? '**निरवधि**' એમ શબ્દ પડ્યો છે ને? '**निरवधि**'. સંસ્કૃતમાં '**निरवधि**' અવધિ શું? મર્યાદા શું? ઓહોહો..! અવધિજ્ઞાન છે તે મર્યાદિત જ્ઞાન છે. આ તો '**निरवधि**' જેની સંપદાની મર્યાદા જ નથી. વસ્તુ અને એનો જે સ્વભાવ સ્વતઃ, અણકરેલો એને સ્વભાવના સામર્થ્યને મર્યાદા શી? ક્ષેત્ર નાનું એમ ન જુઓ. એ સ્વભાવનું એનું સત્ત્વપણું, એનું સત્ત્વપણું બેહદ છે. સમજાણું કાંઈ? એને બેહદ ચૈતન્ય ધાતુની મહિમા આવતી નથી. આ મહિમા એને વિકાર ને પુણ્ય ને.. એ તો અનાદિથી સંડોવાયો છે એમાં તો. સમજાય છે?

કહે છે, ભગવાન આત્મા '**બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય છે...**' હદ વિનાની, મર્યાદા વિનાની. મર્યાદા શું? ઓહોહો..! સમજાણું કાંઈ? એક પરમાણુ જેવો પણ પદાર્થ અનંતી અનંતી ધોળી પર્યાય હોય એની રાતી થઈ જાય, રાતીની કાળી થઈ જાય એવો અનાદિ અનંત પરિણમ્યા કરે. એવી પર્યાયનો મોટો સમૂહ આટલો કણ. કણ ભલે હો પણ એક મૂર્ત સ્વભાવિક વસ્તુ છે. સ્વભાવવાન સ્વભાવિક વસ્તુ છે. રજકણ પણ સ્વભાવિક સ્વભાવવાન (વસ્તુ છે) એને મર્યાદા શું? આહાહા..! સમજાણું કાંઈ? આ તો (પરમાણુ) એનું અસ્તિત્વ જાણનારો તો આ (આત્મા) છે. એના અસ્તિત્વની તો એને (રજકણને) ખબર પણ નથી.

જેને આવા અનંતા અસ્તિત્વ અને એક એક દ્રવ્યો અનંતા અને એ દ્રવ્યની શક્તિઓ પાછી બેહદ અનંતી છે. એ બધાની હોં! એને જાણનારના જ્ઞાનની શક્તિનું શું કહેવું? એ તો બેહદ સ્વભાવ સામર્થ્ય છે એનું. એટલે એમ કહેવા માગે છે કે રાગાદિ અને અનંત દ્રવ્યોને એ જાણવાવાળું તત્ત્વ છે. મારું માનવાવાળું એ તત્ત્વ છે નહિ. સમજાણું કાંઈ? નથી એવું એ માને છે. ભ્રમથી માને. આહાહા..! કહો, ચંદુભાઈ!

મુમુક્ષુ :- બેહદ શબ્દમાં આટલો સ્વભાવ ...

ઉત્તર :- અહીં તો ઘણા .. ભાઈ! વસ્તુ જ એને કહેવી. અને વસ્તુ એક પરમાણુ લ્યો. એક પ્રદેશે એક પ્રદેશે આમ ગતિ કરે. એક ગુણની ગતિની ક્રિયાનો એક પર્યાય ધર્મ. એક જ ગુણની એક પર્યાય ધર્મ. આમ કરે એક સમયે સાત બ્રહ્માંડ, ચૌદ બ્રહ્માંડ જાય. શું છે આ? એનો એક સમયના પર્યાયનો ધર્મ, હોં! પહેલે સમયે હતો માટે થયો એમ નથી. પહેલે સમયે તો આ પ્રદેશથી આ પ્રદેશે ગયો એટલું જ હતું. બીજે સમયે આમ થયું એનું કારણ શું? કાળ કારણ છે? પવનનો ધક્કો કારણ છે? અડે છે ક્યાં પવન ત્યાં? ભાઈ! પરમાણુનો એવો સ્વભાવ છે. તું તારા જ્ઞાનમાં એવો વિશ્વાસ કર કે એવું એ અજીવતત્ત્વ પણ ક્ષેત્રથી બહુ નાનું અને આકાશ જુઓ તો અનંતગુણું આકાશ. પણ એ આકાશ દ્રવ્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જે છે, એનો એક અસ્તિત્વ ગુણ છે મોટો અનંતગુણો લાંબો અને એક પરમાણુનો એક અસ્તિત્વ ગુણ આટલો. બેયનું સામર્થ્ય સરખું છે. આકાશના અસ્તિત્વના ગુણનું સામર્થ્ય ઘણું હશે એનામાં? આવડો મોટો છે ને? અમાપ-અમાપ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ અસ્તિત્વ રાખે છે હોવાપણું. રાખવું એટલે આટલું હોય કે આવડું હોય. સમજાય છે કાંઈ? આહાહા..!

અરે..! પરદ્રવ્યનું પણ માપ કરનારો ભગવાન આત્મા છે. એને ખબરે કે દિ' છે કે આમાં શું થાય છે અને શું છું? એ બધાનું જ્ઞાન કરનારો તો આ છે. હવે જાણનારો આ એને જાણવાની તાકાત કેટલી એની એને ખબર ન મળે. રોકેટ ને ફોકેટને ફલાણું કહે છે ને? આમ કર્યું ને ધૂળ કરી, ફલાણી... પણ હવે એ તો પર્યાય જડની. એણે કરી નથી તને ખબર નથી. એ તો પરમાણુની તે કાળની પર્યાય આવી વિસ્મય જગતને ઉપજાવે એવો પર્યાય એના અસ્તિત્વના જાણનારના વિસ્મયનું શું કહેવું? કરનાર નહિ. કોઈ વિજ્ઞાનીનો બાપ હોય તો ત્યાં એ આમ કરી શકે છે અને ઉડાડી શકે છે, હરામ વાત હોય તો. એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું દેખાય છે? એ જાય છે એમ દેખાય છે. એમાં એને લઈને આ જાય છે એમ ક્યાં દેખાય છે? પણ જેને સંયોગથી જોવું છે એનો વાસ્તવિક એક એક રજકણનો સ્વભાવ શું છે એમ જોવું નથી. સંયોગથી જોવે એટલે એની દૃષ્ટિમાં વિપરીતતા (છે). તો દૃષ્ટિની વિપરીતતા છે એટલે તાકાત એનામાં નથી એમ આવે છે. પોતાની તાકાતથી એમ જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પેટ્રોલ-બેટ્રોલ...

ઉત્તર :- પેટ્રોલ-બેટ્રોલનો રજકણ જુદો, મોટર જુદી. અરે..! ભગવાન! ભારે પણ. વળી એમ કહે હોં! સોનગઢની મોટર પેટ્રોલ વિના ચાલે છે. અરે..! ભગવાન! પેટ્રોલ સોનગઢનું પણ નથી અને કોઈના બાપનું પણ નથી. એય..! હિંમતભાઈ! એવા દાખલા આપે, હોં!

એક બ્રહ્મચારી બેઠો હતો મોટરમાં. અમારી વાત તો બહુ ગઈ છે ને. વસ્તુવિજ્ઞાન સાર ગયું ને, દસ હજાર છપાણા ને. પછી .. બહુ. એક એક બોલમાં. ત્યાં મોટર પોતાથી ચાલે છે. મોટરનો એક એક રજકણ એના નિમિત્ત જોડે છે એના કર્તા વિના એનું કાર્ય થઈ રહ્યું છે. એ તો વાત આવી નહિ ધ્યાનમાં? ધ્યાનનો કરનાર ધ્યાન કરે સર્પના (ઝેરને) ઉતારવા માટે વિકલ્પ. એ વિકલ્પ એને અનુકૂળ છે. પણ એ નિમિત્તના કર્તા વિના ત્યાં ઝેર ઉતરી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાય છે. એમ બીજો પરમાણુ છે એ એને અનુકૂળ ભલે હો, તેલ આદિ. પણ એ તેલ આદિના પરમાણુમાં નિમિત્ત વિના તેનું કર્તાપણું એને કારણે થાય છે.

મુમુક્ષુ :- કર્તા થયા વિના?

ઉત્તર :- કર્તા થયા વિના. કર્તા થાય તો બે ક્યાં રહ્યા? આહાહા..!

ઓલો પછી બેઠો હતો. કાનજીસ્વામી કહે છે કે આ મોટર એની મેળાએ ચાલે છે. આપણને મોટર લઈ જાય છે એમ નહિ. આપણે આપણી મેળાએ ચાલીએ છીએ. મશ્કરી કરતા હતા. અરે..! ભગવાન! એ મશ્કરી ન હોય, ભાઈ! માની મશ્કરી ન હોય. એમ ન હોય, ભાઈ! વીસ વર્ષનો દીકરો હોય અને ચાલીસ વર્ષની મા હોય. પટીયા પાડીને કેમ બા બેઠી છો? એમ ન હોય ભાઈ! એ જનેતા છે. એમ ચૈતન્યના ભગવાને કહેલી તત્ત્વ દૃષ્ટિ અને તત્ત્વ વસ્તુ એની મશ્કરી ન હોય. જેઠાલાલભાઈ! જુઓ! આપણે બેઠા છીએ, સોનગઢવાળા કહે છે, મોટર એની મેળાએ ચાલે, હોં! અને એ પેટ્રોલ વિના ચાલે. આપણે પણ મોટરને લઈને નથી જતાં. ભગવાન! શું કરે છે તું?

અહીં તો કહે છે, '**સમસ્ત વસ્તુઓના સંબંધથી...**' પ્રભુ રહિત છે. તો એ બીજું દ્રવ્ય પણ બીજા સંબંધ રહિત જ છે. આની શક્તિ આવી છે અને એની શક્તિ એના જેવી જે છે ઈ છે. સમજાણું કાંઈ? આહા..! ગળે ઉતારવું એને. ઊંધું માન્યું છે ને. ઘણા કાળથી ઘૂંટીને બાહ્યદૃષ્ટિ, બાહ્યદૃષ્ટિ (થઈ ગઈ છે). એટલે જ કહે છે, બાહ્યથી દેખનારાઓ તે બહિર્આત્મા છે. રાગ એ બાહ્ય ચીજ છે. એને પોતાનો માનનારા બહિર્આત્મા છે. બહાર સંયોગથી બીજામાં થાય એમ માનનારા, પોતામાં રાગના સંયોગથી લાભ થાય એમ માનનારા એ બહિર્આત્મા છે. સમજાણું કાંઈ? બહિર્ નામ ચૈતન્યની સત્તામાં નથી. આ સમસ્ત વસ્તુ કહે છે, પરદ્રવ્ય કહે છે. વસ્તુમાં નથી એવું પર. એને લઈને હું અને એને લઈને મને લાભ અને હું છું તો આમ કરનાર આનો છું એનો અર્થ કે એ વિકારની ઉત્પત્તિની ખાણનો હું છું. એમ માનનારા ચૈતન્ય બેહદ આત્મા છે એને એ માનતો નથી. આહાહા..! બહુ આકરું પડે માણસને. ઘૂંટાવ્યું છે ને બીજું. ઘણું ઘૂટ્યું છે ને આમ ઘૂંટીને. ઘૂટ્યું સમજો છો?

વીર પરમાત્મા મોક્ષ પધાર્યા એ આ કહીને પધાર્યા છે. વાણી પૂરી થઈ ગઈ. વાણી પૂરી થઈ ગઈ, બંધ થઈ ગઈ. અજોગપણે ઠર્યા. ગોળો છૂટ્યો. અભૂતપૂર્વ સિદ્ધ! કોઈ દિ' સિદ્ધ નહોતા થયા. કેવળજ્ઞાન ભલે પામ્યા પણ સિદ્ધ નહોતા થયા. એ આ સિદ્ધની દિવાળી છે આ. ... 'સાદિ અનંત અનંત સમાધિ...' હવે એને પાછા (એમ કહે છે), સિદ્ધ થયા એ પરતંત્ર છે. એને એકાંત સુખી કહો, સર્વથા સુખી કહો કે એકાંત મિથ્યાદૃષ્ટિ (કહો). હવે એને એમ ઠરાવે. શું કહે છે આ તે? હમણાં આવ્યું હતું નહિ? બે બોલ આવ્યા. સદા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પૂર્ણ સુખી. બે શબ્દ આવ્યા. સદા પૂર્ણ સુખી એકાંત છે. એકાંત માનનારા છે. અરે.. પ્રભુ! શું કહેવું છે તારે? આહાહા..! અનેકાંતની એવી વ્યાખ્યા (છે જ નહિ). અનેકાંત તો એનામાં જે હોય એને અપેક્ષાથી, પર્યાય-ગુણની અપેક્ષાથી બતાવે. સમજાય છે? પણ એમાં ન હોય એને કહેવું એ અનેકાંત ક્યાંથી આવ્યું?

અહીં કહે છે, ભગવાન આત્મા '**સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત...**' ઓહો..! પ્રભુ! એ તો પુણ્યનો વિકલ્પ, મનના રજકણો અને વાણીના રજકણો, શરીરના રજકણો, કર્મના રજકણો અને બાહ્ય ચીજો. એક ક્ષેત્રમાં રહેલી ચીજોના સંબંધથી રહિત છે તો બીજે જે અબંધ-જે ક્ષેત્ર બહારની ચીજ છે એનાથી તો સંબંધ રહિત છે જ. ભગવાન આત્મા આ એક ક્ષેત્રમાં રહ્યા ત્યાં રાગાદિ... ભાષા જુઓ! અસંખ્ય પ્રદેશી અનંતગુણબિંબ પ્રભુ બેહદ શુદ્ધ ચૈતન્યધાતુ. ચૈતન્યધાતુ એટલે જ્ઞાન જેણે ધાર્યું છે. જ્ઞાન જેની ધાતુ એટલે છે. એવો ધારણ કરેલો એવો જ એનો સ્વભાવ અનાદિથી છે. એ કોઈએ કર્યું નથી. કરે કોણ પણ? વસ્તુના સ્વભાવ વસ્તુને કરે કોણ? એ ચૈતન્ય બને કોનાથી? સમજાય છે? એ વસ્તુ જ એવી છે. એમ રજકણ પણ બને ક્યાંથી? રજકણ રૂપીના અનંત સ્વભાવવાળું તત્ત્વ એક રજકણ બને ક્યાંથી? છે ઈ છે.

અહીંયાં કહે છે, '**બેહદ શુદ્ધ ચૈતન્યધાતુ...**' ભગવાન આત્મા છે એ સર્વ વસ્તુના સંબંધ રાગ, પુણ્ય, દયાના ભાવથી અહીં રહિત છે, હોં! સમજાણું કાંઈ? આમ માણસ કહે, અત્યારે (રહિત) નહિ. પણ અત્યારે નહિ શું, અત્યારની વાત ચાલે છે આ. સમજાણું કાંઈ? દ્રવ્યયોગ, ભાવયોગ અત્યારે જુદા ન પડે. હવે એ તો વળી દ્રવ્યયોગ પરને સમજતા હશે. અહીં તો આત્માના પ્રદેશોને દ્રવ્યયોગ કહે છે અને એમાં શક્તિ ..ને ભાવયોગ કહે છે. એ બેય આત્માનું મૂળ સ્વરૂપ નથી. એ અહીં દ્રવ્યયોગનું... કર્મ ગ્રહણ કરવાની શક્તિ અને કંપન એ પણ ખરેખર એને પરવસ્તુ અને પરદ્રવ્ય કીધા છે. આહાહા..! સમજાણું? એને તો હજી પોતાની પર્યાય પરથી જુદી કબુલ કરવી એમાં હજી (વાંધા) નાખે. એ તો આત્મા છે. કેવળજ્ઞાની પણ જ્યારે બોલવું હોય, પહેલે સમયે વચન વર્ગણાને ગ્રહે, બીજે સમયે છોડે. અરે..! ભગવાન! આ ક્યાંથી લાવ્યો?

મુમુક્ષુ :- લખ્યું છે.

ઉત્તર :- એ લખ્યા, પણ એ વસ્તુ એમ ક્યાં હતી? એ તો પરમાણુ ત્યાં આવે છે એની શક્તિથી. બીજે સમયે એ પરમાણુનો ભાષાવર્ગણારૂપ પર્યાય થઈને છૂટી જાય છે. એ તો એના કાળે એને કારણે છે. આત્માને કારણે એમાં છે નહિ. દિવ્યધ્વનિનો પર્યાય આત્માને કારણે નથી, એમ કહે છે. બાબુલાલજી! ભારે આકરું. પ્રભુ! પણ આ તારે સમજવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પડશે હોં! આ માન્યા વિના ક્યાંય શાંતિ ધૂળમાંય નથી ક્યાંય. મરી જાય પૈસા, લાખો ને કરોડો આંકડા ગણવા છે ને એને. લઈ ગયા કાંઈ પાઈ પણ?

મુમુક્ષુ :- મૂકી ગયા ને પણ. ભલે લઈ ન ગયા.

ઉત્તર :- મૂકી ગયા શું, ધૂળ મૂકી ગયા. ત્યાં ક્યાં એની હતી? એ ક્યાં સાથે લઈ જવાય એવી હતી? હારે લઈ જવાય તો હારે લઈ જાય એવા હતા ઘણાં બધા. આહાહા..! અહીં તો કહે છે, સાથે રાગને લઈ જાય એ તું નથી એમ કહે છે. આ રાગને હારે લઈ જા ને... હારે સમજ્યા ને? સાથે. એ તારું સ્વરૂપ જ એવું નથી. રાગ પણ ક્યાં? રાગ તો પરવસ્તુ છે. સમજાણું કાંઈ?

'**સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત...**' છે, પ્રભુ! તું. સહિત? '**બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય છે...**' જેનું ક્ષેત્ર ભલે આટલું. ક્ષેત્ર. પણ એનો એક એક ગુણનો સ્વભાવ... અહીં તો ચૈતન્ય ધાતુ લીધી છે ને? એવા તો અનંતા ગુણો સાથે છે. પણ અહીં જ્ઞાનમય ગણવું છે ને? જાણનાર. શુદ્ધ ચૈતન્યધાતુ, ધાતુ ચૈતન્ય ધારી રાખેલી, ચૈતન્ય ધારી રાખેલો એવો આત્મા. એવો મય છે. ચૈતન્યધાતુમય છે. ચૈતન્યધાતુવાળો એમ ન કીધું. ચૈતન્યધાતુમય છે. અભેદ વર્ણવવું છે ને? સમજાય છે કાંઈ? કોણ?

'**તેથી આ આત્મા...**' ત્રીજી લીટી છે ને? '**આ આત્મા જોકે તે સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય છે તોપણ, અજ્ઞાનને લીધે...**' લ્યો! એવો હું જ્ઞાનની મૂર્તિ ચૈતન્યપ્રકાશનો સૂર્ય છું. એવા ભાન વિનાના જીવને '**અજ્ઞાનને લીધે...**' કર્મને લીધે એમ ન કીધું, હોં!

મુમુક્ષુ :- બીજા શાસ્ત્રમાં કર્મને લીધે...

ઉત્તર :- બીજા શાસ્ત્રમાં કર્મને લીધે લખ્યું હોય તો નિમિત્તથી કથન છે. રાજેન્દ્રજી! ત્યાં બધી તકરારું તમારે ઈ ચાલે છે ને? ઓલા બાબુલાલજી અને ફલાણાની.

મુમુક્ષુ :- અનેકાંત લેવું જોઈએ ને.

ઉત્તર :- અરે..! અનેકાંત એટલે પોતાથી થાય અને પરથી ન થાય એનું નામ અનેકાંત છે. ભાઈ! અનેકાંત તો વસ્તુનો અસ્તિ-નાસ્તિનો પોતાનો સ્વભાવ છે કે નહિ? અને વસ્તુપણાને નિપજાવનારી. એમ છે ને? જુઓ!

જુઓ. એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી અસ્તિ-નાસ્તિ આદિ પરસ્પર વિરૂદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે. અમૃતચંદ્રાચાર્યનું છે. નામ લખ્યું છે ને હેઠે. આત્મખ્યાતિ ટીકા. લ્યો આત્મખ્યાતિ. એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી. વસ્તુપણાની નિપજાવનારી ને. પણ એમાં હોય એને નિપજાવે ને. એક વસ્તુમાં વસ્તુપણાની, વસ્તુમાં વસ્તુપણાની-

ભાવ. નિપજાવનારી અસ્તિ-નાસ્તિ આદિ પરસ્પર વિરૂદ્ધ બે શક્તિઓ એનું પ્રકાશવું, એનું હોય એનું પ્રકાશવું તેને અનેકાંત કહે છે. સમજાણું કાંઈ? ટ્રેડ માર્ક છે ઈ. દુકાનમાં હોય ને કોઈને?

મુમુક્ષુ :- આ જૈનધર્મનો ટ્રેડ માર્ક છે.

ઉત્તર :- જૈનધર્મનો ટ્રેડ માર્ક છે. વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ કહેલો પંથ-માર્ગ એનો એ ટ્રેડ માર્ક છે.

કહે છે, ઓહો..! પ્રભુ તું કોણ છો? કેવડો છો? ક્યાં છો? કે બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય છો. સમજાણું કાંઈ? '**તોપણ, અજ્ઞાનને લીધે જ...**' પાછી ભાષા આમ છે, હોં! સમજાણું કાંઈ? '**અજ્ઞાનને લીધે જ સવિકાર...**' એટલે ૯૪ (ગાથા). રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ એ બધો વિકાર '**અને સોપાધિક...**' છ દ્રવ્ય. બેય આવી ગયા. ૯૪-૯૫. '**સવિકાર અને સોપાધિક કરાયેલા...**' કરાયેલા. વસ્તુમાં નથી, એમ કહે છે. '**અજ્ઞાનને લીધે જ સવિકાર અને સોપાધિક કરાયેલા ચૈતન્યપરિણામવાળો હોવાથી...**' જુઓ! સવિકાર અને ઉપાધિથી કરાયેલા. છ દ્રવ્ય મારા, જીવ મારા. અનંત નિગોદ ને.. ભગવાને અનંતા નિગોદને કીધા છે એ મારે દયા પાળવા માટે કહ્યા છે. સમજાણું? કહે છે કે એમ દયા પાળવા માટે કહ્યું નથી ભગવાને. કારણે કે પરની પર્યાય તારાથી થાય એ તો ના પાડી ભગવાને. પછી દયા પાળવા માટે (કીધા છે એમ ક્યાં રહે છે?) જગતની ચીજ છે એ જ્ઞાનનો વિષય બતાવવા આટલા બધા જ્ઞેય છે તે જ્ઞાનની અનંતતાને બતાવે છે.

તે '**અજ્ઞાનને લીધે સવિકાર અને સોપાધિક કરાયેલા ચૈતન્યપરિણામવાળો હોવાથી તે...**' એમ બેય લેવું. સવિકાર અને સોપાધિક કરાયેલા. કરાયેલા (એટલે કે) વસ્તુમાં નથી. અજ્ઞાનને લીધે પુણ્ય-પાપના વિકલ્પથી કરાયેલા અને પરદ્રવ્યનું પોતાપણું માનીને કરાયેલા ચૈતન્ય પરિણામવાળો હોવાથી એ આત્મા. જુઓ! છે તો બેહદ ચૈતન્યધાતુ. પણ '**અજ્ઞાનને લીધે સવિકાર અને સોપાધિક કરાયેલા ચૈતન્યપરિણામવાળો હોવાથી તે પ્રકારના પોતાના ભાવનો કર્તા પ્રતિભાસે છે.**' આહાહા..! ક્યા? એ અજ્ઞાનને લીધે સવિકાર રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દયા-દાનના ભાવ અને સોપાધિક એટલે આ જીવને મેં બચાવ્યો, આ મેં કર્યું, આનું લક્ષ કરતાં વિકલ્પ ઉઠ્યો, એવા '**ચૈતન્યપરિણામવાળો હોવાથી...**' દેખો! છે તો ચૈતન્યધાતુમય. પણ આ રીતે ચૈતન્ય પરિણામવાળો બનાવ્યો પર્યાયમાં હોવાથી '**તે પ્રકારના પોતાના...**' તે પ્રકારના '**પોતાના ભાવનો કર્તા પ્રતિભાસે છે.**' પરનો તો છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**તે પ્રકારના પોતાના ભાવનો કર્તા પ્રતિભાસે છે. આ રીતે, ભૂતાવિષ્ટ (જેના**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**શરીરમાં ભૂત પ્રવેશ્યું હોય એવા) પુરુષની જેમ...**' ઈ પહેલો દાખલો. ક્રોધ, માન, માયા માટે. અને '**ધ્યાનાવિષ્ટ (ધ્યાન કરતા)...**' પરદ્રવ્યનું. ધ્યાન કરે ને એમાં પાડાનો દાખલો આપશે. ધ્યાન કરે તો જાણે હું પાડો થઈ ગયો. જ્યાં જે દ્રવ્ય નિકળે અને જે દ્રવ્યનો વિચાર (કરે) એ દ્રવ્યમાંથી પાછો નિકળી ન શકે. જે દ્રવ્યનો વિચાર કરે... પણ પાછો તો ફર. જ્ઞાન તારું છે. એમાં ક્યાં ગરી ગયો? પરજીવનું ધ્યાન, પરજીવનું ધ્યાન. પરજીવનું ધ્યાન કરે. આ સિદ્ધનું સિદ્ધ... સિદ્ધ... સિદ્ધ. સિદ્ધનું ધ્યાન કરે તો જાણે સિદ્ધમય થઈ ગયો. પરરૂપે થઈ ગયો એમ અર્થ. સિદ્ધમય એટલે સિદ્ધમય આમ નહિ. સમજાણું કાંઈ?

'**આ રીતે, ભૂતાવિષ્ટ (જેના શરીરમાં ભૂત પ્રવેશ્યું હોય એવા) પુરુષની જેમ અને ધ્યાનાવિષ્ટ (ધ્યાન કરતા) પુરુષની જેમ, આત્માને કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું.**' એ વિકારના પરિણામ અને પરદ્રવ્યના પરિણામ, પરના નિમિત્તે ઉત્પન્ન થયેલા પરિણામ. એનું કર્તાપણાનું કારણ અજ્ઞાન ઠર્યું. અદ્ધરથી ઉત્પન્ન કરેલી પર્યાયમાં અજ્ઞાન ઠર્યું, એમ કહે છે. વસ્તુમાં એ છે નહિ. વસ્તુમાં એ છે નહિ. વસ્તુ તો બેહદ ચૈતન્ય ધાતુ છે. પર્યાયમાં આના અભાને આનો કર્તા છે એમ અજ્ઞાનપણે જાણ્યું છે. માટે કર્તાપણાનું મૂળીયું તો અજ્ઞાન છે. સમજાણું કાંઈ? એ અજ્ઞાનપણાનું મૂળ દર્શનમોહ છે. એ કર્તાપણાનું... શું કીધું? જુઓ!

'**કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું.**' કર્તાપણાનું મૂળ કર્મ છે એમ નથી કહ્યું. ભાઈ! કર્તા એને કર્મના જોરે માનવું પડે. ના. તારા સ્વરૂપની બેહદ ચૈતન્યધાતુ, એનો તને આશ્રય નહિ, તેની તને પ્રતીત નહિ, તેનું તને માહાત્મ્ય નહિ. એથી તારું માહાત્મ્ય અહીં નહિ એટલે ક્યાંક જાય છે. પછી પુણ્ય-પાપના પરિણામ અને પરદ્રવ્યની મહત્તાના ભાવે ઉત્પન્ન થયેલો વિકલ્પ, રાગ. એનો તું કર્તા થા. એ કર્તાપણાનું મૂળ અજ્ઞાન છે. લ્યો! કહો, સમજાણું આમાં? આ તો સમજવું... સમજવું. પણ તું જ્ઞાનમય છો એમાં બીજું આવે શું પણ? એમ કે કરવાનું કાંઈ આવતું નથી. આ સમજવું એ કાંઈ કરવું નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્રિયાપદ હોય જ નહિ પણ ક્રિયાને. ષટ્કારકની. ક્રિયાના કારકો છે ને છ કારકો. ક્રિયાના કારકો છે. આ જ્ઞાનની, આ દર્શનની ક્રિયાના છ કારકો છે. આત્માના એક એક ગુણમાં છ કારક પડ્યા છે. આમ કાંઈક બહાર હોય ને...

મુમુક્ષુ :- દેખાવું જોઈએ ને.

ઉત્તર :- દેખાવું જોઈએ. શું દેખાય પણ? અરૂપીમાં એનું એનામાં દેખાય કે એનું બહારમાં દેખાય?

મુમુક્ષુ :- શરીરનું..

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- એ તો બહારનું છે પણ. એ બહારનું ક્યાં દેખાણું એમાં? સમજાણું કાંઈ?

કેટલાક એમ કહે, ચરણાનુયોગના આચરણથી અંદરનું હૃદય કળી શકાય. ચરણાનુયોગમાં આચરણ કેવું કરે? પણ ચરણાનુયોગનું આચરણ તો અનંત વાર કર્યું એવા દૃષ્ટિ અનુભવ વિના. તો કાંઈ હૃદય કળાણું નહિ. એને સમજાણું નહિ, બીજો અજ્ઞાની પણ કળી શક્યો નહિ. આહાહા..! સમજાણું? એમ કે આવું કરતો હોય, આવું હોય તો એનાથી એનું અનુમાન થાય કે આ (આમ છે). પણ એ અનુમાનનું સાધન જ નથી. સમજાણું કાંઈ? રાગની ક્રિયા થાય અને એને સંયોગથી છૂટેલો દેખાય, એનાથી અનુમાન કરવું કે એ અંદર ધણી છે ને જ્ઞાની છે, એ એનું સાધન જ નથી. કારણ કે એ તો પર છે. પરના સંયોગ ઘટ્યા કે ઘણાં સંયોગમાં હો, એના સંયોગે એનું જ્ઞાન કળવું એ એના સાધનમાં છે જ નહિ. શું થાય? પણ માણસને એની બહારના આચરણની અને ક્રિયાની મહત્તામાં ઓલું જ્ઞાન કેવું છે એનું અનુમાન ત્યાંથી કળાય એમ કરીને એની મહત્તા ગાય છે પરમાં.

મુમુક્ષુ :- દૃષ્ટિ ફેર ને?

ઉત્તર :- દૃષ્ટિ ફેર છે.

અહીં કહે છે કે ભાઈ! એ તારા કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું. આ આચરણ-ફાચરણ કરતો હોય એ બધું. અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય, લ્યો. સમજાય છે? છતાં એને અંદર જ્ઞાયક સ્વરૂપની ચૈતન્ય બેહદ ધાતુનો તો સ્પર્શ છે નહિ દૃષ્ટિમાં. સમજાણું? એ અજ્ઞાનને લઈને કર્તા થાય છે. ચાહે તો નવમી ગ્રૈવેયકે ગયેલો દિગંબર જૈન મિથ્યાદૃષ્ટિ સાધુ. એ રાગનો કર્તા અને પરદ્રવ્યની શરીરની ક્રિયા મેં કરી, બરાબર શરીર આમ ચાલે ઈર્યા સમિતિમાં ત્યારે જીવ દેખાય, તો જીવ દેખાય એટલે પગ ઊંચો કરવો. એ પગ ઊંચો મેં કર્યો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શાસ્ત્રમાં આવે ઈર્યાસમિતિના લખાણમાં. જુઓ! ચરણાનુયોગમાં. હે મુનિ! ચાલતા ધ્યાન રાખજે. જીવ આવે તો પગને... શું (કહેવાય)? પગની એડીને આમ કરી નાખજે. નીચેથી જીવ બચી જાય. એ બધા રાગનો અંદર અભાવ છે અને પ્રમાદનો અભાવ કરવાની વાત છે. એ ક્રિયા કોણ કરી શકે છે? સમજાણું? આહાહા..! આવો કર્તા-કર્મનો અધિકાર! સમયસાર ૭૬ ગાથા વર્ણવી. લ્યો! જીવની ૩૮, અજીવની ૩૦. ત્યારે કર્તાકર્મની ૭૬. ઓલી બે થઈને ૬૮ અને આ એક થઈને ૭૬. વાંધા ઉઠ્યા છે એમાંય બધાને. કર્તામાં જ ઉઠ્યાને. ઓલો કહે, ઈશ્વર કર્તા. ત્યાંથી ચાલતા ચાલતા ચૈતન્ય ધાતુ રાગની કર્તા. બેય એક જાતના મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે.

મુમુક્ષુ :- કર્મ કર્તા માને તો કાંઈ વાંધો?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- ઓલો ચૈતન્ય (ઈશ્વર) કર્તા અને (આ) કર્મ કર્તા (માને). એ તો વળી જડ કર્તાનું એનું થઈ ગયું. કર્મને લઈને અમે રખડીએ. સમજાય છે? કર્મ નાચ નચાવે. નાચ નચાવે. એ જાદુગર કર્મ છે. એ જાદુગરની પુતળી દોરાને લઈને આમ ચાલે, દોરો ચાલે તો.

કહેતા હતા ને. ખિલૌના છે ઈ. ઓલો આવ્યો હતો ને દરબારીલાલ. લખ્યું હતું ને દરબારીલાલે. કહ્યું, દરબારીલાલ! શું લખ્યું છે તમે આ? આવું ક્યાંથી લખ્યું તમે કે આત્મા કર્મનું રમકડું છે. પછી ન બોલ્યા. કર્મનું રમકડું છે આત્મા? રમકડું છે કર્મનું? ઓલી પુતળી હોય ને જાદુગરની? પછી ઓલો એકકોર બેઠો હોય અને દોરી હોય દોરી. એ આમ ખેંચે તો આમ થાય અને આમ ખેંચે તો આમ થાય. એ જાદુગરની દોરીને આધીન છે બધું. પૂતળું આમ આમ ચાલે. આમ થાય. આમ નમી જાય, આમ નમી જાય. આ પોલીસ આ બધા કરે. છોકરાઓ કરતા હોય એના મોઢા આગળ એનો કરાવે ને? આમ કરો, આમ કરો. ઓલા આવ્યા હતા ને ૯૦૦? એન.સી.સી. એની પહેલા ૧૪૦૦. અમે તો રસ્તામાં આવે તો ઘણીવાર.. એલા આમ કરો. એક આમ ખેંચો પગ, એક આમ રાખો. હવે આ પગ આમ કરો પછી આ પગને આમ કરો. એને કહે કે પણ આ હાથ તું આમ કરી શકતો નથી. ગાંડા લાગે છે આ તે. એને કહે કોણ? એને કહેવા જાય શું કરવા? કામ પણ શું એને? સમજાય છે? બેય દ્રવ્ય જુદા છે. વસ્તુનું એનું જ્ઞાન કરો, સમજો. એમ હોય. સમજાણું? હાથમાં બંદુક લઈને આમ આમ કરતા હોય. આમ કરે તો આમ કરે, આમ કરે તો આમ કરે. ઓલો મોઢા આગળ માણસ હતો ને. આમ આમ કરે તો ઓલા બધા આમ કરે. આહા..! મારી નાખ્યાને જગતને. તૈયાર થાય તાલિમ લઈને.

કહે છે, '**અજ્ઞાન ઠર્યું. તે પ્રગટ દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :-**' '**જેમ ભૂતાવિષ્ટ પુરુષ...**' ભૂત પ્રવેશેલો પુરુષ. '**અજ્ઞાનને લીધે ભૂતને અને પોતાને એક કરતો થકો,...**' ભૂતની ચેષ્ટા થાય ને? આમ આમ ઓલો કરે તો જાણે મારામાં થાય છે. હું કરું છું. દાખલો જુઓ. ભૂત પ્રવેશે છે ને? એટલે આ દાખલો એમ નથી, હોં! ઘરે બાયડીયુંને જાણે આ મારે ભૂત થાતું હશે. કેટલીક ઢોંગી હોય છે. હા, હા. ઘણાં ઢોંગી હોય છે. એ તો ઘણાને પકડ્યા હોય છે. આ તો એક દાખલો આપ્યો કે કોઈ વખતે આવું બને છે. બને છે. કોઈ વખતે. સમજાણું? તેથી હૃદય ભોળા જેવા હોય ને... એય.. આ ભૂત વળગ્યું, આ બાઈ વળગી. કોઈ વળગતો નથી, હવે સાંભળને. આવો દાખલો આવે ત્યારે (એમ કહે), શાસ્ત્રમાં આવે છે હોં! ભૂત પ્રવેશ કરે છે ખરું. માટે ભૂત પ્રવેશ કરે છે. અરે..! સાંભળ તો (ખરો). આ તો દાખલો એક આપ્યો છે. કોઈ વખતે એવું બને છે. જ્યાં-ત્યાં બધે લઈને બેસી જાય. કાંઈક પથરો હોય ત્યાં ભાળે. આમ થાય ને આમ. ચમક થઈ. રાતે હોય ને? જીવો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉડતો જીવડો નથી? આગિયો. બહુ દીવા. અમે ત્યાં રહેતા ને મધુવનમાં બહાર. વીસપંથીની બહાર ઉતર્યા હતા. આગિયા કેટલા. બીજાને ભૂતડા લાગે. મેં કીધું, કંઈ નથી, હોં! આગિયા છે ચારે કોર. બહુ આગિયા લાગે. ઘણાં આગિયા પણ ઉડ્યા ઉડ (કરે). નહિ? ત્યાં બહાર સુવા જતાને? વીસપંથીની કોઠીની બહાર સુવા જતા. (સંવત) ૨૦૧૩ની સાલમાં. રાતે બહુ ઉડે, બહુ ઉડે. ભાન વિનાનાને એમ લાગે, અરે..! એય..! ભૂતડું આવ્યું. ભૂતડા નથી હવે સાંભળને.

અહીં કહે છે, કોઈ વખતે એવું બને છે. '**ભૂતાવિષ્ટ પુરુષ અજ્ઞાનને લીધે ભૂતને અને પોતાને એક કરતો થકો, મનુષ્યને અનુચિત...**' મનુષ્યને લાયક નહિ '**એવી વિશિષ્ટ ચેષ્ટા...**' ખાસ પ્રકારની ભૂતની જેવી ચેષ્ટા. '**એના અવલંબન સહિત ભયંકર આરંભથી ભરેલા અમાનુષ વ્યવહારવાળો...**' માથુ પછાડે આમ ઓલું કરે, હું.. હું... કરે. એવું કરે છે ને? એવા '**વ્યવહારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે;...**' પાછી ભૂતની ચેષ્ટા જાણે મારી જ છે. એ તો આત્મા જુદો, તું આત્મા જુદો. સમજાય છે? જુઓ! અહીં ખુબી કરી છે. આત્મા તું જુદો, એનો આત્મા જુદો. એ ચેષ્ટા-બેષ્ટા કરે છે એ એની છે ભૂતની. તારી છે નહિ. એમ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ભૂતની ચેષ્ટા એ તારી નથી, એ તો પરની છે. આહાહા..!

મુમુક્ષુ :- પોતાની માને છે.

ઉત્તર :- માને છે. ભૂતની ચેષ્ટાને અજ્ઞાની પોતાની માને છે. એમ આ રાગ-દ્વેષ, પુણ્ય-પાપની ચેષ્ટા ભૂતની છે. અજ્ઞાન ભાવથી ઉત્પન્ન થયેલો વિકાર એની છે. એ તારી વસ્તુ છે નહિ. પણ એને માને છે, લ્યો. સમજાણું? આ કાળી ચતુર્દશી હોય છે ને. કાલે ગઈને, જુઓને! કેટલાક ભ્રમણાવાળા એવા હોય. સ્મશાનમાં જઈને જપે ચતુર્દશી. આ ચૌદશ ગઈને કાલે? મેલી વિદ્યા. ધૂળમાંય નથી. મરી જઈશ. આવા ને આવા ભ્રમણા. હવે દેવ અનંત વાર થયો તું પોતે. દેવ પોતે થયો, તારે દેવને લઈને શું કરવું છે પણ તારે? ભૂત વળગ્યું છે મિથ્યાત્વરૂપી. ભૂત પણ અનંત વાર થયો. વ્યંતરનો દેવ અનંત વાર થયો. ભાઈ! તારે શું થાવું છે અને શું કરવું છે? કહે છે કે મનુષ્યને અલાયક એવા ભૂતને કારણે જે ચેષ્ટા મહાભયંકર થાય. મોટા લાકડા ઉપાડે, હોં! ભૂત છે ખરું ને મોટું લાકડું ઉપાડે. ગ્યાસતેલ પીવે. બીજાને બતાવે. ગ્યાસતેલ સમજ્યા? પીવે. ભૂત છે ને. બીજાને બતાવે. જોયું? તાબે થાવ. તાબે થાવ, નહિતર આમ કરીશ.

એક બાઈ તો એવી હતી, ભૂત કહે બધા ભૂત. કણબણ હતી કણબણ. ઘરે બળદ. ૩૦૦-૪૦૦-૪૦૦ રૂપિયાના બળદ. પણ ઘરમાં એને માને નહિ કોઈ. એટલે મનાવવા માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઘરનો એક બળદ મારી નાખ્યો. ઉઠીને રાતમાં મારી નાખ્યો એને. જુઓ! ભૂત આવે છે મારે. મારી પાસે દેવી આવે છે એણે મારી નાખ્યો. લોકોને વશ કરવા, ઘરના માણસને. આ બધું બોલે છે. ફરી વાર આપણે જોઈએ. બીજી વાર કોઈ .. ઉઠીને બીજા બળદને મારવા. ત્યાં ઓલા પકડી આવ્યા. તું ભૂત છે. મારી નાખ્યો અને અમારા ઘરનો બળદ મારી નાખ્યો એક તેં? અને ફરીને અમારા ઉપર છાપ પાડવી છે? જા. ઘરમાંથી કાઢી મૂકી. આવા ને આવા ભૂતડા હોય કેટલાક. બનાવટી ભૂત.

અહીં કહે છે કે ભૂત આવ્યો હોય તોપણ એ ભૂતની ચેષ્ટા આત્માની નથી. એમ આત્મામાં ચિદાનંદ પ્રભુ એને કર્મના નિમિત્તે ભાવ્ય વિકાર છે એ ભૂતડા છે. એની ચેષ્ટા એ આત્માની છે એમ માનનારા મૂરખ છે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ...'** ઓલો દાખલો આપ્યો, હોં! **'ભાવ્ય-ભાવકરૂપ પરને અને પોતાને એક કરતો થકો,...'** લ્યો! ભાવ્ય એટલે વિકારી પર્યાય, ભાવક એટલે કર્મ. એનાથી પરને પોતાને.. પર શબ્દે વિકાર અને પોતાને શબ્દે જ્ઞાનસ્વરૂપ. એમ. એને **'એક કરતો થકો,...'** પર એટલે વિકાર-ભાવ્ય. અને પોતે એટલે જ્ઞાયક બેહદ ચૈતન્યધાતુ એને એક કરતો થકો. લ્યો! **'અવિકાર અનુભૂતિમાત્ર જે ભાવક તેને અનુચિત...'** પેલા મનુષ્યને અનુચિત કીધું હતું ને? **'મનુષ્યને અનુચિત એવી વિશિષ્ટ ચેષ્ટાના અવલંબન સહિત...'** એમ આ અનુભૂતિ-ચૈતન્યનો અનુભવ, જ્ઞાનાનંદનો અનુભવ એવો જે અવિકારી અનુભૂતિ માત્ર જે ભાવક, નિર્મળ પર્યાય એને અનુચિત. એને યોગ્ય નહિ તેવા. આહાહા..! ભગવાન આત્માનું તો અવિકારી અનુભૂતિમાત્ર ભાવક એ એનું સ્વરૂપ છે. સમજાય છે? અનુભૂતિ-આત્માની અનુભવ દશા એ એની ક્રિયા અને એનું ભાવપણું છે. પણ ઓલા રાગને અને પુણ્યને અને વિકલ્પને પોતાના માનતો એ અનુભૂતિમાત્રને ભાવકને અનુચિત ન લાયક **'એવા વિચિત્ર ભાવ્યરૂપ ક્રોધાદિ વિકારોથી મિશ્રિત...'** ભાષા જુઓ! અનુચિત. અનુભૂતિ જ્ઞાનની અનુભૂતિ. જ્ઞાનને અનુભવવું, આનંદને અનુભવવું એ એની અનુભૂતિ ભાવક છે. એને અલાયક એવા રાગ પુણ્ય-પાપના પરિણામ **'ભાવ્યરૂપ ક્રોધાદિ વિકારોથી મિશ્રિત ચૈતન્યપરિણામવિકારવાળો હોવાથી...'** મિશ્રિત શબ્દે કાંઈ ચૈતન્યનો આનંદ થોડો છે એમ નહિ. પણ ચૈતન્ય રાગમાં એકાકાર થઈ ગયો. પણ ચૈતન્યપણું કાંઈ રહ્યું નથી. **'મિશ્રિત ચૈતન્યપરિણામવિકારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.'** એ વિકારનો કર્તા અજ્ઞાની ભાસે છે. ભાન નથી માટે. ખરેખર કર્તા વસ્તુના સ્વરૂપમાં નથી. વસ્તુની દૃષ્ટિ નથી એટલે આ રીતે કર્તા થાય છે. વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૧, રવિવાર તા. ૧૩-૧૧-૧૯૬૬**
**ગાથા-૯૬ પ્રવચન-૧૮૯**

કર્તાકર્મ અધિકાર છે. ૯૬ ગાથા, સમયસાર. એક દૃષ્ટાંત અપાઈ ગયું. એ દૃષ્ટાંત શું કહ્યો? કે આત્મા છે એમાં કોઈને ભૂત પ્રવેશ કર્યો શરીરમાં. એ ભૂતની જેટલી ચેષ્ટા થાય ભયંકર આદિ, એ ઓલો અંદર આત્મા છે એ મારી માને છે. એ મૂરખ અને અજ્ઞાની છે. લૌકિક મૂરખ. સમજાણું કાંઈ? આત્મા.. ઘણાં માણસ આવે છે. એ ચાલ્યા આવે છે. ગાડી આવી ને ગાડી? આ ગાડી આવીને. હજી થોડો વખત છે. કાલે બધા નહિ હોય. ઘણાં વયા જશે. સંકડાઈને થોડા બેસો. ચાલ્યા આવે છે માણસો.

૯૪ અને ૯૫નો આમાં સરવાળો આપ્યો છે. ૯૪માં એમ કહ્યું હતું કે આ આત્મા વસ્તુ જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ છે. એને કર્મ જે ભાવક, કર્મ જે જડ ભાવ કરનાર એમ ત્યાં સિદ્ધ કર્યું છે. સ્વભાવથી ભિન્ન બતાવવું છે ને? જે જડ ભાવકર્મનો કરનાર, એનાથી થયેલા પુણ્ય અને પાપના ભાવ એ કર્મના ભાવકનું ભાવ્ય એનું છે. અજ્ઞાની પોતાના જ્ઞાયક સ્વરૂપને ચૈતન્યને ન જાણતા, ન માનતા, ન ઠરતા, ન લક્ષમાં લેતા એ કર્મના નિમિત્તે થતાં વિકાર પરિણામ... કર્મના ભાવકના ઉત્પન્નથી થયેલો ભાવ, એને અજ્ઞાની ચૈતન્યના સ્વરૂપમાં પોતાના છે એમ માનીને તેનો કર્તા થઈને તે કાર્ય મારું છે એમ અજ્ઞાનપણે માને છે. કોની પેઠે? ભૂતાવિષ્ટ પુરુષની પેઠે. જેને ભૂત વળગ્યું છે. સમજાણું?

સાંજે ભૂતની વાત કરતા હતા હીરાભાઈ. ગામમાં કોઈ કોળી હશે. ભાણો કોળી. એને કહે કે બહુ પાણી આવે ત્યાં .. ભૂત મૂકી આવે. એ ભાણો ભૂત કહેવાતો. એમ કહેતા હતા તમારા બાપા અંદર આવ્યા ત્યારે. ભૂતની વાત નીકળીને તો કહેતા હતા. એ એકો હોય ને .. બહુ વરસાદ આવે ત્યારે એકો પડ્યો રહે ત્યાં અને ભૂત લઈ આવે અહીં માણસને. ભાણો ભૂત કોળી કહેવાતો. હોય કોઈ ઠેકાણે. બાકી ઘણે ઠેકાણે ગપ્પા હોય. પણ આ એક છે આવું.

જેમ માણસના શરીરમાં ભૂત પ્રવેશ કરે અને ભૂતની જે મનુષ્યને યોગ્ય અનુચિત, મનુષ્યને યોગ્ય નહિ એવી અનુચિત ચેષ્ટાઓ કરે, રાડું પાડે, આમ કરે, તોફાન કરે. સમજ્યા? એવી ભયંકર ચેષ્ટા કરે એને ઓલો આત્મા એમ માને કે આ બધી મારી ચેષ્ટા છે. એમ એ મૂરખ છે લૌકિકમાં. એમ આ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપી જ્ઞાયકમાં કર્મ એ ભૂતડું છે, કર્મ. એ કર્મના ભૂતડાથી અંદરમાં રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના ભાવ થાય એ બધી ખરેખર સ્વરૂપ શુદ્ધની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચેષ્ટા નથી. જ્ઞાયક ચૈતન્ય છે એની એ ચેષ્ટા નથી.

જેમ માણસને યોગ્ય ઉચિત ચેષ્ટા ભૂત કરે છે એ નથી. સમજાણું કાંઈ? એમ આ આત્મામાં- ચૈતન્ય જ્યોત જ્ઞાનસૂર્ય પ્રભુ, એમાં એને ઉચિત ચેષ્ટા જે જોઈએ, ઓલામાં મનુષ્યને ઉચિત ચેષ્ટા, એમ આને ઉચિત ચેષ્ટા તો જ્ઞાયક ચૈતન્ય છે એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ એની ચેષ્ટા છે. એ ચેષ્ટાને છોડી દઈને જેમ ભૂત વળગેલો માણસ ભૂતની ચેષ્ટા મારી છે એમ માને છે એમ અનાદિથી અજ્ઞાની એ કર્મના નિમિત્તથી ભૂતડા રાગ અને દ્વેષની જે ચેષ્ટા, કર્મરૂપી ભૂત, એનાથી થયેલા પુણ્ય અને પાપના જે ભાવ્યભાવ, અજ્ઞાની એને પોતાના માની મનુષ્યને યોગ્ય નથી તેવી અનુચિત ક્રિયા ભૂત કરે અને ઓલો અજ્ઞાની માને. એમ આત્માને યોગ્ય નથી એવી વિકારી ક્રિયા કર્મના નિમિત્તે થાય એને અજ્ઞાની પોતાના માનીને તેનો કર્તા થાય છે. કહો, સમજાણું આમાં? બહુ ઝીણું છે. એ વાત આવી ગઈ છે કાલે આપણે.

'**અવિકારી અનુભૂતિમાત્ર જે ભાવક તેને અનુચિત...**' એમ લીધું હતું. ભગવાન આત્મા એને યોગ્ય, મનુષ્યને યોગ્ય તો મનુષ્યની ચેષ્ટા હોય, એમ ભગવાન આત્મા જ્ઞાન- આનંદ સ્વરૂપની અનુભૂતિ એ એની ઉચિત ક્રિયા અને ઉચિત ચેષ્ટા છે. '**તેને અનુચિત એવા વિચિત્ર ભાવ્યરૂપ ક્રોધાદિ વિકારોથી મિશ્રિત ચૈતન્યપરિણામવિકારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.**' એ વિકારનું ભૂતડું મને છે એમ માની એ વિકારના ભૂતના કર્મની ચેષ્ટાઓને પોતાની માને છે. એને ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ શું એના ઉપર એનો આશ્રય અને દૃષ્ટિ નથી. કહો, સમજાણું આમાં કાંઈ?

હવે છ દ્રવ્યની વ્યાખ્યા. ૯૫મી ગાથા હતી એની. '**વળી જેમ અપરીક્ષક આચાર્યના ઉપદેશથી...**' જુઓ! ભાન વિનાનો કોઈ આચાર્ય મળી ગયો. એના ઉપદેશથી '**મહિષનું (પાડાનું) ધ્યાન કરતો કોઈ ભોળો પુરુષ...**' એને પૂછયું, તને વ્હાલું શું છે? એવો મૂરખ મળી ગયો કોઈ આચાર્ય તો ઓલાને પૂછયું કણબીને. તને વ્હાલું શું છે? તો કહે, વ્હાલી મને ભેંસ છે. વ્હાલી મને ભેંસ છે. ત્યારે કહે, ભેંસનું ધ્યાન કરજે. સમજાણું કાંઈ? પાડો- ભૈંસા. એ '**ભોળો પુરુષ અજ્ઞાનને લીધે...**' '**આચાર્યના ઉપદેશથી મહિષનું ધ્યાન કરતો...**' '**મહિષને અને પોતાને એક કરતો થકો,...**' વિચારની ધારામાં આમ મહિષની વાત વિચારમાં આવી તો મહિષ જેવો હું થઈ ગયો. એવા વિકલ્પની ધારામાં એવો તન્મય થઈ ગયો કે હું તો પાડો થઈ ગયો. સમજાણું? એવો વિચાર કરતા કરતા કે હું પાડો. '**હું ગગન સાથે ઘસાતાં શિંગડાંવાળો મોટો મહિષ છું...**' એ મોટા શિંગડા લક્ષમાં લીધેલા ને? મારી પાસે આવડા મોટા શિંગડા.. વિચારમાં. ઓહોહો..! માથુ મોટું અને મારા શિંગડા મોટા થઈ ગયા એવું એને થઈ ગયું, લ્યો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- માણસને તો શિંગડા થાતા નથી પણ મફત માને છે. મલૂકચંદભાઈ! પૈસાવાળો છું ને ધૂળવાળો છું, મોટા શિંગડા છે ને એ?

અહીં તો એને કલ્પનામાં ભેંસનો વિચાર કરતા વ્હાલી ભેંસ. અધમણ-અધમણ દૂધ આપતી. એટલે ઓલો મૂરખ એક બાવો મળી ગયો તો કહે, તને વ્હાલી હોય એનું ધ્યાન કરજે. એવું કરતા કરતા બરાબર ભેંસ છું એવી કલ્પનામાં આવી ગયો.

'**ગગન સાથે ઘસાતા શિંગડાંવાળો મોટો મહિષ છું**' એમ થઈ ગયું. '**એવા અધ્યાસને લીધે...**' એવી આદતને લીધે, એવી ટેવને લઈને '**મનુષ્યને યોગ્ય એવું જે ઓરડાના બારણામાંથી બહાર નીકળવું તેનાથી ચ્યુત થયો...**' ઓરડામાંથી બહાર નીકળવું, છે તો મનુષ્ય પોતે, બહાર નીકળવું એને એમ થયું કે આવડો મોટો હું પાડો! આટલા બારણામાંથી નીકળું શી રીતે? જયસુખભાઈ! સમજજો આ દાખલો. પછી એનો સિદ્ધાંત તો બીજો આવશે. સમજાણું કાંઈ? મનુષ્યને યોગ્ય એવો ઓરડો નાનો હતો. એમાં ગરી ગયેલો. પછી વિચાર કરતા થઈ ગયો મોટો પાડો. બારણામાંથી નીકળવું એને ચ્યુત થઈ ગયો. '**તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે;...**' એને આમ થઈ ગયું આ આવો! આ શિંગડું નીકળતું નથી બહાર. શિંગડાનો વિચાર કરતા કરતા થઈ ગયો પાડો મોટો. એ '**ભાવનો કર્તા પ્રતિભાસે છે;...**' એ દૃષ્ટાંત.

'**તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે...**' સ્વરૂપના ચૈતન્યના ધ્યાન ને શાંતિના ભાન વિના '**જ્ઞેયજ્ઞાયકરૂપ પરને અને પોતાને એક કરતો થકો,...**' હું એક જાણનાર છું અને આ શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ-ગુરુ-શાસ્ત્ર, પંચ પરમેષ્ઠિ, સમ્મેદશિખર, શેત્રુંજય ઈ પર છે. પર છે કે નહિ? શું છે? એ પોતે પરને અને પોતાને. પરને એટલે છ દ્રવ્યને. પોતા સિવાય છ દ્રવ્ય. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, અનંત પુદ્‌ગલો અને અનંત જીવો. રાગાદિ ઓલામાં ગયું. અહીં તો એ સંબંધી વિચાર કરતા રાગમાં એકાકાર થાય છે એટલે કે જાણે હું પરદ્રવ્યરૂપે થઈ ગયો. સમજાણું કાંઈ? અરે..! હું દેણદાર, હોં! એના વિચારમાં ચડી ગયો હું દેણદાર, હું લેણદાર હોં! હું પાંચ કરોડ માગુ છું ફલાણા પાસેથી. એ વિકલ્પના ઝઘડામાં પરદ્રવ્યના વિચારમાં એકાકાર થઈ ગયો. કહો, ભીખાભાઈ!

કહે છે, જ્ઞેય નામ આ જ્ઞાનમાં જણાવા લાયક ચીજ બધી ધર્માસ્તિ દ્રવ્ય છે, અધર્માસ્તિ પદાર્થ છે, કાળ એક વસ્તુ છે અસંખ્ય પ્રદેશ, પરદ્રવ્ય આકાશ વ્યાપક પદાર્થ અને અનંત પરમાણુ પુદ્‌ગલ અને અનંત જીવો સિદ્ધ અને નિગોદ આદિ. એ બધાનો વિચાર કરતા એને એમ થઈ જાય છે કે આ જ્ઞાયક અને આ બે એક છે. એના વિચારની ધારામાં આમ જુદો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાયક છે એવી દૃષ્ટિ રહી નહિ. જ્યાં જ્યાં વિચારની શ્રેણીમાં ચડ્યો ત્યાં ત્યાં તેને એવું એકાકાર લાગવા માંડ્યું.

'**જ્ઞેયજ્ઞાયકરૂપ પરને...**' જ્ઞેય એટલે પર અને જ્ઞાયક એટલે પોતે. એને એક કરતો. અંતરમાં એકરૂપે વિકલ્પને કરતો. એ વિકલ્પને કરતો રાગને પોતાપણે માને એ પરને એકપણે માને છે. સમજાણું કાંઈ? કેમ મારાથી છોડાય? લ્યો! ઓલી વાત થઈ છે ને હમણાં ત્યાં. એના બાપે કહ્યું કે આ બાયડીને છોડી દે તું. તો વારસો આપું. હું છોડું પણ એ છોડતી નથી હવે. સમજ્યાને? કે ન છોડે તો મારી નાખ. મારી નાખી. એવો થઈ ગયો આત્મા જાણે એકાકાર જાણે પરમાં લીન થઈ ગયો. ક્યાં તું? ક્યાં જ્ઞાયક? આ તો એક જાણવા યોગ્ય વસ્તુ. એના વિચારની ધારાએ ચડતા. આહાહા..! એક છોકરો મરી ગયો હોય અને વિચારે ચડે તો હાય.. હાય.. અરે..! મારો કોઈ આધાર નથી. અરે..! દિકરા! તું ક્યાં ગયો? એમ રોવે. ભાઈ! તારા વિના અમારી કડું ભાંગી. ભાઈ! અમારા આધાર ન રહ્યા. શું છે પણ? જેના વિચારે ચડ્યો એ સંબંધીના રાગમાં તલ્લીન થયો એટલે રાગથી ભિન્ન જ્ઞાયક છે એમ એને ભાન રહ્યું નહિ. સમજાણું કાંઈ?

જુઓ! '**હું પરદ્રવ્ય છું એવા અધ્યાસને લીધે...**' એને તો એ શરીર એ જ હું, વાણી એ હું, મન એ હું, ઈન્દ્રિયો એ હું. ત્રણ બોલ લેશે અહીં. શરીર, ઈન્દ્રિયો અને મન. ભાઈ! છેલ્લા અર્થમાં કારણ કહેશે. નજીકના છે ને. આ હું.. આ હું થઈ ગયું છે એને. મન એ હું, શરીર એ હું, ઈન્દ્રિયો એ હું. આગળ જતાં આ પદાર્થ બધા બાયડી મારી, છોકરા મારા, આ મારા.. આ મારા... આ મારા. ક્ષેત્રાકાર (થઈ જાય છે). જેમાં જન્મ લીધો એ ક્ષેત્ર પચાસ વર્ષ સુધી નજરે પડતું હોય આમ બારી, આમ નીકળવાનું બારણું, આમ નીકળવાનું, આમ પગથિયું. ઓલું આ. આ બે જાલવાનું. એ જ એને મગજમાં એકાકાર છે. આ જ મારું ખેતર. કહો, ડેલો છે કે નહિ તમારે? પચાસ વર્ષ રહ્યા હોય અને ૭૦ વર્ષની ઉંમર થઈ હોય, લ્યો. એ મકાન એકાકાર. એમાંથી આમ નીકળવું એને પડે, વિચારની ધારામાંથી એનાથી છૂટું પડવું પડે એને મુશ્કેલ પડે.

મુમુક્ષુ :- .. જાવું પડે.

ઉત્તર :- .. જાવું પડે, લ્યો.

કહે છે, અનાદિનો અજ્ઞાની.. અહીં તો કહ્યું, ઓલો મૂરખ મળ્યો આચાર્ય. એમ કોઈ મૂરખ મળ્યો કે આ પરદ્રવ્યથી તને લાભ થાય. ભાઈ! ઓલો મૂરખ મળ્યો કે ભેંસનું ધ્યાન કર. એમ આને કોઈ મૂરખ મળ્યો. એ તો મૂરખ પણ પોતે અને મળ્યો એવો મૂરખ. પરદ્રવ્યનો વિચાર કર, પરદ્રવ્યથી તને લાભ થશે. સમ્મેદશિખરથી એકવાર વંદે જો કોઈ. પશુ ગતિ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નરક પશુ ન હોઈ.. જાવ. એય..! આથડ્યા કરે ત્યાં. દસ વાર, પચ્ચીસ વાર જઈ આવે ત્યાં. જાવ. અહીં કહે કે ૯૯ વાર શેત્રુંજય (જાત્રા) કરે તારો મોક્ષ થાય. એય..! જયંતિભાઈ! એટલે એ સંબંધીના વિકલ્પમાં લાભ છે એમ માનનારા પરદ્રવ્યને જ પોતાનું માને છે. આહાહા..! સમજાણું કાંઈ? વાત તો ભારે કઠણ છે જગતને. પણ આ ચૈતન્ય વસ્તુ છે, જ્ઞાન સૂર્ય છે એને રાગ-બાગ એના સ્વરૂપમાં ક્યાં છે? પણ સ્વરૂપને ભૂલી અને જે પરદ્રવ્યનો વિચાર કરતા એને એમ બેસી જાય છે અને એમ કહેનારા એને મળે છે કે એ પરદ્રવ્યને લઈને આપણે આધાર આગમ અને પ્રતિમા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વળી ભારે કહેવાય. એ તો પંડિતજીના ગામમાં કહેવાણું છે. પંડિતજી ન હોય ત્યાં. અરે..! ભગવાન!

કહે છે કે ભાઈ! તું તો ચૈતન્ય જ્યોત છે ને બાપા! એની ચૈતન્યની જાતને રોકવો ક્યાંક, કોઈપણ પરદ્રવ્યના લાભ છે એવા રાગમાં રોકવો એ રાગનો કર્તા થઈને મૂરખ થાય છે, એમ કહે છે. આહાહા..! કહે છે, '**હું પરદ્રવ્ય છું એવા અધ્યાસને લીધે...**' હવે એના ત્રણ બોલ પાડશે. ભગવાન આત્મા તો ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ છે ને. એનાથી જેટલા પરદ્રવ્ય ભિન્ન છે...

એક પ્રશ્ન ઉઠ્યો હતો ને, તે દિ' નહિ? કે દેવ-ગુરુ-શાસ્ત્ર એ શુદ્ધ છે એ પર છે? એ પ્રશ્ન ઉઠ્યો હતો. ..લાલભાઈ! સમજાણું કે નહિ? એ પર? દેવ અરિહંત, સિદ્ધ એ પર? શુદ્ધ છે એ પર? અને ગુરુ મહા જ્ઞાની ધર્માત્મા એ આત્માથી પર? અહીં કહે છે કે પર તે કેવા? તારે અને એને કાંઈ સંબંધ નથી. સમજાણું કે નહિ? એ પરદ્રવ્ય છે શુદ્ધ છે ને માટે પર. આપણે શુદ્ધ છીએ એમ એ પણ શુદ્ધ છે. એક જ થઈ ગયા. એમ માનનારા પરદ્રવ્યના વિકલ્પમાં એટલા રોકાઈ ગયા છે કે એને પરદ્રવ્યથી જુદો માનવો એને બેસી શકતું નથી.

ભગવાન સત્ સત્ સ્વરૂપ અને તે જ્ઞાન અને આનંદનું મૂળ વસ્તુ. એને પોતાનું માનવું એવું એને બેસતું નથી. આ વસ્તુ હોય તો મને લાભ થાય, આ વસ્તુ હોય તો એનો મને આશ્રય હોય, એનો મને આધાર હોય, એ મને શરણ અને સાધન આપે એવા વિકલ્પને છોડવું, એ સંબંધીનો વિકલ્પ એને છોડવું ઠીક પડતું નથી. તેથી એ વિકલ્પમાં એકાકાર થયેલો પરદ્રવ્યને જ પોતાનું માને છે. સમજાણું કાંઈ? આવે છે હોં! સમાધિશતકમાં. એકવાર, બેવાર ઝાડ ઘસાઈને અગ્નિ થાય. સમજાય છે? પોતાને.. અને કોઈ .. અગ્નિ. એમ સિદ્ધનું ધ્યાન કરે પણ એ સિદ્ધ એટલે પોતે સિદ્ધ તરફનું અંતર વલણ (કરે છે), એમ કહે છે. સિદ્ધનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકલ્પ રહે ત્યાં સુધી તો કીધું નહિ? '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं। सो जाणदि अप्पाणं**' પણ ક્યારે? અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય લક્ષમાં લીધા એ તો પરદ્રવ્ય છે. એના લક્ષમાં લીધા પણ ત્યાંથી ખસીને એવો હું છું એમ અંતર્મુખમાં જાય ત્યારે તેના વિકલ્પની સાથે એક્તા તૂટી જાય. ત્યારે તેણે અરિંહતના ખરા પર્યાયને જાણ્યા કહેવાય. સમજાણું કાંઈ?

કહે છે કે '**જ્ઞેયજ્ઞાયકરૂપ પરને અને પોતાને એક કરતો થકો હું પરદ્રવ્ય છું...**' એવી ટેવ થઈ ગઈ, અભ્યાસ થઈ ગયો. શી રીતે? હવે ત્રણ પ્રકાર પાડે છે. મન, ઇન્દ્રિય અને શરીર. ત્રણ પ્રકાર પાડે છે નજીકના. '**મનના વિષયરૂપ કરવામાં આવેલાં...**' ભગવાન આત્મા, એનો વિષય જ્ઞાનનો તો સ્વ ચૈતન્ય છે પણ મનના લક્ષમાં મનને લેતાં મનનો વિષય છે છ દ્રવ્ય. '**મનના વિષયરૂપ કરવામાં આવેલાં...**' જુઓ! એ ત્રણ પ્રકાર પાડે છે. અલૌકિક ટીકા તે પણ. ભગવાન તો મનાતીત છે, મનથી રહિત છે. એવો આત્મા એ મનના સંગે ચડ્યો એના '**વિષયરૂપ કરવામાં આવેલાં ધર્મ,...**' ધર્માસ્તિનો વિકલ્પ '**અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ અને અન્ય જીવ...**' તે સિદ્ધનો કે અરિહંતનો કે પરમેષ્ઠીનો કે સમ્મેદશિખરનો કે જાત્રાનો એવા '**અન્ય જીવ...**' અને પુદ્‌ગલ વડે '**(પોતાની) શુદ્ધ ચૈતન્યધાતુ રોકાયેલી હોવાથી...**' ભાષા જુઓ! ભગવાન શુદ્ધ ચૈનત્યધાતુ છે. શુદ્ધ ચૈતન્યને ધારી રાખે એ એનો સ્વભાવ છે. સોનું એ સોનું ધાતુ કેમ કહેવાય? કે સોનાપણું એણે ધારી રાખ્યું છે. સોનું સોનું ધાતુ જ છે. કેમ કે સોનાપણું પીળાશ, ચિકાશ, વજન આદિ એણે ધારી રાખ્યું છે. એમ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધાતુ, શુદ્ધ જ્ઞાયક ચૈતન્ય ધાતુ વસ્તુ. એ શુદ્ધ ચૈતન્ય ધાતુનો આશ્રય-લક્ષ છોડી દઈને મનના વિષયરૂપ કરેલા પાંચ દ્રવ્યો અજીવ અને એક જીવ, એવા અનંત અનંત નિગોદ અને સિદ્ધ આદિ એ આત્મા મનનો વિષય છે. એમ કહે છે અહીં. છ દ્રવ્ય મનનો વિષય છે. સમજાણું કાંઈ?

'**મનના વિષયરૂપ કરવામાં આવેલાં ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ અને અન્ય જીવ વડે...**' એના વિકલ્પના વિચારમાં શુદ્ધ ચૈતન્ય ધાતુ રોકાઈ ગઈ. સમજાણું કાંઈ આમાં? ભગવાન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાયક ચૈતન્યની ધ્રુવ ધ્રુવ ધાતુ, જેની ધ્રુવ ધાતુ ચૈતન્ય એ ચૈતન્ય મનના સંગે છ દ્રવ્યનું લક્ષ કરીને જે વિકલ્પ ઉઠ્યો, એમાં એ ચૈતન્ય ધાતુ રોકાઈ ગઈ છે. સમજાણું કાંઈ? બસ! એનું નામ મિથ્યાત્વ અને એનું નામ બંધન કહે છે. આહાહા..! ભગવાન શુદ્ધ ચૈતન્ય ધાતુ હોવા છતાં પણ મનના વિષયમાં આવેલા છ દ્રવ્યના વિચારે ચડતો, એનો જે વિકલ્પ આવ્યો એ વિકલ્પરૂપી ઓરડામાંથી નીકળવું એને- ભેંસને નીકળવું કઠણ પડ્યું. ભેંસનો વિચાર કરતો હતો. એમ એને છ દ્રવ્ય તરફના વિકલ્પના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


..માંથી નીકળવું મુશ્કેલ પડ્યું. હું કેમ નીકળી શકું? છ દ્રવ્યના પર તરફના વિકલ્પની ગંધથી કેમ છૂટી શકું? હું તો એ રૂપે, આ બધા દ્રવ્યોમાં જ મારી લીનતા થઈ ગઈ છે. સમજાણું કાંઈ? ધ્યાનમાં પણ કેટલાકને પ્રકાશ દેખાય. એ બધા પ્રકાશ જડ છે. એ જડના વિચારે ચડેલો જે વિકલ્પ, એ વિકલ્પથી એને પાછું ફરવું કે આ જાણનાર ચૈતન્ય, આ પ્રકાશનો પ્રકાશ-ચૈતન્ય ભિન્ન છે. સમજાણું કાંઈ? પછી પ્રકાશ જોવા માટે રોકાઈ જાય. એ તો જડ છે. જડને જાણનારું જ્ઞાન ત્યાં જ તેનાથી પૃથક્ છે. એમ ન જાણતા શુદ્ધ ચૈતન્ય ધાતુ ત્યાં રોકાઈ ગઈ એમ કહે છે. સમજાણું કાંઈ? અરિહંત અને સિદ્ધના વિકલ્પમાં રોકાઈ ગયો તો કહે છે, શુદ્ધ ચૈતન્ય ધાતુ અટકી ગઈ, એમ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... લ્યે, ... આવે. આવે પણ છે શુભરાગ. શુદ્ધ ચૈતન્ય ત્યાં અટકેલો, રોકાયેલો છે. ચંદુભાઈ! શું કરે? આહાહા..! આવા વર્ષ તો અનંતા ગયા એને માથે. પણ કોઈ દિ' એણે વર્ષને લેખે લગાડ્યું નથી. સમજાણું કાંઈ?

કહે છે કે આત્મા તો શુદ્ધ ચૈતન્ય (ધાતુ છે). જુઓ! એમ કરીને વર્ણવ્યું કે શુદ્ધ ચૈતન્ય ધાતુ આત્મા. આત્મા એટલે શુદ્ધ ચૈતન્યને ધારનાર તે આત્મા. આ મનના વિષય કરેલા દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે. એ મનના વિષયમાં કરેલા અંદર આમ ભલે આંખ બંધ હોય. મનનો સંગ છે ને. એના સંગે ચડ્યો એટલે આમ વિચારમાં (લીન થઈ ગયો). એવો જે અંદરથી આવેલો વિકલ્પ, એટલે જેના લક્ષે વિકલ્પ આવ્યો તેને તે પણે માનીને તેમાં શુદ્ધ ચૈતન્ય ધાતુ રોકાઈ ગઈ છે. સમજાણું આમાં? લ્યો! અહીં તો કહે છે કે મનના વિષયમાં રોકાઈ ગયો છ દ્રવ્યના વિચાર કરવામાં, એ ચૈતન્ય ધાતુ રોકાઈ ગઈ, અટકી ગઈ. સમજાણું કાંઈ? તેથી તે પ્રકારના ભાવનો અજ્ઞાની કર્તા ભાસે છે અને તે વિકાર તેનું કાર્ય-કર્મ દેખાય છે. એ સંસાર છે. ભારે કામ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ આડું આવ્યું ઓલો વિકલ્પ. એમાં એકાકાર થઈ ગયોને? આ જ હું છું, આવડો હું છું આ થઈ ગયું અંદર. બારણું કાંઈ નડતું નથી એને બારણું ક્યાં નડે છે? આમ આંખ ખોલીને જોવે તો તો આ બારણું છે એ છે નાનું. પણ આંખ મીંચીને મંડ્યો છે ને ઊંઘે (ચડ્યો) છે. સમજાણું કાંઈ? આંખુ મીંચીને ધ્યાનમાં ચડ્યો છ દ્રવ્યના વિચારમાં, એમ કહે છે. મનના સંગે ચડ્યો ચૈતન્ય ધાતુ, એને છ દ્રવ્યના વિચારોમાં અટકતો, રાગના વિચારોમાં અટકતો એનાથી બહાર નીકળવું એને મુશ્કેલ પડ્યું. અરે..! પણ એનાથી છૂટાય તો મારે રહે શું? કહે છે ને ઘણાં? રાગ તો દસમા ગુણસ્થાને (જાય). પહેલેથી જ તમે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગને.. સાંભળ તો ખરો. અહીં તો દૃષ્ટિના વિષયમાં રાગ છે જ નહિ. જ્યાં જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય ધાતુ જ્યાં દૃષ્ટિમાં લે ત્યાં મનના વિષયો આ જે બધા છે ઈ ત્યાં રહેતા નથી. પહેલી ચોંટમાં રહેતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ક્યા ગુણસ્થાને?

ઉત્તર :- આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે આ.

મુમુક્ષુ :- આસ્રવ તત્ત્વ...

ઉત્તર :- તો આસ્રવ તત્ત્વને... આસ્રવમાં એકાકાર થઈ ગયો તો જીવ તો જ્ઞાયક ભિન્ન છે. એય..! જેઠાલાલભાઈ! આવું? આવો જૈન ધર્મ! દ્રવ્યાનુયોગ આજ જોયું એમાં પણ નવ ગાથામાં તો કેટલું ભર્યું છે! ચરણ-કરણાનુયોગનો અર્થ પણ દ્રવ્યાનુયોગને સમજે તો થાય. નહિતર અર્થ સમજે નહિ ઈ. અને ચરણ-કરણાનુયોગ એ લઘુ યોગ છે. દ્રવ્યાનુયોગ એ મહાન યોગ છે. પણ એ તો ભણતરના .. લીધું છે ભણતરમાંથી. પણ દ્રવ્યાનુયોગ એટલે દ્રવ્ય સ્વરૂપ છે તેનો અનુયોગ એમાં થાય એનું નામ દ્રવ્યાનુયોગ છે. એટલા દ્રવ્યાનુયોગનું જાણપણું... જાણપણું.. બસ! એ જાણપણું રાખ્યું. દ્રવ્યાનુયોગ તર્કણા છે .. દ્રવ્ય-ગુણ-પર્યાય બનાવ્યું છે ને.. એનો આધાર તો ટીકામાં આપ્યો છે આ ભગવાન કુંદકુંદાચાર્યનો. **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।'** એ ગાથા લીધી છે. સંતોના કથનો દિગંબર મુનિઓના તો પરંપરાએ અનાદિ કેવળજ્ઞાની કહેતા આવ્યા એ વાત આવે છે આમાં. સમજાણું કાંઈ?

આમ ભગવાન આત્મા... ભાઈ! એ મનના લક્ષમાં ચડેલો એ તો છ દ્રવ્યના વિકલ્પો ઉઠશે, કહે છે. એ મનનો વિષય છ દ્રવ્ય છે. દૃષ્ટિનો વિષય નથી. સમજાણું કાંઈ? દૃષ્ટિનો વિષય તો જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છે. એવા દૃષ્ટિના ધ્રુવ જ્ઞાયકભાવને છોડી અને મનના લક્ષે, મનના વિષયે છ દ્રવ્યનો વિચાર કરતા જે રાગ આવ્યો એમાંથી એને નીકળવું, ઓલા ભેંસની જેમ બહાર ઓરડામાંથી નીકળવું આમ મોટી ભેંસ જાણે. બીજા કહે, પણ શું છે? ક્યાં ભેંસ પણ પાડો ક્યાં થઈ ગયો છો તું? સાંભળે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકાકાર થઈ ગયો જાણે. આહાહા..! જુઓને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઊગે શું ધૂળ ઊગે? ઘણાંને એવું હોય છે ને. જુઓને! આ ઓલા આગાખાને.. કરે છે આગાખાને.. પાંચસે રૂપિયા આપ્યા હોય, પાંચસો હજાર આપ્યા હોય. રાતે માળા ગણજો દર્શન થાશે. તો એકાકાર થયો તો આમ દેખાય. દેખાય શું? એ ધૂળ દેખાય. ત્યાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ક્યાં આગો હતો? જેના ઉપર પ્રેમ હોય ને? આ સ્રીનો પ્રેમી શું? બહુ જેને લગની લાગી હોય પર સ્રીની એણે જે કીધું હોય, રાતના દસ બાર વાગ્યા સુધી યાદ કર્યા કરે. બાર વાગે આવશે. કાંઈ ન આવે તો એ આવી. એકાકાર થઈ ગયો વિકલ્પમાં. એ... આવી.

નહોતું કીધું આ? .. ચાર મહિના ગયા હતા. સ્વપ્નું આવ્યું. ચાર મહિના બહાર જઈ આવ્યા અંદર સ્વપ્નામાં. અહીં ગયા.. અહીં ગયા.. માગશર સુદ છઠ તિથિ. સ્વપ્નું આવ્યું. આમ ગયા શું કહેવાય એને? બેગ અહીં મૂક્યું. અહીં મૂક્યું. ભાઈ! આ આમ કેમ? આ તિથિ આજ કેમ આ? ચાર મહિના બહાર જઈ આવ્યો. શું થયું બાપા? આ સી.વી.શાહ નહિ? મુંબઈ. આહાહા..! શું થયું? શું થયું? હું જઈ આવ્યો. ચાર મહિના જઈ આવ્યો. આ બેગ મૂકી, હમણાં અહીં લાવીને મૂકી. ક્યાં મૂકી છે? એવું એને નક્કી થઈ ગયેલું, હોં! એવો તલ્લીન અંદર. પણ આ પાનું પણ ફાડ્યું નથી, આ માગશર સુદ છઠ થઈ ગઈને. ચાર મહિના ફરી આવ્યો ને. બાપુ! પણ શું છે? આ ખાટલો તો એનો એ છે રાતે સૂતા ઈ, ખબર નથી? ક્યાં તમારી બેગ છે? ક્યાં છે બતાવોને? આ ખાટલો ને આ... એ તો વાત કરતા કે હું આત્માને માનતો નહોતો પણ આવું કાંઈક થયું એટલે પછી કાંઈક લાગે છે એમ કહેતો હતો. કાંઈક લાગે છે. ચાર ચાર મહિના વીત્યા અને રાત તો એ પડી એક ને એક. એક પહોરમાં આ બધો વિચાર. એવો એકાકાર (થઈ ગયો), પણ આમ બીજાને મૂરખ ઠરાવતા હોય એ વખતે પાછા. ભાન નથી કે હું ચાર મહિનાથી બહાર ફરી આવ્યો. આમ આવ્યો આ મૂકી બેગ જો. ક્યે ઠેકાણે મૂકી છે લાવો બતાવો? આ તો સ્વપ્નું આવ્યું લાગે છે.

એમ આ પણ સ્વપ્નું લાગ્યું છે એને. મનોસૃષ્ટિના વિકલ્પમાં એવો એકાકાર આમ તલ્લીન (થઈ જાય છે કે) એમાંથી બહાર નીકળીને જ્ઞાયકની આમ દૃષ્ટિ કરવી એને મુશ્કેલ પડે છે. શુદ્ધ ચૈતન્ય ધાતુ ત્યાં રોકાઈ જાય. જુઓ! આ મનના છ દ્રવ્યના વિકલ્પે ચડેલો પણ તે પર્યાયમાં એને અધર્મ થાય છે એમ કહે છે. આહાહા..! શુદ્ધ ચૈતન્ય ધાતુ ત્યાં રોકાઈ જાય છે. મિથ્યા અભિપ્રાયમાં તે અટકી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઈન્દ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા...**' આમ તો બતાવે છે પરપદાર્થ. પરપદાર્થના સંબંધમાં મન અને ઈન્દ્રિય અને શરીર ત્રણેય લક્ષમાં લીધા. મનના લક્ષમાં છ દ્રવ્ય વિચારમાં આવ્યા. ત્યાં '**જીવ વડે (પોતાની) શુદ્ધ ચૈતન્યધાતુ રોકાયેલી હોવાથી...**' અન્ય જીવ વડે. '**ઈન્દ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા રૂપી પદાર્થો...**' જોકે ઓલા પુદ્ગલમાં એ આવી જાય છે. પણ ખાસ ઈન્દ્રિયોનું લક્ષ રૂપી જ છે એનું એમ જુદું પાડવા બતાવે છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'ઇન્દ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા...'** પાંચ ઇન્દ્રિયો તરફ લક્ષ જતાં અતીન્દ્રિય ભગવાન ભૂલી ગયો. અતીન્દ્રિય ભગવાન એની દૃષ્ટિ છે તે ભૂલી ગયો. ઇન્દ્રિયના વિષયના લક્ષે ચડેલો **'રૂપી પદાર્થો વડે (પોતાનો) કેવળ બોધ (-જ્ઞાન) ઢંકાયેલ હોવાથી...'** જુઓ ભાષા કેવી છે! આંખમાં પણ આમ જ્યાં ભગવાન દેખ્યા ત્યાં એકાકાર. રૂપિયા આમ દેખ્યા તો એકાકાર, મૂર્તિ દેખી, પગલા દેખ્યા, સમ્મેદશિખર દેખ્યો ત્યાં તો ઓહોહો..! સમજાણું કાંઈ? ભગવાન અતીન્દ્રિય મૂર્તિ છે તેનું લક્ષ, દૃષ્ટિ રહી નહિ. અને એ ઇન્દ્રિયના વિષયોમાં રૂપી પદાર્થના લક્ષમાં એવો એકાકાર આમ થઈ ગયો. આમ..આમ.. એના વિકલ્પથી બહાર નીકળવું એને મુશ્કેલ થઈ ગયું. આકરી વાત છે. રૂપીમાં પણ આવે છે કે નહિ? રૂપી. રૂપી છે ને, ભગવાનની મૂર્તિ રૂપી છે. ભગવાન પોતે શરીર રૂપી દેખાય છે, એનો ક્યાં આત્મા દેખાય છે અંદરથી? સમજાણું? ઇન્દ્રિયના વિષયમાં વાણી પણ રૂપી. ભગવાનની વાણી ઇન્દ્રિયનો વિષય છે. પેલા કહે, અરરર..! બાપુ! સાંભળને, ભાઈ!

અતીન્દ્રિય પ્રભુ એ ઇન્દ્રિયના લક્ષમાં જાય છે ત્યારે એ બધા શબ્દો ઉપર એનું લક્ષ જાય છે. **'ઇન્દ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા રૂપી પદાર્થો વડે (પોતાનો) કેવળ...'** એકલો જ્ઞાન સ્વરૂપ, એમ કહે છે. એકલું જ્ઞાનસ્વરૂપ. ઓલામાં શુદ્ધ ચૈતન્ય ધાતુ રોકાયેલી મનના વિચારમાં કહી હતી. આ ઇન્દ્રિયો વડે એકલો બોધ ઢંકાયેલો હોવાથી. એકલું જ્ઞાન સ્વરૂપ છે એ ઇન્દ્રિયના વિષયમાં એકદમ રોકાઈ ગયો. જ્ઞાનસ્વરૂપને ભિન્ન કરવું એને મુશ્કેલ ભર્યું (થઈ પડ્યું). એટલે જ્ઞાનસ્વરૂપ એકલું ન રહેતા વિકલ્પની સાથે બેકલું થઈ ગયું. .. બહુ વાતું આવી ઝીણી છે, હોં! આ બહાર લોકો માની બેસે એવો ધર્મ નથી. દયા પાળવાનો વિકલ્પ. લ્યો! આંખે દેખાય. જુઓ! માણસ નથી કહેતા? ભાઈ! આંખે દેખાય, નાકે સુંઘાય કે આ સડી ગયા છે કે નહિ. ઇન્દ્રિયના વિષયો. આંખે દેખાય આ બરાબર છે. સડી ગયેલું છે. સુંઘે તો ઓલું છે. દયા પાળવાનો ભાવ આવે માટે આંખ કામ આવે. સમજાણું આમાં?

અહીં કહે છે કે પાંચ ઇન્દ્રિયનું લક્ષ કરીને જે કાંઈ તું જાણ એના તરફના વિકલ્પમાં રોકાઈ જાય ત્યાં જ્ઞાનસ્વરૂપ એકલું જ્ઞાન તે અટકી ગયું છે. આહાહા..! અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપમાં દૃષ્ટિ દેવી જોઈએ તો તો જ્ઞાનસ્વરૂપ શક્તિમાંથી પ્રગટ વ્યક્તતા થાય. આ તો **'ઇન્દ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા રૂપી પદાર્થો વડે...'** આ શબ્દો એ રૂપી પદાર્થ છે હોં! આ શાસ્ત્ર. શું હશે ઈ? શાસ્ત્રો, ભગવાનની મૂર્તિ, પ્રતિમા, સમવસરણ બધું રૂપી મૂર્ત છે. એમાં ઇન્દ્રિયોના લક્ષમાં ત્યાં રોકાઈ ગયો. આહાહા..! ભગવાને ભાળતાં સમ્યગ્દર્શન થાય, લ્યો. પણ કયો ભગવાન? આ મૂર્તિ દેખે છે. મૂર્તિને દેખવાથી, જિનબિંબને દેખવાથી નિદ્ધત નિકાચિત કર્મ ખપી જાય. પણ ક્યા? એ તો ઇન્દ્રિયનો વિષય આમ છે. ત્યાં સુધી અતીન્દ્રિયની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દૃષ્ટિ કર્યા વિના નિદ્ધત નિકાચિતનો (નાશ) હોય ક્યાંથી? સાંભળને. એય..! વિજયમૂર્તિજી!

મુમુક્ષુ :- શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :- લખ્યું છે એ તો નિમિત્તનું કથન છે. પોતાની અતીન્દ્રિય દૃષ્ટિમાં પડ્યો અને જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યારે તે કાળે વિકલ્પ ત્યાંથી છૂટ્યો હતો. તેનું લક્ષ હતું અને ત્યાંથી છૂટ્યો હતો એટલું જ્ઞાન કરાવવા વાત કરી છે. ત્યાં લક્ષ આમ હતું અને પછી આમ થયું. એ વખતે વિકલ્પ આનાથી છૂટ્યો હતો એટલું જણાવવા માટે છે. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓ! પહેલું મન લીધું અહીં. બહુ રોકાઈ ગયેલો છે એટલે ત્યાં રોકાણો છ દ્રવ્યના વિકલ્પમાં. પછી લીધી ઈન્દ્રિયો રૂપી. આંખ મીંચીને મનના વિચાર કરતો-છ દ્રવ્ય. હવે વિચારમાં નાખ્યો. મનના વિચાર આ છે... આ છે.. આ છે... પરદ્રવ્યનો વિકલ્પ છે એ પરને આશ્રયે થાય છે. અને સ્વમાં આશ્રય જતાં એ મનનો સંગ અને મનનો આશ્રય રહેતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? હવે આ કઈ રીતે વાંચતા, અંદર પોતાને વાંચતા આવડે નહિ પોતાનું તત્ત્વ. અને પછી કહે એય..! આ સમયસારથી વિરૂદ્ધ છે. એય..! વિજયમૂર્તિજી! ભગવાન સમયસાર એટલે શુદ્ધ ચૈતન્ય ધાતુ. એનાથી આ ઈન્દ્રિયના વિષયના લક્ષમાં ચડતાં જે વિકલ્પ ઉઠે એ બધા પર છે. એ પરદ્રવ્ય છે, પરવસ્તુ છે. વિકલ્પ ઉઠ્યો એ. એમાં શુદ્ધ ચૈતન્ય ધાતુ એટલે જ્ઞાનમૂર્તિ. એકલું જ્ઞાન છે ત્યાં રોકાઈ ગયું. એકલામાં ગયું. અંદરમાં મનના લક્ષે ચડ્યો છ દ્રવ્યના વિચારે તો શુદ્ધ ચૈતન્ય ધાતુ રોકાણી. અહીંયાં ઈન્દ્રિયના લક્ષે રૂપી આદિના લક્ષમાં ગયો એકલું જ્ઞાન ભિન્ન છે તે રોકાઈ ગયું.

કેવળ પોતાનો એકલો બોધ '**જ્ઞાન ઢંકાયેલ હોવાથી...**' બે વાત. ત્રીજી. '**અને મૃતક કલેવર...**' કોઈ કહે છે ને કે આ શરીર અત્યારે જીવતાને મૃતક્ ન કહેવાય. સચેત શરીર. એય..! પ્રશ્ન આવ્યો હતો ને. સજીવ કહેવાય. સચેત શરીરથી ધર્મ થાય કે નહિ? .. જયપુરમાં એ પ્રશ્ન ઉઠ્યો હતો. અહીં તો કહે છે અમૃચંદ્રાચાર્ય કે મૃતક કલેવર છે આ.

મુમુક્ષુ :- મૃતક...

ઉત્તર :- અનાદિ જ બાંધી છે આ. આ મૃતક-મડદું છે. ચૈતન્યના સત્ત્વના તત્ત્વથી રહિત છે. આ અનંતા રજકણો, પરમાણુઓ એ મૃતક કલેવર છે. આ અમૃતચંદ્રાચાર્ય કહે છે. બાબુલાલજી! અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત મુનિ જંગલના સાધુઓ વનના શાસ્ત્રમાં આમ કહે છે. વનના સાધુઓ વન શાસ્ત્રમાં આમ કહે છે. કહે છે કે ભાઈ! એ મનનો વિષય આમ ચડ્યો, ઈન્દ્રયના રૂપે આમ ચડ્યો બધા વિકલ્પના એકાકારમાં તારી શુદ્ધ ચૈતન્ય ધાતુનું કેવળ જ્ઞાન બોધ એકલું જ્ઞાન. કેવળ એટલે? આખું કેવળજ્ઞાન એમ નહિ. એકલું કેવળ જ્ઞાન. એક જ્ઞાન આશ્રય કરવો જોઈએ એને ઠેકાણે ઈન્દ્રિયનો વિષય રૂપીમાં રોકાણો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'મૃતક કલેવર (-શરીર) વડે...'** ભગવાન અમૃતસ્વરૂપ પ્રભુ. ગુલાંટ ખાય છે વાત. **'પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન...'** ભગવાન આત્મા પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન છે. પરમ અમૃત .. લ્યો, આ અમૃત આવ્યું અત્યારે. સવારે આવ્યું હતું કે નહિ? સાકરનું નાળિયેર તો સૌએ વખાણીને માર્યું પણ અહીં તો અમૃતની.. શું કીધું? સચોડી નાળિયેરી છે. કાઠિયાવાડી ભાષા છે. શ્રીમદ્દે લખ્યું છે ને? સમજાણું કાંઈ? ક્યાંક છે ક્યાંક. કેટલામા પાને લખ્યું છે? સવારે કાઢ્યું હતું. નહિ? ૨૨-૨૫માં કાંઈક કાઢ્યું હતું. ૩૧ પાને. ૧૮૧. કોણે યાદ રાખ્યું પણ ઈ? ઈ રાખેલું સારું. ૧૮૧. જુઓ! અત્યારે એ પત્ર પૂરો કરે છે. **'થોડું લખ્યું ઘણું કરી જાણજો. ઉપર લખ્યું માથાકૂટે લખવી પસંદ નથી. સાકરનું શ્રીફળ બધાએ વખાણી માર્યું છે.'** સાકરનું શ્રીફળ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ આપે છે ને સાકર અને શ્રીફળ નથી આપતા? આ લગન-બગન કરે ને ઓલા શું કહેવાય? સાકર સુખડી? સાકર અને નાળિયેર. કાંઈક કરતા હશે ને?

**'સાકરનું શ્રીફળ બધાએ વખાણી માર્યું, પરંતુ અહીં તો અમૃતની સચોડી નાળિયેરી છે.'** અમૃતની સચોડી સચોડી એટલે આખી. નાળિયેરી (હોય) ત્યાં આ ક્યાંથી પસંદ આવે? અને નાપસંદ (હોય તો પણ) દ્વેષ પણ કેમ થાય? એમ કહે છે. પસંદ કેમ આવે રાગ અને નાપસંદ પણ કેમ આવે? અમે તો જ્ઞાન-દર્શન ને જ્ઞાતા-દૃષ્ટા રહીએ છીએ એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ૧૯૪૭ની સાલની વાત છે લ્યો. ૧૯૪૭. માગશર મહિનો છે. મુંબઈ. **'અહીં તો અમૃતની સચોડી નાળિયેરી.'** આખી નાળિયેરી. એના પર્યાયમાં તો અમૃતના નાળિયેર પાકે. ટોપરા. આહાહા..! અહીં કહે છે કે **'મૃતક કલેવર વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન (પોતે) મૂર્છિત થયો હોવાથી...'** આ અત્યારની વાત છે કે મરી ગયા પછીની વાત છે?

મુમુક્ષુ :- જીવતા જીવની વાત છે.

ઉત્તર :- જીવતો જીવ મનના વિષયે લોઢાને ચડ્યો છ દ્રવ્યના વિકલ્પમાં. ઇન્દ્રિયના વિષય રૂપીમાં રોકાણો અને શરીર જે મૃતક કલેવર છે, મડદું છે આ મડદું, એમાં ભગવાન પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન છે એ તો. મૃતક-અમૃત. ગુલાંટ મારી. કહો, સમજાણું આમાં? લ્યો, આ વર્ષ બોણી. છોકરો કહેતો હતો ઓલો. ભાણિયો કહેતો હતો ને ક્યાં ગયો? જો રહ્યો. ભારે જબરો છે, હોં! સાધુ-બાધુ સાથે વાતું કરે દેરાવાસી સાધુ સાથે. આ તો વરસની બોણી કરી. સમજાણું?

કહે છે, **'પરમ અમૃતરૂપ...'** પરમ અમૃતરૂપ. **'વિજ્ઞાનઘન...'** અભેદ કરી નાખ્યું. ભગવાન

આત્મા જ્ઞાન સ્વરૂપરસ, જ્ઞાનરસ, જ્ઞાન સત્ત્વ કેવું છે? પરમ અમૃતરૂપ છે એ તો, પરમ અમૃતરૂપ છે. મૃતક કલેવર એમાં ભગવાન પરમ અમૃત વિજ્ઞાનઘન મૂર્છિત થયો. ભાષા જુઓ. સમજાય છે? મૃતક, અમૃત, મૂર્છિત. ભગવાન આત્મા અમૃત વિજ્ઞાનઘન છે એમાં એને સ્થિર દૃષ્ટિ કરીને ઠરવું જોઈએ. એ એની ચેષ્ટા અને એ એનું કાર્ય. એમ કહે છે. કર્તાકર્મ છે ને?

ભગવાન અમૃતસ્વરૂપ વિજ્ઞાનઘન, એની દૃષ્ટિ કરી, એનું જ્ઞાન કરીને તેમાં ઠરવું એ આત્માની ચેષ્ટા છે. આ ચેષ્ટાને છોડી દઈ મૃતક કલેવરમાં મૂર્છાણો. આહાહા..! આ જાણે શરીર મારું, શરીરને શું કરું? શરીરમાંથી શું માલ કાઢું? ઘણા એમ કહે. શરીરમાંથી માલ નીકળે. શરીર શોષી ગયો. શું શરીર શોષે? શરીર તો જડ છે એને શું શોષે? આવે છે એ. માલ કાઢી લ્યો શરીરમાંથી અને કાઢી નાખો થોથા. શું કાઢે? શરીરમાં માલ છે આત્માનો? અપવાસ કરો, ઇન્દ્રિય દમન કરો, શરીરને જીર્ણ કરી નાખો. ભલે આત્મા જીર્ણ ન થાય. કાયક્લેશ છે સાંભળને, કહે છે.

ભગવાન આત્મા અમૃતરૂપ વિજ્ઞાનઘન છે. તે પણ પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન છે. આહાહા..! '**(પોતે) મૂર્છિત થયો હોવાથી...**' જુઓ! અહીં કર્મ-ફર્મની વાત નથી લીધી કાંઈ. ભગવાન પરમ અમૃત વિજ્ઞાનઘન, એની ખબરું વિના, એની મહિમા અને ભાન વિના આવો હોવાવાળો પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન છું એના ખબરુંના ભાન વિના એ શરીરમાં મૂર્છિત થઈ ગયો. એમાં કાંઈક સુંવાળું અને રૂપાળું ને આકૃતિવાળું, સરખી આકૃતિવાળું (દેખાણું એમાં મૂર્છાઈ ગયો). આહાહા..! મારું નાક આવું, મારા કાન આવા, મારી આંખ આવી અને મારું મોઢું આવું અને મારા હોઠ આવા. અને સવારમાં જ્યારે નાહીને જ્યારે અરિસામાં જોતો હોય જ્યારે સરખાઈનો. અત્યારે તો બહુ ઓલા સેથિયા પાડે છે કે નહિ? દાંતિયા રાખે. છોકરાઓ રાખે. છોડિયું તો રાખતી અંદર ઘરે. આ તો ખિસ્સામાં રાખે છે. આમ કરે.. આમ કરે... ઘણા છોકરાને જોયું છે, હોં! ગુંજામાંથી કાઢે. ટોપી હોય ને તો તો વાળ ઉડે નહિ અને આમ ને આમ રહે. ચોંટી જાય. અને આ તો જરી સુકાય એટલે આમ આમ વાળ ફર ફર થાય એટલે ચોંટવા માટે એને કરે. ઉપાધિ વળગી. એક ટોપી નીકળી ત્યાં તો કેટલી ઉપાધિ એને. ઓલી ટોપી હોય તો તો આમ વાળ ઉડતા દબાઈ જાય. આમ દબાઈ જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાખે કોણ? એટલે એને સરખું રાખવા માટે સાથે ને સાથે રાખવું પડે. છેવટે તેલ ન દેખાય તો પાણી લઈને. આહાહા..! તેલ બધે ઠેકાણે હોય કાંઈ? અને પવનને લઈને ઉડતા હોય આમ. એક આમ ઉડે અને એક આમ ઉડે. એ કાંઈ મેળ છે? અરે..! કહે છે, શું થયું પણ તને? સમજાય છે? એમાં અરિસામાં જરા આમ મોઢું જોતો હોય ને આમ..

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આમ.. આમ... એ ભૂતડું લાગે.

કહે છે કે પ્રભુ! તું અમૃતનો ઘન અને અહીં ક્યાં તને મૂર્છા થઈ? પ્રભુ! ક્યાં તું મૂર્છાણો? આહાહા..! તારે ઘરે તો અમૃતના નાળિયેર પાકે અને આ મડદા માંસ ને હાડકામાં મૂર્છા શું થઈ એમ કહે છે. સમજાણું? આ રાગના પાક ક્યાંથી ઊભા કર્યા તેં? આહાહા..! સમજાણું કાંઈ? જુઓને, અમૃતચંદ્રાચાર્યની ટીકા. પાઠ તો એટલો હતો. '**पराणि दव्वाणि अप्पयं कुणदि मंदबुद्धीओ। अप्पाणं अवि य परं करेदि अण्णाणभावेण।।**' એનો બધો આ અર્થ છે.

ભગવાન ચૈતન્ય ધાતુ છે ને પ્રભુ! એને ચૈતન્યમાં રોકવો જોઈએ, એને ઠેકાણે મનના વિષયોમાં રોક્યો ત્યાં શુદ્ધ ચૈતન્ય ધાતુ અટકી ગઈ ત્યાં. રુંધન થયું રુંધન એની પર્યાયનો વિકાસ રુંધાઈ ગયો. આહાહા..! અને ઈન્દ્રિયોના રૂપી વિષયના લક્ષમાં ચડ્યો, અરૂપી ભગવાન અતીન્દ્રિય આનંદમાંથી ખસ્યો એના વિકલ્પમાં ચડ્યો ત્યાં રોકાઈ ગયો. આહાહા..! અહીંયાં પરમ અમૃત. '**પરમ અમૃત વિજ્ઞાનઘન...**' ભાષા જુઓ. જ્ઞાન અને આનંદ ને બે જ ભેગા. કારણ કે આનંદની ઈચ્છા છે ને જગતને. અને એ ઈચ્છા જાણનાર વિના ક્યાંય પૂરી પડે એવી નથી. એ વિજ્ઞાનઘન ભગવાન અમૃતરૂપ છે. એનું સુખ ક્યાંય વિકલ્પમાં નથી, શરીરમાં નથી, બાયડીમાં નથી, છોકરામાં નથી, એના હજીરામાં નથી. હજીરા એટલે મકાન મોટા દસ-દસ લાખના કરે ને. એય..! આરસપહાણના ખડક્યા હોય ને આમ સરખા. એક કાળો અને એક રાતો, એક ધોળો, ફલાણું આમ. બહાર ઊભો ઊભો જોવે તે આમ આમ લાગે આહાહા..! એનો દિકરો એને બોલાવવા આવે. કેમ થયું આ? એમ આ શરીરને જોવા માંડે કે કેમ લાગે છે તમને? મારું શરીર કેમ તમને લાગે છે? કહે છે, મૂર્છાઈ ગયો અરે..! મૂરખ. આ અમૃતને મૂકીને આ મૂર્છાણો મૃતકકલેવરમાં.

તે '**મૂર્છિત થયો હોવાથી...**' ત્રણેનું અહીં. ઓલામાં એમ આવ્યું હતું કે '**શુદ્ધ ચૈતન્યધાતુ રોકાયેલી હોવાથી...**' એક વાત. ઓલામાં આવ્યું કે '**રૂપી પદાર્થો વડે કેવળ બોધ ઢંકાયેલ હોવાથી...**' એમ આવ્યું. ત્રીજામાં આવ્યું કે '**મૂર્છિત થયો હોવાથી...**' '**તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.**' તે તે રાગ અને દ્વેષ આદિનો વિકલ્પ થયો, તે તે પ્રકારના વિકલ્પમાં રોકાણો તેનો તે કર્તા પ્રતિભાસે છે. આ મારું કર્મ અને એનો હું કર્તા. હું જ્ઞાયકસ્વરૂપ છું એ મારો કર્તા અને મારી શુદ્ધ ચેષ્ટા નિર્મળાનંદ મારું કર્મ એ ભૂલી ગયો. કહો, સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- આ આત્મા અજ્ઞાનને લીધે, અચેતન કર્મરૂપ ભાવકનું જે ક્રોધાદિ ભાવ્ય...**' લ્યો! સ્પષ્ટ કર્યું સાદી ભાષામાં. ભગવાન આત્મા અજ્ઞાન-પોતાના સ્વરૂપની મહત્તા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને માહાત્મ્યના ભાન વિના '**અચેતન કર્મરૂપ ભાવક...**' જે જડ. જોયું! એ '**ક્રોધાદિ ભાવ્ય...**' પુણ્ય-પાપ, વિકારી ભાવ એ કર્મનું ભાવ્ય. '**તેને ચેતન ભાવક સાથે એકરૂપ માને છે;...**' ભગવાન ભાવ કરનારો એને રાગના વિકલ્પ સાથે એક માને છે.

'**વળી તે, પર જ્ઞેયરૂપ ધર્માદિ દ્રવ્યોને...**' આમ તો ધર્માદિમાં ઓલા જીવ પણ છે. પણ અહીં મુખ્યપણે ઓલા ધર્માદિ લીધા ને. અને આ જીવને માટે તો બીજા બધા જીવ છે જ નહિ, અજીવ છે. આ જીવની અપેક્ષાએ બીજા અજીવ છે. સિદ્ધ ભગવાન પણ આ જીવની અપેક્ષાએ અજીવ છે. આ જીવ જીવરૂપે છે, આ જીવ બીજા જીવરૂપે નથી. તો આ જીવ પોતાના સ્વરૂપે છે, બીજા રૂપ (નથી). એ જીવ જીવસ્વરૂપે છે, આ જીવની (અપેક્ષાએ) અજીવરૂપ છે. આ જીવરૂપે એ નથી. સમજાણું કાંઈ?

એ '**પર જ્ઞેયરૂપ ધર્માદિદ્રવ્યોને પણ જ્ઞાયક સાથે...**' ભગવાન ચૈતન્ય સાથે '**એકરૂપ માને છે. તેથી તે સવિકાર...**' ઓલો ભાવ્ય પરિણામ તે સવિકાર અને છ દ્રવ્યના વિકલ્પ તે સોપાધિક એવા '**ચૈતન્યપરિણામનો કર્તા થાય છે.**' લ્યો! '**અહીં, ક્રોધાદિક સાથે એકપણાની માન્યાતથી ઉત્પન્ન થતું કર્તૃત્વ સમજાવવા ભૂતાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત કહ્યું અને ધર્માદિક અન્ય દ્રવ્યો સાથે એકપણાની માન્યતાથી ઉત્પન્ન થતું કર્તૃત્વ સમજાવવા ધ્યાનાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત કહ્યું.**' સમજાણું? હવે એને ૯૭માં જ્ઞાન અને અજ્ઞાનની વાત સ્પષ્ટ બીજી વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૨, સોમવાર તા. ૧૪-૧૧-૧૯૬૬**
**ગાથા-૯૭, પ્રવચન-૧૮૭**

કર્તાકર્મ અધિકાર સમયસાર. ૯૭ ગાથા. ઉપરનો ઉપોદ્ઘાત છે થોડો. '**તેથી (પૂર્વોક્ત કારણથી) એ સિદ્ધ થયું કે જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય છે...**' શું કહે છે? કે અનાદિ.. બે ગાથા આવી ગઈને? બે દૃષ્ટાંત આવ્યા. કર્મ ભાવક થઈને વિકારરૂપ પરિણામ પુણ્ય-પાપના થાય તે કર્મનું ભાવકનું ભાવ્ય. એનો આત્મા કર્તા ભૂતની પેઠે થાય. એ પોતાની અનુભૂતિને અનુચિત-જ્ઞાનનો અનુભવ, એને અનુચિત એવા વિકારી પરિણામનો ભાવ્યરૂપનો કર્તા થાય તે અજ્ઞાનથી થાય છે. એમ આત્મા મન, ઇન્દ્રિયો અને શરીર, એને વિષય કરતા અથવા એના ઉપર લક્ષ કરીને પર વિષય કરતા જે વિકલ્પ ઉત્પન્ન થાય એને પણ અજ્ઞાનભાવથી ચૈતન્યના સ્વરૂપના અભાનથી એ પર દ્રવ્યને પોતાનું માનીને રાગનો કર્તા થાય. તે કર્તાપણું જ્ઞાનથી નાશ પામે છે.

મૂળ તો એમ કહે કે અજ્ઞાનથી કર્તાપણું ઉત્પન્ન થાય એ વાત સિદ્ધ કરી છે. હવે જ્ઞાનથી તે કર્તાપણું નાશ થાય એમ અહીં સિદ્ધ કરે છે. પહેલેથી એ વાત કરી છે ને? કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું. એમ ૯૬માં કહ્યું. અજ્ઞાનને લઈને કર્તા (થાય છે). ચૈતન્યના શુદ્ધ સ્વભાવના અભાનથી વિકારી પરિણામ અને પરદ્રવ્યના કાર્ય મારા અને હું એનો કર્તા એમ અજ્ઞાનથી માને છે. જ્ઞાનથી એનો નાશ થાય છે. બીજો કોઈ ઉપાય નથી. જુઓ! કાંઈ ક્રિયાકાંડ કે ફલાણાથી, આનાથી નાશ થાય (એમ નથી). કારણ કે એ પોતે ક્રિયાકાંડનો રાગ વિકલ્પ એ જ રાગ છે. એના કર્તાપણાનો નાશ (જ્ઞાનથી થાય છે).

મુમુક્ષુ :- જ્ઞાનની ક્રિયા..

ઉત્તર :- જ્ઞાનની ક્રિયા... વ્રતાદિની ક્રિયા એ જ્ઞાનની ક્રિયા છે કે નહિ? વ્રતાદિ ક્રિયા.

મુમુક્ષુ :- એ તો રાગની છે.

એની આ ગાથા છે. અજ્ઞાનથી વિકાર અને પરદ્રવ્યના કર્તાપણાનું મૂળ અજ્ઞાન (છે). એ અજ્ઞાનનો જ્ઞાન દ્વારા તેનો નાશ થઈ શકે છે. ૯૭.

**एदेण दु सोकत्ता आदा णिच्छविदूहिं परिकहिदो।**
**एवं खलु जो जाणदि सो मुंचदि सव्वकत्तित्तं।।९७।।**

વજન અહીં છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**એ કારણે આત્મા કહ્યો કર્તા સહુ નિશ્ચયવિદે,**
**-એ જ્ઞાન જેને થાય તે છોડે સકલ કર્તૃત્વને. ૯૭.**

અહીં તો મિથ્યાત્વ અને સમ્યક્‌ની જ વાત છે. આહાહા..! સ્વરૂપાચરણનો એક પ્રશ્ન કર્યો છે, હમણાં આમાં આવ્યો છે. સન્મતિમાં. પણ એને મતિ શ્રુત ઉપયોગનું હજી વિશેષ નથી કહ્યું. બાકી છે. પણ વાત સાચી છે. આપણે એનો તો પ્રશ્ન કર્યો હતો. આ જ્ઞાન છે એ પરને જાણે, દર્શન સ્વને દેખે. એ એનો પ્રશ્ન જ કર્યો હતો ફૂલચંદજીએ. તો સાગાર ઉપયોગમાં સમ્યગ્દર્શન થાય છે એનું શું સમજવું? બરાબર ખુલાસો નહોતો આવ્યો. સમજાણું કાંઈ? ... સમજાણું કાંઈ? પંડિતજી! સાગાર... આવે છે ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઈ. સાગાર.. ..માં ધવલને હિસાબે જ્ઞાન તો પરને જાણે, દર્શન સ્વને દેખે એમ છે. તો સાગાર.. ઉપયોગમાં સમ્યગ્દર્શન થાય એ કેમ? પણ બહુ ખુલાસો નહોતો. હવે આમાં શું કરે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કહે છે એમાં. ચાર બોલ લખ્યા છે ને. ચાર બોલ લખ્યા છે ને. પૂછયું છે કોઈએ, સમ્યગ્દર્શનમાં સ્વરૂપ આચરણ હોય કે નહિ? પછી એણે કહ્યું કે જો ભાઈ! સાગાર વખતે તે આત્મા છે. એટલે કે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના ઉપયોગ કાળમાં એને સમ્યગ્દર્શન થાય છે. હવે એ ઉપયોગ તે કાંઈ પંચ વિષય શબ્દો આદિના વિષયનો વિકાર કરે એ ઉપયોગમાં સમકિત થાય? કે દેવ-ગુરુ-શાસ્ત્ર અને એની પૂજા-ભક્તિના વિચારમાં ઉપયોગ હોય ને સમકિત થાય? કારણ કે સમકિત તો કરણ લબ્ધિ આ બાજુ ઢળે ત્યારે થાય છે.

હવે એમ કહે છે, ત્યારે વ્રતાદિના વિકલ્પનો ઉપયોગ હોય તો ત્યારે મતિ-શ્રુતનો ઉપયોગ સ્વમાં હોય એમ થાય? (ન થાય). ત્યારે ચોથો બોલ એ રહ્યો કે સ્વરૂપનો મતિજ્ઞાનનો સ્વરૂપનો વિચાર કરે તો સમકિત થાય. ચાર બોલમાંથી. પાંચ ઈન્દ્રિયના વિષયના વિચારથી ન થાય. સાગાર ઉપયોગ છે ને. મતિ-શ્રુતના ઉપયોગ કાળે સમકિત થાય. તો પછી પાંચ ઈન્દ્રિયના વિષયનો મતિજ્ઞાનનો ઉપયોગ, શ્રુતનો ઉપયોગ હોય તો ક્યાં (થાય)? એ તો પર તરફ છે, સમકિત ક્યાંથી થાય? દેવ-ગુરુ-શાસ્ત્રના વિચારમાં હોય અને એની ભક્તિમાં હોય તો એ પર તરફનું છે. એ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ઉપયોગ પરમાં છે એમાં સમકિત કેવી રીતે થાય? પૂજા-ભક્તિ અને દેવ-ગુરુ શાસ્ત્રનો, વ્રતાદિનો હોય. તો વ્રતાદિનો વિકલ્પ પરાશ્રયમાં છે એ પણ મતિશ્રુત ત્યાં હોય તો સમકિત થાય નહિ. ત્યારે ચોથો રહ્યો સ્વરૂપ વિચાર. મતિ-શ્રુતમાં ચોથો બોલ રહ્યો સ્વરૂપવિચાર. એટલે ત્રણમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉપયોગમાં હોય અને સમકિત ન થાય. ત્યારે સમકિત થાય મતિ શ્રુત ઉપયોગમાં સ્વમાં હોય ત્યારે. એ સિદ્ધ થઈ ગયું. એટલે પછી સ્વરૂપમાં મતિજ્ઞાન સ્વરૂપમાં ઠરે છે. ઠરે છે માટે સ્વરૂપઆચરણ (છે) એમ સિદ્ધ કરશે. સમજાય છે કાંઈ? રતિભાઈ!

કેવળજ્ઞાન તો છે નહિ. અવધિ, મનઃપર્યયનું અહીં કામ નથી. અહીં તો પહેલા સમ્યગ્દર્શન પ્રાપ્તિના કાળમાં શું છે? તે વખતે તો એને મતિ-શ્રુતનો જ ઉપયોગ છે. હવે એ ઉપયોગ પરના ત્રણ પ્રકારના કામમાં હોય અને સમકિત થાય? પાંચ ઇન્દ્રિયના વિષયો શબ્દ આદિ ભલે ભગવાનની વાણી આદિ એમાં લક્ષમાં હોય. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાં હોય અને થાય? કે વ્રતાદિના વિકલ્પમાં હોય ને થાય? મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વ્રતના વિકલ્પમાં હોય, એમ. ત્યારે રહ્યો એક સ્વરૂપનો મતિજ્ઞાનમાં વિચાર (કે) આ સ્વરૂપ શું? એના વિચાર ઢળતા એ મતિજ્ઞાન એમાં ઠરે છે તો સમ્યગ્દર્શન થાય છે અને ઠર્યો એટલું આચરણ પણ ભેગું થાય છે. માણસે તકરાર એવી કરી છે ને. કહો, છોટાભાઈ! એમ સિદ્ધ કરશે. કર્યું નથી પણ એ વાત એમાંથી નીકળીને એ. સવારે વાત કરી હતી ને. મતિ અને શ્રુતનું સ્વસંવેદનમાં એકાકાર થવું એનો ઉપયોગ પ્રત્યક્ષ થવો ત્યારે એને સમ્યગ્દર્શન હોય. સમ્યગ્દર્શન એ પ્રતીતરૂપ છે. એ કંઈ ઉપયોગરૂપ નથી. પણ મતિ-શ્રુત સ્વના ઉપયોગમાં એકાકાર થાય ત્યારે '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' એમાં લીધું છે ને. એ તો ઘણા વખતથી કહીએ છીએ. બેય ઉપયોગ ધ્યાનમાં હોય છે. એ મતિ અને શ્રુત એમાં આમ જામે છે આત્મા તરફ ત્યારે તેનો ઉપયોગ એકાકાર થઈને અનુભવ થાય છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન તો પ્રતીતરૂપ છે. એનો ઉપયોગ કાંઈ સ્વ અને પરની અપેક્ષા નથી. પણ સ્વનો ઉપયોગ આમ જામે પછી જેવું જાણ્યું એમાં પ્રતીત થાય એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. એટલે જ્ઞાન જે રાગમાં અટકતું રાગને જાણતું... સમજાય છે કાંઈ? અને રાગમાં આચરણરૂપે ઠરતું. એ તો મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર છે. રાગ મૂકીને અહીં જ્ઞાયકમાં દૃષ્ટિ કરીને એની દૃષ્ટિ, એનું વેદન એમાં ઠરે એનું નામ મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સ્વરૂપ આચરણ...

ઉત્તર :- છે પણ સ્વરૂપનો આમ... મતિ-શ્રુત ઉપયોગ છે એ જાણવા-દેખવાનો છે ભલે. બાર પ્રકારનો. પણ મતિ-શ્રુત ઉપયોગ આમ જે આચરણમાં ઠરતો એ આમ આવ્યો કે નહિ? એ આચરણ થઈ ગયું.

દ્રવ્યસંગ્રહમાં એક પ્રશ્ન કર્યો છે ને? કે ભાઈ! બાર પ્રકારનો ઉપયોગ એ શું? અને શુદ્ધ અને અશુદ્ધ આચરણરૂપ ઉપયોગ શું? શુદ્ધઉપયોગ અને અશુદ્ધઉપયોગ એ શું? અને બાર પ્રકારનો ઉપયોગ એ શું? પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન એ શું? અને શુદ્ધ-અશુદ્ધ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉપયોગ શું? ત્યારે કહ્યું ત્યાં, ભાઈ! બાર પ્રકારનો ઉપયોગ તો ફક્ત જાણવા-દેખવાના વેપાર પૂરતાની વ્યાખ્યા છે. અને જે શુદ્ધ-અશુદ્ધ જે છે એ આચરણની વ્યાખ્યા છે. શુભ-અશુભ પરિણામમાં આચરણમાં રહે એ અશુદ્ધ ઉપયોગ. ઓલો ઉપયોગ નહિ, ઓલો આચરણનો ઉપયોગ. અહીંયાં અંદર શુદ્ધ ઉપયોગ એમાંથી ખસ્યો, અહીં ઠરે ત્યારે મતિજ્ઞાન આદિનો વેપાર જાણવા-દેખવાનો છે. પણ એમાં આચરણરૂપ ઠર્યો એનું નામ સ્વરૂપાચરણ છે. એનું નામ શુદ્ધ ઉપયોગ આચરણ થયું. વાત એમ છે અંદર. સમજાણું કાંઈ? એ અહીં કહે છે, જુઓ!

'**જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય છે...**' આપણે અહીં તો જ્ઞાન આવ્યું ને જરી. જ્ઞાનથી એટલે શું જ્ઞાન? અંતરમાં એ જ્ઞાન આમ જે પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલીને બહિર્‌લક્ષે રાગ અને વિકારના ભાવ્યને પોતાનું માનતો, પરદ્રવ્યના લક્ષે પરદ્રવ્યનો વિચાર આવતા જે વિકલ્પ આવે, ત્યાં જ રોકાઈને ત્યાં એને પોતાનું માનતો એટલે એ મારું કાર્ય અને હું એનો કર્તા એમ માનતો. એ જ્ઞાન આમ જાય છે-અંતરમાં જાય છે એટલે એ જ્ઞાનથી જ કર્તાપણાનો નાશ થઈ ગયો. સમજાણું કાંઈ? એ લેશે, જુઓ!

'**ટીકા :-**' '**एतेन**' છે ને? '**આ કારણથી નિશ્ચયના જાણનારા જ્ઞાનીઓએ...**' એટલે ત્યાં પહેલી વાત પૂર્વે કીધી એ જરી લેશે.

'**ટીકા :- કારણ કે આ આત્મા...**' ટીકા. ૯૭ની ટીકા. '**અજ્ઞાનને લીધે...**' અહીં વસ્તુ આમ કહે છે. શુદ્ધ ચૈતન્યના જ્ઞાનનું ભાન નથી માટે '**પરના અને પોતાના એકપણાનો આત્મવિકલ્પ કરે છે...**' રાગાદિ પર, જીવ અને પુદ્‌ગલ આદિ છ દ્રવ્ય પર. બેને '**પરના અને પોતાના...**' પર શબ્દે રાગાદિ અને છ દ્રવ્ય બેય લઈ લેવું. અને પોતાનું એટલે જ્ઞાયકસ્વરૂપ. એને '**એકપણાનો આત્મવિકલ્પ કરે છે...**' એકપણારૂપ આત્મા છું એમ માને છે. '**તેથી તે નિશ્ચયથી કર્તા પ્રતિભાસે છે-...**' જેમાં એકાકાર થાય છે-રાગમાં, રાગ શબ્દે દયા, દાન આદિ કોઈપણ વિકલ્પમાં અને પરદ્રવ્ય છ દ્રવ્યના વિચાર વખતે ઉત્પન્ન થયેલો વિકલ્પ, ખરેખર તે મારું કર્તવ્ય છે અથવા તે હું છું એમ જે માને છે એ ખરેખર કર્તા પ્રતિભાસે છે.

'**આવું જે જાણે છે...**' પાઠ છે ને? '**एवं खलु जो जाणदि**' લ્યો! આ તો શબ્દાર્થ કરે છે પહેલો. '**આવું જે જાણે છે...**' ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપના અજ્ઞાનને લઈને રાગાદિ પુણ્ય-પાપના પરિણામ કે પરદ્રવ્યને પોતાનું કરીને જે કર્તા સ્વપરનું ભેગું માને છે તે અજ્ઞાનથી કર્તા થાય છે. '**આવું જે જાણે છે તે સમસ્ત કર્તૃત્વને છોડે છે...**' આવું જે જાણે. પાઠનો અર્થ જ છે એટલો. '**તેથી તે નિશ્ચયથી અકર્તા પ્રતિભાસે છે.**' ઓલો કર્તા પ્રતિભાસે છે. જ્ઞાન ચૈતન્ય સ્વરૂપ એમ અંતર ભાન થયું કે હું તો જાણનાર-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

દેખનાર પરિપૂર્ણ સ્વભાવ છું. એમ ભાન થયું એટલે પરને પોતાનું માનવાની એકત્વબુદ્ધિનો કર્તાપણાનો મિથ્યાત્વભાવ નાશ થાય છે. કહો, સમજાણું આ? આ તો મૂળ રકમની વાત છે. સવારે એ આવ્યું હતું ૩૮મી ગાથામાં. આખા જીવનું સ્વરૂપ. અહીં આ કર્તાપણાના નાશનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? હવે તે સ્પષ્ટ સમજાવવામાં આવે છે. હવે એની ટીકા કરે છે વિશેષ.

‘**આ આત્મા...**’ આ આત્મા એમ કીધું, હોં! એટલે બધા આત્મા નહિ. સૌનો આત્મા જુદો ભિન્ન. ‘**અજ્ઞાની થયો થકો...**’ આ શબ્દ પહેલો. અજ્ઞાની. સ્વરૂપ શુદ્ધ પરમેશ્વર ચૈતન્ય પરમાત્મા, એના ‘**અજ્ઞાનને લીધે...**’ ચૈતન્ય આનંદનું પૂર આત્મા છે એના અજ્ઞાનને લીધે અજ્ઞાની થયો થકો. એમ થયો થકો અજ્ઞાનને લીધે. એમ. ‘**અનાદિ સંસારથી માંડીને...**’ જુઓ! અહીંયાં નિગોદથી માંડીને લીધું છે. અનાદિ નિગોદથી માંડીને. ‘**આત્મા અજ્ઞાની થયો થકો...**’ જુઓ! નિગોદથી માંડીને છે હોં! એમાં નિગોદ ને કર્મને કારણે અજ્ઞાની થયો થકો એ કાંઈ છે નહિ.

મુમુક્ષુ :- છાપામાં તો આવે છે.

ઉત્તર :- છાપામાં તો બધા લખે છે. છાપા ઉડતા નથી ઓલા? એને એ છાપા કહે છે ઓલા. ચામાચીડીયા. ઓલા ઉડે છે ને શું કહેવાય? કાનકડીયા અમારે કહે છે. ઉડતા નથી રાતે આટલા આટલા? કાનકડીયા. તમારે શું કહે છે? આગિયા નહિ. પંડિતજી કહે છે એ. રાતે ઉડે છે ને. જીવાતને ખાય છે. એને કાનકડીયા અમારે કહે. આંધળા. દિવસે ન ઉડે. શું કીધું સમજાણું?

‘**અજ્ઞાનને લીધે અનાદિ સંસારથી માંડીને...**’ એટલે નિગોદથી માંડીને. એકેન્દ્રિય અપર્યાપ્ત નિગોદનો હોય ત્યારથી માંડીને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં આવ્યું પણ આમાં છે? લાવો.

અહીં તો શું કહ્યું? ‘**આ આત્મા...**’ આત્માની અસ્તિત્વતા સિદ્ધ કરી. છે આત્મા, છે આત્મા. તે ‘**અજ્ઞાની થયો થકો,...**’ છે એ અજ્ઞાની થયો થકો. હોય ન હોય એને શું થાવું છે? સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્મસ્વરૂપ પોતે છે. તે આત્મા અજ્ઞાની થયો થકો, પોતાના ચૈતન્ય શુદ્ધ આનંદ સ્વરૂપના અભાનને લઈને એની એને ખબરું નથી માટે અજ્ઞાની થયો થકો ‘**અજ્ઞાનને લીધે અનાદિ સંસારથી માંડીને...**’ એમ કે નવો સંસાર નથી. અનાદિ સંસારથી માંડીને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... અનાદિ સંસારને લઈને એમ કહેવું છે. કહેવું શી રીતે? ભાષા તો એમ કહે. ત્રિલોક રચના થઈ એમ આવે શાસ્ત્રમાં. આવે છે ને પંચાસ્તિકાયમાં. ત્રિલોક રચના. પંચાસ્તિકાયમાં આવે છે. છ દ્રવ્યથી ત્રિલોક રચના. તો એ રચના નવી થઈ છે? અનાદિ કાળથી છે. શબ્દ શું કહેવો? આમ છે. છે આમ. એક શબ્દ છે. પંચાસ્તિકાયમાં છે ને ક્યાંક. બધું કાંઈ યાદ રહે છે? .. સમજ્યા ને? કેટલામાં? ૫.

**जेसिं अत्थि सहाओ गुणेहिं सह पज्जएहिं विविहेहिं।**
**ते होंति अत्थिकाया णिप्पण्णं जेहिं तेल्लोक्कं।।५।।**

નિષ્પન્ન છે જેનાથી ત્રણ લોક. એટલે શું? ભાઈએ આપણે અર્થ કર્યો છે. '**ત્રૈલોક્ય રચના જે વડે.**' રચના જે વડે. એટલે? કે ત્રણ લોકનું સ્વરૂપ જ આ રીતે છે. એમ કહે છે. રચના નવી થઈ એમ પ્રશ્ન હોઈ શકે ને. જુઓ! પાંચમી ગાથા છે. વાતને કહેવી શી રીતે? પણ આમ ત્રણ લોક છે. એટલે ત્રણ લોકનું હોવાપણું રચાયેલાપણું આ રીતે છે.

એટલે અહીં કહે છે અનાદિ સંસારથી માંડીને. માંડીને એટલે અનાદિ સંસારથી લઈને, મિલિત એકમેક મળી ગયેલા સ્વાદનો અનુભવ.. જુઓ! ભાષા અહીંથી ઉપાડી. બહુ સરસ. ભગવાન આત્મા અતીન્દ્રિય અમૃતનો સાગર છે. એનો સ્વાદ તો અતીન્દ્રિય અમૃત છે. આત્મા એટલે વસ્તુ કોને કહીએ? અતીન્દ્રિય અમૃત સાગરથી ભરેલો. અતીન્દ્રિય અનંત અમાપ, અતીન્દ્રિય અનંત અમાપ પરમેશ્વરની શક્તિ આનંદથી ભરેલું તત્ત્વ છે. એ આનંદના સ્વાદની સાથે '**સંસારથી માંડીને મિલિત...**' મિલિતનો અર્થ એમ નથી કે કાંઈક આનંદનો સ્વાદ છે અને કાંઈક આકુળતાનો સ્વાદ છે. મિલિત આ તો શબ્દે-શબ્દે વાંધા ઉઠાડવા હોય તો ઉઠાડે. એ મિલિત છે અનાદિનું. મિલિત એટલે શું મળેલું? આનંદ થોડો છે અને થોડું (દુઃખ છે)? આ તો અનાદિ આનંદ(સ્વરૂપ) છે એની સાથે રાગનો સ્વાદ મેળવ્યો છે. એટલે રાગનો સ્વાદ લે છે. સમજાય છે કાંઈ? દાખલો આપશે હાથીનો.

હાથીને. હાથી-હાથી. ઘાસ અને લાડુ-બાડુ આપે છે કે નહિ એને? લાડુ સાથે ઘાસ ભેગું ખાય. એ પાઠ છે એટલે લે છે, જુઓ! વસ્તુ સ્વભાવે અતીન્દ્રિય અનાકુળ અમૃતના આનંદનું પૂર ભરેલું છે. એવા આનંદના સ્વભાવને ન જાણતો તે કાળે ઉત્પન્ન કરેલો તે તે પ્રકારના વિકારી પરિણામના સ્વાદનું... મિલન. ભગવાન આનંદની સાથે, વિકૃત કરેલું, વિપરીત રૂપે પર્યાયમાં બનાવેલું. મિલિત સ્વાદનું '**(એકમેક મળી ગયેલા) સ્વાદનું...**' જાણે કે રાગ અને પુણ્યનો વિકલ્પ જાણે સ્વાદની સાથે, આનંદની સાથે એક થયો હોય.

એવા '**સ્વાદનું સ્વાદન-...**' એવા સ્વાદનું સ્વાદન એટલે એવા સ્વાદનો અનુભવન. જુઓ! આ માખણ છે માખણ વાત. ભગવાન આત્મા એ તો જેમ ચૈતન્યના પ્રકાશનું પૂર

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, ચૈતન્યના નુરનું પૂર છે. એમ અતીન્દ્રિય આનંદના સ્વભાવનો અમાપ રસનો એ દરિયો છે. એવા અતીન્દ્રિય આનંદની સાથે અજ્ઞાની થયો થકો અજ્ઞાનને લીધે અનાદિ સંસારથી માંડીને સ્વાદનું '**મિલિત સ્વાદનું સ્વાદન...**' વિકારી આકુળતાનું (વેદન). કેમ કે અનાકુળ ઉપર દૃષ્ટિ નથી. અનાકુળનું અસ્તિત્વ સ્વીકાર્યું નથી. સ્વીકાર્યું નથી એટલે અનાકુળના આનંદની શક્તિનો સ્વીકાર થતાં જે આનંદની વ્યક્તતા થાય એ છે નહિ. સમજાણું કાંઈ? સમજાય છે આમાં? લોજિકથી તો આ કહેવાય છે વાત હોં જરી. અંદર ગડબડ નથી.

વસ્તુ છે એ અતીન્દ્રિય વસ્તુ. વસ્તુ એટલે શું? ઓહોહો...! અગાધ અનાદિ અંત વિનાની ચીજ અરૂપી વિજ્ઞાનઘન અને આનંદકંદ એવો આત્મા, એની એને ખબર નહિ હોવાને લઈને એના અનાદરને લઈને, એના સ્વભાવની સાવધાનીના અભાવને લઈને એને પરને પોતાના માનવાના વિકલ્પોના રાગનો કર્તા થઈ એ રાગના સ્વાદનું સ્વાદન-એ રાગના સ્વાદનો અનુભવ હોવાથી. લ્યો! આહાહા..! એકેન્દ્રિય નિગોદના જીવને ઈ અને નવમી ગ્રૈવેયકે મિથ્યાદૃષ્ટિ દિગંબર સાધુ પંચ મહાવ્રત અને 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' પણ એ બધા વિકલ્પનો સ્વાદ આકુળતાવાળો છે. એણે વિકલ્પના સ્વાદને જ અનુભવ્યો છે. એને આત્માનો અનુભવ નથી. આહાહા..!

'**અનાદિ સંસારથી માંડીને...**' એમ કહ્યું ને? એકેન્દ્રિયથી માંડીને નવમી ગ્રૈવેયક જે સાધુ દિગંબર થઈ મિથ્યાદૃષ્ટિ ચૈતન્યના અનુભવ વિના, પંચ મહાવ્રત અને અઠ્ચાવીશ મૂળગુણનું પાલન એ વિકલ્પ અને આકુળતાના સ્વાદ છે. એ આકુળતાના સ્વાદનું સ્વાદન અનુભવ હોવાથી. સમજાણું કાંઈ? એ તો સમયસારમાં કહ્યું છે ને કે અજ્ઞાની ભોગને નિમિત્તે ધર્મ કરે છે. એટલે કે એનો અનુભવ જ રાગનો છે. એમ. રાગના જ અનુભવ માટે કરી રહ્યો છે તકરાર. આમ ચૈતન્ય ભગવાન વિકલ્પની રાગના વિકૃતના .. વિકૃતથી ભિન્ન એવા તત્ત્વના અનુભવનો અભાવ (છે) માટે તે કર્મના ભોગ માટે તે ધર્મ કરે છે. ભોગ એટલે અનુભવ, એને રાગનું જ અનુભવન છે. એ જ એનો ભોગ નામ અનુભવ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનાકુળ આનંદનો પિંડ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર. આનંદકંદની પૂર્ણ દશા પ્રાપ્ત થઈને મુક્ત પધાર્યા ભગવાન. વીર પ્રભુ. તે દિવસે ગૌતમને કેવળ થયું. ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન (થયું). શક્તિનું સત્ત્વ તો આખું હતું જ. એ સત્ત્વમાં ઘસારો કર્યો એકાકારનો. બસ. અસંખ્ય પ્રદેશે અનંત સૂર્ય પ્રગટ્યા. સમજાણું? કહે છે કે એ આવ્યું ક્યાંથી પણ એ? અંદરમાં સ્વરૂપ છે, સત્ત્વ છે, શક્તિ છે, એનું સત્નું સત્ત્વ છે. સત્ત્વ-એનો કસ છે આત્માનો. એમાં એકાકાર (થતાં) એને સત્ત્વ ફાટ્યું. આ એમાં એકાકાર નથી અને રાગમાં એકાકાર છે એને એકલો રાગનો અનુભવ છે એમ કહે છે. ચાહે તો પંચ મહાવ્રત પાળતો હોય અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચાહે તો ભોગના ભાવ કરતો હોય, પણ બેયને આકુળતાનો સ્વાદ છે. બાબુલાલજી! સમજાય છે કાંઈ?

ચાહે તો બાદશાહ મોટો હોય અને ચક્રવર્તી હોય તોપણ એ રાગનો જ અનુભવ કરે છે. બાયડી-છોકરાનો નહિ, પૈસાનો નહિ. ચક્રવર્તી રાજપદનો નહિ. એ તો જડ પર છે. એના લક્ષે થયેલો સ્વલક્ષને ચુકીને થયેલા રાગનો એકલો સ્વાદનો સ્વાદનું સ્વાદન. સ્વાદનું સ્વાદન એટલે અનુભવ. સમજાય છે? આહાહા..! અને મુનિ થયો દિગંબર, આમ અઠ્યાવીશ મૂળગુણ (પાળ્યા). ભગવાન આત્માના અજ્ઞાનને લીધે એ વિકલ્પનો પરિણામ જે દુઃખરૂપ આકુળતા છે, એના સ્વાદનું સ્વાદન, એના સ્વાદનું અનુભવન હોવાથી '**(પુદ્‌ગલકર્મના અને પોતાના સ્વાદનું ભેળસેળપણે-એકરૂપે અનુભવન હોવાથી),...**' ભેળસેળનો અર્થ એવો નથી કે થોડો લાડવાનો પણ સ્વાદ છે અને થોડો ખડનો પણ સ્વાદ છે. ખડ ખડ સમજો છો? ખડ એટલે ઘાસ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દૂધપાકનો સ્વાદ આવે એ દૂધપાકનો થોડો સ્વાદ આવતો હશે ભેગો?

મુમુક્ષુ :- ખડ ગળ્યું તો લાગે ને.

ઉત્તર :- ધૂળેય ગળ્યું લાગે નહિ. ગળ્યો તો આ લાડવો છે. પણ એને તો અહીં દાખલો દેવો છે. દાખલો એમ લે કે ઓલો લાડવો અને ખડ ખડ સમજ્યા ને? ઘાસ. બેય ભેગા ખાય. એમ આત્માના આનંદનો સ્વાદ અને થોડો રાગનો સ્વાદ એમ કહેવું છે અહીં? પ્રભુ આનંદનો સ્વાદ તો એમ ને એમ રાખ્યો છે એમ કહે છે. પણ એની સાથે રાગનો સ્વાદ મેળવ્યો છે. રાગનો સ્વાદ લે છે. કેમ હશે આમાં? ક્યાં ગયા? કેની કોર બેઠા? શું હશે આ બધા સ્વાદ શું હશે? એમ કહે છે. એય..! જયંતિભાઈ! શેનો સ્વાદ હશે આ?

પુદ્‌ગલ કર્મનો અને પોતાનો સ્વાદ. પુદ્‌ગલ કર્મ તે વિકારી પુદ્‌ગલ કર્મ છે એમ સિદ્ધ કરવું છે. એ પુદ્‌ગલ કર્મ જડ અને એનો પાક એ બધું પુદ્‌ગલ છે. ચૈતન્ય ભગવાન આનંદના પાકમાંથી પાક આવેલો ક્યાં હશે? એ તો વિકાર છે. વિકાર એ સ્વક્ષેત્રનો પાક છે? '**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं**'. આહાહા..! દિગંબર સંતોએ તો માર્ગને એવો ચોખ્ખો કર્યો છે પણ એને ખ્યાલમાં લેતો નથી. સમજાય છે? સાદી સહેલી વાત કરી. બાપુ! અહીં નજર કરને. મોટો આત્મા મહાન છે ને અને તારી નજર એકલી પરના ભોગમાં પડી છે. પુણ્યના ભોગમાં. એ પુણ્યનો ભોગ પણ આકુળતાનો સ્વાદ છે એમ કહે છે. પુણ્ય એટલે ઓલા ફળની વાત નહિ, હોં! અંદર શુભભાવ.

'**એકરૂપે અનુભવન હોવાથી,...**' ભગવાન આત્માના આનંદના સ્વાદની સાથે. એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વાદ એટલે સ્વાદ આવે છે એમ નહિ. પણ આનંદ છે એની સાથે. એમ. અતીન્દ્રિય આનંદ આત્માનો છે એની સાથે. રાગનું મિલન કરીને એકલો રાગનો સ્વાદ લે છે. સમજાણું કાંઈ? આ ગુંચાઈ જાય છે. ... આત્મા આનંદ છે એમાં જા. સમજાણું કાંઈ? આ વાત કહેવાય છે એ અંતરમાં વળવા માટેની છે. આ અનુભવ કરે છે માટે ત્યાં રહે એને માટે નથી કહેવાતી. અહીં તો જાણે છે એને માટે કહેવું છે. સમજાણું કાંઈ? પણ એ કઈ રીતે રહ્યો છે એની વ્યાખ્યા કરીને પછી .. જાણશે કે આ ... આહાહા..! સમજાણું કાંઈ?

'**(અર્થાત્ પુદ્ગલકર્મના...**' વિકલ્પોનો. એ પુદ્ગલ જ છે. વિકાર દયા, દાન, વ્રત આદિ સર્વ પરિણામ પુદ્ગલ જ છે. અને પોતે જ્ઞાયકના આનંદનો સ્વાદ એનો ભેળસેળપણે. ભેળસેળ લ્યો અમારી કાઠિયાવાડી ભાષા છે. તમારે શું છે? મિલાન કરતે હુએ. '**એકરૂપે અનુભવન હોવાથી), જેની ભેદસંવેદનની (ભેદજ્ઞાનની) શક્તિ બિડાઈ ગયેલી છે...**' આહાહા..! કેમ? કેમ બિડાઈ ગઈ છે? કે પોતે અતીન્દ્રિય આનંદમૂર્તિ છે એને રાગ-દ્વેષ નામ આકુળતાની સાથે એકમેક થયેલો છે એથી તેના જુદાઈની શક્તિ ઢંકાઈ ગઈ છે. જુદું પાડવાની શક્તિ ભેદજ્ઞાનની શક્તિ ઢંકાઈ ગઈ છે. અસ્ત થઈ ગઈ છે, બિડાઈ ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**એવો અનાદિથી જ છે;...**' આ તો પહેલો પર્યાયમાં સ્વાદ આનંદનો હતો અને પછી ભૂલીને પાછો આકુળતાનો સ્વાદ આવ્યો છે એમ નથી. એમ સિદ્ધ કરવું છે. અનાદિ નિગોદથી માંડી ભલે વચ્ચે રાજા થયો હોય, અબજોપતિ થયો હોય, સાધુ થયો હોય, મુનિ થયો હોય મિથ્યાદષ્ટિ થઈને, નવમી ગ્રૈવેયકે અનંતા પુદ્ગલ પરાવર્તન કર્યા. નવમી ગ્રૈવેયકના દેવ ભવના અનંતા પુદ્ગલ પરાવર્તન કર્યા. છતાં એ બધા રાગના સ્વાદમાં એકાકાર થયેલો. એને જુદા પાડવાની.. એકાકાર થયો માટે ભિન્ન પાડવાની શક્તિ બિડાઈ ગઈ છે. સમજાણું કાંઈ?

'**સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી...**' ભાષા એમ છે ને? રાગ અને પુણ્ય-પાપનું દુઃખરૂપ વેદનનું અનુભવન હોવાથી '**જેની ભેદસંવેદનની શક્તિ...**' ... હોવાથી એને જુદું પાડવાની શક્તિ બિડાઈ ગઈ છે. '**એવો અનાદિથી જ છે;...**' સમજાણું કાંઈ? આહાહા..! એ હીરાના સિંહાસને બેઠો હોય અને આમ પંખા ઢાળતા હોય. ખમ્મા અન્નદાતા ખમ્મા. ચામરું ઢાળતા હોય. બદામના મેસુબ, પિસ્તાના પાપડ, મરી તીખાના આથણા. મરી સમજો છો? તીખા નથી હોતા? કાલી મીર્ચ. એનું આથણું થાય. આથણું સમજ્યા? આચાર. મીઠામાં નાખી. લુમ લુમ હોય. લુમ સમજ્યાને? ઝુમખા. ખારા પાણીમાં. મેં બધું નજરે જોયું ને. ભિક્ષા માટે એક ફેરી ગયા હતા આહાર લેવા. એક શેઠિયાને ત્યાંથી એકદમ .. મરીનું આથણું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મેં કીધું, આ ન હોય અમારે. પણ આ તો.. આટલો એકલો બોળ અથાણું છે. બોળ એટલે ખારમાં પલળેલું જીવાત. આ આથણા? જામનગરમાં શેઠિયા હતા ને ઓલા વલમ શેઠ. વલમ શેઠ. એનો દીકરો જગજીવનભાઈના ઘરે ગયા હતા. જગજીવનભાઈ. એ લોકો તો ખાતા હોય ને. સારી સારી ચીજ દેવી હોય ને મહારાજને તો. તો આમ ડબામાંથી કાઢીને (આપ્યું). કીધું, આ અથાણું, આમાં જીવાત હોય. આ ન હોય અમને.

મુમુક્ષુ :- મોરબો નહિ.

ઉત્તર :- .. નહિ. મીઠાના પાણીમાં નાખી. મીઠું-નમક. નમકમાં નાખી. એકલા નમકમાં નાખીને પલળી ગયેલા હોય. આ મરીના આથણા.

..પણ મુનિ થઈને આમ ધ્યાનમાં બેઠો છે. જેની દૃષ્ટિ અનાકુળ આનંદ ઉપર નથી. અને જેની અંતર દૃષ્ટિ રાગ ઉપર આમ છે ને આ ગુણી છું, આ ગુણ છું એવા વિકલ્પમાં એકલો પડ્યો છે. કહે છે કે એકલું દુ:ખનું જ વેદન છે. સમજાણું કાંઈ? આમ બીજાને લાગે કે આહાહા..! બાવળની નીચે. બાવળ સમજ્યા? બબુલ. એની નીચે બેઠા હોય. હજારો રાણી છોડીને. પણ અંદરની રાગની એક્તા જેણે છોડી નથી તેથી તેનું ભેદવિજ્ઞાન બિડાઈ ગયું છે. જે છોડવું તે છોડ્યું નથી. કહો, જેઠાલાલભાઈ! પાછું કારણ આ આપ્યું. ભેદજ્ઞાનની શક્તિ દર્શનમોહના તીવ્રના ઉદયને લઈને શક્તિ બિડાઈ ગઈ છે એમ નથી. રાગના એકપણાના અનુભવમાં ચોંટેલો માટે ભિન્ન પડવાની શક્તિ અસ્ત થઈ ગઈ છે એમ કીધું. સમજાણું કાંઈ? અહીં તો કર્મને યાદ પણ કર્યા નથી. કર્મ એને ઘરે રહ્યું. આહાહા..! એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ તો એના ઘરમાં એટલે એના અસ્તિત્વમાં (રહ્યા છે). કર્મ એના હોવાપણામાં. અસ્તિત્વ એટલે એના ઘરમાં એટલે એના અસ્તિત્વમાં (રહ્યા છે). અહીં ક્યાં આવ્યું પણ?

એને તો ચૈતન્ય ભગવાનના આનંદના સ્વભાવને ભૂલ્યો એ એની દશામાં આવ્યું. અને એ દશામાં રાગનુ એકલું વેદન એને રહ્યું. સમજાણું કાંઈ? એવો તું અનાદિથી જ છો કહે છે. આહાહા..! એ કાંઈ અશુદ્ધનું વેદન પહેલું નહોતું ને નવું થયું એમ નથી. અનાદિથી પ્રવાહ રૂપે (ચાલે જ છે). વસ્તુ આનંદ છે એ અનાદિથી છે અને આ વેદન પણ અજ્ઞાનીને અનાદિથી છે. કહો, કેને કહેવા સુખિયા આમાં? 'સુખિયા જગતમાં સંત, દુરિજન દુ:ખિયા રે. સુખિયા જગતમાં સંત.' જ્ઞાનસ્વરૂપ આનંદમાં એકાકાર થાય છે. બાકી દુરિજન દુ:ખિયા. રાગને પોતાના સ્વરૂપનો માનનારા એ દુરિજન છે. એ સજ્જન નથી. આહાહા..!

ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ જેનું હોવાપણું જ જ્ઞાન અને આનંદવાળું છે. એવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હોવાપણાના અજ્ઞાનને, અભાનને લઈને અનાદિનો વિકારનો સ્વાદ એને અનાદિનો છે. તેથી તે પરને અને પોતાને એકપણે જાણે છે. આ કારણે તે પર નામ વિકારી ભાવ અને પોતે જ્ઞાયક આનંદરૂપ ભાવ. એને ખબર નથી. આ અસ્તિપણું આ અને આ બેને એક માને છે.

'**એકપણે જાણે છે;...**' તેથી તે પરને અને પોતાને એકપણે જુઓને. ક્યાંય આમાં વાત લેતા લેતા એકલો ભૂલ્યો એ અને ભૂલ ભાંગવાનો કાઢનાર એ પછી કહેશે. સમજાણું? ઓલી ચીજ તો નિમિત્તમાત્ર એક છે. ભૂલમાં એ નિમિત્ત છે. ભૂલ ટાળે તો એના નિમિત્તનો અભાવ થાય એવું એક નિમિત્ત છે. આહાહા..! વસ્તુ પોતે આત્મા એટલે જ્ઞાયક અને ચૈતન્ય આનંદના કંદનો નાથ. એવા આત્માને આ સ્વરૂપના સ્વભાવના જ્ઞાન વિના તે અનાદિથી પોતાને અને પરને એકપણે જાણે છે.

'**તેથી હું ક્રોધ છું. ઈત્યાદિ...**' એટલે હું જ્ઞાન છું, હું બીજો જીવ છું, હું આ પુદ્ગલ છું, હું આ શરીર છું એવા વિકલ્પને '**આત્મવિકલ્પ કરે છે;...**' એ પોતાનો વિકલ્પ કરે છે. એ પોતામાં પોતાનો વિકલ્પ કરે છે. આ મારું છે એમ વિકલ્પ કરે છે. ઓહોહો..! '**અને તેથી નિર્વિકલ્પ, અકૃત્રિમ, એક વિજ્ઞાનઘન (સ્વભાવ)થી ભ્રષ્ટ થયો થકો...**' તેથી આત્મા એ તો નિર્વિકલ્પ રાગ વિનાની ચીજ છે. નિર્વિકલ્પ અનાકુળ આનંદ વીતરાગ સમસ્વભાવી સૂર્ય છે. ચૈતન્ય વિજ્ઞાન અકૃત્રિમ અણકરાયેલું. આ તો કરાયેલો વિકલ્પ નવો છે. કરવું છે ને મૂકવું છે ને આ. અણકરાયેલો ભગવાન એવો ને એવો નિર્વિકલ્પ, અકૃત્રિમ-નહિ કરાયેલો, નિર્વિકલ્પ-વિકલ્પ વિનાની ચીજ કીધી આ. અને અકૃત્રિમ અણકરાયેલો '**એક વિજ્ઞાનઘન...**' એ તો એક વિજ્ઞાનઘન છે. ચૈતન્યનો રસ પિંડ એકરૂપ છે. તેથી '**ભ્રષ્ટ થયો થકો...**' પોતે એના ભાવથી ભ્રષ્ટ થયો થકો. કેટલું સ્પષ્ટ કર્યું છે. પણ જ્યાં હોય ત્યાં લાકડા કર્મ-કર્મના ખોસે. એક એક બોલમાં કેટલું ભર્યું છે, જુઓ!

આમ '**આત્મવિકલ્પ કરે છે; અને તેથી...**' ચૈતન્ય સમસ્વભાવી અને અણકરાયેલું તત્ત્વ. ઓલો વિકલ્પ તો કરાયેલી નવી ક્ષણિક ચીજ છે. ભગવાન આત્મા અણકરાયેલો અને એક જ્ઞાનઘન. એકરૂપ વિજ્ઞાનઘન, પિંડ ઘન છે. સમજાય છે કાંઈ? જેમ આ ઠંડીના પોષ મહિનાની ટાઢના જાડાના દિનમાં સારા ઘી હોય ને. ઘી-ઘી જામી ગયેલા. એમાં આંગળી તો પેસે નહિ પણ લોઢાનું હથિયાર પેસે નહિ. એવું ઘન. હવે તો બધું સમજવા જેવું છે. પહેલા આ બધું હતું. અત્યારે તો દગા બહુ થઈ ગયા. વાણિયાને દગા, ઘાચીને દગા, ઘીમાં દગા. ઘાચી એટલે તેલમાં. તેલમાં દગા, ઘીમાં દગા, દાણામાં દગા, મરચામાં દગા, હળદરમાં દગા, દૂધમાં દગા. પાણીના અમારા બહાર નીકળીએ ને, ત્યાં રાજકોટ જોયેલું, હોં! દૂધ લઈને આવતા ઓલાપણેથી. ગામ છે ને. ક્યુ? રયા-રયા. રયા ગામથી નીકળે. ભરવાડ ત્યાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉભી રહે. જોવે આ દેખશે એટલે થોડીવાર ન નાખે. પાણી નાખે દૂધમાં. રોડ ઉપર તો ક્યાં કોઈ ભાળે. શું કરે છે? આવી તો દીનતામાં અવતર્યા, ચાર ચાર ગાઉ આવીને ચાલે, દસ શેર, પંદર શેર દૂધ લાવે એમાં બે શેર, ચાર-પાંચ શેર પાણી નાખે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમ જાય ત્યાં નજર તો પોગે કે નહિ? એટલે તો શરમાઈ ગઈ બાયું, હોં! એ તો નળમાં આ તો પાણી ઊંડું છે. ઓળખાણ હોય ને ઘરની, એની પાસેથી પાણી લે. ... દારૂખાનાની આની કોરમાં. પણ .. પાણી... ઓલાપણે રાત રહ્યા હતાને ઓલાપણે? ઓલા કોઠારીમાં નહોતા રાત રહ્યા? આપણે રોજકોટ આવતા હતા ને અને ઓલા રાવળના. રાવળના મકાન કે નહિ? ઉંબર હતા, ઉંબરનું ઝાડ. ગામમાં આવવું હતું રાજકોટમાં, પણ રાત ત્યાં રહ્યા હતા. ત્યાં નળ નહોતા લ્યો. એ ભરવાડ સવારમાં નાખતી હતી દૂધમાં પાણી. રાજકોટ રસ્તે. રાઠોડનું મકાન હતું ને. ત્યાં આપણે રાત રહ્યા હતા ને. એક રાત લ્યો.

મુમુક્ષુ :- ..ના રસ્તે.

ઉત્તર :- હા. ..ના રસ્તે. નવાગામ. નવાગામ સવારે આવ્યા હતા. પછી પાણી નાખતા હતા નળથી.

એમ આ આનંદ પુરનો આનંદ સાગર એમાં આ ભરવાડની જેમ રાગ ભેળવે છે. સમજાણું? તેથી આનંદઘનથી ભ્રષ્ટ થઈ ગયેલો છે. આહાહા..! સમજાણું કાંઈ? કોઈનો વાંક નથી, કોઈ કાળનો વાંક નથી, કોઈ કર્મનો વાંક નથી, કુગુરુએ સમજાવ્યા માટે એનો પણ વાંક નથી. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવની વાણીમાં આવું સ્વરૂપ આવ્યું છે કે ભાઈ! તારા આનંદના સ્વાદ આગળ તેં અનાદિથી વિકાર રાગને ભેળવીને એનો અનુભવ કર્યો હતો એ અનાદિથી ઊંધાઈને કારણે છે. એને કારણે તારી જુદું પાડવાની શક્તિ બિડાઈ ગઈ છે. પરમેશ્વર એમ કહે છે. પરમેશ્વર ત્રિલોકનાથ, જેની સામે અર્ધ લોકના સ્વામી ઈશાન ઈન્દ્ર અને શક્રેન્દ્ર (ઉપસ્થિત હોય). ત્યાં ભગવાનની વાણીમાં આમ આવતું. આહાહા..! સમજાણું કાંઈ? એ જ વાણી મુનિ કહે છે.

કહે છે, અરે..! ભગવાન! તું વિજ્ઞાનઘનથી ભ્રષ્ટ થયો. '**ભ્રષ્ટ થયો થકો...**' એ પણ કર્તાપણાનું કાર્ય બતાવે છે. '**વિજ્ઞાનઘનથી ભ્રષ્ટ થયો થકો વારંવાર અનેક વિકલ્પરૂપે પરિણમતો થકો...**' ઓહોહો..! '**વારંવાર અનેક પ્રકારના વિકલ્પો...**' રાગ અને દ્વેષ અને પુણ્ય અને પાપ ને આ ને તે ને હો ને હા. એવા રાગરૂપે '**પરિણમતો થકો કર્તા પ્રતિભાસે છે.**' એને એ જ કાર્ય ભાસે છે, બીજું કાર્ય ભાસતું નથી. ભગવાન આત્મા વિજ્ઞાનઘનનું શું કાર્ય છે (એ ભાસતું નથી). આહાહા..! બીજા કાર્યની વાતેય નથી, હોં!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બીજા કાર્ય તો એ કરી શકતો જ નથી. સંચાના કામ ને કાપડના કામ ને ફલાણાના કામ ને ધૂળના એ કાંઈ (એના કાર્ય નથી). એ તો જગતના પરમાણુની પુદ્‌ગલ પર્યાયો એના પરાવર્તન પ્રમાણે પલટીને તે તે કાર્યો થયા કરે જડમાં. એને તો આત્મા કરતો નથી. એના સ્વરૂપના કાર્યને ભૂલીને વિકારના સ્વાદનું કાર્ય કરે છે. આહાહા..!

'**અને જ્યારે આત્મા જ્ઞાની થાય...**' આત્મા અજ્ઞાની થયો થકો હતું ને? '**एवं खलु जो जाणदि सो**' આવે છે. ત્રીજું પદ. સમજાય છે? '**एदेण दु सोकत्ता आदा णिच्छविदूहिं परिकहिदो।**' નિશ્ચય એટલે પરમાત્મા ત્રણ કાળનું જેને જ્ઞાન છે એવા ભગવાને આ અપેક્ષાએ તેને '**एदेण दु सोकत्ता आदा**' એને કર્તા આત્મા કહ્યો છે. '**અને જ્યારે આત્મા...**' એ બે પદની વ્યાખ્યા થઈ. ત્રીજા પદની. '**જ્યારે આત્મા જ્ઞાની થાય...**' જ્ઞાની થાય. જ્ઞાની એટલે પર્યાયમાં જ્ઞાની થાય. જ્ઞાની તો છે વસ્તુએ. પણ અજ્ઞાનમાં એને આ રાગના સ્વાદનું એકપણું છે, એ જ્યારે જ્ઞાની થાય. એમ કહે છે. જુઓ! પર્યાય પલટી શકે છે. એ કાંઈ કાયમની ચીજ નથી તે રહી શકે. રાગના સ્વાદનું એકપણું માન્યું, અનુભવ્યું, વેદ્યું ભલે પણ એ કાયમની ચીજ નથી. એ ટકી શકે કે રહેનારી ધ્રુવ હોય તો રહે. આ તો કૃત્રિમ પર્યાય છે. એનું જ્યાં ભાન થયું કે અરે..! આ તો હું આટલો નહિ. ત્યારે.. ઓલામાં એમ હતું કે અજ્ઞાની થયો થકો અજ્ઞાનને લીધે. એમ જ્ઞાની થાય ત્યારે જ્ઞાનને લીધે. એમ.

વસ્તુના સ્વરૂપનું (ભાન થતાં) શુદ્ધ ચૈતન્ય છું. એમ આત્માના આનંદના જ્ઞાનના ભાન થયા ત્યારે '**જ્ઞાની થાય ત્યારે, જ્ઞાનને લીધે જ્ઞાનના આદિથી માંડીને...**' જુઓ! ઓલામાં હતું ને '**અનાદિ સંસારથી માંડીને...**' અહીં જ્ઞાનની શરૂઆતથી માંડીને. જુઓ! આ શરૂઆત મતિ અને શ્રુતજ્ઞાનની શરૂઆત કહે છે. અહીં કાંઈ અવધિ, મનઃપર્યય અને કેવળની વાતું નથી. આહાહા..! જ્યારથી જ્ઞાનના આદિથી માંડીને મતિ અને શ્રુત જે પ્રગટ્યા ચૈતન્યના અવલંબે ભગવાન જાગ્યો. એમ '**જ્ઞાનના આદિથી માંડીને...**' જ્યારથી સમ્યગ્જ્ઞાન સ્વને અવલંબે થયું. '**પૃથક્ પૃથક્ સ્વાદનું સ્વાદન-**' જુઓ! ઓલામાં હતું '**મિલિત સ્વાદનું સ્વાદન**' અનાદિથી સંસારથી માંડીને. અહીં '**પૃથક્ પૃથક્ સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી...**' આહાહા..! ભગવાન આત્માનો સ્વાદ અતીન્દ્રિય આનંદ છે અને આ રાગ અને વિકલ્પ શુભયોગ આદિનો સ્વાદ તે આકુળ છે. બેના '**પૃથક્ પૃથક્ સ્વાદનું સ્વાદન-**' સ્વાદનું અનુભવન. જુઓ! આ કોની વાત કરે છે અહીં?

'**જ્ઞાનના આદિથી માંડીને પૃથક્ પૃથક્ સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી...**' ઓલા કહે નહિ એ સ્વાદ આનંદનો અનુભવ તો તેરમે જ હોય. નીચે ચોથે-પાંચમેં તો શ્રદ્ધા હોય. અરે..! ભગવાન! સમજાણું કાંઈ? એ શરૂ થયું મતિ અને શ્રુતમાંથી જ આનંદનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વાદ શરૂ થઈ ગયો. ભાન ચૈતન્ય... પણ દ્રવ્ય છે ને. એ દ્રવ્યમાં અનંત ગુણ છે. એના ગુણનો ધરનાર દ્રવ્યનું જ્ઞાન થયું. જેટલા ગુણો છે તેની શક્તિનો એક વ્યક્ત અંશ તો તે કાળે પ્રગટે, પ્રગટે ને પ્રગટે જ. નહિતર તે જ્ઞાની થયો નથી. વાંધા ઉઠાવે. હજી તો શ્રદ્ધા કરવામાં-વ્યવહાર શ્રદ્ધા કરવામાં વાંધા ઉઠાવે છે. આહા..! એવો અનુભવ ન હોય એને ચોથે. એવો આનંદનો સ્વાદ ન હોય એને. અનુભવ એને ન હોય. આનંદનો સ્વાદ ન હોય એ તો બધા પરિગ્રહમાં પડ્યા છે, સંસારમાં પડ્યા છે, ચક્રવર્તી રાજમાં પડ્યા છે. ઓલી કાંઈક ગાથા એવી આવે ને ભાવસંગ્રહમાં આવે છે. એક આમ ફરવા જાય તો .. હવે એ તો બહુ અસ્થિરતા હોય એની વાત કરે છે. આહાહા..!

અહીં તો કહે છે કે '**જ્ઞાનને લીધે જ્ઞાનના આદિથી...**' ચોથા ગુણસ્થાનથી. સમજાણું કાંઈ આમાં? સમ્યગ્જ્ઞાનની શરૂઆતથી જે અજ્ઞાનનો નાશ થઈને જ્ઞાની થયો, જ્ઞાનને લીધે. સમ્યગ્જ્ઞાનની શરૂઆતથી માંડીને પૃથક્ પૃથક્ સ્વાદનું સ્વાદન (થયું). ભગવાન આત્મા... અહીં તો પૃથક્ છે એટલે જરી રાગ છે હજી. એમ બતાવવું છે ને? નથી એમ નહિ. કેવળજ્ઞાનમાં તો એકલો આનંદ રહી ગયો. સમજ્યા? સાધક છે એને સ્વાદ આત્માનો પણ છે અને રાગનો સ્વાદ પણ સાથે છે. પણ બે પૃથક્ પૃથક્ જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, આ બીજના દિ'એ આ આવ્યું બધું. સવારે પણ આવ્યું હતું. સવારમાં આવ્યું હતું ને?

કહે છે કે ભાઈ! તું છો કે નહિ? અને છો તો કેટલો અને કેટલા કાળનો? કેટલા કાળનો? અનાદિનો. કેવો? કેટલો? કે અનંત ગુણ સંપન્ન વસ્તુ છે ને. વસ્તુ છે તો એની શક્તિ હોય કે નહિ? એનો સ્વભાવ હોય કે નહિ? સત્ છે એનું સત્ત્વ હોય કે નહિ? છે એનું છે પણું હોય કે નહિ? તો છે પણું એટલે કેટલું? કે અનંત ગુણ જેટલું. સમજાણું કાંઈ? એમાં જ્ઞાન અને આનંદને મુખ્ય વર્ણવ્યો છે.

કહે છે, અહો..! જ્ઞાનની શરૂઆતથી... બાપુ! આ તકરાર શેની કરે છે? તને હજી વસ્તુની ખબર નથી. એ આત્મા શું જાણ્યો નથી એટલે બધા શાસ્ત્રના પાના ફેરવીને વાંચે એને કાંઈ હાથ આવે નહિ. એય..! આમ છે. ઓલો કહે, સ્વરૂપમાં અનુભવ ચોથે ન હોય. એને આનંદનો અનુભવ ન હોય, એને સ્વરૂપાચરણ ન હોય. બાપા! તેં આત્મા શું છે એને જાણ્યો નથી. એ તારા પોકાર ઈ કરે છે. સમજાણું કાંઈ? એ દૃષ્ટિએ શાસ્ત્ર જોયા હોય અને વાંચ્યા હોય એમ છે નહિ. માટે આ પોકાર કરે છે. શું થાય? સમાજ પણ એટલી બધી શૈલી ફરી ગઈ હોય એને આ બધું.. આ બધું કરો.. આ કરો... આ કરો. પણ જેનું લક્ષ બહારના કર્તૃત્વ ઉપર જાય છે, વિકલ્પ એ બધો આકુળતા છે. એ આત્માના આનંદનું કારણ નથી. એનો ભેદ કરવો એ કારણ છે. સમજાણું કાંઈ? અહીં તો વ્યવહારનો જોગ ઉત્પન્ન થાય દેવ-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો, એ નિમિત્ત છે. શેમાં? નિશ્ચયમાં. પણ ક્યારે કહેવાય નિમિત્ત? ભેદ પાડીને નિશ્ચય અનુભવ કર્યો તો ઓલાને વ્યવહાર શ્રદ્ધાને નિમિત્ત કહેવામાં આવે છે.

કહે છે કે '**પૃથક્ પૃથક્ સ્વાદનું સ્વાદન-**' સ્વાદનું સ્વાદન. આનંદનો સ્વાદ અને રાગનો સ્વાદ. બે જુદા જુદા એનું '**અનુભવન હોવાથી...**' જુઓ! બેય છે. બે છે. કેવળી નથી. પ્રથમ શરૂઆતથી માંડીને કર્યું છે ને અહીંયાં? સમજાણું કાંઈ? '**(અર્થાત્ પુદ્‌ગલકર્મના અને પોતાના સ્વાદનું-એકરૂપે નહિ પણ-ભિન્ન ભિન્નપણે અનુભવન હોવાથી),...**' રાગાદિ હો, વિકલ્પાદિ હો, આનંદ છે. બેની એક્તા તૂટતા, બેની પૃથક્તા ભાસતા બેના સ્વાદ જુદા લાગ્યા. સમજાણું કાંઈ? આનંદ જેનો ટ્રેડમાર્ક છે ખરેખર તો. આત્માનો અનુભવ આનંદ જેનો ટ્રેડમાર્ક છે. સમ્યગ્દર્શનમાં ટ્રેડમાર્ક આનંદ છે. એ તો પ્રતીતરૂપ છે. ટ્રેડમાર્ક આનંદ છે કે આ આનંદનું વેદન તે આનંદસ્વરૂપ આત્મા આખો. એની સાથે રાગનું પણ વેદન છે પણ દુઃખરૂપ વેદન છે. બેના પૃથક્ સ્વાદ છે.

'**એકરૂપે નહિ...**' એમ. બે છે ખરા. ઓલામાં બે એકપણે માનતો હતો. એટલું જ હતું ને અજ્ઞાનમાં? રાગનું એકલું હતું. સમજાણું? એમ કહ્યું છે ને? '**(પુદ્‌ગલકર્મના અને પોતાના સ્વાદનું ભેળસેળપણે-એકરૂપે અનુભવન હોવાથી), જેની ભેદસંવેદનની (ભેદજ્ઞાનની) શક્તિ બિડાઈ ગયેલી છે...**' અહીં કહેશે, જુઓ! '**ભિન્નભિન્નપણે અનુભવ હોવાથી, જેની સંવેદનશક્તિ ઉઘડી ગઈ છે...**' ગુલાંટ ખાધી છે વાત. આ સ્વાદ આત્માનો અને રાગનો સ્વાદ બે જુદી જાત છે. એવું જ્ઞાનમાં ભાન થયું, હોં! જ્ઞેય કરીને ભાન થયું. એવા ભેળસેળ સ્વાદને '**ભિન્નભિન્નપણે અનુભવન હોવાથી, જેની ભેદસંવેદનશક્તિ...**' જુદું પાડવાની સમ્યક્ પ્રકારે વેદનશક્તિ. સંવેદનનો અર્થ ઓલા એકલા જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. કરે છે. સમજ્યાને? વાત સાચી પણ જ્ઞાન આનંદના સ્વાદનું જ્ઞાન. એમ કહે છે. ઘણાં અર્થ હોય ને. અનુભવન એટલે આ જ્ઞાન કહેવાય, ફલાણું એટલે જ્ઞાન કહેવાય, સંવેદન એટલે જ્ઞાન કહેવાય. પણ આનંદનું જ્ઞાન કરે છે એ તો લે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અરે..! ભોગવટો ન હોય તો દ્રવ્ય ભોગવ્યું એ જાણ્યું ક્યાં?

ભગવાન આત્મા પરમાત્માની ખાણ. સમજાય છે? કોઠીને જરી કાણું હોય નાનું ખોલે ત્યાં ઢગલો થાય દાણાનો. થાય કે નહિ? એમાં માલ ભર્યો હોય. કોઠી-કોઠી. પહેલા કોઠી રાખતાને? કોઠી રાખતા ૫૦-૫૦, ૧૦૦ મણની. હેઠે કાણું હોય. એમાં માલ હોય એ થોડો નીકળે. આ તો અનંત આનંદની કોઠી છે. એમાં એકાગ્ર થાય તો થોડું નીકળે અંદરમાંથી. આહાહા..! '**એવો હોય છે;...**' અનાદિનું કીધું ને?

'**તેથી તે જાણે છે કે...**' હવે એની વ્યાખ્યા કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૩, મંગળવાર તા. ૧૫-૧૧-૧૯૬૬**
**ગાથા-૯૭, શ્લોક-૫૭, પ્રવચન-૧૮૮**

કર્તાકર્મ અધિકાર. ૯૭મી ગાથા. આત્મા અનાદિ જે અજ્ઞાનથી વિકારના ભાવને-એના વેદનને પોતાના આનંદના સ્વભાવ સાથે મેળવી અને એનું વેદન કરતો હતો ત્યાં સુધી અજ્ઞાની હતો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના સ્વભાવમાં અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એના અજ્ઞાનથી, એના બેભાનથી વિકારી પરિણામ જે પુણ્ય-પાપના ભાવ કરતો એટલે કે મારું કર્તવ્ય છે એવી વિકારના અંશ ઉપર દૃષ્ટિને લઈને તેનો રચનાર છું અને એ મારું કાર્ય છે, એમ જે વિકારનું વેદન વેદતો, એ અજ્ઞાની જીવને આત્મા શું છે એની ખબર નથી. સમજાણું કાંઈ? આત્મા છે એની ખબર પડી અનુભવ-જ્ઞાન થયું. એ શી રીતે જણાણો એ આત્મા?

'**જેની ભેદસંવેદનશક્તિ ઊઘડી ગઈ છે એવો હોય છે;...**' ભેદ-રાગ-દ્વેષના પરિણામ અને આત્મા બે એક માનતો હતો. એ સંસાર હતો, એ મિથ્યાત્વ હતું, એ ભ્રમ હતો એ અજ્ઞાન હતું. આત્મા, ભેદવિજ્ઞાન નામ રાગાદિથી ચૈતન્યસ્વરૂપ શુદ્ધ ત્રિકાળ ભિન્ન છે, એમ ભાન થવું અને થયું તેથી તે એમ જાણે છે કે '**અનાદિ નિધન,...**' હું એક અનાદિ અનંત '**નિરંતર સ્વાદમાં આવતો,...**' મારો આનંદ તો અનાદિ અનંત છે. જુઓ! આ આનંદની મહોરછાપથી આત્માને ઓળખ્યો એમ કહે છે અહીંયાં. મહોરછાપ સમજો છો? ટ્રેડમાર્ક. આવે છે ક્યાંય ટ્રેડમાર્ક શાસ્ત્રમાં? પાંચમી ગાથામાં. પાંચમી ગાથામાં. મુદ્રિત. પંડિતજી! સંસ્કૃતમાં પાઠ છે. '**मुद्रितामन्दसंविदात्मकस्वसंवेदन**' મહોર લગાવી દીધી. આહાહા..! જુઓ! સરકારની મહોર હોય છે ને? ગમે તે કાગળની હોય તો ચાલે, ચામડાનો કટકો હોય તો ચાલે. મહોર જોઈએ. અત્યારે કો'ક કહે ને, બે પૈસા કાંઈક પડ્યા છે. (પૂછ્યું) આ શું છે? છ પૈસા. ફૂંક મારે તો ઉડી જાય એવી છે. ... ફોટો મૂક્યો. નજીક આવજો થોડા. કાઢી નાખવાની જરૂર નથી. આ તો બહુ પહોળો.. એટલે પાછળનાનો સંકડાશ પડે. કાઢી નાખવાની જરૂર નથી. આજે એટલા માણસ નથી. ગયા બધા હવે.

અહીં કહે છે કે આત્માનું અજ્ઞાન કોને કહીએ? કે જે આત્મા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનો ભંડાર છે એને જેણે જાણ્યો નથી. તેથી એને હોવાપણું અને કર્તાપણું, વિકારી પરિણામમાં હોવાપણું અને વિકારી પરિણામ મારું કાર્ય એમ માનીને એનો કર્તા થાય છે. આ સંસાર છે. ધર્મી થયો ત્યારે શું થયું? નવું શું થયું? અનાદિ અનંત જે આત્મા એમાં આનંદ તો અનાદિ અનંત છે. પણ તેનો નિરંતર સ્વાદમાં આવતો. રાગ અને પુણ્ય-પાપના વિકલ્પથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચૈતન્યને ભેદ જાણતા, જુદો જાણતા... સમજાણું કાંઈ? નિરંતર સ્વાદ. આનંદનો, નિરંતર અનાકુળ શાંતિનો સ્વાદ નિરંતર આવતા '**સમસ્ત અન્ય રસથી વિલક્ષણ (ભિન્ન),...**' જેટલા પુણ્ય-પાપના વિકલ્પનો રસ છે એનાથી તદ્દન વિલક્ષણ. એનું લક્ષણ જ જુદી જાતનું છે. વિપરીત લક્ષણ. દયા, દાન, વ્રતના પરિણામનો સ્વાદ ચૈતન્યના આનંદથી વિલક્ષણ, એનાથી આ વિલક્ષણ. સમજાણું? વિલક્ષણ એટલે અહીંયાં અર્થ કર્યો ભિન્ન.

તત્ત્વ ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ છે. એને પરના કર્તાપણાની બુદ્ધિ તો છૂટી હોય છે. પણ રાગ અને વિકલ્પ જે વિકાર આવે તે ઉપર તેની રુચિ નથી, તેનું કર્તવ્ય પણ છૂટી ગયું. અને આત્મા એ રાગથી, વિકલ્પથી ભિન્ન છે એમ ચૈતન્યનું ભાન થતાં અનાદિ અનંત, અનાદિ-અનિધન એમ લેવું. આદિ નહિ અને અંત નહિ, એવો આત્મામાં આનંદ નિત્યાનંદ પ્રભુ છે. આત્મા નિત્યાનંદ છે. તે આનંદનો સ્વાદ આવતા. નિરંતર. જેમ વિકારનું વેદન નિરંતર હતું અજ્ઞાનમાં. સમજાણું કાંઈ? પરનું વેદન નહોતું. શરીરનું, સ્ત્રીનું, હાડકા, માંસ, દાળ-ભાત, શાક, લાપસી, લાડવા એનું તો વેદન કોઈ દિ' હોઈ શકે નહિ. એ તો જડ છે. જડને શું વેદે આત્મા? જડને શું વેદે? આ ખાય ત્યારે જડને વેદતો હશે કે નહિ કાંઈ? લાડવા ખાય, મોસંબી ખાય, શિરો-ભજીયા ખાય ત્યારે શું ખાય છે એમાં? એ તો જડ છે. જડને આત્મા ખાય? એ તો જડની પર્યાય જડ-માટીની પર્યાય (છે). એના લક્ષે કરતો રાગ અને પ્રતિકૂળ આવ્યું-કાંકરો આવ્યો (તો) એનો દ્વેષ. બસ, એ રાગ-દ્વેષને વેદે છે. સમજાણું કાંઈ? તે વેદનને અને આત્માને ભિન્ન જાણ્યો નથી માટે તે વેદન ઊભું છે. આહાહા..! એ પુણ્ય-પાપના વિકલ્પો, એનો સ્વાદ એનાથી આત્માના આનંદનો સ્વાદ વિલક્ષણ નામ ભિન્ન જાતનો છે. જે સ્વાદ ત્રણ કાળમાં ઈન્દ્રને પણ ઈન્દ્રાણીના વિષય વખતે એ સ્વાદ હોઈ શકે નહિ. ઝેર છે જગતના એ બધા સ્વાદ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. જડમાં માનેલું સુખ એમાં ઝેર છે. હમણાં દિવાળી જુઓને વર્ષ બેસતા ધમાધમ કરતા હોય ચારે કોર. ઓહોહો..! લૂગડા ઊંચા પહેરે ને મોસંબી ખાય અને પતરવેલીયા ખાય ને સાટા ખાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાટા ખાય એમ માને છે ઈ. માને છે ને ઈ એમ કે આ હું ખાઉં છું. છોકરાઓને પૂછો, શું ખાવ છો? રાગ ખાય છે એમ કહે? શું ખાય છે? એય..! પુદ્ગલ ખાય છે એમ કહ્યું. આત્મા ન ખાય એમ કીધું.

આત્મા ખાય શું? એ વખતના રાગ અને દ્વેષને ખાય. ખાવું કહો કે ભોગવવું કહો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બીજું શું? જડને ખાતો નથી. એ ખાવું ફરી ગયું. ધર્મીનું નિત્યાનંદનું ભોજન થઈ ગયું. આહાહા..! નિત્યભોજી આવે છે ને પહેલો શબ્દ? પહેલા કળશમાં. જુઓ! આ સમ્યગ્દર્શનથી માંડીને વાત છે, હોં! આ જ્ઞાનની આદિથી માંડીને વાત હતી. શું થાય? જ્ઞાની હોય એ ચોથેથી થાય કે આઠમેથી થાતો હશે? તેરમે થાય, લ્યો. કોણ જાણે... અહીં તો પહેલેથી તો માંડી છે.

આત્મા જ્ઞાની થાય ત્યારે. આત્મા ધર્મનું ભાન કરનાર થાય ત્યારે. જ્ઞાની જ્ઞાનને લીધે જ્ઞાનના આદિથી માંડીને જુદા જુદા સ્વાદનું સ્વાદન એટલે અનુભવન હોવાથી. લ્યો! અહીં તો સ્વાદનું અનુભવન. એકરૂપે તે અનુભવતો નથી. જેને ભેદવિજ્ઞાન શક્તિ ઉઘડી ગઈ છે એવો હોય છે. તેથી તે જાણે છે કે ભગવાન આત્મા રાગ ને વિકલ્પથી ભિન્ન કરવો એ એનું કર્તવ્ય છે. રાગનું કાર્ય મારું છે એ કર્તવ્ય અજ્ઞાની માને છે. એમ કહે છે.

ભિન્ન કર્તા જે આત્માનો અતીન્દ્રિય નિત્યાનંદ સ્વાદ (આવ્યો) '**સમસ્ત અન્ય રસથી વિલક્ષણ (ભિન્ન), અત્યંત મધુર જે ચૈતન્યરસ...**' અત્યંત મધુર. ભાષા શું કહેવી? મધુર એટલે આ મીઠો હશે સાકર જેવો? સાકર તો જડ છે, માટી છે. ગોળ જડ છે, શેરડી જડ છે. શેરડીનો રસ આવે છે ને? આ રસ શેરડીનો. શેરડી સમજ્યા? ગન્ના. એ તો માટી છે, રસ છે. આ તો અત્યંત મધુર અરૂપી મધુર રસ. ભાષા શું કહેવી એને? જે ચૈતન્યરસ. અહીં તો કહે છે કે તે જ એક જેનો રસ છે એવો આત્મા. એમ. અત્યંત મીઠો તે ચૈતન્યરસ. '**તે જ એક જેનો રસ છે...**' બીજો રસ એનો છે નહિ. પુણ્ય-પાપના વિકલ્પોનો રસ તે સ્વરૂપમાં છે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ આપે? આત્મા આપે કે બીજો? આત્મામાં જાય તો મળે કે ક્યાંક બહાર જાય તો મળે? ગોળની દુકાને જાય તો ગોળનો કટકો મળે કે અફીણની દુકાને જાય તો મળે? અફીણની દુકાને અફીણ મળે. એમ રાગ-દ્વેષની દુકાને જાય તો આકુળતા મળે. ભગવાન નિત્યાનંદ તેથી તો કહ્યો. નિત્યાનંદ પ્રભુ છે એ આનંદનો ભોજી છે આત્મા. એને આત્મા કહીએ. રાગનો ભોજી એ આત્મા છે નહિ. આહાહા..! પરને ભોગવવું એ માને તો તો મૂઢ છે. કારણ કે ભોગવી શકતો નથી. પણ વિકારને વેદું છું, એકાંત વિકાર એ મારું વેદન છે, તો તે આત્મા જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

એ સત્‌ને સરાણે ચડ્યો આત્મા પોતાના આનંદના કંદમાં રાગથી ભિન્ન પડીને. કહે છે, '**અત્યંત મધુર જે ચૈતન્યરસ...**' જેના સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનોના સ્વાદનો રાગ જેને ફીક્કો અને ઝેર જેવો લાગે. સમજાણું કાંઈ? '**એવો તે જ એક જેનો રસ છે...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભાષા જુઓ! ત્યાં અનેકાંત કરો. **'ચૈતન્યરસ તે જ એક જેનો રસ છે...'** સિદ્ધ પણ સદાય સુખી નથી, એમ આવ્યું હતું ને હમણાં? રતનચંદજી. પૂર્ણ અને સદા સુખી એમ સિદ્ધને કહેવા એ એકાંત મિથ્યાત્વ છે. અરે..! ભગવાન! શું તું કરે છે? ... કરનાર નથી. પ્રભુ! શું કરે છે તું આ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અનેકાંત...

ઉત્તર :- આવું અનેકાંત હશે? એય..! રાજેન્દ્રજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. નો અર્થ શું? જગતમાં છે. એમાં એને શું છે? અને તે આનંદ પૂર્ણ છે, આ પર્યાયમાં અપૂર્ણ છે, થોડો છે. ઓલો ત્રિકાળ ભર્યો છે. એમ પ્રતિપક્ષ છે. પ્રતિપક્ષ એટલે ત્યાં દુઃખ છે એમ છે? સમજાણું કાંઈ? ...

અહીં તો કહે છે, **'એક જેનો રસ છે...'** એને આત્મા કહેવો. એનો આત્માનો આનંદનો જાતનો અનુભવ થાય. કદાચિત્ દુઃખનો રસ પણ આત્માનો સ્વાદ એમ છે? અત્યંત મધુર ભગવાન આત્મા અનાકુળ આનંદની મૂર્તિ પ્રભુ છે, એમાં પર્યાયમાં એકાકાર થતાં, પર્યાયને તેમાં વાળતા અત્યંત મધુર સ્વાદ **'તે જ એક જેનો રસ છે...'** તે જ અને એક **'જેનો રસ છે એવો આ આત્મા છે...'** એવો આત્મા છે. હવે અહીં આત્મા સમ્યગ્દૃષ્ટિમાં આવો આત્મા જણાય. સિદ્ધને વળી કાંઈક દુઃખ છે એમ જણાતું હશે, એમ હશે? આહાહા..! એકાંતને પણ કરી નાખ્યો ફુદડીવાદ. વાસ્તવિક તત્ત્વની ખબર ન મળે.

આ ચૈતન્ય ભગવાન કોણ છે? સર્વજ્ઞ પરમેશ્વર જ્યારે પૂર્ણાનંદને પામ્યા અનંત ચતુષ્ટયમાં ત્યારે તો એને વીતરાગ અને પરમેશ્વર કહેવાણા. અહીં પણ આ પરમેશ્વર આત્મા, પોતાના પરમેશ્વરની દૃષ્ટિની સંભાળમાં આવ્યો તો અનાદિઅનંત એવો નિત્યાનંદનો ચૈતન્ય મધુરરસ, તે જ એનો એક રસ છે તેનો સ્વાદ એને આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? સંસારમાં બાયડી-છોકરામાં પડ્યો હોય તોય? .. ક્યાં પડ્યો છે? ક્યાંય નથી. રાગમાં પણ નથી ને. એમ તો અહીં કહે છે. સમજાય છે? જેને રાગના વિકલ્પથી પણ ભિન્ન (પાડ્યો). રાગ અને પુણ્ય-પાપનો ભાવ તો આસ્રવતત્ત્વ છે. ઝેર સમાન એનું વેદન છે. ભગવાન આત્માના આનંદથી વિરૂદ્ધ પરિણામનું વેદન તે ઝેર છે. એથી તો મોક્ષ અધિકારમાં પંચ મહાવ્રતના પરિણામ, પ્રતિમાના દર્શનના શુભભાવ, પ્રતિહાર, આ સાતમું પ્રાયશ્ચિત કરવું, ફલાણું કરવું એ બધો શુભભાવ તે ઝેર છે.

મુમુક્ષુ :-

સમાધાન :- અરે..! ચોથાની વાત છે. ત્યાં મુનિ છે એટલે છઠ્ઠાની વાત કરી. વાત

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરી છે છઠ્ઠાની. છે ચોથેથી. સમજાણું કાંઈ? કોની વાત ચાલે છે આ? મુનિ છઠ્ઠે પણ આ ચોથાથી માંડી છે આ.

મુમુક્ષુ :- અજ્ઞાની...

ઉત્તર :- જ્ઞાનની આદિથી માંડી છે પછી પ્રશ્ન ક્યાં? જ્ઞાનની આદિ છઠ્ઠાથી હશે? એને બહારનું શું? બાપુ! તત્ત્વ છે એને જોને. તારે બહારનું શું કામ છે? સૌનું હશે એ સૌ કરશે. સૌની જવાબદારી સૌને માથે છે. કોઈની જવાબદારી કોઈને નથી.

મુમુક્ષુ :- ગુરુ..

ઉત્તર :- ગુરુ કોને કહેવા પણ? ગુણમાં ગુરુ તેને ગુરુ કહીએ. ગુરુમાં આબરૂમાં મોટા, શરીરમાં મોટી, કીર્તિમાં મોટા, પંચ મહાવ્રતના વિકલ્પમાં મોટા એ ગુરુ કહેવાય? સમજાણું કાંઈ? જેની વીતરાગ દૃષ્ટિ છે, વીતરાગ જ્ઞાન છે અને વીતરાગી સ્થિરતા છે તે ગુરુ કહેવાય. અને એના ઉપદેશમાં વીતરાગતાનો જ ઉપદેશ આવે. મુહુ મુહુ. આવ્યું હતું ને? સમજાય છે? આત્માવલોકન. દીપચંદજી. દીપચંદજી કહે છે, મુનિઓ તો વીતરાગ.. વીતરાગ.. બાપુ! રાગ તે ધર્મ નથી, પુણ્ય તે ધર્મ નથી. અને મિશ્રધર્મનું વર્ણન કર્યું ત્યાં શ્રાવકને ધર્મ અને અધર્મ બે છે એમ વર્ણવ્યું છે. મિશ્રમાં. આત્માવલોકન. ધર્મ છે, જેટલો અરાગી પરિણામ એટલો ધર્મ છે, જેટલો રાગ છે તેટલો અધર્મ છે એમ કીધું છે ત્યાં. છે ને આત્માવલકોનમાં? મિશ્રધર્મનું વર્ણન કર્યું છે. ચોખ્ખી વાત કરી છે. .. આ તો આપ્તપુરુષનું. પણ આપ્ત એટલે પરમેશ્વર અને પરમેશ્વર એટલે આત્માને જાણ્યો એ જે કહે તે બધું આપ્ત જ છે. સાંભળને. સમજાય છે? જેણે હિત પ્રગટ કર્યું છે એની વાણીમાં હિતનો જ ઉપદેશ હોય છે.

કહે છે **'અત્યંત મધુર જે ચૈતન્યરસ તે જ...' 'અત્યંત મધુર જે ચૈતન્યરસ તે જ એક જેનો રસ છે...'** નિત્યાનંદ અનાકુળ સત્‌નું સત્ત્વ સત્ પ્રભુ આત્મા, એનો આનંદ નિત્ય રસ સ્વભાવ છે. એવો આત્મા છે. એવો આત્મા છે. એને આત્મા કહીએ. સમજાણું કાંઈ? ચંદુભાઈ! આહાહા..! ત્રણ દિ'થી તો સવારની વાત ચાલે છે. ૨૩મું બેઠું ત્યારથી. ભાઈ! તને તારી ખબર ન મળે અને તને આનંદ આવે? સમજાણું કાંઈ?

આત્માવલોકનમાં નાખ્યું છે, જુઓ! ચૈતન્ય.. એ તો કીધું છે પહેલું. બીજી ગાથા.

**वियरायं वियरायं, जियस्स णिय ससरूओ वियरायं।**
**मुहु मुहु गणादि वियरायं सो गुरूपयं भासदि सया।।२।।**

**'અર્થ :- જીવનું નિજસ્વરૂપ જે છે તે વીતરાગ છે એમ વારંવાર જે કહે તે જ ગુરુપદવીએ સદા શોભે છે.'** સમજાય છે? મિશ્રની વાત છે, હોં! ચરિતાનુવાદ, .., જ્ઞેયવાદ, ઉપાદેય. .. હોં. એમાં લખ્યું છે, હોં! .. સ્વરૂપાચરણ પ્રવર્તે. હેઠે ચિહ્ન કર્યું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, હોં! મિશ્ર ધર્મની વ્યાખ્યા છે ને. '**गुण धम्माधम्मं परिणमदि,**' ચોખ્ખી વાત સ્પષ્ટ છે.

**गुण धम्माधम्मं परिणमदि, दव्य पज्जायं च धम्माधम्मं फुड।**
**मिस्सधम्मं जया अप्पा, तं मिस्सधम्मं भणइ जिणो।।१४।।**

'**અર્થ :- જે કાળે આત્માના ગુણ ધર્માધર્મરૂપે પરિણમે છે,...**' જેટલો આનંદ છે મધુર રસનો સ્વાદ તેટલો ધર્મ છે. જેટલો રાગ છે તેટલો અધર્મ છે. પછી શુભ હોય તોપણ અધર્મ છે. એમ કહ્યું છે. અહીં તો કહ્યું એમ જ છે ને. બધે એમ જ કહ્યું છે. સમજાણું? રાડ નાખી જાય છે. સાંભળને બાપા! તારા અમૃતરસના સ્વાદથી ઊલટાને શું કહેવું?

મુમુક્ષુ :- અધર્મ કહે છે એટલે એને વસમું લાગે છે.

ઉત્તર :- .. લીધો છે, હોં! ..

'**यस्मिन काले स्फुटं प्रगटं आत्मा गुण धर्माधर्मं परिणमति, गुणस्वभाव (गुणस्वभावो) विभावं परिणमति यं तं मिश्रे धर्म्मं विकारकलङ्कनिजस्वभावं, पुनः तदा आत्मपर्यायं द्रव्य धर्माधर्मं सहजेन आयातं तं मिश्रधर्मं एताद्दशं मिश्रधर्मं जिनो भणति कथयति।**'

'**વળી જ્યારે આત્માના ગુણો મિશ્રધર્મરૂપે થયા ત્યારે દ્રવ્યરૂપ આત્માને પર્યાયો તો સહજ જ મિશ્રરૂપે થયા. આવું જે છે, (આવો જ મિશ્રધર્મ છે) તેને જિનદેવે આત્માનો મિશ્રધર્મ પ્રગટ કહ્યો છે.**' સમજાય છે કાંઈ? સમકિતથી જ માંડી છે. ... ત્યાંથી શરૂ કર્યું છે. સમજાણું કાંઈ? શ્રાવક પંચમ ગુણસ્થાનમાં ધર્મ-અધર્મરૂપ પરિણતિ છે. એક આત્માના શુદ્ધ આનંદના સ્વાદનું જેટલું પરિણમન છે એટલો ધર્મ છે. વીતરાગભાવ તેટલો ધર્મ છે. જેટલો રાગભાવ છે તેટલો અધર્મ છે? એ તો ધર્મ . અધર્મ પછી ભલે તીવ્ર અધર્મ. તીવ્ર અધર્મ છે. આ રાગ મંદ છે તો મંદ અધર્મ, પણ છે તો અધર્મ. આત્માના સ્વભાવથી ... અધર્મ તે ધર્મ... રાગ, દયા, દાન, વ્રત અધર્મ? ..ભાઈ! ધર્મ ... આહાહા..! .. ધર્મ લાભ, લ્યો! ધર્મ લાભ, બાપા! ધર્મલબ્ધિ કાળ એ તો અનાદિ શાંતરસ પ્રભુ આત્માનો... સમજાણું? એમાં એકાકાર થતાં જે શાંતરસ, અકષાયરસ, ચૈતન્યરસ તે આત્માનો, તેનું વેદન થવું તેટલી વીતરાગતા અને તેટલો ધર્મ. સમજાણું? તેથી વિરૂદ્ધ જેટલા રાગાદિનો ભાવ હોય,... પંચમ ગુણસ્થાનની તો વાત છે ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ?

એટલે કહે છે કે અત્યંત મધુર ભગવાન આત્મા. અરે..! એને હજી શ્રદ્ધા-પ્રતીતમાં તો લે કે પરથી ભિન્ન અને રાગથી ભિન્ન એવો ચૈતન્ય. એના સ્વાદનો આનંદનો અનુભવ તેને અહીંયાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ કહે છે. સમજાણું કાંઈ? એ ઝેર તો અનંત વાર પીધા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. સમજાય છે? આનંદ ઉપર રાગને ઘોળી ઘોળીને ઝેર પીધા રાગના, ભાઈ! એ આનંદની ભૂમિકા ઉપર રાગને ઘોળ્યો છે. પુણ્ય-પાપના વિકલ્પને ઘોળીને પીધા. એ ઝેર પીધા છે. આહાહા..!

નિર્વિકલ્પ રસ પીજીએ. ભગવાન આત્મા વસ્તુ જ વીતરાગી નિર્વિકલ્પ છે. એને રાગ અને પુણ્યથી ભિન્ન પાડતા જે આનંદનો સ્વાદ અત્યંત મધુર (આવે) તે જ આત્મા છે. જોયું! તે જ આત્મા છે. નિર્વિકલ્પ દશાવાળી સ્વાદ દશા તે આત્મા. સંવર સહિતનો આત્મા લીધો. રાગ ભિન્ન પાડીને. સમજાણું કાંઈ?

**'અને કષાયો તેનાથી ભિન્ન રસવાળા (કષાયેલા-બેસ્વાદ) છે;...'** આમાં આવ્યું જુઓને આમાં. પુણ્યના પરિણામ એ કષાય છે. એ આત્માના સ્વાદથી ભિન્ન રસવાળા છે. એમ આવ્યું કે નહિ આમાં? ભગવાન આત્મા એને શ્રદ્ધા-જ્ઞાનમાં તો ગોઠવે તો ખરો પહેલો, રુચવે તો ખરો. આત્મા એ આનંદસ્વરૂપ છે. રાગ તે ઝેર અને બેસ્વાદ છે, કષાય સ્વાદ છે. એને ભિન્ન પાડીને આનંદના સ્વાદમાં એકાકાર થવું એનું નામ સુખી જીવન એનું કહેવાય. એનું નામ જીવનું જીવન કહેવાય છે. એ જીવે જીવી જાણ્યું એણે. આહાહા..! બાકી બધા જીવન જીવતા મડદા છે એમ કહે છે. જેઠાલાલભાઈ! ક્યાં ગયા મલૂકચંદભાઈ? બબ્બે કરોડ રૂપિયા, પાંચ-પાંચ કરોડ રૂપિયા ધૂળમાં આમ.. આહાહા..!

મુમુક્ષુ :- વચ્ચે બેઠા છે.

ઉત્તર :- ક્યાં નથી દેખાતા? સાંભળ્યું છે ને દેખાય છે. છોકરા પાસે રૂપિયા અને હજી સાંભળ્યું હવે સાંભળ્યું. આ તે કઈ જાતનો માણસ? એય..! આ એના બાપ રહ્યા વળી. એના બાપના બાપ. એણે પણ સાંભળ્યું નહિ હોય. શું કહે છે? છોકરા પાસે બે કરોડ રૂપિયા છે વધારે એ એણે સાંભળ્યું નહોતું એના બાપે. કહો. બે કરોડ છે તો એનો સ્વાદ ક્યો છે? એનો સ્વાદ રૂપિયાનો સ્વાદ છે કાંઈ? આકુળતાનો સ્વાદ છે. નવરો પણ થાતો નથી બાપ ઉપર લખવા માટે. આણે ભલામણ કરી છે ને, ભલામણ. કહો, સમજાણું આમાં? ફલાણું કરે.. આવા આવા રૂપિયા .. મલૂકચંદ છોટાલાલ નામ કરવું જોઈએ. એમાં છોટાભાઈ આવી જાય ભેગા. એ તો હજી વિકલ્પ છે. આ પાંચ ને દસ લાખ કાઢે રાગની મંદતા તોય કહે છે કે વિકલ્પ અને ઝેર છે. લે. અને પૈસાની તૃષ્ણા રાખી મારા છે તો મહા ઝેર છે. આહાહા..! એય..! મોહનભાઈ! શું હશે આ? આહાહા..! નારણભાઈ પૈસાવાળા હતા, છોટાભાઈ પૈસાવાળા, મલૂકચંદભાઈ પૈસાવાળા, એનો છોકરો પૈસાવાળો એમ કહે છે. ચાર પેઢી થઈ. નારણ શેઠના બાપનું મકાન છે. હમણાં એક જણ કહેતો હતો. બાપુ! નારણ શેઠ તો કરોડપતિ છે. એને બિચારાને કરોડની ખબર નહિ હોય. ... એ તો નારણ શેઠે ..

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અમે સાંભળેલું કે ૩૫-૪૦ હજાર રૂપિયા છે. ૮૦ હજાર ભાઈ પાસે છે. બધી ખબર. અમને તો છેક ૭૧થી ખબર છે ને. ૭૧ની સાલ. પણ એક કહેતો હતો, નારણશેઠ આમનો બાપ. .. કેટલાકને આપ્યા એ જાણે કરોડ તો કેટલા થાતા હશે. ..પૈસાવાળા, આ પૈસાવાળા, આ પૈસાવાળા, છોકરો પૈસાવાળા. ચાર પેઢી પૈસાવાળા થઈ. પૈસાવાળી થઈ ને. સુખી નહિ ને? આહાહા..! બાપુ! પૈસાવાળો. વાળો વળગ્યો છે એને. પગમાં નથી વાળા આવતા? પગમાં વાળા નથી થતાં? રોગ નથી થતો? પગમાં પાનીમાંથી લાંબા લાંબા નથી નીકળતા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ શું કહે છે એને? વાળા. એમ વાળા છે આ બધા. પૈસાવાળો. વાળો વળગ્યો છે એને. બાયડીવાળો, છોકરાવાળો, આબરૂવાળો, શરીરવાળો, કીર્તિવાળો, હોળીવાળો. બધાને હોળીના વાળા વળગ્યા છે.

એક ચૈતન્ય આનંદવાળો. આહાહા..! એનું સ્વરૂપ ભગવાન આત્મા, એને કહે છે એક વાર પરના કર્તૃત્વ અને અસ્તિત્વ મારામાં છે એ વાત છોડી દે. મારામાં તો જ્ઞાન અને આનંદ છે એવા સ્વભાવને સ્પર્શ કર. અને એના સ્પર્શમાં તને જે આનંદ આવશે એ આત્મા એને કહેવામાં આવે છે. તો તેં તને જાણ્યો અને તેં તને માન્યો અને તેં તારી કિંમત કરી. આહાહા..! સમજાણું કાંઈ? કેમ હશે? ચંદ્રકાંતભાઈ! બરોબર છે ઈ? આ બધા ખોટે ખોટા. પગાર આવડા આવડા મોટા ચડાવી દીધા. પંદર હજારનો પગાર. છ હજારનો પગાર વળી આ ભાઈને. એના દીકરાને. ... વાત સાચી. પણ તે દિ' ત્યાં રામજીભાઈ હજાર-બે હજાર પેદા કરતા. હજાર.. દસ હજાર એક મહિના. તે દિ'ના એક હજાર અને અત્યારના દસ હજાર. એમાં ફેર શું છે? ધૂળમાંય નથી. કહે છે, વાળા છે. મનસુખભાઈ! શું છે? આ દુકાન ઉપર બેસીને શું કરે છે? આહાહા..!

અરે..! તારી દુકાન તો જો એકવાર. તારી દુકાને અમૃત વેચાય છે. આહાહા..! અમૃત વેચાણા તારા ઘરે, પ્રભુ તારા ઘરમાં. જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ, કેવળી બોલે એમ.

જ્યાં ચૈતન્ય ત્યાં અનંત ગુણ, કેવળી બોલે એમ,
પ્રગટ અનુભવ આપનો નિર્મળ કરો પ્રેમ રે ચૈતન્યપ્રભુ.
ચેતન તારી રે પ્રભુતા ચેતનના ધામમાં.

તારી પ્રભુતા તો ચૈતન્યના ધામમાં છે, ભાઈ! રાગમાં અને પરમાં તારી પ્રભુતા નથી. એને મારા માનવાથી તને પામરતા થાય છે. આહાહા..!

જ્ઞાનીના સ્વાદ ઉડી ગયા છે બહારથી, એમ કહે છે. એ ઇન્દ્રાણીના વિષયમાં બેઠો પણ એને સ્વાદ એમાં દેખાતો નથી. આહાહા..! જ્યાં સ્વાદ ભાળે છે ત્યાંથી એની રુચિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ખસતી જાય છે. સમજાણું કાંઈ? એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! આ ભગવાન-દેવ-ગુરુને માન્યા. અમે આ કરીએ છીએ. આ વ્રતાદિ ચારિત્ર. ભગવાનને માન્યા એ સમકિત. થઈ ગયું, જાવ. શાસ્ત્રનું કંઈક ભણતર કર્યું એ જ્ઞાન. ત્રણે રતન થઈ ગયા એને ઘરે. ભાઈ!

પરમાત્મા, ભાઈ! પરમાત્મા વર્ણવે છે. પરમાત્મા કહે છે કે તું મારી નાતનો જ પરમાત્મા છો. મારા અને તારામાં જરીએ ફેર નથી. આહાહા..! એવા અંતર ભગવાનના ભેટા આત્માને થતાં-પોતાને પોતાની ભેટ થતાં મધુર આત્માના રસથી કષાયોને ભિન્ન રસવાળો જે જાણે. બેસ્વાદ. આહાહા..! આત્માના અંતર સ્વભાવના આનંદની દૃષ્ટિ થતાં જે આનંદનો સ્વાદ આવ્યો એના સ્વાદની આગળ રાગનો સ્વાદ એ કષાયેલો સ્વાદ (છે). કષાયેલો કહે છે ને? આ તુરો નથી? એને કષાયેલો કહેવાય છે. કષાયેલો સમજ્યા ને? એને તુરો કહેવાય. આ કેરીનો બહુ .. હોય નહિ? એને કષાયેલો કહેવાય છે, હોં! હિન્દીમાં શું હશે? જુઓને! આ કષાયેલો કહ્યું છે ને ભાઈ એમાં. કૌંસમાં. કષાયેલો. એ કષાયેલો એને કષાયેલો સ્વાદ કહે છે. ખાટો હોય ને? કેરી હોયને, માથે ઓલું.. રસો કેરીનો નાખે ડિંટીયા ઉપર. તુરો. બહુ કષાયેલો. બહુ તુરો એવો લાગે. એની ભાષા છે કાઠિયાવાડી. કષાયની ભાષા છે કાઠિયાવાડમાં. ખબર છે કે નહિ? કષાયની ભાષા છે. સાંભળી છે ને ઘણાંએ. આ કષાયેલો સ્વાદ છે, કષાયેલો સ્વાદ છે. એટલે? બરાબર સ્વાદવાળો નહિ.

એમ આત્મામાં રાગના પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિના રાગ તે બેસ્વાદ છે. એય..! ધર્મચંદજી! શું પ્રમાણ બધા? અત્યાર સુધી આ દિગંબરમાં જન્મીને પણ તમે સાંભળ્યું પણ નથી. રાવ સાહેબનો .. સમજાણું કાંઈ? નહોતું કીધું? એક મરવા પડ્યો હતો ને રાવ સાહેબનો ઈલકાબ આવ્યો. રાજકોટમાં. મરવા પડ્યો. મંગળિક સાંભળવો. પ્રેમચંદભાઈ હતા. મ્યુનિસીપાલટીના.. ઓલા. લગનમાં ગયા હશે. જલેબી અને લાડવા ખાધા હશે. ડબલ ન્યુમોનિયા. બે-ત્રણ દિવસમાં એકદમ. ગામમાં આવ્યા તો મહારાજને બોલાવો. દેરાસરમાં. આમ જોવે. અરે..! આંખમાંથી આંસુ. સોનાની વીંટી.. બે દિ'માં કેટલું .. ત્યાં વળી .. રાવ સાહેબનો ઈલકાબ (આવ્યો છે). પંડિતજી! એ રાવ સાહેબ હોય ને? સરકારનો ઈલકાબ. સરકારથી તરફ ખિતાબ ખિતાબ. ત્યારે એ વખતે હું ત્યાં હતો ને ત્યાં મરવાની તૈયારી. મરવાની. આમ બાયડી બેઠી હતી. ... બે દિ'માં .. ઓલું રહી ગયું. પૂછવા માંડ્યા એને. હવે મરવા દેને ભાઈ એને. ક્યાંક જાવું છે એને ક્યાંય .. લેવા તો એને દે. .. સંભળાવો. જુઓ! .. આંખમાંથી આંસુડા ચાલ્યા જાય. ત્યાં પોલીસ આવ્યો, રાવ સાહેબનો ઈલકાબ. કીધું, પૂછડું અહીંથી લઈને જાજે. રાતે મરી ગયા. મરી ગયા. ..ભાઈ! આ પૂંછડા વળગાડ્યા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મોટા રાવ સાહેબના. આ ઓલા કહે કરોડાધિપતિ, ઓલો કહે શેઠસાહેબ. શું કહેવાય મુંબઈમાં? મેયર મેયર કાંઈક કહેવાયને?

અહીં કહે છે કે એના તરફના લક્ષનો રાગ એ તો આત્માના આનંદથી બેસ્વાદ છે. કષાયેલો સ્વાદ છે. શેનો રાજી થા છો તું? સમજાણું કાંઈ? ગુંગાના સ્વાદ. દાખલો નહોતો આપ્યો એક ફેરી અમારે? ઉમરાળાનો દાખલો આપ્યો હતો. ભાવસાર સુંદરજી હતું નામ. ભાવસાર નાત, સ્થાનકવાસી જૈન. અમે ભણતા નાની ઉંમરમાં બાર વર્ષમાં. બાર વર્ષની વાત છે. આ તો ૭૭. ૬૫ વર્ષ પહેલાની વાત છે. ઓલો નવરો થાય તો ગુંગો કાઢે. નાકનો મેલ. બે દાંત વચ્ચે દાબે. જીભ અડાડે. પણ આ શું કરે છે તું આ? સુંદરજી! આ શું કરે છે? આ અમે બેઠા છીએ ને આ? થુંકી નાખે. મને ટેવ પડી ગઈ છે. જ્યાં અડધો કલાક થાય ત્યાં બીજો કાઢે.

એમ આ પુણ્ય-પાપના રાગ એ ગુંગા છે. આહાહા..! એનો બેસ્વાદ છે. એ ગુંગાનો તો દાખલો છે. આ તો નજરે જોયેલું, હોં! નાકનો મેલ હોય ને. એ .. ભણતા ભણતા .. પાધરો કાઢે ને આમ મૂકે. શું કરે છે તું આ? એ પાછો દાંત નીચે દબાવે એટલો નહિ. જીભ અડાડે, સ્વાદ લે. ગુંગાના સ્વાદ. એમ અજ્ઞાનીને પુણ્ય-પાપના સ્વાદ ગુંગાના સ્વાદ છે. ઝેરના સ્વાદ છે. કાઢી કાઢીને રાગ (એનો સ્વાદ લ્યે છે). સ્વભાવમાં નથી ભર્યો, હોં! ઈ. ગુંગાનો સ્વાદ આમ થઈ જાય. ખાધો છે અનંત વાર, સાંભળને હવે. ... આ તો ઝેર છે. ઓલો તો ગુંગો છે. એ બેકષાય સ્વાદ છે. આહાહા..! બેસ્વાદ છે એટલે? બેખબરો એટલે બે જાણપણું હશે? બેખબરનો અર્થ કે ખબર નથી. બેસ્વાદ એટલે સ્વાદ નથી. સાચો સ્વાદ નથી. અહીં બેસ્વાદ કીધું છે ને? બેખબરો કહે છે ને? આ બેખબરો માણસ. બેવકૂફ. બેવકૂફ છે, મૂરખ છે કહે છે.

એમ આ સ્વાદ ભગવાન આત્મા અને અંતર દૃષ્ટિનો સ્વાદ ધર્મીને જે આવે છે, એને આત્મા માનતો, એનાથી વિરૂદ્ધ ભાવનો વિષય સ્વાદ બેકષાયેલો (સ્વાદ છે). '**તેમની સાથે જે એકપણાનો વિકલ્પ કરવો...**' ભગવાન આત્મા અનાકુળ નિત્યાનંદ પ્રભુ એને જાગતા જોઈને જ્યાં સ્વાદ આવ્યો, એની સાથે આ રાગના વિકલ્પનું, રાગના સ્વાદનું .. અજ્ઞાન થયું. એ સ્વાદ.. જુઓ! અહીં બેમાં ભેગું નાખ્યું. ફક્ત રાગનો સ્વાદ અને આત્માનો સ્વાદ બે ભિન્ન છે. એને એકપણામાં વિકલ્પ કરવો તે અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

આત્માના આનંદના સ્વાદમાં એ રાગનો, દયા, દાન, વ્રત આદિના પરિણામ એ અશુભ પરિણામ ભોગ વિષય કષાયના એ સ્વાદ બેસ્વાદ છે-કષાયેલો સ્વાદ છે. એમાં એકપણાનો (વિકલ્પ). '**તેમની સાથે જે એકપણાનો વિકલ્પ...**' રાગના સ્વાદ સાથે આનંદના સ્વાદનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એકપણાનો વિકલ્પ **'તે અજ્ઞાનથી છે;...'** મૂઢપણાથી છે. **'આ રીતે પરને અને પોતાને ભિન્નપણે જાણે છે;...'** લ્યો! સમજાણું કાંઈ? આ રીતે પર નામ વિકારી સ્વાદ અને સ્વ નામ ચૈતન્ય નિત્યાનંદ આનંદનો સ્વાદ એને ભિન્નપણે જાણે છે. કહો, સમજાણું આમાં? ભારે ધર્મની રીત પણ ભારે આકરી. આવો ધર્મ કેવો હશે? આ જૈનધર્મ આવો હશે? જૈનધર્મમાં તો અમે અત્યાર સુધી સાંભળતા હતા કે છકાયની દયા પાળવી. ક્યાં છે? નટુભાઈ આવ્યા છે? નટુભાઈ નથી આવ્યા? નથી આવ્યા? ભાવનગર ગયા છે? ઠીક! સમજાણું આમાં? ભાઈ! જૈનધર્મમાં તો છકાયની દયા પાળવી, એકેન્દ્રિયની દયા, પંચેન્દ્રિયની દયા, બહુ તો પૂજા ભક્તિ ભગવાનની કરવી લ્યો. ચોવિહાર કરવો, કંદમૂળ ન ખાવું. બીજો ધર્મ વળી ક્યાંથી આવ્યો આ? જયંતિભાઈ! એ કહે છે, નવો નીકળ્યો. એ નવો નથી.

એક છોકરો બિચારો આવ્યો હતો. આ આવ્યો હતો ને? .. એકવાર સાંજે આમ .. અહીં આવ્યો હતો. મહારાજ! આ તમારો નવો ધર્મ નીકળ્યો એને કેટલા વર્ષ થયા? પ્રેમથી હોં બિચારા. નિર્દોષથી. નવો નથી કીધું, બાપુ! ભાઈ! નવો નથી. ચાલતા પ્રવાહથી જુદી જાતનો છે એટલે તને નવો લાગે. નવો નથી. અનાદિનો માર્ગ જ આ છે. એને એમ થયું આ ૩૨ વર્ષથી નીકળ્યા માટે આ જુદું થયું. એમ લાગે. ઓહોહો..! એ તો સ્થાનકવાસી છોકરો, મીઠાશથી પૂછતો હતો. એ તો આપણે ધર્મ... આ નવો ધર્મ કેટલા વર્ષથી છે? નવો નથી, ભાઈ! અહીં ૩૨ વર્ષથી છીએ અને આત્માનું સ્વરૂપ શું છે એની વાત કરીએ છીએ. એ કાંઈ નવો નથી. વીતરાગ પરમેશ્વરે અનાદિથી કહ્યો છે, ગણધરો અનાદિથી કહેતા આવે છે, સંતો અનાદિથી અનુભવતા આવે છે, સમકિતી પણ વેદન કરતા આવે છે. એ આ ધર્મ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નવો નથી.

દિગંબર જે નથી. મૂળ દિંગબર આ કહે છે કે જેમાં રાગના વેદનના કપડા પણ અંદરમાં નથી. સાચા કપડા તો ભિન્ન રહો. ભગવાન.. મૂળ દિગંબર તો કુંદકુંદાચાર્ય છે. મૂળ દિગંબર આત્મા છે. આત્મા એ રાગના કપડા વિનાનો છે. બહારના કપડા તો ક્યાં ગયા. એ તો કહે છે, રાગનો સ્વાદ અને આત્માના સ્વાદને એકપણે માનવું એ અજ્ઞાન છે. એ અદિગંબર છે. સમજાણું કાંઈ?

**'આ રીતે પરને અને પોતાને ભિન્નપણે જાણે છે; તેથી અકૃત્રિમ (નિત્ય), એક જ્ઞાન જ હું છું...'** આનંદની સાથે અજ્ઞાન ... નિત્ય એક જ્ઞાન ધ્રુવ જ્ઞાન ચૈતન્ય.. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય.. ચૈતન્ય... **'પરંતુ કૃત્રિમ (અનિત્ય), અનેક જે ક્રોધાદિ તે**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**હું નથી.**’ .. શબ્દે પુણ્ય-પાપના વિકલ્પો બધા ક્રોધમાં જાય છે, વિકારમાં જાય છે. શુભ-અશુભભાવ... જુઓ! અહીં કીધું અકૃત્રિમ, એની સામે કૃત્રિમ લીધું. એક જ્ઞાન છું, એની સામે અનેક વિકાર પરિણામ છે. એક જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ જાણનાર... જાણનાર... જાણનાર.. જાણનાર... જાણનાર..

આમ તો ઘણાં વાતું કરે છે, આત્મા જ્ઞાતા-દૃષ્ટા. આત્મા જ્ઞાતા-દૃષ્ટા. વળી પાછા કહે. જુઓ! પરનું કરી શકાય અને પરથી આત્મામાં વિકાર થાય. પણ ક્યાં રહ્યો તારો જ્ઞાતા-દૃષ્ટા? શરીરની ક્રિયાથી ધર્મ થાય, રાગ કર્મને લઈને થાય, કર્મ આત્મા બાંધે, પરનું આત્મા કરી શકે એમ માનનાર પછી જ્ઞાતા-દૃષ્ટા રહ્યો ક્યાં? શબ્દમાં આવે ને શાસ્ત્રમાં? આત્મા તો જ્ઞાતા-દૃષ્ટા. પણ જ્ઞાતા-દૃષ્ટાનો અર્થ શું? જે કાંઈ જડની ક્રિયા પરની થાય તે મારાથી નહિ, રાગની ક્રિયા થાય એ મારાથી નહિ, મારામાં નહિ. હું તો જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ છું. એને જ્ઞાતા-દૃષ્ટા વાત બેઠી કહેવાય. આહાહા..! પરાશ્રય દૃષ્ટિ હોય, પરને લઈને મારામાં અને મારે લઈને પરમાં (થાય) એ તો દૃષ્ટિ પરાશ્રિત, બેની એકત્વબુદ્ધિ છે. એમાં જ્ઞાતા-દૃષ્ટા આવ્યો ક્યાંથી તને? સમજાણું કાંઈ?

ધર્મી એમ જાણે છે કે ‘**અકૃત્રિમ એક જ્ઞાન જ હું છું પરંતુ કૃત્રિમ અનેક જે ક્રોધાદિક તે હું નથી એમ જાણતો થકો...**’ એમ જાણતો ‘**હું ક્રોધ છું ઈત્યાદિ આત્મવિકલ્પ...**’ જુઓ! અહીં પાછું લીધું. ‘**જરા પણ કરતો નથી;...**’ એ તો જરા પણ કરતો નથી એને લેવું. જ્યાં નથી ત્યાં લેવું. પણ જરા પણ કરતો નથી એમ ચોથે (ગુણસ્થાને) એમ છે. સાંભળને. સમજાણું કાંઈ? જરાય જ્યાં રાગ ન હોય ત્યાં આ વાત છે એમ (કહે છે). એ હોય એનો સ્વાદ તો કીધો, બેને એક માનતો નથી. સ્વાદ તો છે. હું ક્રોધ છું, માન છું, માયા છું, પરદ્રવ્ય છું, આકાશ છું, જીવ છું, પરમાણુ છું, બધું આવી ગયું ને? ભાવ્યભાવકનું. સમજાય છે? ‘**આત્મવિકલ્પ જરા પણ કરતો નથી;...**’ આત્મામાં એકપણે જરા પણ કરતો નથી. ‘**તેથી સમસ્ત કર્તૃત્વને છોડી દે છે;...**’ કર્તાપણું એટલે આ મારું કાર્ય છે એમ. દૃષ્ટિ સ્વભાવ ઉપર થઈ છે તેથી એનું કર્તૃત્વપણું છોડી દે છે. એનું નામ ધર્મ-એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ.

‘**તેથી સદાય ઉદાસીન અવસ્થાવાળો થયો થકો...**’ એટલે શું કહે છે? ઉદાસીન-રાગ અને પરથી ભિન્ન પડેલો પોતામાં રહેલો. જ્ઞાતા સ્વરૂપ હું પરથી ભિન્ન છું. ઉદાસીન રાગથી ભિન્ન, પરથી ભિન્ન, સ્વભાવથી અભિન્ન, આનંદથી એકમેક, એવા ‘**ઉદાસીન અવસ્થાવાળો થયો થકો...**’ જુઓ! અવસ્થાવાળો થયો તો અવસ્થાની વ્યાખ્યા કરી. ‘**માત્ર જાણ્યા જ કરે છે;...**’ એ પર્યાય. જાણ્યા જ કરે છે. ચાહે ચોથા ગુણસ્થાનમાં જે કંઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગ આવે એ જાણે. શરીરની ક્રિયા જાણે... જાણે... જાણે... જાણે... એ જ ક્રિયા એની રહી ગઈ. રાગની ક્રિયા મારી હતી એમ જે માનતો હતો એ ભ્રમ હતો, ભગવાનને ભૂલ્યો હતો. પોતે પોતાનો ભગવાન એને ભૂલ્યો હતો. આહાહા..!

આવા ભગવાનને સંભાળવાના કાળ આવ્યા છે ને. એમાં ના પાડે, એમ નહિ.. એમ નહિ... એમ નહિ... અરે..! પણ ના પાડ નહિ, બાપા! ત્યારે ક્યારે તારે સંભાળવું છે? એ હમણાં ન હોય. હમણાં તો શુભભાવ કરીએ એમ કરતાં કરતાં નિશ્ચય પમાશે. એટલે આઠમું ગુણસ્થાન પમાશે. આહાહા..!

કહે છે, '**સદાય ઉદાસીન...**' રાગથી જેનું ઠરવું જ જુદું છે. સ્વભાવમાં જેણે આસન લગાવ્યું છે. રાગમાં જે ઠરતો (હતો) આમ એકત્વ કરીને, આમ ગુલાંટ ખાધી. '**માત્ર જાણ્યા જ કરે છે;...**' જુઓ! માત્ર (અને) જરા પણ કરતો નથી. બેય શબ્દ પડ્યા છે. રાગનો વિકલ્પ આવે. એને કર્તૃત્વબુદ્ધિ નથી, એને તો જ્ઞાતા-દૃષ્ટાની બુદ્ધિ છે. '**માત્ર જાણ્યા જ કરે છે;...**' પૂછે છે કે તમે સર્વજ્ઞને જો માનો... એમ પૂછે છે. હમણાં આવ્યો હતો એક. સર્વજ્ઞ તો જાણે. ત્રણ કાળ ત્રણ લોક જાણે-દેખે છે. એને માટે તો ક્રમબદ્ધ બરાબર છે. એમ કહે છે. અમારે માટે ક્રમબદ્ધ ક્યાંથી આવ્યું? તમે જાણતા-દેખતા થાવ ત્યારે. જાણતા-દેખતા તમે રહી શકો જ નહિ. રાગ આવ્યા વિના રહે નહિ. પણ રાગ આવે એને જાણતા-દેખતા રહેવું એનું નામ જ જ્ઞાન છે. એ પ્રશ્ન આવ્યો હતો હમણાં છાપામાં. ફૂલચંદજીની સામે લખ્યું છે. કરવું તો છે હજી. આ કરવું છે અને આ કરવું. પણ કરવું ક્યાં છે? એ થાય છે. એ જાણે કે કરવું છે. પણ કરવું નથી, થાય છે. શરીરની ક્રિયા થાય છે. જો તમારે .. આમ લખવું.. આ લાલ શીશપેન લાવો. સર્વજ્ઞને નથી માટે એ ક્રમબદ્ધને માનનારા બરાબર છે. પણ તમારે ક્રમબદ્ધ તો માનવું છે અને પાછું કરવું છે, આ લાવો... આ લાવો... આ લાવો... ભાઈ! કરે કોણ? સાંભળને ભાઈ! આ લાવો એટલે એ આવે છે એને કારણે. વાણી એને કારણે નીકળે છે, શબ્દો એને કારણે આવે છે. કામ જડમાં એને કારણે પર્યાય થાય છે. રાગને કાળે રાગ થાય છે. રાગ પણ લાવતો નથી.

'**માત્ર જાણ્યા જ કરે છે; અને તેથી નિર્વિકલ્પ, અકૃત્રિમ, એક વિજ્ઞાનઘન થયો થકો અત્યંત અકર્તા પ્રતિભાસે છે.**' એટલે વિજ્ઞાનઘન જ છે. દૃષ્ટિ અને અનુભવની સ્થિરતા અપેક્ષાએ નિર્વિકલ્પ અભેદ અકૃત્રિમ અણકરાયેલો એક વિજ્ઞાનઘન. '**એક વિજ્ઞાનઘન થયો થકો અત્યંત અકર્તા પ્રતિભાસે છે.**' એ ચોથા ગુણસ્થાનથી વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? અત્યંત અકર્તા. ઓલામાં હતું ને? અત્યંત મધુર સ્વાદ. આ અત્યંત અકર્તા છે.

'**ભાવાર્થ :- જે પરદ્રવ્યના અને પરદ્રવ્યના ભાવોના કર્તૃત્વને અજ્ઞાન જાણે...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એટલે શું? કે પરદ્રવ્ય અને રાગને મારું છે એમ માને એ તો અજ્ઞાન છે. **'તે પોતે કર્તા શા માટે બને?'** પરદ્રવ્ય મારાથી ભિન્ન, રાગ આકુળતાવાળો ભિન્ન, એમ જે જાણે એ પરનો કર્તા કેમ થાય? સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનની કિંમત જ લોકોએ હલકી કરી નાખી. સમ્યગ્દર્શન તો લઘુનંદન છે જિનેશ્વરનો. નંદન છે એ. આવે છે ને એ? 'જિનેશ્વરકે લઘુનંદન. જિનેશ્વરકે લઘુનંદન.' ભગવાનને અનંતો આનંદ છે, આને થોડો આનંદ છે. પણ છે એને આનંદ. લઘુનંદન છે. આહાહા..! સ્વાર્થિકે સાચે, પરમાર્થિક સાચે.. સાચે સાચે વેણ કહે, ... કાળકે વિરોધિ નાહિ, પર્યાયબુદ્ધિ નાહિ આસન્ન .. ન ગૃહસ્થ હૈ ન યતિ હૈ.' સમજાય છે? આવે છે ને એમાં એ? ભેદવિજ્ઞાનમાં. 'ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ, શીતલ ચિત્ત ભયો જિમ ચંદન...' ચોથાની વાત છે કે આગળની? 'ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ, શીતલ ચિત્ત ભયો જિમ ચંદન, કેલી કરે શીવમારગમેં જગમાંહી...' સમજ્યા ને? 'કેલી કરે શીવ મારગ મેં જગમાંહી જિનેશ્વરકે લઘુનંદન.' કોની વાત છે? ચોથા ગુણસ્થાનની વાત છે કે આઠમાની છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આઠમું અત્યારે છે ક્યાં? એની વાત જ ક્યાં છે? અત્યારની વાત છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મધ્યમ. મજલે નંદન. એ ઊંચા નંદન છે.

**'જે પરદ્રવ્યના અને પરદ્રવ્યના ભાવોના...'** પરદ્રવ્ય-ભાવ લેવા છે ને વિકારી આદિ. **'કર્તૃત્વને અજ્ઞાન જાણે તે પોતે કર્તા શા માટે બને?'** એવો મૂરખ શું કરવા થાય? **'અજ્ઞાની રહેવું હોય તો પરદ્રવ્યનો કર્તા બને!'** આ પર છે એમ જાણે છતાં કર્તા બને એ તો અજ્ઞાની રહેવું હોય (એને) બને. **'માટે જ્ઞાન થયા પછી...'** અજ્ઞાની રહેવું હોય તો એમ વાત છે. એમ નથી કે ચોથે રહેવું હોય અને આઠમે નથી જાવું એની વાત છે, એમ વાત છે? **'અજ્ઞાની રહેવું હોય તો પરદ્રવ્યનો કર્તા બને! માટે જ્ઞાન થયા પછી પરદ્રવ્યનું કર્તાપણું રહેતું નથી.'** એ કળશ કહેશે લ્યો.

**अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी**
**ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः।**
**पीत्वा दधीक्षुमधुराम्लरसातिगृद्धया।**
**गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालम्।।५७।।**

**'શ્લોકાર્થ :- નિશ્ચયથી સ્વયં જ્ઞાનસ્વરૂપ હોવા છતાં...'** છે ને? **'स्वयं किल भवन्नपि'** ભગવાન આત્મા તો જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... ચૈતન્યની આંખ્યુ છે. એકલી એને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચૈતન્ય જ્ઞાન આંખ છે. જ્ઞાનનો સમુદ્ર, જ્ઞાનનો સૂર્ય છે આત્મા. એવો હોવા છતાં '**અજ્ઞાનને લીધે...**' પોતાના જ્ઞાન સ્વરૂપના ભાનના અભાવને લીધે '**જે જીવ, ઘાસ સાથે ભેળસેળ સુંદર આહારને ખાનારા હાથી આદિ તિર્યંચની માફક,...**' ઢોરની માફક, લ્યો! ઢોરની માફક. હાથીને ચુરમું આપે પાંચ મણ અને દસ મણ આપે ઘાસ. ભેગું ખાય. ચુરમાના સ્વાદને અને ઘાસના સ્વાદને જુદો પાડતો નથી. એને ઢોર જેવા કહે છે. એમ કહે છે અહીં. ઢોરને જેમ વિવેક નથી કે ભેળસેળ. સમજ્યાને? '**ઘાસ સાથે ભેળસેળ સુંદર આહારને ખાનારા હાથી આદિ તિર્યંચની માફક,...**' બીજા પણ હોય એવા.

'**રાગ કરે છે (અર્થાત્ રાગનો અને પોતાનો ભેળસેળ સ્વાદ લે છે)**' પોતાનો એટલે આનંદનો થોડો અને થોડો રાગનો એમ નહિ. પણ ભેળસેળનો અર્થ આનંદપણું તો છે એની સાથે રાગનો સ્વાદ લે છે એકલો. એમ. એનું નામ ભેળસેળ છે. દાખલો એમ ન લેવો ચુરમા સાથે જરી ખડ ખાય છે. ચુરમાનો સ્વાદ છે અને ખડનો સ્વાદ છે. એને એકલો ખડનો જ સ્વાદ છે. થોડું ગળ્યું લાગે ને. અહીં તો (કહે છે) જરીએ નહિ. એ તો દાખલો આપ્યો.

'**સુંદર આહારને ખાનારા હાથી આદિ તિર્યંચની માફક, રાગ કરે છે (અર્થાત્ રાગનો અને પોતાનો ભેળસેળ સ્વાદ લે છે)...**' અજ્ઞાની પોતાની જાતનો નથી સ્વાદ લેતો, એ તો આત્મામાં રાગ અને પુણ્ય-પાપના વિકલ્પનો સ્વાદ લે છે. એ હાથી ઢોર જેવો છે એમ કહે છે. આહાહા..! ઓલો બાહ્ય ઢોર છે, ઓલો અંદર પશુ છે એમ કહે છે. પશુ. એમ ચૌદ બોલમાં આવે છે. તત્-અતત્‌ના બોલ આવે છે ને? ચૌદ બોલ આવે છે. પશુ ... પંડિતજી! ચૌદ બોલમાં, હોં! તત્, અતત્, એક, અનેક, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ.. બધામાં પશુ... પશુ. અમૃતચંદ્રાચાર્ય કહે છે, બાપુ! પશુને જેમ વિવેક નથી ને, ભાઈ! એમ જે પુણ્ય-પાપના સ્વાદનો આત્માને વિવેક નથી ને એ મિથ્યાદૃષ્ટિ પશુ છે. સમજાણું? અને એના ફળમાં એ પશુ નામ એકેન્દ્રિયના આરાધનમાં જશે નિગોદમાં. કારણ કે એને મિથ્યાત્વનું આરાધન છે એનું ફળ જ, મિથ્યાત્વનું ફળ જ નિગોદ છે. એવા ઢોરની પેઠે કહે છે, રાગને છોડ, છોડ ખાવું છોડ. સમજાણું? અને આત્માની સંભાળ કર. એમ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**કારતક સુદ ૪, બુધવાર તા. ૧૬-૧૧-૧૯૬૬**
**શ્લોક-૫૭-૫૮-૫૯, પ્રવચન-૧૮૯**

૫૭મો કળશ ચાલે છે. ૫૭. શું કહે છે તમારે? ૫૭. ૫૦ અને ૭. છે એમાં? બતાવો જરા હિન્દી. હિન્દી હિન્દી છે કે નહિ? કર્તાકર્મ અધિકાર છે. એનો શું અર્થ છે? અર્થ લઈએ પહેલેથી. '**નિશ્ચયથી સ્વયં જ્ઞાનસ્વરૂપ હોવા છતાં...**' ભગવાન આત્મા એ તો ચૈતન્યસૂર્ય જ્ઞાનસ્વરૂપ છે. '**એમ હોવા છતાં અજ્ઞાનને લીધે જે જીવ, ઘાસ સાથે ભેળસેળ સુંદર આહારને ખાનારા હાથી આદિ તિર્યંચની માફક, રાગ કરે છે...**' એની સાથે સંબંધ લેવો. જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે, વસ્તુ ચૈતન્યસૂર્ય જ્ઞાનબિંબ છે. એમ હોવા છતાં અજ્ઞાનને કારણે જે જીવ રાગ કરે છે, '**રાગનો અને પોતાનો ભેળસેળ સ્વાદ લે છે)...**' તે કેવો છે? કે '**ઘાસ સાથે ભેળસેળ સુંદર આહારને ખાનારા હાથી...**' હાથીને સુંદર આહાર આપે અને સાથે ઘાસ આપે. ઘાસ કહે છે ને? એ ઘાસને લાડવા સાથે ભેળવીને ખાય છે. લાડવો અંદર નાખી દે. લાડવો ચાલે નહિ ને, ભૂકો થઈ જાય. ખડ લાંબુ હોય છે ને. અમારે .. કહે છે. ... લાંબુ.

હાથી '**ઘાસ સાથે ભેળસેળ સુંદર આહારને...**' ચુરમાને, લાડવાને, મેસુબને '**ખાનારા હાથી આદિ તિર્યંચની માફક...**' રાગનો મિશ્ર સ્વાદ લે છે. શું કહે છે સમજાણું? ભગવાન આત્મા તો જ્ઞાન અને જ્ઞાનનો આનંદ સ્વાદ એ સ્વરૂપ છે. એવા જ્ઞાન અને આનંદના સ્વાદને ન જાણતાં, રાગ જે પુણ્ય-પાપનો વિકલ્પ રાગ છે એ આકુળતા છે એનો સ્વાદ લે છે. સમજાણું ભાઈ?

જેમ હાથી ચુરમુ અને ઘાસ બેને ભેળવીને ખાય છે. એને ઘાસનો જ સ્વાદ આવે છે ખાવામાં. ચુરમુ શું છે એની ખબર નથી. એમ અનાદિથી અજ્ઞાની પોતાનો જ્ઞાન ચૈતન્ય સૂર્ય પ્રભુ, એમાં અતીન્દ્રિય આનંદ જ્ઞાનથી અવિનાભાવી સુખ પડ્યું છે. અવિનાભાવી નામ જ્યાં જ્ઞાન હોય ત્યાં આનંદ હોય. એવા જ્ઞાનનો આનંદ, એના અજાણપણાને લીધે ભાન નહિ હોવાને લીધે રાગ, પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, શુભાશુભ પરિણામ, એ વિકારનો સ્વાદ લે છે. પોતાના આનંદના, જ્ઞાનના સ્વાદના અભાનને કારણે. પરનો સ્વાદ તો લેતો જ નથી. શરીરાદિનો તો. એ તો માટી, ધૂળ છે. લાડવા આદિનો સ્વાદ લેતો નથી. એ તો જડ છે, અજીવ છે. મોસંબી પાણી અજીવ છે. મોસંબી અજીવ છે. શું કહે છે? મેસુબ મેસુબને શું કહે છે? મેસૂબ. એ પણ અજીવ જડ છે. એનો સ્વાદ તો કદી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અજ્ઞાનીને પણ આવતો નથી. પણ એ સંબંધીનો રાગ કરીને, પ્રતિકૂળ હોય તો દ્વેષ કરીને અજ્ઞાની પોતાના જ્ઞાનના, આનંદના સ્વાદથી અજાણ હોવાને લીધે અર્થાત્ સ્વભાવ તરફની સમીપની દૃષ્ટિ નહિ હોવાને કારણે, વિકારની સમીપ હોવાને કારણે વિકારનો સ્વાદ અજ્ઞાની લે છે. કહો, સમજાય છે કાંઈ?

'**તિર્યંચની માફક,...**' આહાહા..! અરે..! કહે છે, પશુને વિવેક નથી. પશુને વિવેક નથી કે ચુરમું શું છે અને ઘાસ શું છે. એમ અજ્ઞાનીને વિવેક નથી. પોતાનો આત્મા જ્ઞાન ચૈતન્ય જ્યોત આનંદ શું છે અને રાગ વિકલ્પ પુણ્ય-પાપનો ભાવ શું છે એની એને ખબર નથી. કહો, સમજાય છે કે નહિ? બાબુલાલજી! મોટા શેઠિયા હોય, મોટા રાજા હોય, મોટા દેવ હોય, બે-પાંચ-પચ્ચીસ કરોડનો આસામી હોય તો કહે છે, મૂઢ આત્માથી અજાણ રાગનો સ્વાદ લે છે. એ તો હાથી જેવો વિવેક વિનાનો પ્રાણી છે, એમ કહે છે. છે. તમને .. આવડે છે? આહાહા..! સમજાય છે?

ભગવાન આત્મા અંદર ચૈતન્ય આનંદ સ્વરૂપ અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા અને રાગ પુણ્ય-પાપનો ભાવ છે એ દુ:ખરૂપ આકુળતા છે. એ બેનું ભેદજ્ઞાન નહિ હોવાથી અથવા પોતાના સ્વરૂપના અજ્ઞાનને કારણે, એ રાગનો, પુણ્ય-પાપના ભાવનો સ્વાદ લે છે. એ વિવેક વિના પશુ જેવો છે. આહાહા..! સમજાણું કાંઈ?

બીજું દૃષ્ટાંત. '**શિખંડના ખાટા-મીઠા રસની અતિ લોલુપતાથી...**' શીખંડ શીખંડ. શીખંડ કહે છે ને? દહીં અને ખાંડ. દહીં અને ખાંડ બેયને ભેળવીને શીખંડ (બનાવે). ખાટા-મીઠાનું ભાન ન હોવાથી આ તો ગાયનું દૂધ છે એમ લાગે છે. એમ કેમ? દારૂ પીવે ને દારૂ, દારૂ પીધેલાને જો શીખંડ ખવડાવે તો એને ગાયના દૂધ જેવું લાગે. દારૂના મદને કારણે. સમજાણું કાંઈ? બનારસીદાસે આ શ્લોકમાં લખ્યું છે. આ શ્લોકનું પદ લખ્યું છે ને પદ? દારૂના મદથી. સમજ્યા? શું છે આ? કર્તાકર્મ છે ને? જુઓ! (પદ-૧૩). 'જૈસે ગજરાજ નાજ ઘાસકે ગરાસ કરિ' આ શ્લોકનું હિન્દી છે. 'જૈસે ગજરાજ નાજ...' નાજ એટલે અનાજ.

જૈસેં ગજરાજ નાજ ઘાસકે ગરાસ કરિ,
ભચ્છત સુભાય નહિ ભિન્ન રસ લિયૌ હૈ.

.. ખાય છે પણ ભિન્ન રસનું ભાન ગજરાજ-હાથીને નથી.

જૈસૈં મતવારૌ નહિ જાનૈ સિખરનિ સ્વાદ,

જુંગમેં એમ લખ્યું છે. જુંગમાં-નશામાં. જુંગનો અર્થ એ. નશો.. નશો. દારૂનો નશો. જુંગમાં લખ્યું છે. જુંગમાં એટલે દારૂનો નશો.

જુંગમેં મગન કહૈ ગઉ દૂધ પીયો હૈ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દારૂ પીધો છે ને એટલે શીખંડ ખાતા ગાયનું દૂધ છે, ગાયનું દૂધ છે.

તૈસૈં મિથ્યાદૃષ્ટિ જીવ ગ્યાનરૂપી હૈ સદીવ,
પગ્યૌ પાપ પુન્નસોં સહજ સુન્ન હીયૌ હૈ.

જેની દૃષ્ટિ પુણ્ય-પાપના વિકલ્પ-રાગ ઉપર પડી છે, એ સહજ શૂન્ય જ છે. એના હૃદયમાં શૂન્યતા છે. વિકાર અને ચૈતન્ય ભિન્ન છે એવો વિવેક એને નથી.

ચેતન-અચેતન દુહૂંકૌ મિશ્ર પિંડ લખિ
એકમેક માનૈ ન વિવેક કછુ કીયૌ હૈ. ૧૩.

અહીં તો પ્રશ્ન, જુંગમેં મગન હૈ. જુંગમેં એટલે સમજ્યા? નશો. નશો-જુંગ. કનક લખ્યું છે એમાં. કનક. કનક એટલે નશો. નશામાં શીખંડ ખાય એને દૂધ દેખાય છે. ગાયનું દૂધ ખાય છે એમ લાગે છે.

એમ મિથ્યાદૃષ્ટિ પોતાનો વિવેક રાગ અને ચૈતન્ય ભિન્ન છે એવું ભાન નહિ હોવાથી એ રાગનો સ્વાદ જ લે છે અને માને છે કે પોતાનો સ્વાદ આવે છે. સમજાણું કાંઈ?

**'અતિ લોલુપતાથી શિખંડને પીતાં છતાં પોતે ગાયના દૂધને પીએ છે એવું માનનાર પુરુષના જેવો છે.'** આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાડા-ફાડાનું ક્યાં ભાન છે? લ્યો ઠીક! સ્વાદની વાત છે. અહીં જાડા-પાતળાની વાત નથી. પાતળું હોય કે જાડું હોય. જાડાને શું કહે છે? એને સ્વાદ એવો (આવે). પાતળા-જાડાની ક્યાં વાત છે. અહીં તો એને ગાયના દૂધ જેવો સ્વાદ લાગે. કેમ કે દારૂનો નશો છે. ... એમ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વભાવનો નશો ચડ્યો છે.

પોતાનો ચૈતન્યમૂર્તિ જ્ઞાયક સ્વરૂપ આનંદ શું છે? અરે..! રાગનો સ્વાદ, બેસ્વાદ, કષાયેલો સ્વાદ, દુઃખરૂપ આકુળતા છે એની ખબર નથી. તો **'તે દહીં ખાંડના અર્થાત્ શિખંડના ખાટા-મીઠા રસની અતિ લોલુપતાથી...'** શ્રીખંડ ખાવાની. **'પોતે ગાયના દૂધને પીએ છે એવું માનનાર પુરુષના જેવો છે.'** આહાહા..! આત્મા જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ હોવા છતાં રાગ અને પુણ્ય-પાપનો વિકલ્પ કરીને એનો સ્વાદ લે છે તો એ વિકાર પરિણામનો કર્તા અને વિકાર પરિણામ કાર્ય એને ભાસે છે. પોતાનો આત્મા જ્ઞાતા ભાસતો નથી. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- જેમ હાથીને ઘાસના અને સુંદર આહારના ભિન્ન સ્વાદનું ભાન નથી તેમ અજ્ઞાનીને પુદ્‌ગલકર્મના અને પોતાના ભિન્ન સ્વાદનું ભાન નથી;...'** એ પુદ્‌ગલ કર્મ કહો કે કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલો વિકારીભાવ કહો. સમજાણું? બધું પુદ્‌ગલપિંડ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. ચૈતન્યપિંડ જ્ઞાયક, પુદ્ગલપિંડ રાગાદિ ભાવ બધું પુદ્ગલપિંડ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય આનંદકંદ પિંડ છે. રાગ વિકલ્પ છે એ કર્મપિંડ છે. તો કર્મપિંડનો અને પોતાનો.. સમજ્યા? પુદ્ગલ કર્મનો અને પોતાના ભિન્ન સ્વાદનું ભાન નથી. '**તેથી તે એકાકારપણે રાગાદિમાં વર્તે છે.**' ઓહોહો..! પર્યાયબુદ્ધિ છે. જેની રાગ અને પુણ્ય-પાપ ઉપર રુચિ અને બુદ્ધિ અને દૃષ્ટિ પડી છે, તે એને જ પોતાનું માને છે અને એનો સ્વાદ અને ચૈતન્યના સ્વાદનો વિવેક નહિ હોવાથી એકમેકપણે પ્રવર્તે છે.

'**જેમ શિખંડનો ગૃદ્ધી માણસ, સ્વાદભેદ નહિ પારખતાં, શિખંડના સ્વાદને માત્ર દૂધનો સ્વાદ જાણે...**' છે. એને મીઠાશ નથી આવતી. '**તેમ અજ્ઞાની જીવ સ્વ-પરના ભેળસેળ સ્વાદને પોતાનો સ્વાદ જાણે છે.**' લ્યો! સ્વપર મિશ્રનો અર્થ એવો નથી કે પોતાને આનંદ પણ થોડો છે અને રાગ પણ થોડો છે. એમ અહીંયાં અર્થ ન લેવો. સ્વ ચૈતન્ય જ્ઞાનાનંદ છે એની સાથે રાગને મિશ્ર કરે છે-ભેળવે છે અને રાગનો સ્વાદ લે છે.

આ કર્તાકર્મ અધિકાર છે. આ તો પહેલેથી મિથ્યાદૃષ્ટિની વાત છે. ... સમ્યગ્દૃષ્ટિની વાત .. કે સમ્યગ્દૃષ્ટિને રાગનો અને આત્માનો સ્વાદ ભિન્ન થઈ ગયો છે, તો આત્માના આનંદનો સ્વાદ સમ્યગ્દૃષ્ટિને આવે છે. સમજાણું કાંઈ? ભાઈ! મિથ્યાદૃષ્ટિને આત્માના આનંદનો સ્વાદ અને રાગનો સ્વાદ ભિન્ન નથી. તો રાગનો સ્વાદ લે છે. રાગ પોતાનું કર્મ છે-કાર્ય છે એમ માને છે. સમજાણું કાંઈ? એમાંથી કાઢો તો જેને રાગ અને પોતાનું ચૈતન્ય જ્ઞાનાનંદ એનો વિવેક છે તો ચોથું ગુણસ્થાન નીકળ્યું એમાંથી. એમાંથી છઠ્ઠું-સાતમું-આઠમું ન નીકળ્યું. એમાંથી નીકળ્યું કે નહિ? આઠમાની વાત છે એમ હમણાં આવ્યું હતું. આત્માના આનંદનો સ્વાદ તેરમે ગુણસ્થાને હોય. આવ્યું હતું. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તેરમે કેમ છોડી દીધું. અમારે પંડિતજી કહે છે. ઠીક કહે છે. તેરમે કેમ છોડી દીધું? સિદ્ધ ન લઈ લીધું? ચૌદમે. પણ અજોગ છે ત્યાં... અરે..! ભગવાન! તને હજી પ્રતીતમાં જ્ઞાનમાં શું છે એની રુચિ નથી.

અહીં તો કહે છે કે હાથીને જેમ ભાન નથી, એમ મિથ્યાદૃષ્ટિને ભાન નથી. એમ સમ્યગ્દૃષ્ટિને ભાન છે. .. દૃષ્ટાંત આવી ગયું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાન આનંદ સ્વરૂપ છે અને રાગાદિ આકુળતા, વ્યાકુળતા-દુઃખ સ્વરૂપ છે. એવું ભાન હોવાથી સમ્યગ્દૃષ્ટિ આનંદના સ્વાદને જ પોતાનો માને છે. રાગના સ્વાદને પોતાનો માનતા નથી. સમજાણું કાંઈ? એમ કે આ ચોથા ગુણસ્થાનમાં આટલી બધી દશા! ફક્ત માને, દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા એમ માને એમ ન હોય. માનવું એટલે શું? એ તો વિકલ્પ થયો. ભગવાન આત્મા... સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાનસ્વરૂપી આનંદમૂર્તિ રાગ પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન છે. એવો પોતાના જ્ઞાનનો આનંદ અને રાગનું દુઃખ એમ બેયનો વિવેક થયો છે તો આત્માનો સ્વાદ આવે છે એને અહીંયાં વિવેકી અને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. રાજેન્દ્રજી! એમાં નીકળે છે કે નહિ? કે આનંદનો સ્વાદ આઠમે અને બારમે હોય?

મુમુક્ષુ :- જૈન...

ઉત્તર :- જૈન પણ ક્યાં છે જૈન? જૈની કહેવા કોને? જન્મે જૈન થઈ ગયા? કોથળામાં કરિયાતું ભરે અને ઉપર લખે સાકર. તો એ સાકર થઈ ગઈ? કરિયાતું ગળ્યું થઈ ગયું? થૈલી.. શું કહે છે? કોથળામાં કરિયાતું ભરો. પછી એ તો ખબર પડે કે આ તો કરિયાતુ છે, સાકર તો બીજી હોય. ઉપર લખે સાકર ચાલીસ રૂપિયાની મણ, એક રૂપિયાની એક શેર. અત્યારે તો .. પહેલા હતી. હવે તો ચાલીસ રૂપિયાની મણ મળે. પહેલા તો જાણે અઢી ત્રણ રૂપિયે મણ મળતી ને? ત્યારે ચાલીસ.. ઊંચી મળતી. લખે એમ તો કરિયાતું કડવું છે એ ગળ્યું થઈ જશે? એમ કહે જૈન છીએ, નામ લખો. આત્માની દૃષ્ટિ વિના જૈન ક્યાંથી થઈ ગયો? વલ્લભદાસભાઈ! આહાહા..! ભારે તકરાર.

અહીં તો ચોખ્ખી વાત કરી છે લ્યો. સમજાણું કાંઈ? હાથીને જેમ ભાન નથી, એમ અજ્ઞાનીને આત્માનો આનંદ અને રાગની આકુળતાનું ભાન નથી. એનો અર્થ એમ થયો કે સમ્યગ્દૃષ્ટિને રાગનું દુઃખ અને આત્માનો આનંદ ભિન્ન છે. ભિન્ન વિવેક છે. વિવેક છે તો આત્માના આનંદના સ્વાદને જ આત્મા માને છે. સમજાણું કાંઈ? રાગને આત્મા માનવો, રાગના સ્વાદને પોતાનો માનવો એ અણાત્માને આત્મા માને છે. ઓલા કહે કે અમે તો આત્માને આત્મા ક્યાં નથી માનતા? ... એ કહેતા હતા. દિગંબરમાં જન્મેલા બધા ભેદજ્ઞાની જ છે. શરીરને કોણ આત્મા માને છે? બસ, હવે એને વ્રત પાળવા, ચારિત્ર કરવું. બધા ભેદજ્ઞાની છે. પણ ક્યાંથી ભેદજ્ઞાની લાવ્યો? આવા ને આવા.

ભાઈ! અહીં તો કહે છે, ... ચૈતન્યમૂર્તિ આનંદ છે એવો અનુભવ કરવો એને અહીંયાં જૈન કહે છે. જૈન એને કહે છે કે રાગને પોતામાં ભેળવવો નહિ અને સ્વભાવનો આનંદ લે છે, ભલે થોડો આનંદ (આવે), એને આત્મા માને છે અને એને જૈન કહેવાય છે. જૈન સંપ્રદાયમાં જન્મ્યા માટે જૈન કહેવાય, એમ ભગવાનના માર્ગમાં નથી. છોટાલાલભાઈ! આ બધા જૈનના ... છે ને. જૈનના .. સમજો છો? .. અમે જૈન છીએ... જૈન છીએ.

**'અજ્ઞાનથી જ જીવો કર્તા થાય છે એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લોલુપતાથી એને એમ ભાસે છે. એક ભાસે છે. એમ છે નહિ. એને તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગાયના દૂધ જેવું લાગે છે. એમ અજ્ઞાનીને તો રાગનો સ્વાદ જ પોતાનો માને છે. બસ, એટલું સમજવું. ... સમજાય છે કાંઈ? **'અજ્ઞાનથી જ જીવો કર્તા થાય છે...'** કળશ બોલો.

**अज्ञानान्मृगतृष्णिकां जलधिया धावन्ति पातुं मृगा**
**अज्ञानात्तमसि द्रवन्ति भुजगाध्यासेन रज्जौ जनाः।**
**अज्ञानाच्च विकल्पचक्रकरणाद्वातोत्तरङ्गाब्धिवत्**
**शुद्धज्ञानमया अपि स्वयमयी कर्त्रीभवन्त्याकुलाः।।५८।।**

મૃગજળનું દૃષ્ટાંત, દોરડીમાં સર્પ અને સમુદ્રના પાણીનું દૃષ્ટાંત આપે છે. ત્રણ.

**'શ્લોકાર્થ :- અજ્ઞાનને લીધે મૃગજળમાં જળની બુદ્ધિ થવાથી...'** જેમ સૂકી ખારની જમીન હોય, એમાં ... મૃગજળ જેવું દેખાય છે. **'મૃગજળમાં જળની બુદ્ધિ થવાથી હરણો તેને પીવા દોડે છે;...'** બહુ દોડે છે. ખબર નથી. હું આટલું આટલું દોડીને આવ્યો તો જો પાણી હોય તો થોડી ઠંડી હવા તો આવવી જોઈએ કે નહિ? આ પાણી છે... આ પાણી છે... આ પાણી આવ્યું. દોડીને આવ્યો પણ ઠંડી હવા પણ ન આવી. મૂરખ છે હરણ, એમ કહે છે. પાણી છે ક્યાં ત્યાં? મૃગજળમાં જળ છે જ નહિ. દોડીને પીવા જાય છે પાણી જેવું દેખાતા. ખારેલી જમીનમાં એવું દેખાય છે.

**'હરણો તેને પીવા દોડે છે. અજ્ઞાનને લીધે...'** એ એક વાત. સમજાણું? એનો અર્થ અજ્ઞાની પોતાના આનંદના સ્વાદને છોડીને રાગના સ્વાદ પાછળ દોડે છે. પણ એમાં સ્વાદ હોય તો ક્યારેક આવવો તો જોઈએને? થોડી ઠંડી હવા તો આવવી જોઈએને? થોડી ઠંડી હવા. પુણ્ય અને પાપ રાગ મૃગજળ જેવા ભાવ છે. એને પોતાના માને છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપ મૃગજળ છે. વાસ્તવિક ... એમાં નથી. આહાહા..! કેટલો વિવેક કરવો અને ભેદજ્ઞાન કરવાથી શું થાય એ બહુ થોડામાં કહી દીધું.

**'મૃગજળમાં જળની બુદ્ધિ હોવાથી હરણો તેને પીવા દોડે છે;...'** એમ અજ્ઞાની પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આનંદને ભૂલીને પુણ્ય-પાપના વિકલ્પ જે મૃગજળ જેવા છે, .. એનો વિકલ્પ કરે છે. આ મારા... એ હું છું, આ મારો સ્વાદ છે, એમ અજ્ઞાની માને છે. **'અજ્ઞાનને લીધે અંધકારમાં પડેલી દોરડીમાં સર્પનો અધ્યાસ થવાથી લોકો (ભયથી) ભાગી જાય છે;...'** અંધારામાં (દોરડી પડી) છે. દોરી આમ આમ થાય છે. સમજ્યા? રસ્સી, રસ્સી. દોરડી આમ પડી હોય. એ.. સર્પ, એ.. સર્પ. **'અજ્ઞાનને લીધે અંધકારમાં પડેલી દોરડીમાં સર્પનો અધ્યાસ હોવાથી લોકો (ભયથી) ભાગી જાય છે;...'** સમજાણું કાંઈ? વેદાંત પણ એમ કહે છે ને કે દોરડીમાં સર્પ ભાસે છે એમ જગતમાં આત્મા ભાસે છે. એ વાત દૂર થઈ ગઈ. દોરડી પણ છે અને સર્પ પણ છે. બે છે તો એકમાં બીજાનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આરોપ (અપાય). એક જ વસ્તુ હોય તો શેમાં આરોપ કરવો? સમજાણું કાંઈ? ઓલો કહે, દોરડીમાં સર્પનો ભ્રમ. પણ દોરડી અને સર્પ બેય ખ્યાલમાં છે. ... ક્યાંથી બને? એનું અદ્વૈતપણું સિદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ? આ દૃષ્ટાંત એ લોકો દે છે. જગત દોરડી સમાન છે એને સર્પની ભ્રાંતિ સમજીને.. ખ્યાલ કરનારને સર્પ પણ ખ્યાલમાં છે અને દોરડી પણ ખ્યાલમાં છે. પણ દોરડીને આમ આમ થતી જોઈને એમાં સર્પનો ભ્રાંતિથી આરોપ કરે છે. એમ રાગાદિમાં રાગનો ખ્યાલ છે અને આત્માના આનંદનો ખ્યાલ નથી પણ આત્મા એક ચીજ છે. એનાથી ભિન્ન રાગના ખ્યાલમાં રાગનો સ્વાદ એ મારો સ્વાદ છે એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ?

'**અજ્ઞાનને લીધે અંધકારમાં પડેલી દોરડીમાં સર્પનો અધ્યાસ...**' અધ્યાસ છે, હોં! છે નહિ. '**(ભયથી) ભાગી જાય છે;...**' પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદ અને રાગ દેખાય એનો સ્વાદ લે છે તો પોતાના સ્વાદમાં આવતો નથી, ત્યાં જ પડ્યો રહે છે. રાગના સ્વાદમાં પડ્યો પોતાના સ્વરૂપથી (દૂર) ભાગી જાય છે. '**અને (તેવી રીતે) અજ્ઞાનને લીધે આ જીવો, પવનથી તરંગવાળા સમુદ્રની માફક...**' લ્યો! એ દૃષ્ટાંતમાંથી સિદ્ધાંત લીધો છે. '**અજ્ઞાનને લીધે આ જીવો, પવનથી તરંગવાળા સમુદ્રની...**' કર્મના નિમિત્તે તરંગથી ઉછળતો એવો સમુદ્ર '**વિકલ્પોના સમૂહ કરતા હોવાથી-**' લ્યો! જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા રાગનો સમૂહ-વિકલ્પનો સમૂહ કરે એ સ્વયંસિદ્ધ જ્ઞાન જ છે. પોતાના સ્વરૂપને છોડી દીધું. જ્ઞાનમય છે એને અહીં કર્તાકર્મ રાગનો માને છે. એને શુદ્ધ જ્ઞાનનું ભાન નથી. સ્વયં શુદ્ધ જ્ઞાનમય ભગવાન ચૈતન્યસ્વરૂપ આનંદ છે. '**તોપણ આકુળતા બનતા હોવાથી પોતાની મેળે કર્તા થાય છે.**' જુઓ! પોતાની મેળે કર્તા થાય છે, કોઈ કર્મને કારણે નહિ. ભગવાન આત્મા પોતે આનંદ સ્વરૂપ છે એનું ભાન નથી. તેથી રાગમાં આકુળીત થઈને રાગનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? દૃષ્ટાંતમાં પછી સિદ્ધાંત સમુદ્રનો ઉતાર્યો છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- અજ્ઞાનથી શું શું નથી થતું? હરણો ઝાંઝવાને જળ જાણી પીવા દોડે છે અને એ રીતે ખેદખિન્ન થાય છે.**' એ રીતે ખેદખિન્ન થાય છે. પાણી-બાણી ત્યાં છે નહિ. '**અંધારામાં પડેલા દોરડાને સર્પ માનીને માણસો ડરીને ભાગે છે.**' ખરેખર સર્પ છે નહિ. કલ્પનાથી ભય ઉત્પન્ન થયો છે. '**તેવી જ રીતે આ આત્મા, પવનથી ક્ષુબ્ધ થયેલા સમુદ્રની માફક,...**' ઓલાની પેઠે. '**સમુદ્રની માફક અજ્ઞાનને લીધે...**' પોતાના શુદ્ધ ચૈતન્યનું ભાન, બોધ, વિવેક નહિ હોવાથી '**અનેક વિકલ્પો કરતો થકો...**' શુભ-અશુભ રાગ એ મારું કર્તવ્ય છે, હું કરનારો છું, એ મારું કામ છે, એ મારી ફરજ છે, એ મારો ધર્મ છે. એવા '**વિકલ્પો કરતો થકો ક્ષુબ્ધ થાય છે...**' જુઓ!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં તો શુભ પરિણામનો કર્તા થતાં ક્ષુબ્ધ થાય છે એને અજ્ઞાની કહે છે. એમ છે કે નહિ એમાં? શુભ પરિણામનો કર્તા થાય છે .. એમ કહે છે. શું? શું કહ્યું? જુઓ!

'**અજ્ઞાનને લીધે અનેક વિકલ્પો કરતો થકો...**' સ્વરૂપ ચૈતન્ય છે એવા જ્ઞાતા-દૃષ્ટાનું ભાન નથી. તેના અજ્ઞાનને લીધે શુભ-અશુભ રાગનો કર્તા (થઈને) ક્ષુબ્ધ થાય છે, આકુળતા થાય છે. એ આકુળતાને જ પોતાનું કામ માને છે. એ પોતાની પર્યાય, આકુળતાને પોતાની પર્યાય માને છે. સમજાણું કાંઈ? એને પોતાની પ્રજા માને છે. અજ્ઞાનથી રાગાદિને પોતાની પર્યાય માનીને ક્ષુબ્ધ થાય છે. શરીર, વાણી, મન, બાયડી, છોકરા તો ક્યાંય રહી ગયા. વસ્તુ સ્વરૂપનું ચૈતન્યજ્યોતનું ભાન નહિ હોવાથી અજ્ઞાની રાગમાં આકુળિત થઈને, ક્ષુબ્ધ થઈને રાગનું કામ મારું એમ માને છે.

'**અને એ રીતે-જોકે પરમાર્થે તે શુદ્ધજ્ઞાનઘન છે...**' ભગવાન આત્મા તો ચૈતન્યસ્વરૂપી અનાદિ અનંત જ્ઞાયકભાવ જ છે. સમજાણું કાંઈ? '**તોપણ-અજ્ઞાનથી કર્તા થાય છે.**' એ તો ત્યાં કહ્યું છે ને? ૨૦૦ ગાથા. જ્ઞાયકભાવે જ આત્મા રહ્યો છે. પણ મોહના અધ્યાસથી પોતાને પર માને છે. જ્ઞેય અધિકાર. છેલ્લી છેલ્લી ૨૦૦ ગાથા. પ્રવચનસારની ૨૦૦મી ગાથામાં છે. ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપે જ રહ્યો છે પણ અનાદિથી રાગનો અભ્યાસ હોવાથી પુણ્ય-પાપના વિકલ્પને પોતાના માને છે. એ મોહના અભ્યાસથી છે. વસ્તુ તો જ્ઞાયક જ્ઞાયક જ છે. ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ ભગવાન તો એવો ને એવો રહ્યો છે. માનો તો એમ જ છે અને ન માનો તો પણ એમ જ છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? મનસુખભાઈ! ... લાડવા ખાય એની મેળાએ. કહો, સમજાણું આમાં?

'**અજ્ઞાનથી કર્તા થાય છે.**' સ્વરૂપ ચૈતન્ય શુદ્ધ જ્ઞાનઘન હોવા છતાં પોતાના સ્વરૂપનું રાગથી ભિન્નતાનું વિવેક જ્ઞાન નહિ હોવાથી, અજ્ઞાની રાગનો કર્તા નામ એ જ હું છું, એના ઉપર દૃષ્ટિ હોવાથી વિકલ્પનું કાર્ય મારું, એનું જ અસ્તિત્વ પોતામાં સ્વીકાર્યું છે અને ઈ જ સ્વાદ મારો અને એ .. અને એ કામ મારું. અહીં તો કહે છે, વ્યવહારરત્નત્રયનો વિકલ્પનો કર્તા થાય તો પણ અજ્ઞાનથી કર્તા છે એમ કહે છે. વ્યવહારરત્નત્રય શુભજોગ છે, શુભરાગ છે. અજ્ઞાનીને તો વ્યવહાર હોતો જ નથી. નિશ્ચય વિના વ્યવહાર હોતો જ નથી. પણ જેને જ્ઞાન છે એને કષાયની મંદતામાં આત્માનું ભાન નથી એના જ્ઞાનમાં કષાયની મંદતામાં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ, પંચ મહાવ્રતનો રાગ એ બધો આવે છે તો એ રાગને જ પોતાનો માનીને રાગનો કર્તા થાય છે. ઝીણી વાત છે. વીતરાગમાર્ગ. વસ્તુ એવી છે. એવી કોઈ બની બનાવેલી નવી નથી. ચૈતન્યઘન જ અનાદિથી છે. દૃષ્ટિના નિજ ચૈતન્યના વિવેકના અભાવને કારણે એ રાગને જ પોતાનું કર્તવ્ય માનીને દુઃખી થાય છે, એમ કહે છે. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ? બહુ રાગ કરે તો આ દુનિયાની વ્યવસ્થા કામ કરી શકે કે નહિ સરખું? દુનિયાની વ્યવસ્થા. બધું કરે છે ને. ક્યાં ગયા? એઈ..! બહુ વિકલ્પ કરે તો વ્યવસ્થા કામની થાય કે નહિ સરખી? સંસારના કામ સરખા ચાલે કે નહિ? ધ્યાન રાખે તો. પરમાં ધ્યાન રાખવાથી વિકલ્પ થાય છે. વિકલ્પના કારણે શું પરની અવસ્થા થાય છે? અહીં તો કહે છે કે વિકલ્પનો કર્તા થાય છે એ જ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. પરનો તો કર્તા છે જ નહિ. કેમ હશે? દેવશીભાઈ! ...વાળું છે? આ તમે તો કેટલા મકાન કરાવ્યા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. .. તો ઘણા કર્યા છે, એમ કહે છે હોં! મકાન લોકો કહે છે ને. ..ભાઈએ કહ્યું. .. એમ બોલે છે. કાંતિભાઈને માટે એમ કહે છે, આ બધા મકાન એ કરાવે છે. .. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કહે છે .. છે. એ તો બધું ચાલે સંસારનું. આહાહા..! રાગ-દ્વેષની હોળી સળગે છે ત્યાં. ત્યાં બીજું શું લેવા જાશે? કહો, સમજાણું કાંઈ?

'**પરમાર્થે તે શુદ્ધજ્ઞાનઘન છે...**' ભગવાન આત્મા ચૈતન્યઘન છે. '**તોપણ અજ્ઞાનથી કર્તા...**' રાગનો, વિકારનો, શુભભાવનો, અશુભભાવનો '**થાય છે.**' આહાહા..! સમજાણું કાંઈ? હવે .. દૃષ્ટાંત કરે છે. હવે જ્ઞાનની વાત.

**ज्ञानाद्विवेचकतया तु परात्मनोर्यो**
**जानाति हंस इव वाःपयसोर्विशेषम्।**
**चैतन्यधातुमचलं स सदाधिरूढो**
**जानीत एव हि करोति न किञ्चनापि।।५९।।**

'**શ્લોકાર્થ :- જેમ હંસ...**' જુઓ! દૂધનું દૃષ્ટાંત. '**દૂધ અને પાણીના વિશેષને (તફાવતને) જાણે છે...**' હંસની ચાંચમાં ખટાશ હોય છે. ખટાશ કહે છે? જ્યારે દૂધ .. પાણી હોય તો ..ચાંચ નાખે તો દૂધના પોપડા થઈ જાય છે અને પાણી છૂટું પડી જાય છે. '**જેમ હંસ દૂધ અને પાણીના વિશેષને (તફાવતને) જાણે છે. તેમ જે જીવ જ્ઞાનને લીધે વિવેકવાળો (ભેદજ્ઞાનવાળો) હોવાથી...**' રાગ અને ચૈતન્ય બે ભિન્ન છે. સમજાણું કાંઈ? દૂધ-પાણીનો ભેદ જેમ હંસ જાણે છે, એમ સમ્યગ્દૃષ્ટિ-હંસ ચારિત્રહંસ પરમહંસ ... આ પરમહંસ. ઓલા બહાર કહે ઈ પરમહંસ નહિ. .. હંસલા મોતીનો ચારો ચરે છે. એ હંસલા અનાજ ખાતા નથી. હંસ અનાજ ન ખાય. એમ ભગવાન આત્મા ચૈતન્યહંસ એ રાગ અને આત્મા ભિન્ન છે એમ જાણીને પોતાના આનંદનો મોતીનો ચારો ચરે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..! જ્ઞાનસરોવરના હંસલા એ વેળુ ન ખાય, અનાજ ન ખાય. વેળુ તો ક્યાંય રહ્યું. વેલ. .. વેલ અમારે કહે છે. નદીમાં ઝીણી ઝીણી હોય ને બહુ. એ ન ખાય. અનાજ ખાય નહિ તો એ તો ક્યાંથી ખાય? માનસરોવરના હંસલા...

એમ અહીં દૂધ અને પાણીને જેમ હંસ જુદા પાડે અને પથ્થર અને અનાજ અને મોતી ભિન્ન છે. એમ ધર્મી પોતાના આનંદમૂર્તિ મોતી અને રાગાદિ દુઃખરૂપ વેલ ભિન્ન છે. એમ જાણીને પોતાના જ્ઞાનના આનંદનો સ્વાદ જ્ઞાની લે છે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ તો પહેલેથી છે ને. જ્ઞાનથી માંડીને આવ્યું હતું. જ્ઞાનના પ્રારંભથી આવ્યું હતું એમાં- ટીકામાં. એનો કળશ છે ને આ? '**જ્યારે આત્મા જ્ઞાની થાય ત્યારે, જ્ઞાનને લીધે જ્ઞાનના આદિથી માંડીને પૃથક્ પૃથક્ સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી...**' એ ટીકાના આ બધા કળશ છે. પહેલા અજ્ઞાનીનું હતું એટલે કહ્યું. હવે જ્ઞાનનું પછી લીધું. તો .. ટીકાનો અર્થ છે. સમજાણું કાંઈ?

પોતાનું જ્ઞાનસ્વરૂપ ચતન્ય આનંદ એને વિવેકી, ધર્મી, સમ્યગ્દ્રષ્ટિ જીવ રાગને, પુણ્ય- પાપને, આકુળતાને ભિન્ન જાણીને પોતાના આત્માના આનંદના સ્વાદને જ આત્મા જાણે છે. એને જ આત્મા માને છે. અને એ આનંદના મોતીનો ચારો ચરે છે. નરકકૃત આવે છે ને? 'બાહ્ય દુઃખ નારકી ભોગત, પણ અંતર સુખકી ગટાગટી' આવે છે ને એ? પદ આવે છે, પદ. શેઠે ગાયું છે. પહેલા શેઠ આવ્યા હતા ને, હુકમીચંદજી શેઠ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. બાહ્ય નારકી કૃત દુઃખ ભોગત, અંતર સુખકી ગટાગટી. છે કે નહિ? 'ચિન્મૂરત દગ ધારીકી મોહી રીતિ લગત હૈ અટાપટી'. પહેલાં એક વાર ગાયું હતું.

'**જેમ હંસ દૂધ અને પાણીના વિશેષને જાણે છે તેમ જે જીવ જ્ઞાનને લીધે...**' જ્ઞાન શબ્દે ભેદજ્ઞાનને કારણે. સમજાણું કાંઈ? અહીં તો સમકિતીની વાત કરે છે ને કે આઠમાની વાત કરે છે? નારકીની વાત કરે છે. 'ચિનમૂરત દગ ધારીકી મોહે રીતિ લગત હૈ અટાપટી,' જુઓ! દૌલતરામ. પહેલાના પંડિત પણ મૂળમાં પહોંચેલા.. 'બાહિર નારકી કૃત દુઃખ ભોગે, અંતર સુખરસ ગટાગટી' નારકીની વાત તો કરે છે. આનંદના રસની ગટાગટી ચોથે ન હોય, ના પાડે છે. અરે.. ભગવાન! શું કરે છે? ભાઈ! હજી તને તેની ભૂમિકાની ખબર ન મળે. ગ્રંથમાં લખ્યું છે. ખબર નથી શું? સમજાય છે કાંઈ? પંડિત હતા, આપ્ત હતા. એમાં શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પંડિતનું નામ નહિ. 'રમત અનેક સુરની સંગત પરિણતિ નિત્ય હટાહટી...'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં તો સમકિત દૃષ્ટિ બેય લીધા પછી. 'રમતી અનેક સુરની સંગત પરિણતિ હટાહટી.' સમ્યગ્દૃષ્ટિ રાગથી ખસીને પોતાના સ્વરૂપમાં એકાગ્ર થાય છે વિશેષ પુષ્ટિ કરે છે. સ્વર્ગમાં પણ સમ્યગ્દૃષ્ટિ બહારનું સુખ નથી માનતા. પોતાના આનંદને સુખ માને છે. '.. વિધિ ફળ ભોગત .. ઘટાઘટી. જ્ઞાનવિરાગ .. ફળ ભોગત ઘટાઘટી' પોતાના શુદ્ધ જ્ઞાનનું જ્ઞાન છે અને રાગથી વૈરાગ્ય છે. .. ભાજન છે. ભાષા લીધી છે. ... વિધિ ગટાગટી છે.

'પ્રગટી ઉદાસી, તાતે આશ્રય સટાસટી.' સમ્યગ્દૃષ્ટિ રાગથી ભિન્ન પોતાને જાણે છે જે ગૃહસ્થાશ્રમમાં છે, દેખાય છે. '.. પ્રગટી ઉદાસી તાતૈ આશ્રય સટાસટી.' પુણ્ય-પાપ આચરણ ઘટતું જાય છે. આહાહા..! ... ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં ધર્મીની દૃષ્ટિ તો શુદ્ધ આનંદ જ્ઞાયક ઉપર છે. એમાં રાગનો આદર નથી. આદર જ્ઞાનાનંદ સ્વરૂપનો છે. 'તદન .. પ્રગટી ઉદાસી તાતૈ આશ્રય સટાસટી. જે ભવ હેતુ અવિગત કરત .. ઘટાઘટી.' અજ્ઞાનીને જીવ બંધનું કારણ છે, જ્ઞાની પોતાની દૃષ્ટિમાં એને નિર્જરાનું કારણ બનાવે છે. સમજાણું કાંઈ? આ તો જ્ઞાનની વાત છે. ... શું કરવા માગે છે? આઠમા ગુણસ્થાનની વાત ચાલે છે એમ (કરીને) કાઢી નાખે એટલું. .. ધર્મી છે અને ચોથા-પાંચમા ગુણસ્થાન, છઠ્ઠા ગુણસ્થાન...

'.. વિકલ્પ કટાકટી, સંયમ ધરી ન શકે પણ...' દેખો! સંયમ ધરી શકે નહિ એની વાત ચાલે છે અહીં. '.. સટાસટી, .. ગુણ કી દૌલત .. રસારસી.' એ શેઠ પહેલા બોલ્યા હતા અહીંયાં. હુકમચંદજી શેઠ પહેલા (સંવત) ૨૦૦૧ની સાલમાં આવ્યા હતા. સમજાણું?

ભાઈ! જ્યાં જ્ઞાની થયો... શું કહે છે? જુઓને. જ્ઞાનને કારણે વિવેકવાળો. ભગવાન આત્મા સમ્યગ્દર્શન થયું, ભેદજ્ઞાન થયું. ભેદજ્ઞાનની વ્યાખ્યા શું? કે પુણ્ય-પાપનો રાગ અને મારી ચીજ બે ભિન્ન છે. બે એક કદી થયા નથી, કદી છે નહિ. એવા '**જ્ઞાનને લીધે વિવેકવાળો હોવાથી...**' વિવેક નામ રાગ અને આત્માની એકતા ન હોવાથી, બેની ભિન્નતા હોવાથી જ્ઞાનીને રાગના પરિણામ અને વીતરાગી આત્મસ્વભાવનું ભેદજ્ઞાન છે. સમજાણું કાંઈ? '**પરને અને પોતાના વિશેષને જાણે છે...**' પુણ્ય-પાપના ભાવ તો પર છે, આસ્રવ છે, બંધનું કારણ છે અને પોતે જ્ઞાયકસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, મોક્ષસ્વરૂપ છે. એવા તફાવતને, વિશેષને, જુદાઈને, ભેદને અનેક છે તો અનેક તરીકે જાણે છે. સમ્યગ્દૃષ્ટિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**(જેમ હંસ મિશ્રિત થયેલાં દૂધ જળને જુદાં કરીને દૂધ ગ્રહણ કરે છે તેમ) અચળ ચૈતન્યધાતુમાં...**' ભગવાન આત્મા ધ્રુવ.. ધ્રુવ.. જ્ઞાન સ્વરૂપ, ચૈતન્ય સ્વરૂપ, શુદ્ધ સ્વરૂપ ધ્રુવ છે, અનાદિ અનંત છે. એમાં '**સદા આરૂઢ થયો થકો...**' એ સદા શબ્દ પડ્યો રહ્યો છે. છે? મૂળ પાઠ છે ને-સદા. સમજાણું કાંઈ?

'**સદા આરૂઢ થયો થકો...**' .. છે. ધર્મી સમ્યગ્દૃષ્ટિ તો ચૈતન્ય સ્વભાવમાં સદા દૃષ્ટિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પડી છે તો સદા એમાં આરૂઢ છે. રાગ અને વિકલ્પમાં આરૂઢ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? હંસની દૃષ્ટિ તો ઉપર દૂધ ઉપર છે. એમ સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ સદા ચૈતન્ય આરૂઢ છે. અચળ ચૈતન્ય ધાતુ. પોતાનો સ્વભાવ અચળ જ્ઞાનરસ શુદ્ધ ધ્રુવ એમાં સદા આરૂઢ થયો થકો. જુઓ! અહીંયાં તો સમ્યગ્દૃષ્ટિની માંડી છે પહેલેથી. સમજાણું કાંઈ? લડાઈ-બડાઈ કરે છે ને? સાંભળ તો ખરો. ચૈતન્યના ધ્રુવ સ્વભાવની મુખ્ય દૃષ્ટિ થઈ છે તે મુખ્યતા કદી ટળતી નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિની સદા ચૈતન્ય ધાતુ અનાકુળ આનંદ રસ જે છે એવી દૃષ્ટિમાં મુખ્ય આત્મા આવ્યો છે, એમાં સદા આરૂઢ છે. કદી રાગમાં આરૂઢ થાય છે એમ બનતું નથી. રાગ આવે છે તેને જાણે છે. સમજાણું કાંઈ? આ ચોથા ગુણસ્થાનની વાત છે. આહાહા..! .... ભાઈ! સમ્યગ્દર્શન તો મોક્ષને બોલાવે છે, કેવળજ્ઞાનને બોલાવે છે. ... અલ્પ કાળમાં અમે મુક્ત થવાના છીએ. સમ્યગ્દર્શનમાં એવું આત્માનું જોર છે. એમ નથી કે અમને કેટલા ભવ હશે? ... અરે..! ભાઈ ... શું કહે છે?

**'અચળ ચૈતન્યધાતુમાં સદા આરૂઢ થયો થકો...'** એમાં ભવ કેવા? સમજાણું કાંઈ? જ્ઞાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ એમાં ધર્મીની દૃષ્ટિ ત્યાં જ પડી છે અને પરિણમન એ જ છે. એમાં આરૂઢ છે તો એમાં ભવ નથી અને ભવનો ભાવ એમાં છે જ નહિ. અને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એમાં પણ આરૂઢ નથી. એને તો જાણનાર-દેખનાર છે. ભારે વાત! જુઓને! ફેરફાર કરી નાખે છે ને એટલે જાણે.. નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય. પણ નિશ્ચય એટલે સત્ય. સમજાણું? વ્યવહાર એટલે ઉપચાર. ઉપચારને જાણનારું સત્ પ્રગટ્યું છે એ જાણનાર છે. વ્યવહાર અને નિશ્ચય એક કરતા નથી. સમજાણું કાંઈ?

**'અચળ ચૈતન્યધાતુમાં સદા આરૂઢ થયો થકો (અર્થાત્ તેનો આશ્રય કરતો થકો)...'** એનો અર્થ? જ્ઞાયકસ્વરૂપ છે એની દૃષ્ટિ થઈ છે તો એનો જ આશ્રય છે. ધર્મીને રાગાદિ આવે છે એનો આશ્રય નથી. સમજાણું કાંઈ? આ નૂતન વર્ષ ચાલે છે. ભગવાન આત્મા જ્ઞાનાનંદ પ્રભુ ધર્મીની દૃષ્ટિ તો ચૈતન્ય ઉપર છે. જ્ઞાયક સ્વરૂપમાં, જ્ઞાયક સ્વરૂપમાં દૃષ્ટિ પડી છે એ પરિણમે છે. તો રાગનો સ્વામી છે જ નહિ. રાગ આવે છે, હોય છે. સ્વામી નથી, આરૂઢ થતો નથી. રાગ ઉપર આરૂઢ નથી. બે ઘોડાની સવારી નથી ચાલતી. એકનો .. ચાલે? સરકસમાં રાખે છે ને? સરકસ સરકસ હોય છે કે નહિ? સરકસ નથી હોતું? બે ઘોડા હોય છે. એક પગ આ ઘોડા ઉપર અને એક પગ (બીજા પર). એવી રીતે ઘોડાને ચલાવે. ચલાવે છે સરકસમાં. અમે જોયું છે ને સરકસ. ઘર આગળ. પણ પહેલા ... એક આમ ચાલે છે અને એક આમ ચાલે છે. બે .. ચાલી શકે? એક પગ અહીંયાં, એક પગ અહીંયાં. એક ચાલે ઉગમણો અને એક ચાલે આથમણો. ચાલે તો .. ચાલે શેનો? એક ડગલું પણ ચાલી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શકે નહિ. ... હવે સાંભળને. પેલા હોય ને? શું કહેવાય? રિંગ માસ્ટર. આ તો બધું જોયું છે ને. ત્યાં સરકસ પાલેજમાં આવતા. લક્ષ્મીચંદ .. એને ઘરે. ... ત્યાં જતા જોવા. પંડિતજી તો... એક ઘોડો આમ ચાલે અને એક ઘોડો આમ ચાલે. બે ઉપર પગ મૂકે તો એક ડગલું પણ ન ચાલે. મરી જાય. એમ રાગ ઉપર પગ રાખે અને આત્મા પર પગ રાખે, બે ઉપર પગ રહે નહિ. રાગની દિશા પરમાં અને આત્માની દિશા સ્વમાં. દિશા જ ફેર છે. સમજાણું કાંઈ?

પહેલી એની યથાર્થ સમજણ કરવી જોઈએ. અને સમજણ કરીને આવી ચીજ છે એવી બરાબર દૃઢ શ્રદ્ધા કરે. પછી સ્વભાવ ઉપર આરૂઢ થાય. એમ વાત છે. જે કરવા લાયક છે એ તો એ કરવાનું છે. બીજું શું કરવાનું છે? .. છે ક્યાંય?

કહે છે, એક શબ્દમાં તો કેટલું ભર્યું છે! '**चैतन्यधातुमचलं स सदाधिरूढो**' '**માત્ર જાણે જ છે,...**' ભગવાન આત્મા જ્ઞાન ચૈતન્યમાં આરૂઢ રહીને રાગ આવે એને જાણે છે. જાણે તો ખરા. જાણવાનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. તો પોતામાં આરૂઢ રહીને પોતાને પણ જાણે છે, રાગાદિ વ્યવહાર આવે છે, વ્યવહાર વિકલ્પ આદિ એને જાણે છે. કર્તા થતો નથી. જાણે છે. '**કાંઈ પણ કરતો નથી.**' લ્યો, આ તો ભાષા છે કે નહિ? '**न किञ्चनापि**' કથંચિત્ કર્તા અને કથંચિત્ અકર્તા લગાવો. ... આમાં આવે છે ને પ્રવચનસારમાં નથી? વિષયો શું કરે?

મુમુક્ષુ :- અકિંચિત્કર.

ઉત્તર :- અકિંચિત્કર લખ્યું છે ટીકામાં. તારી કલ્પનામાં તુ માન. એ વિષયો કરે શું? અકિંચિત્કર છે. તારા સુખમાં નિમિત્ત છે તો એ ચીજ અકિંચિત્કર છે, એમ લખ્યું છે. ટીકા. સમજાણું કાંઈ? .. લક્ષ કર .. માને. એ તો તારી કલ્પના .. એણે શું કર્યું? એણે શું કર્યું? કંઈ કરતું નથી. નિમિત્ત અકિંચિત્કર છે એમ લખ્યું છે. ટીકામાં. વિષયના રાગરૂપ તૂ પરિણમે છે તો વિષય કરે શું? .. એટલે જ યાદ આવ્યું ને? '**न किञ्चनापि**' કંઈ પણ કરતું નથી. મેં એમ કહ્યું, શું કરે? એનો અર્થ ટીકાકાર અમૃતચંદ્રાચાર્યે કર્યો '**न किञ्चनापि**' અકિંચન છે. અકિંચિત્કર. વિષયો સુખમાં અકિંચિત્કર છે. આ પાંચ ઈન્દ્રિયના વિષય પૈસા, લક્ષ્મી, આબરૂ, સ્ત્રી, કુટુંબમાં સુખની કલ્પના મૂઢ કરે છે મિથ્યાત્વમાં. તો કહે છે કે પર વિષય એને આકિંચિત્કર છે. કોઈ કરાવે છે નહિ. અજ્ઞાની માને છે પોતાની કલ્પનાથી. એમ કહે છે. કિચિંત્માત્ર પણ કર્તા નથી. રાગનો જરીયે કર્તા નથી. જાણે-દેખે છે. એનું નામ સમ્યગ્જ્ઞાન અને વિવેક જ્ઞાન કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૫, ગુરુવાર તા. ૧૭-૧૧-૧૯૬૬**
**શ્લોક-૬૦-૬૧-૬૨, પ્રવચન-૧૯૦**

કર્તાકર્મ અધિકાર. સમયસાર. ૫૯મો કળશ થયો. ૫૯ કળશ. કળશ. આજે ૬૦મો શ્લોક છે. '**ભાવાર્થ :- જે સ્વ-પરનો ભેદ જાણે તે જ્ઞાતા જ છે, કર્તા નથી.**' એટલું બાકી હતું કાલ. સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધું આવી ગયું ને એમાં.

સ્વ-પરનું ભેદજ્ઞાન. આત્મા જ્ઞાન અને આનંદ છે અને રાગ એ આકુળતા છે, એમ સ્વપરની જુદાઈ જાણે તે રાગનો કર્તા કેમ થાય? સમજાણું કાંઈ? જે સ્વપરનો ભેદ જાણે, આત્મા જ્ઞાન, આનંદ શુદ્ધ ચૈતન્ય પદાર્થ છે અને રાગાદિ પુણ્ય-પાપના ભાવ તે આકુળતા અને દુઃખદાયક છે એમ જે જાણે એ જ્ઞાતા જ છે. એમ જાણ્યું તે જાણનાર જ છે. તે જાણનાર રાગનો કર્તા એટલે રાગબુદ્ધિ એને કેમ રહે? કહો, સમજાણું કાંઈ?

'**હવે, જે કાંઈ જણાય છે તે જ્ઞાનથી જ જણાય છે એમ કહે છે :-**' જણાય છે એમ કહે છે. લ્યો!

**ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था**
**ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः।**
**ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः**
**क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम्।।६०।।**

આહાહા..! જુઓ! દૃષ્ટાંત કેવો સીધો સરળ આપે છે! પાણી જે ઊનું છે પાણી ઊનું જળ. એ ઉષ્ણતા ખરેખર પાણીનો સ્વભાવ નથી. એ કોણ જાણે? જ્ઞાન જાણે. જુઓ ન્યાય. એ ઇન્દ્રિય ન જાણે. પાણી ઊનું છે એ ઉષ્ણતા અગ્નિની છે અને પાણી શીતળ છે. કેમ કે પાણી પદાર્થ છે એ ઠંડો છે. પદાર્થ છે એ ઠંડો-શીતળ છે. અને ઉષ્ણતા તે અગ્નિને નિમિત્તે થયેલી ખરેખર અગ્નિની છે. આ અપેક્ષાએ. સમજાણું કાંઈ? એમ ઇન્દ્રિયથી જ્ઞાન નહિ થાય. આ આંખે જોશે તો થશે? ઉષ્ણતા એ અગ્નિનો છે અને જળ શીતળ પદાર્થ છે માટે ઠંડો છે. આંખ નહિ નક્કી કરી શકે. પાણીના ખખડાટથી કાંઈ નક્કી થશે? ગંધથી નક્કી થશે? અન્ય ગંધ મારે નક્કી નહિ થાય, સ્પર્શથી નક્કી થશે? પાંચ શેર પાણી ઊનું છે અને હાથ નાખો એટલે અંદરમાં ઠંડુ છે અને બહારમાં ઊનું છે. એ અંદર હાથ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નાખે તો ઉષ્ણતા પર્યાયમાં સર્વ ક્ષેત્રમાં વ્યાપેલી છે. એટલે સ્પર્શ ઇન્દ્રિયથી પણ નક્કી નહિ થાય. રાગથી નક્કી થશે? રાગ-રાગ. રાગ છે પુણ્ય-પાપ. રાગ નક્કી કરશે કે આ પાણી ઉષ્ણ નથી. અગ્નિનું શીતળ પાણી એ રાગ નક્કી કરશે? એમ ન્યાય આપે છે આમાં. સમજાણું કાંઈ?

'**(ગરમ પાણીમાં) અગ્નિની ઉષ્ણતાનો અને પાણીની શીતળતાનો ભેદ...**' જુદાઈ '**જ્ઞાનથી જ પ્રગટ થાય છે.**' એ જ્ઞાન જ જાણે છે કે આ પદાર્થ એ પાણી છે એ શીતળ છે, ઉષ્ણતા પાણી નથી. એમ જ્ઞાન પદાર્થના બોધથી જાણે છે. એ જ્ઞાન સિવાય રાગથી, ઇન્દ્રિયોથી કે ઉષ્ણતા અગ્નિની, શીતળ જળ કોઈ રીતે નક્કી નહિ થાય. કહો, બરાબર છે? એક વાત થઈ. એમાં આચાર્યે ઘણાં ન્યાય આપી દીધા.

આ પાણી છે એ પદાર્થ છે. અને પાણી છે-જળ છે એ ઠંડુ હોય. એ ઠંડું હોય એ કોણ નક્કી કરશે? ઇન્દ્રિયો દ્વારા નક્કી થશે? રાગ દ્વારા નક્કી થશે? રાગમાં જાણવાની તાકાત છે? સમજાણું કાંઈ? પરપદાર્થની શીતળતા અને ઉષ્ણતાનો નિર્ણય કરશે કોણ? એમ કહે છે. જ્ઞાન નક્કી કરશે. આ જળ છે ને માટે ઠંડું છે. એનું સ્વરૂપ જ ઠંડું, શક્તિ ઠંડી, સત્ત્વ ઠંડુ, એ વસ્તુ જ ઠંડી છે. ગરમી છે એ વ્યાપક છે એની પર્યાયમાં. ગરમીની ઉષ્ણતા એ અગ્નિના નિમિત્તે થયેલી અગ્નિની છે. એની હોય તો એમાં ટકે એવી ... છે નહિ. થોડી વાર રહેશે તો ઉષ્ણતા નાશ થશે અને શીતળતા પ્રગટ થાય. એ જ્ઞાન નક્કી કરે છે. જ્ઞાન નક્કી (કરે છે). જુઓ! દાખલો તો જુઓ. ઇન્દ્રિયો નક્કી કરે નહિ, શરીર નક્કી કરે નહિ, રાગ નક્કી કરે નહિ અને મન નક્કી કરે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મન પણ નક્કી ન કરે. મન શું (નક્કી કરે)? મન તો પરમાણુનો પિંડ છે. અને એમાં સંકલ્પ-વિકલ્પ થાય તે રાગ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- માનસિક જ્ઞાન...

ઉત્તર :- માનસિક જ્ઞાન એ તો જ્ઞાન થયું, જ્ઞાન થયું. જ્ઞાને (જાણ્યું કે) આ જળ ઠંડુ અને આ ઉષ્ણતા અગ્નિની (છે). એ જ્ઞાને નક્કી કર્યું. વિકલ્પે નક્કી કર્યું નથી, રાગે નક્કી કર્યું નથી. સમજાય છે કાંઈ?

જ્ઞાનથી જળ પ્રગટ થાય છે. ભાષા જુઓને! '**ज्ञानादेव**' એમ છે ને? '**ज्ञानादेव**' '**ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था**'. કહે છે કે પદાર્થનો બોધ કરનાર કોણ? એ તો જ્ઞાન છે. જળ પદાર્થ છે શીત અને ઉષ્ણતા અગ્નિની, એ પદાર્થબોધ તો જ્ઞાન કરે છે. જ્ઞાનમાં તાકાત છે. એ જ્ઞાન જ એનો ભેદ જાણી શકે. રાગ ભેદ જાણી શકે નહિ, ઇન્દ્રિયો ભેદ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાણી શકે નહિ. એક દાખલો (થયો).

શાકના સ્વાદથી લવણના સ્વાદની તદ્દ્ન ભિન્નતા. જુઓ હવે. શાકનો સ્વાદ. દૂધી કે કારેલા. કારેલા કહે છે ને? કરેલા. એનો સ્વાદ અને લવણનો સ્વાદ. મીઠું. અમારે મીઠું કહે છે. ખારું. એ ખારાશ.. નમક. આ ખારું છે અને આ શાક છે. બેની ભિન્નતા કોણ જાણે? ઇન્દ્રિય જાણે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઇન્દ્રિય નક્કી કરે કે જ્ઞાન નક્કી કરે? આ તો જડ છે. એને તો ખબર નથી. અંદર વિકલ્પ ઉઠે છે રાગ એનેય ખબર નથી, એમ કહે છે અહીં તો.

એ શાકમાં શાકનો સ્વાદ અને આ મીઠાનો એટલે લવણનો સ્વાદ જ્ઞાન જ નક્કી કરે છે. સમજાણું કાંઈ? શાકમાં સ્વાદ નથી? શાકમાં.. મીઠું હોય ને. ઓલા અગ્નિમાં શું કહેવાય? .. મીઠું નાખે છે ને. દૂધીના કટકા કરી અને રાંધી નાખે. એમાં પછી ઓલા તીખા ને બીખા નાખતા હશે જરી. તીખા હોય ને તીખા? મરી-મરી. કાળા મરી. બાફેલા હોય તો નાખે. પણ એ તીખાનો સ્વાદ અને શાકનો સ્વાદ બે જુદા એ નક્કી કોણ કરે? ઇન્દ્રિયો નક્કી કરે? ઇન્દ્રિયમાં તાકાત છે? રાગમાં વિકલ્પ ગમે એવો થાયતો એમાં તાકાત છે? બે દૃષ્ટાંત આપીને જ્ઞાનમાં તાકાત છે કે પદાર્થની ભિન્નતાનું ભાન કરી શકે છે. સમજાણું કાંઈ? શાકના સ્વાદથી લવણના સ્વાદની તદ્દન ભિન્નતા જ્ઞાનથી જ પ્રકાશિત થાય છે. સમજાણું કાંઈ? એ બે વાત. એમ ત્રીજી. હવે અંદર ઉતારવું છે.

'**નિજ રસથી વિકસતી નિત્ય ચૈતન્યધાતુ...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ છે આ. જાણનાર ચૈતન્યધાતુ સ્વરૂપ ભગવાન આત્મા છે. '**નિજરસથી વિકસતી...**' નિજ શક્તિથી વિકસતી '**નિત્ય ચૈતન્યધાતુ...**' કાયમનો નિત્ય ચૈતન્ય સ્વભાવ ધરતો ભગવાન આત્મા. કોનો? એમ કહેવું છે, હોં! '**નિજ રસથી...**' જ્ઞાનના સ્વભાવના સામર્થ્યથી '**વિકસતી નિત્ય ચૈતન્યધાતુ...**' નિત્ય ચૈતન્યધાતુમાં આ જ્ઞાનની પર્યાય જે વિકસે છે એ આત્મા છે. '**અને ક્રોધાદિ ભાવોનો ભેદ,...**' અને પુણ્ય-પાપના વિકલ્પો રૂપી વિકાર, એની જુદાઈ એમ જાણે. સમજાય છે કાંઈ? શાકના સ્વાદને અને નમકના સ્વાદને કોણ જાણે? જ્ઞાન જાણે. જળની ઉષ્ણતાને, જળના ઠંડા પદાર્થ સ્વભાવને કોણ જાણે? જ્ઞાન જાણે. જીભને અડાડે તો આ ઠંડુ પાણી છે એમ ખ્યાલ આવશે? ઉષ્ણતાવાળું છે. ઉષ્ણતાની પાછી જીભને ખબર છે? એ તો માટી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ જીભ એટલે આ તો માટી. એને તો ખબર નથી અમે કોણ છીએ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ તો જડ છે માટી-ધૂળ.

અંદર ચૈતન્યમૂર્તિ ભગવાન એ જ્ઞાન દ્વારા આ શીત છે, ઉષ્ણ છે, આ સ્વાદ લવણનો છે. એમાં ચૈતન્ય ધાતુ વિકસતી, ચૈતન્યધાતુ વિકસતી, પ્રગટ થતી, પ્રગટ થતી અને રાગ પ્રગટ થતો ક્રોધાદિ એની ભિન્નતાને જ્ઞાન જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**નિજ રસથી વિકસતી...**' રાગાદિ છે માટે તેને જાણવાની શક્તિનો વિકાસ એને લઈને નહિ. એમ કહે છે. આ રાગ છે, ક્રોધ છે, આ જ્ઞાન છે એવી આકુળતાનું જ્ઞાન એ તો નિજરસથી વિકસતી જ્ઞાનની શક્તિથી જ થાય છે. એને લઈને નહિ. સમજાણું કાંઈ? ચૈતન્ય નિજરસથી વિકસતિ પ્રગટતી પ્રગટ દશા એવી ચૈતન્ય ધાતુ એની આ દશા દ્વારા આ રાગ છે, વિકલ્પ છે એનું જ્ઞાન, પણ એનું જ્ઞાન જ્ઞાનની શક્તિની વિકસતી દશાથી થાય છે. આ જ્ઞાનસ્વભાવ અનંત છે એમ આત્મામાં નિજરસથી વિકસતી ચૈતન્યધાતુ એક આત્મા. અને વિકારના પરિણામ બહિર્મુખ ઢળતા આકુળતાવાળા એનો ભેદ, ભાવ્યનો ભેદ એ તો આ '**કર્તૃત્વને ભેદતો થકો...**' પાછી એમ વાત લેવી છે અહીં. કારણ કે આ રાગનો સ્વાદ અને જ્ઞાનનું સ્વરૂપ બે જુદું છે એમ એને જાણતું, રાગના કર્તૃત્વને તોડતું. વિકલ્પના કર્તૃત્વને તોડતું એના જ્ઞાનને અને સ્વના જ્ઞાનને કરતું '**(કર્તાપણાના ભાવને) ભેદતો થકો-તોડતો થકો જ્ઞાનથી જ પ્રગટ થાય છે.**' આહાહા..! બહુ ટૂંકી વાત.

ભગવાન આત્મા એમાં ચૈતન્ય ધાતુ જ્ઞાનમૂર્તિ પ્રભુ, એનું વિકસતું જ્ઞાન અને રાગાદિના પરિણામ બેની ભિન્નતા અને બેની એક્તાને તોડતું, બેની એક્તારૂપે કર્તૃત્વને તોડતું જ્ઞાન જ વિકાસ પામે છે. એ '**જ્ઞાનથી જ પ્રગટ થાય છે.**' સમજાણું આમાં? એ પુણ્ય-પાપના ભાવ ચૈતન્ય ... બેની .. જ્ઞાન છે એને પણ જ્ઞાન આ જ્ઞાન.. આ આકુળતા છે એનું જ્ઞાન, આ અનાકુળ છે એનું જ્ઞાન. એ જ્ઞાન .. એમ રાગાદિ .. પરિણમન મારું છે એમ કર્તૃત્વને છોડતું .. તેને જાણે અને ભેદથી અનુભવે છે. ભારે.. એ.. મનસુખ! ઘરે વખત મળે નહિ. માંડ વખત મળે એમાં થોડું થોડું વાંચે, એમાં કાંઈ (સમજાય નહિ).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એ તો શરીરની સ્થિતિ છે. ભગવાન તો અનાદિ અનંત છે. વચ્ચે મુદતિયો માલ આવે. વયો ગયો. આહાહા..!

કહે છે કે ભાઈ! શરીરની અવસ્થા અને ચૈતન્ય ધ્રુવ શક્તિની પ્રગટ દશા, બેનું ભેદજ્ઞાન કરીને પરના કર્તૃત્વના સારને તોડતું, હું જ્ઞાતા છું એવું ભાન જ્ઞાન જ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાં ધર્મ શું આવ્યો પણ? આમ કરે ને આમ કરે. આમ કરે ને આમ કરે. આમ કરે એમાં ધર્મ શું થયો? શાકનું જ્ઞાન અને મીઠાનું જ્ઞાન જ્ઞાન કરે. ઠીક ભઈ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પણ શું કરે? એ તો દાખલો આપે છે. ઠંડો પદાર્થ જળ છે, જળ છે એ વસ્તુ પોતે ઠંડી છે. વર્તમાન ભલે ઉષ્ણતા દેખાય પણ એ ઉષ્ણતા અગ્નિની છે. વસ્તુ જળ છે, એ કાંઈ અગ્નિ નથી. સમજાય છે? એ કાંઈ મરચા નથી. મરચાને શું કહે? મીર્ચ. એ મરચા નથી કે તીખા હોય. પાણી હોય તે ઠંડો સ્વભાવ છે. એ સ્વભાવનું જ્ઞાન તો જ્ઞાન જ કરે. એને ક્યાં ખબર છે? ઠંડા સ્વભાવવાળું જળ એને ક્યાં ખબર છે? અને ઉષ્ણતા અગ્નિની એવી એને ક્યાં ખબર છે? ખબર છે .. જ્ઞાન બેને જુદા પાડીને જાણનારું આ જ્ઞાન છે. કહે છે કે જેના .. બે પદાર્થને ભિન્નને જાણનારને તે જ જ્ઞાન રાગ અને સ્વભાવને ભેદને જાણે.. એ જ જ્ઞાન વિકારના કર્તૃત્વ ઉપરથી લક્ષ છોડતું, પોતાના સ્વભાવમાં એકાકાર થતું, કર્તૃત્વને તોડતું જ્ઞાતા થઈને જ્ઞાન ઊભું થાય છે. લ્યો, આ ધર્મ થયો એમ કહે છે. આહાહા..!

જ્ઞાનવાન જેવો પદાર્થ છે ચૈતન્ય, જેવો સમ્યક્ ચૈતન્ય પદાર્થ છે તેને જ્ઞાનમય જાણતો આ તો જ્ઞાનમય ચીજ છે. રાગાદિ ઉત્પન્ન થાય એ બધા આ સ્વભાવની જાત અને શાંતિથી જુદાં છે. એવું બેની એક્તાને તોડતું એટલે કર્તૃત્વને તોડતું એટલે એ જ્ઞાન જ્ઞાન અંતરની દશામાં સમ્યક્પણે પ્રગટ થાય છે. તેને સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? માંડ થોડો વખત મળ્યો એમાં .. કેટલાના સંભાળ, કેટલાના સમાધાન, બીજાના સમાધાન કરવા, એને સમાધાન ન થાય તો પોતાને સમાધાન ન થાય. કેટલામાં રોકવો પણ? એય..! શું કહેવાય એને? ગંધાય, આ શરીરની પીડાઓ, આ બધી બહારની ધમાલ-ધમાલ.

મુમુક્ષુ :- વ્યવસ્થા કરવી પડે.

ઉત્તર :- વ્યવસ્થા કરવી પડે, લ્યો ઠીક. વ્યવસ્થા કરવી પડે એવા સંકલ્પની ધમાલ. કરવી પડતી નથી. કરી શકતો નથી. એ તો વાત કરે છે. કેટલામાં રોકાવું? કેટલામાં રોકાવું? ઓહોહો..! સંયોગ તો અનંત અને અનંત એની પર્યાયો. એમાં રાગ અનેક પ્રકારના આવે એમાં બધામાં એને રોકાવું. રોકાવું સમજો છો? રુકના. એમાં રોકાય એ આ એ હું નહિ, (અને) આ હું, એવું એણે ધીરજથી ભિન્ન પાડીને જ્ઞાન પ્રગટ કરવું એ અનંત પ્રયત્નનો પુરુષાર્થ છે, ભાઈ! સમજાણું કાંઈ? એ વાતની વાતું નથી, વસ્તુ ...

ભાઈ! તું ચૈતન્ય છો ને. .. શેની હોય? હું ચૈતન્ય તે આનંદનું જ્ઞાન .. હોય. ઉષ્ણતા તે અગ્નિની હોય. એમ વિકાર તે પર આકુળતા તત્ત્વ છે. એમ બેને... શું કહે છે? તું ક્યાં છો? તું તો જાણનાર છો ને. એ તને અને રાગને બેયને જાણનાર. એ બેયને જાણવાની શક્તિનો વિકાસ તારાથી થાય એમ કહે છે. સમજાણું કાંઈ? વિકારના પરિણામ અને ચૈતન્યના નિર્મળ પરિણામ બેયને જાણવાની શક્તિનો વિકાસ તો તારા સત્ત્વથી, તત્ત્વથી થાય છે. એ રાગને જાણવું એ શક્તિ પણ રાગથી આવતી નથી. રાગને જાણતી જે પર્યાય છે એ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગથી થયેલી નથી. સમજાણું કાંઈ?

એ ચૈતન્યના વિકસતા પરિણામ એ નિજ શક્તિનું તત્ત્વ અને રાગ વિકારી, એ બેને જુદા પાડવા અને જુદા હોય તેનો કર્તા ન થાય અને પોતે તેનો જાણનાર રહીને અંતરમાં સમાય ત્યારે તેને જ્ઞાતા-દ્રષ્ટા કહેવામાં આવે છે. એને ધર્મ કહેવામાં આવે છે. લ્યો! આ ધર્મ. અનાદિથી એણે પડ માંડી છે ને મોટી? એને સંકેલવી ગોઠતી નથી. કોણ જાણે ક્યાં ચાલ્યો ગયો છે? ક્યાંય ગયો નથી. છે ત્યાં છે. કેટલા સંકલ્પ વિકલ્પ ને કેટલી વ્યવસ્થાઓ અને વ્યવસ્થાના સમાધાન, એને સમાધાન ન હોય તો અને એને સમાધાન થાય. સમજાવવાની શૈલી .. સમાધાન ન થાય તો વળી .. આ તે કેટલી ઉપાધિ. એ બધા વિકલ્પને જાણનાર છે એમ ચૈતન્ય પોતાના સ્વસત્તાના લક્ષે પ્રગટ કરે ત્યારે તે પરનો કર્તા થતો નથી, તે જ્ઞાનના કર્તાપણે પરિણમે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ ધાર્મિક ક્રિયા. છે ભાઈ ધાર્મિ ક્રિયા? વસ્તુ સહાવો. વસ્તુ સહાવો ધમ્મો. પાણી વસ્તુ એનો સ્વભાવ શીતળ. એ એનો ધર્મ. પ્રગટ થાય તો શીતળતા પ્રગટ થાય. ભગવાન આત્માનો સ્વભાવ જ્ઞાન અને આનંદ. એનો અસ્તિ સ્વભાવ ધર્મ. તેને રાગથી ભિન્ન પાડીને, રાગનું કર્તૃત્વ તોડીને જ્ઞાતા-દ્રષ્ટાના પરિણમનમાં આવવું એ એનો ધર્મ, એ પર્યાય એનો ધર્મ. એ વીતરાગી પર્યાય એનું સ્વરૂપ અને એ એનો ધર્મ. સમજાણું કાંઈ? આ બધું લખ્યું નથી આમાં? એય..! પંડિતજી! આ બે પંડિત બેઠા નાના-મોટા. ...

'**નિજ રસથી વિકસતી...**' નિજ રસથી વિકસતી '**નિત્ય ચૈતન્યધાતુ...**' એને અને વિકારી ભાવોને '**કર્તૃત્વને ભેદતો થકો-તોડતો થકો, જ્ઞાનથી જ પ્રગટ થાય છે.**' કેટલું નાખ્યું છે!

મુમુક્ષુ :- ભેદજ્ઞાનથી જ થાય.

ઉત્તર :- પણ ભેદજ્ઞાનથી શું થયું? જુદાપણાથી જ્ઞાનની દશા પ્રગટ થાય છે. એમ કહે છે, લ્યો. રાગ અને વિકારના પરિણામને જાણતું-આ વિકલ્પ છે આકુળતા (અને) આ ભગવાન અનાકુળ એટલે જ્ઞાનમૂર્તિ છે, એમ જાણતું જ્ઞાન પર્યાયમાં પ્રગટ વિકસતું, શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ લેતું જ્ઞાન પ્રગટ થાય છે. કહો, ચંદુભાઈ! આમાં ધર્મ સમાડી દીધો છે.

**ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः**
**क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम्।।६०।।**

આહાહા..! ત્યારે પોતાનો સ્વભાવ પાણીનો જેમ ઠંડો, એમ જ્ઞાનસ્વરૂપ છું એમ જાણે ત્યારે રાગના સ્વરૂપ ભેદજ્ઞાનના સ્વભાવને વિકારી જાણે. બેય જાણવાની દશામાં સામર્થ્યથી પ્રગટ થતું આત્મજ્ઞાન, એ રાગને તોડતું પોતામાં એકાગ્ર થાય છે. એ જ્ઞાન પ્રગટ થાય છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એટલે કે એકાગ્ર થાય એટલે પ્રગટ થાય છે. ભારે માર્ગ આ. સમજાણું કાંઈ? ઓલા તો બધા દાખલા હતા. એમાંથી આ સિદ્ધાંત તારવ્યો.

એ જાણવાનો અર્થ શું? છોડવું-છોડવું .. વાત. એ જાણવાનો અર્થ ભેદને તોડતો એટલે? રાગમાં એકત્વ ન થતું, જ્ઞાનમાં એકત્વ થાય એને રાગને તોડતું, ભેદ કરતો એમ કહેવામાં આવે છે. કર્તૃત્વને તોડતું (એટલે) આ રાગ કરું છું એને તોડું છું, એમ છે? રાગ છે એ હું કરુ છું. એ તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યરસથી વિકસતી પર્યાય એને અંતર લક્ષમાં આવ્યું કે આ જ્ઞાન છે અને આ રાગ છે એમ ભેદપૂર્વક જ્ઞાન એકાગ્ર સમાય એણે કર્તૃત્વને ભેદ્યું, તોડ્યું એમ કહેવામાં આવે છે. હસુભાઈ! સમજાય છે કે નહિ આમાં? એની રીત તો સમજે. એની રીતને પકડવાની કળા તો ગ્રહે. ગ્રહે, ધારે પછી રુચિ કરીને પરિણમે. પણ એની રીતનો જ જ્યાં ખ્યાલ ન મળે ત્યાં કરશે શું? સમજાણું કાંઈ?

'**હવે, અજ્ઞાની પણ પોતાના જ ભાવને કરે છે...**' લ્યો! આ અજ્ઞાની હોય તોય પોતાના મિથ્યાત્વ અને રાગ-દ્વેષને કરે. શરીર, વાણી ને કર્મ જડનું તો કાંઈ કરી શકતો નથી. સમજાણું કાંઈ? '**અજ્ઞાની પણ પોતાના જ ભાવને કરે છે પરંતુ પુદ્‌ગલના ભાવને કદી કરતો નથી-એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છે :**'

**अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमञ्जसा।**
**स्यात्कर्तात्मत्मभावस्य परभावस्य न क्वचित्।।६१।।**

આ રીતે ખરેખર પોતાને અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ કરતો. એક જ સિદ્ધાંત આ છે. ભગવાન આત્મા પોતાની જ્ઞાનનિધિને ભૂલે તો રાગરૂપી અજ્ઞાનભાવ એટલે જેને જ્ઞાન નથી, વિકાર છે અને એકલો ચૈતન્ય નથી એવા ભાવને પોતે પોતાથી કરે.

'**આ રીતે ખરેખર પોતાને અજ્ઞાનરૂપ...**' પોતાને અજ્ઞાનરૂપ ભાષા છે. ચૈતન્યના જ્ઞાનસ્વભાવથી વિપરીત એવા પુણ્ય-પાપના વિકલ્પ જે અજ્ઞાન છે એટલે જેમાં ચૈતન્ય નથી. એવા અજ્ઞાનભાવને પોતારૂપ કરે. (અજ્ઞાનરૂપ) ઈ કરે. બસ, એ કરે. બીજું કરે શું ઈ? કહે છે. દુકાનના ધંધા કરે? અહીં ના પાડે છે. .. ન કરે. એય..! ..ભાઈ! શું કરે? ચૈતન્ય સ્વરૂપ આનંદ અને જ્ઞાનનો .. સ્વભાવ તે ભૂલે તો વિકારને કરે. એ વિકાર અજ્ઞાનરૂપ ભાવ છે. એ કાંઈ જ્ઞાનરૂપ ભાવ નથી. એને કરે. એટલે કે આ મારું કર્તવ્ય છે એમ માને. બીજું શું કરે એ? દુકાનની વ્યવસ્થા કરે? .. વ્યવસ્થા બરાબર કરે? .. પાગલ હોય તો બરાબર ન કરે એમ હશે? વકીલની ના પાડી છે તમે. છોકરાઓ સારા .. બરાબર સમજાવે એને. વ્યવહાર એટલે શું વળી? નિશ્ચય એટલે સત્ય. વ્યવહાર એટલે ઉપચારનું કથન. નિમિત્તનું જ્ઞાન કરાવવાનું કથન. વ્યવહારથી કરી શકતો હશે આ દુકાનના ધંધા. જડ પદાર્થ છે કે નહિ? પદાર્થ છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે નહિ? પદાર્થ છે તો અવસ્થા વિનાનો પદાર્થ છે? અવસ્થા થાય તે પદાર્થ છે.

મુમુક્ષુ :- કરે.

ઉત્તર :- .. કરે. રાગ કરે ધંધો. રાગનો ધંધો કરે. પરનો ધંધો ન કરે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ન કરે તો કરી શકે? મૂઢ પોતે મૂઢતા કરે એમ કહે છે અહીં તો. મૂઢ પોતાના ભાવને કરે. અજ્ઞાનને. બસ. .. અનાદિથી નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી મિથ્યાદૃષ્ટિ જૈન મુનિ દિગંબર થઈને ગયો એણે કર્યું શું? પોતાના અજ્ઞાન ભાવને કર્યા. બીજું કર્યું શું? એણે કર્યું શું? કોઈની દયા પાળી છે? કોઈની હિંસા કરી છે? પરનું એણે કર્યું છે કાંઈ? એ રાગનું પાલન મારું છે એમ અજ્ઞાનભાવ કરે, લ્યો. ભાઈ!

મુમુક્ષુ :- ... એકેય ગુણ ન મળ્યા.

ઉત્તર :- .. એમ છે? .... પરદ્રવ્યને લઈને .. કહેવું છે. અને વળી એક કોર કહેવું છે પાછું એનો કર્તા નથી. અરે..! સાંભળને ભગવાન! એ તો તું એને નિમિત્ત થતો નથી. એને સંયોગને કર્મ નિમિત્ત છે એટલું સિદ્ધ. નોકર્મને ભિન્ન પાડીને વાત કરવી છે. એને સંયોગ મળે છે. એના કર્મને લઈને મળે છે એટલું બતાવવા એ વાત નિશ્ચયથી જ્યાં આવે તો એને સંયોગ મળે છે એ કર્મથી પણ નથી. એને આવવા કાળે રજકણ આવે છે. અને એને મળતું પણ નથી. એને મમતા મળે એ કાળે કે આ મને મળ્યું. એ તો મમતા આવી છે. એને બીજો ઊનો કરે છે એ છોડાવવા એને કહ્યું કે એના કર્મના ઉદયને લઈને એને સુખ-દુઃખ થાય. એનું આયુષ્ય હોય તો જીવે, આયુષ્ય ન હોય મરે. આયુષ્ય કર્મ બીજું છે તો એને લઈને જીવે. બીજા કર્મ બીજા દ્રવ્યથી બીજું દ્રવ્ય જીવે કીધું કે નહિ? સાંભળ તો ખરો. બીજા પણ એના પોતાના કર્મથી સુખ-દુઃખ પામે એમ તો કહ્યું કે નહિ તમે? તમારાથી નહિ. ભાઈ! એ તો તું એનો કર્તા નથી એમ બતાવવા એટલી વાત કરી છે. સમજાણું કાંઈ? ભારે પણ માણસને ઉંધાઈનો પાર નહિ અને સવળાઈની શક્તિનું અપારપણું નહિ. આહાહા..! એનો ... એ. ત્રણ લોકના નાથના દિવ્યધ્વનિ સાંભળ્યા અમારે. પણ એકનો બે ફીટીનો થયો નહિ. એકનો બે ન થયો એટલે રાગ અને પોતે ભિન્ન છે એમ બે થયા નહિ. ... આહાહા..! સમજાણું કાંઈ?

'**अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमञ्जसा।**' બસ. આહાહા..! અજ્ઞાનીએ પોતાના અજ્ઞાનરૂપ, અને અજ્ઞાનરૂપ એટલે પુણ્ય-પાપના વિકલ્પો એ મારા એમ અજ્ઞાનરૂપ કરે. પોતાથી કરે. પરથી નહિ, પરમાં નહિ. સમજાણું કાંઈ? '**આ રીતે ખરેખર પોતાને અજ્ઞાનરૂપ...**' ચૈતન્યમૂર્તિ જ્ઞાનરૂપ ભૂલીને એ વિકલ્પ જે અજ્ઞાન છે એટલે જેમાં ચૈતન્ય નથી એવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અચેતનપણાના રાગના ભાવને, પુણ્યના ભાવને એને પોતે અજ્ઞાનરૂપ કરે જીવ. માને કે આ હું છું. સ્વતંત્ર છે એ એમાં કરવામાં. એ અજ્ઞાનરૂપ ભાવમાં પરને લઈને નહિ, અજ્ઞાનરૂપ કરતો પરને પણ ભેગું કરે (એમ નહિ). એટલે અજ્ઞાનભાવ થયો તો એને નિમિત્ત થયું કર્મનું? માટે પરના રજકણો બંધાણા એનો પણ કર્તા અને અજ્ઞાનરૂપનો કર્તા. બે હોઈ શકે નહિ. હવે અંતરમાં કર્મના રજકણનો કર્તા નહિ એ આ બહારના પદાર્થનો કર્તા..? આહાહા..! ભાઈ! તને...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાડું છે એટલે ન કરી શકે એમ? કરી શકાય. જાડું એટલે શું કહેવાય? જાડાની વ્યાખ્યા શું? ઘણાં રજકણો સંયોગરૂપે દેખાય એટલે જાડું? સંયોગ છે જ નહિ. પરમાણુએ પરમાણુ અંદર ભિન્ન છે. સમજાય છે કાંઈ? આહાહા..! બાપુ! તારા માર્ગ ભાઈ નિરાળા છે. એ માર્ગની રીત પણ જાણતા ન આવડે એને માર્ગની દશા કેમ સૂઝે? સમજાણું કાંઈ?

કહે છે, '**આ રીતે ખરેખર પોતાને અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ કરતો...**' જ્ઞાનરૂપ એટલે? શુદ્ધ ચૈતન્ય છું એવી શ્રદ્ધા, એનું જ્ઞાન, એવી સ્થિરતા. એ જ્ઞાનરૂપ. એ જ્ઞાનરૂપ કરતો. અને રાગ છું, પુણ્ય છું એમ અજ્ઞાનરૂપ કરતો. સમજાણું કાંઈ? '**અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ...**' જ્ઞાનરૂપમાં મોક્ષનો માર્ગ સમાડી દીધો. પોતે જ્ઞાનરૂપ એટલે ચૈતન્યમૂર્તિ જ્ઞાયક છે તે હું છું એવી દૃષ્ટિ એનું જ્ઞાન અને એ રમણતા તે જ્ઞાનરૂપ પર્યાય થઈ. એટલે રાગરૂપ નહિ. જ્ઞાનરૂપ એટલે રાગરૂપ નહિ, વિકારરૂપ નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ભૂલે તો અજ્ઞાન કરે, ભાન કરે તો જ્ઞાન કરે. જ્ઞાન કરે એટલે? ચૈતન્યમૂર્તિનું જ્ઞાન, એની શ્રદ્ધા અને એની સ્થિરતા. એ બધી જ્ઞાનની જ દશા એટલે સ્વની દશા છે. એ રાગની દશા નથી.

એટલે '**આ રીતે ખરેખર પોતાને...**' આ તો બાપા! શ્લોકો અલૌકિક વાત! આ તો ભગવતી સૂત્ર છે. સમજાય છે? ભાગવત સૂત્ર છે આ. શ્વેતાંબરમાં ભગવતી સૂત્ર આવે છે. ૧૬ હજાર શ્લોક. .. ટીકા. .. સાધુ હતો ને તો .. ... રૂપિયો. ... સમજવા જેવું.

આ તો પરમેશ્વર કથા છે. ભાગવત શાસ્ત્ર છે. સમજાણું કાંઈ? ઓલા કહે, દિલ્હી નથી આવતા. મોટા શેઠિયા હોય ને. ભગવતી સૂત્ર વાંચીએ છીએ. ૧૦૮. શું કહેવાય મોટા? ભાગવત લાંબા. લાંબા ભાગવત. ... એ તો ... હતું ને પહેલા. ... ભૂલી જાય છે. ... શું છે આ. પંદર રૂપિયાની ગિની હતી તે દિ'. ચોવીસ રૂપિયા તોલો સોનું હતું. ચોવીસ રૂપિયાનું એક તોલા સોનું. બારના ... ડબલા, એમ અમારે કાઠિયાવાડમાં કહેતા. બાર રૂપિયાનો અડધો તોલો સોનું. સાંભળ્યું હતું કે નહિ? અમે નાની ઉંમરમાં એ બધું સાંભળ્યું હતું. આ તો બધું તમારું ક્યાંય આઘું વયું ગયું. એક જ ગીની મૂકે તે દિ', હોં! ... મોટા કરોડપતિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હોય. ભગવતી... ઓહોહો..! અહીં કહે છે ને શું કહેવાય? ... સપ્તાહ. આ સપ્તાહ વાંચે એટલે થઈ રહ્યું. જાવ. ઓલા કહે, પર્યુષણમાં .. કલ્પસૂત્ર સાંભળે છે. એટલી વાર. એ કલ્પસૂત્ર વાંચે તો એની મુક્તિ થઈ જાય, લ્યો. અહીં તો કહે છે, કલ્પસૂત્ર તો ઠીક પણ શાસ્ત્ર અગિયાર અંગનું જ્ઞાન અનંત વાર કર્યું. સાંભળને. આહાહા..!

કહે છે કે તું તારો ચૈતન્ય ભગવાન આત્મા, એના તને ભાન ન મળે તેથી તું ભાન ન હોય તો કર કેટલું? હોય કેટલું તારા અધિકારમાં? પુણ્ય-પાપના વિકલ્પોને મારા કરીને અજ્ઞાનનો ભાવ કર. બસ, બીજી તારી મર્યાદા છે નહિ. તારા ક્ષેત્રથી ફરીને બીજાના ક્ષેત્રના કામ કર અને બીજાના ભાવ કામ કર એ તારા અધિકારમાં છે નહિ. અજ્ઞાનપણે પણ નથી. આ વકીલ આમ કોર્ટમાં સાક્ષી આપે એમાં તો કાંઈ કરતા હશે કે નહિ ભાષામાં? ભાષામાં... આમ હોય, આ કાયદો આમ હોય. બને છે ને? આ કાયદો આમ છે, આ કાયદો આમ છે લ્યો. એ ભાષા આત્મા તો કરતો હશે કે નહિ? ભીંત છે? ભીંતમાંથી બોલાય છે ભાષા? ભાઈ! એ રજકણની પર્યાય છે, બાપુ! એ આત્મા કરતો નથી. એ વખતના તે સંબંધીના લક્ષવાળો રાગ અને અજ્ઞાનપણે કરે. કરે તો કરે. તારા સ્વાધીન અધિકારની વાત છે. કાં જ્ઞાનરૂપ કરે. હું એક જ્ઞાનસ્વરૂપી આત્મા છું. રાગાદિ વિકલ્પો વિકાર તે ભિન્ન છે. એ બેનું ભાન કરનારો હું, એવું જ્ઞાનરૂપ કરે. સમ્યગ્દર્શન કરે, સમ્યગ્જ્ઞાન કરે, સમ્યક્ ચારિત્ર કરે એ જ્ઞાનરૂપ થયું. એ પણ પોતાથી થાય છે, પરને લઈને નહિ. આહાહા..! બહું ટૂંકો શ્લોક, લ્યો!

એ '**આત્મા પોતાના જ ભાવનો કર્તા છે,...**' લ્યો! એ વિકારી ભાવ હોય કે અવિકારી મોક્ષમાર્ગ હોય, એ પોતાના જ ભાવનો આત્મા કર્તા છે. રચનાર એનો છે. ... શરીર ... એક જણો કહે, લે. ... રાગ કરે .. તમે કહો છો કે નથી કરતા. લ્યો, આ કર્યું. અહીં બેઠા હતા. અરે..! ભગવાન! (સંવત) ૧૯૯૭ની સાલની વાત છે. આ ચાલતું હતું ને જ્યારે? મંદિર ચાલતું હતું. અરે..! બાપુ! પરદ્રવ્યનું આત્મા ન કરે. કારણ કે પોતાના સ્થાનમાંથી ખસીને પરદ્રવ્યમાં ક્યાં જાય છે? લો આ કર્યું, કહીને હાથ આમ કર્યો. ભાઈ! એમાં શું થયું એ જોયા વિના, લે આમ કર્યું ક્યાંથી કહ્યું તમે? આમ થયું એમાં શું થયું? એમાં તો આત્માના પ્રદેશ પોતાને કારણે થયા લાંબા. સમજાય છે? અને આ રજકણો એને કારણે આમ લાંબા થયા. એમાં કહે કે મેં કર્યા. એ ક્યાંય આત્માને અસ્તિત્વને લઈને આ અસ્તિત્વ થયું એ ક્યાંથી તને થયું? અમે તો .. શકતા હતા. છે હજી. સમજાણું કાંઈ? આવા ને આવા. લ્યો, આ કર્યું. એટલી ખબર નથી અમને?

દીપચંદ શેઠિયાના છોકરાનો છોકરો હતો. દીપચંદ શેઠિયા આવે છે ને. છોકરાનો છોકરો અઢી વર્ષનો. જરી માંદો હતો એટલે ડોક્ટર આવ્યા, ડોક્ટર. ઘરમાં વાતાવરણ જોઈને છોકરાએ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પૂછ્યું, ડોક્ટર! શું આવ્યા છો? આ દવા આપવા, રોગ મટાડવા. રોગ મટાડી શકો છો? કેમ કે ડોક્ટર છીએ? પરનું કરી શકો છો? .. વાત છે. છોકરો કહે, આ હાથ છે એને આમ કરી દયો. છોકરો બોલે હોં! અઢી વર્ષનો. એ તો ખોટી વાત. .. તમારાથી ન થાય. એ આમ થાય છે એ એનાથી અને આમ ન થાય એ તેનાથી. સમજ્યા.. છોકરો અઢી વર્ષનો. જો હોય તો ... આ .. આમ છે કે નહિ? કરી દો. પણ .. હવે મટાડ્યા. એય..! મનસુખ! ડોક્ટર પણ મરી જાય છે. એને ક્યાં એ પણ હું.. હું.. કરતા હોય. વૈદ પણ. એ તો જડની અવસ્થા એને કારણે થાય છે. શું તારાથી થાય છે? આહાહા..! એના ઘરના વાતાવરણમાં એ છોકરો ... છોકરાને કહે, બાપુજી એને લઈ જાઓ સોનગઢ. સોનગઢ ન જવાય. ત્યાં જવાબદારી છે. એની વાત અને મહારાજની .. એનો અનાદર ન થાય. ...

'મહાવીર ભક્તો આવો પણ ક્યા કરેગા મેરા?' 'મહાવીર ભક્તો આવો પણ ક્યા કરેગા?' આ શું બોલે છે? .... સોનગઢ આવ્યા. પછી .. ગયા આવતા હતા. બરાબર આ પગથિયું છે ને દેરાસરની ઓલી કોરનું. મહારાજ! હું દર્શન કરવા આવ્યો છું. આખા ઘરમાં ... મહારાજ! હું દર્શન કરવા આવ્યો છું. કીધું એમ ન ... મહાવીર ભક્તિ.. ક્યા કરેગા? સમજાય છે? આત્મા છે કે નહિ? વર્ષ ક્યાં હતા આત્માને? વ્યક્તપણું આ કરી શકાય.. તારાથી હાથ આમ? એ તો તૂટી જાય. શરીર વળે તો એનાથી અને ન વળે તોપણ એનાથી. આમ થાય તો એનાથી અને આમ થાય તો એનાથી. તારાથી નહિ. થતું હશે આ? માસ્તર! આહા..!

અનેક તત્ત્વ અનેક રૂપે રહીને પલટે તેમાં એકબીજાને પલટાવે એ બાપુ ક્યાં રહ્યું? અનેક એટલે અનંત તત્ત્વો અનંતપણે રહીને પૃથક્પણે રહે તો અનંત રહે. અને પૃથક્પણે રહીને પરિણમે તો તે અનંત રહે. અને એકબીજાનું કરે એમાં એ ક્યાં આવ્યું? એનો જાણનાર તું કર, ભાઈ! સમજાણું કાંઈ? એક જ શ્લોકમાં અનાદિ અનંત ભગવાનની વાત કરી દીધી. એક લીટીમાં કહી દીધું ને અનાદિ અનંતની? સ્વરૂપનું ન ભાન કરતો વિકારના પરિણામને આત્મા રચે એટલું કર્યું એટલું, બસ. ભાન કર તો તો આત્માના શ્રદ્ધા, ચારિત્ર, જ્ઞાનની દશાને તું કર. બસ! એટલું. બસ. અનાદિ અનંતના પોતાના કર્તા અને પરનો કર્તા નથી. સમજાણું કાંઈ? ઓલા કહે, વ્યવહારે તો કરે ને, વ્યવહારે તો કરે. વ્યવહાર કરે નહિ પણ બોલાય એનું નામ વ્યવહાર કહેવાય. બોલાય કે આણે આમ કર્યું. એટલે કે એણે કર્યું નથી. આહાહા..! કેમ હશે આમાં? ચંદ્રકાંતભાઈ! આ હુશિયારીમાં.. પગાર મફતમાં આપતા હશે?

**'પરભાવનો કર્તા તો કદી નથી.'** આત્મા સિવાય રજકણનો અને પર આત્માનો, એ ભાવનો .... એની પર્યાયનો કર્તા તે અજ્ઞાનભાવે કે જ્ઞાનભાવે નથી. કોઈ કહે કે ભાન નથી તો કરે. પણ ભાન થાય ત્યારે બળ પ્રગટે ને? ભાન થાય આત્માનું ત્યારે બળ પ્રગટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ને? તો બળ પ્રગટે એ તો કર્મ કરે કે નહિ? બળ પ્રગટે તો તારી દશામાં, એમાં પરને શું છે? સમજાણું છે કાંઈ? લોકો નથી કહેતા? બહુ બળુકો હોય તો તારે ઘરે, અમારે શું છે? એમ કહે છે લોકો. કહે છે ને? બહુ બળુકો તારે ઘરે. ભગવાન કહે છે કે અવળો પડ તો પણ બળુકો તારામાં અને સવળો પડ તો પણ બળુકો તારામાં. બળવાળો. બળુકો અમારી કાઠિયાવાડી ભાષા છે. સમજાણું કાંઈ?

'**આ રીતે ખરેખર પોતાને અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ કરતો...**' જ્ઞાનરૂપ મોક્ષમાર્ગમાં કેવળજ્ઞાનાદિ સમાડી દીધા. અજ્ઞાનરૂપમાં મિથ્યાત્વ રાગ-દ્વેષ આદિ પરિણામ સમાડ્યા. '**આત્મા પોતાના જ...**' પોતાના જ. વળી .. કથંચિત્ કર્તા અને કથંચિત્ અકર્તા ... અહીં તો કહે છે કે પોતાના જ ભાવનો કર્તા. પરનો કર્તા નહિ. કથંચિત્ પરનો કર્તા અને કથંચિત્ સ્વનો કર્તા એમ છે જ નહિ અહીંયાં. સ્વનો કર્તા, પરનો કર્તા નહિ એનું નામ અનેકાંત. બધે ઠેકાણે અનેકાંત લગાડી દે.

'**પરભાવનો કર્તા તો કદી નથી.**' કોઈ વખતે પણ કર્તા છે એમ કોઈ કહે તો અનેકાંત થાય એમ હશે? હવે ૬૨મો શ્લોક. આપણે છોકરાવને શીખવાય. ક્લાસ કાઢ્યા છે ને ક્લાસ? ... આ શ્લોક મૂકાય છે. આવે છે ને છોકરાઓ એમાં? એય..! આ ૬૨મો. પહેલો શ્લોક, જ્યારથી ક્લાસ નીકળ્યા, ... ત્યારથી. (સંવત) ૧૯૯૭ની સાલ. નહિ? ૧૯૯૭ની સાલથી. આ દેરાસર થયું ને ત્યારથી ક્લાસ થાય છે. છોકરાઓનો ક્લાસ થાય છે. ૯૭, ૯૮, ૯૯ અને આ ૨૨. કુલ ૨૫ વર્ષ થયા છોકરાના ક્લાસને. ત્યારથી આ શ્લોક પહેલો શીખવે છોકરાઓને.

**आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।**
**परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।।६२।।**

લ્યો, આ વ્યવહાર આવ્યો. અજ્ઞાનીઓ વ્યવહારીઓનો આ મોહ છે. સમજાણું કાંઈ? ... ૨૦૦૩ની સાલ? ... ૯૭, ૯૮ ... .. કોઈ દિ' આવ્યા નથી. મેં કીધું, ... સમજાણું કાંઈ? બાપુ! આ તો વસ્તુ કરવા જેવી છે. બાળ, ગોપાળ... ને. આવા ટાણા મળ્યા. આવા વખત... ઓલા લીલ-ફુગના ગોદડા ... અંદરમાં .. ચંદ્ર દેખાય. લીલ પાણીમાં હોય છે ને? લીલ. લીલ કહે છે તમારે? કાઈ. આટલા આટલા દળ. .. કરે .. અંદર કાચબો હોય ને? એને કોઈ દિ' ચંદ્ર દેખાય નહિ. એક વાર ખસી ગયું થોડું. ચંદ્ર જોઈ લીધો. જ્યાં ... ત્યાં બંધ થઈ ગયું. બીજાને કહે, કાંઈક છે. અરે..! મૂરખ છો. અમારા બાપ-દાદા કોઈ દિ' કહેતા નહોતા ને તું ક્યાંથી લાવ્યો? આમ છે, પ્રકાશનો પુંજ મેં તો જોયો. આહાહા..! ... અમારા બાપ-દાદા કહેતા નથી, તું ક્યાંથી .. લાવ્યો? બતાવવું શી રીતે એને? સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કાંઈ? .. પરદ્રવ્યનું આત્મા કરે નહિ અને રાગનો કર્તા થાય તો મૂઢ છે. એવી જ્ઞાનની .. ક્રિયા છે. આહાહા..! ... હવે સાંભળને. ભગવાન સર્વજ્ઞના ખ્યાલમાં નથી કે આ દ્રવ્યની પર્યાય આને કાળે થાશે એની? એને બીજો કરી દે એમ છે?

મુમુક્ષુ :- એ તો કેવળજ્ઞાની...

ઉત્તર :- શ્રુતજ્ઞાનમાં વળી બીજો હશે? .. બાપુ! શ્રુતજ્ઞાન કેવળજ્ઞાન અનુસાર એનું જ્ઞાન છે. શ્રુતજ્ઞાન કેવળજ્ઞાન અનુસાર એ જ્ઞાન છે. કેવળજ્ઞાન અનુસાર આ આગમ.. અને જાણવાનું .. અંતર પોતાનું જ્ઞાન પોતે કર્યું છે. સમજાણું કાંઈ? અલ્પ અને પૂર્ણતામાં ફેર છે. એમાં સમ્યક્તામાં ફેર નથી. શ્રદ્ધા કરે અને શ્રદ્ધા અને જ્ઞાન પછી .. હશે? આવા ગપ્પા મારે છે.

'**આત્મા જ્ઞાનસ્વરૂપ છે,...**' ભાષા જુઓ. એ તો ચૈતન્યમૂર્તિ છે. '**પોતે જ્ઞાન જ છે;...**' જ્ઞાનસ્વરૂપ છે એ ભેદથી વ્યવહારથી વાત કરી. જ્ઞાનસ્વરૂપ છે. પોતે જ જ્ઞાન છે. ... જ્ઞાન જ્ઞાન જ છે. જ્ઞાનસહિત છે, આત્મા જ્ઞાનસ્વરૂપ છે તે સ્વરૂપ જ્ઞાન અને સ્વરૂપ એવો ભેદ વ્યવહાર કહ્યો. '**પોતે જ જ્ઞાન છે;...**' ભગવાન ચૈતન્યમૂર્તિ તે જ આત્મા છે. જ્ઞાનસ્વરૂપી આત્મા છે. '**તે જ્ઞાન સિવાય બીજું શું કરે?**' એ પોતાનો જ્ઞાનસ્વભાવ છે એ જ્ઞાન સ્વરૂપે છે એ પોતાના જ્ઞાન સ્વરૂપને છોડીને બીજું શું કરે? આહાહા..! આ બધા લખાણ વ્યવહારના આવ્યા ને. આ ખોટાં? વ્યવહારનયના લખાણ ખોટા? એક્કેય નહિ સાચું? વળી એમ કહે. બીજા નયના કથન છે એ જાણવા જેવા છે કે આમ ... આદરવા જેવા નથી. સમજાણું કાંઈ?

'**આત્મા પરભાવનો કર્તા છે એમ માનવું...**' અહીં પુદ્ગલની ક્રિયાની વાત છે હોં અત્યારે. એ તો જ્ઞાન-અજ્ઞાનસ્વરૂપ ... અહીંયાં તો પુદ્ગલની વાત છે અત્યારે. ઓલામાં આવી ગયું છે. વિકારી પરિણામ કરે અથવા નિર્મળ કરે. અહીં કહ્યું કે આત્મા પોતાના ભાવને કરે પણ એ સિવાય પરભાવનો કર્તા, કર્મની રચના અને કર્મની પર્યાયને રચે કે પરને રચે, વાણીને રચે એ છે નહિ. એ આત્મા પરભાવનો રચનાર, બનનાર, બનાવનાર, રચનાર એમ માનવું અથવા એમ કહેવું તે વ્યવહારી જીવોનો, તે અજ્ઞાની જીવોનો અજ્ઞાન મોહ છે. મૂઢ જીવોનો મોહ છે. આહાહા..! કોણ કરે? થાય તેને કરે કોણ અને ન થાય તો એને કરે કોણ? સમજાણું? એ વ્યવહારી લોકોનો મોહ છે. જુઓ! અહીં વ્યવહાર ભાષા મૂકી. જુઓ! વ્યવહારી જીવોની મૂઢતા છે. એ બધું વ્યવહારમાં નાખે છે. ગાથા ૪૮માં આવ્યું, ૮૪માં આવ્યું, અહીં ૧૦૫માં આવશે. સમજાણું?

'**હવે કહે છે કે વ્યવહારી જીવો આમ કહે છે :-**' વ્યવહારી જીવો, મૂઢ જીવો, અજ્ઞાની આમ કહે છે. એની વાત અહીં કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**નોંધ :- પ્રવચન નં. ૧૯૧માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

**કારતક સુદ ૭, શનિવાર તા. ૧૯-૧૧-૧૯૬૬**
**ગાથા-૯૯-૧૦૦, પ્રવચન-૧૯૨**

કર્તાકર્મ અધિકાર સમયસાર. ૯૯મી ગાથા ચાલે છે. જુઓ! શું કહે છે? એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે નહિ એવી વાત તો ઘણી આમાં સ્પષ્ટ કરી નાખી. પણ કોણ જાણે કેમ... કેટલી ગાથાઓથી અને કેટલી યુક્તિથી.

'**ટીકા :- જો નિશ્ચયથી...**' એટલે ખરેખર '**આ આત્મા પરદ્રવ્યસ્વરૂપ કર્મ...**' એટલે કાર્ય. એક આત્મા પર શરીર, વાણી, કર્મ... અહીં તો કર્મ લેવું છે તો .. '**પરદ્રવ્યસ્વરૂપ કર્મને...**' એટલે પરદ્રવ્યસ્વરૂપ પર્યાયને એટલે કે પરદ્રવ્યસ્વરૂપ પરિણામને '**કરે તો, પરિણામ-પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી,...**' જો આત્મા પરદ્રવ્યના પરિણામને કરે તો પરિણામ અને પરિણામી બે એક થઈ જાય છે. પરિણામ અને પરિણામી ભિન્ન ન રહી શકે. સમજાય છે કાંઈ? પરિણામ કરનાર અને પરિણામ, પર્યાય કરનાર અને પર્યાય. બે જુદા ન હોઈ શકે. પરિણામ પરિણામીપણું, પરિણામ એટલે અવસ્થા. પરિણામ પરિણમે એવી પર્યાય, હાલત, અંશ, દશા, વર્તમાન ભાવ. એ પરિણામનું પરિણામીપણું એને જે પરિણમનારો, પરિણામના પરિણમનારો, પરિણામનો કરનારો, પરિણામને રચનારો એ પરિણામ '**બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી,...**' જો પરના પરિણામ આત્મા કરે તો એ પરિણામ અને પરિણામી બે એક થઈ જાય છે. સમજાય છે કાંઈ?

આત્મા પરિણામી છે એટલે દ્રવ્ય છે. આત્મા પરિણામી છે એટલે દ્રવ્ય છે. એ જો પરના પરિણામને કરે તો પરિણામ અને પરિણામી એક થઈ જાય છે. એ '**બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી, નિયમથી તન્મય થઈ જાય;...**' નિયમથી એક થઈ જાય છે. અહીં તો આત્માની વાત કરી છે. પછી.. કારણ કે તે દ્રવ્ય.. એ પછી લેશે. પાછું એમ નહિ કે... આ આત્મા જડ કર્મના પર્યાયને, કર્મના પર્યાયને, જ્ઞાનાવરણીના પરિણામને, કર્મની અવસ્થાને આત્મા કરે તો એ પરિણામ અને પરિણામી બીજી રીતે ભિન્ન સંભવતા નથી. તો બેય એક થઈ જાય છે. કર્મના પરિણામ અચેતન અને આત્મા ચેતન, બે એક થઈ જાય છે. ..ભાઈ! આ તો ન્યાયથી તો વાત છે, લોજિકથી તો છે. પણ કોણ જાણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શું કરે છે? એક આત્મા પરદ્રવ્યના પરિણામને-અવસ્થાને કરે તો તે પરિણામ અને પરિણામી બે એક થઈ જાય છે. એક ન હોય તો તે પરિણામને પરિણામી કરી શકે નહિ. એમ છતાં (કરું એમ માને તે) નિયમથી પરદ્રવ્યનો એ થઈ જાય. આત્મા કર્મના ભાવને-પર્યાયને-પરિણામને કરે તો આત્મા કર્મની પર્યાયરૂપ થઈ જાય, જડરૂપ થઈ જાય. સમજાણું કાંઈ?

'**પરંતુ તે તન્મય તો નથી,...**' ભગવાન આત્મા પોતાના પરિણામને પરિણમાવતો પરિણામી પોતે રહે છે પણ પરને પરિણમાવે છે અને પરિણામ અને આ પરિણામી એક એમ તો થતા નથી. તો પછી પરદ્રવ્યના પરિણામને-પર્યાયને આત્મા કરે એ કઈ રીતે સંભવે? સમજાણું કાંઈ? છે કે નહિ એમાં સિદ્ધાંત? જુઓ! કેટલું સ્પષ્ટ મૂક્યું છે! કહો, રાજેન્દ્રજી! આ કેમ આમ કહે છે?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ. એણે અનંત દ્રવ્યો જોયા. અનંત દ્રવ્ય. અનંત આત્મા, અનંત પરમાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ અને કાળ. તેમ છ. હવે છ જે છે એ સંખ્યાએ અનંત છે. જાતિએ છ છે. સંખ્યાએ અનંત છે. હવે એમાં એક દ્રવ્ય બીજા દ્રવ્યના પરિણામને કરે તો એ પરિણામ અને આ પરિણામી એક થતાં બે દ્રવ્યની એક્તા થતાં દ્રવ્યનો લોપ થઈ જાય છે. બરાબર છે કે નહિ? ન્યાયથી છે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એમ બને શી રીતે? એમ તો કહ્યું છે. પરિણતિ તે તન્મય તો નથી. આહાહા..!

ભગવાન પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે, ભાઈ! એક આત્મા જે જડકર્મ જ્ઞાનાવરણી, દર્શનાવરણી આદિ આઠ કર્મની પર્યાયને કરે તો કર્મની પર્યાય તે અચેતન જડ. આત્મા ચૈતન્ય અરૂપી. હવે એ પરિણામને આ પરિણામી કરે તો પરિણામી પરિણામમાં, જડના પરિણામમાં એકમેક થઈ જાય છે. એનું દ્રવ્ય પરિણામમાં તન્મય થતાં જુદું દ્રવ્ય રહેતું નથી. એમ બની શકતું નથી. આહાહા..! એટલી વાત પણ જગતને કઠણ પડે. હવે એ સમજ્યા વિના એને ધર્મ કરવો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પણ એ તો વ્યવહારથી કથનમાત્ર હોય. એ તો પહેલા આવ્યું. વ્યવહાર છે એ તો કથન છે. એ તો કહ્યું ને? ૯૮ ગાથામાં કહ્યું, વ્યવહારી મૂઢ જીવોની ભ્રાંતિ છે. મૂઢ જીવો આનાથી આ થયું એમ વ્યવહાર કહે છે તે મૂઢ જીવનો વ્યવહાર છે. અહીં શિલ્પીમાં પણ આવ્યું છે, ભાઈ! શિલ્પીમાં પણ એમ છે, ભાઈ! શિલ્પીમાં... પણ આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પહેલા કહી ગયા છે. પછી તે વાત કરી છે, શિલ્પી. સમજાય છે? શિલ્પી છે ૫૧૩ પાને છે ને. ૫૧૩ પાને એમાં છે. એમાં ૧૫નો ખુલાસો છે જુઓ. આ તો ૨૧૩.

**जह सिप्पिओ दु कम्मं कुव्वदि ण य सो दु तम्मओ होदि।**
**तह जीवो वि य कम्मं कुव्वदि ण य तम्मओ होदि।।३४९।।**

એ ૩૪૯ ગાથા છે. શીલ્પી નામ કલાકાર, કર્મ નામ કાર્યને. કુંડળ. દાગીના સોનાના-લોઢાના જે કારીગર. અહીં તો શીલ્પી લીધો છે ને એટલે કારીગર. એકપણ કારીગર પરપદાર્થની ક્રિયાને કરે એનું નામ વ્યવહાર. એ વ્યવહારથી એમ કહેવામાં આવે છે. વ્યવહારી જીવની એ મૂઢતા છે એ ખુલાસો તો અહીં પહેલેથી કરી ગયા છે. '**ण तम्मओ**'. આ ૯૯માં ખુલાસો છે અહીં. એ પરની અવસ્થા કરે એમ કહેવાય છે છતાં પરની અવસ્થામાં એક થતો નથી. '**तह जीवो वि य कम्मं कुव्वदि ण य तम्मओ होदि**' એનો શબ્દ છે આ.

એમ આત્મા જડ કર્મની પર્યાય કરે એમ વ્યવહારથી બોલવામાં આવે છે. તો પણ પરમાં તન્મય થયો નથી માટે ખરેખર કર્તા નથી. આ .. છે ને? એ નહિ. વ્યવહાર વચનો છે, જુઓને! ૩૫૩ ગાથા.

**एवं ववहारस्स दु वत्तव्वं दरिसणं समासेण।**
**सुणु णिच्छयस्स वयणं परिणामकदं तु जं होदि।।३५३।।**

એ તો ખુલાસો છે. આ એ મૂક્યું છે એમાં. સમજ્યા? શીલ્પી વ્યવહારથી તે દાગીનો... દાગીનો કહે છે ને? દાગીનો કરે, સુતાર આ કરે, કુંભાર ઘડો કરે, સુતાર ઘર કરે, રથ કરે, બધું કરે ખરા પણ તન્મય ન થાય. એક ન થાય. પણ એક ન થયા વિના કરે શી રીતે? આ આંગળી બે એક થયા વિના આ આનું કરે શી રીતે? એય..! આવ્યું છે તમારે કોઈ ન્યાયમાં, ગણિતમાં? એના ગણિતમાં આવ્યું છે ને. પૈસા મળ્યા બહુ પાસ થવાના. આ .. અડે નહિ. એક આંગળી બીજાને અડે નહિ પણ કરે ખરો. એમ આ આંગળી.. આ આંગળી આમ કરે જુઓ. જુઓ! આમ કર્યું કે નહિ? આટલું કર્યું કે નહિ? કરે પણ તન્મય ન થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કેમ કર્યું? એની પર્યાય એનામાં થઈ, આની પર્યાય એનામાં થઈ. જો આ પર્યાય આ પર્યાય કરે તો એ પર્યાય પરિણામ અને આ પરિણામી બે એક થઈ જાય છે, જુદા રહેતા નથી. આહાહા..! આ તો વિજ્ઞાન સત્ય છે. સત્ય વિજ્ઞાન જુઓને. સત્ સત્. શબ્દ પડ્યો છે ને માથે? '**स न सन्**' એટલે સત્. કોઈ સાથે નથી. પરનું આત્મા કરે '**स न सन्**' આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ઠીક નથી. આમાં લખ્યું છે ને?

**'માન્યતા સત્યાર્થ નથી...'** લખ્યું છે ને. **'વ્યવહારી લોકોની એ માન્યતા સાચી નથી...'** જૂઠી છે. સમજાણું? આ જીવ પરજીવની દયા પાળવાના પરિણામ, એની દયાના, એને જીવવાના પરિણામ આ જીવ કરે તો એ પરિણામ અને આ પરિણામી એક થતાં આ જીવનો નાશ થઈ જાય છે, આ જીવ પરમાં ભળી જાય છે. કહો, સમજાણું કાંઈ? પરને બચાવવામાં શરીર અને જીવ આમ બચે છે-રહે છે. એવી જે દશા. એ દશા આ જીવ કરે, તો એ પરિણામ અને આ પરિણામી બે એક થઈ જાય છે. બે જુદા રહેતા નથી. તો એમ બનતું નથી. પરની પર્યાયને આત્મા કરી શકતો નથી. સમજાણું કાંઈ? ઓલાએ નાખ્યું ને ઈશ્વર જગતને કરે. ઈશ્વર કેવો? જગતને કર્તા હતો જ કે દિ' તે? અહીં તો કહે છે કે બીજાના પરિણામને કરે તો પોતાના દ્રવ્યનો નાશ થઈ જાય છે. કારણ કે એ પરિણામમાં પરિણામી ભળી જાય અને બે એક થઈ જાય છે. અને એમ કોઈ દિ' બનતું નથી. કહો, સમજાણું આમાં કાંઈ?

**'પરિણામ-પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી, તે (આત્મા) નિયમથી તન્મય (પરદ્રવ્યમય) થઈ જાય;...'** આહાહા..! કેટલો સિદ્ધાંત! ઘડાની પર્યાય કુંભારનો આત્મા કરે તો ઘડાની પર્યાયરૂપ આત્મા થઈ જાય. પણ એમ કોઈ દિ' થતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? પરવસ્તુ ક્ષણે ક્ષણે પળે બોલાય બધો વ્યવહાર. પણ વ્યવહાર બોલાય એ વસ્તુની સ્થિતિ એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બોલાય. હમણાં કહેશે એલા પાણી લાવજે. ધીમેથી લાવજે. હલે નહિ. ઢોળાય નહિ. .. આવ્યું. અને ઢોળાય, ન ઢોળાય આત્માની ક્રિયા છે નહિ. ઢોળાય સમજો છો ને? ગીર જાય. એમાં કહ્યું છે ને અંદર? ઓલામાંથી લાવવું, હોં! લાવવું (કહ્યું) તો લાવી શકતો હશે ને? આ ભાષા! એ આખું ભરીને લાવીશ નહિ. નહિતર ઢોળાઈ જશે. આખું ભરીશ નહિ. આખું ભરવું, ન ભરવું એ આત્માના અધિકારની વાત હશે? અને ચાલતા ધીમેથી ચાલજે. ઢોળાય નહિ. ... પકડી શકે. આહાહા..! પણ ભાષા. ભાષા શી રીતે કરે? પહેલું આવ્યું નહિ? પરિશિષ્ટમાં આવે છે વ્યવહારી જીવો બોલે છે કે આ અમારું ગામ, અમારું ગામ. પણ ગામ કે દિ' તારું હતું? એ તો બોલવાની ભાષા છે. ભાઈ! વીતરાગ માર્ગને સમજવો.

તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વરે જે ત્રણ કાળ ત્રણ લોક જોયા અને અનંત દ્રવ્યને સ્વતંત્ર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જોયા. કોઈ દ્રવ્યની પર્યાય કોઈથી કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. ક્ષણે ક્ષણે હું આનું કરું... હું આનું કરું... આનું કરું.. મૂઢ છો, કહે છે. પરિણામી તું બીજાના પરિણામ કરવા જા ત્યાં ખોવાઈ જા છો તું. ખોવાઈ ગયો ત્યાં. પાંજરાપોળનું તો કરતો હશે કે નહિ? એ વિના ત્યાં બેસાડતા હશે તમને? આહાહા..! લ્યો! બહુ સિદ્ધાંત. આ તન્મયની ગાથા આવીને શિલ્પીમાં. ઈ જ શબ્દ છે ... અર્થ વ્યવહારનું વચન છે. એ તો માથે કહ્યું છે એ તો વ્યવહારનું કથન. આહાહા..! અરે..! ભગવાન! તને હજી પરદ્રવ્યના પરિણામથી જુદો છો એટલી વાત પણ ન બેસે, એને વિકારથી જુદો આત્માની બેસે અને વિકારથી જુદો નિર્ણય અનુભવ કરે તો સમ્યગ્દર્શન થાય. એ વિના ધર્મ થાય નહિ. પરના પરિણામથી હજી તો નવરો થાતો નથી, રાગનું કર્તૃત્વ છોડ અંતર જ્ઞાયકસ્વરૂપ છે, ભાઈ! જો રાગનો કર્તા થા તો રાગની સાથે તન્મય થઈ જાય, એકમેક થઈ જાય અને સ્વભાવ ને વિભાવ એક થઈ જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? જેમ પરના પરિણામ કરતા પરિણામ અને પરિણામી એક થઈ જાય છે એ વાત ખોટી છે એટલે બનતું નથી. એમ ખરેખર જે કાંઈ અંદરમાં પુણ્ય અને પાપના વિકાર અને સ્વભાવ ત્રિકાળ, એ ત્રિકાળ સ્વભાવ જો વિકારને કરે તો વિકાર અને સ્વભાવ બે એકરૂપ થઈ જાય. એ ત્રણ કાળમાં બનતું નથી. આહાહા..! કહો, ચંદુભાઈ!

મુમુક્ષુ :- ... પરનો જ માલ છે ને.

ઉત્તર :- પરનો માલ નથી. પરનો માલ છે એ પર્યાયના અંશમાં વિકાર, ત્રિકાળ શુદ્ધ જ્ઞાનાનંદ મૂર્તિ છે. આત્મા વીતરાગ સમરસી ચૈતન્યમૂર્તિ છે. વીતરાગ સમરસી મૂર્તિ ન હોય તો એની પર્યાયમાં વીતરાગ કેવળજ્ઞાન થાય ત્યારે ક્યાંથી આવશે? ક્યાંય બહારથી આવવાનું છે? કેવળજ્ઞાન, કેવળદર્શન, વીતરાગ સ્વભાવ પૂર્ણ પરમાત્મા કેવળીને થયા. તેરમે ગુણસ્થાને જુઓ. વીતરાગ કેવળજ્ઞાન. ક્યાંથી આવી એ દશા? રાગમાંથી આવી? શરીરમાંથી આવી? કર્મમાંથી આવી? ભગવાન આત્માનો સ્વભાવ જ એવો છે. વીતરાગ સમસ્વભાવી ચૈતન્યરસ તે આત્મા. એની શક્તિના સત્ત્વમાંથી એકાકાર થઈને વીતરાગ અને કેવળજ્ઞાનપણું આવ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો આ વાત કરી. એમાં ઈ જ કહે છે કે જો વિકારને પોતે કરવા જાય છે અજ્ઞાનપણે કરે છે બરાબર છે. અજ્ઞાનપણે કરે છે. કારણ કે અજ્ઞાનપણે કર્મ કરે છે એમ નથી. અજ્ઞાનપણે તો સ્વરૂપ ચૈતન્ય શુદ્ધ છે, જ્ઞાયક આનંદની મહા અત્યંત ખાણ છે. એવી અંતર દૃષ્ટિ નથી એને તો રાગનું કર્તૃત્વ ભાસે અને રાગ કરે એ તો અજ્ઞાનપણે બરાબર છે. સમજાય છે? કેમ કે એ રાગને અને સ્વભાવને તન્મય માને છે. માને છે. પણ જ્યાં આત્મા જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ છે, વીતરાગ ચિદાનંદમૂર્તિ છે એવી દૃષ્ટિ થઈ ત્યાં રાગનું કર્તૃત્વ તન્મય દ્રવ્ય સાથે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થતું નથી. એ રાગ પૃથક્ રહી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ભાઈ! ઘડાનો કરનાર કુંભાર, રથનો કરનાર સુથાર (હોય) તો સુથાર ખોવાઈ ગયો, ત્યાં રથમાં ગયો. રથના પરિણામ અને સુથાર એ પરિણામી, એ પરિણામ કરે તો પરિણામ અને પરિણામી બે એકમેક થઈ જાય. તો આખો રથના પરિણામમાં ઘૂસી ગયો સુથાર. સુથાર જુદો રહ્યો નહિ. કહો, સમજાણું કાંઈ? આ ખાવાની ક્રિયા છે ને જડની? દાળ, ભાત, રોટલી, શાક અંદર જડ, એના પરિણામ જે થાય જડના, એને આત્મા જો એ પરિણામને કરે તો ખાવાના, ભાંગવાના, તોડવાના, તો એ પરિણામ અને આત્મા પરિણામી બે એકમેક થતાં આત્મા જુદો ન રહેતા ખાવાની દશાના પરિણામમાં એકમેક થઈ ગયો એમ અજ્ઞાનીને થાય છે. પણ એમ બનતું નથી. ભારે વાતું! સમજાણું કાંઈ? આહાહા..!

વીતરાગ માર્ગ પરમેશ્વરનો લોકોને સાંભળવો કઠણ પડ્યો જગતને. ગણધરો, ઈન્દ્રો જેની વાત સાંભળતા હતા. ભગવાન બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં. સીમંધર પરમાત્મા તીર્થંકરપણે બિરાજે છે. એ ભગવાનના મુખમાં આ દિવ્યધ્વનિ આવે છે કે ભાઈ! પ્રભુ! તું આત્મા છો. તારું તત્ત્વ બીજા તત્ત્વની અવસ્થાના પરિણામને, પર્યાયને, દશાને કરે તો એ દશામાં દશાવાન ભળી જતાં, બે એક થતાં જુદા તત્ત્વો રહેતા નથી. આહાહા..! એય..! જેઠાલાલભાઈ! બાપુ! તત્ત્વ જ ઉડી જાય છે, ભાઈ! તને ખબર નથી. તારી નજર ગઈ ત્યાં બહિર્બુદ્ધિ અને નજરમાં એ પરિણામ ત્યાં થયા તે મેં કર્યા. તું ત્યાં ગયો? તું ત્યાં ગયો અંદર? ગરી ગયો ત્યાં? પેસી ગયો? આહાહા..!

બહિર લુઠંતિ. કોઈ પણ પદાર્થ બીજા પદાર્થની બહાર ફરે છે. અંદરમાં પ્રવેશ કરતા નથી. ૧૦૩માં આવશે એ. સંક્રમતા નથી. કોઈ દ્રવ્યની પર્યાય, જેટલા ભગવાને જોયા, અનંતા આત્માઓ, અનંતા પરમાણુઓ, એના કોઈ દ્રવ્યની પર્યાય-અવસ્થા કોઈ દ્રવ્યની પર્યાયમાં પેસતી નથી. પેસતી નથી એટલે તેનું કામ કરી શકતી નથી. કહો, સાચું હશે આ બધું? આ બધા સંચા-બંચા કરે છે ને આ બધા શું કરે છે? સંચા કરે, શું કરે તમારે? બ્રશનું કરે. શું કહેવાય એ ..? બ્રાસ બ્રાસ હોય ને? એ બધા હાથના કરવા એ એની મેળાએ થઈ જતું હશે? આત્માના જ્ઞાનના ભાનની કળા વિના થાય.

કહે છે જ્ઞાનની કળા બાપુ! તારી પાસે રહી અને એ પર્યાય થઈ એનામાં. એ પર્યાયનો જો તું કર્તા થા તો એ પર્યાય જડ છે તે પરિણામ છે અને તું પરિણામી ત્યાં ગયો. તારી હયાતી ભિન્ન રહી નહિ. અને એના પરિણામ .. એ દ્રવ્યે વળી બીજાના પરિણામ કર્યા. એટલે એ દ્રવ્યના પરિણામ બીજા દ્રવ્યે કર્યા. કહો, સમજાણું આમાં? કેટલો સિદ્ધાંત મૂક્યો છે.

‘**પરિણામ-પરિણામપણું...**’ મહાસિદ્ધાંત. ‘**બીજી કોઈ રીતે...**’ બીજી કોઈ રીતે. પાછું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લ્યો, ભાઈ! કોઈ કહે છે ને વ્યવહારથી આવ્યું કે નહિ? એમ કહે છે. ત્યાં તો આ શબ્દ મૂક્યો, જુઓ! શું કીધું? '**णाणंपरिणामिभावान्यथानुपपत्ते**' એમ છે પાઠ, જુઓ! '**બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી,...**' વ્યવહારથી બને, નિશ્ચયથી ન બને. વ્યવહારથી બને? ગાંડા છે. જુઓને! આ .. ગાંડા કહે. આવું હોય? આખો દિ' આ કરીએ છીએ, ફલાણું કરીએ, આ ડૉક્ટર નથી ઈંજેક્શન આપતા? .. ફલાણું આપે, ... બરાબર પકડ્યું હોય, ... સંચા ઉપર. એમ હલવે કે નહિ? સરખું આમ આમ કરે. .. મૂકી હોય આમ વાળીને. ગાંડો છો. કહે છે કે એ આમ.. લૂગડાની વાળે ને? .. આમ વાળે. આમ કરીને મૂકે સંચા હેઠે. સંચો હોય છે કે નહિ દરજીનો? ... આમ કરે.

અહીં કહે છે કે તારા ધ્યાનની પર્યાયને. જ્ઞાનની કે ધ્યાન .. પર્યાય આ પર્યાયને કરે તો તારો આત્મા ત્યાં ઘૂસી ગયો, એમાં ચાલ્યો ગયો. તો પરિણામ અને પરિણામી અન્યથા જુદા રહી શકે નહિ. તન્મય થઈ જતાં તું તેમાં ઘુસી ગયો, તારો નાશ થઈ ગયો, લે. ભારે વાત, ભાઈ! આ રોટલી સ્ત્રી કરતી હશે કે નહિ? એને કહે છે કે રોટલી તારાથી નહિ થાય, હોં! બેસી રહેજે તું. પણ જે વખતે એ રજકણોના પિંડની દશા રોટલી રૂપે થવાની છે તે થશે, થશે ને થશે. બીજાથી થાય તે વાત ભગવાન ના પાડે છે. વીતરાગ પરમેશ્વર કહે છે, જેમ ઈશ્વર જગતનો કોઈ કર્તા નથી, એમ પરદ્રવ્યની પર્યાયનો તું કર્તા નથી. જો કર્તા માન તો ઈશ્વર જગતનો કર્તા અને તું પરનો કર્તા થા. બેય એક મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત ઉઘાડી છે પણ કેમ હશે? કેમ હશે? જુઓ!

ભગવાન આત્મા.. આ તો એક આત્માની વાત છે હોં! પછી સિદ્ધાંત બધે. '**નિયમથી તન્મય થઈ જાય; પરંતુ તે તન્મય...**' તન્મય એટલે તે રૂપ. તન્મય એટલે તે-રૂપ. તે દશા, તે ભાવ તેની અવસ્થા રૂપે આત્મા થઈ જાય. આત્મા કર્મની પર્યાય બાંધવાની કરે તો આત્મા કર્મની પર્યાયરૂપ થઈ જાય. કર્મની અવસ્થા સ્વરૂપે થઈ જાય. એમ કોઈ દિ' બને નહિ. પરની સ્વરૂપ અવસ્થારૂપે આત્મા થાય? આત્મા પોતાને ભૂલીને રાગ-દ્વેષ કરે. તો રાગ-દ્વેષની અવસ્થારૂપ થાય પણ કર્મની અવસ્થારૂપ આત્મા થાય નહિ. સમજાણું કાંઈ? મોટા વાંધા.. મોટા વાંધા.

ભગવાને પરજીવની રક્ષા માટે ઉપદેશ આપ્યો. વળી એમ આવે. અહીં ના પાડે છે ભગવાન કે પરની રક્ષાના પરિણામ તે શુભભાવ તારામાં થાય, પરની રક્ષા કરી શક તો એની દશાના પરિણામ તેં કર્યા તો એ પરિણામ વિનાનું તત્ત્વ રહ્યું અને એ પરિણામ તેં કર્યા તો તું ત્યાં ગરી ગયો અંદર. કેમ કે એ બનતું નથી. ઘણી ચર્ચાઓ ચાલે છે મોટા પંડિતોની. આહાહા..! આમ ન હોય. ભગવાને આમ કહ્યું છે. બાપુ! ભગવાને કહ્યું બાપા સમજવું કઠણ છે તને.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આમ બોલે જીવને અજીવ માને તો મિથ્યાત્વ, અજીવને જીવ માને તો મિથ્યાત્વ. એમ બોલે. પાછો કહે, અજીવની દશા હું કરું. વળી .. આવ્યું એ. જીવને અજીવ માને અને અજીવને જીવ માને. તો અજીવની અવસ્થા જે છે એ જીવ કરે. એનો અર્થ કે અજીવની અવસ્થાને જીવે કરી તો અજીવને જીવ માન્યો.

મુમુક્ષુ :- અજીવે ન કરી.

ઉત્તર :- અજીવે ન કરી, આત્માએ કરી. એ વાતની મશ્કરી કરે છે લોકો. સત્ય, ભગવાનનું કહેલું સત્ય સાંભળવા મળે નહિ. સાંભળવા તો અહીં .. ઘણા .. ઊંધા.

કહે છે, '**કારણ કે કોઈ દ્રવ્ય અન્યદ્રવ્યમય થઈ જાય...**' લ્યો, આખો સિદ્ધાંત. મહાસિદ્ધાંત. કોઈ દ્રવ્ય-વસ્તુ અન્યદ્રવ્યરૂપે થઈ જાય '**તો તે દ્રવ્યના નાશની આપત્તિ (દોષ) આવે.**' કહો, સમજાણું આમાં? એક આત્મા નહિ પણ એક પરમાણુ બીજા પરમાણુની અવસ્થા કરે. કહો, ચંદુભાઈ! પરમાણુ પરમાણુની તો કરે કે નહિ? જીવ ભલે પરમાણુની ન કરે. પણ એક પરમાણુ બીજા પરમાણુની પર્યાય કરે તો આ પરમાણુ પરિણામી બીજા પરમાણુની પર્યાય પરિણામ, બે એક થઈ જતાં ભિન્ન દ્રવ્યનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? આ મહાસિદ્ધાંત કીધો હોં! આ તો સિદ્ધાંત મૂક્યો.

પરની અવસ્થામાં પણ એક કર્મનો પરમાણુ પોતાની અવસ્થાને કરે, એ બીજા પરમાણુની અવસ્થા કરે તો બે પરમાણુ એક થઈ જાય. નિગોદના એક શરીરમાં અનંતા જીવ. બટાટા, શક્કરકંદ, લીલ-ફૂગ. લીલ-ફૂગ કહે છે ને? કાઈ-કાઈ. કાઈ. એક શરીરમાં અનંત જીવ. એ એક જીવ પોતાના પરિણામને કરે. કર્મના પરિણામને ન કરે. કર્મના પરિણામને કરે અને બીજો જીવ જોડે એના પરિણામને કરે તો એ જીવનો નાશ થઈ જાય છે. એમ કર્મના ઉદયના પરિણામ, કર્મના ઉદયના પરિણામ એ જીવના વિકારી પરિણામને કરે તો એ પરિણામી દ્રવ્ય આ પરિણામને કરે તો પરિણામ અને પરિણામી એક થઈ જાય છે. સમજાણું કાંઈ? આમાં છે ને.

'**કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યમય થઈ જાય તો તે દ્રવ્યના નાશની આપત્તિ (દોષ) આવે.**' સમજાણું કાંઈ? કર્મના ઉદયના પરિણામ એ જડ અને આત્માના વિકારી પરિણામ એ ચૈતન્યની ભૂમિકાના થયેલા. એ વિકારના પરિણામને કર્મના પરિણામ (કરે), વિકારના પરિણામને કર્મ કરે તો કર્મ પરિણામી, વિકાર પરિણામ પરિણામ. તો પરિણામ અને પરિણામી એક થતાં બીજા કર્મનો નાશ થઈ જાય છે. કર્મ જીવના પરિણામમાં ઘુસી ગયા. બરાબર હશે કે નહિ આ? કર્મ તો વિકાર કરાવે કે નહિ? બીજું .. રાખો ચાલો. નહિ. ભગવાન ના પાડે છે. હાથ ઘસીને કાપી નાખે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એક દ્રવ્યની અવસ્થા બીજા દ્રવ્યની અવસ્થાને, અવસ્થા કહો, પરિણામ કહો, પર્યાય કહો, અંશ કહો, એ અંશને બીજો અંશી કરે તો અંશી અને અંશ એક થઈ જાય છે. એ પરિણામનો બીજો પરિણામી કરે તો પરિણામ અને પરિણામી એક થઈ જાય છે. એ અવસ્થાનો બીજો અવસ્થાયી કરે તો અવસ્થા અને અવસ્થાયી એક થઈ જાય છે. બીજા દ્રવ્યનો નાશ થઈ જાય છે. આહાહા..! આ .. કર્યું હશે કે નહિ તમે બધાએ? ભારે!

ભગવાન કહે છે કે બાપુ! તું આત્મા છો ને ભાઈ! તે આત્માના અસંખ્ય પ્રદેશમાં અનંતા ગુણો છે. એ ગુણોની પરિણતિના પરિણામને જીવ કરે. એ સિવાય કાંઈ બીજા દ્રવ્યને અડે છે? કે બીજા દ્રવ્યના પરિણામમાં પોતે જઈ અને એના પરિણામ કરે ત્યાં પલટે છે અને એના ક્ષેત્રમાં જાય છે? સમજાણું કાંઈ? આ ભાષા નીકળે છે ને? એ ભાષાની પર્યાય આત્મા કરે તો ભાષાની પર્યાય પરિણામ છે, આત્મા પરિણામી. આને કરે તો આત્મા પરિણામી પર્યાય જડરૂપે થઈ જાય, ભાષારૂપ થઈ જાય. આત્મા રહે નહિ. આહાહા..!

'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી.' આવે છે ને? શ્રીમદ્‌માં આવે છે. 'અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.' અનંતુ અભિમાન ઉડી ગયું એનું. અરે..! હું કોનું કરું? કોને બગાડું? કોને સુધારું? અને કોનાથી હું બગડું? અને કોનાથી હું સુધરું? એવું વસ્તુમાં છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ ઈન્દ્રો સુધર્મ અને ઈશાન ઈન્દ્રની ઉપસ્થિતિમાં સમવસરણમાં આમ ફરમાવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! હે ઈન્દ્ર! તારો આત્મા..

પહેલા દેવલોકમાં ૩૨ લાખ વિમાન છે. સુધર્મ દેવલોકમાં. અને ૩૨ લાખ વિમાનમાં અસંખ્ય દેવ છે. સમજાણું કાંઈ? હે ઈન્દ્ર! તારા આત્માના પરિણામ મૂકીને તું એ વિમાનના કુદેવ-દેવીને અવસ્થાને તું કરતો નથી. એ તો સમકિતી છે. શક્રેન્દ્ર સમકિતી છે. એ કાંઈ માને નહિ. હું કોઈનો કર્તા નથી, મારા પરિણામ કોઈએ કર્યા નથી. હું મારા પરિણામ.. ખરેખર તો હું જ્ઞાની છું એટલે શુદ્ધનો જ કર્તા છું. આહાહા..! પરના પરિણામનો કર્તા તો નથી પણ પરના લક્ષે થયેલા વિકાર, સ્વના લક્ષવાળો હોય તે તેનો કર્તા થતો નથી. આહાહા..! ભારે ઝીણી વાત. સમજાણું કાંઈ? આમ બોલે કે માર્ગને અમાર્ગ માને તો મિથ્યાત્વ. કુમાર્ગને માર્ગ માને તો મિથ્યાત્વ. પણ માર્ગ-કુમાર્ગ કહેવો કોને એની ખબર ન મળે.

મુમુક્ષુ :- જૈન હોય એ..

ઉત્તર :- હા. એ જૈન એટલે આ.

વીતરાગ પરિણામ આત્માના સ્વભાવને આશ્રયે થાય, એને રાગથી ધર્મ માનનારા અજૈનને જૈન માને છે. આહાહા..! પચીસ મિથ્યાત્વ આવે છે ને? પચીસ મિથ્યાત્વ નથી આવતા?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


.. સૂત્રમાં બોલે આખો દિ'. .. મિથ્યાત્વને છોડું છું, સમકિતને અંગીકાર કરું છું. મિથ્યાત્વ કોને કહેવું અને સમકિત કોને કહેવું એનું ભાન ન મળે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શબ્દનું જ ભાન નથી. બોલે છે. આહાહા..! સમજાણું કાંઈ? વિજયમૂર્તિજી! શું છે? આ જુઓ! આ માર્ગ આવો છે.

'**કારણ કે કોઈ દ્રવ્ય અન્યદ્રવ્યમય થઈ જાય...**' બીજાના પર્યાયને-અવસ્થાને-હાલતને- કરવા જતાં તે દ્રવ્ય અન્યમય થઈ જાય '**તો તે દ્રવ્યના નાશની આપત્તિ (દોષ) આવે. માટે આત્મા વ્યાપ્ય-વ્યાપકભાવથી...**' કેટલા શબ્દ મૂક્યા છે! ભગવાન આત્મા વ્યાપક પોતે આત્મા અને પરિણામ તે વ્યાપ્ય. પોતાના પરિણામ વ્યાપ્ય અને પરિણામી આત્મા તે વ્યાપ્યવ્યાપકભાવે કરે. પણ પરના પરિણામ વ્યાપ્ય અને આત્મા વ્યાપક, પરના પરિણામ કર્મ અને આત્મા કર્તા, પરના પરિણામ અને આત્મા પરિણામી એ રીતે '**પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા નથી.**' સમજાણું કાંઈ? એય..! રતિભાઈ! છે આમાં કે નહિ આમાં? નિશાળના છોકરાને તો સમજાવી શકાય નહિ બરાબર? લ્યો! હુશિયાર શેના કહેવાય?

'**ભાવાર્થ :-**' છે ને? આત્મા વ્યાપ્યવ્યાપકભાવથી. એટલે પરના પરિણામ તે વ્યાપ્ય અને પરિણામી તે વ્યાપક. એ રીતે જો થાય તો દ્રવ્યનો નાશ થઈ જાય. માટે વ્યાપ્યવ્યાપકભાવથી પરદ્રવ્યસ્વરૂપ કર્મ એટલે કાર્ય, કાર્ય એટલે દશા એનો કર્તા આત્મા નથી. કહો, સમજાણું કાંઈ? '**એક દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય થાય તો બન્ને દ્રવ્યો એક થઈ જાય,...**' ભાવાર્થ. એક આત્મા બીજાના આત્માના પરિણામ કરે તોપણ એ પરિણામ અને પરિણામી એક થતાં દ્રવ્યનો નાશ થઈ જાય. એક રજકણ આત્માનું કાંઈ કરે તો એ રજકણના પરિણામ પરના પરિણામમાં ગયા.. વસ્તુનો નાશ થઈ જાય. એક રજકણ બીજા રજકણના પરિણામને કરે તો એ પરિણામમાં રજકણ જતાં એ પરિણામ-પોતાના પરિણામનો નાશ થઈ જાય. આહા..!

મુમુક્ષુ :- સાચું છે.

ઉત્તર :- સત્ય ત્રિકાળ સત્ય. એ જગતને માન્યે છૂટકો અને એ માન્યા વિના સત્યને શરણે એક ડગલું નહિ જાય. લાખ વાત કરે બીજી. માને આ કર્યા ને તે કર્યા. દુનિયા સમજશે તો એને આશીર્વાદ મળશે. ધૂળેય નહિ મળે, સાંભળને. અને એ સમજે તો એના પરિણામનો કરનારો છે. તારે લઈને ત્યાં પરિણામ થાય છે? તારે લઈને એ પરિણામ થાય છે? અને એ પરિણામનો તું કર્તા છો? એ પરિણામનો તો એ દ્રવ્ય કર્તા છે. મેં ઘણાંને સમજાવ્યા, ઘણાને ધર્મ પમાડ્યા. મૂઢ છો એમ કહે છે અહીં તો.

મુમુક્ષુ :- ધર્મ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- ધર્મ હતો કે દિ' પણ એની પાસે? ધર્મ તો પોતા પાસે છે. એનો ધર્મ એની પાસે રહ્યો. આનો ધર્મ અહીં છે. એય..! ભાષાને કાળે ભાષા નીકળે છે. ભાષાનો કાંઈ કર્તા આત્મા છે? એ તો જડ છે. આ જડ માટી રજકણ છે. એના પરિણામનો કર્તા આત્મા નથી. અને ભાષાના પરિણામ થવાના છે માટે ઈચ્છા થાય છે એમ નથી. ભાષાના પરિણામ તે કર્તા અને ઈચ્છા તેનું કાર્ય એમ થાય છે એમ વ્યાપ્યવ્યાપકપણું નથી. આહાહા..! ઓલા દાંત કાઢે. તમારે હમણાં વાંચતા હશે એમાં આવતું હશે બહુ. વાંચેલું ને. .. .. ઢીંકણું છે, ફીંકણું છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. લાગે છે એને.

'**કારણ કે કર્તાકર્મપણું...**' કર્તા એટલે કરનારો અને કર્મ એટલે કાર્ય. કાર્ય કહો, પરિણામ કહો, અવસ્થા કહો બધું એક છે. '**અથવા પરિણામ-પરિણામીપણું એક દ્રવ્યમાં જ હોઈ શકે.**' કર્તાકર્મ એટલે કરનારો દ્રવ્ય અને પરિણામ તેનું કર્મ. કર્મ એટલે કાર્ય. પરિણામ અને પરિણામીપણું. પરિણામ પર્યાય અને પરિણામી દ્રવ્ય, એક દ્રવ્યના જ હોઈ શકે. '**આ રીતે જો એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ થઈ જાય, તો તે દ્રવ્યનો જ નાશ થાય એ મોટો દોષ આવે. માટે એક દ્રવ્યને અન્ય દ્રવ્યનો કર્તા કહેવો ઉચિત નથી.**' હવે મહા ગાથા આવી ઊંચી. ૧૦૦મી ગાથા. ૧૦૦ નંબરની ગાથા. આહાહા..! સોએ સો ટકાની સત્ય એવી વાત છે. ૧૦૦મી ગાથા. આહાહા..!

'**આત્મા (વ્યાપ્યવ્યાપકભાવથી તો કર્તા નથી)...**' આત્મા પરના પરિણામ અને આત્મા પરિણામી એ રીતે તો કર્તા નથી. '**પરંતુ નિમિત્તનૈમિત્તિકભાવથી પણ કર્તા નથી...**' આહાહા..! છે ને? '**निमित्तनैमित्तिकभावेनापि न कर्तास्ति-**'

**जीवो ण करेदि घडं णेव पडं णेव सेसगे दव्वे।**
**जोगुवओगा उप्पादगा य तेसिं हवदि कत्ता।।१००।।**

નીચે હરિગીત.

**જીવ ન કરે ઘટ, પટ નહીં, જીવ શેષ દ્રવ્યો ન કરે;**
**ઉત્પાદકો ઉપયોગયોગો, તેમનો કર્તા બને. ૧૦૦.**

આહાહા..! કેવી વાત છે! જરી ધીરેથી સમજવા જેવી છે. આહાહા..!

'**ટીકા :- ખરેખર...**' ઘડાને કુંભાર કરે, રોટલીને સ્ત્રી કરે, પટને વણકર કરે, ભાલાને સુથાર કરે, મકાનને કડિયો કરે. સમજાય છે? એમ તો કરતો નથી. એમ ક્રોધાદિ. અંદર કર્મ જડની વાત છે, હોં! જડ કર્મ ક્રોધ, માન, માયા, લોભ જે પરમાણુ કર્મની અવસ્થા એને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**પરદ્રવ્યસ્વરૂપ કર્મ છે...**' કર્મ એટલે કાર્ય. ઘટ, પટ, .. .. સારો સરખો બનાવે. આંકણી નથી આવતી? આંકણી સમજો છો? .. ગોળો ગોળો. .. લાકડાની બને છે ને? શું કહે છે? આ ગોળ આંકણી નહિ કાગળ ઉપર લખવા? અમારા વખતમાં આંકણી હતી. એ આંકણી ગોળ અને એના ઉપર રંગ દીધેલો. રંગ દીધેલો. આમ નીચે રંગ.. ફરતો જાય આમ એકદમ. આંકણી થતી જાય. અત્યારે તો ... ફેરવવી ન પડે ને ટક... ટક.. ટક.. શું કહે છે એને? કહે છે કે આંકણી આત્મા કરતો નથી એમ કહે છે. એઈ..!

'**તેને આ આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી કારણ કે જો એમ કરે તો તન્મયપણાનો પ્રસંગ આવે;...**' તે રૂપપણાનો પ્રસંગ આવે. એ વાત ૯૯ સાથે મેળવી. સંધિ કરી. સમજાણું? '**વળી નિમિત્તનૈમિત્તિકભાવે પણ કરતો નથી...**' હવે અહીં સિદ્ધાંત ઝીણો છે. આત્મા નિમિત્ત અને તે પર્યાય નૈમિત્તિક. ઘડાની દશા, રોટલીની દશા, પટની દશા, ... દશા, મુદગળની દશા એ દશા નૈમિત્તિક અને આત્મા નિમિત્ત. એમ નિમિત્ત અને નૈમિત્તિકભાવે પણ કરતો નથી.

'**કારણ કે જો એમ કરે તો નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે.**' જીવ દ્રવ્ય જે છે, જીવ દ્રવ્ય જે છે વસ્તુ ભગવાન, એ જીવદ્રવ્ય જો નિમિત્તપણે નૈમિત્તિકની ક્રિયા કરે તો દ્રવ્યમાં કર્તૃત્વ ત્રિકાળ રહે. ત્રિકાળ રહેતા દ્રવ્યને કોઈ દિ' મુક્તિ થાય નહિ. જીવદ્રવ્યને નિત્યપણાનો પ્રસંગ આવે. એ રીતે જીવદ્રવ્ય વસ્તુએ પોતે જડની પર્યાયને નૈમિત્તિક દશાને જીવદ્રવ્ય જેમ નિમિત્તપણે પણ કર્તા નથી, એમ સમ્યગ્દૃષ્ટિ જીવ દ્રવ્યદૃષ્ટિ છે એ દ્રવ્ય જેમ પરની પર્યાયનો કર્તા નિમિત્તપણે પણ નથી. એમ સમ્યગ્દૃષ્ટિ પણ પરદ્રવ્યની પર્યાયનો નિમિત્તપણે પણ કર્તા નથી. ધ્યાન રાખજો આમાં કહેશે. પરની પર્યાયનો નિમિત્તપણે પણ કર્તા કોને કહેવો એ વાત કરશે. અજ્ઞાનીની વાત કરશે. આહાહા..! શું કહે છે સમજાણું? ભગવાન આત્મા ધ્રુવ ચૈતન્યમૂર્તિ. એ પરદ્રવ્યની અવસ્થા તો એને કાળે થાય. એને કર્તા થઈને તો કરે નહિ પણ નિમિત્ત થઈને કરે તો જ્યાં જ્યાં નૈમિત્તિક અવસ્થા થાય ત્યાં ત્યાં જીવદ્રવ્યને રહેવું પડે. એટલે જીવદ્રવ્યમાં રાગનો અભાવ, પરના લક્ષનો રાગનો અભાવ થઈને કોઈ દિ' સમકિત પણ થાય નહિ. સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો સમ્યગ્દૃષ્ટિ જીવ-ધર્મી જીવ પોતાનું જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે એની એને દૃષ્ટિ છે. તેથી જડકર્મ કે શરીરની અવસ્થા એને કાળે થાય અને નિમિત્તપણે પણ તે કર્તા નથી. સમજાય છે કાંઈ? જેમ જીવદ્રવ્ય, પરની અવસ્થા તેને કાળે થાય તેમાં નિમિત્તપણે પણ જીવદ્રવ્ય કર્તા નથી. જો કર્તાપણે હોય તો જીવદ્રવ્યને જ્યાં જ્યાં શરીર બને અને જ્યાં જ્યાં જે અવસ્થા નિગોદાદિની બને ત્યાં ત્યાં તેને નિમિત્તપણે જીવદ્રવ્યને રહેવું પડે. સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કાંઈ? સમજાણું? જીવ જે વસ્તુ ભગવાન જ્ઞાનાનંદ મૂર્તિ. આહાહા..! તે વસ્તુ જે આત્મા શરીર અને કર્મ આદિની અવસ્થાના કાળમાં જો નિમિત્તપણે એને હોય તો જીવદ્રવ્યમાંથી જ્યાં જ્યાં નિગોદના શરીર હો, ત્યાં પણ જીવદ્રવ્યને નિમિત્તપણે રહેવું પડે છે. એનું લક્ષ છોડીને આત્મા જ્ઞાનાનંદ છે એમ કોઈ દિ' બની શકે નહિ. સમજાણું કાંઈ આમાં?

કર્તા વ્યાપ્યવ્યાપક ભાવે તો નથી, પણ નિમિત્તનૈમિત્તિકભાવે (પણ કર્તા નથી), (પણ કર્તા માને) એટલે કર્મની અવસ્થા થાય તેમાં નિમિત્તપણે જીવ ન હોય, એમ બને નહિ. જો નિમિત્તપણે હોય તો એનો અર્થ થયો કે કર્મની અવસ્થાના કાળમાં કર્મ થાય, એની અવસ્થાના કાળમાં આને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કર્યા વિના રહે જ નહિ. તો જીવદ્રવ્યનો એ સ્વભાવ નથી. માટે જીવદ્રવ્ય પરવસ્તુને નિમિત્તપણે થાય એ પણ જીવદ્રવ્યના સ્વભાવમાં નથી. આહાહા..! એમ જેમ જીવદ્રવ્યના સ્વભાવમાં પરની અવસ્થાના કાળમાં નિમિત્તપણે થવું નથી, એમ સમ્યગ્દષ્ટિને પણ દ્રવ્યદષ્ટિ હોવાથી પર અવસ્થાના કાળમાં પોતે નિમિત્ત થાય એવું સમ્યગ્દષ્ટિને હોતું નથી. ઝીણી વાત છે.

પરની અવસ્થામાં નિમિત્તપણે પણ કોણ હોય? એ તો અજ્ઞાની જે જોગ અને ઈચ્છાનો કરનાર છે, જોગ અને ઈચ્છાનો જે કરનાર છે, જે અજ્ઞાનભાવે જોગ અને ઈચ્છાને કરે છે એ જીવ, પર અવસ્થા તો તેને કાળે થાય, પણ તેના કાળમાં અજ્ઞાનીના જોગ, ઉપયોગ નિમિત્ત કહેવાય છે. અજ્ઞાનીના જોગ અને ઉપયોગ નિમિત્ત છે. જ્ઞાનીના જોગ ઉપયોગ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ અજોગી જ છે, અજોગી જ્ઞાયકભાવ જ એનો છે. એ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગની જે પર્યાય ... એ એના દ્રવ્યમાં છે જ નહિ. સમજાણું કાંઈ?

સમ્યગ્દષ્ટિ જીવ જ્ઞાયકભાવની દષ્ટિ હોવાને લીધે તે પર અવસ્થાના કાળમાં સમ્યગ્દષ્ટિ નિમિત્તપણે પણ નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિના સ્વપરપ્રકાશના જ્ઞાનના કાળમાં તે જ્ઞાનમાં પર નિમિત્ત થાય છે આ બાજુમાં. પોતા પરમાં નિમિત્ત થાય છે એમ છે નહિ. આહાહા..! ઝીણી વાત છે. આ વાત અહીં કહેવા માગે છે. ૧૦૦મી ગાથા છે. આહાહા..!

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપ આત્માનું છે. એવી જે દષ્ટિ થઈ એ તો દ્રવ્ય જેમ પરમાં નિમિત્તપણે નથી, એમ દ્રવ્યદષ્ટિવંત પણ પરમાં નિમિત્તપણે નથી. આહાહા..! સમજાણું કાંઈ? પણ સમ્યગ્દષ્ટિમાં ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ જ્યાં અનુભવમાં આવ્યો એથી તેના જ્ઞાનમાં વર્તમાનમાં ખ્યાલ આવ્યો રાગ અને કર્માદિની અવસ્થા, એ બધું આત્માના પોતાથી થતાં જ્ઞાનમાં તે કર્મ અવસ્થા તેને નિમિત્ત જ્ઞાનમાં થાય. જે પરનું નિમિત્ત હતો જેનો જોગ, ઉપયોગ એ જોગ અને ઉપયોગનો એ ઉપયોગ એટલે ઈચ્છા, જોગ એટલે કંપન્ન. અને ઈચ્છા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ કંપન્ન અને ઈચ્છાનો કર્તા તન્મય થઈને એ મારું છે એમ માનીને છે, એ જીવના કંપન્ન અને ઈચ્છા જગતની અવસ્થાના કાળમાં નિમિત્તપણે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

કહે છે કે '**નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી કારણ કે જો એમ કરે તો નિત્યકર્તૃત્વનો (અર્થાત્ સર્વ અવસ્થાઓમાં કર્તાપણું રહેવાનો) પ્રસંગ આવે.**' સમજાણું? તો તો નિગોદના જ્યાં શરીર થાય ત્યાં પણ એને નિમિત્તપણે રહેવું પડે. તો કોઈ દિ' તેનું લક્ષ છોડીને ચૈતન્યમાં આવી શકે નહિ. દ્રવ્યદષ્ટિ કરી શકે નહિ. સમ્યક્ જ પામી શકે નહિ એમ કહે છે અહીં તો. આહાહા..!

મુમુક્ષુ :- દ્રવ્યદષ્ટિ..

ઉત્તર :- હા. એ પરવસ્તુની પર્યાયકાળે એને નિમિત્તપણે જો ઉપસ્થિત રહેવું પડે તો તો એ પર્યાયકાળે આઠ કર્મ બંધાય ત્યાં મિથ્યાત્વ અને રાગપણે પરિણમવું જ પડે એને. સમજાણું કાંઈ? ગજબ વાત છે!

સર્વજ્ઞ પરમેશ્વરનું કથન, એમાં સંતોએ મૂકી છે ટૂંકામાં ગાગરમાં સાગર સમાડી દીધું છે. ઓહોહો..! ભાઈ! કહે છે ને? તું વસ્તુ છો ને, ભાઈ! વસ્તુમાં રાગ અને દ્વેષ કેવા? એમાં કંપન્ન જોગ અને ઈચ્છા એ વસ્તુમાં કેવી? એ વિકાર છે. વિકાર તે વસ્તુમાં કેવો? વસ્તુ તો નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યઘન છે. એના જેને સ્વાદ આવ્યા એ રાગ વિનાનો ચૈતન્યનો સમ્યગ્દર્શનનો સ્વાદ આવ્યો છે. કહે છે કે એ કર્મની અવસ્થામાં નિમિત્ત થાય એવું એને રહ્યું નહિ હવે. ઈ આગળ કહેશે. જ્ઞાનાવરણી થાય તેને, જેમ ગોરસનો જોનાર જોવે છે, એમ જ્ઞાની જાણે છે કે આમ છે. મારામાં નહિ, આમ છે એમ જ્ઞાન કરે છે. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ!

'વીરનો માર્ગ છે શુરાનો તે કાયરના કામ નથી' પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર, ભાઈ! એ વીરના માર્ગ તો વીર જ ગ્રહણ કરી શકે. આહાહા..! ભગવાન આત્મા વસ્તુ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક અનંત ગુણનો પિંડ એવું દ્રવ્ય, એ દ્રવ્યને કોઈપણ ઘટની અવસ્થા કાળે એ દ્રવ્ય નિમિત્ત હોય તો જ્યાં જ્યાં ઘટ થાય ત્યાં ત્યાં દ્રવ્યને તે પ્રકારનો રાગ કરવો. પડે અને એકત્વ થઈને વિકારમાં રહેવું પડે. તો કોઈ દિ' વિકારનું લક્ષ છોડીને ચૈતન્ય દ્રવ્યનું સમ્યગ્દર્શન પામી શકે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કર્તા છે જ નહિ. સમ્યગ્દષ્ટિ ત્યાં... આવે છે ને ઓલું? મહાનંદિ. સમ્યગ્દષ્ટિ હતા, ચારિત્રથી ભ્રષ્ટ થયેલા. એ અવસ્થા એના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. એ અવસ્થામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પોતે નિમિત્ત થાય એમ નથી. આહાહા..! એ છે ને, ૭૫-૭૬માં આવી ગયું.

રાગના પરિણામ જ્ઞાનમાં નિમિત્ત થાય છે. જે સ્વનું ચૈતન્યમૂર્તિ છું એમ ભાન થયું ત્યારે સ્વપરપ્રકાશક જ્ઞાન પ્રગટ્યું ત્યારે રાગ અને પરની અવસ્થા તેને જ્ઞાનમાં નિમિત્ત થાય. નિમિત્ત એટલે જ્ઞાન તો પોતાથી થયું પણ નિમિત્ત થાય છે એટલું. આ આને જે નિમિત્ત થતો, મિથ્યાદષ્ટિ જીવ પોતાના ચૈતન્યસ્વરૂપને ભૂલી રાગ અને કંપનને પોતાના સ્વીકારે છે એનો કર્તા થાય છે, એ જગતની ચીજના અવસ્થાને તો કરતો નથી, પણ અવસ્થાના કાળમાં તેના ઈચ્છા અને કંપન નિમિત્ત કરે છે. એનો સંબંધ અજ્ઞાની સાથે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ આવો. આહાહા..! આમ ન હોય તો બીજી રીતે વસ્તુ હોઈ શકે શી રીતે?

જ્ઞાયક ચૈતન્ય પ્રભુ પરમાત્મા ચૈતન્ય દ્રવ્ય વસ્તુ એ તો જગતની ચીજની અવસ્થા તો એને કાળે ભલે થાય, પણ એના કાળમાં આનું નિમિત્તપણું રહે તો તો એનો અર્થ રાગ અને વિકારપણે રહ્યા જ કરે જીવ. તો તો રાગ અને દ્વેષપણે રહ્યા જ કરે. રાગ અને દ્વેષપણાથી રહિત થઈ શકે નહિ. માટે જીવ જે વસ્તુ છે એ જગતના કામ કરે એ જીવદ્રવ્ય તો નિમિત્ત પણ નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અજ્ઞાનીને નિમિત્ત છે અજ્ઞાન. એના જોગ અને ઉપયોગ. એનું દ્રવ્ય નહિ. એને દ્રવ્ય નથી અને દ્રવ્યદષ્ટિ નથી. અજ્ઞાની જોગ અને ઈચ્છાનો કર્તા છે. તેથી પરદ્રવ્યની પર્યાયકાળે એની ઈચ્છા અને જોગ નિમિત્ત છે. તેને નિમિત્ત કર્તા ઓલાનો કહેવામાં આવે છે. એ જોગ ઉપયોગનો કર્તા છે માટે. જગતની અવસ્થા કાળે એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં?

અહીં તો કહે છે કે વ્યાપ્યવ્યાપકપણે તો કર્તા આત્મા છે જ નહિ. એટલે કે પરિણામ અને પરિણામીપણે બીજા દ્રવ્યના પરિણામ અને આ પરિણામી એવું તો બનતું જ નથી. એવું તો ત્રણ કાળમાં થતું નથી. એની અવસ્થા પરની અને આ અવસ્થાયી એમ તો કોઈ દિ' બને નહિ. પણ એ આત્મા જગતની રોટલી કાળે, દાળ, ભાત, શાક કાળે, મકાન કાળે, રથ, ઘટ, પટ કાળે, ખોટા દાગીના બનતા હોય ત્યારે .. એ બનવાના કાળે એ બને. પણ એમાં નિમિત્તપણું સમ્યગ્દષ્ટિનું નથી. દ્રવ્યનું નિમિત્તપણું નથી એટલે સમ્યગ્દષ્ટિ પણ દ્રવ્યદષ્ટિ છે તેથી એને લક્ષ ખરેખર નથી. એ રાગ અને વિકલ્પનો પોતાનો સ્વીકારતો નથી. જોગ અને વિકલ્પ પરમાં ચાલ્યા જાય છે. એટલે જ્ઞાતા-દષ્ટા રહેનાર તે પરની અવસ્થામાં નિમિત્તપણે પણ છે નહિ. એના જ્ઞાનમાં ... તો નિમિત્તપણું થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આની વિશેષ વાત કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૮, રવિવાર તા. ૨૦-૧૧-૧૯૬૬**
**ગાથા-૧૦૦, પ્રવચન-૧૯૩**

કર્તાકર્મ અધિકાર. ૧૦૦ ગાથા. એની ટીકા. કેટલાક નવા આવ્યા છે ને ઘણા. ટીકા લેવી છે ને ફરીને? અહીંયાં ઘણા નવા છે. જુઓ! આ શાંતિથી સમજવા જેવી મહા ચીજ છે. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ કેવળજ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક ભગવાને જોયા. એમાં અનંત પદાર્થ ભગવાને આત્માઓ અનંત અને અનંત પરમાણુઓ આ રજકણ જોયા. એમાં ક્યા દ્રવ્યની પર્યાયનો કોણ કર્તા છે એની વ્યાખ્યા અહીં ચાલે છે. ઈશ્વર કર્તા તો નથી આ જગતની અંદર પણ ઈશ્વર કોઈ ચીજ નથી કે આ જગતની ચીજ કરે. જગતની અંદર છ દ્રવ્યો ભગવાનના જ્ઞાનમાં અનંતા આત્માઓ, અનંતા પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એમ ભગવાને કેવળજ્ઞાનમાં છ દ્રવ્ય જોયા. જાતિએ. સંખ્યાએ અનંત. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ. હવે કહે છે કે આત્મા પરદ્રવ્યની અવસ્થાને કઈ રીતે કરી શકે છે દશાને? વસ્તુ છે કે નહિ આત્મા અને બીજા પદાર્થો અનંતા? તો એમાં પરના કાર્ય આત્મા કરી શકે છે કે કેમ? અને કરી શકે તો કઈ રીતે કરી શકે તેમ કહેવાય છે. સમજાણું કાંઈ?

'**ટીકા :- ખરેખર...**' પહેલો શબ્દ છે. '**જે ઘટાદિક...**' થાય છે. ઘડો, વસ્ત્ર, મકાન, સમજાણું? ગાડા, લાકડા, ફોટા, મુદગળ, મુગટ આદિ જે જગતની પદાર્થની પર્યાય થાય છે એ ઘટ આદિ અને ક્રોધાદિ અંદર કર્મ, ક્રોધ એટલે કર્મની વાત થાય છે અત્યારે, જડ કર્મ જે થાય છે ને અંદરમાં? ચારિત્રમોહનું કર્મ, દર્શનમોહનું કર્મ, જ્ઞાનાવરણી આદિ આઠ કર્મની જડની અવસ્થા અંદરમાં થાય છે. અને બાહ્યમાં ઘડો, પટ, વસ્ત્ર આદિ થાય છે.

કહે છે કે એ '**પરદ્રવ્યસ્વરૂપ કર્મ...**' કર્મ એટલે કાર્ય. એ પરદ્રવ્યસ્વરૂપ કર્મ. કર્મ એટલે એની પર્યાય. પર્યાય એટલે એનું કાર્ય. '**તેને આ આત્મા...**' વ્યાપ્ય એટલે અવસ્થા અને વ્યાપક એટલે દ્રવ્ય. વ્યાપ્ય એટલે પરિણામ અને વ્યાપક એટલે પરિણામી પદાર્થ. એ રીતે તો કરતો નથી. સમજાણું કાંઈ? ઘડાને, વસ્ત્રને, રોટલીને, દાળને, ભાતને, શાકને, કપડાના જે બંડલો હોય એને આમ ફેરવવા, આમ કરવા એ બધી ક્રિયા જે જડની છે તેને આત્મા પરની અવસ્થાના પરિણામ અને આત્મા પરિણામી, પરની અવસ્થા વ્યાપ્ય એટલે કાર્ય અને આત્મા કર્તા, એ રીતે તો કોઈ દિ' હોઈ શકતું નથી. કહો, સમજાય છે કાંઈ આમાં?

મુમુક્ષુ :- ... ન કરવો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- શું કામ ન કરવું? કે દિ' કરતો હતો? મફતનો મૂઢ માને છે. એય..! વલ્લભદાસભાઈ!

અહીં તો પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા, જેના એક સેકન્ડના અસંખ્યભાગમાં સર્વજ્ઞપદ પ્રગટ્યું એવા અનાદિથી કેવળીઓ છે. કાંઈ નવા નથી. અનાદિથી સર્વજ્ઞ પરમેશ્વરની હાજરી કોઈ દિ' મનુષ્ય ક્ષેત્રમાં ગેરહાજરી હોય એવું બન્યું નથી. અનંત કાળથી મનુષ્યક્ષેત્રમાં સર્વજ્ઞની ગેરહાજરી હોય એમ કોઈ દિ' બન્યું નથી. સમજાય છે કાંઈ? અનંત કાળ પહેલા પણ સર્વજ્ઞ હતા, અત્યારે પણ પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ બિરાજે છે. ભવિષ્યમાં પણ સર્વજ્ઞ પરમેશ્વરો થયા જ કરશે. અને સિદ્ધપણે સર્વજ્ઞ જે છે એ તો અનંત છે. એ સિદ્ધ સર્વજ્ઞ પરમેશ્વરે જે આ અનંતા પરમાણુઓ (જોયા), આ કાંઈ મૂળ ચીજ નથી, આ તો ઘણા રજકણનો પિંડ છે, ઘણાં પરમાણુઓનું દળ છે આ. એ આ ઘટપટ આદિ બધું મકાન ઘણા રજકણનો જથ્થો, એની અવસ્થાને આત્મા ખરેખર તેને વ્યાપ્ય એટલે તેની અવસ્થા, તેનું કાર્ય અને આત્મા કર્તા એ રીતે તો બની શકતું નથી. કહો, સમજાય છે કાંઈ?

જુઓ! આ હોઠ છે ને આ હોઠ? આ હાલે છે ને? એ હોઠની અવસ્થા છે એને આત્મા વ્યાપ્ય એટલે આ અવસ્થા એનું કાર્ય અને આત્મા એનો કર્તા ત્રણ કાળમાં નથી. સમજાણું? ઘટાદિ શબ્દ છે ને? ઘટાદિમાં બધા બાહ્ય પદાર્થ લેવા. અને અંદરમાં જ્ઞાનાવરણી આદિ આઠ કર્મ જે છે, એ કર્મ પરમાણુની અવસ્થા છે જડની. તો એ જડની જે અવસ્થા છે કર્મની અને આ બાહ્ય નોકર્મની આ બધી અવસ્થાઓ જે થાય છે, એને આત્મા એ અવસ્થા પરિણામ એટલે વ્યાપ્ય એટલે કાર્ય એટલે દશા અને આત્મા કરનારો, પરિણામી, અવસ્થાયી એમ તો કોઈ દિ' બનતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? વલ્લભદાસભાઈ!

કેમ કે જે વસ્તુ છે, જે કાંઈ આ જગતમાં પદાર્થ છે-આત્માઓ અનંત કે અનંત પરમાણુઓ આ, એમાં અનંત ગુણ છે દરેકમાં. તેની દરેક ક્ષણે, દરેક ક્ષણે તેની અવસ્થા આત્માની કે રજકણની પોતાને કારણે અવસ્થારૂપી વ્યાપ્ય થઈ રહ્યું છે. એ અવસ્થાનું વ્યાપક તે તે દ્રવ્ય છે. એ દ્રવ્ય કર્તા છે. વ્યાપક કહો કે કર્તા કહો. એની વર્તમાન અવસ્થા તેનું વ્યાપ્ય કહો કે તેનું કર્મ કહો કે તેનું કાર્ય કહો. સમજાણું કાંઈ?

**'તેને આ આત્મા વ્યાપ્યવ્યાપકભાવે...'** આહાહા..! ભારે! જગતને અભિમાન છે ને એટલું બધું અભિમાન જાણે.. આહાહા..! કંઈક ઉથલાવી નાખીએ. કંઈકના કાંઈકના કાંઈક.

મુમુક્ષુ :- ઘણાંયને ઉથલાવી નાખ્યા.

ઉત્તર :- ધૂળમાંય ઉથલાવ્યા નથી. મૂઢ છે. માને છે કે આ મેં કર્યું છે. કરી કોને શકે? ચીજ છે કે નહિ પર? અને ચીજ છે એ કાયમ રહે છે કે નહિ? અને કાયમ રહીને એમાં કાંઈ બદલવાની દશા થાય છે કે નહિ? બદલવાની દશાનો કરનાર એ દ્રવ્ય-બીજું દ્રવ્ય છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ આંગળી ચાલે છે એ અવસ્થા છે, એ વ્યાપ્ય છે. એનું વ્યાપક એના રજકણો છે. એ રજકણ તે અવસ્થાનો કર્તા છે. ભગવાન આત્મા એની અવસ્થાને કરે તો એ અવસ્થા પરિણામ અને આત્મા પરિણામી, એ કર્મ અને આત્મા કર્તા, બે એક થઈ જાય છે. દ્રવ્યોની અનેકતાની ભિન્નતા રહેતી નથી. સમજાણું કાંઈ? ભારે ઝીણું, ભાઈ! ભોગીદાસભાઈ! માણસને જૈનમાં રહેલાને સાંભળ્યું નહિ હોય બિચારા. એમ ને એમ વાડામાં જન્મ્યા અને મૂઢપણે એમ ને એમ ચાલ્યે જાય. મોટા મોટા સાધુએ સાંભળ્યું નથી આ શું છે ચીજ. સમજાણું કાંઈ? આહાહા..! હવે એટલી તો વાત થઈ.

'**કારણ કે જો એમ કરે...**' કારણ આપે છે. '**તો તન્મયપણાનો પ્રસંગ આવે;...**' આત્મા પરવસ્તુની અવસ્થાને કરે, આ હોઠની અવસ્થાને, આ ભાષાની અવસ્થાને, આ આંગળીની અવસ્થાને જો આત્મા કરે તો એ અવસ્થાની સાથે આત્માનું એકરૂપપણું થઈ જાય. આત્મા એમાં ભળી જાય. જેની અવસ્થા આત્મા કરે એમ જો થાય તો આત્મા એમાં ભળી જાય. તો એમ તો બનતું નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

આ પરજીવની દયાના પરિણામ કરે પણ પરજીવની દયા પાળી શકે નહિ ત્રણ કાળમાં. એમ કહે છે. વાંધા ઉઠે ત્યાં બધા. અહીં હજી ઘટપટમાં આવે ત્યાં સુધી વાંધા નહિ. બીજો જીવ અને બીજાનું શરીર, બીજાનું શરીર અનંતા રજકણનો પિંડ છે શરીર માટી અને એનો જીવ. બે આમ રહ્યા છે જોડે. હવે એનું જીવન છે એ એની પોતાની પર્યાયને કારણે ત્યાં ટક્યા છે. એને બીજો જીવ કહે કે મેં આને ટકાવી રાખ્યા, મેં આની દયા પાળી, મેં આની અવસ્થાને રચી, તો કહે છે કે ત્રણ કાળમાં એમ બનતું નથી. જો એમ બને તો એ પર્યાયમાં આત્મા ધસી જાય, ઘૂસી જાય. આત્મા એમાં ઘૂસી જાય તો આત્માનો અભાવ થઈ જાય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ આ બધા વેપાર કરો છો તમે. ભરૂચમાં દુકાન મોટી માંડી છે તો આ ફલાણું-ઢીંકણું એ કોણ કરે છે? શું હશે આમાં? આ બધા હુશિયાર માણસ કેટલાક કહે ને ઘણું કરીએ, દુકાને થડે બરાબર બેસીએ આપણે. બરાબર બોલવું, આમ બોલવું, ઘરાકની સાથે.. ઘરાકની રજ પણ ક્યાંથી બાપા! એમ કહે. ઘરાકની પગની રજ પણ ક્યાં, બાપા! એને સમજાવ્યું. ફલાણું કરજે. રજ ક્યાં. માટે આપણે એને મીઠી ભાષાથી કહેવું. એલા! ભાષા તારી છે તો તું કરી શકે ભાષા? ભાષા તો જડની છે. એ અવાજ ઉઠે છે એ પરમાણુની પર્યાયનો અવાજ ઉઠે છે. આત્મામાં છે આ રજકણો આ ભાષા જડના? ભગવાન તો અરૂપી આત્મા છે. સમજાણું કાંઈ? ભારે વાત!

એ રજકણની અવસ્થા ધ્વનિ ઉઠે છે. એ અવસ્થાનો કર્તા આત્મા જો થાય તો અવસ્થામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા ગરી જાય. ગરી જતા આત્મા ભિન્ન રહેતો નથી. એમ એક પણ રજકણ બીજા રજકણની અવસ્થાને કરે તો એ રજકણનો અભાવ થઈને બીજી અવસ્થામાં ભળી જાય તો એમ કોઈ દિ' બની શકતું નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ આ. બરાબર હશે? હિંમતભાઈ! આ શું હશે લોઢા-બોઢાના કોણ .. હશે બધાય? આહાહા..! અરે..! ભગવાન! સાંભળને ભાઈ! તને ભ્રમ પડ્યો છે, હોં! તેથી તને ભગવાન આત્મા શું છે એને જોવાનો વખત મળતો નથી. આહાહા..! તું છો તેમ તે પણ છે. ઓલું કહ્યું હતું ને? તું તે. ઓલો ભાઈ નહિ? સમજ્યા વિના. મોતીલાલ મોતીલાલજી હતા ને? એક પરમહંસ થઈ ગયેલા. કાંઈ ભાન ન મળે. બધા વ્યાખ્યાનમાં આવતા અમારે રાજકોટમાં છે. રેલના ઉપરી હતા. ૮૦૦નો પગાર હતો. કાંઈ ખબર ન મળે. બધા હજાર હજારના પૂછડા વળગ્યા ગયા હોય, બાર બાર હજારના ભાન ન મળે કાંઈ. પૂર્વના પુણ્યના લઈને ઓલા પૈસા-બૈસા આવતા હોય ને ત્યાં ઓલો ડહાપણ જાણે હું હુશિયાર. લ્યો! મૂઢ છો. પૈસા તારા છે? આ પૈસાના રજકણ છે. એ રજકણોની દશા છે. એ દશાનું તારાથી આવવું થાય તો એ અવસ્થામાં તારો પ્રવેશ થઈ જાય, તો તારો અભાવ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

નોટુ-બોટું છે ને? આ નોટું. નોટ છે એ અનંતા રજકણનો પિંડ છે. એક રૂપિયો પણ અનંતા રજકણનો એક જથ્થો છે. તો એ રૂપિયાની અવસ્થા આમ દીધી એ ક્રિયા જે થઈ એ રજકણે પોતે કરી છે. એ અવસ્થાને આત્મા કરે એમ માને તો આત્માનો નાશ થઈને આત્મા પરની અવસ્થામાં ભળી જાય છે. આહાહા..! ભારે વાત પણ ભાઈ! હજી તો આકરી બીજી વાત આવશે, હોં! હવે. આ તો હજી સ્થુળ વાત છે.

'**કારણ કે જો એમ કરે તો...**' કારણ આપે છે ને. ન્યાય, યુક્તિ, લોજીકથી વાત કરે છે આચાર્ય. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે જે કહ્યું છે, પરમેશ્વર જે કેવળજ્ઞાની પરમાત્માએ કહ્યું તે વાણી અહીંયાં કહે છે. સાંભળ ભાઈ! એક આત્મા અથવા એક તત્ત્વ બીજા તત્ત્વની અવસ્થાના ભાવને પર્યાયને, પરિણામને કરે તો તે પરિણામ અને તે કરનારો પરિણામી બે એક થઈ જાય તન્મય, તદ્રૂપ, તે-રૂપ, તે ભાવે તે રૂપ થઈ જાય. એમ તો કોઈ દિ' બનતું નથી. માટે તે પરનો કર્તા ત્રણ કાળમાં છે નહિ.

મુમુક્ષુ :- પરનો કર્તા થાય અને તન્મય ન થાય, એમ ન બને?

ઉત્તર :- કર્તા થાય અને તન્મય (ન થાય), એ વળી કહે છે. નીકળ્યા છે, પાક્યા છે અત્યારે એવા. કે પરનું કરવું ખરું. સોનું સોનાના દાગીના કરે, પણ દાગીનામાં એકમેક ન થાય. પણ સાંભળ તો ખરો. એકમેક થયા વિના કરે ક્યાંથી? કરતો નથી. સોનાના રજકણો એનો પિંડ છે એની અવસ્થા ત્યાં દાગીનાની થાય છે. એ હથોડીથી નહિ, એરણથી નહિ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હાથથી નહિ અને સોનીથી નહિ. આહાહા..! ભારે જગતને. એટલી જગતની ઊંઘાઈ માંડી છે ને કે એને સત્ હાથ આવતું નથી. આ સમજ્યા વિના ધર્મ કરવા જાય. ધૂળમાંય ધર્મ ન થાય, સાંભળને! ધર્મનું તને તો ભાન નથી હજી. એક વસ્તુ જ્ઞાનમાં અનંત તત્ત્વો કેમ છે? કઈ રીતે થયા એનું તો જ્ઞાન કરતો નથી, એનું તને ભાન નથી અને તને ધર્મ થઈ જાય? સમજાણું કાંઈ? ક્યાં ગયા જયંતિભાઈ? છકાયના કુટો ન કરવો. આ ભાષા. અહીં કહે છકાયનો કુટો આત્મા ત્રણ કાળમાં કરી શકતો નથી. એઈ..! લખો ને સવંત્સરી થઈ જાય પછી? છ કાયના પીયર, છ કાયના ગોવાળ..

મુમુક્ષુ :- શાસ્ત્રમાં કથન છે.

ઉત્તર :- શાસ્ત્રમાં એ તો નિમિત્તના કથન છે. કરી શકે કોણ? સાંભળને! આ તો શું કહેવાય છે? જીવ વસ્તુ છે કે નહિ? પદાર્થ છે કે નહિ? અને શરીર એક વસ્તુ છે કે નહિ? તો તેનું રહેવું, ટકવું, બદલવું એને આધીન છે. બીજો કહે કે આનો કૂટો કરી શકું, આની દયા પાળી શકું એમ માનનાર આત્મા તેમાં ભળી જઈને આત્મા તન્મય થઈ જાય તો એ પોતાનો નાશ થઈને મહા મોટો દોષ આવે છે. માટે એ કરી શકતો નથી. ચંદુભાઈ! આહાહા..! આવી વાત તે ભગવાને કીધી હશે? આ તો દયા પાળવી, કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવો આવું તો અમે સાંભળીએ જૈનમાં. સાંભળ તો ખરો હવે, ભાઈ! તને ખબર નથી.

એ વીતરાગના માર્ગની, વીતરાગે કહેલા તત્ત્વની તને ખબર નથી. રોટલા ન ખાધા. રોટલા છે એ તો જડ પદાર્થ છે. એ જડ પદાર્થ આત્મા ખાઈ શકે છે? એની અવસ્થા કરી શકે છે? અને એ આવતા હોય એને રોકી શકે છે? આવતા હોય એ રજકણોના દળ છે-પિંડ છે એ તો રોટલો પરમાણુ, માટી, ધૂળ. એની અવસ્થા છે. એ અવસ્થા થયેલી અહીંયાં આવે એને આત્મા કરે છે? એનો ભૂકો અહીં કરે અંદરમાં એ આત્મા કરે છે? એ તો કરતો નથી પણ આ દાંતથી ભૂકો એનો થાતો નથી એમ કહે છે અહીં તો. સાંભળને. દાંતના રજકણો જુદા છે, રોટલીના રજકણ જુદા છે. જુદા રજકણની અવસ્થા એ એનાથી થાય. એને દાંત કરે તો દાંતની અવસ્થાવાળો દાંત એની અવસ્થામાં ભળી જાય અને એકમેક થઈ જાય છે. તો ભિન્ન ભિન્ન તત્ત્વો રહેતા નથી. બહુ ..રામજી! આવો ધર્મ ભારે નીકળ્યો કહે છે. એક જણો કહે કે ક્યારથી આવો કાઢ્યો? અરે..! સાંભળ અનાદિનો છે. તેં સાંભળ્યો નહોતો એટલે? એક જણ બિચારો છોકરો પૂછતો હતો. મહારાજ! આવો નવો ધર્મ કેટલા સમયથી? કીધું, ૩૨ વર્ષથી અહીં રહીએ છીએ. નવો નથી. નવો તો અનાદિનો ભગવાને કહેલો છે. એ તો બિચારો પ્રેમથી પૂછતો હતો. આમાં ઓલા આવ્યા હતા ને? ૧૪૦૦ છોકરાઓ. એન.સી.સી. અને ૧૪૦૦ કોલેજના આવ્યા હતા. ૯૦૦ હાઈસ્કૂલના આવ્યા હતા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એમાં આપણા જૈનના પણ હોય ને કેટલાક? આવે બિચારા દર્શન કરવા આવે. અહીં આવે. બિચારા પ્રેમથી હોં! અહીંના બધા જાણીતા. માણસોને બધાને પ્રેમ હતો ને બધાને. બધા.. ... મુહપતિ ગઈ અને મૂર્તિ આવી હાય.. હાય.. અરે..! સાંભળને હવે. સમજાણું કાંઈ? સૌને વેશ દેખે ને તો આ પ્રમાણે. હવે વેષ પણ કે દિ' જડનો? આ તો જડ છે, માટી છે. સમજાણું?

અહીં કહે છે કે પરદ્રવ્યની અવસ્થા રૂપાતંર જે થાય રોટલીનો ભુક્કો (થાય), એ અવસ્થાનો કરનાર એ રોટલીના રજકણો છે તેનાથી અવસ્થા થાય છે. દાંતથી નહિ, આત્માની ઇચ્છાથી નહિ. આત્મા જાણે કે આ કટકા થાય એવું જ્ઞાન કર્યું માટે નહિ. સમજાણું કાંઈ? જો એમ થાય, પરદ્રવ્યની અવસ્થાને કરી શકે જો આત્મા તો એ અવસ્થાની દશામાં અવસ્થાયી ભળી જાય. તો એ અવસ્થાયી જુદો રહી શકે નહિ. તો એમ તો કોઈ દિવસ બનતું નથી. સમજાણું કાંઈ? આ બધા આવ્યા લાદીવાળા. આમ આવો અંદર. આ લાદી કરી શકતા નથી એમ આવે છે અત્યારે.

મુમુક્ષુ :- એ ક્યાં કરે છે? નોકર કરે છે.

ઉત્તર :- નોકર એનો બાપ પણ કરતો નથી.

મુમુક્ષુ :- શેઠિયા તો પૈસા કમાય.

ઉત્તર :- પૈસા પણ કમાતા નથી. ધૂળ છે. પૈસા કમાતો હશે આત્મા? આત્મા પરદ્રવ્યને કમાતો હશે? મૂઢ છે એમ અહીં તો કહે છે. પરદ્રવ્યના રજકણો પૈસા નોટું રજકણો ધૂળ પુદ્ગલ પર્યાય છે. પુદ્ગલાસ્તિકાય તત્ત્વ છે. ભગવાને છ દ્રવ્ય જોયા એમાં પુદ્ગલાસ્તિ તત્ત્વ છે. અને એ પુદ્ગલાસ્તિકાય અનંત પદાર્થ છે. એ અનંત પદાર્થની અવસ્થાનું થવું, પરિણામનું થવું, બદલવું થવું, ક્ષેત્રાંતરનું થવું કે રૂપાંતરનું થવું, તે તે અવસ્થા તે તે પુદ્ગલ કરનાર છે. બીજો કહે કે મારાથી થાય તો તે પર્યાયમાં આનું ઘૂસી જવું થાય છે. તેથી તે આત્માનો નાશ થાય અને એમ કોઈ દિ' બનતું નથી. માટે પરની અવસ્થા વ્યાપ્યવ્યાપકપણે પણ કરતો નથી. એટલે કે પર્યાયને પર્યાયવાનપણે કરતો નથી. એટલે કાર્યને કર્તાપણે કરતો નથી. કહો, સમજાણું આમાં? કહો, કામદાર! સમજાય છે કે નહિ આમાં? કેમ ઘોડો લઈને જતા હતા ગોપાલજી કામદાર અને ગામડામાં ફરતા હતા ને? સવાર પડે ને ઘોડાને માથે ચડે અને જાય. મરવા ટાણા આવ્યા તો લોહી નીકળ્યા લોહી. રોકી દેને. લોહી નીકળે છે ને આ? બહુ અંદર કાઢવા પડે... બાપુ! એ જડની દશા છે, ભાઈ! તને ખબર નથી. એ જડના રજકણોની લોહીપણે અહીં આવીને જામે. શેર-બશેર નીકળે ત્યાં મરી જાય. થઈ રહ્યું પછી તો. મરી જાય એટલે દેહ છૂટી જાય. બીજું તો શું? મરવું ક્યાં? આત્મા ક્યાં મરે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે અને જડ ક્યાં મરે છે? સમજાય છે? એને એમ થઈ જાય કે આ બધું આહા..! અરર..! આ શું આવ્યું?

એક જણાને તો મોઢામાં ઊલટી એમાં વિષ્ટા આવી. આ આંતરડું છે ને મોટું? એવી ઊલટી થઈ. અમારા આણંદજીના સાસરાને. અહીં દામનગર. પહેલા ગુજરી ગયા ત્યાં. અહીંનો લોચો અહીં આવ્યો આમ કઠણ વિષ્ટા. બાપુ! એ રજકણની અવસ્થા છે, ભાઈ! એ તારાથી આવી નથી અને એ થયા વિના એ પ્રમાણે રહી નહિ. એ અવસ્થાને આત્મા કરતો નથી. આત્માએ કરી છે નહિ, એને આવે અને એને રોકે એમ આત્માનું કાર્ય છે નહિ. એમ કહે છે. કાઢી નાખે એ કાર્ય આત્માનું છે નહિ એમ કહે છે. આહાહા..! આ બળખા આવે ને બળખા? આ ક્રિયા પરમાણુની છે. આત્માએ કર્યું એ પરમાણુની પર્યાય એમ કહે તો ખોંખારાની પર્યાય જડની છે. અવાજ છે એ પરમાણુની (પર્યાય છે). આત્મા કરે તો આત્મા એમાં ભળી જાય જડમાં. આત્મા ચૈતન્ય તે જડ થઈ જાય. એમ કોઈ દિ' બનતું નથી. આહાહા..! એય..! પોપટભાઈ! સમજાણું આમાં?

હવે બીજી વાત. '**વળી નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી...**' હવે તો કહે છે. આ વાત વધારે આવે છે. સમજાણું કાંઈ? એટલે કે ઘડાને કુંભાર કરતો નથી, કુંભારની અવસ્થા તે ઘડાની અવસ્થામાં પેસતી નથી. માટે ઘડાની અવસ્થાને કુંભાર કરતો નથી. રોટલીની અવસ્થાને તાવડી કરતી નથી. રોટલીની અવસ્થાને અગ્નિ કરતી નથી, રોટલીની અવસ્થાનો ભૂક્કો દાંત કરતો નથી. તે રીતે તે તે પરમાણુની અવસ્થા અને તે તે બીજું દ્રવ્ય એનો એ પર્યાય કરે એનું દ્રવ્ય. બીજું કરતું નથી.

હવે એ તો નથી પણ નિમિત્તનૈમિત્તિકભાવે પણ કરતો નથી. આહાહા..! જે અવસ્થા થાય છે આ લોટની, આ ઘટની, પટની તે તે અવસ્થાના કાળમાં તે તે ઘટપટની અવસ્થા થઈ. તેને આત્મા નિમિત્તપણે પણ કરે એમ નથી. વ્યાપ્યવ્યાપક એટલે પરિણામ અને પરિણામી, અવસ્થા અને અવસ્થાયી, કર્મ અને કર્તા એમ તો છે નહિ. કર્મ એટલે કાર્ય. પણ જે અવસ્થા ઘટપટ વસ્ત્ર રોટલી આદિ થાય, શરીરાદિ અવસ્થા થાય એ અવસ્થા તો તેને કારણે થઈ. આત્મા એમાં વ્યાપીને પેઠો નહિ. આ અવસ્થાને આત્મા નિમિત્તપણે જોડે નિમિત્ત છે માટે આ થાય છે એમ પણ નહિ. ધ્યાન રાખજો ઝીણી વાત છે થોડી.

મુમુક્ષુ :- .. અંધારું.

ઉત્તર :- અંધારું અનાદિથી ચાલે છે ને. જૈનનો સાધુ પણ થયો, ક્રિયાકાંડ કરી કરીને મરી ગયો. પણ તત્ત્વની દૃષ્ટિના ભાન વિના કાંઈ જન્મ-મરણ ઘટ્યા નહિ. સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર નવ તત્ત્વો અથવા સાત તત્ત્વો જે ભિન્ન ભિન્ન છે તેની હજી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને ખબર નથી. ખબર વિના જુદા જુદાના ખબર વિના જુદો પરથી કેમ પડે? સમજાય છે કાંઈ? અહીં કહે છે કે ભગવાન આત્મા પર વસ્તુની અવસ્થાની દશાને, થતી દશાને તે દશાના કાર્યને જીવ કરતો તો નથી પણ કરેલી દશા કાળે જીવ એના નિમિત્તપણે છે અને એ દશા નૈમિત્તિક છે, નૈમિત્તિક અવસ્થા છે એમ પણ નથી.

'**નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી કારણ કે જો એમ કરે તો નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે.**' શું કહે છે? બે વાત કરી. પરદ્રવ્યની અવસ્થાને-કાર્યને આત્મા કરે તો બે એક થઈ જાય. એક વાત. અને પરની અવસ્થા થવા કાળમાં જીવ વસ્તુ જે છે, જીવ પોતે દ્રવ્ય, એ વસ્તુ જો એને નિમિત્ત થાય, વસ્તુ જો નિમિત્ત થાય... સમજાણું કાંઈ? તો '**નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે.**' બે ન્યાય આપ્યા.

એક તો આ આત્મા, રજકણો આદિ બધી અવસ્થાઓને-અવસ્થાને કાર્યપણે કરે તો વસ્તુ એકમેક થઈ જાય. માટે એમ બનતું નથી. પણ વસ્તુની અવસ્થાના કાળમાં આત્મા જો નિમિત્તપણે હોય તો આત્મા ત્રિકાળી ચીજ છે. તો ત્રિકાળી જગતની અવસ્થાપણે, નિમિત્તપણે થયા કરે અને નિમિત્તપણું એનું કોઈ દિ' ટળે નહિ. કારણ કે વસ્તુ નિત્ય છે. ભગવાન આત્મા નિત્ય છે. જો બીજી ચીજને નિમિત્તપણે નિત્ય વસ્તુ થાય તો નિમિત્તપણું કોઈ દિ' રાગનું ટળે નહિ અને પરની અવસ્થાથી ખસે નહિ. તો નિત્ય આત્મા પરની અવસ્થાના કાળમાં રાગનું કર્તૃત્વ અને પોતાનું કર્તૃત્વ ત્યાં ઊભું રહે. તો કોઈ દિ' સમ્યગ્દર્શન પામી શકે નહિ. સમજાય છે કાંઈ? વધારે સ્પષ્ટ થશે હોં! ત્યારે પકડાશે. માંડ વાત જ તે..

કહે છે.. એઈ..! પ્રવિણભાઈ! આવ્યા છે બરાબર આ દિવસે રવિવારે. નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે. બે બોલ કીધા. ભગવાન આત્મા પરદ્રવ્યથી એટલો ભિન્ન છે કે તેની અવસ્થાનું કાર્ય આત્મા કરી શકે નહિ ત્રણ કાળમાં. હવે આ આત્મા વસ્તુ નિત્ય છે ચિદાનંદ અનાદિ અનંત છે. વસ્તુ અનાદિ અનંત છે. આદિ છે? અંત છે? નિત્ય છે. જો નિત્ય આત્મા જગતના શરીરાદિની અવસ્થામાં નિમિત્તપણે હો નિમિત્તપણે, તો તો એ જ્યાં જ્યાં અવસ્થા થાય ત્યાં ત્યાં દ્રવ્યને નિમિત્તપણે રહેવું પડે. એટલે આત્મામાં નિત્ય કર્તૃત્વ આવી જાય. નિત્ય કર્તૃત્વ રાગનું અને પરની અવસ્થાનું નિમિત્તપણે કર્તૃત્વ આવે. તો નિત્ય કર્તૃત્વ આવતા કોઈ દિ' એની સમ્યગ્દર્શન અને મુક્તિ થાય નહિ. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? ભારે ઝીણી વાતું. આવું છે આ. એ કરતા દયા પાળવી, વ્રત પાળવા. ચોવિહાર કરવા. જાવ ધર્મ. હવે આ માથાકૂટ ક્યાં. એમ જ અનાદિકાળથી મૂઢે કાળ ગાળ્યો છે. તત્ત્વના ભાન વિના તારી ક્રિયા કઈ પ્રકારની ક્રિયા? સમજાણું કાંઈ?

જો ભગવાન આત્મા સત્ સ્વરૂપે ત્રિકાળ આનંદકંદ આત્મા, પરની અવસ્થા થવા (કાળે)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરને કારણે થાય, પણ તેમાં નિમિત્તપણે, નિમિત્તપણે, હાજરીપણે, ઉપસ્થિતપણે હોય એમ જો કહો તો આત્મામાં પરની ક્રિયાનું કર્તૃત્વ નિમિત્તપણાનો ભાવ ત્રિકાળ આત્મામાં આવી જાય છે. તો એમ બની શકે નહિ. ફરીને. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! પરમેશ્વર સર્વજ્ઞ કહે છે, અમારા ન્યાયને દાદ આપી નથી જગતે. દાદ સમજો છો? નથી સમજતા?

મુમુક્ષુ :- મહત્વ આપ્યું નહિ.

ઉત્તર :- મહત્વ આપ્યું નહિ. એ ઠીક છે. દાદ અમારી કાઠિયાવાડી ભાષા છે. સમજ્યા ને? માની નથી, લ્યોને તમારી સાદી ભાષા. શ્રીમદ્ કહે છે એક ઠેકાણે. અરે..! અમારા આવા પવિત્ર ન્યાયને કોણ દાદ આપશે? એમ લખ્યું છે. એક પત્રમાં હોં શ્રીમદ્દે લખ્યું છે. દાદ એટલે કોણ સ્વીકારશે? કોણ માનશે? ચંદુભાઈ! આહાહા..! દાદ કોણ આપશે? સમજાણું કાંઈ?

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની વાણીમાં... વાણીના એ કર્તા નથી હોં ભગવાન. વાણી છે એ રજકણોની પર્યાય છે. એ ભગવાન એના કર્તા અને એ પર્યાય એનું કાર્ય એમ નથી. પણ વાણીની પર્યાય કાળે આત્મા નિમિત્તપણે પણ જો હોય તો તો જ્યાં જ્યાં વાણી થાય, જ્યાં જ્યાં નિગોદના શરીર થાય, જ્યાં જ્યાં બાહ્યના પુદ્ગલનું એકઠાપણું, ઔદારિકપણું, તૈજસપણું, કાર્મણપણું થાય. ત્યાં ત્યાં આત્માને નિમિત્તપણે ત્યાં પરલક્ષીપણે રહેવું જોઈએ. સમજાણું કાંઈ? ભાઈ! ઝીણી વાત છે હોં આ જરી. ઓલા કરતા આ ઝીણી વાત છે.

નિત્યકર્તૃત્વ આવી જાય. પરના કાર્ય કાળે આની હાજરી તો નિત્ય નિમિત્તપણે હાજરી રહેવી પડે. એટલે કોઈ દિ' પરલક્ષને છોડી અને જ્ઞાતાદષ્ટાપણું એને કોઈ દિ' પ્રગટે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ત્યાં ક્યાં બેઠા અહીંયાં આવો. એય.. ..રાજ! અહીં સંભળાય તો ખરા, બહુ છેટે બેઠા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનાદિ. અનાદિ ત્રણે કાળે એને નિમિત્તપણે રહેવું પડે. બેય આવ્યા છે. કાંતિભાઈ આવ્યા છે.

ભાઈ! બાપુ! આકરી નથી હોં, સીધી છે. સત્.. સત્... સત્.. સરળ છે. સત્ સરળ છે, સર્વત્ર સત્ છે. સત્ પામવું એના પોતાના અધિકારની વાત છે. પણ એણે કોઈ દિ' સાંભળ્યું નથી.

કહે છે કે આ આત્મા, આત્મા સિવાય પર અનંત પદાર્થ છે એની દશારૂપી કાર્યને આત્મા કરે તો આત્મા તેમાં એકમેક થઈ જાય છે. માટે એ વાત સાચી નથી. પરનું કાર્ય કરી શકતો નથી. એ ...! પરનું કર્યા, આ બધા અભિમાન કર્યા ને? સેવા કરી, ઢીંકણું કર્યું એમ ના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાડે છે અહીં. કાંતિભાઈ! ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર ના પાડે છે.

મુમુક્ષુ :- .. ભલે ના પાડે પણ એણે કર્યું છે ને.

ઉત્તર :- ધૂળેય કર્યું નથી. એણે કર્યું અભિમાન. કર્યા શું હોય એણે? અભિમાન કર્યા, રાગ કર્યો, દ્વેષ કર્યો અને અભિમાન કર્યા છે એણે. થતી અવસ્થાને હું કરું એ તો અભિમાન છે. સમજાય છે કાંઈ? થયેલી અવસ્થાને, થાતી અવસ્થાને, કાર્યની દશાવાળાને મેં કર્યું (એ) મિથ્યા ભ્રમ છે અજ્ઞાનીનો. સમજાણું કાંઈ?

અહીં તો બીજી વાત છે હજી. આગળની વાત છે. પર અવસ્થા જગતના પદાર્થો, ભાષા, કામ, પરનું જીવવું, મરવું, ટકવું, બદલવું એનામાં આત્માનો અધિકાર છે જ નહિ કે એના કાર્ય કરે. પણ એ કાર્યકાળે ઘટના કાર્યકાળે, પટના કાર્યકાળે, રોટલીના કાર્યકાળે જીવ જો નિમિત્તપણે એને હોય તો જીવનું ત્રિકાળી નિમિત્તપણું તેમાં કર્તૃત્વમાં નિમિત્તપણે આવી જાય છે. જ્યાં જ્યાં શરીરાદિ હોય, જ્યાં જ્યાં રોટલી આદિ હોય ત્યાં એણે નિમિત્તપણે રહેવું પડે. જો દ્રવ્યનું કર્તૃત્વ નિમિત્તપણે નિત્ય હોય તો. નિત્યપણે એ કર્તૃત્વ છે નહિ. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આ સો ગાથા તો ટોચની ગાથા છે.

'**નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી...**' એટલે? જગતના આત્માઓ અને એના રજકણો જે ક્ષણે તેના કાર્ય રજકણમાં અને આત્મામાં થાય, તે કાળે આત્માને નિમિત્તપણે પણ કર્તા કહો તો આત્મામાં ત્રિકાળી જગતના પદાર્થની અવસ્થા કાળમાં નિમિત્તપણે ઉપસ્થિત કાયમ રહેવું પડે. તો નિમિત્તપણું કર્તૃત્વ ત્રિકાળ દ્રવ્યમાં આવી જાય છે. તો એમ હોઈ શકતું નથી. આહાહા..!

મુમુક્ષુ :- રાગ કરવો જ પડે એમ થયું ને?

ઉત્તર :- હા. રાગ એને કરવો જ પડે, દ્વેષ કરવો જ પડે, વિકાર કરવો જ પડે અને વિકારમાં એને રહેવું જ પડે. સમજાણું કાંઈ? આ ઝીણું ભારે.

ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ સર્વજ્ઞ પરમેશ્વરે કેવળી જ્ઞાનીઓએ આત્મા આમ પૂર્ણાનંદ જ્ઞાનસ્વરૂપ ધ્રુવ જોયો છે. એવો આત્મા જગતની થતી થતી અવસ્થાના કાર્યકાળમાં આત્મા નિત્ય છે એ જો નિમિત્તપણે રહે તો નિત્યપણે રાગનું કરવું, દ્વેષનું કરવું, વિકારનું કરવું. કાયમ કરવું... કરવું... કરવું રહે. એને કરવાથી છૂટું પડવું બની શકે નહિ. સમજાય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું થાય છે? રાગ થાય. એ રાગ છે. એના સામે મારે નિમિત્તપણે રહેવું એટલે ત્રિકાળી રાગપણે મારે રહેવું છે. ત્રિકાળી મારે રાગપણે જ રહેવું છે.

મુમુક્ષુ :- એવી ભાવના કરી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- એવી માન્યતા થઈ.

ફરીને. આ તો સિદ્ધાંતો મોટા છે. ત્રણ સિદ્ધાંત મહા છે આમાં. અત્યારે બીજો સિદ્ધાંત ચાલે છે. ત્રીજો પછી કહેશે હવે. સમજાણું કાંઈ? કહો, સમજાણું? શું કહે છે? પહેલામાં તન્મયપણાનો પ્રસંગ આવે. બીજામાં નિત્ય કર્તૃત્વનો પ્રસંગ આવે. આ બે સિદ્ધાંતો. મધુભાઈ! સમજાય છે? એ લાકડા છે ને જે ઊંચા નીચા થાય છે. એ લાકડા ઊંચા-નીચાનું કાર્ય જો આત્મા કરે તો એમાં ઘૂસી જાવું પડે. એ તો આત્માનો નાશ થઈ જાય. એક વાત. એ લાકડા ઊંચા-નીચા થાય તે આત્માને નિમિત્તપણે પણ રહેવું પડે તો આત્મા સદાય પરલક્ષી રાગનો કર્તા પરલક્ષી સદા રહ્યા કરે. એને સ્વલક્ષનું ટાણું આવે નહિ. કાનજીભાઈ! ઝીણી વાત છે હોં આ બહુ. આ બધા કહે, અમે કર્યા. અમે દેશના કરીએ. કુટુંબ. પહેલી સેવા શરૂઆતથી કરીએ. ક્યાંથી? કુટુંબથી સેવા કરીએ. આ બધા ડાહ્યાના દીકરાઓ બોલે. કુટુંબથી શરૂ કરવી. પછી નાતનું, પછી ગામનું, પછી દેશનું, પછી આખા વિશ્વનું. કહો, શશીભાઈ! શું હશે આ?

કહે છે કે એ જગતના અનંત પદાર્થો તેના વર્તમાન કાળે તેની દશારૂપી કાર્ય તેનું થાય. એનો આત્મા જો કર્તા થાય, આત્મા કર્તા કાર્યનો થાય, કાર્યનો કર્તા, તો તો બે એક થઈ જાય. દ્રવ્ય એક થઈ જાય. તો એ વાત બનતી નથી. માટે પરનો કર્તા એ રીતે નથી. હવે આત્મા થતી અવસ્થાના કાળે જગતના પદાર્થ શરીરની અવસ્થા થાય, જુઓ આ. એના કાળમાં આત્મા નિમિત્તપણે પણ જો હોય તો આત્મામાં પરલક્ષી રાગનું કર્તૃત્વ ત્રિકાળ દ્રવ્યમાં થઈ જાય. તો કોઈ દિ' રાગથી અને પરલક્ષથી છૂટી જ્ઞાયકપણું આવે એ એમાં બની શકે નહિ. માટે નિત્ય કર્તૃત્વ આવે એ પણ મોટો દોષ છે. સમજાણું કાંઈ?

'**નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી...**' નિમિત્તની અવસ્થા અને તેની નૈમિત્તિકની અવસ્થા. નૈમિત્તિકની એટલે થતી અવસ્થા. જેમ કે ઘડો થાય છે. ત્યાં કુંભારનો આત્મા એ ઘડાની અવસ્થા તો કરતો નથી. કારણ કે કરે તો એક થઈ જાય. પણ ઘડાની અવસ્થાને કાળે કુંભારનો આત્મા નિમિત્તપણે જો રહે તો ઘડા તરફના રાગનું અને રાગનું કરવું એ આત્મામાં ત્રિકાળપણે થઈ જાય છે. તો ત્રિકાળપણે રાગનું કરવું અને રાગનું થવું એ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ! આવી કેવી? વીતરાગના ઘરમાં આવી .. લોકો એમ કહે છે. એણે બિચારાએ સાંભળી નથી.

એક જણો એમ કહેતો હતો. એ મહારાજ તો જ્યાં વાત કરે ને એની એવી સિદ્ધિ કરે કે બરાબર સિદ્ધિ કરે. ખોટી હોય તો પણ સિદ્ધિ કરે. અરે..! આવા ને આવા. સમજાય છે ને? નથી સાંભળ્યો વીતરાગ માર્ગ. પરમેશ્વરે નવ તત્ત્વ કહ્યા ભિન્ન-ભિન્ન. એક અજીવ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહ્યા એના અનંતા અજીવો. જીવ કહ્યા એના અનંતા જીવો. એ અનંતને અનંતપણે રહેવું, માનવું ક્યારે બને? કે અનંતની કોઈપણ અનંતમાં કોઈ પદાર્થની અવસ્થા આત્મા કરે તો અનંત અનંતપણે રહેતા નથી. એક થઈ જાય છે. અનંતની અવસ્થામાં અનંત પદાર્થના કોઈપણ અવસ્થામાં જીવ જો નિમિત્તપણે હોય દ્રવ્ય, દ્રવ્ય જો વસ્તુ નિમિત્તપણે હોય તો કાયમ પરલક્ષી રાગના કર્તૃત્વમાં એને રહેવું પડે. તો કોઈ દિ' આત્મા છૂટો થઈ શકે નહિ તો સમ્યગ્દર્શન થઈ શકે નહિ. આહા..!

મુમુક્ષુ :- દેવ-ગુરુ...

ઉત્તર :- દેવ-ગુરુની અહીં વાત પણ નથી. આ બીજી વાત છે જરી. દેવ-ગુરુ તો એને ઘરે રહ્યા. એ પરદ્રવ્ય છે.

મુમુક્ષુ :- નિમિત્ત બને.

ઉત્તર :- નિમિત્ત બને એ વાત હજી બીજી ઝીણી વાત.

મુમુક્ષુ :- નિમિત્ત ન બને એમ અહીંયા...

ઉત્તર :- અહીં તો નિમિત્ત બનતા નથી એમ કહે છે. દેવ-ગુરુ અને શાસ્ત્ર એ તો એ જ્ઞાન કરે ત્યારે એને નિમિત્તથી કહે છે. એ બીજા એની પર્યાયના કાર્યમાં નિમિત્તપણે છે એમ છે નહિ. તો તો એના કાર્યકાળમાં જગતના કાર્યકાળમાં એને નિમિત્તપણે આત્માને સદાય રહેવું પડે. તો વિકલ્પથી છૂટો પડીને જ્ઞાતા થઈ શકે નહિ. આહાહા..! એ વાત પણ એણે સાંભળી છે ક્યાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. મોક્ષ પામે છે.

ઉત્તર :- સામાને નિમિત્ત એટલે ક્યાં? એનો અર્થ શું? એ તો નિમિત્ત તો એને એ કહે છે. જ્ઞાન જ્યારે થાય છે ત્યારે નિમિત્તનું જ્ઞાન કરે છે કે આ નિમિત્ત હતું એટલું. સમજાણું કાંઈ આમાં? એય..! રતિભાઈ! હેડ માસ્તર છે. હેડ.

કહે છે... ગજબ વાત કરી છે ને પણ! આચાર્યોએ કેટલી ટૂંકામાં કેટલા સત્યને પ્રસિદ્ધ કર્યું છે! ભાઈ! એ જગતના તત્ત્વો ભિન્ન-ભિન્ન રહેલા, ટકેલા અને ટકીને બદલતા, તેના બદલવાની એકપણ પદાર્થની ક્રિયા જો આત્મા કરે, બદલવાની, તો આત્મા એમાં ભળી જાય છે. જુદો રહેતો નથી. અને તેની ક્રિયા કાળમાં આત્મા દ્રવ્ય પોતે નિમિત્તપણે કર્તૃત્વ રહે તો સદાય રાગને, પુણ્યને, વિકારને, મેલપને કરવું જ એને પડે. તો કોઈ દિ' કર્તા રહિત થઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ત્યારે છે શું હવે?

**'અનિત્ય યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે તેના કર્તા છે...'** જુઓ! હવે શું કહે છે ત્રીજો બોલ? કર્તા નથી એમ સિદ્ધ કર્યું. હવે કર્તા કઈ રીતે છે? કે **'અનિત્ય...'**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આત્મામાં જે યોગનું કંપન્ન થાય છે કંપન્ન. અને આત્મામાં ઈચ્છા (થાય છે). એ ઈચ્છા અને યોગ જે અનિત્ય છે. એ આત્મામાં કાયમ રહેનારા નથી. આત્મામાં કાયમ રહેનારું જ્ઞાન-દર્શન અને આનંદ છે. અને કંપન્ન અને રાગ એ કાયમ રહેનારી ચીજ નથી. એ અનિત્ય એવા, સર્વ દશામાં નહિ રહેતા, નહિ વ્યાપતા એવા ભગવાન આત્મામાં બધી દશાઓમાં નહિ રહેતા એવા કોઈ વખતે એટલે અજ્ઞાનદશામાં '**યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે તેના...**' તેના એટલે? ઘટપટ, લાકડા, આ ભાષા આદિ થાય તેમાં યોગ અને ઉપયોગ, કંપન્ન અને ઈચ્છા તેને નિમિત્તપણે કહેવામાં આવે છે. યોગ અને ઈચ્છા અને પરદ્રવ્યની પર્યાયના કાળમાં નિમિત્તપણે કર્તા કહેવામાં આવે છે. ધ્યાન રાખજો હજી પાછું એમાં.

'**અનિત્ય એવા યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે તેના...**' એટલે ઘડાની દશા, પટની દશા, રોટલીની દશા, દાળ-ભાતની દશા, મકાનની દશા એ થવા કાળે તો એનાથી થઈ. પણ જોડે જે આત્મા છે એનો કંપન્નભાવ. યોગ અને કંપન્ન એના અસ્તિત્વમાં છે ઈ અને ઈચ્છા. એ બે સામી દશામાં નિમિત્તપણે કર્તા કહેવાય છે. કોનો? સમજાય છે? એ '**(રાગાદિ વિકારવાળા ચૈતન્યપરિણામરૂપ)**' વિકલ્પ ઈચ્છા. ઘડા વખતે ઈચ્છા જે છે ને કુંભારની? ઈચ્છા. ઘડાની અવસ્થામાં ઈચ્છાને નિમિત્ત કહેવાય અને એના કંપન્નને નિમિત્ત કહેવાય. એમ રોટલીને કાળે રોટલી થાય એ તો તેના પરમાણુની અવસ્થા થઈ. તેને જે આત્મા જોડે છે એની ઈચ્છા અને કંપન્ન તેને તે દશામાં નિમિત્તપણે કર્તા કહેવાય.

'**પોતાના વિકલ્પને અને (આત્માના પ્રદેશોના ચલનરૂપ) પોતાના વ્યાપારને કદાચિત્ અજ્ઞાનથી આત્મા...**' ભાષા અહીં છે હવે. શું કહે છે? ઘટપટ આદિ પરપદાર્થની અવસ્થા તો તેને કાળે થાય, તેની. અહીં આત્મા છે એનો યોગ કંપન્ન અને ઈચ્છા નિમિત્ત કહેવાય. કોની? અજ્ઞાનીની. કારણ કે અજ્ઞાની ઈચ્છા અને યોગનો કર્તા થાય છે. સમજાય છે કાંઈ? અજ્ઞાની ઈચ્છા અને યોગના કંપન્નનો કર્તા એટલું અસ્તિત્વમાં તન્મય થઈને એ મારા છે એમ માને છે. એવા અજ્ઞાનીના યોગ અને ઈચ્છા જગતની અવસ્થા ઘટપટાદિ રોટલી થવામાં થાય છે એને કારણે ત્યાં, આને નિમિત્ત કર્તા અજ્ઞાનીના યોગ ને કંપન્નને કહેવાય છે. અજ્ઞાનીના હોં. જ્ઞાનીના યોગ કંપન્ન જ્ઞાનીને હોતા નથી. તેથી વાત કહી કદાચિત્ અજ્ઞાનથી. એટલે જ્યાં સુધી રાગ અને કંપન્નને કરે છે એવો જે અજ્ઞાની. શશીભાઈ! પોતાના વિકલ્પને અને કંપન્નને જે જીવ કરે છે એવા કદાચિત્ (અર્થાત્) જ્યાં સુધી અજ્ઞાની છે, એ રાગ અને કંપન્નનું કાર્ય મારું એ અજ્ઞાની માને છે. સમ્યગ્દૃષ્ટિ એને રાગ ને ઈચ્છા એના સ્વભાવમાં નથી, એની દૃષ્ટિમાં નથી. એથી સમ્યગ્દૃષ્ટિ જગતના કાર્યમાં નિમિત્તપણે પણ નિમિત્તપણે પણ યોગ અને ઉપયોગ નિમિત્તપણે પણ કર્તા જ્ઞાની છે નહિ. દ્રવ્ય તો નિમિત્તપણે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી પણ એની પર્યાય પણ એને નિમિત્તપણે કરવામાં, નિમિત્તપણે, સામાના કાર્ય કાળે નિમિત્તપણે પણ કર્તા જ્ઞાની નથી. આહાહા..! ઝીણી વાત છે હોં થોડી.

કહે છે કે આત્મા આ વસ્તુની સ્થિતિ એવી છે. ભગવાન આત્મા પોતાના ચૈતન્ય સ્વરૂપને ભૂલ્યો છે જ્યારે, ત્યારે તેમાં કંપન્ન અને ઈચ્છાનો અજ્ઞાનથી કર્તા થાય છે. કર્તા ઓલા વિકારનો. એ અજ્ઞાનીના જોગ અને ઈચ્છા જે કર્તા (થાય છે) તે જગતની ચીજમાં તે યોગ અને કંપન્ન અને ઈચ્છા તે નિમિત્તપણે કર્તા કહેવાય છે. સમજાણું કાંઈ?

'**કદાચિત્ અજ્ઞાનથી આત્મા કરતો હોવાથી...**' એટલે અહીં મેળવ્યું. અજ્ઞાનીનો યોગ અને ઈચ્છા એ ઘટપટના થવા કાળમાં નિમિત્તપણે પણ છે યોગ અને ઈચ્છા, એમ જ્ઞાનીને નથી. કેમ? કે જ્ઞાની યોગ અને ઈચ્છાનો સ્વામી નથી. ધર્મી તો જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વરૂપનો સ્વામી છે. એથી જ્ઞાનીને પરની અવસ્થામાં તેનું દ્રવ્ય પણ કર્તૃત્વ નથી તેમ તેના યોગ અને ઈચ્છા પણ નિમિત્તપણે પણ કર્તા નથી. કારણ કે યોગ અને ઈચ્છા એના નથી. સમજાણું કાંઈ? જ્ઞાનીને પોતાનું જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છું એવું સમ્યગ્દષ્ટિને ભાન છે. તેથી તેને યોગ અને ઈચ્છા થાય અને પર પર્યાય થાય, ત્યાં જ્ઞાનમાં એ નિમિત્ત આમ થાય છે. પોતે આમ નથી પણ આમ નિમિત્ત થાય છે. ઝીણી વાત છે. ફરીને. સમજાણું કાંઈ? કાંતિભાઈ! આ કાંતિભાઈએ કોઈ દિ' સાંભળ્યું નહિ હોય આવું. આવો જૈન માર્ગ હશે! આ તો પરમેશ્વરનો માર્ગ. બીજે ક્યાંય આવી વાત હોય નહિ. ત્રણ કાળમાં સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા તત્ત્વો જાણ્યા છે એમાં આ વાત હોય. બીજે ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

ત્રણ સિદ્ધાંત કહ્યા. પરદ્રવ્યની અનંત અવસ્થાના કાળમાં તેને કાળે થતાં તે અવસ્થાને આત્મા કરે તો તેમાં એકમેક થઈ જાય. તે અવસ્થામાં જો આત્મા દ્રવ્યનું નિમિત્તપણું હોય તો સદા રાગના કર્તૃત્વમય જીવ છે એમ થઈ જાય. ત્રીજું, એ યોગ અને ઈચ્છા જ્યાં સુધી અજ્ઞાની પોતાના માને છે ત્યાં સુધી અજ્ઞાનીના યોગ અને ઈચ્છા પરદ્રવ્યની ઘટપટની અવસ્થામાં, અવસ્થા તો તેને કાળે થઈ, એ કાર્ય કાળે અજ્ઞાનીના યોગ અને ઈચ્છા, તે પર્યાય ઘટપટ અને રોટલીની એ પર્યાય છે એને આ અજ્ઞાનીના યોગ અને ઈચ્છાની પર્યાય નિમિત્ત કહેવાય છે. એને નિમિત્ત નૈમિત્તિક સંબંધ લાગુ પડે છે. જ્ઞાનીને એ નિમિત્ત સંબંધ લાગુ પડતો નથી.

સમ્યગ્દષ્ટિ, રાગ અને કંપન્નથી મારી ચીજ સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ ભિન્ન છે એવું ધર્મીને ભાન હોવાથી તેના જ્ઞાનમાં સ્વપ્રકાશક, પરપ્રકાશક જે જ્ઞાન પ્રગટે છે એમાં યોગ અને ઈચ્છા જ્ઞાનમાં નિમિત્ત થઈ, આ એને ન થયું, આમ નિમિત્ત થયું. અને જે અવસ્થા થઈ એ જ્ઞાનમાં નિમિત્ત થયું, જ્ઞાનમાં જાણે છે કે આમ થયું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ જ્ઞેયજ્ઞાયક વ્યવહાર થયો. નિમિત્ત નૈમિત્તિકનો વ્યવહાર અજ્ઞાનીને હતો. આહાહા..! ભારે વાત ભાઈ! હવે આવું બધું સમજવું.

ભાઈ! તું કોણ છો? પ્રભુ! તું તો જ્ઞાનનો ગાંગડો છો. ચૈતન્યસૂર્ય છે આત્મા. ચૈતન્યસૂર્ય. એ ચૈતન્યસૂર્ય જગતની અવસ્થાઓનું કરે તો તન્મય થઈ જાય. ચૈતન્યસૂર્ય ભિન્ન રહેતો નથી. ભગવાન આત્મા વસ્તુ તરીકે ચૈતન્ય છે એ અવસ્થાને કાળે તો અવસ્થા થાય. શરીર, વાણી, મન, કર્મ બધી હોં! તેને જો આત્મા દ્રવ્ય તરીકે નિમિત્ત હોય તો ત્રિકાળરૂપ એના નિમિત્તપણે રાગનું કર્તૃત્વ રહીને કોઈ દિ' વિકાર ટળી શકે નહિ. પણ એમ હોઈ શકે નહિ. વિકાર ત્રિકાળી હોઈ શકે નહિ.

ત્યારે અજ્ઞાનીના જે કંપન્ન અને રાગ જે થાય છે એને પોતાની સાથે તન્મય માને છે. અજ્ઞાની યોગ અને રાગ મારા છે એમ માને છે, સ્વભાવ ભિન્ન છે એમ જાણતો નથી. તેથી સ્વભાવ ભિન્ન માનતો નથી તે રાગ ને વિકલ્પને પોતાના માને છે એવો અજ્ઞાની જગતના ઘટપટ અને રોટલીના કાળમાં તેને નિમિત્તપણે કર્તા કહેવામાં આવે છે. ઓલા યોગ અને ઈચ્છાને નિમિત્તપણે કર્તા કહેવામાં આવે છે. જ્ઞાની તો નિમિત્તપણે પણ.. ઉપાદાનપણે નથી, પરના કાર્યકર્તાપણે નથી, દ્રવ્યના કર્તૃત્વપણે નથી, પણ પરના કાર્યકાળે નિમિત્તપણે પણ કર્તા જ્ઞાની છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કેમ કે જ્ઞાનીનો જ્ઞાનસ્વભાવ છે. ધર્મીનો જ્ઞાનસ્વભાવ છે. જ્ઞાન-જાણવું એ સ્વભાવ છે.

જાણનાર એમ જ્યાં જાણનાર ચૈતન્યનું નક્કી થયું, અનુભવ થયો તો કહે છે કે એને યોગ અને કંપન્ન એની દશામાં જ નથી. એનો જાણનાર છે. અને તેથી તે પરની અવસ્થામાં જે યોગ અને નિમિત્ત અજ્ઞાનીના હતા તે આને રહ્યા નહિ. એ તો પરની અવસ્થા યોગ અને કંપન્ન બેનું જ્ઞાન કરે છે. અજ્ઞાની યોગ અને રાગને પોતામાં તન્મય માને છે માટે તેની યોગ અને રાગની પર્યાય ઘટપટ આદિ થાય તેને નિમિત્તપણે કર્તા અજ્ઞાનીના યોગ અને ઉપયોગને કહેવાય છે. સમજાણું કાંઈ? વાતને બેસવી કઠણ પડે. આ શું કહે છે?

જુઓ! આમાં પરદ્રવ્યની ભિન્નતા સિદ્ધ કરે છે અને તું ભિન્ન છો એમ સિદ્ધ કરે છે. બીજું, પરદ્રવ્યની અવસ્થાના કાળમાં તારે સદાય રહેવું પડે એવું દ્રવ્ય હોઈ શકે નહિ. માટે એ સિદ્ધ કરે છે કે દ્રવ્ય એવું હોય નહિ કે બધાના કાર્યમાં દ્રવ્યને રહેવું પડે. બે. ત્રીજું, પરદ્રવ્યની અનંતી અવસ્થાના કાળમાં નિમિત્તપણે જે હોય તે યોગ અને કંપન્ન ઈચ્છા હોય. તે યોગ અને ઈચ્છા જેણે પોતાની માની છે એવો અજ્ઞાની યોગ અને ઈચ્છા પરની પર્યાયમાં આ પર્યાય નિમિત્તપણે કહેવામાં આવે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ચોથો બોલ. જ્ઞાની. જ્ઞાની યોગ અને રાગ પોતાનો સ્વીકારતો નથી. હું તો જ્ઞાનસ્વરૂપ છું. સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાનથી, હોં! આહાહા..! હું સ્વપરપ્રકાશક જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છું. એવું સમ્યક્ ભાન હોવાથી તેને કંપન્ન અને રાગનો સ્વામી નથી તેથી એના ઘરમાં એ નથી. તેથી કંપન્ન અને ઈચ્છા તેનું અહીં જ્ઞાન થાય છે અને તેથી પરદ્રવ્યની પર્યાયનું અહીં જ્ઞાન થાય છે કે અહીં થાય છે એટલું. પરમાં પોતે નિમિત્તપણે પણ છે નહિ. યોગ અને ઈચ્છાપણે પણ જ્ઞાની છે નહિ. સમજાણું કાંઈ? બહુ ઝીણું. ન બરાબર સમજાય તો રાતે થોડું પૂછવું. આમાં કાંઈ સ્પષ્ટ તો કર્યા વિના બરાબર બેસે એવું નથી. કારણ કે એ વાત જ અત્યારે ચાલતી નથી. અત્યારે તો આ કરો ને આ કરો ને આ કરો. બસ! દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, રોટલા ન ખાવ, આ ખાવ, આ છોડો. બધું મૂઢ છે. સાંભળને હવે. ખાય કોણ ને પીવે કોણ અને છોડે કોણ?

મુમુક્ષુ :- મૂળમાંથી કાઢી નાખ્યું?

ઉત્તર :- મૂળમાંથી મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? પરની ખાવાની ક્રિયા હું કરું, ખાવાની ક્રિયા હું છોડું પરની અવસ્થાનો કર્તા થયો એ તો. સમજાણું? આ નિમિત્તપણે કર્તા દ્રવ્ય હોય તો કાયમ એને ખાવા-પીવાની ક્રિયામાં રાગપણે હાજર રહેવું પડે. ફક્ત ખાવા-પીવાની ક્રિયાના કાળમાં અજ્ઞાનીના કંપન્ન અને રાગ તે નિમિત્ત કહેવાય છે. કેમ કે અજ્ઞાનીની દૃષ્ટિ રાગ અને કંપન્ન ઉપર છે. સમજાણું કાંઈ?

ધર્મીની-સમ્યગ્દૃષ્ટિ જીવની, આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ છું એવી દૃષ્ટિ હોવાને લઈને તેને કંપન્ન અને રાગનું જ્ઞાન થાય છે પણ કંપન્ન અને રાગ મારું કાર્ય છે એમ જ્ઞાનીને છે નહિ. તેથી પર અવસ્થામાં તેનો યોગ અને કંપન્ન નિમિત્ત નથી પણ પર અવસ્થામાં જ્ઞાનમાં જ્ઞાન થાય છે. આ ચાર બોલ કહ્યા. તન્મય થાય, નિમિત્ત ત્રિકાળ રહે કર્તૃત્વપણે, અજ્ઞાનીના યોગ અને કંપન્ન તે નિમિત્ત થાય, જ્ઞાનીનો યોગ કંપન્ન એને છે નહિ માટે યોગ અને કંપન્નનું અહીં જ્ઞાન થાય. સમજાણું કાંઈ?

**'યોગ અને ઉપયોગનો તો આત્મા પણ કર્તા ભલે હો...'** કર્તા ક્યાં સુધી? અજ્ઞાન હોય ત્યાં સુધી. અજ્ઞાની હોય ત્યાં સુધી યોગ અને રાગનો કર્તા હો. ત્યારે પરદ્રવ્યની અવસ્થાપણે તેને યોગ-ઉપયોગનું નિમિત્તપણે કહેવામાં આવે છે. **'તથાપિ પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા તો (નિમિત્તપણે પણ કદી) નથી.'** ભગવાન આત્મા દ્રવ્ય સ્વરૂપ તે પરદ્રવ્યની પર્યાયનો કર્તા દ્રવ્ય છે નહિ. એમ દ્રવ્યદૃષ્ટિવંત, દ્રવ્યદૃષ્ટિવંત પરદ્રવ્યની પર્યાયમાં નિમિત્તપણે પણ કર્તા નથી. આવું અંતરમાં નક્કી કર્યા વિના એને સમ્યગ્દર્શન થાય નહિ. અને સમ્યગ્દર્શન વિના કોઈ દિ' ધર્મ ત્રણ કાળમાં થાય નહિ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૯, સોમવાર તા. ૨૧-૧૧-૧૯૬૬**
**ગાથા-૧૦૦-૧૦૧, પ્રવચન-૧૯૪**

આ કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૧૦૦મી ગાથા. ટીકા થઈ ગઈ છે. ભાવાર્થ છે. પાઠ તો એ હતો ને, પાઠ. '**જીવ નવ કરે ઘટ, પટ નહીં, જીવ શેષ દ્રવ્યો...**' ત્યાં જીવ શબ્દ વાપર્યો છે. ટીકાકારે પછી ખુલાસો કર્યો કે જીવ અને આત્મા કોઈ જુદા છે એમ નથી. સમજાણું? પદની અંદરમાં તો જેમ ગોઠવાય એમ જીવ ગોઠવ્યો અને ટીકામાં પાછો આત્મા કહ્યો છે. એનો અર્થ કે કોઈ વેદાંત આદિ એમ કહે છે કે જીવ છે અંતઃકરણ વિશિષ્ટ બીજો અને આત્મા નિર્મળ બીજો. એમ છે નહિ. જીવને જ આત્મા કહીએ અને આત્માને જ જીવ કહીએ. એટલે પાઠનો ધ્વનિ પદ્યમાં છે ને. '**જીવ નવ કરે ઘટ, પટ નહીં,...**' ઘટપટ રથ આદિ '**सेसगे दव्वे**'. '**दव्वे**' શબ્દે તો ટૂંકું કહેવું છે ને. બાકી તો પર્યાય. કારણ કે ઘટ, પટ, રથ આદિ દ્રવ્યની પર્યાય છે. સમજાણું કાંઈ? દાળ, ભાત, શાક, રોટલી આ બધું જડની દ્રવ્યની પર્યાય છે. એટલે જીવ પરની દ્રવ્યની પર્યાયને કરે નહિ એમ પહેલા બે પદમાં છે. કેમ કે જો કરે તો તે પરવસ્તુની પર્યાયમાં આનું એકરૂપ થઈ જાય. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય દ્રવ્ય છે. એ વસ્તુ પર્યાયમાં પણ આત્મા સિવાયના જેટલા અનંત સ્કંધો, પુદ્‌ગલો શરીરાદિ એને પર્યાયને કરતો નથી. આમ આવે ને શાસ્ત્રમાં કે આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન બાંધે છે ને? એમ કહેવાય છે ને શાસ્ત્રમાં? કરણાનુયોગમાં. અહીં કહે છે કે એ પણ એક જડની પર્યાય (છે). આહાર, શરીર, ઈન્દ્રિયની જે પર્યાય બંધાય છે ને. ઘટ, પટ, રથ '**सेसगे दव्वे**' છે ને? એટલે બધું .. નાખી દીધું છે. આત્મા સિવાય બે પરમાણુથી માંડીને અનંત પરમાણુના સ્કંધની પર્યાયો જે થાય જગતમાં, તેના પર્યાય કાળે તે પર્યાય એમાં થાય. આત્મા એ પર્યાયને કરે તો એ પર્યાયમાં આનું એકરૂપ થઈ જાય. એકરૂપ થતાં આત્મા ભિન્ન રહી શકે નહિ. માટે પરદ્રવ્યની કોઈપણ પર્યાયને આત્મા કરતો નથી એક વાત થઈ. એટલું કહ્યું પછી કહે છે નિમિત્ત નૈમિત્તિક ભાવે કરે કે નહિ? એમાંથી ને એમાંથી ૯૯મું હતું એ કહીને આ વાત જુદી કરી.

જગતની પર્યાય થાય છે આ શરીરની, આ વાણીની એનામાં નિમિત્તપણે એ કરે કે નહિ? જીવદ્રવ્ય વસ્તુ વસ્તુ. વસ્તુ એ જડની પર્યાયમાં નિમિત્તપણે કરે કે નહિ? કે ભાઈ! જો નિમિત્તપણે કરે તો વિભાવની સાથે ત્રિકાળનું તન્મય એકરૂપ થઈ જાય. આત્મા પરદ્રવ્યની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પર્યાયને કરે તો એ પર્યાય સાથે એકમેક થઈ જાય. માટે એમ બનતું નથી. એમ આત્મા દ્રવ્ય વસ્તુ પોતે જો નિમિત્તપણે પરને કરે તો વિભાવનું કરવું એવો દ્રવ્યનો સ્વભાવ થઈ જાય અને દ્રવ્ય વિકાર સાથે એકરૂપ થઈ જાય. માટે દ્રવ્ય, દ્રવ્ય જે છે એ વિભાવનું કર્તા અજ્ઞાનભાવે ક્ષણિક દશામાં છે. દ્રવ્ય પોતે જો પરનું કરે તો વિભાવનું કર્તૃત્વ સદાય રહેતા દ્રવ્ય વિભાવ સાથે એકરૂપ થઈ જાય. એટલે સ્વભાવનું વિભાવથી ભિન્નપણું રહે નહિ. રાજેન્દ્રજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો કાઢી નાખ્યું, એ તો કાઢી નાખ્યું પહેલા.

પર્યાયનું કરે એ તો ભાષા શાસ્ત્રની છે. પણ એનો અર્થ એ થયો કે આત્મા પરદ્રવ્યની પર્યાય કરે તો એમાં એકરૂપ થઈ જાય. એટલે એનો અર્થ કે વ્યાપ્યવ્યાપકપણે થતાં તેના પરિણામમાં પરિણામી ભળી જાય. એટલે એકરૂપ થાય. એક વાત. બીજામાં જીવદ્રવ્ય જે છે વસ્તુ, એ જો પરનું નિમિત્તપણે પણ કરે તો નિમિત્તપણે કરે તો રાગનું રાગપણું જે છે પરમાં નિમિત્તપણે કરવાનું, એ રાગમાં ત્રિકાળી સ્વભાવ એક થઈ જાય. નિત્ય કર્તૃત્વ આવે એટલે એનો અર્થ કે આત્મા વિકારમય ત્રિકાળ થઈ જાય.

મુમુક્ષુ :- એટલે આત્માનો સ્વભાવ જ વિકાર કરવાનો થઈ જાય.

ઉત્તર :- આત્માનો સ્વભાવ જ વિકારરૂપ થઈ જાય. એમ દ્રવ્ય નથી એમ કહેવું છે. ચાર બોલમાં એ રૂપ થાય એ વાત ઉતારવી છે જરી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એ જ્ઞાયક જ્યોત ચૈતન્યસૂર્ય છે. એ પરની પર્યાય કરે તો તો પરિણામ અને પરિણામી એક થતાં પોતે ગુમાવી જાય. પોતાની વસ્તુ ગુમાવી જાય એટલે એ રૂપે થઈ જાય. એક વાત. અને પરની અવસ્થા કાળે એનો રાગ, એનું પરલક્ષી જ્ઞાન અને પરલક્ષી રાગ, એવું જો એનું કર્તૃત્વ જો હોય દ્રવ્યનું. તો પરલક્ષી જ્ઞાન, પરલક્ષી રાગવાળું એ તત્ત્વ થઈ જાય. જરી રાતે વાત કરી હતી થોડી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સંવર-નિર્જરાની પર્યાય..

ઉત્તર :- સંવર-નિર્જરાની પર્યાયની અત્યારે વ્યાખ્યા નથી.

અહીં તો વિકારનું કરવું એ પ્રશ્ન છે. વિકાર તે પરના કર્તૃત્વમાં નિમિત્ત થાય છે. અને વિકાર કર્તૃત્વમાં નિમિત્ત થાય છે તો હવે જીવદ્રવ્ય ત્રિકાળ દ્રવ્ય છે એ જો નિમિત્ત થાય તો આખું દ્રવ્ય જ વિકારમય થઈ જાય. એટલે દ્રવ્યપણું વિકારની ક્ષણિક અવસ્થાથી ભિન્ન રહે નહિ. એટલે કે નિત્ય કર્તૃત્વ એમાં આવી જાય. આ તો ભાષા શાસ્ત્રે વાપરી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એટલે રાગમાં જીવનું એકપણું થઈ જાય?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- એકપણું થઈ જાય. જીવ એવો નથી એમ સિદ્ધ કરવું છે.

જીવ તો ચૈતન્યસૂર્ય જ્ઞાયકભાવ છે. જો પરની પર્યાયકાળમાં નિમિત્તપણે પણ જો કરે તો વસ્તુનું ત્રિકાળી વિકારપણું થઈ જાય. અને વિકારપણું થતાં ત્રિકાળ કર્તૃત્વ રહે તો વિકારથી ભિન્ન પડવાનો વસ્તુ સ્વભાવ છે એ એનો રહે નહિ. સમજાણું કાંઈ? હતા કે નહિ કાલે? નહોતા રાતે? નહિ હોય. રાતે વાત થઈ હતી, થોડી કરી હતી. ભાઈ હતા. નહિ? સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન! પણ જોને કહે છે. તું વસ્તુ તો જ્ઞાયકસ્વભાવ છો ને પ્રભુ! ચૈતન્યસૂર્ય વસ્તુ. એ પરદ્રવ્યની અવસ્થામાં નિમિત્તપણે હોય તો તો એનો અર્થ એવો થયો કે જ્યાં જ્યાં અવસ્થા જડની, શરીરની, નિગોદની, માંસ કાપવાની (થાય) ત્યાં ત્યાં તેને નિમિત્તપણે રહેવું જોઈએ. એટલે વિકારપણે પરિણમીને રહેવું જોઈએ. એટલે વિકારમય જ આત્મા છે એમ થઈ જાય. માટે નિત્ય કર્તૃત્વ આવતાં એ વસ્તુનું સ્વરૂપ હોઈ શકે નહિ. સમજાણું?

ત્રીજું. યોગ અને... પાઠ ઈ છે ને? '**जीवो ण करेदि घडं णेव पडं णेव**' એ પર્યાય લીધી. એટલે પાછા કોઈ એમ ન સમજી જાય કે દ્રવ્યને કરે છે. અહીં એ વાત નથી. પછી '**णेव सेसगे दव्वे**' દ્રવ્યનો અર્થ દ્રવ્યની પર્યાય. નહિતર ઘણાં એમ લે છે. ભાઈ! અકાર્યકારણમાં લે છે ને? લાલબહાદુર છે ઈ. અકાર્યકારણ શક્તિ છે ને? એમાં એવો પાઠ છે અકાર્યકારણમાં. સમજ્યાને? જુઓ! એ કહે, દ્રવ્યને ન કરે એમ કહે છે. અરે..! ભગવાન શું કહે છે? ભાઈ! આમ નથી. અકાર્યકારણ છે હોં! કેટલામી છે અકાર્યકારણ? અગુરુલઘુત્વ. ચૌદ. ચૌદ-ચૌદ. જુઓ!

'**જે અન્યથી કરાતું નથી...**' ચૌદમી શક્તિ, ચૌદમી શક્તિ. છે ચૌદમી? તેરમી પછી. અસંકુચિતવિકાસ શક્તિ તેરમી છે અને ચૌદમી. '**જે અન્યથી કરાતું નથી અને અન્યને કરતું નથી એવા એક દ્રવ્યસ્વરૂપ...**' ભાષા આમ છે ને. '**એવા એક દ્રવ્યસ્વરૂપ અકાર્યકારણ શક્તિ. (જે અન્યનું કાર્ય નથી અને અન્યનું કારણ નથી એવું જે એક દ્રવ્ય તે-સ્વરૂપ અકાર્યકારણત્વશક્તિ.**)' એટલે એમાં એમ લે છે લોકો. એ તો દ્રવ્યને કારણ નથી અને દ્રવ્યનું કાર્ય નથી. એમ નથી.

અહીં તો કહે છે કે ભગવાન આત્મા વિકારના પરિણામનું કારણ નથી. કારણ કે વસ્તુનો સ્વભાવ એવો નથી. અને વિકાર પરિણામ બીજા હોય એ વિકાર પરિણામનું કાર્ય નથી. વિકાર પરિણામ છે એનો એ સ્વભાવપર્યાય કાર્ય નથી. અકાર્યકારણ શક્તિ દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં વ્યાપી. દ્રવ્ય-ગુણમાં તો છે શક્તિ અનાદિની. પણ જ્યારે દ્રવ્યનો આશ્રય લીધો તો જે ગુણ છે અકાર્યકારણ નામનો એ દ્રવ્યમાં છે. એટલે દ્રવ્યનો આશ્રય લેતાં એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અકાર્યકારણ શક્તિ દ્રવ્યમાં વ્યાપક છે, ગુણમાં વ્યાપક છે. આશ્રય લેતાં પર્યાયમાં વ્યાપક થઈ ગઈ. એનું કાર્ય આવ્યું. અકાર્યકારણગુણનું કાર્ય આવ્યું. ધીમેથી સમજો.

અકાર્યકારણ નામનો ગુણ છે એ શક્તિ છે અને એ શક્તિનો ધરનાર દ્રવ્ય છે-શક્તિવાન છે. એ જ્યારે અનાદિની દૃષ્ટિ લીધી નથી એણે. અનાદિની તો રાગ અને પુણ્ય એના ઉપર દૃષ્ટિ છે. હવે જ્યારે દૃષ્ટિ કરી, અકાર્યકારણ શક્તિનો ધરનાર ભગવાન એવો આત્મા એના ઉપર દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરી, ત્યારે અકાર્યકારણ શક્તિ દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં વ્યાપી ગઈ. એ ગુણનું કાર્ય આવ્યું. ગુણનું કાર્ય એટલે પર્યાય આવી. એટલે પર્યાયમાં અકાર્યકારણરૂપ પરિણમન થઈ ગયું. આહાહા..! એ બધી ૪૭ શક્તિમાં વિસ્તાર નાખ્યો છે. આ વસ્તુની સ્થિતિ એવી છે, ભાઈ! સમજાણું કાંઈ? ગુણ છે એ ગુણનું કાર્ય ન આવે, ગુણનો ધરનાર આત્મા એવી પ્રતીત અને અનુભવ આવતાં એ ગુણનું કાર્ય ન આવે તો ગુણ પ્રતીતમાં આવ્યો કેમ એને? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ દ્રવ્યને કારણ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી જુદું. આ તો અત્યારે આપણે પર્યાયમાં અકાર્યકારણ શક્તિ સિદ્ધ કરવી છે. પર્યાયમાં. દ્રવ્યમાં તો છે. પણ પર્યાયમાં પણ અકાર્યકારણ શક્તિ આવે છે, વ્યાપે છે. એ સિદ્ધ કરવું છે ને.

શક્તિ છે એ ત્રિકાળ છે આત્મામાં. અકાર્યકારણ નામનો ગુણ ત્રિકાળ છે. હવે ત્રિકાળ ગુણ છે તેનો ધરનાર દ્રવ્ય છે ત્રિકાળ. એ દ્રવ્યની પર્યાય કેવી હોય? જ્યારે દ્રવ્યદૃષ્ટિ થઈ ત્યારે એની પર્યાય કેવી હોય? એ તો ગુણ અને દ્રવ્ય બે કહ્યા. પણ ગુણ અને દ્રવ્યની પ્રતીતિ નહોતી, રાગ અને પુણ્ય હું છું એક સમયનો અંશ એવી પ્રતીતિ હતી ત્યાં સુધી એ ગુણનું કાર્ય નહોતું. ત્યારે તો અજ્ઞાન કાર્ય હતું. પણ જ્યારે એ ગુણ અકાર્યકારણ નામનો એટલે ગુણ વર્ણવવો છે, શક્તિ વર્ણવવી છે, સ્વભાવ વર્ણવવો છે. એ અકાર્યકારણ નામનો ગુણ, એનો ધરનાર દ્રવ્ય, એમ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જ્યાં થઈ, ત્યાં અકાર્યકારણ નામના ગુણનું કાર્ય પર્યાયમાં અકાર્યકારણપણે પરિણમી ગયું. રાગનું કાર્ય નહિ અને રાગનું કારણ નહિ. આહાહા..! એવી વાત છે, બાપુ! આ તો દ્રવ્ય સ્વભાવ એવો છે. એ પર્યાયમાં એવી દશા થઈ ગઈ.

રાગને કારણે પર્યાય ન પ્રગટે અને પર્યાયથી રાગ ન પ્રગટે. કારણ કે રાગ જ પરવસ્તુ થઈ ગઈ. અકાર્યકારણ નામનો ગુણ ભગવાન આત્મામાં છે એ ત્રિકાળ છે. પણ એનું વર્તમાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાર્ય કેમ નથી આવ્યું? કે એના ગુણનો ધરનાર દ્રવ્યની શ્રદ્ધા નથી એને. સમજાણું કાંઈ? એને શ્રદ્ધા છે એક સમયની અવસ્થાની કાં પુણ્ય-પાપની. એટલી શ્રદ્ધા. હવે એમાં તો ઓલો ગુણ આવ્યો નહિ. સમજાણું? એ શ્રદ્ધામાં તો અજ્ઞાનને લઈને પુણ્ય-પાપનું કરવું અને પુણ્ય-પાપનું અસ્તિત્વ જ એની દૃષ્ટિમાં છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા પરમેશ્વર પોતે છે, પ્રભુત્વ નામનો ગુણ ધારે છે. અકાર્યકારણ નામનો ગુણ ધાર્યો છે એવા ધરનારને દૃષ્ટિમાં લેતા, દ્રવ્યને દૃષ્ટિમાં લેતા, ગુણને દૃષ્ટિમાં નથી લેવો પછી. ગુણ તો જુદો ભેદરૂપ થઈ ગયો. પણ એ ગુણ જેમાં છે એવું દ્રવ્ય, એના અનંતા ગુણરૂપી દ્રવ્ય એને પ્રતીતમાં લેતા એની પર્યાયમાં પણ તે દ્રવ્ય પરિણમતા ગુણનું કાર્ય અકાર્યકારણપણે પર્યાય પરિણમી ગઈ છે. ત્યારે તેને અકાર્યકારણ ગુણનો ધરનાર દ્રવ્યની શ્રદ્ધા થઈ કહેવાય છે. સમજાણું કાંઈ? ઝીણું પડે પણ વસ્તુ જ એવી છે. એમાં વસ્તુ જ એવી છે. એમાં કરી કરાવી કોણે છે? સમજાણું કાંઈ?

એટલે કોઈ કહે કે પરદ્રવ્યનું કારણ ન થાય અને પરદ્રવ્યથી આ દ્રવ્ય ન થાય. એમ નથી અહીં. દ્રવ્ય થવાનો પ્રશ્ન જ ક્યાં છે. દ્રવ્ય તો ત્રિકાળ છે તે છે. ગુણ પણ ત્રિકાળ છે તે છે. કાર્ય તો પર્યાયમાં છે. સમજાણું કાંઈ? એટલે અહીંયાં તો એમ કહેવું છે જરી,... બહુ શાસ્ત્ર છે ને આ તો અધ્યાત્મ શાસ્ત્ર. એટલે પહેલું એમ કહ્યું, ભાઈ! ભગવાન આત્મા વસ્તુ છે ચૈતન્યજ્યોત. ભલે પર્યાયમાં વિકાર હો. પણ તે પરદ્રવ્યના પર્યાયમાં જાય તો તો આનું પોતાપણું રહેતું નથી. એ તન્મય થઈ ગયો ત્યાં. એક વાત. એટલે એમ થતું નથી માટે કર્તા નથી.

હવે ત્રિકાળી જગતના પર્યાયો થાય દ્રવ્યના એમાં નિમિત્તપણે એની ઉપસ્થિતિ રહેવી જોઈએ તો એનું રાગનું કર્તૃત્વ ત્રિકાળ દ્રવ્યનો સ્વભાવ થઈ જાય છે. દ્રવ્યનો સ્વભાવ એવો નથી. નિત્ય કર્તૃત્વ થઈ જાય છે. આત્મામાં રાગનું ત્રિકાળ કર્તૃત્વ થઈ જાય છે. એમ વસ્તુ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! વિભાવરૂપ ત્રિકાળ દ્રવ્ય નથી. એ વિભાવરૂપ આત્મા ત્રિકાળ તન્મય થયો નથી. માટે નિમિત્તપણે પણ દ્રવ્ય જે છે એ કર્તા નથી. પરની પર્યાય કાળે તેને કર્તાપણાનો આરોપ આવતો નથી. ત્યારે કોને આવે છે?

જેને જ્ઞાયકસ્વભાવ વસ્તુની દૃષ્ટિમાં તન્મયપણું જેને નથી એટલે કે જ્ઞાયકભાવમાં અંતર તન્મય નથી એ જીવ રાગ અને યોગમાં તન્મય છે. એવા અજ્ઞાનીના યોગ અને ઉપયોગ તે પરદ્રવ્યના ઉત્પાદક છે. પાઠ એમ છે ને? '**जोगुवओगा उप्पादगा**' આ તો ટૂંકી ભાષા છે એટલે ટીકાકારને ખુલાસો કરવો પડ્યો છે. કારણ કે પહેલું આવ્યું ને? '**ખરેખર જે ઘટાદિક તથા ક્રોધાદિક પરદ્રવ્યસ્વરૂપ કર્મ છે...**' કર્મ એટલે પર્યાયની વાત છે. અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઓલામાં ખુલાસો કરવો છે કે નિત્ય કર્તૃત્વ આવી જાય. વસ્તુ ત્રિકાળ રાગરૂપ થઈ જાય અને રાગનું કરવું જ સદાય રહે. જીવ પદાર્થ જો નિમિત્તપણે કર્તા થાય તો જીવ પોતે વિભાવમય અને ત્રિકાળ કર્તૃત્વ રાગમય થઈ જાય. એમ કોઈ દિ' હોઈ શકે નહિ. ત્રીજી વાત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે આવે છે. હવે આવે છે, હજી એ વાત નથી કરી. હજી તો હવે વાત આવે છે. આ તો બેની વાત કરી. ત્રીજી હવે આવે છે.

આ યોગ ઉપયોગ જે... હવે ત્રીજું પદ. આ બે પદની વ્યાખ્યા થઈ. હવે ત્રીજું પદ '**जोगुवओगा उप्पादगा**' હવે કોણ છે પરદ્રવ્યની પર્યાયમાં નિમિત્તપણે? નિમિત્તપણે. કારણ કે ઉપાદાન તો એની પર્યાય થઈ. એ તો સિદ્ધ થઈ ગયું. ઉપાદાન તો એની પર્યાય છે ઘટપટ રથ આદિ. એ કાળે નિમિત્તપણે કોણ? કે યોગ અને ઈચ્છા તેને નિમિત્તપણે કર્તા કહેવામાં આવે છે. '**जोगुवओगा उप्पादगा**' જડની પર્યાયમાં એનો યોગ અને રાગ ઉત્પાદક નિમિત્તપણે કહેવામાં આવે છે. કેમ કે યોગ અને ઉપયોગ ત્રિકાળી દ્રવ્યનો સ્વભાવ નથી. એ કૃત્રિમ છે. તો જેને સમ્યગ્દર્શન નથી અને જે યોગના ઉત્પાદનો... તેથી સ્પષ્ટ કરે છે '**तेसिं हवदि कत्ता**' '**तेसिं**' એટલે? ઓલો યોગ અને ઉપયોગનો કર્તા જે છે, એ જીવ બીજાની પર્યાયમાં યોગ અને ઉપયોગ નિમિત્તપણે કર્તા કહેવામાં આવે છે. એને પાછો શબ્દ વાપર્યો કે અનિત્યપણે જે યોગ અને ઉપયોગ છે. સમજાણું કાંઈ? કારણ કે યોગ ઉપયોગ અનિત્ય છે. એ કાંઈ કાયમી ચીજ છે?

એટલે '**जोगुवओगा उप्पादगा**' કંપન્ન અને રાગ પરદ્રવ્યની પર્યાયના કાળે. આહાહા..! શ્રીકૃષ્ણ કહે છે ને અરે..! હું ગિરધર. આમ આંગળીએ પર્વત ઉપાડ્યો. અરે..! એ શરીર ઊભું ન થાય. જગત છે. શું થાય? વનમાં. વનમાં આમ ઉભું થવાય નહિ. આ મેં ગીરધર ઉપાડ્યો, પર્વત ઉપાડ્યો આમ આંગળીએ. અરે..! એ બળે શરીર ઉભું ન થાય? બાપા! શરીરની પર્યાય તો (પરની) છે. નવનીતભાઈ! શ્રીકૃષ્ણ જેવા વાસુદેવ આમ પોકાર પોકાર કરે છે. આમ નગરી બળે છે ને જ્યારે. 'દોનો બાંધવે .. એ દ્વારકા બળે દેખાય. અરે ભાઈ! બેતાલીસ લાખ ઘોડા સળગે, માઈ! અમારા બળ ક્યાં ગયા? બાપા!' એમ પોકાર કરે છે. આહાહા..! બેતાલીસ લાખ ઘોડા સળગે-બળે. સળગે સમજો છો ને? જલે છે. અરે..! બળે છે મા ને બાપ આ બળ્યા આમાં, ભાઈ! આપણા હૈડા ફાટે છે કહે છે. આ બળ ક્યાં ગયા આપણા? બે ભાઈઓ પોકાર કરે છે હોં! હે હળધર! હે હળધર! બળભદ્રને. માધવ એમ બોલે છે. માધવ એમ બોલે છે, ભાઈ! આ બળ ક્યાં ગયા બાપા? આ સળગે જોતા આ પોકાર કરે અંદરમાં, એ કૃષ્ણ.. અમને ઉગારો. અમને ઉગારતા હતા ને, પ્રભુ! તમે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ક્યાં ભાગ્યા? ભાઈ! અમે નીકળ્યા માંડ માંડ આ મા-બાપને લઈને. ત્યાં મા-બાપ જ્યાં રથમાં બહાર.. પોતે નીકળ્યા ત્યાં પડ્યો દરવાજો. આમ પોકાર કરે છે હોં! એ ક્યાં ગયા બળ? મગનભાઈ! અરે..! આ દુકાને ધમધમાટ બેસતા હોય. આમ પાટું શું કહેવાય બધા? માલ આવ્યો હોય ને? કાઢે ને તોડે. ક્યાં બળ ગયું આ બધું? એ બાપા! જડના બળ છે ભાઈ! એમાં આત્મા કાંઈ નિમિત્તપણે પણ કર્તા નથી. આહાહા..!

એ નિમિત્તપણે કર્તા કોણ થાય છે? કે જે ક્ષણિક વિકારનો '**तेसिं हवदि कत्ता**' ક્ષણિક રાગ અને યોગનો કર્તા પરિણમનનો કર્તા ઈ છું, તન્મય છું એમ માનનાર છે એ યોગ અને રાગનો કર્તા જે થાય છે એ પરદ્રવ્યની પર્યાય કાળે તેના અનિત્ય યોગ અને ઉપયોગ નિમિત્તકર્તા કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ વાત કાલે બધી ગઈ, હોં! તમે આવ્યા ત્યારે. આહાહા..! મેં તો પહેલો વિચાર કર્યો કે તમારા ઓલા કલકત્તાવાળા આવે ત્યારે .. ગાથા વઈ ગઈ. મેં કીધું બે દિ' પહેલા નહોતા આવ્યા. કીધું, આવશે તાકડે. ત્યાં તો આ ગાથા ચાલી ગઈને. સમજાણું કાંઈ? આહાહા..!

ભાઈ! એ શરીરના બળની પર્યાય, જેમ ઘટની પર્યાય એમ શરીરની પર્યાય. એમાં એના જે કામ થાય, આમ થાય, આમ થાય એ બધી પર્યાયને કાળે પર્યાય એનાથી થાય. ભગવાન આત્મા જો એ શરીરની પર્યાય... અહીં તો મારે તો હજી ઠેઠ લેવું હતું ઓલાપણે હેઠે, આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને મનના પરમાણુ જે બંધાય છે, એમાં પણ નિમિત્તપણે કોણ છે? આત્મા તો તેનો કર્તા દ્રવ્યપણે નહિ, પર્યાયપણે એની પર્યાયની કરે આહાર, શરીર, ઈન્દ્રિયની જડની પર્યાય અપર્યાપ્ત કાળમાં બાંધે છે ને? તો એ પર્યાયને જો આત્મા કરે તો આત્મા એમાં એકમેક થઈ જાય. એમ બને નહિ. માટે કરતો નથી.

વસ્તુ ભગવાન આત્મા છે એની પર્યાયને કરે તો કર્તૃત્વનો સ્વભાવ એના રાગનો વિભાવમાં તન્મય એકાકાર થઈ જાય. તો એમ કોઈ દિ' બની શકે નહિ. વિકાર તો એક સમયમાં તન્મય હોય, ત્રિકાળ તન્મય હોઈ શકે નહિ. હવે ત્રીજો. એ પોતે દ્રવ્યસ્વભાવ તો નિમિત્તપણે પણ કર્તા તેના નથી, પણ તેનો આત્મા જેનો યોગ અને રાગમાં એકમેક માનેલું છે, જેને જ્ઞાયકસ્વભાવ ભિન્ન છે એનું જેને ભાન નથી, એ જીવો યોગ અને ઉપયોગના કર્તા થાય છે. તેથી તેનો યોગ અને રાગ તેની પર્યાયમાં નિમિત્તપણે કર્તા અનિત્ય યોગને કહેવાય છે. આ શૈલી તો જુઓ! ઓહોહો..! સમજાણું આમાં?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમ હોય? બુદ્ધિવાળા માણસ છે. આહાહા..!

આ સંતોએ અમૃત રેડ્યા છે. આ વસ્તુ છે. ભાઈ! તું તો ચૈતન્ય પ્રભુ છો ને. ભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તારો તો ચૈતન્યસ્વભાવ તારો સ્વભાવ છે, ભાઈ! એ યોગ અને રાગ તારો સ્વભાવ છે? એ સ્વભાવ તારો છે? અને એનો તું કર્તા થા તો એનો અર્થ કે તારું પરિણમન જ વિકારરૂપ (થઈ ગયું). એટલે આખો આત્મા જ જાણે વિકારરૂપ થઈ ગયો. તને આત્મા જ્ઞાયકની ખબર નથી. એ નથી ખબરુંવાળો જે યોગ અને રાગનો કર્તા થાય. '**तेसिं हवदि कत्ता**' એટલે રાગ અને કંપનનો કર્તા. તે જીવની તે પર્યાય... પછી અનિત્ય લીધું. યોગ અને ઉપયોગ રથ, પટ ને ઘટ આદિ આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસમાં બંધાય છે ને જ્યારે પર્યાય? ત્યારે એનો યોગ અને રાગ અજ્ઞાની (નો નિમિત્ત) કહેવાય છે. જ્ઞાનીનો નહિ. એ આહાર શરીર, ઈન્દ્રિય ત્રણ જ્ઞાન લઈને, ક્ષાયિક સમકિત આદિ લઈને જે જીવ આવે છે... સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- એની પર્યાય પણ નહિ?

ઉત્તર :- એની પર્યાય યોગ અને ઉપયોગ એની પર્યાય નથી. તેથી આહાર, શરીર, ઈન્દ્રિય બંધાય છે તેમાં નિમિત્તપણે એ નથી. પણ ગુલાંટ ખાઈ ગઈ ચોથી વાત હવે. ત્રણ વાત થઈ ગઈ.

જ્યારે યોગ અને રાગનો કર્તા થનાર આત્માને અકર્તા ત્રિકાળ જ્ઞાયક છે તેનું ભાન નથી. એનો અર્થ એ કે રાગ અને યોગમાં તન્મય થઈ ગયેલો જીવ તેની તે પર્યાય તેના આહાર, શરીરની પર્યાય વખતે નિમિત્ત કહેવાય. હવે ગુંલાટ ખાય છે. ઓલું નિમિત્ત અને આ નૈમિત્તિક. ઓલી નૈમિત્તિક પર્યાય હતી શરીર આહાર આદિની. યોગ, ઉપયોગ નિમિત્ત હતું. હવે ગુલાંટ ખાય છે. યોગ ઉપયોગ એ મારી ચીજ નથી. હું જ્ઞાયક ચૈતન્ય છું એમ જ્યાં ભાન થયું, ત્યારે જે પરની પર્યાય થઈ એને નિમિત્ત કહેવાણું અને અહીંયાં જ્ઞાયકપણાની પર્યાય થઈ તેને નૈમિત્તિક કહેવાણું. આમ નૈમિત્તિક ને આ નિમિત્ત થયું. ઓલું નૈમિત્તિક અને આ નિમિત્ત હતું. ...ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એનું કારણ છે કે ભગવાન આત્મા સ્વપરપ્રકાશની મૂર્તિ છે. તો સ્વપરપ્રકાશક ચૈતન્ય છે એનું જ્યાં જ્ઞાન સમ્યક્ વર્તે છે. ચાહે તો પછી માતાના પેટમાં આવીને ત્યાં ઊભો હોય, પણ એ આત્મા જે છે એના આહાર, શરીર, ઈન્દ્રિય ભાષાના બંધમાં નિમિત્તપણે પણ નથી. કેમ કે યોગ અને ઉપયોગરૂપે એ છે નહિ. યોગ અને ઉપયોગરૂપે જે માને છે એનો યોગ ઉપયોગ અનિત્ય તે બીજાના નિમિત્તપણે કહેવામાં (આવે છે). આરોપે કહેવામાં આવે છે.

હવે જે યોગ અને રાગનો કર્તા નથી એટલે કે જે એનું સ્વરૂપ નથી, એમ જ્યાં જ્ઞાનાનંદ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વરૂપમાં તન્મય છે. જુઓ! અહીં તન્મય આવ્યો. પહેલા યોગ ઉપયોગમાં તન્મય આવ્યો, પછી પરની પર્યાયમાં તન્મય આવ્યો, જીવદ્રવ્ય વિભાવમાં તન્મય આવ્યો, ઓલો વિકાર માનનારો વિભાવમાં તન્મય થનારો એની પર્યાય પરમાં નિમિત્તપણે કહેવાણી. અહીં જ્ઞાનમાં જે તન્મય છે એને તો યોગ અને રાગ અને પરની પર્યાય જ્ઞાનમાં નિમિત્ત થઈ. આમ થઈ. ગુલાંટ ખાઈ ગઈ વાત.

આ તો ૧૦૦ મી ગાથા છે. ભાઈ! આ તો જ્ઞાનસ્વપરપ્રકાશક પરનું.. ઓલું નિમિત્ત. નિમિત્ત એટલે છે એટલું. પરિણમન તો પોતાનું છે. પોતાનું સ્વપરપ્રકાશક પરિણમન છે એ તો પોતાનું છે. પોતાથી થયો છે. પણ સામી ચીજ રાગ અને કંપન્ન અને જે અવસ્થા ઘટપટની થઈ તે અહીં જ્ઞાનમાં સ્વપરપ્રકાશના પરિણમનમાં ઓલું નિમિત્ત કહેવાણું. ઓલું પરની પર્યાયમાં અજ્ઞાનીનો રાગ અને અનિત્ય છે એ નિમિત્ત કહેવાતો. કારણ કે રાગ અને યોગને તન્મય તરીકે માનતો હતો. જ્ઞાયક ભિન્નપણે માનતો નહોતો. સમજાણું કાંઈ?

આ તો ગાથામાં કીધું. આ ગાથામાંથી ક્યાંથી કાઢ્યું ટીકાકારે? અમૃતચંદ્રાચાર્યે. ગાથામાંથી જ કાઢી છે આ ટીકા. સમજાણું કાંઈ? પહેલા પદમાંથી બે કાઢ્યા. '**जीवो ण करेदि घडं णेव पडं णेव सेसगे दव्वे।**' એટલે બે કાઢ્યા. જીવદ્રવ્ય પરના ઘટપટની પર્યાયને ન કરે. પર્યાય કરતો નથી. એક વાત. જીવ દ્રવ્ય નિમિત્તપણે પણ પરને ન કરે. નિમિત્તપણે જો કરે તો જીવદ્રવ્ય વિભાવમાં તન્મય થઈને ત્રિકાળી કર્તૃત્વ આવી જાય.

હવે ત્રીજો બોલ અહીંથી કાઢ્યો-અનિત્યનો. '**जोगुवओगा उप्पादगा**' હવે ઘટપટ અને રથ આદિ દાળ, ભાત, રોટલી, શાક, શરીરની ક્રિયા, આહાર, શરીરની, ભાષા અને મનની પર્યાય થાય ત્યાં. થવાની ત્યાં થાય. એને યોગ અને ઉપયોગ ઉત્પાદક કહેવામાં આવે છે. તે નિમિત્તપણે. કારણ કે ઓલા તો છે. ઉપાદાનપણે તો એની પર્યાય છે. અહીં એને નિમિત્તપણે યોગ અને રાગનો કર્તા જે ભાવ છે, રાગ અને યોગ છે, એ પરની પર્યાયને નિમિત્ત કહેવાય છે. ત્યારે.. જીવે શું કર્યું ત્યાં? કે જીવ '**तेसिं हवदि कत्ता**' એ રાગ અને કંપન્નનો કર્તા. અજ્ઞાની રાગ અને કંપન્નનો કર્તા (છે). એ કર્તા જે છે એનો રાગ અને ઓલો એ પરની પર્યાય વખતે નિમિત્ત કર્તા કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? આ તો ઉપરથી જરી ગાથાથી કહ્યું.

'**ભાવાર્થ :- યોગ એટલે (મન-વચન-કાયના નિમિત્તવાળું) આત્મપ્રદેશોનું ચલન...**' મૂળ તો કંપન્ન લેવું છે, હોં! મન-વચન-કાયના નિમિત્તે. મન-વચન તો પરમાણુ છે. એના નિમિત્તવાળું અહીં પ્રદેશનું કંપન્ન. એને યોગ કહેવો છે અહીંયાં. કંપન્ન. જીવની પર્યાયનું કંપન્ન. '**ઉપયોગ એટલે જ્ઞાનનું કષાયો સાથે ઉપયુક્ત થવું-જોડાવું.**' રાગમાં જોડાઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગયો. રાગમાં જોડાઈ ગયો તે ઉપયોગ. સમજાય છે? બંધ અધિકારમાં આવે છે ને? ઉપયોગ ભૂમિમાં રાગને જ્ઞાની કરતો નથી. અને ઉપયોગ ભૂમિમાં રાગને કરે છે તે મિથ્યાદષ્ટિ છે. બંધ અધિકારમાં પહેલી પાંચ ગાથામાં. ઉપયોગરૂપી જમીનમાં જે રાગને કરે છે તે મિથ્યાદષ્ટિ છે. એ ચૈતન્યરૂપી ભૂમિકામાં રાગને કરતો નથી પણ જાણે છે તે સમ્યગ્દષ્ટિ છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે, એ આત્મપ્રદેશનું ચલન-એ કંપન્ન. આત્માની પર્યાય લેવી છે હોં કંપન્નની. ઓલા તો મન-વચન અને પરમાણુ તો નિમિત્ત છે, આલંબન (તરીકે). '**ઉપયોગ એટલે જ્ઞાનનું કષાયો સાથે ઉપયુક્ત થવું-જોડાવું...**' જ્ઞાન જે સ્વરૂપ છે એ આમ ન જોડાતા, આમ રાગ સાથે, પુણ્ય સાથે, વિકલ્પ સાથે, ઈચ્છા સાથે જોડાવું. '**આ યોગ અને ઉપયોગ...**' જુઓ! '**जोगुवओगा उप्पादगा**' એ શબ્દ અહીં સિદ્ધ કરવો છે. એ '**ઘટાદિક...**' એટલે ઘડો, પટ, લાડવા, દાળ, ભાત, શાક, રોટલી કે શરીરનું ચાલવું અને '**ક્રોધાદિકને...**' એટલે કર્મ. જડ કર્મ હોં. જડ કર્મ-આઠ કર્મ. એમાં ક્રોધાદિ એટલે ચારિત્રમોહની, દર્શનમોહની વગેરે. એને '**નિમિત્ત છે...**' કારણ કે પરદ્રવ્યની વાત કહેવી છે ને? '**सेसगे दव्वे**' એમ કહેવું છે ને? '**घडं णेव पडं णेव सेसगे दव्वे।**' એટલે બધા દ્રવ્યો કર્મ આદિ.

એ યોગ અને ઉપયોગ, કંપન્ન અને રાગ. દ્વેષ પણ લેવો અહીંયા. સમજાણું? આમ હથિયાર ચાલે છે ને? એક મિથ્યાદષ્ટિ લડાઈ કરવા જાય છે આમ હથિયાર લઈને. એ પર્યાય તો ત્યાં ઉપાદાનને લઈને થઈ છે. પણ તે આત્મા તેની પર્યાયને કરી નથી. દ્રવ્ય છે આખું એ પણ એની પર્યાયને કરતું નથી. હવે એનો જે યોગ અને ઉપયોગ જે છે એની દષ્ટિ ત્યાં છે અજ્ઞાનીની. તેથી એ પર્યાયને કાળે પર્યાય તો ત્યાં એને કાળે થઈ છે, હોં! આને કારણે નહિ. હથિયાર ઉપડે અને આમ ગોળી ફૂટે જાય ને... તે કાળે અજ્ઞાનીનો યોગ અને રાગનો કર્તા છે એ રાગ અને યોગની પર્યાય ઓલા નિમિત્ત કહેવાય છે.

જ્ઞાનીને રાગ અને યોગથી ખસી જ્ઞાયકસ્વરૂપનું ભાન છે. તે વખતનું જરી કંપન્ન અને ઈચ્છા અને જ્યાં પર્યાય હથિયારની થાય, એ બધું જ્ઞાન સ્વપરપ્રકાશમાં એ બધું આમ નિમિત્ત થાય છે. આમ નિમિત્ત થતું નથી. બાબુલાલજી! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. એમ કે આ દાખલો આપ્યો એમાં જરી આમ બંધબેસતું નથી. આકરું લાગે છે એમ. પણ દાખલો તો દાખલો છે. એમ ઘટપટ છે એ.

શરીર આમ થયું, હથિયાર આમ ઉપડ્યું, ગોળી આમ પડી. ફડાક દઈને ગોળી આમ થઈ એ બધી પરદ્રવ્યની પર્યાય છે. એ પરદ્રવ્યની પર્યાય આત્મા કરતો જ નથી. એને કરે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો એ પર્યાય-પરિણામ અને આ પરિણામી એક થઈ જાય છે. અજ્ઞાનીનો આત્મા કરતો નથી. મગનભાઈ!

હવે એ પર્યાયને જીવદ્રવ્ય કરતો નથી. જીવદ્રવ્ય કરે તો ત્રિકાળી વિકારમય થઈ જાય અને ત્રિકાળી કર્તૃત્વ થઈ જાય. તો એમ હોઈ શકે નહિ. એ વખતનો એનો યોગ અને ઉપયોગ અજ્ઞાનીનો... કેમ કે યોગ અને ઉપયોગ સાથે તન્મય છે. જ્ઞાયક ભિન્ન છે એનું ભાન નથી. તન્મય પર્યાયમાં એક સમયે તન્મય પર્યાય દૃષ્ટિવાળો છે. પર્યાય દૃષ્ટિવાળો કહો કે મિથ્યાદૃષ્ટિ કહો કે યોગ અને રાગનો કર્તા કહો, બેય એક જ વાત છે. સમજાણું કાંઈ?

એ ભગવાન આત્માના સ્વભાવમાં રાગ અને કંપન્ન સ્વરૂપ નથી. એવી બહિર્વૃત્તિને પોતાનું માનનારો એટલે એને જ પોતાનું સ્વરૂપ માનનારો બહિર્આત્મા છે. એને જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય ભિન્ન છે એવું ભાન નથી. તેથી તે બહિર્આત્માનો યોગ અને રાગ તે તે કાળની અવસ્થાને નિમિત્તપણે કર્તા કહેવામાં આવે છે. અને એ જીવ તો યોગ અને રાગનો કર્તા છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાતા જ્ઞેય જ કહેવું છે અહીં. કાઢવું છે ઈ. એકલું આ સમજાવવું છે એકલું? એ તો એ જ કહેશે હમણા. ૧૦૧માં. સમજાવીને આ કહેવું છે કે આવું કરે કરે પણ હવે તારો સ્વભાવ શું છે? મૂકને પડતી. આ એમ કહે છે.

વીતરાગતા બતાવવા માટે શ્લોક હશે કોઈપણ. વીતરાગ આખા શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. તો આમાંથી વીતરાગ તાત્પર્ય શી રીતે કાઢવું? સમજાણું કાંઈ? ભાઈ! એ જગતના પદાર્થોની અવસ્થાને કાળે અવસ્થા થાય. એમાં યોગ અને રાગને નિમિત્ત કહેવાય. નિમિત્ત કહેવાય. ઉપાદાન તો એનાથી પરિણમ્યું જ છે. અને આનાથી થાય તો તો આનાથી તો નિમિત્ત પહેલું થાય છે અને કાર્ય પછી છે એમ બનતું નથી. નિમિત્ત પહેલું એ સિદ્ધ થતું નથી. કાર્યકાળે નિમિત્ત છે, કાર્યકાળે નિમિત્ત છે. કારણ કે એનું લક્ષ પર ઉપર છે. રાગ અને યોગનો કર્તા થઈ પરલક્ષી જ્ઞાન, ભાઈ! પરલક્ષી આમ જ્ઞાન અને પરલક્ષી રાગ, એનો જે સ્વામી છે, ચૈતન્ય સહજાત્મસ્વરૂપ છે એનો સ્વામી નથી એવો રાગનો કર્તા થાય એ પરની અવસ્થા કાળે તે રાગ ને યોગને નિમિત્ત કર્તા કહેવામાં આવે છે. એક નિમિત્ત કર્તાનો અર્થ-થયો છે એનાથી એમ નથી. થયું છે તે કાળે, તે કાળે આની પર્યાયને નિમિત્ત કર્તા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કર્તા-ફર્તા છે નહિ. નિમિત્ત કર્તાનો અર્થ જ.. પણ કાર્ય તો છે ત્યાં. હવે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ વખતે તો અહીં નિમિત્તનો કાળ છે. કાર્યકાળ તો છે. એ વખતનો કાળ અહીં છે કે પહેલા સમયનો અને પછી સમયનો છે? એ સમયે ઉપાદાનપણે તો પરિણમેલી પર્યાય છે ત્યાં. આ સમયે આ યોગ અને ઉપયોગનો કર્તા જે થાય, તે યોગ અને ઉપયોગ એના કર્તા નિમિત્તપણે છે એમાંથી કાઢી લેવું. એ ટીકામાં એમ લઈ લીધું. યોગ અને ઉપયોગ **'उप्पादगा'** એમ શબ્દ છે. **'उप्पादगा'** પણ **'उप्पादगा'** શી રીતે? નિમિત્તપણે. તો કોના? **'तेसिं हवदि कत्ता'**. જે યોગ અને રાગનો કર્તા થાય એના. સમજાણું કાંઈ? સમજાણું કે નહિ આમાં? આહાહા..! અહીં તો પ્રભુ આત્મા કહે છે ને. ભાઈ! અહીં તો સિદ્ધ તો કરવું છે જ્ઞાયક સ્વભાવને સિદ્ધ કરવા. સમયસાર સિદ્ધ કરવું છે ને?

મુમુક્ષુ :- આત્મપ્રસિદ્ધિ કરવી છે.

ઉત્તર :- આત્મપ્રસિદ્ધિ કરવી છે ને? આ કહ્યું એમાં પણ આત્મપ્રસિદ્ધિ કેમ થાય એમ વાત કહે છે.

ભાઈ! તારું તત્ત્વ તો આત્મા જ્ઞાયકસ્વરૂપ છે ને, ભાઈ! ભગવાન આત્મા એ રાગ અને યોગનો પણ કર્તા નથી. અને રાગ-યોગનું એ આત્મા પર્યાયમાં એનું કાર્ય નથી. એનું કાર્ય તો દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થતાં નિર્મળ પર્યાયનું કાર્ય જ્ઞાનીનું (થાય) તે તેનું કાર્ય છે. એવા કાર્યમાં તે તે કાળે થતી અવસ્થા તે તે કાર્યમાં તેને નિમિત્તરૂપે કહેવામાં આવ્યું. અવસ્થાને નિમિત્તરૂપે કહેવામાં આવે છે જ્ઞાનમાં. કારણ કે સ્વપરપ્રકાશક પરિણમ્યો એટલે પરપ્રકાશનું નિમિત્ત આવું છે એમ જાણ્યું.

પણ એવો જ્ઞાયકસ્વભાવ પ્રસિદ્ધમાં, દૃષ્ટિમાં નથી અને રાગ અને યોગ જેની દૃષ્ટિમાં પ્રસિદ્ધ છે, પ્રસિદ્ધ છે, એવો આત્મા યોગ અને રાગનો કર્તા થાય છે. તે યોગનો કર્તા થનાર તે બીજાની પર્યાયને **'उप्पादगा'** નિમિત્તપણે ઉત્પાદ છે એમ કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત કરી. સમજાણું કાંઈ? કહો, વજુભાઈ! લાંબુ સમજાય કે ઝાઝું એનું કાંઈ નહિ. પણ જેમ છે તેમ એને થોડું પણ બરાબર સમજાવું જોઈએ. એમ જોવે ને. લાંબી લાંબી વાતું ઘણી હોય પણ.. મૂળ ખ્યાલમાં જે ચીજ છે તેનું ભાવનું ભાસન થવું જોઈએ. ભાવનું જ્ઞાન. ભાસન શબ્દે જ્ઞાન. ભાઈ કેવા? ટોડરમલજીએ ભાવભાસન શબ્દ વાપર્યો, પંડિતજી! મોક્ષમાર્ગમાં. જ્યાં ત્યાં ભાવભાસન... ભાવભાસન... ભાસનનો અર્થ જ્ઞાન. આમ ભાવનો ખ્યાલ એને જ્ઞાનમાં આવવો જોઈએ કે આ આ છે. સમજાણું કાંઈ?

કહે છે, **'આ યોગ અને ઉપયોગ...'** એટલે રાગ. આ ઉપયોગ આ. કોણ? કષાય સાથે ઉપયોગ જ્ઞાનનું કષાયનું જોડાણ તે રાગ. એ જાણવું-દેખવું એકલો ઉપયોગ એમ નહિ. જાણવું-દેખવું એવો ઉપયોગ નહિ. જાણવું દેખવું તો એકલો... એ રાગ સાથે જોડાણો એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉપયોગ. એમ. એટલે વ્યાખ્યા કરી પાછી. પાઠ તો એમ છે, યોગ અને ઉપયોગ. લ્યો! તો ઉપયોગ તો જાણવું-દેખવું બાર પ્રકારનો થાય. પાંચ પ્રકારનું જ્ઞાન, ત્રણ પ્રકારનું અજ્ઞાન અને ચાર દર્શન-જાણવું-દેખવું એ નહિ. અહીં તો અશુદ્ધપણાનું જે જોડાણ છે પરિણમનમાં, શુભ-અશુભમાં જોડાણ છે એવો ઉપયોગ અને કંપન્ન છે એને યોગ કહે છે. એટલે ખુલાસો કરવો પડ્યો. સમજાણું કાંઈ?

'**આ યોગ અને ઉપયોગ ઘટાદિક અને ક્રોધાદિક...**' એટલે બાહ્ય પદાર્થની અવસ્થા અને અંતર આઠ કર્મની અવસ્થા. બેય લઈ લીધી. તેને '**નિમિત્ત છે...**' કોણ? ઓલા યોગ અને રાગ. '**તેથી તેમને તો ઘટાદિક તથા ક્રોધાદિકના નિમિત્તકર્તા કહેવાય...**' તેમને (એટલે) ઓલા અનિત્ય વિકારી પરિણામને. ઘટાદિક એટલે બાહ્ય પદાર્થની દશા અને અંતરના આઠ કર્મની દશા તેમને તો નિમિત્તકર્તા કહેવાય. '**પરંતુ આત્માને તેમનો કર્તા ન કહેવાય.**' વસ્તુને ન કહેવાય. સમજાય છે? વસ્તુને કહેવાય તો વસ્તુ તન્મય રાગ સાથે થતાં વસ્તુ ભિન્ન રહેતી નથી. સમજાણું કાંઈ?

અરે..! શાંતિથી, ધીરેથી જરી સમજવા માગે ને તો આ સીધી વાત છે. પણ વાત એમાં પોતાનો પક્ષ કરીને, રાગ કરીને પોતે માન્યું એમ સિદ્ધ થવું જોઈએ એમ ન હોય શકે. વસ્તુ કેમ છે એમ સિદ્ધ થવી જોઈએ. નહિ, કર્તા છે.. નહિ, કર્તા છે. નિમિત્ત ન હોય તો થાય? નિમિત્ત ન હોય તો થાય? પણ સાંભળને! નિમિત્ત કે દિ' નથી? હવે નિમિત્ત પણ કોનું? જેનું પરલક્ષી જ્ઞાન અને પરલક્ષી જોડાણ રાગનું છે તેને પરદ્રવ્યની પર્યાયના કાળમાં પરદ્રવ્ય પર્યાય તો ઉપાદાનથી છે. આને નિમિત્તકર્તા કહેવાય છે. એણે કર્યું શું? કર્યું હોય તો તો એકમેક થઈ જાત. તો તન્મય એક થઈ જાત. કર્યું નથી અને નિમિત્તપણે આરોપ આવે એનું નામ નિમિત્ત કર્તા છે. સમજાણું કાંઈ?

'**આત્માને સંસારઅવસ્થામાં અજ્ઞાનથી...**' જુઓ, લીધું પર્યાયથી. '**માત્ર યોગ-ઉપયોગનો કર્તા કહી શકાય.**' '**उप्पादगा**' એની વ્યાખ્યા કરી. '**આત્માને સંસાર...**' વિકારી દશાના કાળમાં તે પણ અજ્ઞાનના કાળમાં. અજ્ઞાનથી માત્ર રાગ અને યોગનો કર્તા કહી શકાય. સમજાણું આમાં? પોપટભાઈ!

'**અહીં તાત્પર્ય આ પ્રમાણે જાણવું :-...**' જુઓ! હવે ઓલી વાત નાખશે. '**દ્રવ્યદૃષ્ટિથી તો કોઈ દ્રવ્ય અન્ય કોઈ દ્રવ્યનું કર્તા નથી;...**' પહેલી વાત. દ્રવ્ય-વસ્તુ દ્રવ્ય વસ્તુથી અને દ્રવ્યદૃષ્ટિના ધરનારની વસ્તુથી. એમ બેય લેવું ભાઈ! દ્રવ્યવસ્તુ અને દ્રવ્યદૃષ્ટિ પોતે દ્રવ્ય કર્તા નથી, દ્રવ્યદૃષ્ટિનો ધરનાર પણ કર્તા નથી. સમજાણું કાંઈ? '**દ્રવ્યદૃષ્ટિથી તો કોઈ દ્રવ્ય અન્ય કોઈ દ્રવ્યનું કર્તા નથી;...**' વસ્તુ પોતે અને દ્રવ્યની દૃષ્ટિવંત પોતે કોઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દ્રવ્યની પર્યાયનો તન્મયપણે નહિ, નિમિત્તપણે નહિ, ત્રિકાળ, વર્તમાન નિમિત્તપણે યોગ અને ઉપયોગપણે પણ નહિ. સમજાણું કાંઈ?

**'પરંતુ પર્યાયદૃષ્ટિથી કોઈ દ્રવ્યનો પર્યાય...'** પર્યાયદૃષ્ટિવંતનો પર્યાય **'કોઈ દ્રવ્યનો પર્યાય કોઈ વખતે...'** કોઈ વખતે પાછું. સદાય નહિ. જ્યાં સુધી અજ્ઞાન પર્યાય છે ત્યારે **'કોઈ અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે...'** સદાય નહિ પાછું. દ્રવ્યનો સ્વભાવ એવો સદાય અજ્ઞાનપણે રહેવું એવો એનો સ્વભાવ નથી. યોગ અને રાગનું થવું એવો એનો સ્વભાવ ત્રિકાળ નથી. એ તો ક્ષણિકપણે પરિણમેલો અજ્ઞાની છે. સમજાણું કાંઈ?

અહીં તો કેટલા અભિમાન જાણે આ અમે કર્યા.. અમે કર્યા. એ બહારની વાતમાં, હોં! સમજાણું? સારું ગાતા આવડે ને કંઠ તો કહે, એ પર્યાય મેં કરી. એ જડ છે કે નહિ? કંઠની અવસ્થા. ધ્વનિ પરદ્રવ્યની પર્યાય છે. કહો. મારા જ્ઞાનની વિચિક્ષણતા શી! એવી ઢબ નીકળી. વસંત શું કહેવાય એ? વસંતતિલકા. વસંત માલતી તો ધાતુ કહેવાય. એક ફેરી એમ બોલાઈ ગયું હતું વસંત માલતી. એ વસંતમાલતી આવે છે ને ધાતુ? વસંતતિલકા કીધું વસંત માલતી. પણ ઓલું વસંતતિલકા દેશી છે, વસંત માલતી ધાતુ છે. રસ રસ આવે છે ને? વસંત માલતી છે ને? વસંતતિલકા. એ દેશીના રજકણોની પર્યાય તો સ્વતંત્ર તે કાળે પરમાણુએ કરી છે. આત્મા એનો ઉપાદાનપણે કર્તા નથી, નિત્ય દ્રવ્યપણે પણ કર્તા નથી. પર્યાયમાં પણ જેની દૃષ્ટિ પર્યાય ઉપર છે એવા પર્યાયદૃષ્ટિવાળો, એના યોગ અને રાગનો તન્મયપણાનો કર્તા હોવાથી તેની પર્યાય કાળે તેને નિત્યકર્તા યોગ-ઉપયોગના કહેવાય છે. કે જે અનિત્ય છે, જે કાયમ રહેનારા નથી.

**'પર્યાયદૃષ્ટિથી કોઈ દ્રવ્યનો પર્યાય કોઈ વખતે...'** એટલે અજ્ઞાન વખત સુધી **'કોઈ અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે...'** જ્ઞાન થતાં, ભાન થતાં તે પરદ્રવ્યની પર્યાયને નિમિત્તપણે પણ થતો નથી. સમજાણું કાંઈ? તેથી કોઈ દ્રવ્યનો પર્યાય કોઈ વખતે એટલે અજ્ઞાન છે ત્યાં સુધી, કોઈ અન્ય દ્રવ્યનો તે કાળે જે અન્ય દ્રવ્યની પર્યાય અજ્ઞાન વખતે થઈ ત્યારે અજ્ઞાનીના યોગ-ઉપયોગનો પર્યાયનો કર્તા હોવાથી તેને નિમિત્તકર્તા કહેવાય છે. સમજાણું?

**'તેથી આ અપેક્ષાએ એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યના પરિણામના નિમિત્તકર્તા કહેવાય છે.'** પરિણામ પર્યાયદૃષ્ટિવંતના. **'એક દ્રવ્યના પરિણામ...'** આ પરિણામ પણ વિકાર હોં! યોગ-ઉપયોગ. પાછા દ્રવ્યના પરિણામ સંવર-નિર્જરાના પરિણામ એ અહીં નથી. **'એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યના પરિણામના નિમિત્તકર્તા કહેવાય છે. પરમાર્થે દ્રવ્ય પોતાના જ પરિણામનું કર્તા છે,...'** અજ્ઞાની પણ અજ્ઞાનપણે પોતાના યોગ રાગનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્તા છે અને જ્ઞાની જ્ઞાનભાવનો કર્તા છે. પરનો કર્તા તો કોઈ છે નહિ. '**અન્યના પરિણામનું અન્યદ્રવ્ય કર્તા નથી.**' લ્યો! બહુ સરસ ગાથા. સમજાણું?

'**હવે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે એમ કહે છે :-**' એ સિદ્ધ કરવા માટે આ વાત કરી છે. યોગ-ઉપયોગ એનો નથી. તેથી કર્મના રજકણો બંધાય ને એને નિમિત્તપણે પણ જ્ઞાની નથી. આહાહા..! ગોમ્મટસારમાં આવે છે, જ્ઞાની આ બાંધે. ચોથા ગુણસ્થાનના આટલા કર્મ, પાંચમામાં આટલા, છઠ્ઠામાં આટલા. અહીં કહે છે કે એ એના ખ્યાલમાં આવે છે એનું જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ? આટલી સત્તા અને આટલો ઉદય આવે છે ને? આટલો ઉદય હોય અને સત્તામાં આટલી હોય, ઉદયમાં આટલી આવે, બંધાય આટલી. એ બધા પ્રકૃતિના પરિણામ તે તે કાળે ત્યાં થાય તેને જ્ઞાની જાણવાનું કામ કરે છે. મારું માન્યું નથી, મને બંધન નથી. મને બંધન નથી. હું બંધાયેલો નથી, હું તો અબંધ સ્વરૂપ ત્રિકાળ જ્ઞાયક છું. એના સ્વના જ્ઞાન કરવામાં એ જ્યારે અહીં આટલું હોય, આટલું હોય એ જ્ઞાન કરે છે. જ્ઞાની એના જ્ઞાનનો કર્તા છે. પણ બંધનની પર્યાયનો કર્તા નથી. રાગનો કર્તા નથી પછી વળી પરને નિમિત્ત થવું અને નિમિત્તનો આ કર્તા એ છે નહિ. આહાહા..!

પછી કો'ક અહીંથી કાઢે ને.. આઠ કર્મ તો અહીં બંધાય. આયુષ્ય સિવાય ફલાણું બંધાય. દસમે છ બંધાય. આયુષ્ય અને વેદની સિવાય. સમજ્યાને? આયુષ્ય અને મોહ સિવાય. જીવ બાંધે. હવે સાંભળને! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. એવી અવસ્થા. ખરેખર જ્ઞાનીને તો બંધન છે જ નહિ એમ કહે છે અહીં. બંધનનો ધ્વનિ જે લક્ષમાં આવે એનું એ જ્ઞાન કરે છે.

**जे पोग्गलदव्वाणं परिणामा हौंति णाणआवरणा।**
**ण करेदि ताणि आदा जो जाणदि सो हवदि णाणी।।१०१।।**

આ જ્ઞાનાવરણીનું ન નાખ્યું.

આહાહા..! અહીં કહે જ્ઞાનાવરણીના પરિણામને આત્મા કરતો જ નથી. હવે ઓલાપણે આવે કે દસમા ગુણસ્થાન સુધી છ કર્મ જ્ઞાની બાંધે, ક્ષાયિક સમકિતી બાંધે. ભાઈ! એ અપેક્ષાના જ્ઞાનના કથન છે. વ્યવહારના કથનો નિમિત્તનું જ્ઞાન કરાવે છે. આ નિશ્ચયનું કથન સ્વપરપ્રકાશની પ્રસિદ્ધિ કરે છે. સમજાણું કાંઈ? આત્મખ્યાતિ પ્રસિદ્ધિ કરે છે. આહાહા..! '**णाणआवरणा**' જ્ઞાન આવરણા છે ને? એટલે જ્ઞાન આવરણાની. બહુવચન થયું ને? જ્ઞાનાવરણાની. શબ્દ છે ને. એટલે કહ્યું.

**જ્ઞાનાવરણાદિક જે પુદ્ગલ તણા પરિણામ છે,**
**કરતો ન આત્મા તેમને, જે જાણતો તે જ્ઞાની છે. ૧૦૧.**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**ટીકા :- જેવી રીતે દહીં-દૂધ કે જેવો ગોરસ વડે વ્યાપ્ત થઈને (-વ્યપાઈને) ઊપજતા ગોરસના ખાટા-મીઠા પરિણામ છે,...**' વ્યાપ્ત છે ને પર્યાય. ગોરસની દૂધ-દહીંરૂપ પર્યાય છે. ગોરસ છે એ સામાન્ય દ્રવ્ય કહેવામાં આવ્યું અને એની દહીં-દૂધ કે જેઓ ગોરસ વડે વ્યાપ્ત થઈ છે. ગોરસ વડે દહીં અને દૂધની પર્યાય છે. દહીં દૂધની પર્યાય ગોરસ વડે થઈ છે. બીજાએ છાશ નાખી... છાશ કહે છે? મઠ્ઠા. એનાથી દહીં-દૂધની પર્યાય થઈ છે એમ છે જ નહિ. ભગવાન..! આહાહા..!

'**જેવી રીતે દહીં-દૂધ કે જેઓ ગોરસ વડે વ્યાપ્ત થઈને (-વ્યપાઈને)...**' ગોરસ વડે થઈને '**ઊપજતા...**' ગોરસ વડે થઈને ઊપજતા. જુઓ! ઉત્પાદ થયો એને. ગોરસમાં દહીં-દૂધની પર્યાયનો ઉત્પાદ થયો. ગોરસ વડે. જોડે ગોરસનો જોનાર છે એના વડે નથી એ પર્યાય થઈ. સમજાણું કાંઈ? દાખલો જ આકરો. '**ગોરસના ખાટા-મીઠા પરિણામ છે,...**' કે જે ગોરસ વડે થયા છે. ગોરસ વડે-ગાયના રસ વડે. ગાયના રસ વડે એ ખાટા-મીઠા પરિણામ ઊપજ્યા છે. સમજાણું?

'**તેમને ગોરસનો તટસ્થ જોનાર...**' જુઓ! તટસ્થ જોનાર. બીજો એમ કહે મેં કર્યું.. મેં કર્યું... એ તો મૂઢ છે. તટસ્થ જે તટ-સ્થ ઊભો છે આમ નજીક. '**જોનાર પુરુષ કરતો નથી,...**' એને કરતો નથી. ખાટા-મીઠા પરિણામને કરતો નથી. સમજાણું? ઘરે દૂધ હોય ને ગોરસ-ગોરસ. અધમણ દૂધ. એ અધમણ દૂધમાં છાશ થોડી નાખે. પછી બાઈ બેસે જોડે. અધમણ દૂધ મૂકે આવડું. અધમણ સમજ્યા ને? અડધો મણ. બેસે માથે ઓલું ઊનું ઊનું હોય ને જરી. થોડી વાર બેસે અડધો કલાક. માખી ન પડે. જોવે એને. એવું છે હોં અત્યારે. છે કે નહિ? મગનભાઈ! હા, જોયું છે ને. અમે તો નજરે જોયું છે. આ બધી નજરે જોયેલી વાત છે. મોટા અધમણ દૂધ હોય એમાં છાશ નાખી પછી બાઈ બેસે થોડીવાર. ઓલું ઊનું હોય ને એટલે માખી ન પડે. ઉઘાડું રાખે ઉઘાડું, મોઢું ઉઘાડું રાખે. અંદર ઓલી માખી ન પડે. એમ ને એમ જો ઊનું ઊનું હોય ને નાખે તો બગડી જાય. એટલે થોડું ઊનું દૂધ હોય એમાં છાશ નાખીને પછી જોવે થોડીવાર બેસી રહે હોં! થોડીક વાર .. પડી ગયું પછી. એમ છે ત્યાં. જોયેલું. આ તો અમે તો બધા દાખલા પણ જોયેલા હોય ને. આમ જોઈએ કે આ શું કરે છે એ પણ જોયું હોય ને ત્યાં.

અહીં કહે છે કે '**ગોરસનો તટસ્થ જોનાર...**' વરાળ જ્યાં સુધી નીકળે નહિ ત્યાં સુધી જોયા કરે. ... પરિણામ કેમ થાય છે. એઈ..! તમે ભેંસું રાખી હતી, કરતા નહિ હોય. છે હજી? પહેલો આરોપ આવતો એને. પાંચ ભેંસના ઘી માટે નથી આવતા એમ આરોપ આવતો. કો'ક એમ કહેતું હતું. આ કહે છે કે '**જોનાર પુરુષ કરતો નથી,...**' જુઓ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ દૂધ-દહીની પર્યાય ગોરસમાંથી થવા માંડે છે, થાય છે એને જોનાર પુરુષ કરતો નથી. ત્યાં પરિણમે છે? ત્યાં જાય છે? એને કરે છે?

**'તેવી રીતે...'** હવે દાખલાનો સિદ્ધાંત. **'જ્ઞાનાવરણ ઈત્યાદિ કે જેઓ ખરેખર પુદ્‌ગલદ્રવ્ય વડે...'** એ આઠ કર્મના પરિણામ. જ્ઞાનાવરણી આદિ પછી લેશે હોં બધા. **'ઈત્યાદિ કે જેઓ ખરેખર પુદ્‌ગલદ્રવ્ય વડે વ્યાપ્ત થઈને...'** પરમાણુથી પ્રસરીને. પર્યાય વડે ઊપજતા. એ પુદ્‌ગલદ્રવ્યના પર્યાયથી ઊપજતા જ્ઞાનાવરણી કર્મ છે. આત્માએ ઉપજાવ્યા એમ છે નહિ. એની પર્યાય. અહીં તો એ પર્યાયમાં રાગ છે, નિમિત્ત છે એમ પણ નથી લેવું. અહીં તો રાગ અને તેની પર્યાય, એને બેયને જ્ઞાની જાણનાર છે. સમજાય છે કાંઈ? રાગ અને જ્ઞાનાવરણી પર્યાય. બેયને જ્ઞાની સ્વ ચૈતન્યમાં પ્રકાશપણે પરિણમતો હોવાથી તેને જાણે છે. જુઓ! આ ખુબી. ક્યાં ગોમ્મટસારના લખાણ કઈ અપેક્ષાના અને આ કઈ અપેક્ષાના એ ન સમજાય તો એય..! આમાં આણે આમ કર્યું ને આણે આમ કર્યું. વેદાંતના ઢાળામાં ઢાળ્યું. વળી એક જણો એમ કહેતો હતો. સમયસારને. અરે..! વેદાંતમાં, વેદાંતમાં વાત જ ક્યાં હતી આવી? આ તો ભગવાન આત્મા અનંત આત્માઓ, અનંત રજકણો જે પરમાણુ દ્રવ્ય સિદ્ધ કરે છે. એ વખતે કર્મની પર્યાયપણે પરમાણુ પરિણમે છે. શું આત્મા પરિણમે છે અને પરિણમાવે છે એને? એ જોનારો તટસ્થ દૂધ-દહીંપણે પરિણમાવે છે પરમાણુને? એ તો પરમાણુ એ રીતે પરિણમે છે. સમજાણું? ખાટા-મીઠા પરિણામપણે તો પરમાણુ પરિણમે છે. જોનારો પરિણમે છે? જોનારો પરિણમાવે છે? જોનારો પરિણમે નહિ પણ જોનારો પરિણમાવે છે?

મુમુક્ષુ :- એ જડની ક્રિયા છે.

ઉત્તર :- જડની ક્રિયાનું પરિણમન છે.

**'તેવી રીતે જ્ઞાનાવરણ ઈત્યાદિ કે જેઓ ખરેખર પુદ્‌ગલદ્રવ્ય વડે વ્યાપ્ત થઈને...'** પરમાણુની જે અવસ્થા વડે થઈને ઊપજતા. થઈને ઊપજતા પર્યાયો. **'પુદ્‌ગલદ્રવ્યના પરિણામ છે,...'** આઠ કર્મની અવસ્થા પુદ્‌ગલ દ્રવ્યની દશા છે. એ જડની પર્યાય છે. **'તેમને જ્ઞાની કરતો નથી;...'** એ જડની પર્યાયને સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની કરતો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ.

મુમુક્ષુ :- અજ્ઞાની?

ઉત્તર :- અજ્ઞાની કરતો નથી પણ નિમિત્તપણે કર્તા એને.. એ કહેવાઈ ગઈ વાત. યોગ-ઉપયોગનો કર્તા હોવાથી **'उप्पादगा'** એના કર્મના **'उप्पादगा'** નિમિત્ત કર્તાપણે એમ કહેવામાં આવે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- યોગ અનિત્ય જ છે ને. એ તો પ્રશ્ન જ ક્યાં છે? રાગ અને યોગ જ અનિત્ય છે. એક સમયની પર્યાય છે.

મુમુક્ષુ :- એક સમયની વિકારી...

ઉત્તર :- વિકારી એક સમયની પર્યાય છે એ નવા કર્મ બંધાવાના પરિણામ તો એના છે એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. જ્ઞાની નિમિત્ત કર્તા છે નહિ. એ વાત લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૧૦, મંગળવાર તા. ૨૨-૧૧-૧૯૬૬**
**ગાથા-૧૦૧, પ્રવચન-૧૯૫**

૧૦૦મી ગાથામાં અજ્ઞાનીની વાત હતી. અજ્ઞાની પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવની જેને અંતર દૃષ્ટિ નથી તેને યોગ અને રાગના પર્યાયની કર્તૃત્વબુદ્ધિ છે. તેથી યોગનો કર્તા, રાગનો કર્તા થતો જગતની અવસ્થાના કાર્ય કાળમાં તેને નિમિત્ત કર્તા અજ્ઞાનીને કહેવામાં આવે છે. હવે એનાથી વાત ગુલાંટ ખાય છે. જ્ઞાનીને શું છે એ વાત છે. સમજાણું કાંઈ?

આત્મા ચૈતન્ય સ્વભાવ સ્વરૂપ જ્ઞાયક ભિન્ન પદાર્થ છે એવું જેને ભાન નથી અને જેને એ પુણ્ય-પાપના વિકલ્પો અને યોગનું કંપન્ન, એ ઉપર જ જેની દૃષ્ટિ છે એટલે કે એ જ હું છું અને તેના વિકારના પરિણામનું પરિણમન જ એ મારું છે એવી જ્યાં કર્તાબુદ્ધિ અજ્ઞાનીની છે, તેને જગતના પર્યાયના કાળમાં એને નિમિત્તપણું છે. આ જડ કર્મ બંધાય એમાં પણ એનું નિમિત્તપણું આ રીતે છે એમ કહે છે. સમજાણું કાંઈ? ઘટપટ આદિના કાર્ય વખતે પણ એ નિમિત્ત, કર્મ આઠ કર્મની જે અવસ્થા થાય ત્યારે અજ્ઞાની યોગ અને રાગનો કર્તા છે તેથી યોગ અને રાગનું જડ કર્મની પર્યાયના કાળમાં (નિમિત્ત કર્તાપણું છે). કારણ કે ઘટપટ, રથ તો પરદ્રવ્ય બધું એક જ છે. એના કાળમાં આઠ કર્મના પર્યાયના બંધનના કાર્ય કાળમાં અજ્ઞાનીનો યોગ અને રાગ તેને નિમિત્તપણે કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

જ્ઞાની યોગ અને રાગનો સ્વામી નથી. એથી એને કર્મના પર્યાયો થાય એનું એને નિમિત્તપણું નથી. એથી ધર્મીની દૃષ્ટિ ચૈતન્ય જ્ઞાયક ઉપર છે. તેથી તેને આઠ કર્મની અવસ્થા થાય એ તેના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. સમજાય છે કાંઈ? અજ્ઞાનીને આઠ કર્મની પર્યાયના કાળમાં એના રાગ અને યોગનું એને નિમિત્ત કર્તા તરીકે કહેવાય છે. અજ્ઞાનીની દૃષ્ટિ રાગ અને કંપન્નના કર્તા ઉપર છે એથી તેને જીવદ્રવ્ય નથી એની દૃષ્ટિમાં. જીવદ્રવ્યનો સ્વભાવ એ નથી. કર્મના બંધનમાં નિમિત્તપણે થવું એવું જીવદ્રવ્યના સ્વભાવમાં નથી. નિમિત્તપણે થવું, હોં! ઉપાદાન તો એની પર્યાય થાય છે ત્યાં. સમજાણું કાંઈ?

હવે એ આઠ કર્મના રજકણનો જડપર્યાય જે થાય એ તો તેને કાળે તેના કાર્ય કાળે રજકણના પુદ્ગલ પરિણામથી બનેલી દશા (છે), તેને અજ્ઞાની એટલે જીવદ્રવ્ય સ્વભાવ જેને દૃષ્ટિમાં નથી અને જોગ અને રાગનો વિકાર જ જેને દૃષ્ટિમાં છે, એટલું અસ્તિત્વ એણે સ્વીકાર્યું છે એથી તેનો તે કર્તા થતો તે આઠ કર્મની પર્યાયમાં એના યોગ અને રાગને અનિત્ય જે વિકાર છે એને ઓલી પર્યાયમાં નિમિત્ત કર્તા કહેવાય છે. આહા..! કહો, સમજાણું આમાં?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હવે જ્ઞાનીને આઠ કર્મ બંધાય છે એમ નથી અહીં તો કહે છે હવે. સમજાણું? દૃષ્ટાંત આવી ગયો, જુઓ!

**‘જેવી રીતે દહીં-દૂધ કે જેઓ ગોરસ વડે વ્યાપ્ત થઈને (-વ્યપાઈને) ઊપજતા ગોરસના ખાટા-મીઠા પરિણામ છે,...’** ગોરસના દહીં અને દૂધ એ પર્યાય છે. **‘તેમને ગોરસનો તટસ્થ જોનાર પુરુષ કરતો નથી, તેવી રીતે જ્ઞાનાવરણ ઇત્યાદિ કે જેઓ ખરેખર પુદ્ગલદ્રવ્ય વડે વ્યાપ્ત થઈને ઊપજતા પુદ્ગલદ્રવ્યના પરિણામ છે,...’** સમજાણું કાંઈ? **‘તેમને જ્ઞાની કરતો નથી;...’** એ જડની પર્યાય જ્ઞાનાવરણી આદિની એને જ્ઞાની કરતો નથી. **‘પરંતુ જેવી રીતે તે ગોરસનો જોનાર, પોતાથી (જોનારથી) વ્યાપ્ત થઈને ઊપજતું જે ગોરસ-પરિણામનું દર્શન...’** ગોરસના પરિણામનું દર્શન એવા જે પોતાના પરિણામ **‘તેમાં વ્યાપીને, માત્ર જુએ જ છે,...’** ગોરસના પરિણામ થાય તેનું જે અહીં દર્શન (થાય છે), એવા જે દર્શનના પરિણામ તેને વ્યાપીને તે જોવે છે દર્શનને. સમજાણું કાંઈ?

**‘તેવી રીતે જ્ઞાની,...’** નામ સમ્યગ્દૃષ્ટિ જીવ. રાગ અને કંપન્નના સ્વામીપણે દૃષ્ટિ છૂટી છે અને સહજાત્મ સ્વરૂપની સ્વામીપણાની દૃષ્ટિ થઈ છે. સમજાણું કાંઈ? સહજાત્મ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એનું સ્વસ્વામીપણું પ્રગટ્યું છે. એથી ધર્મી જીવને જે કંઈ કર્મની પર્યાય ત્યાં આગળ બંધાય છે એમ જે કહેવાય છે,... કર્મની પર્યાય બંધાય છે એ તો આને બંધાય છે એમ નહિ. ગોરસના પરિણામ ખાટા-મીઠા જે થાય છે એને જોનારો એ ગોરસના પરિણામના દર્શનના પરિણામમાં વ્યાપીને દર્શનને કરે છે. ગોરસની અવસ્થાને એ કરતો નથી. સમજાણું કાંઈ? એમ આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય સહજ શુદ્ધ એવો સ્વસ્વામી સંબંધ જેણે અંતર સ્વભાવ સાથે પ્રગટ કર્યો છે અને રાગ અને યોગનું સ્વામીપણું જેની દૃષ્ટિમાંથી છૂટી ગયું છે. આહાહા..! સમજાણું કાંઈ?

એને **‘પોતાથી (જ્ઞાનીથી) વ્યાપ્ત થઈને ઊપજતું,...’** એટલે ઓલા પરિણામ પુદ્ગલના ત્યાં થાય છે એથી અહીં જ્ઞાન ઊપજ્યું એમ નહિ. એમ. સમજાણું કાંઈ? ગોરસના ખાટા-મીઠા પરિણામ થાય માટે એના દેખનારના દર્શન પરિણામ એનાથી ઉત્પન્ન થયા એમ નહિ. એ ગોરસના ખાટા-મીઠા પરિણામનો તો ઉત્પન્ન કર્તા નહિ પણ ગોરસના ખાટા-મીઠા પરિણામનું જે અહીં દર્શન, એ દર્શનના પરિણામ ગોરસના પરિણામથી ઉત્પન્ન થયેલા નહિ. સમજાણું કાંઈ? ગોરસના ખાટા-મીઠાના પરિણામનું દર્શન એટલે કે તે દર્શનનો ઉત્પન્ન કરનારો તે આત્મા. એના પરિણામ ઓલા ખાટા-મીઠાના પરિણામને કારણે અહીં દર્શન ઉત્પન્ન થયું એમ નથી. એમ જ્ઞાનીને આઠ કર્મની અવસ્થા, અહીં જ્ઞાનાવરણી લીધું પછી વિશેષ, જ્ઞાનાવરણીની પર્યાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એના ખ્યાલમાં આવે છે કે આ પ્રકારે પરમાણુની પર્યાય એકઠી થઈને અહીં બંધાય છે. એવા કર્મની પર્યાયથી ઉત્પન્ન થતું જ્ઞાન નહિ. સમજાણું? એ પોતાથી વ્યાપ્ત થઈને ઊપજતું. એ કર્મની પર્યાય છે તેમાં વ્યાપ્ત થઈને અથવા તેનાથી ઊપજતું જ્ઞાન નહિ. સમજાય છે કાંઈ? જ્ઞાની કર્મની પર્યાયને ઊપજાવતો તો નથી પણ કર્મની પર્યાય ઊપજે છે માટે તેનું અહીં જ્ઞાન ઊપજે છે એમ પણ નથી. આહાહા..!

'**પોતાથી વ્યાપ્ત થઈને ઊપજતું,...**' પોતાથી વ્યાપ્ત થઈને ઊપજતું. આહાહા..! ભારે! એક કોર કહે, ચોથે ગુણસ્થાને આટલા કર્મ બંધાય, પાંચમે આટલા બંધાય, છઠ્ઠે આટલા બંધાય, સાતમે આટલા બંધાય. એ ગોમ્મટસારની વ્યાખ્યા. અહીં કહે છે કે એ બંધાય છે રજકણોની પર્યાય, તેને સ્વ જ્ઞાનના સ્વભાવના સ્વામીપણે આત્માને જ્યાં જોયો અને જાણ્યો એવા ધર્મીને એ કર્મ બંધાય છે એમ નહિ. એને કર્મ બંધાય છે એમ નહિ પણ કર્મની પર્યાય થઈ છે એનાથી અહીં જ્ઞાન થયું છે એ પણ નહિ. સમજાણું કાંઈ? રાડ પાડે છે ઓલા.

અબદ્ધસ્પૃષ્ટમાં આવ્યું હતું ને એક ફેરી '**पस्सदि जिण सासणं सव्वं**'. જો આત્મા પરથી અબદ્ધસ્પૃષ્ટ છે, અનન્ય છે, નિયત છે, અવિશેષ છે, અસંયુક્ત છે. એવું આત્માનું દર્શન થવું, ભાન થવું, જ્ઞાન થવું એને જૈનશાસન કહે છે. અને એણે જૈનશાસન બધું જોયું. ત્યારે કહે છે, પ્રશ્ન એ આવ્યો હતો ત્યારે કે આ કર્મના બંધન એ ક્યાં ગયા? ક્યાં ગયો? એમ પ્રશ્ન આવ્યો હતો તે દિ', ઘણાં વર્ષ પહેલાની વાત છે. કઈ સાલ? સમજ્યાને? આમ નીકળ્યા હતા ને લાઠી હતા. (સંવત) ૨૦૧૦ની સાલ કે ચૌદની સાલ હશે કે દસની સાલ હશે. ત્યાંથી આવ્યું હતું એ બાજુથી. એ બાજુથી આવ્યું હતું, નામ નથી લેતા. આ તો એ બાજુ કીધું ને. જ્યારે તમે એમ કહેવા માગો છો કે ભગવાન આત્મા કર્મના બંધ અને સ્પર્શથી રહિત છે. સામાન્યપણે ચૈતન્ય છે. ભેદો જેમાં ગુણમાં નથી. એકરૂપ જેનું સ્વરૂપ છે નિયત. સમજાણું કાંઈ? અને પુણ્ય-પાપની આકુળતાનો સંયોગી ભાવ એનાથી સ્વભાવ ભિન્ન છે. એમ જેણે આત્માને જાણ્યો, માન્યો, જોયો, અનુભવ્યો એણે જૈન શાસન બધું જોયું. ત્યારે કહે, જૈનશાસનમાં આ બધું છે એ ક્યાં ગયું? ચોથે ગુણસ્થાને આટલા કર્મ બંધાય, ફલાણે આટલા બંધાય, આટલા ઉદય આવે, એટલી સત્તામાં હોય, આટલું સંક્રમણ થાય, આટલું ફલાણું આ થાય.

મુમુક્ષુ :- માર્ગણાસ્થાન

ઉત્તર :- માર્ગણાસ્થાન. ગુણસ્થાન. અરે..! ભગવાન સાંભળ તો ભાઈ! આહાહા..!

અહીં કહે છે કે આત્મા ચૈતન્યસ્વરૂપ છે. એ બંધનના અને રાગના વિકલ્પથી ભિન્ન છે. એવા ચૈતન્યની સ્થિતિ જ એવી છે, એવી ચૈતન્યની દૃષ્ટિ અનુભવ થયો, એને પછી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે કે ઓલા બંધનું ક્યાં ગયું? આ એનો અહીં ખુલાસો કરે છે. વજુભાઈ! શું થયું આ કહે છે. આ કર્મ બંધાય એને શું થયું? ત્યાં ગોમ્મટસારમાં પાઠ છે ને. એય..! પોપટભાઈ! ભાઈ! એમ કહે છે કે ત્યાં આગળ એને પર્યાયમાં આવો એક સંબંધ થાય છે વ્યવહારે એમ કહ્યું. સમજાય છે? અહીં કહે છે કે એ વ્યવહાર સંબંધનું જ્ઞાન કરે છે આત્મા એમ અહીં કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ વાત વેદાંતમાં હશે આવી કેમ? ઓલામાં આવ્યું છે. આ લોકો એક અદ્વૈતને માનવા માગે છે. એક અદ્વૈતને માને છે. એમ કરીને મોટું લખાણ આવ્યું છે આજે. વિરોધનું. નાસ્તિક મત ઊભો થયો છે મોટો. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! ખરું સત્‌નું સત્ત્વનું અસ્તિપણું જ્યાં બહાર આવ્યું ત્યારે એને તારે આમ ઠરાવવું છે? સ્વતંત્ર જીવ છે કે નહિ? એણે કર્યું છે એવું અનંત કાળથી.

અહીંયાં તો કહે છે કે ભાઈ! તારું હોવાપણું કેટલું અને કેટલા પ્રકારે? કેટલું? કે હું અબદ્ધસ્પૃષ્ટ છું એ મારું હોવાપણું. નિશ્ચયથી પ્રકાર એ જ મારો પ્રકાર છે. સમજાણું? એવું જ્યાં અંતર જ્ઞાન થયું ત્યારે બીજું હોવાપણું છે ને. એને જરી રાગનું હોવાપણું છે. કર્મની રજકણો પુદ્‌ગલની પર્યાય પરિણમતી અવસ્થા છે ને? છે. કહે છે ને. '**પુદ્‌ગલદ્રવ્ય-પરિણામ જેનું નિમિત્ત છે...**' દેખો! ૧૦૦મી ગાથામાં એમ હતું કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની જ્યાં દૃષ્ટિ નથી, એથી તેને યોગનું કંપન્ન અને વિકાર તેનો તે કર્તા બની અને તેના પરિણમનમાં રોકાયેલો (છે). એથી એને નવા આઠ કર્મના બંધનમાં એને નિમિત્તકર્તા તરીકે કહેવામાં આવે છે. એ નિમિત્તકર્તાપણું મિથ્યાદૃષ્ટિને લાગુ પડે છે. આહાહા..! એ કર્મની વાત ત્યાં બધી કરી હતી. કર્મ અને બાહ્ય પદાર્થ. સમજાય છે? મકાન, ઘટપટ, રથ આદિ જે અવસ્થા થાય એ આગળ મિથ્યાદૃષ્ટિનો જીવ કે જેના સ્વરૂપ સ્વભાવનું અસ્તિત્વ મહાન છે તેના અસ્તિત્વની ખબર નથી. એને એકલી વિકલ્પની પર્યાયબુદ્ધિમાં, રાગ અને કંપન્નબુદ્ધિમાં અટકેલો છે. એથી એ જીવ ઘટ પટ રથાદિની દશામાં નિમિત્તકર્તા તરીકે કહેવાય છે. એનો નિત્ય સ્વભાવ તો નિમિત્ત કર્તા પણ નથી. સમજાય છે? એ તો નિત્ય જ્ઞાયક સ્વભાવ છે. એ નિત્ય કર્તા હોય તો ત્રિકાળ વિકારમય દ્રવ્ય થઈ જાય. એવું સ્વરૂપ હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું? અદ્વૈતની ઉપમા આપી એ ભારે કરી. સમજાણું? એમાં લખ્યું છે. અદ્વૈતને માને છે આ બધા. કારણ કે ઓલો વ્યવહાર નહિ, રાગ નહિ, કરે છે આ નહિ માટે અદ્વૈત (માને છે). અરે..! ભગવાન!

અહીં કહે છે કે ભાઈ! તેં જૈનદર્શન સાંભળ્યું નથી, ભાઈ! વીતરાગ દર્શન એને કહ્યું ને અહીંયાં? કહે છે કે, ભાઈ! એ આઠ કર્મની પર્યાય તો અજ્ઞાનીને થાય અને જ્ઞાનીને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

થાય. આમ નજીકમાં. થાય એટલે જ્ઞાનીને નહિ પણ આમ થાય. ફેર કેટલો છે કે આઠ કર્મની પર્યાય થાય છે એવો જ આત્માનો સ્વભાવ સ્વપરપ્રકાશક જ્ઞાયકપણે જાણ્યો, ત્યારે તેના જ્ઞાનનું ઊપજવું પોતાથી થયું. તે સંબંધીનું જ્ઞાન પોતાથી ઊપજ્યું. આઠ કર્મની પર્યાયને કરતો નથી. આઠ પર્યાયથી અહીં જ્ઞાન ઊપજતું નથી. એ જ્ઞાન જ્ઞાયકભાવના અવલંબે ઉપજેલું જ્ઞાન જે છે એવા જ્ઞાનને એ કર્મની પર્યાય જ્ઞાનમાં નિમિત્ત કહેવામાં આવે છે. કહો, રાજેન્દ્રજી!

દષ્ટિ ફેરે નિમિત્ત કર્તા અને દષ્ટિ ફેરે તેના જ્ઞાનમાં બીજું નિમિત્ત. આમ કહે છે આખી વાત. આહાહા..! જેની દષ્ટિ કંપન્ન ને રાગ ને વિકલ્પ દયા, દાન, આદિ હો ચાહે તો વિકાર, એના ઉપર છે અને એ મારું કર્તવ્ય છે એમ સ્વીકારનારની દષ્ટિ વિકારદષ્ટિ છે. વિકારદષ્ટિ એટલે કે મિથ્યાદષ્ટિ. એ મિથ્યાદષ્ટિના જે પરિણામ છે એને જ્યારે... કર્મ તો પુદ્ગલના રજકણો એ પરિણામે બંધાયેલી દશા છે. એમાં આત્મા એને લાવે છે કે બાંધે છે એમ છે નહિ. એ છ પ્રકારના જ્ઞાનાવરણીના ભાવ છે ને બાંધવામાં નિમિત્ત? એ ભાવ જ્ઞાનીને નથી, ભાઈ! એમ કહે છે અહીં. આહાહા..! ગજબ વાત છે, જુઓ તો ખરા! કહે છે એમ.

જે જ્ઞાનાવરણી છ પ્રકારે બંધાય છે ને નિમિત્ત તરીકે. એ જ્ઞાનાવરણીના બંધનના રજકણોનો પર્યાય તો એના સ્વકાળે એના કાર્યકાળે થાય. પણ જ્ઞાનીને જ્ઞાનાવરણીનું નિમિત્તપણે જે છે એવા ભાવ જ્ઞાનીને છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ શાસ્ત્રમાં એમ આવે ને? છ પ્રકારે જ્ઞાનાવરણી બંધાય, છ પ્રકારે દર્શનાવરણી બંધાય, આટલા પ્રકારે શાતાવેદની બંધાય, આટલા પ્રકારના ભાવથી અશાતા બંધાય. આટલા પ્રકારથી દર્શનમોહ બંધાય, આટલા પ્રકારથી ચારિત્રમોહ બંધાય, આટલા પ્રકારથી અંતરાય બંધાય, આ ભાવથી આયુષ્ય બંધાય. આવા ચાર ભાવથી અશુભ નામ કર્મ બંધાય. કાયા અજોયાએ સરળતા, કાયાની અસરળતા, મનની અસરળતા. આહાહા..! એથી ચાર પ્રકારના ભાવથી, વિસંવાદ યોગથી ત્યાં શુભનામ કર્મ બંધાય.

અહીં કહે છે.. એ જ્ઞાનને જ્ઞાનસ્વરૂપ ચૈતન્યનું ભાન થયું ને? ત્યાં એવો વિકલ્પ કોઈ થયો પણ એ વિકલ્પ પણ અહીં જ્ઞાનને ઊપજાવતું નથી. જ્ઞાન તો સ્વથી ઊપજે છે. એમાં ઓલો વિકલ્પ નિમિત્ત થાય છે. સમજાય છે કાંઈ? એ વિકલ્પ બંધને નિમિત્ત થાય છે એમ નહિ. એ વિકલ્પ જ્ઞાનને નિમિત્ત થાય છે. અને તે કાળે કર્મની પર્યાય જે બંધાણી તે જ્ઞાન ઊપજવું પોતાથી (થયું) તેમાં તેને નિમિત્ત કહેવાય છે. આહાહા..! મગનભાઈ! એય..! વજુભાઈ! બહુ સરસ? આહાહા..! એ વીતરાગ દષ્ટિનો મહિમા છે. વીતરાગ દષ્ટિની મહિમા છે. સમ્યગ્દષ્ટિ કહો કે વીતરાગ દષ્ટિ કહો. આહાહા..!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જેને શુભ-અશુભભાવ થયા, તોય કહે છે કે તે કાળે તે શુભ-અશુભભાવથી જ્ઞાનીને જ્ઞાનની પર્યાય ઊપજે છે એમ નહિ. પણ જ્ઞાનની પર્યાય સ્વના પ્રકાશના જોરથી જે પ્રગટી તેને એ શુભાશુભ ભાવો જ્ઞાનમાં, પ્રકાશમાં, ઉપાદાનની પર્યાય પોતાની પ્રગટી ત્યારે તેને નિમિત્ત કહેવાય છે. આહાહા..! અને તે કાળે કર્મના રજકણોની પર્યાય જે પ્રકારે બંધાણી તે જ પ્રકારનું જ્ઞાન તેનાથી ન થતાં, પોતાથી થાય તેને કર્મની પર્યાય નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! અરે..! વીતરાગ માર્ગ બાપુ! એને આમ થઈ જાય. અરર..! વ્યવહાર પહેલો જોઈએ પછી નિશ્ચય થાય. અરે..! ભગવાન! ભાઈ! એમ ન હોય. રાગ પહેલો જોઈએ તો રાગને લઈને સ્વરૂપનો અનુભવ થાય. એવો આત્મા નથી. સમજાણું કાંઈ?

અરે..! વીતરાગમાર્ગ પરમેશ્વરનો માર્ગ આત્માનો હોં! અહીં પરમેશ્વરનો માર્ગ. સમજાણું કાંઈ? આખી જિંદગી ગોખ્યું હોય ને બહુ. જ્ઞાનાવરણી છ પ્રકારે આત્મા કરે અને એને લઈને જ્ઞાનાવરણી બંધાય. અહીં કહે છે કે ગુલાંટ ખાય છે વાત. જ્ઞાનાવરણી છ પ્રકારે બંધાય એનું જે નિમિત્ત પરિણામ છે તે પરિણામ જ્ઞાનીના નથી. એ પરિણામનું જ્ઞાન તે પોતાથી ઊપજેલું તે જ્ઞાનીનું જ્ઞાન છે. આહાહા..! સમજાય છે? જે છ પ્રકારે જ્ઞાનાવરણીમાં નિમિત્ત થાય તે ભાવનો જે કર્તા થાય છે, કર્તા થાય છે એમાં અટકેલો રુચિમાં અટક્યો છે એનો એ ભાવ નવા કર્મ બંધાય એમાં નિમિત્તકર્તા કહેવાય છે. સમજાણું કાંઈ?

જેમ ગોરસની પર્યાય તો સ્વતંત્ર તેના સ્વકાળે-કાર્ય કાળે ખાટી-મીઠી થઈ. એનો દેખનાર એને દેખવાની પર્યાય પોતાના સ્વકાળે, પોતાના કાળે પોતાનું દેખવાનું કાર્ય થયું. એવા દેખવાના કાર્યમાં તે ખાટા-મીઠાની પર્યાય નિમિત્ત કહેવામાં આવે છે. આ નિમિત્તનો પણ ઝઘડો મોટો પાછો. એ બહુ નાખ્યું. મૂળ તો સ્થાનકવાસી હતા ને એ લોકો એટલે મૂર્તિને માને નહિ. અહીં આવીને એ ઉડાવ્યું પાછું બધું કે વાણી જડ છે. લાભ ન થાય. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! એવું વળી કીધું છે, લ્યો. એય..! વજુભાઈ! આત્માની પણ બલિહારી છે ને, ભાઈ! ભાઈ! એ તો શુભભાવ હોય છે ત્યારે હો, પણ શુભભાવનું કર્તૃત્વ પણ ચૈતન્યનું નથી. નવનીતભાઈ! આહાહા..! એ શુભભાવ અહીં જ્ઞાનીને પોતાના સ્વપરપ્રકાશકના જ્ઞાનમાં શુભભાવ નિમિત્ત થાય છે. જ્ઞાનમાં નિમિત્ત થાય છે અને એ પ્રતિમાની પર્યાય આદિ અહીં જ્ઞાન ઉપાદાનથી થાય તેમાં એ નિમિત્ત થાય છે. બરાબર છે? આ વાત તો પણ કઠણ પડે છે બધાને. બધા કહે છે, આ ખોટું છે, ખોટું છે. બાપા! અરે.. ભગવાન! એકવાર શાંત તો થા, ભાઈ! એક વાર પંદર દિ' મધ્યસ્થ થઈને તું સાંભળ તો ખરો. એ તારા ઘરની વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- પણ જવાબદારી તો મધ્યસ્થની તો પહેલી હોય છે ને. આહાહા..! અરે..! વીતરાગને ન્યાયને ન્યાય આપવા તારી યોગ્યતા તો જોશે ને, ભાઈ! વીતરાગી ન્યાયને ન્યાય આપવાની લાયકાત તો એને જોશે ને. અન્યાય તો એણે આપ્યા જ છે અનાદિથી. સમજાણું કાંઈ?

ઓહો..! ચૈતન્ય પ્રભુ.. કહે છે કે ભગવાન પોતે પોતાના ઘરમાં આવ્યો, એણે જ્ઞાનના ઘરને જોયા, જાણ્યા એવા ધર્મીની દૃષ્ટિ તો જ્ઞાયક ઉપર પરિણમન કર્યું છે. એથી તેનું જ્ઞાન તો સમયે સમયે સ્વને આશ્રયે થતું, સ્વપરપ્રકાશક જ્ઞાનની ઉત્પત્તિ પર્યાયમાં થાય છે. તે કાળમાં એને જ્ઞાનાવરણીના છ બોલ છે બંધાવાના એ બોલનું કર્તૃત્વ જ્ઞાનીને નથી. કહો, વીરચંદભાઈ! અરે.. આવું? આવો જૈનદર્શન માર્ગ? કેટલા ગોમ્મટસાર લખ્યા, છ કારણે જ્ઞાનાવરણી બંધાય, છ કારણે દર્શનાવરણી બંધાય, કેટલા વેદનીયમાં કેટલા છે? પંડિતજી! કાંઈક નામ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, અનુકંપાથી શાતા બંધાય. એવું એને જ્ઞાન કરાવ્યું છે ખરેખર તો. પણ અજ્ઞાની એમ માને છે એને બહારમાં નિમિત્ત થાય છે એમ જણાવ્યું છે. એય..! વિજયમૂર્તિજી! કર્મ શાસ્ત્ર વાંચ્યા, કર્મ શાસ્ત્ર વાંચ્યા. અરે.. ભગવાન! કર્મના બંધનની એ ઉદયની જે કાળે જે પરમાણુની પર્યાય ત્યાં થાય છે ને.. ભાઈ! આત્મા તો... સર્વજ્ઞ શું કરે છે? સર્વજ્ઞ પોતાને કર્મ નથી પણ ચાર અઘાતિ પડ્યા છે, લ્યોને. એને જાણે છે કે નહિ? એના જ્ઞાનમાં એ નિમિત્ત થયા છે કે નહિ? લોકાલોક નિમિત્ત છે કે નહિ? સર્વજ્ઞના જ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે તો ઓલા ચાર અઘાતિ પણ ભેગા નિમિત્ત છે કે નહિ? લોકાલોક નિમિત્તમાં એ આવી ગયા ને ચારેય? અને કંપન્ન ને બધું આવી ગયું એમાં. હજી કંપન્ન છે. આહાહા..! ભાઈ! તે જ્ઞ સ્વભાવી ભગવાન, એ સર્વજ્ઞ સ્વભાવી આત્મા છે, ભાઈ! એ સર્વજ્ઞ સ્વભાવીના પ્રતીત અને દૃષ્ટિ અનુભવ થયો. કહે છે કે જેમ સર્વજ્ઞને લોકાલોક જ્ઞાનમાં જેમ નિમિત્ત કહેવાય છે, ઉપાદાન પર્યાય તો પોતાથી થયેલી છે, એમ નીચે અલ્પ જ્ઞાન ભલે હો, પણ સર્વજ્ઞ સ્વભાવી ચૈતન્યને આશ્રયે થયેલું જ્ઞાન છે તેથી તે જ્ઞાનની સામર્થ્યતા સ્વપરને પ્રકાશવાની પોતાથી જે પ્રગટી તેને તે પ્રકારના ભાવ જે શુભ કે અશુભ હો, એ નિમિત્ત જે બંધનને થતાં એ બેય આ ભાવને અને એ અવસ્થા કર્મની બધી જ્ઞાનમાં નિમિત્ત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

દૃષ્ટિફેરે નિમિત્ત ફરી જાય છે. જેને એ વિકલ્પો અશુભભાવોનું કર્તાપણું છે એ યોગ અને રાગમાં આવી ગયું. એ ભાવનું-વિકલ્પનું કર્તાપણું છે એ ઉપયોગમાં આવી ગયું ને?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જોડાણો ને? જોડાણો. એકત્વ થયો છે. એવા વિકલ્પો, નવી પર્યાય કર્મની તો એને કારણે થાય. એને ઓલા નિમિત્તકર્તા કહેવાય છે. આટલો સંબંધ થયો એને. ભગવાન આત્મા એ જ્ઞાન ચૈતન્ય સર્વજ્ઞ સ્વભાવી આત્મા, એની સાથે પર્યાયે સંગ કર્યો, સંબંધ કર્યો એથી તે સર્વજ્ઞ સ્વભાવમાંથી પ્રગટેલી જ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશના કાળે પોતાના કાર્યકાળમાં એ પ્રગટી છે, તે જ કાળે શુભરાગ અને કર્મની,* અશુભરાગ અને કર્મની પર્યાય જે છે તે પ્રકારનું જ્ઞાન, પોતાથી ઉપજતું જ્ઞાન તેમાં એને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો ઓલા પોતાથી આવ્યું ને? એમાંથી જરી (ચાલ્યું). વસ્તુ છે એમાં આખી. આહાહા..!

જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય પદાર્થ એ ભગવાન આત્મા, જ્યાં ભાનપણે જાગૃતપણે જાગ્યો, કહે છે કે ભાઈ! એના જ્ઞાનમાં પર્યાયની વર્તમાન ઉત્પત્તિ તો પોતાથી છે. સર્વજ્ઞને આખા લોકાલોકનું તેના કેવળજ્ઞાન પર્યાયમાં નિમિત્ત છે, ભાઈ! હવે આપણે થોડું નિમિત્ત સિદ્ધ કરવું છે ને? આહાહા..! એના ઉઘાડના પ્રમાણમાં નિમિત્ત સિદ્ધ કરવું છે. ભગવાન કેવળજ્ઞાન સ્વભાવી પ્રભુ, એના જ્ઞાનમાં કેવળજ્ઞાન તો પોતાથી પ્રગટેલું કાર્ય છે. એને લોકાલોક, એના ચાર અઘાતિ (કર્મ) અને કંપન્ન અને બધું તેને નિમિત્ત કહેવામાં આવે છે. આવું મોટું જ્ઞાન તેને પોતાથી ઊપજેલામાં આવડું મોટું નિમિત્ત કહેવામાં આવે છે. એ નિમિત્તથી થયેલું નથી કેવળજ્ઞાન, તેમ તે નિમિત્તની પર્યાયને કેવળજ્ઞાને ઊપજાવી નથી.

એમ... હવે અહીંયાં. ક્યાં આવ્યું અહીં? જ્ઞાનસ્વરૂપી ચૈતન્યનું ભાન, પ્રતીત થઈ તે કાળે પ્રગટેલું અલ્પ જ્ઞાન, ત્રિકાળ જાણે એવું જ્ઞાન અહીં નથી, એ અલ્પજ્ઞાનની પર્યાય પોતાથી ઉત્પન્ન થઈ એમાં એના પ્રમાણમાં જેટલા શુભરાગ, અશુભરાગ કે કર્મની અવસ્થા, શરીરની અવસ્થા (છે) એટલી એને નિમિત્ત, એના પ્રમાણમાં નિમિત્ત કહેવાય છે. રાજેન્દ્રજી! આહાહા..! આવો માર્ગ ભાઈ! તને અંદર રુચવો જોઈએ. એનો નકાર ન કરાય. આમ ન હોય.. આમ ન હોય.. આત્મા એને કરે, આત્મા એને બાંધે. બાંધે એ બંધનની પર્યાય થઈ તો અહીં જ્ઞાન પ્રગટ્યું. એમ ન હોય. એ વસ્તુના હોવાપણાની મર્યાદા જ એવી નથી. સમજાણું કાંઈ? આહાહા..!

વાત તે પણ કરી છે ને! સમયસાર.. સમયસાર.. જગતચક્ષુ! અજોડ ચક્ષુ છેલ્લે આવે છે ને? પંડિતજી! જગત ચક્ષુ. આહાહા..! એમ સમયસાર એટલે આત્મા. એ તો વાચક શબ્દો થયા. એનું વાચ્ય તો ભગવાન આત્મા (છે). એ જ્ઞાનમૂર્તિ પ્રભુ એ રાગ નહિ, કર્મ નહિ, શરીર નહિ, અજીવ નહિ. અજીવ નહિ, આસ્રવ નહિ. એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન એમાં જ્યાં પ્રતીત અને અનુભવ થયો, ત્યારે કહે છે કે જે આસ્રવનો કર્તા થતો હતો એને

નવા કર્મમાં તેને નિમિત્તપણે કર્તા કહેવામાં આવતો હતો. પણ ભાઈ! જ્યાં આસ્રવ અને અજીવ બે ભિન્ન થઈને ભેદજ્ઞાન થયા, ત્યાં એ જ્ઞાનની પર્યાય જેટલા પ્રકારનો જેવો આસ્રવ ઉત્પન્ન થાય અને જેટલા પ્રમાણમાં ત્યાં પ્રકૃતિ તેને ચોથે, પાંચમે, છઠ્ઠે ભૂમિકા જેટલા પ્રકારની બંધાય, એ જ પ્રકારનું જ્ઞાન પોતાનું પોતાથી ઉત્પન્ન થાય, તેમાં તે ભાવને અને તે પ્રકૃતિને નિમિત્ત કહેવામાં આવે છે. ભાઈ! આહાહા..! આવી વાત સાંભળવી મુશ્કેલ પડે એવું છે. મગનભાઈ! પ્રભુ! તારી આ વસ્તુ છે, હોં! આહાહા..! અરે..!

કાલે એક સ્વાધ્યાય વાંચી હતી, ભાઈ! દ્વારકાની. અરે..! પણ આ સોનાના થાંભલા પલાવની પેઠે સળગે, ભાઈ! કૃષ્ણ કહે છે. માધવ એમ બોલે. માધવ એમ હળધરને હરજી કહે. હરજી એનું નામ આખું ને. હરજીમાં તો ઘણા નામ કહે છે. હરજી હળધરને કહે, એ.. ભાઈ! આ સોનાના થાંભલાને રતન જડ્યા છે માથે. ઓલા ટોડલામાં રતન હોય ને માથે? આ પલાવ. એ ચોખાના પલાવ. ચોખાના ફોતરા હોય ને એ બહુ હળવા હોય. ચોખા હોય ને ચાવલ? ચાવલની જે ફોતરી હોય ને ફોતરી? છિલકા. બહુ હળવા. ઘઉંની ફોતરી જરી જાડી હોય છે. એમ કહે છે કે હે ભાઈ! આ સોનાના થાંભલા સળગે પલાવની પેઠે, ભાઈ! ક્યાં ગયા પુણ્ય? એને ઘરે ગયા. સમજાય છે કાંઈ?

ખરેખર તો એ પર્યાય થાય છે ત્યાં વિકલ્પ જરી ખેદનો થાય છે તેનું અહીં જ્ઞાન થાય છે. આહાહા..! એ જ્ઞાન એ અવસ્થાને લઈને નહિ. તે વખતના દ્વેષનો અંશ તેને લઈને નહિ. આમ રોવે છે હોં! હાથ નાખીને. બળદેવને કાંધે હાથ નાખી માધવ-કૃષ્ણ, એ.. ભાઈ! આપણે આંખ આમ ઊંચી કરતા ત્યાં હજાર ચક્રધર રાજાઓ આમ આંખને ઝીલતા. શું આપ પ્રભુ કહેવા માગો છો? શું ચેષ્ટાથી કામ અમને કરવાનું કહો છો? પ્રભુ! હે હળધર! એ.. બંધુ! આપ ક્યાં ગયા બધા? નવનીતભાઈ! આહાહા..! અરે..! ક્યાં ગયા બધા? અરે..ભાઈ! મેં ધનુષ્યનું બાણ જે મેં ખડખડાટથી આમ કરીને કર્યું એમાં કરોડો મનુષ્ય ખસી જતા. આ મેં મારી નજરે જોઉં છું આ બાણ સળગે. લઈ શકાણું નહિ. બાણ ન લઈ શક્યા. ના પાડી. નહિ, બે નીકળી જાવ એકલા. બાણ નહિ, મા-બાપ નહિ. નીકળી જાવ. આહાહા..! અરે..! બંધુ! આ મારા બાણ આમ ચડતા તે કરોડો મનુષ્યો આમ ભાગતા. દ્રૌપદીને લેવા ગયા હતા ને? દ્રૌપદીને લેવા. ત્યાં પાંચ પાડવો ગયા તો સાથે ન આવ્યા. ઇન્દ્રિયો શું કરે? પાંચ પાંડવો એટલે ઇન્દ્રિય. અતીન્દ્રિય આત્મા... ત્યાં અમે આત્મામાં ઉતારતા, હોં! પાંડવો ગયા લેવા અને ન લઈ શક્યા. એ શ્રીકૃષ્ણ ચડ્યા અને જ્યાં શંખ ફૂક્યો ત્યાં ભાગ્યા એનો રાજા ને બાજા બધા. શંખ ફૂકીને મૂક્યો અને જ્યાં ધનુષ્ય આમ ચડાવ્યું. એનું ધનુષ્ય ઊંચુ હોય છે, હોં! ટંકાર આમ ખેંચીને માર્યો અને ભાગ.. ભાગ.. કરોડો મનુષ્યો (ભાગ્યા).

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અરે..! ભાઈ! આ ધનુષ્યના બળ ક્યાં ગયા? એ બધા શરીરની પર્યાયનું બળ, હોં! એ કાંઈ આત્માનું નહિ. એઈ..! એ જ્ઞાની છે તેને તે પર્યાય અને તે પ્રકારનો રાગ તેના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? સમકિતી છે, શ્રીકૃષ્ણ સમકિતી છે, બળભદ્ર સમકિતી છે. આહાહા..! એ ચૈતન્યની લીલા... ભગવાન આત્મા જાગ્યો છે ને. જોવે છે. ભાષામાં એમ થાય છે તો ભાષાની પર્યાય (જાણે છે). એ સળગતી નગરી છ મહિના સુધી ઝળહળે છે, હોં! મોટી નગરી નવ યોજન લાંબી, બાર યોજન પહોળી. હજારો રાજકુમાર સળગે. ઓલા પોકાર કરે. અરે..! બાપુ! પિતાજી! ક્યાં એકલા જાવ (છો)? મરીએ છીએ ને, સળગીએ છીએને. આહાહા..! એ બંને બાંધવ આરડે. બે ભેગા થઈને રોવે છે પોકાર કરીને.

કહે છે કે જ્ઞાનીનું જ્ઞાન તે કાળે પોતાથી ઊપજતું તેમાં તે ચીજો નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એઈ..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યારે ઓલી વાત શું કરવા કરવી હતી?

ભાઈ! આહાહા..! આ સમકિતી છે. તીર્થંકર ગોત્ર બાંધેલું છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનને એકવાર કહે છે, હોં!

નહિ જાવું નહિ જાવું પ્રભુજી નહિ જાવું નરક રે.
જેવો તેવો પણ જાદવ કુળનો હું બંધવ કેવાણો હો નાથ.
નહિ જાવ નરકજી રે.

મહારાજ! મારા બંધવ ત્રણ લોકના નાથ તીર્થંકર. પ્રભુ! મારી ગતિ આ? એ જેવો તેવો પણ જાદવ કુળનો તારો બંધવ કહેવાણો, નાથ! સમજાણું કાંઈ? પછી આ લોકોમાં શ્વેતાંબરમાં તો એવું આવે છે. જરી આમ બોલ્યાને જ્યારે, ત્યારે ભગવાને એને કહ્યું, કૃષ્ણ! તમે તીર્થંકર થવાના છો, હોં! તમે તીર્થંકર થવાના આવતી ચોવીસીમાં. ખેદ બહુ થઈ ગયો ને. ખેદ તો સમવસરણમાં હોય નહિ ખરેખર. આ લોકોમાં એવી સ્થિતિ વર્ણવી છે. ... ભગવાનની વાણીમાં આવ્યું, કૃષ્ણ! તમે મારી પદવી જેવી પામશો. હું જેવો તીર્થંકર છું એવી તીર્થંકરની પદવી ભવિષ્યમાં તમને મળવાની છે. પછી સિંહનાદ કરે છે. એવું આવે છે ભાઈ! શ્વેતાંબરમાં આવે છે. સિંહનાદ કરે છે. વાસુદેવ છે ને બહુ જોરદાર છે ને. પ્રસન્ન થાતા હતા. આહા..! ભલે મારે એ ગતિમાં (જવાનું છે) પણ હું તીર્થંકર તો થવાનો છું. આહાહા..!

એ બધા પરિણામ થાય છે તેને જ્ઞાની જ્ઞાનમાં પોતાના જ્ઞાનથી ઊપજતામાં જાણે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..! બહારમાં એમ લાગે કે અરે..! આ તો રોવે છે ને. સમજાય છે? ભાઈ! એ સાંભળ તો ખરો, બાપુ! એ ચૈતન્યની લીલાઓ એવી કોઈ છે. લ્યો! આ જ્ઞાની. આ દ્વારકા સળગે અને આમ થાય. રોવે. સમજાણું? આરડે, પોકાર કરે. એ જડની અવસ્થા છે. સાંભળ તો ખરો, ભાઈ! અને તે કાળે તે પ્રકારનો આર્તધ્યાનનો વિકલ્પ આદિ હોય છે. ભાઈ! ચૈતન્યની દૃષ્ટિ જ્યાં પડી છે ને તેમાં તો તે પ્રકારનું જ્ઞાન જ તે કાર્યકાળે તેના જ્ઞાનનું જ્ઞાન જ ઉત્પન્ન થાય છે. એવા જ્ઞાનમાં એ રાગ અને દ્વેષ કે ખેદ ને આર્તધ્યાન એ સ્થિતિ જે બહારની છે, તે તે જ્ઞાનમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? મગનભાઈ!

ઓલો દયા પાળનાર હોય આમ શુભરાગથી અને શુભરાગનો કર્તા થાય છે અને તેનું અસ્તિત્વ જ રાગ ઉપર પડ્યું છે એનું. એને જે મિથ્યાદર્શન આદિ જે બંધાય છે એ તો એના પરમાણુની પર્યાયને કાળે તે પર્યાય પરિણામથી તેનાથી થઈ છે. પણ આ મિથ્યાદર્શનના પરિણામ, એને નિમિત્તકર્તા કહેવાય છે. આહાહા..! દૃષ્ટિફેરે આમ અને દૃષ્ટિફેરે આમ ગુલાંટ ખાય છે. મગનભાઈ! આહાહા..! એ દૃષ્ટિના માહાત્મ્ય અને દૃષ્ટિની કિંમત એણે કરી નથી. અને દૃષ્ટિમાં જેની કિંમત કરવી (જોઈએ) એની કિંમત ટાંકી નથી એણે. સમજાણું કાંઈ?

કહે છે... શું કહે છે આ તે? શું વાત! આખા ગોમ્મટસાર અને એના કારણો અને એ બધા જ્ઞાનીને નિમિત્ત થાય છે જ્ઞાનમાં, એમ કહે છે, ભાઈ! એય..! વિજયમૂર્તિજી! છે કે નહિ એમાં? કે ઉપરથી થાય છે. એય..! રાજેન્દ્રજી! લખ્યું છે? આહાહા..! અરે..! એકવાર એ વાત આવી છે એને હા તો પાડ. આહાહા..! સમજાય છે? અને હા પાડતા પાડતા એ આ... આ... આ... આ... એમ થઈને જ્ઞાનનો જ્ઞાતા થઈ જશે. પણ જો નકાર કરશે કે આમ ન હોય, આમ હોય, પહેલું હોય ઢીંકણું હોય, ફલાણું હોય ને ઢીંકણું. અરે..! ભાઈ! પહેલા પછી કેવા? કેવળજ્ઞાન વખતે લોકાલોક હતું એટલે લોકાલોક હતું માટે જ્ઞાન થયું છે? લોકાલોક નિમિત્ત હતું. લ્યો! નિમિત્ત હતું એટલે પહેલું નિમિત્ત હતું પછી કેવળજ્ઞાન થયું એમ છે? એ તો અહીં કેવળજ્ઞાન થયું ત્યારે લોકાલોકને નિમિત્ત કહેવામાં આવે છે. એમ ભગવાન આત્મા...

મુમુક્ષુ :- ઊંધાઈ...

ઉત્તર :- ઊંધા માણસને કાઢવા માટે તો વાત છે આ. કાંઈ રાખવા માટે નથી. આડે આડે. ઊંધે નહિ. ભાઈ કહે છે ઈ ઠીક છે. ઉંધે તો ગડિયું બે ગડિયું રહે. માણસ સમજો છો? પંડિતજી! પાલી નથી હોતી? એટલી. અનાજની. આમ સીધા તો દસ શેર રહે. ઊંધા શેર બે શેર રહે. આડા તો દાણો પણ ન રહે. પાલી હોય છે ને? અમારે દસ શેરને માણુ કહે છે. માણુ. માણાનો અર્થ માપ થાય છે. માપનું થઈ ગયું માણું. મૂળ તો માપ છે એનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થઈ ગયું માણું. માણા સમજે નહિ. માપ છે દસ શેરનું. તલને માપે છે ને? ઘઉં ને ચોખાને. આટલા શું કહેવાય? ભાઈ! માણુ. આટલા માણા તલ નાખ્યા, આટલા માણા નાખ્યા. માલ. એમાં સીધું ભરે રહે તો તો દસ શેર રહે. અને ષઢ ભરે માથે. ઊંધું રહે તો ગડીયું બે ગડીયું રહે. આડું કરે તો એકેય દાણો ન રહે. એમ જેની અવળાઈ અને આડોડાઈ છે એને સત્ય કોઈ રીતે બેસશે નહિ. એકેય દાણો નહિ રહે એની પાસે.

મુમુક્ષુ :-

ઉત્તર :- વસ્તુએ એ ભગવાન છે ને. એ પણ આત્મા છે. એ તો ભૂલ્યો છે તો પણ ભગવાન છે. સમજ્યાને? માણસ નથી કહેતા? ભાંગ્યું તોય ભરૂચ. ભૂલ્યો છે એ ભગવાન છે. ભૂલ્યો છે ટાળવાને સમર્થ છે. એમાં શું છે? ભૂલ છે એ ભૂલને ટાળવાની તાકાત રાખે છે. ભૂલ રાખવી એવો એનો સ્વભાવ નથી. ભૂલ રાખવી એવો એનો સ્વભાવ નથી. ભૂલનો અભાવ થવો એવો એનો સ્વભાવ છે. અવગુણને રાખે એવો કોઈ ગુણ છે? પણ અવગુણનો અભાવ કરીને ગુણરૂપે થવું એ એનામાં ગુણ છે. સમજાણું કાંઈ? રાગનું કરવાપણું એવો કર્તાગુણ આત્મામાં છે જ નહિ. પણ રાગના અભાવરૂપ અકર્તાગુણ આત્મામાં છે. ૪૭ શક્તિમાં છે એ. ૪૭ શક્તિ. આ તો ગજબ વાતું. આચાર્યની એક એક શક્તિ...! અકર્તા શક્તિ આત્મામાં છે. ગુણ છે અકર્તા. રાગ અને પુણ્યનું ન થવું... ત્યાં એવો પાઠ છે, કર્મથી થતાં વિકારથી ઉપરમ થવું એવો જીવનો સ્વભાવ છે. એવી શક્તિનું વર્ણન છે. રાગનું થવું એવી એની શક્તિ નથી, ગુણ નથી. પર્યાયમાં ભૂલથી ઊભું કરે છે. સમજાણું કાંઈ? અને આ તો એનો ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ? છે ને એમાં, જુઓને! ૪૭ શક્તિમાં અકર્તા શક્તિ છે અકર્તા. ઉપરમ.. ઉપરમ. શેમાં આવ્યું? આ આવ્યું. જુઓ!

૨૧મી શક્તિ. '**સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા જે પરિણામો તે પરિણામોના કરણના ઉપરમસ્વરૂપ અકર્તૃત્વશક્તિ.**' ૨૧મી છે ૨૧મી. ૨૦ અને ૧. '**સમસ્ત, કર્મથી કરવામાં આવતા,...**' જુઓ! આ છ છ બોલો બધા જ્ઞાનાવરણી, અશાતના વગેરે. ભાઈ! આની સાથે મેળ છે એટલે હોં જરી. '**સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા...**' જાણવા-દેખવાના પરિણામથી જે જુદા. '**જે પરિણામો તે પરિણામોના કરણના ઉપરમસ્વરૂપ...**' એ પરિણામોને કરવાથી નિવૃત્ત સ્વરૂપ, '**અટકવું તે, નિવૃત્તિ, અંત, અભાવ.**' થવો એવો અકર્તૃત્વ નામનો ભગવાન આત્મામાં ગુણ અને શક્તિ છે. સમજાણું કાંઈ? છે? વીરચંદભાઈ! ૨૧મી શક્તિ છે.

રાગનો વિકલ્પ... ઉદયનું કરવું એવો ગુણ નથી. એ તો અંશમાં ઊભું કરે છે. આ તો એનો ગુણ ત્રિકાળી છે. કર્મના સંગમાં લક્ષ કરી ઉત્પન્ન થતાં ભાવ તેનું અકરવાપણું, એમાંથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નિવર્તવાપણું અને નહિ કરવાપણું એવો આત્મામાં ગુણ છે. સમજાણું કાંઈ? એ જ્યાં સમ્યગ્જ્ઞાન થયું ત્યાં અકર્તૃત્વ ગુણનો ધરનાર દ્રવ્ય દૃષ્ટિમાં આવ્યો તો અકર્તૃત્વ ગુણનું પરિણમન-રાગના અભાવસ્વરૂપ પરિણમન અકર્તૃત્વ પરિણમન પ્રગટ્યું. એથી એને રાગાદિનો કર્તા નથી પણ રાગાદિનો તે જ્ઞાતા છે. જ્ઞાતૃત્વમાત્ર શબ્દ છે ને? સમજાણું કાંઈ? આ દ્રવ્યદૃષ્ટિની વાત છે, હોં! દ્રવ્યમાં શક્તિઓ જે પડી છે આવી અનંતી, એમાં એક અકર્તૃત્વ નામનો એક સ્વભાવ ગુણ છે. એ ગુણનો ગુણ એટલે કાર્ય શું? કે રાગાદિ વિકલ્પો જે છ પ્રકારના પરિણામ જે જ્ઞાનાવરણીને બંધનમાંથી થાય એનાથી ઉપરમ થવું એ એનો ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એથી અહીંયાં એમ કહ્યું છે કે જે જ્ઞાની એને કર્મના નિમિત્તમાં પરિણામ જડમાં થાય જડમાં અને એને નિમિત્ત થાય એવા જે વિકારી પરિણામ, એના જ્ઞાની પોતાના એનાથી, એના સંબંધીનું પોતાથી થયેલું જ્ઞાન. સમજાણું કાંઈ? જ્ઞાતૃત્વ પરિણામ થયા પોતાથી. આહાહા..! નિશ્ચય વાત એટલે સત્ય વાત લોકોને એવી લાગે આકરી. કે જાણે આ તો... બાપુ! તારું સ્વરૂપ જ એવું છે. સમજાણું કાંઈ?

કહે છે કે ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિ પોતાથી વ્યાપ્ત થઈને, પોતાથી વ્યાપ્ત પર્યાયરૂપ થઈને પરિણમતું. શું? '**પુદ્ગલદ્રવ્ય-પરિણામ જેનું નિમિત્ત છે...**' એ પુદ્ગલ દ્રવ્ય પરિણામમાં બેય આવ્યા. આઠ કર્મની પર્યાય એ જ્ઞાનાવરણીની પર્યાય અને જે ભાવે નિમિત્ત થયું તે ભાવ પણ પુદ્ગલ દ્રવ્યના જ પરિણામ છે. સમજાણું કાંઈ? જ્ઞાનાવરણી તો પુદ્ગલની પર્યાય પણ જેનું એને નિમિત્ત થયું આવરણમાં છ પ્રકાર એ ખરેખર પુદ્ગલના પરિણામ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**પુદ્ગલદ્રવ્ય-પરિણામ જેનું નિમિત્ત છે...**' જેનું કોનું? કે જે જ્ઞાન પોતામાં વ્યાપ્ત થઈને ઊપજ્યું એનું. જે જ્ઞાન પોતાના સ્વપરપ્રકાશના આશ્રયે જે પ્રગટ્યું તે જ્ઞાનમાં રાગાદિ જે આવરણના છ બોલ કીધા જ્ઞાનાવરણી, અંતરાય, અશાતના એવો ભાવ અને સામે જ્ઞાન, એ બધા પુદ્ગલના જ પરિણામ છે. એ બધા પુદ્ગલના પરિણામ. એ પહેલું આવી ગયું છે ત્યાં. સમજાણું કાંઈ? સવારમાં આવ્યું હતું.

'**જેનું નિમિત્ત છે...**' જેનું એટલે ભગવાન જ્ઞાનસ્વરૂપી પોતે પોતાથી જાણતું. તે તે પ્રકારમાં... અલ્પજ્ઞ છે ને? એટલે તે તે અલ્પજ્ઞની નિમિત્ત રૂપે જે દશાઓ છે તેને તે જાણતું પોતાથી ઊપજતું જ્ઞાન આટલું એને નિમિત્ત છે. સર્વજ્ઞને આખા લોકાલોકનું નિમિત્ત છે. આને અલ્પ જ્ઞાનમાં પોતાના સ્વભાવથી ઉત્પન્ન થયેલા જ્ઞાનમાં એના પ્રમાણમાં રાગ અને જે આ ભાવ થયા અને પુદ્ગલ પર્યાય એના પ્રમાણમાં એટલું એને અહીંયાં છે. એનાથી થયું નથી માટે નિમિત્ત છે. બીજી ચીજ છે તેનું જ્ઞાન, પોતાનું જ્ઞાન. એનું જ્ઞાન પોતાનું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ સંબંધીનું જ્ઞાન. એનું એટલે એ સંબંધીનું જ્ઞાન અને પોતા સંબંધીનું જ્ઞાન. એ પોતાથી ઉત્પન્ન થતું જ્ઞાન એમાં એ રાગાદિના પરિણામ છ પ્રકારે જ્ઞાનાવરણી જે બંધાય એ અને જ્ઞાનાવરણી, એ બધા જ્ઞાનની પર્યાયમાં નિમિત્ત છે ગુલાંટ ખાઈને. સમજાણું કાંઈ? આહાહા..!

**'એવું જે જ્ઞાન...'** જોયું! **'પોતાથી વ્યાપ્ત થઈને ઊપજતું,...'** માણસને એવું થાય ને. આ શાસ્ત્ર છે ને. ભાષા સાદી છે ને. એટલે જાણે બસ આ વાંચી ગયા, વાંચી ગયા. લ્યો! એક જણો કહેતો હતો પંદર દિ'માં સમયસાર વાંચ્યું. તમે બહુ સમયસારના વખાણ કરો છો. બાપુ! બહુ સારી વાત. સમયસાર પંદર દિ'માં વાંચ્યું. ભાઈ! એમ કહ્યું. અરે..! ભગવાન! પંદર દિ'માં શું એ તો બહુ .. કરે તો આઠ દિ'માં થઈ જાય. સવાર સાંજ મંડે ખાધા-પીધા વિના ચોવીસ કલાક. થોડામાં થઈ જાય એમાં શું છે? સમજ્યાને? એમાં પાણી પીવાનું .. બેસી જાય વાંચવા. પણ ભાઈ! એના ભાવમાં શું છે? એ ભાવ શું કહેવા માગે છે એક એક શબ્દમાં એને સમજ્યા વિના 'વાંચે પણ નહિ કરે વિચાર, એ સમજે નહિ સઘળો સાર'. એ દલપતરામ કહેતા. અમારે .. પહેલા નિશાળમાં હતું.

કહે છે, **'પુદ્ગલદ્રવ્ય-પરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તેમાં વ્યાપીને, માત્ર જાણે જ છે.'** આહા..! પોતાથી વ્યાપ્ત થઈને ઊપજતું જ્ઞાન તેને માત્ર જાણે છે. આહાહા..! એ પણ પાછા જ્ઞાનને જાણે છે, હોં! એટલે પોતાના પરિણામને જાણે છે. નિશ્ચયથી તો એમ છે.

મુમુક્ષુ :- પોતાના પરિણામને જ જાણે ને?

ઉત્તર :- હા.

જે પ્રકારનો ભાવ હતો જ્ઞાનાવરણીમાં નિમિત્ત થાય એવો અને જ્ઞાનાવરણી, બેય પુદ્ગલના પરિણામમાં નાખી દીધું. એનું અહીંયાં આત્મામાં ચૈતન્યના ભાનથી થયેલું પ્રકાશ જ્ઞાન, એમાં એ નિમિત્ત છે એવું જે જ્ઞાન તેને માત્ર જાણે જ છે. સમજાણું કાંઈ?

**'આ રીતે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે.'** આ રીતે ધર્મી પોતાની જ્ઞાનપર્યાય... આ જ્ઞાનની પર્યાય વાત લીધી છે. પણ એ વખતે શ્રદ્ધા, શાંતિ, આનંદ આદિના પરિણામનો જ કર્તા છે. પણ રાગનો અને પરનો કર્તા નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૧૧, બુધવાર તા. ૨૩-૧૧-૧૯૬૬**
**ગાથા-૧૦૧, પ્રવચન-૧૯૬**

આ કર્તાકર્મ અધિકાર છે. એટલે આત્મા શું કાર્ય કરે એને આત્માનું કાર્ય કહેવાય? તો અહીંયાં જ્ઞાનીની વાત છે. અને આત્મા છે ને. આત્મા શું કરે? આત્માનું જેને જ્ઞાન છે તે આત્મા શું કરે? એથી કહ્યું કે ગોરસના જે ખાટા-મીઠા પરિણામ, તેના પરિણામને જોનારો પોતાના દર્શન પરિણામને કરે છે. ખાટા-મીઠા પરિણામને કરતો નથી. તેમ જ્ઞાની જ્ઞાનથી વ્યાપ્ત થઈને, પોતાથી વ્યાપ્ત થઈને ઊપજતું. કોણ? પુદ્‌ગલ પરિણામ જેમનું નિમિત્ત છે એવું જે જ્ઞાન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એનું કર્મ કહો કે એનું જ્ઞાન કહો, બધી એક જ ભાષા છે. પુદ્‌ગલ પરિણામ એટલે અહીંયાં શબ્દ છે જ્ઞાનાવરણી. જ્ઞાનાવરણીનો જે પ્રકાર મતિજ્ઞાનાવરણી, શ્રુત જ્ઞાનાવરણી, અવધિજ્ઞાનાવરણી, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાનાવરણી, જે પ્રકારની સ્થિતિ, રસનો અને પ્રદેશનો ત્યાં પડે છે બંધ, એવું જ અહીંયાં જ્ઞાનના પરિણામમાં તે કાળે પોતાને જાણતા તેને જાણવા સંબંધીનું પોતાનું જ્ઞાન, એમાં વ્યાપીને આત્મા જાણે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહ્યા છે ને. બેય કહ્યા છે ને. હજી આવે છે ને, હજી તો હળવે હળવે આવે છે ને. જે છ પ્રકારે બંધાય તે પણ પુદ્‌ગલના જ પરિણામ છે. એ કહ્યું હતું, અહીં તો કહ્યું હતું ને. હજી આવશે ને. હજી ઘણાં શ્લોક છે.

જ્ઞાનની અશાતના, જ્ઞાનનું વિઘ્ન કરવું, જ્ઞાનનું અંતરાય પડવું વગેરે પ્રદોષ કરવો, નિહ્નવ કરવો, છે ને છ દોષ? છ બોલ. એવા જે ભાવ ધર્મીને પોતાના જ્ઞાનમાં જણાવામાં નિમિત્ત થાય એવા ભાવ થાય એને. સમજાણું કાંઈ? અજ્ઞાનીને દૃષ્ટિ વિકારના કરવા ઉપર છે. જે જ્ઞાનાવરણી બંધાય એ તો સ્વતંત્ર છે. પણ જ્ઞાનની અશાતના, જ્ઞાનનું અંતરાયપણું એવા જે વિઘનના પરિણામ એ પરિણામના કર્તૃત્વ ઉપર અજ્ઞાનીની દૃષ્ટિ છે. એથી તેના વિકારના પરિણામનો કર્તા થતો અજ્ઞાની નવા કર્મને તે નિમિત્ત રૂપે કર્તા કહેવામાં આવે છે. અંદરના ખેલ છે ઈ. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ હોવા છતાં એના સ્વરૂપ તરફના અંદર પ્રયાણ- અંદર પ્રયત્નનો સ્વભાવ જ્યાં પ્રગટ્યો નથી એને તો એ જ્ઞાનાવરણી જે પ્રકારે બંધાય એવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જે છ પ્રકાર એવા વિકારી પરિણામનું જ એના ઉપર લક્ષ એનું છે. એના અસ્તિત્વમાં એ વિકાર પરિણામ જ એના અસ્તિત્વમાં, ભાસમાં, ભાનમાં છે. એથી એ પરિણામનો એ કર્તા થાય એ અજ્ઞાની થાય એને જ્ઞાનાવરણી બંધાય. એને આ પરિણામનો કર્તાના પરિણામ તેને નિમિત્ત કર્તા કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

જ્ઞાની એને '**પુદ્‌ગલદ્રવ્ય-પરિણામ જેનું નિમિત્ત છે...**' એ છ પ્રકારના ભાવ અને જ્ઞાનાવરણીની પાંચ પ્રકારની પર્યાય મતિજ્ઞાનાદિની, એવો જ કોઈ જ્ઞાન પર્યાયનો સ્વ તરફના વલણવાળી દશા થતાં સ્વપરપ્રકાશક જ્ઞાનનો પર્યાય એવા જ પ્રકારનો ઉત્પન્ન થાય કે જે બારમી ગાથામાં કહ્યું વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. એ જ અહીં છે. જે પ્રકારના ત્યાં છ બોલ હોય એનો જ્ઞાની જ્ઞાતા એટલે એ તરફનું જે નિમિત્ત છે એ અહીં જ્ઞાન પરિણામ થાય તેમાં એ પર્યાય નિમિત્ત થાય છે. છ પ્રકારના અશાતના આદિના ભાવ જ્ઞાનીને અંતર્મુખના સ્વભાવના વલણને કારણે તેના જ્ઞાન પરિણામ એ સંબંધીનું જ્ઞાન પોતામાં વ્યાપેલું છે એવા જ્ઞાનમાં એ છ બોલ નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ?

ચૈતન્ય સ્વપરપ્રકાશનો પિંડ ચૈતન્ય સૂર્ય છે ભગવાન. ચૈતન્ય સ્વરૂપ છે એ તો. જાણક... જાણક... જાણક... જાણક... જાણક... જાણક... સ્વભાવ. એ જાણકસ્વભાવ તે સર્વજ્ઞ જાણકસ્વભાવ. એવા સ્વભાવની જ્યાં દૃષ્ટિ અનુભવ થયો... સમજાય છે? એ જ્ઞાન, એ જ્ઞાન એ વખતના પરિણામ થયા તેને તે જ્ઞાનમાં નિમિત્ત થાય છે. એ આત્મા તેને નિમિત્ત થતો નથી. એટલે કે આત્મા એનો વ્યવહારે કર્તા છે એમ નથી. સમજાણું કાંઈ? પણ એને એ પરિણામ જે થયા એ સ્વપરપ્રકાશક જ્ઞાન જો તેનું વિવેકજ્ઞાન છે, એ જ્ઞાનમાં વ્યાપેલું જ્ઞાન તેને છ પ્રકાર સમુકુ (પુરેપુરું) આમ નિમિત્ત જ્ઞાનમાં થાય છે. નિમિત્ત થાય એનો અર્થ કે એનાથી થાય છે એમ નથી. થયું છે તો પોતાના સ્વપરપ્રકાશ ચૈતન્યના આશ્રયે, અંતર્મુખની દૃષ્ટિએ જે જ્ઞાનપણે એનો સ્વપરપ્રકાશકનો જાણવાનો સ્વભાવ તેની તે પર્યાયની યોગ્યતા પ્રમાણમાં એવો જ પર્યાયમાં વ્યાપીને તે પરિણમે છે. એમાં એ છ પ્રકારના પરિણામને નિમિત્ત કહેવામાં આવે છે. અને તે પ્રકારના મતિ આદિનું આવરણ એ વખતે જે પરમાણુમાં પર્યાય પડે એ પણ અહીં જ્ઞાનમાં નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે ઝીણી વાતું.

'**પુદ્‌ગલદ્રવ્ય-પરિણામ જેનું નિમિત્ત છે...**' ભાષા તો નિમિત્તપણે રહ્યું છતાં નિમિત્તે અહીં કાર્ય કર્યું નથી. કાર્ય તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છું એવું જે ભાન એણે એ કાર્ય કર્યું છે જ્ઞાનના પરિણમવાનું સ્વપરપ્રકાશનું. એ કાર્યમાં ઓલા છ બોલ અને મતિજ્ઞાનાદિના આવરણની પર્યાય જડની અહીં નિમિત્ત થાય છે. એટલે નિમિત્તથી થયું એ ઉડાડી દીધું. જ્ઞાન નિમિત્તથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થયું એ ઉડાડી દીધું. એણે આ આત્માએ કર્યું ઉડાડી દીધું. જ્ઞાનમાં એ છે નહિ. ફક્ત જ્ઞાન સ્વપરપ્રકાશક જાણતું પરિણમે છે ત્યારે તે ચીજને નિમિત્ત કહેવામાં આવે છે. વીરચંદભાઈ! ભારે ઝીણું. સમજાણું આમાં?

**'વળી એવી જ રીતે જ્ઞાનાવરણ પદ પલટીને...'** જુઓ! **'આ રીતે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે.'** એમ કીધું ને? એ રીતે ધર્મી જીવ ચૈતન્યપ્રકાશ સ્વપરપ્રકાશનો સૂર્ય એવી અંતરમાં દૃષ્ટિ અને અનુભવ થયો તેથી તે પોતે પોતાની તે જ્ઞાનપર્યાય, શ્રદ્ધાપર્યાય, શાંતિપર્યાય, આનંદપર્યાય, સ્વચ્છતાપર્યાય, પ્રભુતાની પર્યાય વગેરે તે દ્રવ્યની નિર્મળ પર્યાયનો તે આત્મા કર્તા છે. અહીં તો જ્ઞાનનો કર્તા કીધો છે એટલે કે પરનો કર્તા નહિ એટલે જ્ઞાનનો કર્તા. પણ જ્ઞાન સાથે જેટલા ગુણો છે... સમજાણું કાંઈ? એ જ્ઞાન સાથે જેટલા અવિનાભાવે અંતર ગુણો છે એનું અહીંયાં ભાન થયું તે એના જ્ઞાન સાથે શ્રદ્ધાનો સમ્યક્ પર્યાય, શાંતિનો પર્યાય, સ્વચ્છતાનો પર્યાય, પ્રભુતાનો પર્યાય, કર્તા, કર્મ, કરણ આદિ ષટ્ગુણ જે પડ્યા તેનો પણ પર્યાય નિર્મળ (થાય) તેનો તે જ્ઞાની કર્તા છે. આહાહા..! ભારે ઝીણું! કહો, રાજેન્દ્રજી! હવે આવું સમજવામાં ન આવે એને શું કરવું ત્યારે હવે?

મુમુક્ષુ :- .. સમજવાનો પ્રયત્ન કરવો.

ઉત્તર :- ન સમજવામાં આવે એમ હોય? ભાઈ! કેવળજ્ઞાનનો કંદ છો ને પ્રભુ! આહાહા..! ત્રણ કાળ ત્રણ લોકને તો જેણે એક પર્યાયમાં સમાડ્યા. અને એક પર્યાયમાં એથી અનંતગુણું હોત તો સમાડત, એવી અનંતી પર્યાયને સમાડનારો જ્ઞાનગુણ છે. આહાહા..! અરે..! સમજાણું કાંઈ?

જેની એક શ્રુતજ્ઞાનની પર્યાયમાં લોકાલોકનું જ્ઞાન જાણે એવી એક સમયની પર્યાય. ફક્ત ફેર કેટલો? કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે, આ (શ્રુતજ્ઞાન) પરોક્ષ છે. બાકી જાણવાની તાકાત તો શ્રુતજ્ઞાનની પર્યાયમાં એટલી છે. અને એટલી હોવા છતાં હજી અનંતગુણું બીજું હોય તો શ્રુતપર્યાય જાણે એટલી એની તાકાત છે. આહાહા..! એવી જેણે એક પર્યાયમાં લોકાલોક સંગ્રહીને પડે એના સંબંધીનું જ્ઞાન, એવું જ્ઞાન, એવી એવી અનંતી પર્યાયનો પિંડ ભગવાન આત્મા અને એવા એવા અનંતા ગુણનો પિંડ તે આત્મદ્રવ્ય છે. એવી જ્યાં અંતર્મુખ દૃષ્ટિ આત્માની થઈ, અંતરાત્મદૃષ્ટિ થઈ, અંતર આત્મા-આ આત્મા છે એમ દૃષ્ટિ થઈ તો કહે છે કે એ વખતના કોઈ વિકલ્પના પરિણામ જ્ઞાનાવરણી બંધાય એવા, એ બધા એના જ્ઞાનમાં નિમિત્ત થાય. ઓલા રાડ પાડે. બસ! જૈનશાસન અબદ્ધમાં આવી ગયું? અરે..! ભગવાન! ભાઈ! ભાવશ્રુતજ્ઞાન તેને જૈનશાસન કહ્યું. ભાવશ્રુતજ્ઞાન એટલે એની સાથે સમભાવ, શાંતિ બધું છે. પણ ભાવશ્રુતની પ્રધાનતાએ તેને જૈનશાસન કહેવાણું છે. ૧૫મી ગાથા. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કાંઈ?

એવો ભગવાન ચૈતન્ય આતમરામ પોતાના અંતરના સ્વરૂપની દૃષ્ટિએ જ્યાં આવ્યો, અંતરના ચૈતન્યધામને જેણે અનુભવ્યું, કહે છે કે એની પર્યાયમાં એટલી તાકાત છે કે અલ્પજ્ઞ ભલે હો પણ એ વખતે એટલું જ જાણવાનું જે છે એને પરિણામ એને એ જાણે. એને જાણવાના સંબંધીનું જ્ઞાન એવા જ ત્યાં પરિણામ થાય તે ક્ષણે તેને જાણતું જ્ઞાન પોતાથી પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ આવ્યા એટલે હવે જાણવું એમ નથી રહ્યું. એ જ્ઞાનનો જ કોઈ એવો સ્વપરપ્રકાશક સ્વતઃ ચૈતન્ય ચમત્કાર સ્વભાવ છે કે જ્યાં સ્વની સંભાળ કરી... સમજાણું કાંઈ? આવ્યું છે ને ગાયન? સાંભળ્યું છે કે નહિ શેઠિયાનું? એય..! દિપચંદજી! વીરચંદભાઈને કહું છું. છે ને શેઠિયાનું ગાયન? દિપચંદ શેઠિયાનું આવ્યું છે ને તમારે ત્યાં નહિ? .. છે? એ છાપેલું મોટું આવ્યું છે. કલકત્તા આવી ગયું છે. એ 'સંભાળે તો શેઠ બીજા અનુચર જાણજો.' એમ આવ્યું છે. મોહનલાલજી! આવ્યું છે એમાં?

મુમુક્ષુ :- તમે સંભળાવો.

ઉત્તર :- ક્યાં છે? એ આવ્યું છે ને? પાનું ૧૩. પાનું ૧૩ છે.

'ગુણીજન કરના છે સ્વપર જ્ઞાન, અપના નિજ આત્મા જી, મારા જ્ઞાન.' આ ક્યારે બોલાણું ખબર છે? છોકરો એનો મરી ગયો હતો. એના દીકરાનો દીકરો. મરી ગયો હતો અને મડદું પડ્યું હતું. ત્યારે એની માને કહે છે દીપચંદ શેઠિયા. દીકરી! શું કરવું છે? રોવું છે તારે? પિતાજી! પિતાજી કહે ને સસરાને? આપના ઘરે આવ્યા, હવે રોવું શું? ત્યારે હું ગાયન કરું એ બોલો. આ બાયું મરે ત્યારે રોવે છે ને? મારો દિકરો, મારા પેટ એમ નથી રોતો? મારા પેટ, મારા દિકરા!. એમ બનાવ્યું છે આ. 'ગુણીજન કરના છે સ્વપર જ્ઞાન, અપનાના નિજ આત્મા જી, મારા જ્ઞાન.' ઓલો કહે કે મારા પેટ. એ કહે છે મારા જ્ઞાન. પેટ બેટ કે દિ' હતા તારા? સાંભળને! 'અપનાના નિજમાં... ગુણીજન સંભાળે સોહી છે શેઠ' સ્વપરપ્રકાશક જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એની જેને સંભાળ થઈ છે એ જગતમાં શેઠ છે. 'અન્ય તો અનુચર જાણજો જી.' બીજા બધા ભિખારા-રાંકા છે. એય..! નેમિદાસભાઈ! તમને બધા શેઠિયા શેઠિયા કરે છે ને. ભાષા તો શું કરવી?

મુમુક્ષુ :- ભિખારા અને રાંકા...

ઉત્તર :- અનુચર એટલે ભિખારી ઓલા શેઠની પાછળ ચાલનારા રાંકા. એમ કહે છે. અનુચર. આ અમારા પંડિતજી રહ્યા લ્યોને પૂછોને. અનુ એટલે એની કેડે કેડે ચાલનારા. એની સાથે ચાલનારા નહિ. અન્નદાતા.. અન્નદાતા કરીને ચાલે પાછળ ઈ છે અનુચર. સમજાણું કાંઈ? એક ગાયન છે. ૧૩મે પાને છે. ગાયન છે કેટલામું? ગાયન સાતમું. 'ગુણી જન વંદુ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હરિ...’ છે ને એ.

‘ગુણીજન દુઃખ સુખ કરે જેવી વાત, આતમ સુખ જીતીયો જી.’ આતમ સુખ પોતામાં જુઓ. સમજાણું કાંઈ? રાગને જેણે સંભાળ્યો એવો મૂઢ અજ્ઞાની નવા કર્મને નિમિત્ત થાય છે. આ જેણે ભગવાન આત્માને સંભાળ્યો એ નવા કર્મ ને એ પરિણામ આના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનાવરણ પદ પલટીને કર્મની ગાથાની વિભાગ પાડીને દર્શનાવરણ લેવું. એને પણ છ પ્રકારના જે દર્શનાવરણી બંધાય છે ને, એ છ દર્શન સંબંધી, ઓલા જ્ઞાન સંબંધી. એ છ પ્રકારના પ્રદોષ, નિહ્નવ આદિ જે બોલ છે એ છ બોલનું દર્શન સંબંધીના ભાવ હોય તે ભાવનો જ્ઞાની તે ભાવ સંબંધીનો તેટલા પ્રમાણમાં એનું પરપ્રકાશક અને સ્વપ્રકાશ જ્ઞાનમાં પરિણમતો તેના એ પરિણામને દર્શનાવરણી આમ નિમિત્ત થાય છે. સમજાય છે કાંઈ?

અજ્ઞાની પોતાના જ્ઞાયક સ્વરૂપને ન જાણતો... આમાં આવે છે ને? ભાઈ! અષ્ટ સહસ્રી. પ્રમાણજ્ઞાન અને અપ્રમાણજ્ઞાન નહિ? પંડિતજી! પ્રમાણજ્ઞાન અને અપ્રમાણજ્ઞાનની વ્યાખ્યા આવે ને? ત્યાં તો ઘટનું જ્ઞાન યથાર્થ હોય એને પ્રમાણજ્ઞાન કહે. પરનું વ્યાજબી હોય એ. અહીં તો કહે છે કે આત્માનું જ્ઞાન હોય એ યથાર્થ જ્ઞાન છે. બેમાં ફેર છે. ત્યાં એમ કહે છે. અવિસંવાદી જ્ઞાનપ્રમાણ એટલું. સામા પદાર્થનું અવિસંવાદી જ્ઞાન હોય તો એને ત્યાં ન્યાયશાસ્ત્રમાં વ્યવહારમાં પ્રમાણ કહેવાય છે. આ પ્રમાણ બીજી જાતનું છે. આ તો આત્મા અંદર રાગના વિકલ્પથી પાર છે. શુભરાગ દયા, દાન વિકલ્પથી પાર છે એવું જે જ્ઞાન તેને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? છે? બાબુભાઈ! બહુ ઝીણું છે હોં! ઝટ દઈને બેસવું કઠણ પડે. આહાહા..!

કહે છે, ‘**દર્શનાવરણ,...**’ છે ને હેઠે? દર્શનાવરણ. એ દર્શનાવરણ કર્મ, એની નવ પ્રકૃતિ છે, નવ પ્રકૃતિ. ચક્ષુ-અચક્ષુ, નિદ્રા-અનિદ્રા. એ નવ પ્રકૃતિના પરિણામ અને તેને બાંધવાના પરિણામ એ બધાનો અજ્ઞાની સ્વામી થાય છે અને એની દૃષ્ટિ ત્યાં છે માટે તેના પરિણામનો કર્તા થનાર દર્શનાવરણીમાં નિમિત્તકર્તા કહેવાય છે. ધર્મી પોતાના વિવેકજ્ઞાનવાળો છે. રાગ અને એ પરિણામથી ભિન્ન મારું જ્ઞાન છે. એ પ્રકારે દર્શનાવરણી બંધના છ કારણો છે એનાથી પણ જેનું અંતર ભેદજ્ઞાન થયું છે. સમજાણું કાંઈ? એ છ પ્રકારના પરિણામમાં રહ્યો નથી અને બંધનના કારણમાં એ પરિણામ છે એ બંધનમાં નિમિત્ત થાય એવું એને રહ્યું નથી.

જુઓ ભાઈ! આ સર્વજ્ઞ પરમેશ્વરનો વીતરાગમાર્ગ આ છે હોં આત્માનો. આ આત્મા પોતે કર્મ, શરીર, નોકર્મ શરીરાદિ, કર્મ-આઠ કર્મ અને ભાવકર્મ. એ ભાવકર્મ, નોકર્મ બાહ્યના નિમિત્તો, એને પોતાના માનતો, ચૈતન્યના સ્વભાવના અભાનને લઈને તે પરિણામમાં એને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નવા બંધનમાં એના પરિણામ નિમિત્ત કહેવાય છે. જ્ઞાની તેને ન માનતો, હું જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છું એવા જ્ઞાયકભાવને સ્વીકારતો, સંભાળતો, શાંતિને વેદતો, જ્ઞાયકભાવના પરિણામને પ્રગટ કરતો તેના પરિણામમાં એ છ પ્રકાર, શરીર અને દર્શનાવરણી... શરીરનું જુદું લેશે આગળ, દર્શનાવરણી કર્મ, એના જ્ઞાન પરિણામની પુષ્ટિ જે પોતાથી સ્વપર થઈ એને નિમિત્ત કહેવામાં આવે છે. કેવળજ્ઞાનના જ્ઞાનને લોકાલોક નિમિત્ત કહેવાય છે. જ્ઞાનીને તેના પ્રમાણમાં તે પરિણામ અને તે દર્શનાવરણી કર્મ તેને એના સ્વપર જ્ઞાનમાં નિમિત્ત કહેવાય છે. એવા જ્ઞાનને, સમ્યક્જ્ઞાનને વિવેકી જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! બહુ ઝીણું પણ માણસને ભલેને પછી બીજે... આ એવું લાગે છે કે આ તો બધો વ્યવહારનો લોપ થઈ જાય છે. પણ ભગવાન! તેમાં વ્યવહારનો અભાવ તે જ તારો સ્વભાવ. આ ઓલા છ બોલ કીધા ને, ભાઈ! એ વ્યવહાર થયા એ તો. એ છ બોલ દર્શનાવરણી જે ભાવે બંધાય એ વ્યવહાર થયો. વ્યવહારને જ્ઞાની જાણે. વ્યવહારને પોતાનો માને નહિ. આહાહા..! એટલે કે અહીં અસ્તિત્વમાં નથી એટલે એનો કર્તા થાય નહિ. આહાહા..! જે ભાવે દર્શનાવરણી બંધાય એ ભાવ આત્માના અસ્તિત્વમાં નથી. એ તો આસ્રવતત્ત્વ છે. અને આસ્રવતત્ત્વથી જ્યાં ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયું છે એ જ્ઞાનમાં એ આસ્રવતત્ત્વ જ્ઞાન પોતે પોતાથી ઉપાદાનથી પરિણમ્યું એને એ આસ્રવતત્ત્વ નિમિત્ત કહેવાય છે. અને દર્શનાવરણી પણ તે રીતે નિમિત્ત કહેવાય.

મુમુક્ષુ :- જ્ઞાનીના...

ઉત્તર :- એ પ્રકાર પ્રકારની અહીં વાત નથી. જે પ્રકાર હોય તે પ્રકારનું અહીં જ્ઞાન થાય એમ વચ્ચે કહી દીધું. સમજાણું કાંઈ?

‘**વેદનીય,...**’ વેદનીય. અશાતા બંધાય છે ને? આતાપ, દુઃખ દેવું પરને વગેરે અશાતા બોલ છે ને તત્વાર્થસૂત્રમાં. એ બધા બોલોનો ભાવ ખરેખર તો રાગરૂપ છે કે દ્વેષરૂપ છે. એનાથી અશાતા બંધાય. હવે જેને એ રાગરૂપ અને દ્વેષરૂપ જે અશાતા બાંધવાના પરિણામ છે દુઃખ દેવાના, પોતાને દુઃખ દેવાના, બીજાને દુઃખ દેવાના વગેરે વગેરે, એવા જે પરિણામ છે એ પરિણામ ઉપર જેની દૃષ્ટિ અને પરિણામનો કર્તા જે થાય છે, એ જીવ અજ્ઞાની છે અને તેને અશાતા વેદનીય બંધાય તેમાં એના પરિણામને નિમિત્ત કર્તા કહેવાય છે.

જ્ઞાનીને તે જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા છે, ચૈતન્યપ્રકાશ સ્વરૂપ છે. એવું સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન સમ્યક્ હોવાથી, તેને આ પરિણામ હોવા છતાં અશાતાના રજકણો પરમાણુપણે સંગ્રહાઈને પર્યાય પરિણમતા છતાં એના જ્ઞાનને એ નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? એથી પરિણામને આત્મા નિમિત્ત નથી, બંધાય તેને નિમિત્ત નથી. પણ સ્વપરપ્રકાશક ચૈતન્યની જ્યાં દૃષ્ટિ ને રુચિ ને અનુભવ સમ્યક્ થયું ત્યારે તે પરિણામને અશાતા વેદનીય અહીં જ્ઞાનમાં નિમિત્ત

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


(થાય છે). પરિણમે છે તો પોતાથી. ભારે વાતું, ભાઈ!

આ લોકો કહે છે... પણ આ તો આમાં છે એનું સ્પષ્ટીકરણ છે. આમાં ઘરનું કાંઈ નથી. રાજેન્દ્રજી! રાજેન્દ્રજી કાલે કહેતા હતા, ઓલા કહે કાનજીમત. ભાઈ! કાનજીમત નથી, ભગવાનનો મત છે આ. એ કહે છે. અરે.. ભગવાન! એ તો આ અમારા પંડિતજીએ કહ્યું હતું ને. પ્રભુ! તું એમ રહેવા દે, ભાઈ! આ તો સત્‌નો પંથ છે. સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ જ આ છે, ભાઈ! તને એમ બેઠું નથી એટલે તું બીજી રીતે કલ્પી નાખ એથી કાંઈ વસ્તુ બીજી નહિ થઈ જાય.

બાપુ! આ તો વીતરાગસ્વરૂપ આત્મા છે. વીતરાગસ્વરૂપ આત્મા છે અને એની દૃષ્ટિનું ભાન થયું જ્યાં વીતરાગ દૃષ્ટિએ એટલે એના વેદનીયના બંધના પરિણામ છે એ આના જ્ઞાનને નિમિત્ત થાય છે. આહાહા..! દિશા પલટે દશા પલટી ગઈ. સમજાણું કાંઈ? ઓલી દૃષ્ટિ હતી પુણ્ય પરિણામ કે પાપ પરિણામમાં અશાતા બાંધવામાં પાપમાં દૃષ્ટિ હતી. એથી એને બંધમાં એ નિમિત્ત થયું એટલે એ જીવના પરિણામ એને નિમિત્ત થયા. એને જ્યાં પાપના પરિણામની દૃષ્ટિ ગઈ છે, એનાથી ભેદજ્ઞાન થયું છે, આત્મા સ્વપરપ્રકાશક જ્ઞાયક છે એમ સમ્યગ્દર્શનનો ધર્મ થયો ત્યારે તેના પરિણામમાં તે કાળે એ જ પ્રકારના પરિણામ જેવા થયાં તેને જાણતું જ્ઞાન પોતામાં વ્યાપનું જ્ઞાન તેને તે જાણે છે. એમાં એ પરિણામને સમુકુ નિમિત્ત આમ થાય છે.

વાત ઈ છે કે આત્મા જ્ઞ સ્વભાવી છે. જ્ઞાનસ્વભાવની મૂર્તિ તે આત્મા છે. એ જ્ઞાન કરે. કરે શું બીજું? સમજાય છે કાંઈ? એ રાગના પરિણામને કરવા જાય તો ત્યાં આત્માના જ્ઞાતા સ્વભાવનું ખુન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? તદ્દન નવા માણસને પહેલું સાંભળે એને તો આપણે સાંભળતા હતા હોં! એ કહે છે એવું ને જાણે લોપ કરે છે. અરે..! ભગવાન! એકવાર પાંચ-દસ દિ' સાંભળ તો ખરો, ભાઈ! જરી ધીરજ રાખીને કે આ વાત શું છે? મધ્યસ્થથી (સમજ), ભાઈ!

અરે..! આવા કાળ આવ્યા બાપા. અનંતે કાળે આ માણસપણું આવ્યું. આ પડદો જે બંધ થઈ ગયો તો ક્યાં જઈશ? આ પડદામાં કામ કરી લેવાનું છે. આહાહા..! એ માટે દુનિયાની દરકાર છોડી દે. દુનિયા શું કહે છે? શું માનશે? એ મારા ભાવના કથનથી રાજી રહેશે કે દુઃખી થશે, એ વાતને છોડી દે. સમજાણું કાંઈ? તારે સત્‌નું શરણું જોઈતું હોય તો ભગવાન જ્ઞાનમૂર્તિ છે ને ભાઈ! એને શરણે જા તને શાંતિ મળશે, તને વીતરાગતા પ્રગટશે. અને તારા જ્ઞાનમાં એ ચીજો સમુકી નિમિત્ત થશે. ભાઈ! એવો વીરતાગનો માર્ગ છે. એવી વીતરાગી દૃષ્ટિ અને વીતરાગી જ્ઞાનનું એવું માહાત્મ્ય છે. આ ચોથા ગુણસ્થાનથી વાત ચાલે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, હોં!

મુમુક્ષુ :- આ પડદાની એટલે?

ઉત્તર :- આ પડદો એટલે માણસનો ભવ આટલો થોડો છે. ઈ પડદો. આ પડદો પલટીને બીજે ગયો તો બીજે પત્તો નહિ ખાય. આહાહા..! તું એમ ભરોસે ચાલ્યો જતો હોય કે હમણાં થાશે, પછી થાશે, પછી બાપા! બંધ થઈ આંખુ, એમાં જો ત્રસની સ્થિતિ કો'કની પૂરી થઈ ગઈ હશે.. આહાહા..! ત્રસની સ્થિતિ બે હજાર સાગર છે. એ પછી એકેન્દ્રિય. ભાઈ! તારું તો અનાદિઅનંત છે ને પ્રભુ તત્ત્વ. અરે..! આવા ખંડ ખંડ સંયોગની સ્થિતિમાં અવતરવા કલંક છે.. કલંક છે. યોગસારમાં આવ્યું છે. યોગસારમાં આવે છે. જન્મ તે કલંક છે હોં ભાઈ! એ જન્મને ટાળવાનો ઉપાય તો ભગવાન ચૈતન્યમૂર્તિ છે. એની અંતરમાં દૃષ્ટિ કર, સંભાળ કર, શરણે જા, આશ્રય કર. એવા આશ્રયથી તને શાંતિ મળશે, શ્રદ્ધા થશે, હું એક પરમેશ્વર છું એવી તને પ્રતીતિ થશે. હું એક પરમેશ્વર છું એવી તને પ્રતીતિ થશે. એ પ્રતીતિ સાથેનું જ્ઞાન પરના પરિણામ તને જ્ઞાન પોતાથી થાય તેને ઓલા નિમિત્ત થશે. આહાહા..! સમજાણું કાંઈ?

'**વેદનીય,...**' હવે શાતા. ... ભૂતની દયા પાળવી, અનુકંપા, સરાગ સંયમ, સંયમાસંયમમાં જેટલો ઓલો વિકલ્પ છે એ વાત હોં! કાંઈ સંયમ છે એ કાંઈ શાતાવેદનીય બંધનું કારણ નથી. પણ એમાં જેટલો રાગ ભાગ રહે છે ને સરાગ સંયમીને .. રાગ રહે છે ને એ શાતાવેદનીયનું બંધનું કારણ છે. પણ એ શાતાવેદનીય બંધાય એ તો સ્વતંત્ર રજકણની પર્યાય. હવે એમાં ઓલા શાતાના પરિણામ બાંધવાના ભૂતાનુકંપા... અને ત્યાં તો એક વાત એવી લીધી છે ને પંડિતજી! શાંતિ અને .. છેલ્લા બે બોલ. ભાઈ! શાંતિ .. એ વિકલ્પ છે મૂળ તો. એ કાંઈ ક્ષમા નથી. ઓલો બોલ જે ક્ષમાગુણ છે એ ત્યાં નથી. અને શૌચ જે છે ઓલો દસમો ધર્મ એ ત્યાં નથી. નહિતર શબ્દો તો બે ઈ પડ્યા છે છેલ્લા, શાતાવેદનીયમાં. સમજ્યાને? છે ને એ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. એ. મૂળ પાઠ. મૂળ પાઠ છે. તત્વાર્થ સાર. .. પાક, આક્રંદ, વધ, પરિગ્રહના આદિ .. એ બધા અશાતાવેદનીયના બાંધવાના પરિણામ છે. પરિણામ છે. એ પરિણામ, એ પરિણામ ઉપર જેની દૃષ્ટિ છે, પરિણામી ચૈતન્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી એથી તે પરિણામ નવા બંધાય તો એને કારણે એને આ નિમિત્ત થાય છે. અને જ્ઞાનીને એ પરિણામ પોતાના સ્વલક્ષે સ્વપરપ્રકાશ ચૈતન્યની સત્તાની દૃષ્ટિ થઈ છે તેથી તેના સ્વપરપ્રકાશના પરિણામમાં આ પરિણામ તેને જ્ઞાનમાં નિમિત્ત થાય છે. ઉપાદાન તો પોતાનું કાર્ય છે. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કાંઈ?

પછી ... અનુકંપા, દાન, સરાગ, .. યોગ અને શાંતિ શૌચમ્. શાંતિ એ વિકલ્પ છે એક. ક્રોધ ન કરું. ક્રોધ ન કરું એવો એક વિકલ્પ છે. એ શુભભાવ છે. એ શુભભાવ શાતા વેદનીયના બંધનું કારણ છે. ધર્મ નથી. સમજાણું કાંઈ? એ શાંતિ અને શૌચ એ વિકલ્પ છે શુભરાગ. આ ક્રોધ ન હો, મને શાંતિ હો, એ વિકલ્પ છે શુભરાગ. એ શાતા વેદનીય બંધનું કારણ છે. પણ જ્ઞાનીને તેના ઉપરનું અસ્તિત્વ અને કર્તૃત્વ નથી. ધર્મીને જ્ઞાયકસ્વરૂપના ભાન હોવાથી તે પરિણામ તેને જ્ઞાનમાં જાણવામાં નિમિત્ત થાય છે. પોતે તેને નિમિત્ત થઈને બંધનમાં નિમિત્ત થાય એવું જ્ઞાનમાં રહ્યું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને નથી બંધાતું. એને જ્ઞાન થાય છે એનું. એ માટે તો કહેવાય છે આ. પાટણીજી! બંધાતું જ નથી. અબંધ સ્વભાવી ભગવાન આત્મા જ્યાં દૃષ્ટિમાં આવ્યો એને અબંધ પરિણામ પરિણમે છે તેનો તે જાણનાર અને તેનો પરિણમનાર છે. એને અબંધ પરિણામ થાય છે. એને બંધ પરિણામ પણ નહિ અને પ્રકૃતિનો બંધ પણ નહિ. અબંધ પરિણામ થાય છે સમ્યગ્દૃષ્ટિને તે અબંધ પરિણામમાં તે પરિણામને શાતા વેદનીય નિમિત્ત થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એ આયુષ્ય સાથે રાગ છે એ. એ તો દેવનું આયુષ્ય જુદું, .. એ કાંઈ સમકિત બંધનું કારણ નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શબ્દ તો પડ્યા હોય પણ શું? ઓલા પણ એમ કહે છે, જુઓ! મોક્ષનો માર્ગ છે નિર્મળ એ પણ બંધનું કારણ થાય અને રાગ વ્યવહાર મોક્ષમાર્ગ એ પણ મોક્ષનું કારણ થાય. અનેકાંત છે. અરે..! ભાઈ! એમ નહિ, ભાઈ! અનેકાંત એવું ન હોય. તો ચૈતન્યની સત્તાની એકાંતતા, શુદ્ધતા નહિ રહે. એ શુદ્ધતા જ છે અને અશુદ્ધતા એનામાં નથી. એનું નામ અનેકાંત છે. આ શું કહે છે?

પરિણામ જે શાતાના થયા, શાંતિના, ક્રોધાદિના, એ પરિણામ આત્માના નહિ. એનું નામ અનેકાંત છે. ઓલું એકાંત થયું. આ પરિણામ મારા અને હું આત્મા નહિ. ઈ એકાંત થયું. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! આ માર્ગ તો બાપુ! વીતરાગમાર્ગ છે. આહાહા..! સિંહ જેવા દસમા ભવમાં જુઓને. ભગવાનનો ભવ, દસમો ભવ. મુનિ આમ ઉતરે છે. અરે..! મને દેખીને પૃથ્વી ઉપર ચાલતા માણસો આઘા ભાગે, આ ઉપરથી આવીને હેઠે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉતરે છે ત્યાં ફરી ગયું મગજ આ કોણ છે? મારે તો છે હરણને. એટલો અંદર વિચાર આવ્યો. મને દેખીને અહીં નજીકના દૂર જાય, એ ઉપરથી હેઠે ઉતરીને મારી પાસે આવે છે, એ છે કોણ? જુઓ!

મુનિ આમ કહે છે, હોં! હે સિંહ! આપનો તો દસમો ભવ તીર્થંકરનો છે ને પ્રભુ! આ શું કરો છો તમે? અમે કેવળજ્ઞાની પાસે સાંભળ્યું છે. મુનિ કહે છે. જુઓ! હવે એકદમ ત્યાં જાણપણાની શક્તિ કેવી થઈ ગઈ. હવે સિંહ હરણ ખાય એમાં આ કહે છે તે સમજવા માંડ્યું પાછું. લે! એકદમ પહેલો તો આ વિવેક આવ્યો કે અહીંથી ભાગે છે ને આ આવ્યા આ કોણ છે? નગ્ન મુનિ દિગંબર સંત શાંતરસના પુતળા. અરે..! આત્મા! શું છે આ? શું કરો છો આ? તમે તો દસમે ભવે મહાવીર જગત ઉદ્ધારક તીર્થંકર થવાના છો, હોં! આ તમારા આચરણ? આંસુની ધારા ચાલી જાય છે. છે ને આપણે ફોટો? પ્રવચનમંડપમાં છે. પ્રવચનમંડપમાં. એમાં હમણા ફોટો ભાઈએ બહુ સારો કર્યો છે, હરિભાઈએ. ઓલો જરી આમ છે. ભાન થઈ જાય છે તરત. ઉતરી ગયા અંદરમાં ફડાક દઈને. સંથારો. આહાર-પાણી નહિ. સમાધિ મરણ. આહાહા..! તાકાત તે તાકાત જીવની. ક્યાં ક્ષણ પહેલા આ અને ક્યાં બીજી ક્ષણે આ? આત્મા તાકાતનો પિંડ છે ને એકલો, વીર્યનો પિંડ એકલો છે. વીર્યગુણથી જુઓ તે ગુણનો સાગર આખો પુરાણ છે. ગુલાંટ ખાઈ જાય છે. આહાહા..! શું કહે છે? મુનિની ભાષા પણ સમજવા લાગ્યા? ઢોરની ભાષામાં કોઈ દિ' અભ્યાસ પણ નહોતો ને. ભાઈ! આત્મા શું ન કરે? સાંભળને હવે. ભાષા શું એ તો બધું સમજે. અને ભાષા સમજવા માંડ્યા. ભાષા સમજવા માંડ્યા. તમે આ તીર્થંકર થવાના છો દસમે ભવે. મહાવીરનો જીવ તમે છો. ભગવાનના મુખમાંથી અમે સાંભળ્યું છે. આહાહા..! સીધા ફટ દઈને ...

એ જે પરિણામ હિંસાના હતા, બંધનના હતા એ આ બાજુ જ્યાં વિકલ્પ આવે છે હવે એ આ જ્ઞાન થતાં એ વિકલ્પ આને નિમિત્ત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! ચૈતન્યના સ્વભાવના વિવેકની બલિહારી છે. એને સમ્યગ્જ્ઞાન કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે, એ વેદનીય. સમજાય છે? એના પરિણામ અને શાતાવેદનીય રજકણમાં એ પર્યાય પડે છે. આત્મામાં નહિ. આત્મામાં બંધન છે નહિ. એ આત્માને બંધાતું નથી. આત્માને તે સંબંધીનું જ્ઞાન બંધાય છે, એકાગ્ર થાય છે. મગનભાઈ!

**'વેદનીય, મોહનીય,...'** મોહનીય. સમકિતી છે, આ જ્ઞાની છે એટલે એને દર્શનમોહ તો નથી. જે આ બોલ કીધા છે ને? ... એ પરિણામ તો જ્ઞાનીને હોતા નથી. એટલે એ પ્રશ્ન રહ્યો નહિ કે એને દર્શનના પરિણામ છે અને એ જાણે છે. એને એટલું રહ્યું કે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમકિત મોહનીયની પ્રકૃતિ એક છે અને તે સંબંધી કંઈક અંદર મેલ છે તેને તે અહીં જ્ઞાનમાં જાણવામાં નિમિત્ત થાય છે. સમજાય છે કાંઈ? જ્ઞાનીને સ્વપરપ્રકાશના ચૈતન્યની સત્તાના સંભાળમાં, ભાનમાં કોઈ સમકિત પ્રકૃતિ બંધાતી તો છે નહિ. છે. અને એના સંબંધે કાંઈક મળ થાય છે જે ક્ષાયિક થતો નથી, એને અહીં જ્ઞાનમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં ક્યાંક એવું આવે, સમકિત પ્રકૃતિ સમકિતનું કારણ છે. વળી એવું આવે વ્યવહારે. એ બધું વ્યવહારથી છે. વસ્તુ એમ નથી. વ્યવહારના કથનો નિમિત્તના જ્ઞાન કરાવે છે. હવે એને (પકડીને કહે), આ શાસ્ત્રમાં લખ્યું. ભાઈ! લખ્યા બધા છે લે. કઈ નયના કથન છે, એ નયને જાણ્યા વિના વાસ્તવિક તત્ત્વનો પત્તો નહિ થાય, નહિ લાગે, ભાઈ! એમ નથી. આહાહા..! પર્યાયમાં ભેદ છે, રાગ છે. નથી? પણ એ બધાને જાણતું જ્ઞાન, સ્વને જાણતું જ્ઞાન પરના એ પ્રકારના પરિણામને જાણતું જ્ઞાન ઉત્પન્ન થાય છે. એટલે જ્ઞાની વ્યવહારનો જાણનાર છે. વ્યવહારનો કરનાર નથી, વ્યવહારથી મુક્ત છે. સમ્યગ્દૃષ્ટિ વ્યવહારના રાગથી મુક્ત છે. સમજાણું કાંઈ?

ફરીને. આત્મા જ્ઞાનમૂર્તિ ચૈતન્ય સ્વપરપ્રકાશકનું જ્યાં ભાન, જ્ઞાન, વિવેક અને પ્રતીત થઈ, એ વ્યવહાર એવો જે વિકલ્પ જે છે ચારિત્રમોહનો, પાઠ તો એવો લીધો છે ને કષાય... તીવ્ર પરિણામ. કારણ કે ઓલો બંધ જે છે દસમે ગુણસ્થાને પણ એ બંધનું કારણ નથી. એટલે તીવ્ર શબ્દ એને લઈને વાપર્યો છે. છેલ્લો અંશ.. એમ જ વાપરે કે ચારિત્રમોહના પરિણામ જ બંધનું કારણ છે. એમ કે મોહનીય. તો તો ઓલા છેલ્લા મોહના અંશ છે એ ચારિત્રમોહને બાંધે. એટલે ભાષા એ કારણે આમાં વાપરી છે કે જેને તીવ્ર રાગ છે એને ચારિત્રમોહ બંધાવામાં એ નિમિત્ત થાય છે. એવા પરિણામ જ્ઞાનીને સ્વપરપ્રકાશક ચૈતન્યના ભાનમાં એ તીવ્ર પરિણામ પણ જ્ઞાનમાં નિમિત્ત થાય છે. અને ચારિત્રમોહનીય જે બંધાય પરમાણુમાં, અહીં નહિ, એનું જ્ઞાન થાય છે. અથવા એના જ્ઞાનમાં એ નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? આ તો રાજમાર્ગ છે. કીધું ને? કષાયો તીવ્ર પરિણામ ચારિત્ર.

આહાહા..! ચારિત્રનું લીધું છે. દર્શનમોહ તો છે નહિ. એથી ત્યાં તીવ્ર પરિણામ છે. ચોથે-પાંચમે હજી તીવ્ર પરિણામ છે. અનંતાનુબંધી ગયો. પણ હજી પ્રત્યાખ્યાન આદિ તીવ્ર છે. અને ઉપર જાય ત્યારે મંદ છે. પણ એ મંદ છે એ કાંઈ ચારિત્રમોહને બાંધતું નથી. એટલે તીવ્ર છે એ પરિણામ ચારિત્રમોહના બંધમાં નિમિત્ત થાય છે. એ પરિણામ જ્ઞાનીને પોતાના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? .. તીવ્ર બધું આવે. અહીં તો જ્ઞાની લેવો છે ને? એ તીવ્ર અહીં લેવું નથી.

અનંતાનુબંધીનું ગયેલું છે. સામાન્ય-તીવ્રમાં બધું આવે. સમજાય છે? જ્યારે સામાન્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સૂત્ર છે એ તો બધું આવે. અનંતાનુબંધી આદિ બધું. અહીં જે સૂત્ર છે એમાં તીવ્ર અનંતાનુબંધીનું લાગુ ન પડે. આ સૂત્રમાં બધાનું લાગુ પડે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજ્વલનની તીવ્રતા સુધી. મંદતાનો ભાગ એને લાગુ ન પડે. કારણ કે મંદતા ચારિત્રમોહને બંધતું નથી. સ્વને બાંધે ભલે. પણ અહીં એ એને બાંધે એમ લેવું છે ને? રાગ ચારિત્રમોહને બાંધે એ લેવું છે. એ બાંધે એવો એને રાગ જોઈએ. જ્યારે સમ્યગ્દૃષ્ટિને તો અનંતાનુબંધીનો રાગ છે જ નહિ. ક્રોધ માન એ દ્વેષ છે, માયા લોભ એ રાગ છે. એટલું છે. હવે રહ્યા ત્રણ કષાયનો રાગ. તે બધા તીવ્ર પરિણામ. મંદ જ્યારે થશે ત્યારે તો એ મંદ છે એ જ્ઞાનમાં ભલે નિમિત્ત હો. પણ મંદ ચારિત્રમોહમાં નિમિત્ત છે નહિ. સમજાણું કાંઈ? એ પોતે મંદનો રાગ સ્વને બંધનું કારણ છે. આયુષ્ય અને મોહ સિવાય. સમજાણું કાંઈ? આ વસ્તુ સ્થિતિ જ એવી છે, એ વસ્તુનું સ્વરૂપ એવું છે. એમ ભગવાને કહ્યું છે. એ કાંઈ ભગવાને કર્યું નથી આવું. સમજાણું કાંઈ? કે જેના તીવ્ર પરિણામ કષાયના હોય... તીવ્ર એટલે? અનંતાનુબંધીના તીવ્ર નહિ. અહીં એ નહિ. અહીં જે લેવું છે એ. અહીં લેવું છે બધું તીવ્ર, ભાઈ! તત્ત્વાર્થસૂત્રમાં જે તીવ્ર છે એ બધા. દર્શનમોહના તો પહેલામાં આવી ગયા. છ બોલ. એ તો અહીં છે નહિ. હવે અહીં તીવ્ર પરિણામ જે છે એ બધા ચારિત્રમોહના તીવ્ર લેવા છે. અહીં એ લેવા નથી. અનંતાનુબંધીના તીવ્ર પરિણામ એ જ્ઞાનીને હોતા નથી. સમજાણું કાંઈ?

‘**મોહનીય,...**’ એટલે આ ચારિત્રમોહ. એટલે કે એને યોગ્ય જે તીવ્ર પરિણામ છે એ તીવ્ર પરિણામનો જે ધણી થાય છે, સ્વામી થાય છે તે ચૈતન્ય નથી રહ્યો. એના પરિણામ નવા બંધને નિમિત્ત થાય છે. જ્ઞાનીને સ્વામીપણું રાગની તીવ્રતાનું ઊડી ગયું છે. જ્ઞાયકભાવનું સ્વામીપણું (પ્રગટ થયું છે). ચૈતન્ય સ્વામી સહજાત્મસ્વરૂપ સ્વામી એના સ્વામીમાં.. કારણ કે એનામાં એ સ્વસ્વામીસંબંધ નામનો એક ગુણ છે. ભગવાન આત્મામાં એ ગુણ એવો છે અનાદિઅનંત સ્વસ્વામીસંબંધ. એ ગુણના ધરનાર દ્રવ્યને જ્યાં દૃષ્ટિમાં, શ્રદ્ધા-જ્ઞાન અનુભવમાં લીધો ત્યારે જ્ઞાની પોતાનું સ્વદ્રવ્ય ગુણ પર્યાય શુદ્ધ એનો પણ સ્વામી છે. સમજાણું કાંઈ? એ રાગનો સ્વામી નથી. કારણ કે ગુણમાં એ વસ્તુ નથી. ગુણ એ તો સ્વસ્વામીસંબંધ છે. શુદ્ધ ચૈતન્યની નિર્મળ પર્યાય અને નિર્મળ ગુણ અને નિર્મળ દ્રવ્ય એ જીવનું સ્વ અને એનો એ આત્મા સ્વામી. સમજાણું કાંઈ? એવા મોહનીયના પરિણામ અને મોહનીયનું બંધન આત્માના સ્વભાવનું ભાન થતાં તે પરિણામ આત્માના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. કહો, સમજાય છે કાંઈ? આવી વસ્તુની સ્થિતિ જ છે.

‘**આયુ,...**’ આયુષ્ય હોય છે ને નરકનું આયુષ્ય નારકીનું. લ્યો. વિદ્યમાન આયુષ્ય નારકનું, બાંધે તો એ માણસનું અને ઢોરનું. નારકી મિથ્યાદૃષ્ટિ. સમ્યગ્દૃષ્ટિને આયુષ્ય હોય નારકીનું,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બાંધે એ મનુષ્યનું. ... એને જ્ઞાનીને પરિણામ અને આયુષ્ય જ્ઞાનમાં નિમિત્ત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? અજ્ઞાની જે ભાવે આયુષ્ય બંધાય એ ભાવનો સ્વામી થાય છે. અને તેના અસ્તિત્વનો જ સ્વીકાર કરે છે. પણ એનાથી રહિત ભગવાન ચૈતન્યમૂર્તિ શુદ્ધ છે એનો સ્વીકાર નથી. તેથી તેના તે પરિણામ આયુષ્ય બંધાય રજકણો એ તો સ્વતંત્ર છે. પુદ્ગલ બંધાય એ તો સ્વતંત્ર છે. એને ઓલા પરિણામ નિમિત્ત થાય છે. નિમિત્ત કર્તા કહેવાય છે.

ભગવાન આત્મા પોતે જ્ઞાયક સ્વરૂપની જ્યાં દૃષ્ટિના ધામમાં આવ્યો એના જ્ઞાનમાં એ વખતે ઓલા પરિણામ જે છે એ જ્ઞાનમાં નિમિત્ત થાય છે. અને આયુષ્ય બંધાણું એ પણ એને નિમિત્ત થાય છે. કારણ કે જે પરિણામ આયુષ્ય બાંધવાના એ પણ પુદ્ગલના જ પરિણામ છે ખરેખર. ચૈતન્યના એ પરિણામ નથી. આહાહા..! સમજાણું? આયુષ્ય. લ્યો, વચ્ચે આયુષ્ય નાખ્યું. જોયું! બે ઘાતિ, એક અઘાતિ, એક ઘાતિ, પાછું અઘાતિ ત્રણ. છેલ્લો ઘાતિ. છે ને, સ્થિતિ છે ને. એ તો ક્રમની સ્થિતિ છે. ગોમ્મટસારમાં એનો બધો ક્રમ છે.

'**આયુ,...**' મનુષ્યને મનુષ્યનું આયુષ્ય વિદ્યમાન છે અને બાંધે સમ્યગ્દૃષ્ટિ તો દેવનું જ આયુષ્ય બાંધે. એને બીજું આયુષ્ય હોય નહિ. તો એ જે પરિણામ દેવના આયુષ્યના બંધાવાના તે પરિણામનો કર્તા નથી, સ્વામી નથી. તેથી જ્ઞાનીને પોતાના સ્વપરપ્રકાશકના જ્ઞાનમાં જે પરિણામે આયુષ્ય બંધાય તે પરિણામ તેને જ્ઞાનમાં નિમિત્ત થાય છે. અને દેવનું આયુષ્ય બંધાણું એ એને નિમિત્ત થાય છે. કહો, સમજાણું? યોગસારમાં એક આવે છે ને? સમ્યગ્દૃષ્ટિ દુર્ગતિ ન જાય. પણ જાય તો કર્મ ખપી જાય છે. એક કડી આવે છે. યોગસારમાં આવે છે. આવે છે ને? જાય તો એના કર્મ ખપે. એનો અર્થ એ છે કે સ્થિતિ જાય નહિ. કદાચિત્ પરિણામ એવા થયા અને પહેલા બંધ પડી ગયો છે. બંધ પડી ગયો (તો) ખરી જાય છે. સમજાણું કાંઈ? ભાઈ! એ સમ્યગ્દર્શનની બલિહારી છે. જેણે આખા ભગવાનને સ્વીકાર્યો છે. આહાહા..! આખા પ્રભુને સ્વીકાર્યો. મિથ્યાદૃષ્ટિએ સ્વીકાર્યો રાગને, નિમિત્તને સ્વીકાર્યો. સમજાય છે? ભગવાન આખો ચૈતન્ય પરમાત્મા પડ્યો રહ્યો. એના વિશ્વાસે પડ્યો રહ્યો. વિશ્વાસ ગયો અહીં. જેને પરમેશ્વર આત્મા પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ (છે) એમ જ્યાં અંતર દૃષ્ટિની સરાણે આવ્યો, કહે છે કે એને આયુષ્ય જે બંધાય અને જે પરિણામ (થાય) એ બધા પુદ્ગલના પરિણામ છે. એને અહીંયાં જ્ઞાનમાં નિમિત્ત થાય છે. એ આયુષ્યે બંધાયેલો નથી. એ સમકિતી આયુષ્યે બંધાયેલો નથી. અરે..અરે..! ભારે!

મુમુક્ષુ :- દેવલોકમાં તો જશે ને.

ઉત્તર :- દેવલોકમાં પણ જશે નહિ. જશે એના જ્ઞાનમાં. આહાહા..!

કહે છે ને કે જુઓ! ક્ષાયિક સમકિતી શ્રેણિક રાજા. નારકનું આયુષ્ય બંધાઈ ગયેલું,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નારકના આયુષ્યને લઈને ત્યાં જાવું પડ્યું. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! એમ નથી ત્યાં હોં! એ રસ્તામાં છે ને તોપણ તે આયુષ્ય નરકના ઉદયના... ગતિ ત્યાં થઈ ગઈને? રસ્તામાં થઈ ગઈ. એક સમયમાં આયુષ્ય પૂરું થયું ત્યાંથી. એના જ્ઞાનમાં એ ગતિ નિમિત્ત થાય છે. પોતામાં પરિણામમાં ત્યાં સ્વતંત્ર પરિણમે છે. સમજાય છે? અને ગતિ પોતાને જ કારણે ત્યાં ક્રિયાવર્તી શક્તિને કારણે થાય છે. આહાહા..! અરે..! જૈનદર્શન, વસ્તુદર્શન, વિશ્વદર્શન. એવી વસ્તુ છે. વિશ્વ એવું છે. ભગવાને એવું જાણીને કહ્યું. સમજાય છે? એને સાંભળવા મળે નહિ એ સમજે કે દિ' અને કે દિ' સ્વસન્મુખ થઈને દૃષ્ટિ કરે? સમજાણું?

ભગવાન પાસે જાય ને. ઘી બોલે. જુઓ! અમારા ભગવાન પાસે ઘી બોલાય છે. ૧૦૧ મણ, ૧૦૨ મણ. ઓલા કહે, જોયું! અમારી નગ્ન મૂર્તિ અની પાસે... શું પણ તેં કર્યું, સાંભળ્યું તેં? પૂજા કરી. અરે..! શું કર્યું તેં? મિથ્યાત્વ કર્યું. સાંભળને. એ રાગની મંદતાનો કોઈ એટલો ભાવ આવ્યો ત્યાં તને હરખ આવી ગયો અને મેં કાંઈક કર્યું. અને મેં ભગવાનને રાજી કરી દીધા. જાણે ભગવાન રાજી થતા હશે એને લઈને. ભગવાનને આમ સરખું કરવું.

એક બાઈ આવી હતી, હોં. અરે..! ભગવાનની માથે મુગટ પણ નહિ? અને ભગવાનની માથે ફૂલ પણ નહિ? અર.ર..! એ જાણે ભગવાન માટે આ બધું થાતું હશે. એક બાઈ એમ બોલતી હતી. એ ભગવાન એમ જાણે, ભગવાને જાણે. અરર..ર..! ભગવાનને માથે કાંઈ દાગીનો પણ નહિ? અને ભગવાનને માથે ફૂલ પણ નહિ? જાણે ભગવાનને માથે એટલે જાણે ભગવાનને ઓશિયાળા બનાવ્યા. સાંભળને હવે. એ ભગવાનને માથે કાંઈ ન હોય પણ જે કાંઈ પૂજા કરવાનો ભાવ છે એ ભાવનો સ્વામી થાય છે તે મિથ્યાદૃષ્ટિ છે. એમ કહે છે અહીં તો. સાંભળને હવે. એ તો રાગ છે. એ ક્રિયા મેં કરી એનો કર્તા થાય છે એ જ્ઞાયક સ્વભાવને ભૂલી ગયેલો છે. ત્યાં જ્ઞાયક સ્વભાવને હણી રહ્યો છે. અને કહે છે કે મેં આત્માને લાભ કર્યો. ભાઈ! તને ખબર નથી. આહાહા..! કહો, નેમિદાસભાઈ!

આ બહારની તકરારું ઓલા કહે એય..! આમ જોઈએ, આમ જોઈએ. હવે મૂકને પડતું. તત્ત્વને કરને. આયુષ્ય ઉપર ચાલે છે ને આ? સમજાણું? મનુષ્યનું આયુષ્ય બાંધે નારકી, હોં! તિર્યંચ હોય એ સ્વર્ગનું બાંધે. સમકિતીની વાત ચાલે છે ને અહીં. વસ્તુમાં એ જ્ઞાની છે. એને સ્વર્ગનું આયુષ્ય બંધાય છે. અસંખ્ય સમકિતી પડ્યા છે સ્વયંભૂરમણ સમુદ્રમાં. પાંચમા ગુણસ્થાનવાળા અસંખ્ય પડ્યા છે સ્વયંભુરમણ સમુદ્રમાં. આ ગપ નથી, હોં. બાપુ! તને ખબર નથી, ભાઈ! અસંખ્ય મગરમચ્છ હોં! આમ મોટા હજાર યોજનવાળા. પૂછડું જરી હલાવે ત્યાં પાણી આમ.. પણ સમકિતી છે. પાંચમા ગુણસ્થાનમાં બિરાજમાન છે. એને કહે છે કે પૂંછડું હલતા બધું આમ થાય એ બધા જ્ઞાનમાં નિમિત્ત થાય છે. એને હિંસા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાતી નથી અને જે ભાવ જરી રાગના છે એની હિંસા એને છે નહિ. આહાહા..! એ રાગના પરિણામ તેને સમ્યગ્દષ્ટિ પાંચમે ગુણસ્થાને બિરાજમાન અસંખ્ય શ્રાવક છે. પશુ હોં! વાંદરા, હાથી, મગરમચ્છ, માછલા. ભાઈ! અસંખ્ય દ્વીપ સમુદ્ર છે. બાપા! એ તને ખબર નથી. એ લોકો અત્યારે આ મારે છે ગપ્પા ગોળા. એ બધી વાતું છે ઈ છે. ભગવાને કહેલું આ બધું સાચું છે. એને ખબર નથી દ્વીપ સમુદ્ર, જેને નથી એના રહેલાની સંખ્યાનું કેવું તત્ત્વ. આહાહા..!

ઢોરના અવતારમાં જેને વિવેક જાગ્યા, તેના તીરછા-આડા શરીરમાં તીરછાપણું આવ્યું એને તો ફરી ગયા ગુલાંટ ખાઈને. સમજાણું કાંઈ? કહે છે કે એવા સમકિતી અને મનુષ્ય ત્યાંથી મરીને દેવનું જ આયુષ્ય બંધાય. તો એ દેવના આયુષ્યના જે પરિણામ અને આયુષ્ય તેના તે જ્ઞાતા છે એટલે કે તેના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. પણ એ રાગનો સ્વામી અને આયુષ્યનો સ્વામી નથી. મને આયુષ્ય બંધાણું અને હું આયુષ્યના બંધનના પરિણામવાળો એમ જ્ઞાની માનતો નથી. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**નોંધ :- પ્રવચન નં. ૧૯૭માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

**કારતક સુદ ૧૩, શુક્રવાર તા. ૨૫-૧૧-૧૯૬૬**
**ગાથા-૧૦૧, પ્રવચન-૧૯૮**

કર્તાકર્મ અધિકાર. ૧૦૧ ગાથા. એનો ભાવાર્થ. ટીકા ચાલે છે. ગોત્ર સુધી આવી ગયું. શું કહે છે? આ આત્મા... આ કર્તાકર્મ અધિકાર છે તો આત્મા ચૈતન્ય શુદ્ધ આનંદ જ્ઞાયક સ્વભાવ છે, જેને એવી દૃષ્ટિ નથી એને પરલક્ષે થતાં શુભ-અશુભભાવનો એ કર્તા થાય છે. કર્તા થતાં એને મિથ્યાત્વભાવ સાથે કર્મબંધન જે દર્શનમોહ આદિ બંધાય છે એમાં એ પરિણામ નિમિત્તપણે કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ચૈતન્ય જ્ઞાન આનંદસ્વરૂપ (છે) એવી જ્યાં અંતર્મુખ દૃષ્ટિ અને અનુભવ નથી, ત્યાં એ પુણ્ય અને પાપના વિકલ્પોનો કર્તા થઈ મિથ્યાત્વભાવના પરિણમનમાં પરિણમતો નવા દર્શનમોહ આદિ જે કર્મ બંધાય એ તો એને કારણે રજકણની પર્યાય થાય. એમાં એ મિથ્યાત્વના રાગ અને વિકારના કર્તાપણાના મિથ્યાત્વના પરિણામ એ દર્શનમોહ આદિ બંધાય તેમાં એને નિમિત્તપણે કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જેને ચૈતન્ય આનંદનો જ્ઞાનસ્વભાવ જ્યાં પોતાને હોવાપણે અંદર ભાસ્યો નથી એટલે જ્યાં ત્યાં એ પરપદાર્થની થતી અવસ્થામાં એનું લક્ષ જતાં એને જે વિકલ્પો પુણ્ય-પાપના ભાવ, તેને કર્તૃત્વ જાણે વસ્તુસ્વરૂપનું જ હોય અને એ કાર્ય હોય એમ મિથ્યાત્વપણે રાગાદિને કરતો, પરિણમતો, એના દર્શનમોહ આદિના કર્મના પર્યાયો સ્વતંત્ર બંધાય અને આ નિમિત્તપણે, મિથ્યાત્વના પરિણામ નિમિત્તપણે કર્તા કહેવામાં આવે છે.

ધર્મીને હું ચૈતન્ય જ્ઞાન આનંદ શુદ્ધ છું એવી દૃષ્ટિ, અંતર પરિણમન ને અનુભવ હોવાથી એને નવા કર્મના રજકણો બંધાતા નથી. એને જે જરી રાગાદિના પરિણામ... અંતરાયની વાત આવી છે ને. અંતરાય કર્મના રજકણો અંતરાયપણે બંધાય રજકણમાં. એમાં જે કોઈ અસ્થિરતાના સહજ પરિણામ વિઘ્નના આદિ હોય એનો પણ ધર્મી તો જ્ઞાતા (છે). કેમ કે જ્ઞાનીનું લક્ષ દૃષ્ટિ ચૈતન્ય ઉપર હોય છે. તેથી તે થોડા પરિણામ જે અસ્થિરતાના થયા તેનો એ સ્વામી નથી, તેનો એ કર્તા નથી, તેમાં એ રંગાયેલો નથી, એને એનો રંગ નથી એથી તે પરિણામ અને તેનાથી બંધાતા રજકણ જ્ઞાનીના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ક્રિયા. જે એની દૃષ્ટિમાં શુદ્ધતા પડી છે એની શુદ્ધતાની ક્રિયા એ એની ક્રિયા છે. એ ક્રિયાને તો અહીં કહ્યું, જ્ઞાની જ્ઞાનનો કર્તા. એટલે કે એ શુદ્ધ સ્વરૂપ જ્યાં શ્રદ્ધા-જ્ઞાનમાં લીધું છે આત્મા, એથી તેની પર્યાયમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ શાંતિ આદિ જે પરિણામ થાય તેને જ્ઞાનમય ગણીને તેનો તે કર્તા છે. સમજાણું કાંઈ? અને અંતરાય કર્મના બંધનના જે રજકણો અને તેને નિમિત્તરૂપે પરિણામ થાય તેનો તે કર્તા નથી. આહાહા..!

આ જ્ઞાનાવરણ.. એમ કરીને આઠ કર્મ થયા. એની સાથે મેળવે. મોહ શબ્દે મિથ્યાત્વ ન લેવું અહીંયાં. પર તરફના જરી સાવધાનીના પરિણામ જ્ઞાનીને, સમકિતીને ચોથા પાંચમા છઠ્ઠા આદિમાં થાય તે પરિણામ તેના જ્ઞાનમાં (નિમિત્ત થાય છે). કેમ કે જ્ઞાન ઋદ્ધિ ચૈતન્ય સંપદા તેના પરિણમનમાં દૃષ્ટિમાં ચૈતન્ય સંપદા આવી છે. એટલે તેના સમ્યક્ પરિણમનમાં કાંઈ પર તરફની સાવધાની ઈચ્છા આદિ વૃત્તિ આદિ હોય એનો એ કર્તા નથી પણ એ પરિણામ આના.. તે જ કાળે સ્વપરપ્રકાશક જ્ઞાન ઉપાદાનથી-પોતાના શુદ્ધ ઉપાદાનથી પરિણમતા આત્માને તે પરિણામ જ્ઞાનમાં નિમિત્ત થાય છે. આહાહા..! માર્ગ તે પણ... કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- બંધ થાય છે....

ઉત્તર :- બંધ-બંધ રજકણમાં થાય છે, આત્માના નહિ.

મુમુક્ષુ :- ભાવ નિમિત્ત છે?

ઉત્તર :- એ ભાવ નિમિત્ત છે અને એ ભાવ અને બે અહીં જ્ઞાનમાં નિમિત્ત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એ પરિણામ એના નથી પુદ્‌ગલના છે.

મુમુક્ષુ :- બંધમાં નિમિત્ત છે

ઉત્તર :- નહિ. એને બંધ નથી. રજકણમાં બંધ છે એના પરિણામ નિમિત્ત. બેય પુદ્‌ગલમાં નાખી દીધા.

એક કોર ભગવાન આતમરામ, એક કોર ગામ. એક કોર રામ અને એક કોર ગામ. અનંત ગુણ સંપદા ચૈતન્યની જ્યાં અંતરદૃષ્ટિમાં પરિણમન થયું, પછી ચાહે તો જ્ઞાનનો ક્ષયોપશમ થોડો હોય અને એને અપ્રત્યાખ્યાનાવરણીના કદાચિત પરિણામ હોય અને ત્યાં અપ્રત્યાખ્યાનાવરણી કર્મ બંધાય ત્યાં રજકણમાં, પણ એ એના પરિણામ બધા જ્ઞાનમાં નિમિત્ત છે. એની પર્યાયમાં પરિણામ પણ નથી અને એની પર્યાયના એ અપ્રત્યાખ્યાનાવરણી કર્મના રજકણનું બંધન પણ નથી. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- અંતર્મુહૂર્તમાં. .. ઉત્કૃષ્ટ વાત કરી હતી સવારમાં. સમજાણું? ... ત્રણ .. એવા ... આત્મામાં ત્રણ થઈ જાય એમ કહે છે. આ તો દાખલો, હોં!

મુમુક્ષુ :- બધાને લાગુ પડે.

ઉત્તર :- બધાને લાગતુ હોય એટલે દાખલો આપ્યો એનો. તમારે હિરાલાલ. એ હીરા ઉપર જેવો પ્રેમ છે એવો ચૈતન્યહીરામાં પ્રેમ થઈ જાય... આહાહા..! એ વાતે કાંઈ થાય એવું નથી. એ અંતરના પુરુષાર્થની જાગૃતિથી અંતર્મુહૂર્તમાં ચૈતન્યનો પત્તો ખાય. એવી ચૈતન્યમાં તાકાત છે. એવું એનું સામર્થ્ય છે કે અંતર્મુહૂર્તમાં પોતે પોતાનો પત્તો લે એવી એનામાં તાકાત છે. સમજાણું કાંઈ? પણ ક્યારે? કે એવા રાગાદિના સામર્થ્યની શક્તિની પ્રતીતિ ઉડી જાય, એમાં સામર્થ્ય નથી. નિમિત્તમાં સામર્થ્ય નથી. આ સામર્થ્ય તો મારું છે કે જેના સામર્થ્ય દ્વારા હું અંતર એકાગ્ર થાઉં છું ત્યારે ઓલા પરિણામ છે તે જ્ઞાનમાં નિમિત્ત થાય છે.

પરિણામ અને કર્મની પ્રકૃતિ બેય એક કોર પુદ્‌ગલમાં ગઈ. ભગવાન એક કોર એના જ્ઞાનમાં રહ્યો. એના સંબંધીના પોતાના જ્ઞાનની ઉત્પત્તિમાં રહ્યો. આહાહા..! એમ રાગ. રાગનો ભાવ જરી આવે. એને લઈને ચારિત્રમોહ બંધાય. એ રાગ અને ચારિત્રમોહના પરિણામ જ્ઞાનીને જ્ઞાનમાં નિમિત્ત છે. દૃષ્ટિ પલટી, દિશા પલટી, દશા સુખરૂપ થઈ છે. એવા સુખની જ્ઞાનની સાથે જ્ઞાનના પરિણામમાં એ પરિણામોને નિમિત્ત કહેવામાં આવે છે.

એમ '**દ્વેષ,...**' જરી દ્વેષ આવે. લડાઈ કરવા રાજા જાય, સમકિતી હોય એ લડાઈ કરે. અંતરમાં નિરાળી વસ્તુ છે. એ વિકલ્પ મેં કર્યો નથી, મારું સ્વરૂપ જ નથી. આ બાણ આદિ ઉપડે છે એની પર્યાય મેં કરી નથી. મેં કોઈને જીત્યો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની રાજકુમાર હોય અને રાજ ઉપર કોઈ લડાઈ આદિ પ્રસંગ થયા. આમ દેખાય છે બહારમાં હાથીના હોદ્દે બેઠો હોય ને આમ જાણે બાણ ચલાવતો હોય એમ દેખાય. કહે છે કે ત્યાં જ્ઞાનીને કર્તવ્ય તો એટલું જ છે કે એ જે ક્રિયાઓ ચાલે છે બાણ આદિ એમાં થયેલો દ્વેષ તેને જાણવાની ક્રિયા સ્વલક્ષે ત્યાં થઈ રહી છે. રાજેન્દ્રજી! એમાંથી ઈ નીકળે છે? આ દ્વૈતમાંથી નીકળે છે કે નહિ? અંતર તો જ્ઞાનસ્વરૂપ છે ને. .. આમ થઈ ત્યાં ઓલું બહાર રહી ગયું.

સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયથી ખરેખર જુઓ તો વિકલ્પોથી મુક્ત છે. કેમ કે જ્ઞાન આમ અંતર રહ્યું છે ને એટલે બહારના .. તેનું ભાવ પરિણમન છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પણ એ દ્વેષના પરિણામથી ભિન્ન પડેલું જ્ઞાન છે. દ્વેષ જ્ઞાનમાં નિમિત્ત થાય છે. દ્વેષના પરિણામમાં એકત્વબુદ્ધિ જ્યાં છે એને તો દ્વેષના પરિણામ સાથે મિથ્યાત્વ પરિણામ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને તો દર્શનમોહના કર્મના પરિણામ બંધાય એમાં નિમિત્ત થાય છે. એમ છે કે નહિ એમાં? એ પાઠમાં એમ છે કે નહિ? કે ઉપરથી આવે છે? અભ્યાસ ... એકલા માણસ લ્યો, સ્વતંત્ર છે તો પણ બહુ અભ્યાસ ન મળે. આહાહા..! ભગવાન છો, ભાઈ!

એ તો એકલી જ્ઞાન, શાંતિ અને આનંદની તો ખાણ છે આત્મા. એ કાંઈ રાગમાંથી ખોદે શાંતિ અને જ્ઞાન નીકળે એવું નથી કે દ્વેષમાંથી નથી નીકળે એવું. એ દ્વેષના પરિણામથી ચૈતન્ય ભિન્ન એવું અંતર ચૈતન્ય વિવેકી ભેદજ્ઞાન થયું. એ ભેદજ્ઞાનના કાળમાં એ દ્વેષ આવ્યો એ પણ જ્ઞાનનું નિમિત્ત છે. પરિણમ્યું છે જ્ઞાન પોતાના અશુદ્ધ ઉપાદાનને લઈને. એ કર્મબંધનમાં એ દ્વેષ નિમિત્ત થયો અને દ્વેષથી કાંઈ બંધાણા રજકણો એમાં દ્વેષ નિમિત્ત થયો એ પણ પુદ્ગલના જ જ્ઞાનમાં નિમિત્ત થયું. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ!

આ રામચંદ્રજી. છ મહિના સુધી લક્ષ્મણને (ખભે ઉપાડીને ફરે છે). કોઈ કહે કે ભાઈ! પુરુષોત્તમ પુરુષ રામચંદ્ર! આ તો મરી ગયા. (ત્યારે એમ જવાબ આપે), મારો ભાઈ ન મરે. આહાહા..! જુઓ તો ખરા. સમજાય છે? .. એની સાથે. મરી જાને તું. રાગનો અંશ છે, દ્વેષનો અંશ છે. અંતર ચૈતન્ય સ્વભાવ સન્મુખ વિવેકી (જ્ઞાન) કામ કરી રહ્યું છે. તેથી તે પરિણામ જ્ઞાનમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? પાટણીજી! કહો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરિણામ પુદ્ગલના. ચૈતન્યની જાતમાંથી નીકળ્યા જ નથી. ભગવાનની ખાણમાં તો આનંદ અને શાંતિ ને જ્ઞાનનો .. છે. પીપરમાંથી .. પીપર નીકળે કે એમાંથી કાદવ નીકળતો હશે? કાંટા નીકળતા હશે? પીપરની કોકડી નથી? કોકડી સમજો છો? કોકડા. આ બાયું સુતરને કાંતતી નથી? કોકડી. શું કહે છે તમારે હિન્દીમાં? આપણે કોકડી કહે, પણ હિન્દીમાં? બાયું સુતર કાંતતી હોય ને પછી લોઢાના સળીયે વીંટે ને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. તો એ આ તો કોકડું. .. પુણીમાંથી દોરો થઈને આમ થાય છે.થાય છે કે નહિ? કોકડા હોય છે ને એવા? એને શું કહે છે? એમાંથી સુતરનાં તાતણા નીકળે કે એમાંથી કાંટા નીકળે છે? કોકડી છે. એમ ભગવાનમાં સુતર એટલે જ્ઞાન. સુતર એટલે સમ્યગ્જ્ઞાન. આનંદ અને શાંતિ એમાં પડી છે. એમાંથી નીકળે તો જ્ઞાન અને શાંતિ જ નીકળે છે. એમાં ક્યાં કાંટા છે કોકડામાં? સમજાણું કાંઈ? એ લોઢાનો સળીયો હોય ને? એને વિંટતી જાય. પૂરું તઈ જાય તો કાઢી નાખે અને બીજી પુણી (ચડાવે). એને ખોલે તો દોરી જે પ્રકારમાં અંદરમાં હોય એ પ્રકારનો દોરો નીકળે. એમાંથી કાંટા નીકળતા હશે? એ પ્રકારનું જ્ઞાન જ નીકળે છે અંદરથી. એનું જ્ઞાન થાય છે એને. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આમ સીતાજીને પૂછે છે. ક્ષાયિક સમકિતી છે, હોં! સીતાજી! સીતા ક્યાં છે? સીતા ક્યાં છે? ભરતને પૂછો. અરે..! અહીં સીતા નીકળતી હતી. ...ને પૂછો અહીં ... હતી? એ વિકલ્પ છે. ભાઈ! જ્ઞાનની લીલા એવી છે કે ચૈતન્યને જ્યાં રાગથી ભિન્ન પાડ્યો એની કળા જ્ઞાનની જ કળા ખીલે. એ રાગાદિના પરિણામ તો તેને જ્ઞાનમાં નિમિત્ત થાય. ભાઈ! એવી વસ્તુ છે. એ ચૈતન્યના એવા માહાત્મ્ય કરીને પ્રગટ દૃષ્ટિ કરી છે. એના જ્ઞાનની લીલા જ આ છે. અજ્ઞાનીને એ વાત સમાતી નથી, બેસતી નથી. સમજાય છે કાંઈ?

'**ક્રોધ,...**' એને બહાને કોઈ બીજો કહે કે અમને આ ક્રોધ આવ્યો પણ અમે એના જ્ઞાતા (છીએ). એમ નહિ આ. જ્યાં ક્રોધના પરિણામમાં રંગાયેલો છે એને રંગાયેલાના ક્રોધનું જ્ઞાન જ ક્યાં છે? આહાહા..! એ તો ક્રોધમાં રંગાયેલો એને ક્રોધ જ છે. અહીં તો ક્રોધમાંથી ભિન્ન પડીને જ્ઞાને રંગાયેલો છે. આહાહા..! ચૈતન્ય જ્ઞાનસ્વભાવ અનાકુળ આનંદ પ્રભુ, એનો જ્યાં અનુભવ થયો, એને આનંદના વેદનથી આત્મા જણાઈ ગયો. કહે છે કે ક્રોધ પણ એના જ્ઞાનમાં નિમિત્ત થાય એને. જ્ઞાન તો પોતે શુદ્ધ ઉપાદાનથી પરિણમી રહ્યું છે. એને આમ નિમિત્ત કહેવામાં આવે છે. ભિન્ન પડ્યું છે માટે. એક થયું છે એમાં મિથ્યાત્વના પરિણામ સાથે છે એથી દર્શનમોહના પરિણામ બંધાય તેને આ પરિણામ નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ?

એમ '**માન,...**' માનનો અંશ થયો એ કાળે ભિન્ન પડીને જ્ઞાન, પોતાના જ્ઞાનના લક્ષે પરિણમતું જ્ઞાન, તેમાં તે જ્ઞાનનો ભાવ ભિન્ન પડ્યો છે માટે નિમિત્ત થાય છે. એક થયો તો એના તે પરિણામમાં તો એકત્વ કર્યા, એમાં જુદો તો રહ્યો નહિ. એટલે એના પરિણામ જે થયા એ તો એના જ છે એમ જ્ઞાનમાં આવી ગયું. એને તો ચારિત્રમોહનીય બંધાય એની સાથે દર્શનમોહનીય બંધાય છે. જ્ઞાનના અંશમાં રંગાયેલો જીવ એ તો મિથ્યાદર્શન છે. એને તો દર્શનમોહનીય બંધાય એમાં એ પરિણામ નિમિત્ત થાય છે. આહાહા..!

'**માયા,...**' જ્ઞાનીના ભાવમાં જરી ભાવ આવ્યો એમ કહેવું એ પણ એક વ્યવહાર છે. એના ભાવમાં માયા છે જ નહિ. એ માયાના પરિણામ અંતરમાં ભેદજ્ઞાનને લઈને માયાથી નહિ રંગાયેલું જ્ઞાન, સ્વભાવની દૃષ્ટિએ રંગાયેલું જ્ઞાન ભલે તે દેડકો હોય, પણ તેમાં તે માયાના પરિણામ નિમિત્ત જ્ઞાનમાં થાય છે. અશુદ્ધ ઉપાદાને પરિણમેલી દશા, અશુદ્ધ ઉપાદાને પરિણમેલી દશા એ જ મારું કર્તવ્ય અને કાર્ય માનનાર એને તો મિથ્યાત્વના પરિણામ છે એથી દર્શનમોહનીયના રજકણ બંધાય તેને એ પરિણામમાં એક્તા થાય છે એટલે નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? શુદ્ધ ઉપાદાને પરિણમેલું જ્ઞાન, શુદ્ધ ચૈતન્યના સ્વભાવે થયેલું જ્ઞાન, એને રાગ છે અથવા માયા છે તે જ્ઞાનમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ '**લોભ,...**' ધર્મી સમ્યક્ ભાવમાં તો કૃતકૃત્ય જ છે. છતાં નબળાઈનો લોભ આવ્યો, કહે છે કે એ લોભ જ્ઞાનમાં નિમિત્ત થાય છે. જેની લોભ સાથે રંગાયેલી દૃષ્ટિ છે એને તો મિથ્યાત્વના પરિણામ છે માટે નવા દર્શનમોહનીયના પરિણામમાં તે પરિણામ નિમિત્ત થાય છે. પણ જેને જ્ઞાનનો રંગ પડ્યો છે અંદરમાં.. સમજાણું કાંઈ? 'એ તે રંગ શાના રે બીબે બીજી ભાતું પડે.' અમારા રાયચંદભાઈ ગાતા બહુ. ડોસા બહુ વૃદ્ધ હતા ને. બહુ જ્યારે રસમાં ચડે ને ત્યારે બોલતા. રાયચંદ ગાંધી હતા.

એ તે રંગ શાના રે બીબે બીજી ભાતું પડે,
એ ચૈતન્યના રંગ શાના રે જેમાં રાગની ભાતું જ્ઞાનમાં પડે.

એ રાગનું જ્ઞાન થાય. આહાહા..! કહે છે કે લોભ આવ્યો એનું જ્ઞાન થયું. એનું એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાથી પરિણમતું જ્ઞાન થયું. એને લોભ અને ચારિત્રમોહ બંધાણા તે પરિણામ તેને નિમિત્ત થયા.

'**નોકર્મ,...**' પોતે જ્યાં છે ત્યાં બાહ્ય પ્રસંગો ઉભા થાય છે. કાપડના ધંધા, હીરાના ધંધા. શું તમારે ધંધો છે? ભંગાર ને? ભંગારનો. તમારે શું છે? એઈ.. શેઠ! કલકત્તા. એ લોઢા આમ ફરતા હોય ને. હંમેશા પાંચ-પાંચ હજાર, દસ-દસ હજારનું લોઢું ખપે એક દાખલો. કે ભંગાર ખપે સો-સો બસ્સો-બસ્સોનું. એ બધા નોકર્મ છે. એઈ..! પ્રાણભાઈ! તમારે શેરબજારનું છે. ત્યાં .. શેરબજાર. આવે છે ને તમારે? એ આવે છે ને, ખબર છે. .. અમે ગયા હતા. બિચારા. બહેન હતી. .. ખબર હોત તો અમે આમ કરત. સૌને મહારાજના પગલા થાય તો કાંઈક થાય એમ સૌને હતું. ઘણાને બહારમાં .. મુંબઈ. મુંબઈ એક ફેરી. મુંબઈમાં એક ઠેકાણે ગયા હતા. નહિ ઓલા? .. લઈ ગયો .. મુંબઈ લઈ ગયો. અજાણ્યો વૈષ્ણવ કો'ક હતો. આવો મહારાજ, અહીં પગલા કરો. આવો આપણા આંગણામાં. બરાબર નથી .. તમે. ચાલો આપણને જોવે. પાછો કહેતો હતો મહિના પહેલા મહારાજ આવ્યા પછી ... ચાલે છે. આહાહા..! ત્યાં પુણ્ય કામ કરે. ત્યારથી મારો ધંધો જ બીજો ચાલે છે. એ કો'ક હતું ત્યાં. ત્યાં ગયા હતા નહિ આગળ? કોણ જાણે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તમારા જમાઈ હતા. ગિરધરભાઈ. ઈ. લ્યો.

કહે છે કે એ બધી ધમાલની પર્યાયો જે થાય, જ્ઞાનીને તેના જ્ઞાનમાં પોતાના જ્ઞાનમાં એ નિમિત્ત થાય છે. એનો એ કર્તા નથી. તેમ તેના સંબંધના લક્ષે થયેલો રાગ તેનો એ કર્તા નથી. એ નિમિત્તનો કર્તા નથી. એ નિમિત્તના કાર્યનો કર્તા નથી. તેમ પરના લક્ષે નબળાઈથી થયેલો રાગ તેનો કર્તા નથી. મારે તેના જ્ઞાનમાં તે વસ્તુની અવસ્થા જ્ઞાનમાં નિમિત્ત થાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. આહાહા..! સમજાણું કાંઈ?

પોતે ઉપસ્થિત હોય ત્યાં ઘણા કામ થતા હોય. કાપડના, હીરાના, મણિયારાના. દુકાને થડે બેઠો હોય તો મોટો હુશિયાર બેઠો હોય તો કેટલું કામ ચાલે. હજાર-હજાર બે હજાર. એય..! ચંદ્રકાંતજી! એને .. છે. પીત્તળના ફલાણાના ઢીકણા. જાવ લઈ જાવ.. લઈ જાવ... પાંચસો-પાંચસોની પેદાશ એક એક દિવસની હોય, કેટલાકને હજાર હજારની પેદાશ. મોટા વેપારી હોય ને. હજાર-હજારના દનયાની પેદાશ. એય..! પ્રાણભાઈ! ... જુઓ! સમકિતી... પણ એવા બીજા વેપારાદિ હોય. લાખો રૂપિયાના વેપારાદિ. વહાણના વેપાર હોય સમકિતીને. વહાણના. સમજાય છે? હજારો જોજન દરિયામાં વહાણ ચાલ્યા જતા હોય. પણ કહે છે કે જેને અંદર રાગથી ભિન્ન પડીને આત્મજ્ઞાન (થયું છે), એ બધી વહાણની પર્યાયમાં .. થતી અવસ્થા અને એમાં થતો રાગ, એ નોકર્મ એના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. એનો એ કર્તા-ફર્તા નથી. આહાહા..!

જુઓને! આ શ્રવણબેલગોલા ને? મૂર્તિઓ છે ઈ. મૂડબિદ્રી. કેવી પ્રતિમાઓ! સાથે હતા નવનીતભાઈ, નાનાલાલભાઈ, અને આ ઝવેરી. કીધું, આની કિંમત કેટલી? અત્યારે કોઈ દે નહિ ને કોઈ લે નહિ. પચાસ-પચાસ લાખની એક એક મૂર્તિની કિંમત છે. કિંમત એટલી છે. મૂર્તિઓ છે ને ત્યાં. પંડિતજી! મૂડબિદ્રી મૂડબિદ્રી. ૧૨૭ મૂર્તિ નથી? મૂડબિદ્રીમાં. બહુ ઊંચી કિંમત છે. પહેલાના અબજોપતિ હશે, કરોડોપતિ. માલ લેવા જાતા હશે ત્યારે દર્શન કરવા રાખતા હોય. પછી ગમે ત્યાં રહી ગયા. બધી ભેગી થઈ છે ત્યાં. નીલમણીની અને મોતીની. એ બધી પ્રતિમાઓને લઈને જતા હોય દર્શન કરવા. પંડિતજીને.. પણ જો સમ્યગ્દષ્ટિ હોય ને વહાણના વેપારમાં પડ્યો હોય, દેખાય. એને એ વહાણની અવસ્થા અને એ રાગ અને એ પ્રતિમા બધા સ્વપરજ્ઞાનનો પ્રકાશ પ્રગટ્યો તેમાં એ નિમિત્ત થાય છે. આહાહા..!

હવે અહીંયાં આપણે બીજી રીતે લઈએ. નોકર્મ છે. સર્વજ્ઞ ભગવાન પરમાત્મા બિરાજે છે સમવસરણમાં. સમજાય છે? ત્યાં સમ્યગ્દષ્ટિ, મુનિ આદિ બિરાજે છે. નોકર્મ તેના જ્ઞાનમાં આમ નિમિત્ત થાય છે. જ્ઞાન પોતાથી પ્રગટ્યું છે. ઓલા રાડ નાખે છે. અરેરે..! વીતરાગની વાણીથી જ્ઞાન ન થાય? અરે..! ભગવાન! સાંભળ તો ખરો, ભાઈ! એ પરલક્ષી જ્ઞાન થાય એ વાણીથી થતું નથી. એ એના સ્વકારણથી થાય છે. અહીં તો સ્વલક્ષીજ્ઞાન જે થયું... સમવસરણમાં ભગવાનની વાણી સાંભળે છે મિથ્યાદષ્ટિ. સમજાય છે? એમાં એના જ્ઞાનનો પર્યાય જરી ખુલે છે, તે પણ પોતાથી છે. વાણીથી નહિ. એ રાડ નાખે છે. એય..! એનાથી ન હોય. પણ ભાઈ! નિમિત્ત છે. સાંભળને! એનાથી લાભ ન માને તો સાંભળે શું કામ? પણ બાપા! આવ્યા વિના રહે નહિ. સાંભળને હવે. અજ્ઞાનીને પણ તે સાંભળતા જ્ઞાનનો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પર્યાય ખીલે છે તે પોતાથી ખીલે છે. ત્યારે નિમિત્ત કહેવાય છે.

જ્ઞાનીને પોતાના સ્વપરપ્રકાશકના જ્ઞાનના ભાનમાં તે વાણી... જ્ઞાન પરિણમ્યું છે પોતાથી, એમાં એ વાણી નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તથી થતું નથી, નિમિત્તથી થયું નથી. નોકર્મ એવા જે પુદ્ગલ પરિણામ, જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તેમાં વ્યાપીને માત્ર જાણે છે. આહાહા..! આવી વાત જૈન પરમેશ્વરની અંતરદૃષ્ટિની વાતું એવી છે. .. થઈ ગયા છે અંદર. સમ્યગ્દર્શન .. અહીં .. મોટી . એમાં આ લખ્યું. એય..! વાણીથી લાભ કહેતા નથી. ગિરનાર અને સમ્મેદશિખરના વાતાવરણથી પણ જીવને લાભ થતો નથી એમ કહે છે. હવે લાખ વાર કહે છે. સાંભળને. પરથી લાભ થાય છે? એય..!

એ કાળે અજ્ઞાનીને પણ જે જ્ઞાન અને જે કાંઈ શ્રદ્ધાના પરિણામ થાય એ પોતાથી થાય છે. એનાથી નહિ. અહીં તો કહે છે કે જ્યાં આત્મા પોતાના સ્વભાવ સન્મુખ થયો અને જ્યાં ચૈતન્યના આનંદના રસના સ્વાદ આવ્યા, એવા સ્થાનમાં જે જ્ઞાન સ્વપરપણે પ્રકાશીને પરિણમે છે એને એ વાતાવરણ ભગવાનની પ્રતિમા .. તીર્થંકર એ બધા જ્ઞાનમાં નિમિત્ત થાય. એટલે ઉપાદાન પોતાથી પરિણમે ત્યારે ઓલા નિમિત્ત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...નિર્જરા.

ઉત્તર :- એમ કહે છે કે નિમિત્ત થાય તો માહાત્મ્ય ... એમ ક્યાં માહાત્મ્ય? માહાત્મ્ય તો માહાત્મ્યમાં રહ્યું. ભાઈ! તારો સ્વભાવ જ સ્વપરપ્રકાશક છે. અને એવા સ્વપરપ્રકાશનો.. એકલો પરપ્રકાશમાં રાગાદિ પરિણામનો કર્તા થતો, એ એકલો પરપ્રકાશના જ્ઞાનમાં થતો. તો ત્યાં તો મિથ્યાત્વભાવ હતો. અને મિથ્યાત્વભાવ હતો ત્યાં દર્શનમોહના રજકણો એને કારણે બંધાવાના સ્વકાળે બંધાય ત્યારે એને મિથ્યાત્વના પરિણામ નિમિત્ત કર્તા કહેવામાં આવે. ગુલાંટ ખાઈને ચૈતન્ય જગતનો સાક્ષી જાગ્યો. હું જાણનાર-દેખનાર છું. મેં કોઈનું કર્યું નથી, કોઈથી મારામાં આવતું નથી. મેં કોઈનું કર્યું નથી અને મારામાં મારી શ્રદ્ધા-જ્ઞાનની પર્યાયમાં કોઈ ચીજ આવતી નથી. આહાહા..! કહો, ભીખાભાઈ!

અજ્ઞાનમાં પણ પરથી થાતું નથી. એ તો થાય છે એના ઉપાદાનની પર્યાયમાં. ત્યારે નિમિત્ત કહેવાય છે. પણ એની દૃષ્ટિમાં અહીંથી થાય અથવા તેના લક્ષે પોતાની નબળાઈને કારણે જે રાગ થયો, ત્યાં જ રંગાઈ ગયેલું જ્ઞાન રાગમાં, વિકલ્પમાં, પુણ્યમાં, પાપમાં, દ્વેષમાં, ક્રોધમાં રંગાયેલું જ્ઞાન, એના રંગ ચડ્યા છે જ્ઞાનને એથી તેને મિથ્યાત્વના પરિણામ તે કાળે વર્તે છે. આહાહા..! એથી તેને દર્શનમોહના રજકણો તો તે કાળે પરમાણુમાં તે પર્યાય થવાનો કાળ હતો માટે થયું. એક થયું માટે અહીં દર્શન પરિણામ કરવા પડ્યા એમ નથી. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ? એ તો પોતાના જ્ઞાયક સ્વભાવને ભૂલીને રાગનો કર્તા થયો માટે મિથ્યા થયું છે. અહીં તો એમ કહે કે ત્યાં બંધાવાનું હતું એ સમયે? માટે ત્યાં મિથ્યાત્વ થવું જોઈએ ને? વાત ખોટી છે. સમજાણું કાંઈ? આ તો નવા બંધાયા ... એ પ્રશ્ન હતો એકવાર. તમે બહુ ઉપાદાનની વાત કરો છો કે ઉપાદાનથી થાય પણ એમ કહેવું છે કે કર્મમાં જ્યારે દર્શનમોહના પરિણામને પરિણમવાનો જે કાળ હોય ત્યારે આને મિથ્યાત્વ કરવું જ પડે નિમિત્તપણે. અરે..! ભગવાન! તેં ક્યાં લીધી વાત? જે વાતની જે રીત છે ને એની .. ઘણાં એમ કહે છે, પુદ્ગલમાં જ્યારે ચારિત્રમોહના પરિણામને પરિણમવાનું હોય ત્યારે જીવને રાગ કરવો જ પડે. ભાઈ! આવી (જ્ઞાયક) દૃષ્ટિ હોય એને કરવો પડે એ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ભારે આકરું કામ જગતને.

વીતરાગની ઘડું બેસવી. વીતરાગ માર્ગ પરમેશ્વરનો. એટલે પરમેશ્વર પોતે. એના માર્ગની રીત, એની ગડ બેસવી. ઘડ સમજાય છે કે નહિ? ઓલા કપડાની ઘડું નથી થાતી? શું કહેવાય? અટલસ.. શું કહેવાય? કાપડની નહિ? એ કપડા આમ હોય છે. એ કપડા વાળે એ ઘડ સંકેલી શકે, બીજાને સંકેલતા આવડે નહિ. ગડી. કપડાને શું કહે છે? .. અટલસ એને કહીએ છીએ. .. હિન્દીવાળાને અટલસ ક્યાં બેસે? લીલી પીળી શાટીન આવે છે ને? .. ગડ ખોલે. આ ગડ પાછી ખોલતા આવડે એને જ એ બેસાડતા આવડે. બીજાને ન આવડે. આડાઅવળું કરી નાખે. કપડું તૂટી જાય. .. એની ભાષામાં કહ્યું ને. અટલસ એ તો આપણે અટલસ કહીએ. લીલી, પીળી .. ઘણી અટલસ આવે છે. ધોળી આવે છે. ધોળી અટલસ આવે, પીળી આવે, લીલી આવે. ખોલે છે. પાછી એની ગડ પડી ગઈ હોય ને. એ ગડ પ્રમાણે વાળે તો સરખી રહે.

અહીં એવી ગડી પડી ગઈ છે રાગના રંગની. તેથી જાણે બીજાના પરિણામ મેં કર્યા એવો રંગ ચડી ગયો છે. એ રંગને ઉકેલતા એને આવડે પાછો. આહાહા..! ભાઈ! શેના તને રંગ બાપા? સમજાણું? કહે છે કે એ નોકર્મ. જેટલા નિમિત્તો છે ને ત્યાં. દાળ, ભાત, રોટલી, શાક ખાય છે ને? ત્યાં સમકિતીદૃષ્ટિ ત્યાં હોય છે તો તેને કહે છે એ દાળ-ભાત-રોટલીના પરિણામ એના જ્ઞાનમાં નિમિત્ત થાય. એ પરિણામનો કર્તા પણ નથી અને એમાં જરી વિકલ્પ ઉઠ્યો એનો એને એક રંગ નથી. સમજાણું કાંઈ?

નોકર્મ. નોકર્મ તો બીજા .. શાસ્ત્રમાં. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન એને નોકર્મ કહ્યું છે. આવે છે ને? એને નોકર્મ કહ્યું છે. નોકર્મ જ્ઞાનીને તો જ્ઞાનમાં નિમિત્ત છે. ત્રણ જ્ઞાનના ધણી સમકિતી તીર્થંકર આદિ આવે છે ને માતાના પેટમાં. ત્યાં આહાર, શરીર, ઈન્દ્રિય, ભાષા એ તો રજકણની પર્યાય થાય છે. એને આત્મા બાંધતો નથી. સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કાંઈ? તે કાળમાં જરી તેને અનુકૂળ પરિણામ તેને આત્મા તે કાળે પણ કરતો નથી. આહાહા..! એટલે ભગવાનની માતાના (ગર્ભમાં) ભગવાન આવ્યા એમ કહેવું એ બધા કથનો વ્યવહારના છે. એ તો પોતાની જ્ઞાન પર્યાયમાં ઉપજતા.. ઉપજતા... ઉપજતા.. ઉપજતા રહેલા છે. આવી વાતું ભાઈ! આકરી વાતું અત્યારે. સત્ય સત્ય એવું છે. એ સત્યને લોકોની સાથે આમ જાણે મેળ ન હોય એમ લાગે છે. સમજાણું? પણ સત્યનું સ્વરૂપ જ એવું છે, ભાઈ! એ .. છે ને. એટલે એને ઉકેલ જ્યાં હોય ત્યાં સ્વપરપ્રકાશની જ પર્યાય પ્રગટે છે. જ્યાં હોય ત્યાં. પેટમાં હોય, બહાર હોય, .. હોય ત્યારે તેને જ્ઞાનમાં સ્વપરપ્રકાશ પર્યાય જ થાય છે. એ નીકળે છે માતાના પેટમાંથી તેથી એ ક્રિયાનો એ આત્મા કર્તા છે કે એનો રાગ થાય એનો કર્તા છે, એમ છે નહિ. આહાહા..! આ તે કંઈ લીલા એની. મહા સામર્થ્યવાન પરમેશ્વર પોતે જ છે. સમજાણું કાંઈ?

નોકર્મ. આટલાના મેં કામ કર્યા, આટલાને મેં જીતાડ્યા, આટલાના મેં મકાન કરાવ્યા. કહો, સમજાણું? ..માં હોંશિયાર હોય ને, લાડવા કરવા હોય પાંચ હજાર માણસને જમાડવાના હોય .. બેસાડે ત્યાં. લાડવા-બાડવામાં ફેર ન થઈ જાય. સમજાણું? એક .. હતો બહુ ને .. બહુ સારું કરે. તો પણ લોકો સારું ગણે નહિ. એને પાપના ઉદયને. એકવાર તો એવું મન થઈ ગયું એને કે લોકો સારું કહે એ મારે કરવું. તો રાતના ડબા પડ્યા હતા ઘીના અને એની સાથે એરંડિયાના પડ્યા હતા બે-ત્રણ-ચાર ડબ્બા. એરડિયું સમજો છો ને? એરંડીનું તેલ. એને બિચારાને હોંશ હતી કે આ બધા જ્યારે જ્યારે જમણ કરું છું ત્યારે દસ હજાર, વીસ હજાર ખરચું છું પણ બધા કોઈ દિ' .. કહેતા નથી. આ બગડ્યું છે, દાળ બગડી છે, ઢીંકણું બગડ્યું છે કાં લાડવામાં મીઠાશ નથી કાં દાળમાં કાંકરી આવી ગઈ છે અંદર ધૂળની. સાકરમાં ચીરોડીનો ભાગ આવી ગયો છે. કાંઈકને કાંઈક વાંક જ કાઢે છે. ઘી ઓછું છે. રાતે ઉઠ્યો બિચારો. બે-ચાર માણસ લઈ સાથે અને બે-ચાર એરંડિયાના ડબ્બા (લીધા). એ જાણે ઘીના ડબ્બા છે. નાખ્યા. જ્યાં સવાર પડે અને ખાવા જાય ત્યાં એ તો જોવા નીકળ્યો, સારું કહે છે કે નહિ આજ? શું છે? ભાઈ! એરંડિયું ગંધાય છે. ત્યાં લેવા જાય તો એરંડિયાના ડબ્બા પડ્યા હતો તો એ નાખ્યા. ઓય બાપા! એ પર્યાય ત્યાં થવાની (એને) કરે કોણ? ઈ કહે, સારું કર્યું. પણ સારા જ્યાં થવાના પર્યાય કાળે એની થાય. તું શું સારું નરસું કરતો હતો? એ તો બિચારો સારું કરવા ગયો. પણ જે પર્યાય થવાની એમાં કરે શું એ? એનો કર્તા છે? ધ્યાન રાખીને કરે તો સારું થાય અને ન ધ્યાન રાખે તો ન સારું થાય, એમ છે? નેમિદાસભાઈ!

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- .. બાપા! ભૂલી ગયો. હું તો સારું જ કરવા ગયો હતો એરંડિયાના ડબ્બા આવી ગયા. તમારી વાત સાચી છે. એ મારા .. પણ એને કર્તાનું અભિમાન હતું કે હું સારું કરી દઉં હવે. કર્યા ધૂળ. પરની પર્યાયને કરે કોણ? સમજાય છે? અને દુનિયા પાસે કાંઈક આબરૂ મેળવું. એ નોકર્મની અવસ્થા તે કાળે થાય તેને મિથ્યાદૃષ્ટિ મારાથી થઈ એમ માને છે. એને થતાં પરિણામનો કર્તા થઈ નવા બંધનમાં નિમિત્ત કર્તા થાય છે. .. રંગ ચડી જાય અને એને નવા કર્મ બંધાય. જ્ઞાનીને તે કાળે એવી સ્થિતિ દેખી તેના જ્ઞાનમાં તે .. સ્થિતિ જ્ઞાનમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? ખેદ કરાવતું નથી અને ખેદ જરી છે તેનું તેને જ્ઞાન થાય છે. આહાહા..! નોકર્મ થઈ .. લ્યો જેટલા બહારના કરાવે .. મકાન.. રથના દાખલા તો આપી ગયા છે. સારા કામ કરી ગયા લોકના, પરોપકારના કરી ગયા, લ્યો. હાલી નીકળ્યા પરોપકાર કરવા. શેના પરોપકાર? સાંભળને. પરદ્રવ્યની પર્યાય એને કારણે થાય. એને ઠેકાણે હું કરું એવી માન્યતાના પરિણામ તેના મિથ્યાત્વના છે. એ મિથ્યાત્વના પરિણામ દર્શનમોહના પરમાણુ બંધાવાનો કાળ હતો એને મિથ્યાત્વના પરિણામ લાગુ પડ્યા નિમિત્ત. સમજાણું કાંઈ? ભારે!

વીતરાગમાર્ગમાં લોકસંગ્રહ બુદ્ધિ અને લોકની અનુકૂળતાની બુદ્ધિથી ભગવાનની બુદ્ધિ, ભગવાન એટલે આત્માની બુદ્ધિ અને આત્માનું જ્ઞાન જુદી ચીજ છે. સમજાણું આમાં? નોટું ગણવા જાય ને. હોશિયાર હોય તો હજારની નોટ હોય તો કાઢી લે. સો-સોની નોટું ગણવામાં હજાર (ની નોટ ગઈ). એક જણો એમ કહેતો હતો, સો સો નોટની ગણવામાં બે હજારની વઈ ગઈ. બસો નોટ ગણવામાં આઠ હતી સો ની અને બે હતી હજાર હજારની. દસ દસની. એક હજારની નોટ. ધ્યાન ન રાખ્યું? પણ એ પર્યાય જ તે કાળે એ જ થવાની છે. સમજાણું કાંઈ? એ નોકર્મની અવસ્થા તે કાળે તેમ થવાની છે. જ્ઞાની તે કાળમાં તેના તરફના વિકલ્પ અને તેના પરિણામનો જ્ઞાતા છે. અજ્ઞાનીને એમ થાય કે મને આવડ્યું નહિ હોં. અરે..! આઠસો અને બે હજાર ગયા. ૨૮ ગયા. એક હજારને અઠ્યાવીસ અને અઢારસો. એનો કરે ખેદ. ખેદમાં રંગાઈ જાય. બાંધે કર્મના પરમાણુ રજકણ. આ એમાં નિમિત્ત થાય. સમજાણું કાંઈ? નેમિદાસભાઈ! શું છે આમાં? હુશિયારી શું કરી આમાં? તમને તો બહુ હુશિયાર કહેતા માણસો હોં! તમારા ભાગીદારમાં તમને બહુ હુશિયાર કહેતા લોકો. કહો, સમજાણું આમાં? આરે.. આરે..! તારી હુશિયારી પરમાં કામ કરે? પરવસ્તુ છે કે નહિ? કે છે. તો તેની અવસ્થા તારાથી થાય? એ મિથ્યાત્વ સેવીને નવા કર્મના રજકણમાં તારું નિમિત્તપણું થયું. આહાહા..! .. અંદર અંતર સ્વભાવ પર પડ્યા છે. કહે છે કે એ બધા પરિણામ તેને નિમિત્ત થાય છે જ્ઞાનમાં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ '**મન,...**' મનના રજકણ છે ને મન. એના રજકણની પર્યાયનો કર્તા તો છે નહિ જ્ઞાની, પણ તેના .. લક્ષ હતું એનું જ્ઞાન સ્વલક્ષે થયું છે. સ્વલક્ષના જ્ઞાનમાં મનના રજકણો એને નિમિત્ત થાય છે. મનના રજકણનો કર્તા નથી તેથી તેના પરિણામ મિથ્યાત્વ નથી, તેથી તેને દર્શનમોહના પરિણામોમાં નિમિત્ત થવું રહ્યું નથી.

'**વચન,...**' આ વચન બોલાય, વચન. ઓલા કહે કે આત્મા વિના વચન નીકળતા હશે? ભીંતમાંથી નીકળે? બોલે કોણ? ઈચ્છા વિના વાણી ભગવાનની નીકળે એ બરાબર છે. ઈચ્છા વિના ભગવાનની વાણી નીકળે એ બરાબર છે. પણ અલ્પજ્ઞતાની ઈચ્છાપૂર્વક બોલાણી છે, ઈચ્છા વિના વાણી નીકળી જડને કારણે. સમજાણું કાંઈ? એમાં દોષ કાઢે છે. હવે સાંભળને. તારી ઈચ્છા વિના વાણી નીકળી છે. ઈચ્છા તારામાં રહી અને ઈચ્છાથી રંગાયેલું તારું જ્ઞાન. તો ઈચ્છા મારી અને વાણી નીકળી એને મેં કરી, એ તો ઉપાદાનનો કર્તા થઈ ગયો.

અહીં તો વાણીની પર્યાય નીકળે કે જોરદાર કે મંદ કે એ જાતના પરિણામ જ્ઞાનીના જ્ઞાનમાં એ વાણી નિમિત્ત આમ થાય છે. સમજાણું કાંઈ? આવ્યા હતા ને પેલા બોલતા નહિ? શું નામ? કૈલાસચંદજી! જોરથી બોલો, ધીમે બોલો, આમ કરો એમ બોલતા પહેલા. ખબર છે? તમને ખબર નહિ હોય. આ તો ઘણાં વર્ષ પહેલાની વાત છે. .. કૈલાસચંદજી હતા. જોરથી બોલો, ધીમે બોલો, આમ બોલો .. બોલાતું હશે જોરથી? એમ થાતું તે દિ', હોં! આહાહા..! જોરથી બોલાતું હશે? જોરથી ક્યાં? પોતાની પર્યાયમાં કરે કે વાણીમાં કરતો હશે? આવી વાણી બરાબર કાઢી. એ વાણીની પર્યાયનો કર્તા તો અજ્ઞાની પણ નથી. પણ તેના કર્તાબુદ્ધિના પરિણામ જે મિથ્યાત્વના છે... સમજાણું? એ દર્શનમોહના એના પરિણામ નિમિત્ત થાય છે.

સ્વરૂપ ચૈતન્ય જ્ઞાનમૂર્તિ હું છું, એવું જ્યાં ભાન થયું (ત્યાં) પરિણમન જ બદલી ગયું છે. ઓલાને રાગ સાથેનું પરિણમન એકત્વ છે, અહીંયાં સ્વભાવની એક્તાની સાથેનું પરિણમન છે. એ નાના-મોટા શરીરવાળા નહિ જોવા કે આ દેડકો આવડો ને આ નાનો.. એ બહારની ચીજ એની સાથે સંબંધ છે નહિ. અને વ્યંજનપર્યાય મોટી હોય એ મોટો .. અને નાની હોય એ નાનો.. એની સાથે સંબંધ છે નહિ. સમજાણું કાંઈ? એ વચન. ધારીએ એ પ્રમાણે વચન બોલીએ. આહાહા..! ..

લૂખી ભાષા ન બોલવી. એવું આવે, લ્યો. ભગવતી આરાધના છે. પંડિતજી! એ ભગવતી આરાધનામાં એમ કહ્યું છે. એ તો રાગની મંદતા. એમ કે જગતના પરમાણુમાં ક્યાં તૂટો છે કે કડવી ભાષા બોલવી? મીઠી ભાષા બોલવી. એવું આવે. આવે ત્યાં (એમ કહે), જુઓ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આમાં લખ્યું છે કે નહિ? હવે સાંભળને. એ તો રાગમાં તિખાશ ન લાવવાની વાત કરે છે. વાણી કોણ બોલે? સમજાણું કાંઈ? આરે..! બહુ કામ ભાઈ! વીતરાગની અંતર દૃષ્ટિ અને રાગમાં રંગાયેલાની દૃષ્ટિ બેમાં ઉગમણો, આથમણો ફેર છે.

બે ઘોડાનો દાખલો નહોતો આપ્યો એક ફેરી? પંડિતજી કહે એક ઘોડો આમ જાય. વાત સાચી છે. એક ઘોડાનું માથુ આમ અને એક ઘડાનું માથું આમ. ઓલો ઘોડાનું માથુ આમ હાલે તો .. નીચે પડે. બે સાથે ઓલા .. ઘોડા સાથે લઈને.. પણ ઓલા ઘોડાનું મોઢું આમ અને આનું મોઢું આમ. એમ અજ્ઞાનીની દિશા પર ઉપર અને જ્ઞાનની દિશા સ્વ ઉપર. હવે આમાં બે ગતિના મેળ ક્યાં? મગનભાઈ!

શાસ્ત્રમાં એવું આવે, હોં! .. જ્યાં જીવ હોય ત્યાંથી પગની એડી ઉપાડી લેવી. પગની હોય ને ત્યાં. હેઠે ન આવી જાય. આડો પગ કરવો. આમ ત્રાંસો કરી દેવો, આમ કરી દેવો. એવું આવે. એનો અર્થ ત્યાં રાગ તીવ્ર ન થાય એ વાત છે. એ ક્રિયા આત્માની છે અને આત્મા કરી શકે છે એમ છે નહિ. ભાઈ! આ તો જીવરક્ષા.. ઓલા પોકાર કરે છે. અરે..! ભગવાન! તારા જીવની રક્ષા તેં કરી નથી. પરનું કોણ કરે અને પરને કોણ મારે? એ તો એની પર્યાય કાળે થાય છે, ભાઈ!

'**કાય,...**' કાયાની જે ક્રિયા પરિણામ થાય એને રાગના રંગ છૂટ્યા અને જ્ઞાનના રંગ થયા તેને કાયાના પરિણામ જ્ઞાનમાં નિમિત્ત થાય. કાયાની પર્યાયનો કર્તા નથી. હું ઝડપથી ચાલ્યો છું એકદમ પહોંચી ગયો. પોણા કલાકમાં એકધારો ચાલ્યો છું. પોણા કલાકમાં એકધારો ચાલ્યો. લ્યો! બીજાને અડધો કલાક, પોણો કલાક લાગ્યો, મારે લાગ્યો પા કલાક. હું ઝડપથી ચાલું. એક જણો કહેતો હતો. લ્યો, આ અધ્યાત્મીઓ કહે છે કે શરીરની ક્રિયા કરી શકે નહિ. રાણપુરમાં બોલ્યો હતો. (સંવત) ૧૯૯૯માં. આ પાલીતાણાથી ત્રીસ ગાઉ ટાંગા તોડીને તો આવ્યા છીએ અહીંયાં ચાલીને. અને કહે કે શરીરની ક્રિયા આત્મા કરે નહિ. આ જાગ્યા છે. પેલા આચાર્ય નામ ધરાવે.

અરે.. ભગવાન! ઓલા .. ને? ..માં હતા કે નહિ તમે? .. જગ્યા નહિ. પહેલા એ .. પછી અહીં આવ્યા હતા. મહારાજ! અધ્યાત્મીઓ કહે છે કે શરીરનું કાંઈ કરે નહિ. પણ પાલિતાણાથી રાણપુર ત્રીસ ગાઉ ટાંગા તૂટી ગયા ત્યારે અહીં આવ્યા છીએ. મગનભાઈ! વાત તો સાચી. ... ગયા છે ટાંગા મિથ્યાત્વના થયા અને ધર્મના તૂટ્યા છે. શરીરની ક્રિયા અમે કરી અને અમે લાવ્યા અહીંથી શરીરને. થાક લાગ્યા. છ છ ગાઉ. સાત સાત ગાઉ. ગાવ સમજ્યા? કોસ. સાત સાત ગાઉ. ૧૪-૧૪ માઈલ, ૧૫-૧૫ માઈલ ચાલ્યા. આ કહે શરીરની ક્રિયા આત્મા કરે નહિ. આહાહા..! જાગ્યા છે ને. ભાઈ! એ દેહની પર્યાય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બાપુ તારાથી ન થાય હોં! પણ એને કાળે થાય, એને જેને જ્ઞાનના રંગ લાગ્યા છે એને એ દેહના પરિણામ તે જ્ઞાનમાં જાણવાનો તે પ્રકાર છે. તે કાળે તે દેહ ઉતાવળે ચાલતો હોય તો એ પર્યાય તે પ્રકારે જ્ઞાનમાં જાણવાનો જ્ઞાનનો કાળ છે. એને ઠેકાણે અજ્ઞાની કહે નહિ, મેં આમ કર્યું. આમ કર્યું. એકદમ પગ ચાલ્યો. એકદમ પગ ચાલ્યો. પોલીસોના હમણા તો ગયા. ૧૪૦૦ ભેગા થયા હતા. એન.સી. શું કહેવાય? એન.સી.સી. ૧૪૦૦ ભેગા થયા હતા અને પાછા ૯૦૦. અમને સામે મળે. કેટલાક તો જૈન હતા. .. ઓલા ચાલવા માંડે ફટ ફટ ફટ કરતા પગ મૂકે. હાથનો અને પગનો બેનો મેળ ખાવો જોઈએ પાછો. પગ પડેને એની સાથે આમ. એ ચાલતા હતા. મને ખબર છે ને. એમ પડે તો પગ એમ પડે સાથે. ત્યારે ઓલો કહે, શાબાશ! એમ કહેતા હતા. આ ભારે ભાઈ નાટક જગતના તે. પાણીતાણા ને ગયા હતા ને? .. અત્યારે. ક્યાંક ગયા હતા. આપણા પણ કેટલાક ગયા હતા ત્યાં, પરમ દિ' હતું કાંઈક. .. હતું. પ્રદિપને બધા . ગયા હતા. પોલીસ. કાલે પોલીસ અને આજ વાણીયા બે કેમ થયા? તમારા દીપકને? તારો ભાઈ કાલે પોલીસ થયો હતો, આજ થઈ ગયો વાણિયો પાછો? પોલીસ .. હતો. બિચારો નાનો બાળક. એ .. ... વાણિયો છો? પોલીસ .. વાણિયા થાય કીધું? સારા રોજ .. એમાં વાણિયા-ફાણિયા ક્યાં આવ્યું? ...તારો ભાઈ કાલે પોલીસ હતો ને અને આજે પાછો વાણિયો થઈને આવી ગયો પાછો? એ વેષ પલટ્યા શરીરના. આત્મા તો છે એ છે. .. ક્યાં હતી બીજી એને. એ શરીર. લ્યો.

'**શ્રોત્ર,...**' કાન. આમ .. રાખે. મેલ બેલ કાઢી રાખી. મેલ કઢાવે છે ને? .. આ તો બરાબર જ્ઞાન થાય. મેલ ગરી ગયો હોય ને .. નાખે. કેટલાક કરતા કરતા એવા હોય છે ને એક .. નાખી દે. આ એ .. હોય છે. જોયું છે ને બધું. .. આવતા હતા. .. ચાર આના આઠ આના હોય ઓલાના બે પૈસા. એક અંદર .. ગરી ગયું. નાખ્યું હોય પોતે. બે .. એ પર્યાય થઈ તો ત્યાં થવાની હતી. ઓલો કહે મેં કરી હતી એને. શું કહેવાય એને? મેલ કાઢે હોં. મેલ કાઢનારા એ કાળાબજાર કરે. નાખી દે નાની કાંકરી. કાંકરી છે એ બરાબર નીકળે એવી નથી, લોહી .. અડધો કલાક થાશે. આઠ આના લઈશ. લે ને નીકળ ને, કાઢને. ઓલો જાણે કે મેં કરી છે હોં આ બરાબર. અહીં કહે છે કે કાનના પરમાણુમાં જે પર્યાય થવાની એ જ્ઞાનમાં નિમિત્ત થાય છે. આત્માનું કાર્ય નથી અને આત્મા એનો કરતો નથી. વગેરે વાત લેશે આગળ... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૧૪, શનિવાર તા. ૨૬-૧૧-૧૯૬૬**
**ગાથા-૧૦૧-૧૦૨, પ્રવચન-૧૯૯**

આત્મા અખંડ અભેદ જ્ઞાનમૂર્તિ અલૌકિક ચીજ છે. એ આ ખંડખંડ ઈન્દ્રિય ઉપર લક્ષ કરે અને એને પોતાની માને તો એનું નામ ત્યાં મિથ્યાદષ્ટિપણું કહે છે. સમજાણું કાંઈ? અસંગ ચૈતન્ય વસ્તુને અંતરમાં દષ્ટિમાં લીધા વિના એ ભગવાન આત્મા પૂર્ણ આનંદની સત્તાના સ્વીકાર અંતર દષ્ટિમાં કર્યા વિના એકલો ખંડ ઈન્દ્રિયનો સ્વીકાર કરે એટલે તો પણ તે મિથ્યાદષ્ટિ છે અને એને લઈને જે વિકલ્પ ઉઠે છે એનો એ કર્તા થાય છે. એ નવા કર્મ બંધનમાં એના એ પરિણામ નિમિત્તકર્તા કહેવામાં આવે છે.

ધર્મીને પોતાનું ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ અભેદ અખંડ એવી અંતર દષ્ટિમાં લીધું છે. એથી તેને ખંડ ઈન્દ્રિય સંબંધી કોઈ વિકલ્પ (આવે) એનો એ કર્તા નથી. એ વિકલ્પ છે તેનો સ્વપ્રકાશક ચૈતન્ય ભગવાન આત્મા, એના સ્વપરપ્રકાશક ચૈતન્યની અંતર દષ્ટિને લીધે એ ખંડ ઈન્દ્રિય તરફના જે વિકલ્પ છે તેને તે જ્ઞાનમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? જેની દષ્ટિ અંતર્મુખ છે, આત્મા ચૈતન્ય સ્વભાવી એને જ્યાં અંતર સ્વીકાર્યો છે, એવો અનુભવ થયો છે. એ જ્ઞાનીને ખંડ ઈન્દ્રિય તરફનું જ્ઞાન, એના તરફનું જ્ઞાન એ પોતાના તરફના જ્ઞાનના સંબંધમાં પોતા સંબંધીનું જ્ઞાન ઉત્પન્ન થાય છે. જ્ઞાનનો કર્તા છે. ખંડ ઈન્દ્રિયનો કે રાગનો કર્તા નથી. સમજાણું કાંઈ?

તેમ આ '**શ્રોત,...**' આ દ્રવ્યઈન્દ્રિય માટી. એનો પણ ચૈતન્ય જ્ઞાની સ્વામી નથી. અજ્ઞાની સ્વામી નથી પણ માને છે કે આ ઈન્દ્રિય મારી છે. એથી અજ્ઞાની એ સંબંધીના રાગના વિકલ્પનો કર્તા થઈ નવા કર્મ બાંધે તેમાં એ પરિણામને નિમિત્ત કહેવામાં આવે છે. ધર્મીને અંતર્મુખ દષ્ટિ હોવાથી તેને જ્ઞાયક સ્વભાવનું સ્વપરપ્રકાશનું પરિણમન હોવાથી... સમજાણું કાંઈ? એ જડ ઈન્દ્રિય અને એના તરફનો કોઈ વિકલ્પ ઉઠ્યો હોય અને એના કારણે જે અંદર રજકણો પણ બંધાવાના પરમાણુમાં હોય એ બધા અહીંયાં સ્વપરપ્રકાશક જ્ઞાનમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? એનું ચૈતન્ય ચોસલું આખું દળ આનંદ દેહના રજકણનો, રાગના ભાગથી તદ્દન ભિન્ન છે. એવી એણે ચૈતન્યની સંભાળ અનંત કાળમાં અજ્ઞાનીએ કરી નથી. આ બહારનું સાચવવા મથ્યો. બહુ તો શરીરની ઈન્દ્રિયોને રાખવા અને રચનાની પર્યાય ટકી રહે એમ રચ્યો, એમાં મથ્યો. એના તરફનો જે વિકલ્પ ઉઠે તે રાગ છે તેને પણ અંદરમાં આ અસ્તિત્વ એટલો હું છું. ચૈતન્યની શુદ્ધતાના અસ્તિત્વની અંતર કળા ખીલી નથી. એથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એના અસ્તિત્વનો સ્વીકારતો અજ્ઞાની મૂઢ એ મિથ્યાત્વ અજ્ઞાનને કરતો નવા કર્મના બંધનમાં નિમિત્ત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

તેમ '**ચક્ષુ,...**' આંખ જે આંખ, એ તો માટીની પર્યાય છે. એ માટીની પર્યાય આ રજકણની દશા છે, આ તો માટી છે. આવે છે, 'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત.' રેત રેત સમજો છો ને? રેતી, વાલુ.

રજકણ તારા રખડશે જેમ રખડતી રેત,
પછી નર તન પામીશ ક્યાં, ચેત ચેત નર ચેત.

સમજાણું કાંઈ? એ વાતું ન કરવી હોં છોકરાઓ. સાંભળવાનું છે. ઓઠિકણ-બોઠિકણ ન લેવું. એ ઘરડા ઓઠિકણ આપે. ઓઠિકણમાં આળસ થાય. આળસમાં સાંભળવા પર લક્ષ રહે નહિ. ઘરડાને ... દેવી જોઈએ. કહો, સમજાણું આમાં? સમજાય નહિ એમ ન રાખવું, છોકરાઓ! આ તો સમજાય એવી વાત છે. આ .. ભાઈ જુઓને જોતા નથી? દેહ છોડીને ચાલ્યા ગયા, નારણભાઈ બિચારા. આહાહા..! આ સાંભળીને તો આમ એટલું અંદર.. આહાહા..! એને બિચારાને સાંજે એમેય નહિ હોય કે સવારે હું ક્યાંક ચાલ્યો જઈશ. દેહ છોડીને બીજો અવતાર. આહાહા..!

રજકણ તારા રખડશે જેમ રખડતી રેત,
પછી નર તન પામીશ ક્યાં, ચેત ચેત નર ચેત.

બાપુ! તારું કર ભાઈ! એ તારી ચીજ અંતર શાંતિ ને... આહાહા..! આઠ આઠ વર્ષના રાજકુમારો જ્યાં વૈરાગ્ય થાય છે અને આત્માનું અંતર જ્ઞાન થાય છે ને. આવા પ્રસંગ દેખીને માતા પાસે જઈને (આજ્ઞા લઈ) જંગલમાં ચાલ્યા જાય છે. અલોક જગાઉં જંગલમાં એકલો. અલોક જગાઉં જંગલમાં એકલો. સમજાય છે? લ્યો, શ્વેતાંબરમાં ...ની વાત આવે છે. સવારમાં કહી હતી ને? આઠ વર્ષની ઉંમરનો રાજકુમાર. પછી એને વૈરાગ્ય થાય છે. ત્યારે માને પૂછે છે, માતા! મારે તો દીક્ષિત થાવું છે. અરે..! બેટા! પણ તું આઠ વર્ષનો અને ભાઈ! આ રીતે તું શી રીતે દીક્ષા.. માતા! મને એટલી તો ખબર છે હોં! કે આ દેહ સંયોગી ચીજ છે તો એકવાર છૂટી જશે. કયે કાળે છૂટશે માં! એની મને ખબર નથી. સમજાણું કાંઈ? એ વૈરાગ્યમાં ... આઠ વર્ષે દીક્ષિત થઈ જાય છે. સાંભળ્યું છે કે નહિ? એય..! પ્રાણભાઈ! ... .. તમારી ભાષા. .. રાજકુમાર. ..

પછી એમાં તો એવી વાત આવે છે જરી. નાનો બાળક છે ને મુનિ થયો. તો એ જંગલ જાય છે મુનિ સાથે. એમાં વરસાદ આવે છે. આ બાળક છે ને એટલે એવી વાત આવે છે એમાં. શ્વેતાંબરમાં. પાણી વહે છે ને પાણી? બાળબુદ્ધિએ ત્યાં પાળ બાંધે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાણી વહે છે ને. સાધુ એની શંકા કરે છે એમ કે ભાઈ! આ શું? .. વાત લ્યે છે, એ કંઈ વાત સાચી નથી, એ વાત સત્ય નથી. પણ એમાં તો વૈરાગ્યની વાત એક છે કે એને એ પાણી વહે છે પછી પાત્ર મૂકે છે. પાત્રા-બાત્રા મુનિને હોતા નથી.

'નાવ તરે રે મોરી નાવ તરે, મુનિવર જળશું ખેલ કરે.' જુઓ! .. આવી ગયું છે. પાતરું હોય ને નાનું પાતરું. પાણી ભરાય પછી એમાં મૂક્યું. વાત તો અંદરમાં પડેલી વાત હોં! અંદર અભ્યંતરમાં. એણે તો બીજી રીતે ઉતારી હતી, હું તો અંદર ઉતારતો. 'નાવ તરે રે મોરી નાવ તરે,..' યાદ છે? એકવાર પર્યુષણમાં બોલ્યા હતા. ઓલા બધા અમૃતલાલ શેઠિયા આવ્યા હતા ત્યારે. અમૃતલાલ શેઠિયા હતા ને. એ ત્યાં હતાને રાણપુર. પર્યુષણમાં બધા આવે ને. (સંવત) ૧૯૮૪ની સાલમાં. તપસીના અપાસરે.

નાવ તરે રે મોરી નાવ તરે, મુનિવર જળશું ખેલ કરે,
મોહનીય કર્મના એ ... મુનિવર બોલે નાનડિયારે બાળા.

એ .. નાના હતા ને નાની ઉંમરમાં. .. જ્ઞાનજળમાં પોતાની નાવ તરે છે. સમજાય છે? અંતર ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા એમાં એકાગ્ર થઈને પોતાનો સંસાર .. રહ્યો છે. એ આઠ વર્ષનો બાળક પણ સ્વરૂપમાં રમણતા કરે છે. આહાહા..! આત્મા ક્યાં બાળક છે? ઇન્દ્રિયોનું લક્ષ છૂટી ગયું છે. ખંડ ખંડ ઇન્દ્રિયનું ભાન છૂટી ગયું છે. એકલો ચૈતન્યગોળો ભિન્ન છે તેવો ભાસે છે. સમજાણું કાંઈ? એને ઇન્દ્રિયના વિષય તરફનું લક્ષ જ નથી. એને સમ્યગ્દૃષ્ટિ અને મુનિ કહેવામાં આવે છે. ભીખાભાઈ! મા! મને રજા દેને. મારે આત્મા સાધવો છે. આત્મા સધાય નહિ ઘરમાં? માતા! આ પ્રવૃત્તિના પરિણામથી હવે હું થાક્યો છું, હોં! હું થાક્યો છું. હવે મને થાક લાગે છે. પ્રવૃત્તિના વિકલ્પોથી મને થાક લાગે છે, હવે થાક્યો છું. થાકને શું કહે છે હિન્દીમાં?

મુમુક્ષુ :- થકાવટ.

ઉત્તર :- થકાવટ લગતી હૈ. મને થાક લાગે છે. હું ચૈતન્ય પ્રભુ છું ને. હું તો વીતરાગી આનંદકંદ પ્રભુ એમાં રમવા માગું છું. જનેતા! હે માતા! મરીને ઉપાડીને બધા સ્મશાનમાં લઈ જાય છે. આ મને જાતે જવા દેને સ્મશાનમાં ચાલીને. એ ગજસુકુમાર એમ કહે છે. ગજસુકુમાર દીક્ષા લેવા ગયાને, એની માને. દેવકીને. એમાં આ કહે છે. માતા! બીજાને મરવા પછી દેહ ઉપાડીને લઈ જાય છે સ્મશાનમાં. પણ મને આ દ્વારિકાના મહાસ્મશાનમાં એકવાર ધ્યાન લગાવવા રજા આપી દે. હું જાતે ચાલીને જાઉં. ... બેટા! જેમ સુખ ઉપજે એમ કરો. પ્રતિબંધ પ્રભુ! આહાહા..! ક્યાંય અટકતો નહિ. માતા એમ પાછી કહે છે. સમજાય છે? ભગવાનની આજ્ઞા લેવા જાય છે. પ્રભુ! મારે તો દ્વારિકાના મહાસ્મશાનમાં ધ્યાનમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રહેવું છે. બાર .. પડિમા થાય છે ને? .. માં થાય છે બાર. છે આપણે સામાયિકના પાઠમાં. પડિક્કમણાના પાઠમાં છે. બીજે ક્યાંય નથી. શ્વેતાંબરમાં.. .. છે ને. બાર પડિમા. છે બધું વાંચેલું છે. .. બારમે પડિમા થાય છે ..

ચૈતન્યબિંબની અંદરમાં નજરું જ્યાં નાખી ઠરી ગયા. પ્રભુ! .. આત્મા .. નાથ! આ સ્મશાનમાં જાઉં છું ચાલીને. બધા મડદાને લઈને (જાય), પ્રભુ! આ શરીર (મડદું), મારે જાવું છે. મને ધ્યાન કરવા દ્યો. મને આત્માનું કરવા દ્યો. જેમ આત્માને આનંદ થાય તેમ કરો, પણ .. પ્રમાદનું વિઘ્ન થવા દેશો નહિ. આહાહા..! એવા ટાણા મનુષ્યપણાના મળ્યા. અને એ ટાણે ન કરે તો કે દિ' કરશે?

એવી અંતર કહે છે પાંચ ઈન્દ્રિયો. એક ઈન્દ્રિયથી દષ્ટિ છૂટી ગઈ છે ધર્મીની. એ તો રજકણ માટીની પર્યાય. એ મારામાં નહિ અને એ પર્યાયનો હું કર્તા નહિ. એક ઈન્દ્રિયની પર્યાયનો હું કર્તા નહિ. એ મારા કામ નહિ. હું તો જ્ઞાનસ્વરૂપ છું. એમાં એ શ્રોત ઈન્દ્રિય પણ મારા સ્વપરપ્રકાશક જ્ઞાનમાં નિમિત્તપણે થાય છે. સમજાણું કાંઈ?

એમ '**ચક્ષુ,...**' આ આંખ માટીની બનેલી છે. આહાહા..! કાલે હતી આંખ અને અત્યારે થઈ રાખ. બે વાર જતા-આવતા જોયું મેં તો. વૈરાગ્ય માટે. મારે તો ક્યાં .. જતાં પણ જોયું હતું. એ રજકણના પિંડલા માટીના પડ્યા રહ્યા. એ ચૈતન્ય હંસલો ચાલ્યો ગયો. જુદા હતા તે જુદો જ હતો અંદર. પણ કોઈ દિ' અંદરમાં તપાસ કરી નહિ, શોધ કરી નહિ. જ્યાં શોધવું છે ત્યાં શોધ્યું નહિ અને બીજાને શોધવામાં કાળ જાય છે. મરણ ટાણે ભિંસાઈને દેહ છૂટી ગયો.

ધર્મીને આત્મા... એ ચક્ષુ કહે છે કે આ ચક્ષુ જડ છે ને. અજ્ઞાની એ ચક્ષુના રજકણની પર્યાયના સ્વામીપણે માને છે કે આ મારી ચીજ છે, હું આમ કરી શકું, આમ કરી શકું, આમ. કરું. ભાઈ! એ તારા કામ નહિ. એ જ્ઞાન પર્યાય આને હલાવી શકે આંખને આમ આમ એ ન કરી શકે ભાઈ! આ તો જડની પર્યાય છે. પણ એને અભિમાન અંદરથી છે ને કે હું આમ કરું.. આમ કરું છું.. આમ કરું છું. બાપુ! એ આ તો માટીની પર્યાય છે ભાઈ! તું એની માટી નહિ. તું તો ચૈતન્યની માટી છો. આહાહા..! વીરચંદભાઈ!

જ્યાં ચૈતન્ય ત્યાં અનંત ગુણ કેવળી બોલે એમ.
પ્રગટ અનુભવ આપનો પ્રગટ કરે સો પ્રેમ,
ચેતનપ્રભુ તેરી પ્રભુતા રે ચૈતન્ય ધામમાં.

તારી પ્રભુતા ભગવાન! તારા અનંત ગુણમાં શાંતિમાં છે. ભાઈ! આંખમાં નહિ. મારી આંખ આવડી, મારી આંખ આમ. બાપુ! એ આંખ તારી નહિ. ભાઈ! આંખ તો જડના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

રજકણની રચના છે. એ જડના રજકણની રચના, બાપા! તારામાં ત્રણ કાળમાં નથી. આહાહા..! થોડાક રજકણ આવીને રોકાઈ ગયાને તો એનાથી ડોળો કાળો ઈ હું અને ધોળો ઈ હું અને આમ કરું હું. એમ થઈ ગયું છે એને. સમજાણું કાંઈ?

ધર્મી જીવને એ આંખનું સ્વામીપણું નથી. અને આંખ તરફનું રૂપ જે છે ભગવાન આદિને દેખે... સમજાય છે? એના તરફનો કોઈ વિકલ્પ થાય, એ વિકલ્પ, આંખ અને ભગવાન ત્રણે, ચૈતન્ય સ્વરૂપ છું એવું અંતર ભાન થયા છે, તેના જ્ઞાનમાં આ ત્રણે ચીજ નિમિત્ત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? બહિર્મુખ દૃષ્ટિ જેની છે, જેને ખંડ ઈન્દ્રિય વસ્તુમાં આ જડ ઈન્દ્રિય માટીમાં જેની રુચિ અને જેના લક્ષમાં ધ્યેય છે, એ બહિર્મુખ દૃષ્ટિ છે. બહિર્મુખ દૃષ્ટિએ જ્યાં જ્યાં જોવે ત્યાં ત્યાં એના લક્ષે જે કાંઈ રાગાદિ થાય તેનો તે કર્તા થાય છે. કેમ કે બહિર્દૃષ્ટિ છે. કર્તા થતાં તેને નવા કર્મબંધનમાં તેના પરિણામ નિમિત્ત કર્તા તરીકે કહેવામાં આવે છે. આહાહા..! એ ચક્ષુ ઈન્દ્રિયના ચક્ષુ ઈન્દ્રિયના સંબંધી, એને જોઈને રૂપ સંબંધી અને એ સંબંધી થયેલો તે વિકલ્પ, અંતર્મુખ પરિણામ ચૈતન્યના અંતર વળ્યા છે જ્ઞાનીના, તેથી તેના જ્ઞાનમાં એ ત્રણે નિમિત્ત કહેવામાં આવે છે. પોતે બંધનમાં નિમિત્ત છે એમ છે નહિ. આહાહા..!

એમ '**ઘ્રાણ...**' નાસિકા આમ કરે તો આમ થાય અને શ્વાસ આમ થાય. બાપુ! એ તો જડની પર્યાય છે, ભાઈ! એ નાસિકા આમ થાય એ તો જડને લઈને છે, તારે લઈને નહિ. ભાઈ! તારામાં એ રજકણ નથી. તારામાં નથી તેને તું કેમ બદલાવી શકે? એ નાસિકાના રજકણો એને અને ખંડ ખંડ ઘ્રાણઈન્દ્રિય, એનો જે સ્વામી થાય છે તેને રાગની ઉત્પત્તિ એટલે વિકારની ઉત્પત્તિનો કર્તા થઈને મિથ્યાદૃષ્ટિ થાય છે. આહાહા..! અને તે મિથ્યાત્વ પરિણામ તેને દર્શનમોહના પરિણામ બંધાય તેમાં નિમિત્તપણે કર્તા કહેવાય છે. આહાહા..! અહીં આઠ કર્મ લીધા છે, એનો અર્થ ત્યાં દર્શનમોહ પણ સાથે છે ને? આહાહા..!

એ ઘ્રાણ ઈન્દ્રિયનો સ્વામી થાય, તેની ખંડ ઈન્દ્રિયનો સ્વામી થાય, જડનો સ્વામી થાય અને એમાં જે પાછા ગંધ, એને લઈને મને જ્ઞાન થાય છે. એવી જેની બહિર્દૃષ્ટિ છે એને તે વિકલ્પનો કર્તા થઈને દર્શનમોહના રજકણો બંધાય તેમાં તેના પરિણામ નિમિત્ત થાય છે. આહાહા..! ભગવાન! તારે ક્યાં કરવું છે? ક્યાં કર્તા થઈને તારે રોકાવું છે? ભાઈ! એ તારી ચીજ નહિ. એનાથી ભગવાન અતીન્દ્રિય આનંદ સ્વરૂપ ભિન્ન છે ને! બાપુ! એ ઈન્દ્રિયને અડ્યો પણ નથી આત્મા. અતીન્દ્રિય આનંદ ભગવાન આત્મા આ ઘ્રાણને અડતો પણ નથી. તેના પ્રદેશ એને અડતા પણ નથી. અડ્યા વિના આ ઘ્રાણની ક્રિયા થાય આત્માથી એ વાત નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! અતીન્દ્રિય વસ્તુને ઈન્દ્રિયમય માનવો, ખંડ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઈન્દ્રિમય માનવો કે આ ઈન્દ્રિમય માનવો, એનું નામ જ મિથ્યાદષ્ટિ છે. એણે જડને ખંડને ખંડપણે આત્માનો સ્વીકાર (કર્યો) એનું નામ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ?

કહે છે કે એ ઘ્રાણ ઈન્દ્રિયનું જ્ઞાનીને જ્ઞાન થાય છે. આહા..! અંતર્મુખ દષ્ટિ વળી છે ને. અંતર્મુખ ચૈતન્યના તેજ જેણે જોયા, જાણ્યા અને અનુભવ્યા છે. એવા સમ્યગ્દષ્ટિને ઘ્રાણ ઈન્દ્રિય અને તેના ગંધ આદિ સામે, એ બધા સ્વપરપ્રકાશક જ્ઞાનમાં આમ નિમિત્ત થાય છે. એને સ્વપરપ્રકાશ પર્યાય અને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! એણે આત્માને ઉદ્ધાર્યો, ઉગાર્યો. સમજાણું કાંઈ? આવી વાતું.

અરે..! ભગવાન! બાપા! તારી વાત શું કહે? તારી વાતું કહેતા જ્યાં રસ ઉઠે, તારા સ્વરૂપના અનુભવની શું વાતું! એવા ચૈતન્ય તેજના ભરેલા ભગવાન આત્મા છે ને. એનામાં આનંદ છે, ભાઈ! એ આનંદ ઈન્દ્રિયમાં નથી, એ વિષયમાં નથી અને એના તરફ ઉઠતો વિકલ્પ એમાં આનંદ છે નહિ. આહાહા..! 'હોંશીડા મત હોશ ન કીજે' એક સજ્ઝાય આવે છે. ચાર સજ્ઝાયમાળા આવે છે ને? શ્વેતાંબરમાં સજ્ઝાય માળા છે. એ તે દિ' દુકાન ઉપર બધું વાંચેલું છે ને. ... 'હોંશીડા મત હોંશ ન કીજે' બહારની હોંશ કરીશ નહિ. કે આમ મેં કરી દીધું, મેં આનું આમ કર્યું, મેં આના કર્યા, મેં ઈન્દ્રિયને સારી રાખી. એ મરી ગયો તું, સાંભળને! આહાહા..! તારા ચૈતન્યના જ્ઞાનના તેજને આના કર્યા એમ રોક્યો, એ તારા જીવનું મૃત્યુ છે, બાપુ!

એક યાદ આવ્યું હતું સવારમાં, નહિ? ભાઈ જાતિસ્મરણનું. એક એવી વાત છે કે આત્માનો ઉપયોગ જે રસ્તામાં રહેતો નથી એનું નામ જ મૃત્યુ ખરેખર કહેવાય છે. એ ત્યાં છે. વાત સાચી છે. પંડિતજી! રસ્તામાં ઉપયોગ નથી રહેતો ને. લબ્ધરૂપ રહે છે. ઉપયોગ ન રહે. કારણ કે એક સમય ને. એક, બે, ત્રણ સમય. ઉપયોગમાં તો અસંખ્ય સમય જોઈએ. એટલે ત્યાં તત્વાર્થ સારમાં લખ્યું છે કે ભાઈ! મૃત્યુ ખરેખર કોને કહેવું? દેહ છૂટે એ નહિ. પણ ઉપયોગ જ ત્યાં કામ કરતો નથી એના વેપારરૂપ, એનું નામ મૃત્યુ. આહાહા..! લબ્ધરૂપ રહે. ભલે ધવલમાં તો રસ્તામાં પણ ઉપયોગ ગણ્યો છે. પણ એ ઉપયોગ ગણ્યો એ તો જ્ઞાન અને દર્શનનો પર્યાય .. છે એ અપેક્ષાએ. સાથે છે પર્યાયમાં બીજા ભવમાં. .. આ થઈ ગયું. એમાં કહ્યું છે કે રસ્તામાં પણ બે ઉપયોગ છે-જ્ઞાન અને દર્શન. મતિ, શ્રુત, અચક્ષુદર્શન. સમજાય છે? .... ઉપયોગ ગણ્યો છે. ઉપયોગ એટલે ત્યાં વેપાર એમ નહિ. અહીંથી દેહ છૂટ્યો અને બીજા દેહના રસ્તામાં છે તેને ઉપયોગ નથી, ઉપયોગ તો અસંખ્ય સમયમાં કામ કરે છે. એથી ઉપયોગ નથી તેને મૃત્યુ કહેવાય. બાકી મરે કોણ? આહાહા..! કહો, ભીખાભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં કહે છે, ભગવાન આત્મા પોતાના ચૈતન્યની પ્રાપ્તિ લબ્ધિમાં, સ્વરૂપમાં થઈ છે અને ઉપયોગ જ્ઞાયકમાં વર્તે કે ભલે રાગમાં વર્તે, છતાં એના લબ્ધનું જ્ઞાન તો કામ કરે છે કે હું તો શુદ્ધ ચૈતન્ય છું, રાગાદિ નથી. સમજાણું કાંઈ? એને આ ઘ્રાણ ઈન્દ્રિય જ્ઞાનમાં પોતાના સ્વરૂપની અંતર્મુખની પ્રાપ્તિ છે ને, તેના અંતરના કારણે તે ઘ્રાણ ઈન્દ્રિય નિમિત્ત જ્ઞાનમાં થાય છે. પોતે એને બંધમાં કે રાગમાં નિમિત્ત થાય એમ આત્મા છે નહિ. રાગમાં નિમિત્ત થાય એમ આત્મા નથી. સાંભળો! વળી એ શું આવ્યું? સમજાણું? એ આવે છે. યોગસારમાં આવે છે. યોગસાર છે ને અમિતગતિનું? એમ કે અજ્ઞાનીનો આત્મા રાગમાં નિમિત્ત છે. આત્મા રાગમાં પણ નિમિત્ત નથી .. સ્વભાવ નિમિત્ત છે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- આત્મા શેમાં છે?

ઉત્તર :- આત્મા શેમાં હોય? એઈ..! આહાહા..!

ભગવાન આત્મા વસ્તુ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એ ખરેખર તો કષાયમાં પણ નિમિત્ત નથી. એ તો એક સમયની પર્યાય નિમિત્ત છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે ભાઈ! તું જ્ઞાનનો નાથ છો ને. આ તો માટીની પર્યાય. ખંડ છે ને એ તો એક અંશ છે. એ પણ ખરેખર અણાત્મા છે. એક સમયનો ખંડ પર્યાય તે આત્મા નહિ. વ્યવહાર આત્મા એટલે અભૂતાર્થ આત્મા થઈ ગયો છે. આખો ભૂતાર્થ આત્મા ન રહ્યો. આહાહા..! ભગવાન આત્મા વસ્તુ.. વસ્તુ... વસ્તુ... પૂર્ણ ઘન ચૈતન્યનું જ્યાં અંતર તત્વાર્થ, સત્યાર્થ, ભૂતાર્થ આત્મા, છે એવા આત્માની દૃષ્ટિ થઈ એની ઘ્રાણ એના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. .. થાય છે ને. આવે છે ને બંધમાં? બંધ અધિકારમાં આવે છે. દ્વિરૂપતા. રાગ થયો એને જ્ઞાનમાં નિમિત્ત થયું છે. જ્ઞાન બે પણું પામ્યું. પોતાનું જ્ઞાન અને એનું જ્ઞાન એ દ્વિરૂપતા થઈ. સમજાણું? આહાહા..! એ બંધ અધિકારમાં છે.

અહીં કહે છે કે ભગવાન આત્મા પોતાના અંતર્મુખ ચૈતન્યના સ્વભાવની દૃષ્ટિ થઈ ત્યારે તેને જ્ઞાનમાં, ઉપાદાનપણે તો પોતાનું જ્ઞાન જ પરિણમે છે તે કાળે. એને આ ઘ્રાણ નિમિત્ત કહેવાય છે.

એમ '**રસન...**' જીભ. આ જીભનો આત્મા સ્વામી છે કે લવો આમ ફેરવી શકે? રસ લેવા ટાણે. રસ લેવા ટાણે. આ રજકણો હલે છે એ આત્માથી નહિ. અરે..! આત્માથી હોય તો બોલવા ન દે, ભાઈ! એ .. શું કહે છે? એ કોણ કહે? ભાઈ! એ રજકણની પર્યાયના કાળે રજકણ ઉઠ્યા. આત્મામાં રજકણ છે તો એ ભાષા આત્મા કરે? આહાહા..! કહો, સમજાણું આમાં? ભારે ભાઈ! આવો ધર્મ આવો મોંઘો હશે? આવો ધર્મ.. સમકિત મોંઘુ બહુ કરી નાખ્યું. એક જણો એમ કહેતો હતો. મોંઘુ નથી, એવું જ છે. જે ચીજ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ પૂર્ણાનંદથી ભરેલો પદાર્થ, એનું જ્યાં અંતર ભાન થયું, સમ્યક્ થયું એ વસ્તુ સત્ય છે. સમજાણું કાંઈ? બાકી બધા રાગ અને ફાગ બધા હોય તે જ્ઞાનમાં જાણવા લાયક છે. આહાહા..! અરે..! ચૈતન્ય હીરો એની એણે કિંમત ન કરી. એની કિંમત ઇન્દ્રિયોમાં ગઈ. ઇન્દ્રિય કાંઈક સારી હોય ને જીભને, બોલવામાં વ્યવસ્થિત હોય. બહુ હુશિયાર છે. ઓહોહો..! બબ્બે કલાક બોલી શકે છે. બાપા! બોલવાની ક્રિયા ભાઈ તારી નહિ, હોં! અને રસ લેવાની ક્રિયા એમ થાય એ જીભ પણ તારી નહિ. આહાહા..! આ તો રજકણનો પિંડ માટી ધૂળ. આમ આમ હાલે એ બાપા! તારાથી નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ જ સત્ય છે. દેખતા નથી અહીં? જોદ્ધા જેવા ચાલ્યા જાય છે રજકણને છોડીને. આ..આ... બોલવું હોય તો... થઈ રહ્યું. કોણ કહે? ભાઈ! કહેવાનું ક્યાં આત્મામાં છે? એ કહેવાની કહેણી વાતું ક્યાં આત્મામાં છે? આહાહા..!

જ્યાં સુધી એને બીજાને કહું તો કંઈક બીજાને સમાધાન થાય તેમ .. ત્યાં સુધી અજ્ઞાની મૂઢ છે કહે છે. તારું સમાધાન તો વાણી નીકળે અને ઓલાને ઠીક પડે તો તને સમાધાન થાય? આહાહા..! એના હૃદયમાં મેલ નહિ, મારા પ્રત્યે એને અનાદર છે તો એને હું કંઈક કહું તો અનાદર એના હૃદયમાંથી કઢાવું. એક તો કઢાવુંનો કર્તા થાય. એક તો વાણી બોલું ત્યારે એને સંતોષ થાય. વાણી નીકળવી, ન નીકળવી જડને કારણે છે. એ.. વીરચંદભાઈ! વાતું બાપા એવી છે અહીં તો. 'હીરના સૂતરે, હીરના સૂતરે..'

કહે છે, આ જીભ બાપુ તારી નહિ, હોં! આ રાખું થઈ ગઈ. આહાહા..! અને રાખ જ છે અત્યારે. ભાઈ! એ તારી નહિ, હોં! ત્રણ કાળમાં તારી નહિ. કાંઈ રજકણ તે આત્માના હોય? અને એ રજકણ તરફની ઇચ્છા વૃત્તિ થઈને જરી રસને જાણવાનો વિકલ્પ, એ વિકલ્પો તારા નહિ. અને એનાથી જે આ રસનું જ્ઞાન થયું, રસ-રસ, એ રસને લઈને નહિ. સમજાણું કાંઈ? આત્માને લઈને જે સ્વલક્ષી થઈને જે જ્ઞાન થયું તેમાં તે રસઇન્દ્રિય, એના તરફનો વિકલ્પ અને રસ એ ત્રણે જ્ઞાનના ઉપાદાનમાં નિમિત્ત કહેવાય છે. એ રસને લઈને અહીં જ્ઞાન થયું છે એમ નહિ રસનું. ..જ્ઞાન એનામાં હતું? આમાં જ્ઞાન હતું આ? એને લઈને જ્ઞાન થયું? આ તો જડ માટી છે. જેમાં જ્ઞાન છે એવો ચૈતન્ય જ્યાં દૃષ્ટિમાં આવ્યો એથી તે જ્ઞાનના પર્યાય પોતાથી તે કાળે સ્વપરપ્રકાશક પરિણમે છે. એમાં જડના રજકણો જ્ઞાનમાં નિમિત્ત કહેવાય છે. આહાહા..! કહો, હવે એને બંધન છે કે નહિ? પાટણીજી! આહાહા..!

પ્રભુ! તું તો બાપુ! તારી વાત તો અબદ્ધસ્પૃષ્ટ છે તું. ભગવાન! બદ્ધસ્પૃષ્ટ તેં માન્યું છે. માન્યું છે. વસ્તુ ચૈતન્ય બંધાય? ભગવાન ચૈતન્ય ગોળો એ તે બંધમાં હોય? આહાહા..!

સમજાણું કાંઈ? રસન.

**'અને સ્પર્શન...'** લ્યો, આ સ્પર્શ. આ સ્પર્શે ત્યાં માખણ જેવું. આ મેં સ્પર્શ્યું આમ કરીને. કહે છે, મૂઢ છો. સ્પર્શ ઈન્દ્રિય જડ છે, આ તો માટી છે. શરીરને અડ્યું કો'કના શરીરને એ અડ્યું નથી. એ સંબંધીનું તારામાં જ્ઞાન પરલક્ષી થવાની લાયકાતથી તને જ્ઞાન થયું છે. એને લઈને નહિ. પણ અજ્ઞાનીને એને લઈને થાય, દૃષ્ટિ સ્પર્શ ઉપર છે. લક્ષ સ્પર્શના ભાવ ઉપર છે. એથી વિકલ્પ ઉઠ્યો તેનો કર્તા થઈને મારા બંધનમાં એ નિમિત્ત કર્તા કહેવાય છે. અણીન્દ્રિય ભગવાન આત્મા છે. એને સ્પર્શ કેવા? આ માટીના સ્પર્શ ભગવાનને કેવા અંદર? આહાહા..! ભોગના વિકલ્પ કાળે જ્ઞાનીને પણ સ્પર્શન શરીર અને સ્ત્રીનું શરીર એ અંતર્મુખ દૃષ્ટિમાં અંતર્મુખ જ્ઞાનનું વેદન છે. તેથી તેને તે વિકલ્પ તે શરીરની પર્યાય અને સામાની પર્યાય એ બધાનું જ્ઞાન થાય છે. એટલે આને લઈને નહિ. પોતાને લઈને જ્ઞાન થાય એમાં નિમિત્ત કહેવાય છે. આહાહા..! વીરચંદભાઈ! આ ભારે. માર્ગ એવો છે. દુનિયાને સાંભળવા મળે નહિ માર્ગ પ્રભુનો. એટલે એને એમ લાગે કે આ તો .. બાપુ! રીત જ માર્ગની પોકાર-રીત જ આ છે. **'સ્પર્શનનાં સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં; અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.'** એ ગાથા પૂરી થઈ.

**'વળી અજ્ઞાની પણ પરદ્રવ્યના ભાવનો કર્તા નથી એમ હવે કહે છે :-'** ૧૦૨. કર્તા અને ભોક્તા ભેગું લે છે, હોં!

**जं भावं सुहमसुहं करेदि आदा स तस्स खलु कत्ता।**
**तं तस्स होदि कम्मं सो तस्स दु वेदगो अप्पा।।१०२।।**

**જે ભાવ જીવ કરે શુભાશુભ તેહનો કર્તા ખરે,**
**તેનું બને તે કર્મ, આત્મા તેહનો વેદક બને. ૧૦૨.**

અજ્ઞાનીની વાત છે હોં આ. અરે..! ભગવાન આત્મા. ભાષા આ છે હવે એમાંથી સવળું કાઢીને અવળું કહેશે.

**'ટીકા :- પોતાનો અચલિત વિજ્ઞાનઘનરૂપ એક સ્વાદ હોવા છતાં...'** જુઓ! શું કહે છે? ભગવાન આત્મા પોતાનો એટલે સ્વનો અચલિત-ચળે નહિ એવો. વિજ્ઞાનઘનરૂપ એક આનંદ સ્વાદ હોવા છતાં. સ્વરૂપ તો એકરૂપ સ્વાદ આત્માનો છે. વસ્તુ વિજ્ઞાનઘન જેને આનંદ અને જ્ઞાનનો સ્વાદ એકરૂપ છે. **'પોતાનો...'** પ્રભુ આત્માનો **'અચલિત...'** ચળે નહિ એવી **'વિજ્ઞાનઘનરૂપ...'** જે વસ્તુ એનો **'એક સ્વાદ...'** છે. એકાકાર સ્વાદ છે. આવું હોવા છતાં. એવી દૃષ્ટિના આવા તત્ત્વને લીધા વિના **'છતાં પણ આ લોકમાં...'** આ જગતની અંદર **'જે આ આત્મા...'** જે આ આત્મા **'અનાદિ કાળના અજ્ઞાનને**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**લીધે...**' ભાષા આ. અનાદિ કાળના અજ્ઞાનને લીધે. કર્મને લીધે પણ છે નહિ.

ભગવાન આત્મા વિજ્ઞાનઘન જેનો એકરૂપ સ્વાદ છે. એ આનંદનો એકરૂપ જ્ઞાનનો સ્વાદ એ આત્મા છે. સમજાય છે કાંઈ? આત્મા અચલિત વિજ્ઞાનઘન એકરૂપ સ્વાદ, અખંડ આત્માનો સ્વાદ અખંડ છે અંદર. એની જ્યાં દૃષ્ટિ નથી એવા આત્માનો અંતર સ્વીકાર નથી, એ અનાદિ કાળના અજ્ઞાની, એવા સ્વરૂપના અનાદિ કાળના બેભાનને લઈને વિજ્ઞાનઘન આનંદકંદના અજ્ઞાનપણે પોતાના સ્વરૂપને નહિ જાણતો આત્મા.

'**પરના અને પોતાના એકપણાના અધ્યાસથી...**' પોતે વિજ્ઞાનઘન આનંદ છે અને શુભાશુભ રાગ છે તે પર વિકાર છે. દેહાદિની અહીં વાત નથી હવે. દેહાદિનો તો કર્તા આત્મા છે જ નહિ. એ તો માટી જડ છે એની શું ક્રિયા કરે? એને શું હલવે? એને શું બોલે? એમાં શું મૌન રહે? એને શું ગતિ કરે? એ તો જડની પર્યાય છે. ભગવાન આત્મા અચલિત. પોતાનું વિજ્ઞાનઘન સ્વરૂપ આનંદમૂર્તિ પ્રભુ આત્મા છે. જેને અણીન્દ્રિય આત્માના વિજ્ઞાનઘનના સ્વાદ એકરૂપ જ્યાં દૃષ્ટિ નથી, એ અનાદિથી '**અનાદિ કાળના અજ્ઞાનને લીધે...**' એ આત્મા પોતાના વિજ્ઞાનઘનના આનંદના સ્વાદના અજ્ઞાનને લીધે જેના એણે જ્ઞાન જ કર્યા નથી. અનાદિ કાળથી એકેન્દ્રિયથી માંડી, નિગોદથી માંડી એ ભગવાન આત્મા જુદા તેને જુદો જાણ્યો નથી.

તેથી '**પરના...**' એટલે પુણ્ય-પાપના ભાવ '**અને પોતાના...**' એટલે વિજ્ઞાનઘન. '**એકપણાના...**' ટેવ પડી છે, એને આદત થઈ ગઈ છે. શુભઅશુભ. શુભ રાગ તે મંદ છે, અશુભ તે તીવ્ર છે. એવા '**સ્વાદવાળી પુદ્‌ગલકર્મના વિપાકની બે દશાઓ વડે પોતાના (વિજ્ઞાનઘનરૂપ) સ્વાદને ભેદતો થકો...**' શું કહે છે? ભગવાન આત્મા એ વસ્તુ છે, વિજ્ઞાનઘન ચૈતન્ય છે. જેનામાં એકલો જ્ઞાનનો આનંદરસ એકરૂપ પડેલો છે. એવા વિજ્ઞાનઘન એના અજ્ઞાનને લીધે. એની એને ખબરું નથી, એની એને પીછાણ નથી. એમાં એણે કોઈ દિ' નજર કરી નથી. એથી પરના એટલે પુણ્ય-પાપના વિકલ્પો. દયા, દાન, વ્રતના વિકલ્પો એ શુભ. હિંસા, જૂઠ્ઠ, ભોગના વિકલ્પો એ પાપ. એ પરના અને પોતાના વિજ્ઞાનઘનના આનંદ સ્વાદને અને પુણ્ય-પાપના મંદ-તીવ્ર જે પરિણામ, મંદ નામ શુભરાગ અને અશુભ તીવ્ર, એના '**એકપણાના અધ્યાસથી...**' એની એકપણાની ટેવથી, બેમાં એકપણાની આદતથી ટેવાઈ ગયેલો હોવાથી '**મંદ અને તીવ્ર સ્વાદવાળી...**' શુભરાગમાં મંદ સ્વાદ છે પુદ્‌ગલ કર્મના પાકનો. અશુભરાગમાં તીવ્ર સ્વાદ છે આકુળતાનો.

એ '**પુદ્‌ગલકર્મના વિપાકની બે દશાઓ વડે પોતાના (વિજ્ઞાનઘનરૂપ) સ્વાદને ભેદતો થકો...**' જેમ પાણીના પુર હોય એમાં પુલ આવે પુલ. પાણીના પુર જ્યાં પુલ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવે ત્યાં ભેદ પડી જાય. એકરૂપ પાણીના પ્રવાહમાં ખંડ પડી જાય પુલને લઈને. એમ ભગવાન આત્મા એકરૂપ ચૈતન્ય વિજ્ઞાનઘનનો પુર છે. એના મંદ અને તીવ્ર શુભાશુભ પરિણામના પુલ ખંડ ખંડ કરી નાખે છે. સમજાણું કાંઈ? અજ્ઞાનને લીધે. આ વસ્તુ આવી છે એવું એને ભાન નથી.

એથી '**મંદ અને તીવ્ર સ્વાદવાળી પુદ્ગલકર્મના વિપાકની...**' એટલે ખરેખર પાક પુદ્ગલનો છે. શુભ અને અશુભ ભાવ એ પુદ્ગલના પાક. ભગવાન ચૈતન્યના પાક નહિ. ભગવાન આત્માના ક્ષેત્રનો ભાવ તો અતીન્દ્રિય આનંદ પાકે એવું એ ક્ષેત્ર છે. આહાહા..! કેટલાક ક્ષેત્ર એવા હોય છે ને જેમાં.. શું કહેવાય? કળથી પાકે. કળથી સમજો છો? કળથી-કળથી નથી કહેતા? .. એ પાકે. ત્યાં ચોખા-બોખા ન પાકે. .. ચોખા કાંઈ ધૂળમાં ન પાકે. સમજાણું? એમ ભગવાન આત્મા એક આનંદના સ્વાદની ખાણ ક્ષેત્ર છે એ તો. એકરૂપ આનંદ થાય એવું એ ક્ષેત્ર છે. અખંડ પ્રદેશીમાં અતીન્દ્રિય આનંદનું ધામ ભગવાન છે. એનો આનંદનો સ્વાદ એકરૂપ છે. પણ અજ્ઞાની તેના સ્વભાવને ન જાણતા અનાદિથી અજ્ઞાનને લીધે, સ્વરૂપના અબોધને લીધે પુદ્ગલ કર્મના પાકની મંદ અને તીવ્ર જે દશા શુભાશુભભાવ એ વડે. એ વડે. શુભાશુભભાવ વડે '**પોતાના સ્વાદને ભેદતો થકો...**' ભાષા જુઓ! કર્મને લઈને નહિ, પરને લઈને નહિ. શુભાશુભભાવને લઈને જ્યાં અંદર કર્તૃત્વ માન્યું (એમાં) આનંદના ભેદ પાડી નાખ્યો એણે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એકલો વિજ્ઞાનઘન, રસકંદ, આનંદકંદ છે એકરૂપ સ્વરૂપ છે એનું. એને પોતાના વિજ્ઞાનઘનના રસના સ્વાદના અજ્ઞાનને લઈને, આમ દૃષ્ટિ પર ઉપર છે તો કર્મના પાકમાં લક્ષ હોવાથી શુભ અને અશુભ બે પ્રકારના રાગ વડે '**બે દશાઓ વડે...**' જુઓ! એ બે વિકલ્પ શુભાશુભ પરિણામ છે, શુભ અને અશુભ રાગ છે, ભાવ છે. એ '**વડે પોતાના (વિજ્ઞાનઘનરૂપ) સ્વાદને...**' ભગવાન આત્મા વિજ્ઞાનઘન આનંદસ્વરૂપ છે એ. એને અજ્ઞાની પુણ્ય-પાપના ભાવ વડે તોડતો, અતીન્દ્રિય આનંદના સ્વાદને ભેદ પાડતો, તોડતો. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓ! આને .. પણ એ થયો કે '**પુદ્ગલકર્મના વિપાકની બે દશાઓ...**' છે ને? એ વડે. પુણ્ય-પાપ અને શુભ-અશુભ રાગ એ પુદ્ગલ કર્મના પાકની બે દશા છે. આત્માની નહિ. એવા ભગવાન આત્મામાં અંતર્મુખની દૃષ્ટિના અજ્ઞાનને લઈને, ભાન વિનાને લઈને એ પુદ્ગલ કર્મના પાક ઉપરના લક્ષથી જે શુભાશુભભાવ (થાય) એને લઈને પોતાનો સ્વાદ એટલે પોતાને અચલિત કીધો છે ને વિજ્ઞાનઘન સ્વાદ? એવો પોતાનો જ્ઞાનઘનનો જે સ્વાદ એને ભેદે છે એ. પુણ્ય-પાપના પરિણામને કરતો, શુભાશુભભાવને રચતો, શુભ અને અશુભ રાગની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પર્યાયને પર્યાયપણે સ્વીકારતો પોતાના આનંદના સ્વાદને તોડતો આનંદના ઘનના એકરૂપ સ્વાદને ભેદતો. સમજાય છે કાંઈ?

એ '**વડે પોતાના સ્વાદને ભેદતો થકો...**' એમ કીધું છે. પુણ્ય-પાપના વિકલ્પો છે. ચાહે તો વ્રતનો વિકલ્પ હો, ચાહે તો અવ્રતનો વિકલ્પ હો, ચાહે તો કષાય મંદ દયાનો હો, ચાહે તો હિંસાનો તીવ્ર હો. એવા શુભાશુભ પરિણામ એ પુદ્‌ગલ કર્મના વિપાકની બે દશાઓ વડે વિજ્ઞાનઘન જે આત્મા આનંદમૂર્તિ છે તેના આનંદને તોડતો, ભેદતો. સમજાણું કાંઈ? '**ભેદતો થકો...**' જુઓ આ ભાષા. '**સ્વાદને ભેદતો થકો અજ્ઞાનરૂપ શુભ કે અશુભ ભાવને કરે છે,...**' ભાષા જુઓ! શુભ અને અશુભભાવ એ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે ચૈતન્યના વિજ્ઞાનઘનનો જેમાં અભાવ છે. આહાહા..! એ રજકણ છે એમ નહિ. પાટણીજી! રજકણ છે અને વર્ણ-ગંધ છે એમ નહિ. પણ પ્રભુ ચૈતન્ય વિજ્ઞાનઘન છે. તે ચૈતન્યના પ્રકાશના નૂરનો શુભ-અશુભભાવમાં પ્રકાશનો અભાવ છે. એથી તેને અજ્ઞાન કહ્યું છે. જ્ઞાન-વિજ્ઞાનઘન આત્મા. સમજાણું કાંઈ?

'**શુભ કે અશુભ ભાવને...**' શુભ-અશુભ જે દશા કીધી છે ને? એ ભાવને કરે છે. એ કરે છે. ક્યાં કરે છે? કેમ કરે છે? કે ભગવાન અવિચલિત વિજ્ઞાનઘન છે, તેના અબોધ અને અજ્ઞાનને લઈને તેમાં પુણ્ય-પાપમાં પાક દશા જે કર્મની એને કરતો શુભાશુભભાવ જે અજ્ઞાન છે, જેમાં જ્ઞાનસ્વરૂપ નથી, જેમાં ચૈતન્યમૂર્તિ નથી એવા શુભાશુભભાવને કરે છે. આમ સ્વભાવ વિજ્ઞાનઘન ચૈતન્ય છું એની દૃષ્ટિ નથી. તેથી એકરૂપ સ્વાદ એને નથી. પણ એકરૂપ પુણ્ય-પાપના ભાવ વડે કરીને ચૈતન્ય સ્વભાવને ભેદતો, તોડતો, અભેદમાં ભેદ કરતો. '**તે આત્મા તે વખતે...**' તે આત્મા તે સમયે '**તન્મયપણે તે ભાવનો વ્યાપક હોવાથી...**' તન્મયપણે. તન્મયપણે. શુભાશુભભાવમાં એકરૂપપણે એ વ્યાપ્યનું વ્યાપક હોવાથી એ ભાવનો વ્યાપક આત્મા છે. આહાહા..!

ઓલા કહે, શુભભાવથી આત્માને ધર્મ થાય. શુભભાવથી સમકિત થાય. ભાઈ! .. શુભભાવ વડે આત્માનો એકરૂપ સ્વાદ, એ મંદ સ્વાદ જે કર્મનો વિપાક છે, એનાથી તે સ્વાદ ભેદ પામે છે. ભેદ પામે તે ભાવ અભેદપણાની વાત કરે? આહાહા..! શું થાય? એવી ચૈતન્યની સામર્થ્ય દશા એને અંતરમાં ભાસતી નથી. આ વસ્તુ મહાપરમેશ્વર છે. હું પોતે ચૈતન્ય શક્તિમાં પરમેશ્વર છું. રાગની વિભૂતિ એ મારી ચીજમાં નથી. એ વિભૂતિ મારી નહિ. અહીં તો હજી બહારમાં પણ પાંચ, પચાસ લાખ અને પાંચ-દસ લાખ અને શરીર સુંદર (હોય), એ અમારી વિભૂતિ છે. અરે..! ભગવાન! તારી વિભૂતિ બહારમાં ક્યાં રહી ગઈ? આ તો અંતરમાં શુભાશુભભાવની વિભૂતિ મારી માને તે આત્માના સ્વાદને લૂંટે છે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વસ્તુ છે ને પ્રભુ! તું પદાર્થ છો કે નહિ? અને પદાર્થ છે તો એ કોઈ વસ્તુના સ્વભાવ વિનાનો હોય? અને સ્વભાવ હોય એ વસ્તુ જેમ ત્રિકાળ રહે તો એનો સ્વભાવ પણ ત્રિકાળ રહે. તો ભગવાન આત્માનો જ્ઞાનસ્વભાવ, આનંદ સ્વભાવ, શાંતિ એટલે ચારિત્ર સ્વભાવ એ બધો ત્રિકાળ આત્મામાં પડેલો છે. ભાઈ! વીતરાગ સ્વભાવવાળું તત્ત્વ તે તું છો. વીતરાગ સ્વભાવવાળું તત્ત્વ જ આત્મા છે. એવા વીતરાગી સ્વભાવના સ્વાદને એકરૂપને, શુભાશુભભાવ વડે તોડતો તે શુભાશુભમાં વ્યાપક થઈને તેનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

અરે..! એને ટાણા મળ્યા ત્યારે સામું જોયું નહિ, હોં! કાંઈક... કાંઈક... કાંઈક... આડશ કરીને આથડ્યા જ કર્યો છે. એની એને દયા નથી હોં કહે છે. તારા એકરૂપ વિજ્ઞાનઘન સ્વાદને રાખવો એ તારી રક્ષા છે. અને શુભાશુભ પરિણામથી એકરૂપ આનંદના સ્વાદને તોડવો એ તારી હિંસા છે. ભાઈ! આહાહા..! એને બેસે નહિ. એ હિંસા? શુભભાવ હિંસા? રાડ નાખે છે. અરે..! ભગવાન! બાપુ! શાંત થા, ભાઈ! એ વિકલ્પ શુભાશુભ ચૈતન્યના ધામમાં ક્યાં છે? એ તો પરબારા કર્મના પાકના લક્ષે ઉત્પન્ન થયેલા ભાવો છે. અને તેથી તેના કર્તાપણાથી તન્મય પર્યાયમાં થા છો. એ રાગમાં તન્મય થતો નથી અને રાગ કર્યો છે એમ નથી. પણ જ્ઞાતા-દૃષ્ટા ને વિજ્ઞાનઘન ભગવાન છે તેમાં તન્મય ન થયો એથી એ વિજ્ઞાનઘનને શુભાશુભ પરિણામ દ્વારા ભેદતો, તોડતો, ખંડ કરતો એ શુભાશુભ પરિણામમાં વ્યાપક થઈને વ્યાપ્ય રૂપી દશાને તે કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો ધીરજના કામ છે, ભાઈ! આ કાંઈ કૂદીને ક્યાંક પડવું ને આ કરવું.. આ કરવું.. આ કર્યું એ કોઈ ધર્મ નથી. સમજાણું કાંઈ? આહાહા..! એનું લક્ષ જ ચૈતન્ય વિજ્ઞાનઘનના હોવાપણા ઉપર નથી. એનું લક્ષ જ પુણ્ય-પાપના શુભાશુભભાવ જે અજ્ઞાન છે એટલે કે વિજ્ઞાનઘનનો જેમાં અભાવ છે, એમાં વ્યાપક થઈને તેનો કર્તા થાય છે. એ કાર્ય મારું, એની રચનાને કરનારો હું, હું એનો કારીગર અને એ મારું કાર્ય. સમજાણું કાંઈ? આ કેટલી ભાષા કેટલા પ્રકારની કાઢી! ઓહોહો..!

એકરૂપ સ્વાદ હોવા છતાં. '**આત્મા અનાદિ કાળના અજ્ઞાનને લીધે પરના અને પોતાના એકપણાના અધ્યાસથી...**' વસ્તુમાં નથી એ વિભાવ. હોવાનો એણે અધ્યાસ કર્યો છે. .. વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ? એ વિભાવની એકતાનો અધ્યાસ જેટલો તૂટે તેટલો આત્મા જ્ઞાન ને આનંદ થાય, (તેટલો) વિભાવનો ત્યાગ કર્યો કહેવાય. એનું નામ ત્યાગ છે. વિભાવનો અભ્યાસ છૂટી સ્વભાવનો અભ્યાસ થાય એનું નામ વિભાવનો ત્યાગ કહેવામાં આવે છે. એ ત્યાગ વિના બહારનો ત્યાગ જેટલો કરે એ એને અજ્ઞાન અને ભ્રમ ઉત્પન્ન કરે છે. એને ભ્રમ થઈ જાય છે કે મેં ત્યાગ કર્યો, હું હવે ત્યાગી થયો, મેં કાંઈક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્યું. એ મિથ્યાત્વને પોષે છે બધા, એમ કહે છે. સમજાણું?

એ આત્મા '**તે વખતે તન્યમયપણે તે ભાવનો વ્યાપક હોવાથી તેનો કર્તા થાય છે અને તે ભાવ પણ...**' શુભાશુભભાવ '**તે વખતે તન્મયપણે તે આત્માનું વ્યાપ્ય હોવાથી તેનું કર્મ થાય છે;...**' લ્યો! એટલે કર્મનું વ્યાપક આત્મા અજ્ઞાનપણે અને કર્મ.. અવસ્થા. આવી દશા અજ્ઞાનીને અજ્ઞાનથી અનાદિથી વર્તે છે. હવે એનું વેદકનું કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૧૫, રવિવાર તા. ૨૭-૧૧-૧૯૬૬**
**ગાથા-૧૦૨, પ્રવચન-૨૦૦**

નીચે આવ્યું છે. શું કહે છે? કે આ આત્મા.. કર્તાકર્મ અધિકાર. એ વિજ્ઞાનઘન એકરૂપ જેનો સ્વાદ આનંદ છે. આત્મા અચલિત પોતાના વિજ્ઞાનઘન એકરૂપ આનંદનો સ્વાદ છે. એને અનાદિથી અજ્ઞાનને લીધે એવા સ્વરૂપના ભાન વિના એ એકરૂપ સ્વાદને પુણ્ય-પાપના શુભાશુભભાવ વડે ભેદતો. એકરૂપના સ્વાદને ભેદતો. '**અજ્ઞાનરૂપ શુભ કે અશુભ ભાવને કરે છે,...**' પોતાના ચૈતન્ય શુદ્ધ સ્વભાવના ભાન વિના શુભ અને અશુભ, પુણ્ય અને પાપ જે અજ્ઞાનભાવ છે. સમજાણું? અજ્ઞાન એટલે? આત્માનો ચૈતન્ય સ્વભાવ શુદ્ધ આનંદ છે એનાથી એ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ તે અજ્ઞાન છે. અજ્ઞાન શબ્દે તેમાં વિજ્ઞાનઘનનો અભાવ છે. એવા શુભાશુભભાવને કરે છે. તે આત્મા તે કાળે કેમ કરે છે?

'**તન્મયપણે તે ભાવનો વ્યાપક હોવાથી તેનો કર્તા થાય છે...**' પોતાનો આનંદ વિજ્ઞાનઘન સ્વભાવ, એની જ્યાં દૃષ્ટિ નથી, એવા ચૈતન્યના આનંદ સ્વભાવનો સ્વીકાર નથી, એને એ પુણ્ય-પાપના ભાવનો, શુભ-અશુભ ભાવનો સ્વીકાર હોવાથી એકરૂપ ભાવને ભેદતો અને તેમાં તન્મય છે. એકરૂપ થયા વિના ભાવનો વ્યાપક કર્તા થઈ શકે નહિ. સમજાણું કાંઈ? એકરૂપ ભાવના તન્મયપણે, તે ભાવે તે ભાવને એકરૂપ થયો વ્યાપક હોવાથી તેનો કર્તા થાય છે.

શરીર, પરમાણુ, કર્મ કે બીજી ચીજમાં એ તન્મય થતો નથી અને તે રૂપે તન્મય થયા વિના તેનો કર્તા થઈ શકતો નથી. સમજાણું કાંઈ? આ વાણી, શરીર, કર્મ આઠ કે બીજી ચીજો મકાન, ઘટ, પટ, રથ આદિ એમાં આત્મા પરમાં એકમેક થઈ શકતો નથી. એકમેક થઈ શકતો નથી તેથી તેની પર્યાયને જડની, પરની પર્યાયમાં વ્યાપક થઈને કર્તા થઈ શકતો નથી. સમજાણું કાંઈ? કેટલાક કહે છે કે એ ભલે તન્મય ન થાય પણ કર્તા થાય.

મુમુક્ષુ :- આધાર તો છે.

ઉત્તર :- આધાર નથી, આધાર ક્યાં હતો? એ તો કથનની ભાષા છે.

સોની ઘડતર કરે છે દાગીનો-ઝવેરાત. કરે છે પણ કર્તા નથી. એટલે કે કરે છે કર્તા છે પણ તન્મય થતો નથી. એમ ત્યાં છે. એમ એનો અર્થ જ નથી. વ્યવહારથી કરે છે એટલે? કે તેમાં એકમેક થયા વિના તે સોની કામ કરે છે એમ એ માને છે. સમજાય છે કાંઈ? શિલ્પીનો દાખલો છે ને. એ આપે છે બીજા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં તો બે સિદ્ધાંત સિદ્ધ કરે છે કે આત્મા ક્યા પરિણામનો કર્તા થાય? કે જેમાં પોતાના સ્વભાવને ભૂલે તો તે તન્મય થયેલા પુણ્ય અને પાપના ભાવમાં તન્મય થયેલો એકરૂપ થઈને પરિણમે માટે તેનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? તે કાળે આત્મા તન્મયપણે પુણ્ય અને પાપ, શુભ અને અશુભ. કેમ કે એનું તન્મયપણું વિકારમાં છે. અજ્ઞાનીને એકરૂપ સ્વના અજ્ઞાનથી શુભ અને અશુભભાવમાં એકરૂપપણું છે. જ્ઞાનીને-ધર્મીને એકરૂપપણે, તન્મયપણે, જ્ઞાનમય આત્મા તેના જ્ઞાનભાવની પરિણતિમાં તન્મય છે. સમજાણું કાંઈ?

જેમાં જે તન્મય-તત્ મય-તે રૂપે થાય તેનો તે વ્યાપક થઈને કર્તા થાય. આત્મા દાળ, ભાત, શાક, ઘટ, પટ, રથ, મકાન આદિમાં એક થઈ શકતો નથી કે જેથી તેનો કર્તા-વ્યાપક થઈને કર્તા થાય. સમજાણું કાંઈ? અને તે ભાવ પણ અજ્ઞાની પોતાના આનંદ સ્વભાવને શુભાશુભ ભાવ વડે ભેદતો, તેમાં તે રૂપે થતો વ્યાપક થઈને તેમાં એકરૂપ થાય (છે) માટે કર્તા કહેવામાં આવે છે. અને તે પુણ્ય-પાપનો ભાવ તે વખતે તન્મયપણે, આત્મા તે વખતે તન્મયપણે તે ભાવનો વ્યાપક હોવાથી કર્તા થયો, હવે એ વખતે તન્મયપણે જે પુણ્ય-પાપના ભાવ તે તન્મયપણે તે આત્માનું વ્યાપ્ય હોવાથી. આત્મા વિકાર પરિણામમાં અજ્ઞાનપણે સ્વરૂપના ભાન વિના તે રૂપે થતો તે પુણ્ય-પાપના ભાવનો અજ્ઞાની કર્તા કહેવાય છે. થાય છે. વ્યાપક તન્યમ છે માટે. અને જે શુભ અને અશુભભાવ છે તે તે કાળે આત્માની સાથે તન્મય એકરૂપે હોવાથી આત્માની અવસ્થા વ્યાપ્ય હોવાથી તેનું તે કર્મ થાય છે. સમજાય છે કાંઈ આમાં?

બે સિદ્ધાંતો કહ્યા. આત્મા જેમાં તન્મય થાય તેમાં તે વ્યાપક થઈને કર્તા થઈ શકે. પરદ્રવ્યમાં એ તે-મય થતો નથી માટે તેનો તે કર્તા થતો નથી. અને જે ભાવ આત્મા સાથે તન્મય થાય-એકરૂપ થાય તે ભાવ તે આત્માનું વ્યાપ્ય નામ કર્મ નામ કાર્ય કહેવામાં આવે છે. આત્મા સિવાય આઠ કર્મ, શરીર, વાણી, મન એની પર્યાય આત્માનું વ્યાપ્ય થઈ શકે નહિ. આત્મા એમાં તન્મય ન થાય અને એ અવસ્થા આમાં તન્મય ન થાય. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ કરે છે? શું કરે છે? ભાવ કરતો નથી.

મુમુક્ષુ :- અનુકંપા..

ઉત્તર :- અનુકંપા કરતો જ નથી. અનુકંપા કરતો નથી. એ અનુકંપાના ભાવનું જ્ઞાન કરે છે. અનુકંપાના વિકલ્પ સાથે જ્ઞાની તન્મય નથી, ભિન્ન છે. નિશ્ચય સમ્યગ્દર્શન, આત્મા પરમાનંદ સ્વરૂપ એવું જ્યાં ભાન થયું ત્યારે તેમાં તેની નિર્મળ જ્ઞાન, શ્રદ્ધા, આનંદ આદિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અવસ્થા આત્માથી તન્મય છે અને આત્મા તેમાં વ્યાપક હોવાથી તે પર્યાયનો તે કર્તા છે.

મુમુક્ષુ :- અનુકંપા કરતો જ નથી?

ઉત્તર :- કરતો જ નથી. થાય છે તેનું જ્ઞાન કરે છે. કહો, વલ્લભદાસભાઈ!

વાત એવી છે કે ભગવાન આત્મા... એ તો પહેલેથી કહ્યું. **'અચલિત વિજ્ઞાનઘનરૂપ...'** આનંદનો કંદ એ છે. એક વાત. એવું શુદ્ધનું જ્યાં ભાન નથી તેની દૃષ્ટિ તો ફક્ત શુભ-અશુભભાવમાં તન્મયપણે થયેલો એ આત્મા, તેમાં વ્યાપક થઈને તેનો કર્તા થાય છે. અને તે વખતે અને તે ભાવ જે શુભાશુભ છે એ કર્તામાં કર્તામાં વ્યાપ્ય થાય છે, વ્યાપ્ય થાય છે. માટે તે ભાવ તન્મય આમ થાય છે. આમ તન્મય એ ભાવ થાય. આમ તન્મય વ્યાપક થાય માટે કર્તા, એ ભાવ આમ તન્મય થાય માટે તે તેનું કર્મ. જ્ઞાનીના જ્ઞાનમાં સમ્યગ્દૃષ્ટિને પુણ્ય અને પાપનો ભાવ તેમાં જ્ઞાનમાં તન્મય નથી. આત્મા તેમાં વ્યાપક થઈને પુણ્ય-પાપમાં આત્મા તેમાં એકરૂપ નથી. અને પુણ્ય-પાપનો ભાવ પણ જ્ઞાનીને જ્ઞાનમાં તન્મય નથી, ભિન્ન છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આ. વીતરાગ પર્યાય તે. વીતરાગી પર્યાય તે શમ, સંવેગ, નિર્વેગ, અનુકંપા અને આસ્થા. એય..! ભીખાભાઈ! કરવા ઘોને પ્રશ્ન એમાં વાંધો શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ક્રિયા કરી શકતો જ નથી ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં જોતો હોય તો જોવે. બસ. અને કદાચ વિકલ્પ આવે શેનો? કે અરે..! આ બિચારા જન્મ-મરણમાં રખડે છે. એવો આવે. પણ એનો એ જ્ઞાતા છે. એમાં તન્મય નથી. કહો, શશીભાઈ! શું છે? નેમિદાસભાઈ! આ બધા શેઠિયા રહ્યા મોટા. .. પાંજરાપોળમાં કરે છે કે નહિ? કહો, સમજાણું આમાં?

એક લેખ છે, હોં! પંચાસ્તિકાયમાં. જ્ઞાની અનુકંપા .. અરે..! આ પ્રાણી જન્મ-મરણમાં રખડે છે. એવો એનો ભાવ આવે. પણ એ વિકલ્પ (આવે) એનો પણ એ જ્ઞાતા છે, તન્મય નથી. જ્ઞાની વ્યવહારના વિકલ્પથી મુક્ત છે. વ્યવહારના વિકલ્પથી તન્મય હોય તો તે જ્ઞાની નથી. એ વાત માટે તો આ વાત લીધી છે. એય..! કાંતિભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ટાળે છે કોણ? મટાડે કોણ? પ્રશ્ન શું છે?

આત્મા અવિચલિત ચૈતન્યઘન આનંદકંદ છે. એને આત્મા કહીએ. થયું? હવે એ આત્મા પોતાના ભાનમાં હોય છે કે હું આ જ્ઞાયક અને ચૈતન્ય છું. ભાનમાં હોય તે કાળે તો તેનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાન, દર્શન, શ્રદ્ધા, શાંતિ, આનંદ એવા પર્યાયમાં એ આત્મા તન્મય વ્યાપકપણે તન્મય છે. અને એ પર્યાય વ્યાપ્ય એટલે આ જીવનું વ્યાપ્ય હોવાથી તે આત્માનું કર્મ છે. કહો, સમજાણું આમાં?

હવે અજ્ઞાનીને એ પોતે વિજ્ઞાનઘન ચૈતન્ય છું એવી સત્તાનો અંતર્મુખ દૃષ્ટિનો સ્વીકાર નથી. દૃષ્ટિમાં એ આત્માનો સ્વીકાર નથી. એથી એને અનાદિથી જે કંઈ શુભ અને અશુભભાવ થાય-વિકારી દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ પરિણામ (થાય) એ પરિણામમાં વ્યાપક થાય છે. કેમ કે વસ્તુ સ્વરૂપની ખબર નથી. એટલે અજ્ઞાનભાવે અનાદિથી એ પુણ્ય-પાપ ભાવમાં વ્યાપક હોવાથી, પ્રસરનારો હોવાથી, એમાં રહેનારો હોવાથી, એમાં થનારો હોવાથી તે પુણ્ય-પાપનો કર્તા છે. અને પુણ્ય-પાપ થતું હોવાથી, વ્યાપ્ય હોવાથી, આમ તન્મય હોવાથી તે પુણ્ય અને પાપ અજ્ઞાનીને તેનું વ્યાપ્ય હોવાથી તે તેનું કર્તવ્ય છે. સમજાય છે કાંઈ? ભાષા સહેલી છે. ગુજરાતી એવી કોઈ (અઘરી) નથી. આહાહા..!

જુઓને, કેટલા શબ્દ વાપર્યા છે! એક સ્વાદને ભેદતો થકો. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ જ છે એ તો. અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ જ એ છે. સ્વાદ આવ્યું છે ને? અનાકુળ સ્વભાવ લક્ષણ આત્મા છે. સમજાય છે? અનાકુળ લક્ષણ એ વિશેષણ. એનું લક્ષણ એવો જે આનંદ. .. એનો સ્વભાવ છે એમ કીધું. એ સ્વભાવને ભેદતો. દૃષ્ટિ અંતર નથી તેથી તેની દૃષ્ટિ સ્વરૂપના એકરૂપના સ્વાદને તોડતો, પુણ્ય-પાપના ભાવના સ્વરૂપમાં તન્મય શુભાશુભમાં એકરૂપે થતો તે વ્યાપક થાય છે પ્રસરીને તેથી તેને તેનો કર્તા કહેવામાં આવે છે. પણ તે આત્મા જડની, શરીર, વાણીની આ અવસ્થા થાય... સમજાય છે કાંઈ? એમાં એ વ્યાપક થઈ શકતો નથી. એટલે કે એકરૂપ થઈ શકતો નથી. તેથી તે જડની પર્યાયમાં વ્યાપક થઈને કર્તા થતો નથી. એક વાત.

હવે બીજું. '**અને તે ભાવ પણ...**' શુભ અને અશુભભાવ પણ '**તે વખતે તન્મયપણે...**' તે સમયે. બીજે સમયે ગુલાંટ ખાય એ બીજી વાત છે. એ સમયે તન્મય તે રૂપે પરિણમવાથી. કોણ? તે ભાવ. તે ભાવ. ઓલો ભાવક હતો-પોતે આત્મા હતો. હવે ભાવ. પુણ્ય-પાપના ભાવ પણ.. ભાવ પણ કેમ કીધું? ઓલો વ્યાપક કીધું ને ભાવકનું? તે ભાવ પણ તે કાળે પુણ્ય અને પાપ, અનુકંપા, દયા, દાનના વિકલ્પનો ભાવ, તન્મય-અજ્ઞાનીને તેની પર્યાયમાં તે ભાવ એકરૂપ હોવાથી એનું વ્યાપ્ય હોવાથી તેનું તે કાર્ય છે. વ્યાપ્ય હોવાથી તેનું કાર્ય છે. એમ જડની દશા, એનો આત્મા વ્યાપક નહિ માટે કર્તા નથી અને જડની દશા આને વ્યાપ્ય તન્મય થઈને વ્યાપ્ય નથી. માટે જડની અવસ્થાનું કાર્ય અજ્ઞાનીને પણ નથી. સમજાય છે કાંઈ? એ તો કર્તાકર્મની વ્યાખ્યા કરી. હવે ભોક્તાભોગ્યની વ્યાખ્યા. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પ્રવીણભાઈ સમજાય છે કે નહિ?

ભગવાન ચૈતન્ય ગોળો શુદ્ધ ચૈતન્યની મૂર્તિ એને આત્મા કહીએ. એ આત્મા કરે કોને? કે પોતાના સ્વભાવને ભૂલે તો પુણ્ય-પાપના શુભ-અશુભ ભાવને એકરૂપ થઈને કરે. અને તે શુભાશુભભાવ એકરૂપ થઈને આની વ્યાપ્ય અવસ્થા હોવાથી તે તેનું કર્મ થાય. આ સિવાય બીજી રીતે કરે કે આ દેહની ક્રિયા, વાણીની ક્રિયા, ઘટપટની ક્રિયા, દાળ-ભાત-શાકની ક્રિયા, (જેમ) આત્મા અજ્ઞાનભાવે તન્મય રાગમાં થતો, એમ પરમાં તન્મય થાય તેથી તેનો વ્યાપક થઈને કર્તા થાય, તન્મય થતો નથી માટે કર્તા થઈ શકતો નથી. અને તે જડની અવસ્થા આને વ્યાપ્ય તન્મય થતો નથી. આત્મા સાથે અજ્ઞાનીના પરિણામમાં પણ એ શરીર, વાણીની અવસ્થા, દાળ-ભાત રોટલીની અવસ્થા, એ આત્માની સાથે તે વ્યાપ્ય નામ તન્મય તે દશા નહિ હોવાથી તે અવસ્થા જીવની અજ્ઞાનીની પણ વ્યાપ્ય નામ કર્મ નથી. સમજાણું કાંઈ? કહો, રસિકભાઈ! આ રાડ નાખે છે. એય..! પરદ્રવ્યનો કર્તા ન માને તો દિગંબર જૈન નહિ. અરે..! ભગવાન શું થાય? શું કરે છે આ તું?

તન્મય ન થાય પણ કર્તા થાય. અહીં કહે છે કે તન્મય થયા વિના, વ્યાપક થયા વિના કર્તા ન થાય અને તે અવસ્થાનું વ્યાપ્ય તન્મય થયા વિના તેનું કાર્ય ન થાય. શશીભાઈ! સમજાણું કે નહિ? શું કહેવાય? ઈંજેક્શન. ઈંજેક્શન સાથે અજ્ઞાની પણ તન્મય (નથી). ઈંજેક્શનની પર્યાયમાં એકરૂપ થતો નથી. માટે ઈંજેક્શનની પર્યાય આમ થાય એનો એ આત્મા કર્તા અજ્ઞાની પણ નથી. અને ઈંજેક્શનની પર્યાય આમ આત્મા સાથે તન્મય આ બાજુ થતી નથી તે માટે ઈંજેક્શનની પર્યાય અજ્ઞાનીનું કાર્ય નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દર્દીને જે રોગ છે શરીરમાં, એ રોગની અવસ્થામાં આત્મા વ્યાપક નથી. રોગના લક્ષે થયેલો દ્વેષ, એ દ્વેષમાં અજ્ઞાની વ્યાપક થઈને કર્તા થાય છે. કેમ કે દ્વેષમાં તે એકરૂપ છે. અને દ્વેષ પર્યાય આત્મામાં વ્યાપ્ય હોવાથી તે અજ્ઞાનીનું કાર્ય છે. પણ રોગ અવસ્થામાં આત્મા વ્યાપક થઈને રોગની દશાનો કર્તા તન્મય નથી માટે વ્યાપક કર્તા નથી. અને રોગની દશા આત્મામાં વ્યાપ્ય ન હોવાથી, આમ તન્મય ન હોવાથી તે રોગની અવસ્થા આત્માનું કર્મ-કર્તવ્ય છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં તો .. માં. કહો, સમજાણું આમાં? ઈંજેક્શનના આવ્યા રજકણો, એ રજકણો પોતે ખરેખર એ રોગની અવસ્થામાં એ વ્યાપક નથી. ઈંજેક્શનના રજકણો એ સ્વતંત્ર દ્રવ્ય છે. એ ઈંજેક્શનના રજકણો પોતાની થતી અવસ્થામાં એ રજકણો વ્યાપક હોવાથી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્તા છે. અને તેની અવસ્થા તેનું વ્યાપ્ય હોવાથી તેનું કાર્ય છે. પણ ઈંજેક્શનની અવસ્થા અને ઈંજેક્શનનું વ્યાપક દ્રવ્ય, એ આ રોગની અવસ્થાનો કર્તા નથી. કેમ કે ઈંજેક્શનનો દ્રવ્ય પરમાણુ આમાં વ્યાપક થતો નથી. તન્મય રજકણમાં થતો નથી. અને આ રજકણની અવસ્થા તે ઈંજેક્શનની અવસ્થાનું વ્યાપ્ય નહિ હોવાથી તેનું આ રોગ કર્મ અને કર્તવ્ય નથી. રોગની નિરોગતા કરે એ કર્તવ્ય ઈંજેક્શનની અવસ્થાનું છે નહિ. કહો, સમજાણું આમાં? ભારે વાત ભાઈ આ તો. એ માટે તો ગાથા છે આ.

કર્તા હો તો અજ્ઞાની પોતાના ભૂલભાવનો કર્તા વ્યાપકપણાથી કરે. અને એ ભૂલ તેની વ્યાપ્ય હોવાથી તે તેનું કાર્ય કરે. એમ પરદ્રવ્યની અવસ્થામાં આત્મા વ્યાપક નથી, એક નથી, તન્મય નથી, માટે તેનો કર્તા નથી. અને પરદ્રવ્યની અવસ્થા જીવમાં વ્યાપ્ય થઈને અવસ્થા થાતી નથી. માટે તે પરદ્રવ્યની અવસ્થા જીવને કર્તવ્ય ને કાર્ય ને કર્મ નથી. અરેરે..! સમજાણું આમાં?

'**વળી...**' હવે ભોક્તાનું લે છે. '**તે જ આત્મા...**' તે જ આત્મા કેમ કહ્યો? અજ્ઞાની લેવો છે ને? '**તે વખતે તન્મયપણે તે ભાવનો ભાવક હોવાથી...**' જે ભાવ હરખ શોક કર્યા કે શુભ-અશુભ થયા તેમાં તન્મયપણે તે ભાવનો ભાવક, ભાવનો ભાવક, પેલામાં ભાવનો વ્યાપક (કહ્યું હતું), કર્તા હતો ને એ. અને આ ભાવનો ભાવક. એ ભાવનું ભવન થનાર હોવાથી '**તેનો અનુભવનાર (અર્થાત્ ભોક્તા) થાય છે...**' એ પુણ્ય અને પાપ અને હરખ-શોકમાં આત્મા તન્મય અજ્ઞાનપણે થવાથી દરેકના આનંદના સ્વાદના અજ્ઞાનને લીધે શુભ અને અશુભ રાગ અને હરખ-શોકનો ભાવ તે તન્મયપણે તે ભાવનો એ આત્મા ભાવક હોવાથી, આત્મા તેનો અનુભવનાર ભોક્તા થાય છે. સમજાણું કાંઈ?

એ આત્મા અજ્ઞાની હરખ-શોકને ભોગવનાર (છે). કેમ કે તે ભાવનો ભાવક હોવાથી, તે ભાવનો કરનારો હોવાથી તેનો તે ભોક્તા થાય છે. અજ્ઞાની આત્મા દાળ-ભાત-રોટલી કે સ્ત્રીના શરીરને ભોગવે એમ ત્રણ કાળમાં બનતું નથી. સમજાણું કાંઈ? અજ્ઞાનીનો આત્મા એના કરેલા ભાવમાં એકરૂપ થવાથી તે ભાવનો ભોક્તા થાય. પણ આ શરીરની સ્ત્રીની દશા કે લાડવાની, દાળ-ભાતની, મકાનની, પૈસાની, ઘરેણા, દાગીના, આબરૂની જે સ્વતંત્ર પરપદાર્થ છે તેના ભાવનો આત્મા ભાવક નહિ હોવાથી... સમજાય છે? તેના ભાવમાં અંદર નહિ પેસવાથી તે ભાવનો તે આત્મા ભોક્તા નથી. સમજાણું કાંઈ? એ લાડવા અને દાળ-ભાતના પરિણામની પર્યાયને આત્મા એ પર્યાયનો ભાવક નહિ હોવાથી, તેનો ભાવ નહિ હોવાથી તે પર્યાયનો આત્મા ભોક્તા ત્રણ કાળમાં અજ્ઞાની પણ છે નહિ. સમજાણું કાંઈ?

અરે..! એક એક ગાથામાં આખું તત્ત્વ ભરી દીધું છે. એવી કોઈ શૈલી! અહીં તો હજી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

રાડે રાડ નાખે. આ આમ કરે છે. મોટા મોટા પર્વત તોડે, મોટા .. કામ કરે, કારીગરી કરે. લ્યો! એવા કુંભારને શું કરવા બોલાવીએ? ઘડો સારો કરવો છે માટે. સારી બાઈને શું કરવા હુશિયારને બોલાવીએ? કે સારા શિરા અને લાડવા કરાવવા છે માટે. સારા પુડલા કરવા હોય તો એવી બાઈને ન બોલાવે બડથલને. હુશિયાર હોય, જેનો હાથ હળવો હોય, એને આવડતું હોય બરાબર સરખો પુડલો થાય. એ પુડલાને આમ.. આમ.. એક ખુણો આમ પડે અને એક ખુણો પડી જાય એમ નહિ. સરખો થાય, ગોળ થાય.

એક રોટલી આવી હતી અમારી પાસે. વડદ. વડદ છે ને ઉમરાળાથી નહિ? વડદ ને? વાંઢો, વાંઢો.. બિચારાને આવડે નહિ ગોળ કરતા. એક ખૂણો આમ જાય અને એક ખૂણો આમ જાય. રોટલીનો હોં! બાઈ સરખું નાખે તો ચારે કોર સરખું જાતું હોય. ઓલું આમ જાય, જરી આમ જાય. વાંઢો માણસ હતો. એટલે એને લઈને ગોળ થઈ હશે ને? આડીઅવળી થતી હશે કે નહિ? હુશિયાર હોય એને બેસાડે તો એ થાય? એ અહીં ના પાડે છે. એય દાસ! એ વાંઢાને ભાન નહોતું માટે તે રોટલીની પર્યાય એક ખૂણો આમ જાય અને એક ખાડો પડીને આમ થઈ જાય. સરખી ગોળ ન થાય. એમ પર્યાયમાં એના પર્યાયમાં વ્યાપક હતો તો તેથી એનો કર્તા છે? અને એ રોટલીની અવસ્થા અહીં વ્યાપ્ય હતી કે જેથી એનું કાર્ય થાય? કહો, શશીભાઈ! શું હશે આમાં? કોણ ગોતે? ઈ કહે છે. આહાહા..!

એમ કે કારીગર ગોતો મોટો, કારીગરને આવડે. એ કહે છે લોકો. આવડે છે. પણ સાંભળને. એની આવડતને. આવડત સમજણની પર્યાય. એની સમજણની પર્યાયમાં એ વ્યાપક થઈને તેનો કર્તા (થાય) અને એ સમજણની પર્યાય તેમાં તન્મય થઈને વ્યાપ્ય હોવાથી કર્મ. પણ એને લઈને દાગીનાની અવસ્થામાં એ વ્યાપક છે તન્મયપણે કે જેથી તેનો કર્તા થાય? અને દાગીનાની અવસ્થા આમાં વ્યાપ્ય તન્મય છે કે જેથી તેનું કાર્ય કહેવાય? કાર્ય છે નહિ. આહાહા..! પોતાને ભૂલે તો ભાવને કરે અને ભાવને ભોગવે.

મુમુક્ષુ :- જડને ભોગવે.

ઉત્તર :- ભાવને ભોગવે. જડને નહિ, પરને નહિ. કેમ કે પરમાં ભાવક થઈને ભાવક થતો નથી, પેસતો નથી. તેમ તે પર્યાય ભાવ્ય થાતી નથી. હજી એક ચોથો બોલ બાકી છે. સમજાણું કાંઈ? આહાહા..!

વીતરાગ... વીતરાગ... વીતરાગ તો કહે છે કે જેટલા દ્રવ્યો છે ને, એટલા દ્રવ્યો પોતે પરમાં તન્મય થયા વિના પર્યાયપણે પરિણમે છે. લ્યો! હવે જેટલા દ્રવ્યો છે એ તન્મયપણે પરિણમતા તે તે દ્રવ્ય તેની પર્યાયમાં તન્મય થઈને તે રીતે થતાં એમાં બીજું દ્રવ્ય શું કરે? અને બીજું દ્રવ્ય એને શું ભોગવે? બીજું દ્રવ્ય શું વ્યાપક થાય? કે કર્તા થાય? બીજા દ્રવ્યની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ પર્યાય વ્યાપ્ય થાય તો એનું કર્મ થાય? બીજા દ્રવ્યનું ભાવક થાય કે એનું ભાવ્ય થાય? અને ભોક્તા થાય. અને બીજા દ્રવ્યની પર્યાય આને ભાવ્ય થાય તો એ પર્યાય એને ભોગવવાને યોગ્ય થાય? એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**તે જ આત્મા તે વખતે તન્મયપણે તે ભાવનો ભાવક...**' તે ભાવ એટલે કોણ? વિકારી પુણ્ય-પાપનો હરખ-શોકનો વિકલ્પ. '**તે ભાવક હોવાથી તેનો અનુભવનાર (અર્થાત્ ભોક્તા) થાય છે...**' એ વિકારી પરિણામનો અજ્ઞાની તેનામાં એકરૂપ તન્મય ભાવક હોવાથી, વિકારીનો ભોક્તા અજ્ઞાની આત્મા છે. પણ શરીરની પર્યાય દાળ-ભાત-રોટલાની પર્યાય, મકાનમાં હવા ઠંડી આવે અને ગરમી આવે એ પર્યાયનો આત્મા ભોક્તા નથી. આહાહા..! સમજાણું કાંઈ? નવનીતભાઈ! બહુ વાતું પણ જુદી. વીતરાગના માર્ગમાં વાડાના જન્મ્યા હોય આ વાત હજી સાંભળવા મળે નહિ. સમજે કે દિ' અને અનુભવમાં લાવે કે દિ'? આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**આત્મા તે વખતે...**' તે પુણ્ય-પાપના હરખ-શોકના પરિણામમાં એકમેક થયેલો, '**તે ભાવનો ભાવક હોવાથી તેનો અનુભવનાર (અર્થાત્ ભોક્તા) થાય છે...**' પણ તે કાળે. આમ ઊંચા ઊંચા લાડુ, ઊંચા ઊંચા મૈસુબ, આમ તળેલા સાટા, ગળ્યા સાટા. સાટા સમજો છો ને? શું કહે છે તમારે હિન્દીમાં? ખાજા. .. નહિ. સાઠા કહેવાય એ. સાઠા. આ સાટા. શેરડીના સાઠા હોય છે મોટા. સાઠા. આ સાટા એટલે ખાજા. ઓલા સાઠા મોટા લાકડી જેવા હોય ને લાંબા. આહાહા..! એ શેરડી-ગન્નાનો સ્વાદ અને ખાજાનો સ્વાદ. ખાજા છે તેની પર્યાયમાં સ્વાદને આત્મા ભોક્તા નથી. કેમ કે આત્મા તેમાં ભાવક થતો નથી. અને ખાજાની પર્યાય જીવનું ભાવ્ય નથી. ભોગવવાને લાયક નથી. કેમકે એ પર્યાય જીવને ભાવ્ય તન્મયપણે ભાવ્ય થતું નથી માટે તેનું એ ભોગ્ય નથી. ભોક્તા નથી તેમ એ ભોગ્ય નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખરાબ-બરાબ શું? જાણે છે. ખરાબ કોણે કહ્યું? સારું કોણે કહ્યું? છે એનું જ્ઞાન પોતાથી પોતા વડે કરે છે. સારી-નરસી તો તેના પરિણામની પર્યાયે પરિણમેલી ચીજ છે. એમાં સારી-નરસી કહેવી કોને? સમજાણું કાંઈ?

'**અને તે ભાવ પણ...**' તે ભાવ એટલે? ભોગવવા યોગ્ય હરખ-શોકના ભાવ, રતિ-અરતિનો ભાવ, દિલગીરી-શોકનો ભાવ તે કાળે તે જીવમાં '**તન્મયપણે તે...**' ભાવ પર્યાયમાં, તન્મયપણે '**તે આત્માનું ભાવ્ય...**' નામ ભોગવવા યોગ્ય હોવાથી તેનું ભોગ્ય થાય છે. એ વિકારી પર્યાય તેમાં ભાવ્ય થવાથી ભોગવવા યોગ્ય થાય છે. કર્મની અવસ્થા તેની ભાવ્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થવાથી કર્મની અવસ્થા તેનું ભોગ્ય થાય છે એમ નહિ. એ કર્મ, કર્મ આત્માનું ભોગ્ય થાય છે એમ નહિ, એમ કહે છે. ભાઈ! આહાહા..!

કર્મનો ઉદય, એમાં કર્મના રજકણો ભાવક હોવાથી તેને અનુભવનાર એ છે. અને તે અવસ્થા તે કર્મનું ભાવ્ય હોવાથી ભોગવવાને યોગ્ય કર્મની પર્યાય કર્મ સાથે તન્મય હોવાથી તેનું ભોગ્ય છે. એ કર્મની પર્યાય આત્મામાં વ્યાપક થઈને તેમાં પેસતી નથી કે જેથી કર્મનો વિપાકનો ભાવક થઈને તેનો કર્તા થાય. એમ નથી. અને કર્મનો પાક અને ઉદય જે જડ છે એ જીવનું ભાવ્ય થવાને લાયક નથી, તન્મય થવાને લાયક નથી. માટે તે જીવની ભોગ્ય અજ્ઞાનીને પણ નથી. અજ્ઞાનીને પણ કર્મના ઉદયનું ભોગ્યપણું છે નહિ. જડની પર્યાયનું ભોગ્યપણું છે નહિ. કરો નક્કી.

કર્મનો વાંધો મોટો. જેવા બાંધ્યા કર્મ એવા આત્મા ભોગવે. અહીં તો કહે છે કે બાંધ્યા પણ નથી તેં અને ભોગવ્યા પણ નથી તેં. તેં તો તે કાળે વિકારનો પરિણામનો કર્તા વ્યાપક થઈ અને તે વિકારી પરિણામનું કાર્ય તેં કર્યું. અને વિકારી પરિણામમાં ભાવક થઈ અને તું ભાવનારો, અનુભવનારો થઈ અને એ ભાવ્ય અવસ્થા જે વિકારી તારા પણે તન્મય હોવાથી તને ભાવ્ય-ભોગ્ય યોગ્ય થઈ. કર્મની અવસ્થા તેને ભોગ્ય યોગ્ય થાય (એમ) ત્રણ કાળમાં બનતું નથી. કર્મ ભોગવતો નથી એમ કહે છે. ભારે વાત, ભાઈ! હવે જૈનમાં તો ભાઈ એમ હોય કર્મ ભોગવ્યા. કર્મ બાંધ્યા હોય એ કર્મ ભોગવવા, બાપા! લ્યો એમ કહે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. હા, કર્યા કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી, લ્યો. એ તો નિમિત્તથી કથન છે. વિકાર પરિણામ જેવા કર્યા એવા વિકારીને ભોગવે. સમજાણું કાંઈ? આહાહા..! આ બધું સાંભળ્યું પણ નથી કેટલુંક તો. ધર્મચંદજી!

અહીં તો કહે છે જે વિકારી પરિણામ જીવ કરે, હરખ-શોકના, તેમાં ભાવક થનારો, ભાવ કરનારો એ હોવાથી તેને અનુભવનાર, હરખ-શોકના પરિણામનો અનુભવનાર જીવને કહેવામાં આવે છે. કેમ કે તે ભાવમાં એ વ્યાપક અને તન્મય છે. અને તે વિકારી હરખ-શોકના ભાવ જીવની તે પર્યાય વ્યાપ્ય હોવાથી-તન્મયપણે એક હોવાથી એ વિકારી પરિણામ તેને ભોગવવા યોગ્ય થાય છે. કર્મના ઉદય જીવને ભોગવવા યોગ્ય થાય છે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં છે નહિ. આહાહા..! છે કે નહિ એમાં? એમાં છે? એમાં છે કે નહિ ઈ? નીકળે છે એમાંથી?

નિગોદના જીવ. નિગોદ છે ને? નિત્ય નિગોદ એકેન્દ્રિય જીવ. એ પણ પોતાના જે પુણ્ય-પાપ અને હરખ-શોકના ભાવ કરે તેનો તે વ્યાપક અને ભાવક હોવાથી કર્તા અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભોક્તા છે. અને તે પરિણામ તેનું વ્યાપ્ય અને ભોગ્ય હોવાથી તેનું કર્મ અને ભોગ્ય અવસ્થાનું કામ છે. કર્મનો એ કર્તા અને કર્મનો એ ભોક્તા અને કર્મ એનું ભોગ્ય એમ નિગોદના જીવને પણ છે નહિ. કહો, એમાંથી નીકળે છે કે નહિ એ? કે ઉપરથી કાઢે છે? પેલા કહે છે, ઉપરથી કાઢે છે, એમાં નથી. પણ સાંભળ તો ખરો. વાંચ તો ખરો. સમજાણું કે નહિ આમાં?

ભગવાન આત્મા પોતાના સ્વરૂપને ભૂલે તો તે ભાવ વિકારીપણે કરે એનો એ વ્યાપક અને એનો એ કર્તા. એ વિકારી પરિણામ તેનું વ્યાપ્ય તેથી તેમાં તન્મય થયું, તેથી તેનું કર્મ. એનો આત્મા પોતાના સ્વભાવને ભૂલી, આનંદને ભૂલી અને હરખ-શોકના પરિણામમાં વ્યાપક થઈને ભોગવનાર થાય માટે તે ભોક્તા. અને એ હરખ-શોકની પર્યાય તેમાં તન્મય થયેલી તેની ભોગ્ય હોવાથી તેને ભોગવવાને યોગ્ય સ્થાન-ભોગવવા યોગ્ય દશા. પણ કર્મનો ઉદય.. આત્મા કર્મને બાંધે કે કર્મના ઉદયને ભોગવે, એ ભોગ્ય થાય અને આત્મા ભોક્તા થાય એમ ત્રણ કાળમાં બનતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... બહારવાળાનું શું કરે? એ ઠીક. એમ છે કે નહિ? સત્ય એમ છે કે નહિ? એવું સાંભળ્યું નથી તો શું કરે? .. માને તો શું સત્ય થઈ જાય છે? અજ્ઞાની ઊંધું માને તો શું ઊંધું થઈ જાય છે? માન્યતા ઊંધી થાય. ના, ના અમે તો કર્મના ભોક્તા છીએ, અમે તો કર્મના ભોક્તા છીએ. એમ માને તો કર્મનો ભોક્તા થઈ જાય છે? સમજાણું કાંઈ?

(સંવત) ૨૦૦૬ની સાલમાં અમારે થયું ને? પાલીતાણા. ૨૦૦૬ની સાલમાં ગયા હતા ને જાત્રામાં. ૧૭ વર્ષ થઈ ગયા. પરમ ઉપકારી ત્રિલોકનાથ તીર્થંકરદેવ આઠ કર્મથી આત્મા રખડે છે એમ કહે છે અને આઠ કર્મને આત્મા ભોગવે છે એમ કહે છે. તમે કહો છો કે આઠ કર્મ આત્માને રખડાવતા નથી અને આત્મા કર્મને ભોગવતો નથી. એ તો બીજી લાઈન હતી. સ્વભાવનું ભાન નથી તેને પરના લક્ષે થયેલો વિકૃત ભાવ સ્વભાવનું કાર્ય નથી, એથી તેને પરનું કાર્ય કહીને પરમાં નાખી દીધું. એ માટે વાત (હતી). એ અજીવતત્ત્વને સિદ્ધ કરવા. જીવ તત્ત્વ તે જ્ઞાતા-દૃષ્ટા છે. આનંદ છે. એનાથી ઉત્પન્ન થયેલો વિકૃત નથી એટલે પરના નિમિત્તમાંથી પાક થઈને-ઉત્પન્ન થયેલો એમ કહીને પરનો ભાવ કહી દીધો છે. સમજાણું કાંઈ? .. અન્યમાં તો ઈશ્વર કર્તા (કહેવાય છે). પણ આ જૈનમાં કર્મ કર્તા. આત્માને કર્મ કરે દુ:ખી-સુખી. અને કાં આત્મા કર્મને બાંધે અને કર્મ આત્મા ભોગવે. એ વાત સાચી નથી એમ કહે છે અહીંયાં ભગવાન. આહાહા..!

આત્મા... તારા ચૈતન્ય સ્વરૂપના વિજ્ઞાન આનંદઘનને ભૂલી જા તો અજ્ઞાન ભાવે વિકારને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કર, વિકારને ભોગવ ને વિકાર ભોગ્ય અને વિકાર.. પણ પરપદાર્થ તારું કાર્ય, તેનો તું કર્તા, પરપદાર્થનો ભોક્તા અને પરપદાર્થ તારું ભોગ્ય (એમ તો નથી). તો પરમાં કર્મ આવે કે નહિ? પરપદાર્થમાં કર્મ આવે કે નહિ? તો કર્મ આત્માનું ભોગ્ય અને કર્મ આત્માનું કાર્ય. કેમ કે પરમાં વ્યાપક થતો નથી, કર્મનો ભાવક છે નહિ, તન્મય છે નહિ તો એનો વ્યાપક નથી, ભાવક નથી. એ કર્મની પર્યાય અહીંયાં વ્યાપ્ય નહિ, એનું ભોગ્ય નહિ માટે એની સાથે કર્તા અને કર્મ સંબંધ નથી. આહાહા..! આ કહે છે, આ સાંભળનારા બેસે, પણ બહારનું શું કરવું? બહાર સમજવું. શું કરે? રાડ નાખે છે. નહિ. કર્મનો ઉદય આવે તો તે પ્રમાણે જડની પર્યાયને આત્માને ભોગવવી પડે. પણ જડનો પર્યાય રૂપી. એ રૂપીનું વ્યાપ્ય કરનાર વ્યાપક કર્મ. તેનું વ્યાપ્ય કર્મ આત્માનું નથી કે આત્મા એનો કર્તા થાય. એને રૂપી પર્યાયનું ભાવક જીવ નથી કે જેથી તેનું એ ભોગ્ય થાય. સમજાણું કાંઈ? કાંતિભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાલીતાણા. ૨૦૦૬ મોટી ચર્ચા ચાલી. રામવિજયનો પ્રશ્ન આવ્યો. તમે કહો છો કે આત્મા વિકાર પોતે કરે માટે રખડે. ત્રિલોકનાથ કહે છે કે કર્મને લઈને આત્મા રખડે. અહીં કહે છે કે પોતાના ભાવ અને વિકારને કરે માટે રખડે. કર્મને લઈને આત્મા રખડે નહિ. કેમ કે કર્મનું વ્યાપ્ય વ્યાપક કર્મમાં છે. આત્માનું વ્યાપ્ય વ્યાપક એની દશામાં છે. એય..! ધીરૂભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બોલાય એ તો જાણવા માટે. કોણ નિમિત્ત હતું એનું જ્ઞાન કરવા માટે છે. એનો કર્તાકર્મ સિદ્ધ કરવા માટે નથી. એનું ભોક્તાભોગ્ય સિદ્ધ કરવા માટે નથી. સમજાણું કાંઈ? બોલવાની રીત છે. બોલવાની રીત એ વાણી અને તેનું જ્ઞાન કરે. નિમિત્ત પ્રમાણે તેનું જ્ઞાન. પણ નિમિત્તમાં વ્યાપક થઈને કર્તા થાય અને નિમિત્ત ચીજમાં વ્યાપક થઈને અહીં પર્યાયની કર્તા થાય, એમ નિમિત્તથી જ અહીંયાં વ્યાપ્ય થઈને આ આત્માનું કર્મ થાય, નિમિત્ત ભોગ્ય થઈને ત્યાં ભાવ્ય થઈને ભોક્તાનું ભોગ્ય થાય, એમ નિમિત્તમાં પણ છે નહિ. આહાહા..! કહો, વલ્લભદાસભાઈ! અહીં તો મોટો કર્મ સિદ્ધાંત .. તને પણ કર્મની હયાતીની સિદ્ધિ જ આવડતી નથી. શું કરે? બધે જૈનમાં તો અત્યારે કર્મ જ ચાલ્યું. પહેલેથી અનાદિથી. અનાદિથી કર્મથી કરે, આત્મા કર્મને કરે અને કર્મને ભોગવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સત્ છે લ્યો. ભઈ બાંધેલા ભોગવવા પડે. તીર્થંકરને પણ બાંધ્યા ભોગવવા પડે. સાંભળ્યું છે કે નહિ? તીર્થંકરને છન્નું હજાર સ્ત્રી અને ત્યાં રહેવું પડ્યું. ત્રણ જ્ઞાનના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ધણી ક્ષાયિક સમકિતી. એને ભોગવલી કર્મ બાંધેલા ભોગવવા યોગ્ય માટે ભોગવવા પડે. એ વાત ભગવાન ના પાડે છે, ખોટી વાત છે તારી. લે. અમે એમ કહ્યું નથી ને તું ક્યાંથી લઈ ગયો આવી વાત? સમજાણું? તેં ક્યાંથી ઉઠાવગીર.. ઉઠાવગીરી ક્યાંથી વિકલ્પમાં તેં કરી? અમે કીધું નથી કે ભોગવાળી કર્મ કોઈ હોય, અને આત્માને ભોગવવા પડે. અમે તો કહેતા નથી.

તે કાળે સમકિતી ત્રણ જ્ઞાનના ધણી તીર્થંકર છે, એને તો તે કાળે જરી જે રાગ થાય છે તેમાં તે વ્યાપક નથી કે જેથી તેનો કર્તા થાય. રાગ તેનું વ્યાપ્ય નથી કે જેથી તે રાગ આત્માનું કાર્ય થાય. સ્ત્રીના વિષય કાળે પણ જે કાંઈ વિકલ્પ અને વૃત્તિ સુખ-દુઃખની કલ્પના ઉઠી, એ કલ્પનાનો જીવ ભોક્તા નથી કે જેથી તેનો ભોગનાર થાય અને એ અવસ્થા જીવને ભોગ્ય નથી. એ અવસ્થા ભોગ્ય નથી, હોં! આહાહા..! સ્ત્રીના શરીર ભોગ્ય છે અને આત્મા ભોક્તા એ તો ત્રણ કાળમાં અજ્ઞાનીને પણ નથી. સમજાણું કાંઈ? એક એક ગાથામાં કેટલી સ્પષ્ટતા અને કેટલા ખુલાસા! શાંતિથી..

આ તો આત્મા કર્મ બાંધે, આત્મા ભોગવે. એ તો પહેલામાં ન કહ્યું? એવા કર્મને જાણનાર તે કર્મ અને જ્ઞાનને સુખ નથી. લે. કર્મને જ્ઞાન સુખ છે? કર્મને જાણનારને જ્ઞાન સુખ નથી. આત્મા શુદ્ધ ભગવાન છે તેને જાણે, એને જ્ઞાન અને સુખ છે. સમજાણું કાંઈ? લોકો કહે, ભાઈ! ભગવાને આપ્યું છે તો ભોગવો ને. એય..! પોપટભાઈ! ભાઈ! ભગવાને આપ્યું ભોગવો, બાપુ! અને ભગવાને આપ્યું તે દે. દાનમાં ખર્ચે. ભગવાને આપ્યું. એનો સદ્ઉપયોગ તો ત્યારે જ કહેવાય ને. લક્ષ્મી આદિ મળી એને આપે દે દાનમાં તો એનો સદ્ઉપયોગ કર્યો. અહીં ભગવાન કહે છે કે લક્ષ્મીની પર્યાય તે જીવને વ્યાપક થઈને આત્મા કરે, એને અહીંથી આમ દે એનું વ્યાપક થઈને કર્તા જીવ નથી. એ લક્ષ્મીની પર્યાય જીવની વ્યાપ્ય થઈને કર્મ પણ નથી. એ તો એ પરમાણુ જે લક્ષ્મીના નોટના છે એ વ્યાપક થઈને તેની પર્યાયને કરે છે અને એ અવસ્થા તેનું વ્યાપ્ય થઈને તેનું કાર્ય થાય છે. આત્માનું વ્યાપક એ નોટ પૈસા દેવા-લેવા એ આત્માની ક્રિયા છે નહિ. ભારે વાત, ભાઈ! મુંઝવણમાં પડી જાય માણસ તો. આ અમે કરીએ છીએ ને. પણ કોણ કરે? તું માને છો. કરે કોણ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૈસા એની મેળાએ જાય એમ કહે છે. એનું કર્મનું વ્યાપ્ય કામ તેના પરમાણુના વ્યાપકથી થાય છે. તારે રાગ થયો અને જ્ઞાન થયું માટે ત્યાં વ્યાપક થયો ને કર્તા થયો અને એ અવસ્થાનું વ્યાપ્ય કાર્ય થયું એમ નથી, એમ નથી. એમ થયું નથી. એમ થતું નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભારે વાત, ભાઈ! ગયા લાગે છે. ગયા લાગે છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોને આપ્યા? તેં આપ્યા છે? કોણ કહે છે કે આપ્યા? હતા ક્યાં તે ..માં ગયા? એના હતા જ કે દિ'? એ તો જડના હતા. એ તો જડ વ્યાપક થઈને તેના પરિણમનનો પર્યાયનો વ્યાપક તે કર્તા અને એ પર્યાય તેનું વ્યાપ્ય તન્મય થઈને કર્મ હતું. બીજા આત્માએ દાનીના ભાવ આવે એનું એ કામ કર્યું. દાનીના ભાવમાં રાગભાવ હતો. તે અજ્ઞાની સ્વભાવને ભૂલે તો રાગમાં વ્યાપક થઈને રાગનો કર્તા થાય. રાગ તેનું વ્યાપ્ય થઈને તેનું કર્તવ્ય થાય. જ્ઞાનીને તે રાગમાં વ્યાપક નથી જેથી રાગનો કર્તા થાય. અને રાગનો જેમાં તન્મયપણું નથી આત્મામાં જેથી રાગ તેનું કર્મ થાય. ચુનીભાઈ! આ તો બહુ ઉથલપાથલ છે. આહાહા..! એટલે એવો જીવ હળવો અને પરથી ભિન્ન છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ..

'**તે વખતે તન્મયપણે તે આત્માનું ભાવ્ય હોવાથી...**' તે એટલે કોણ? એ હરખ-શોકની દશા તે જીવનું ભોગ્ય હોવાથી, ભાવ્ય હોવાથી તે તેને ભોગ્ય થાય છે. પણ કર્મનો ઉદય જીવને ભોગ્ય થાય અને કર્મના ઉદયમાં વ્યાપક ભોગવનાર થઈને ભોક્તા કર્મના ઉદયનો ભોક્તા થાય એમ બનતું નથી. કર્મના ઉદયનો આત્મા ભોક્તા થાય એમ બનતું નથી. અને કર્મના ઉદયની પર્યાય જીવની ભોગ્ય થાય, તન્મય થતી નથી માટે ભોગ્ય થતો નથી. આહાહા..! ક્યાંથી? નિગોદથી માંડીને. ભાઈ! .. એટલે પંચેન્દ્રિય એમ નહિ. નિગોદથી માંડીને આત્મા અજ્ઞાનપણે જીવમાં પોતાના પરિણામમાં વ્યાપક થઈ કર્તા (થાય) અને વ્યાપ્ય થઈને તેનું કરે. ભોગવનાર થઈને ભોક્તા અને હરખ શોક તેનું ભોગ્ય તેનું કાર્ય. પણ કર્મનો એ ભોક્તા અને કર્મનો એ વ્યાપક છે અને કર્તા કર્મ, એ નિગોદના જીવમાં પણ છે નહિ.

વળી કેટલાક એમ કહે છે કે જ્યાં સુધી મન ન હોય ત્યાં સુધી કર્મને જડ લેવું. જ્યારે ક્ષયોપશમ પંચેન્દ્રિય થાય ત્યારે કર્મ.. વાત એકદમ ખોટી છે તદ્દન. કર્મના પરમાણુની પર્યાય વ્યાપ્યવ્યાપક થઈને તેમાં. આત્મામાં ક્યાં વ્યાપ્યવ્યાપક થઈને કર્તા કર્મ આત્માને કરાવે છે? સમજાણું કાંઈ? અરે..! કર્મની બહુ આકરી વાત જગતમાં. જૈનમાં એ કર્મ એવું ઘાલ્યું છે ને. પરદ્રવ્યનું જીવમાં અને જીવનું પરદ્રવ્યમાં.

અહીં તો કહે છે કે પરદ્રવ્યને અડતો નથી. અડતો નથી તે કર્તા ભોક્તા કેમ થાય? જે ચીજ આને અડતી નથી તે તેનું કર્મ અને ભાવ્ય કેમ થાય? સમજાણું કાંઈ? શું કહ્યું ઈ? કર્મની દશાને જીવ અડતો નથી તો તેનું એ ભાવક થઈને ભાવ્ય કેમ થાય? અને કર્મની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

દશાનો એ કર્તા તન્મય થતો નથી માટે તેનો કર્તા થઈને એ કર્મ જીવનું કેમ હોય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નોકર્મની તો વાત જ ક્યાં છે. એ તો સ્થુળ રહી ગઈ. શરીરની પર્યાય આત્માને કરવાપણે કર્મ છે તો આત્મા વ્યાપક થઈને શરીરની અવસ્થાનો કર્તા થાય? વ્યાપક તન્મય થાય છે કે શરીરની અવસ્થાને કરે? અને શરીરની અવસ્થા અહીં આવે છે? તન્મય થાય છે કે જેથી આત્માને કર્મ થાય? વ્યાપ્ય થાય? અને શરીરની અવસ્થા.. કેવા ઓલા.. એનો આત્મા ભાવક થાય છે એની અવસ્થાનો કે જેથી તેનો ભોગનાર થાય? અને કર્મની અવસ્થા એની આત્મામાં ભાવ્ય થાય છે કે જેથી શરીરની અવસ્થા જીવને ભોગ્ય થાય?

'**આ રીતે અજ્ઞાની પણ પરભાવનો કર્તા નથી.**' એમ સિદ્ધ કરે છે. '**આ રીતે અજ્ઞાની...**' એટલે નિગોદનો અજ્ઞાની જીવ પણ કર્મનો કર્તા અને કર્મનો ભોક્તા એ કોઈ દિ' છે નહિ. સમજાણું કાંઈ? એમ ને એમ વાંચી જાય અને .. જાય. ગાથા .. પછી ન મળે ફેંસલો, ન મળે ઉકેલ કાંઈ. એ તો આમ છે ને આમાં આમ છે. એ તો આમ છે અને આમાં આમ છે. પણ એમાં ન્યાય શું છે? સત્ય શું છે? કહો, સમજાણું? એ સમજનારની અવસ્થામાં ભાવક થઈને તે કર્તા થઈને વ્યાપક તે પર્યાયનો છે. અને તે પર્યાય તેની વ્યાપ્ય થઈને તે તેનું કર્મ છે. સમજાણું કાંઈ? તમે સમજાવો તો અમે સમજીએ છીએ. તો કહે છે કે સમજવાની પર્યાય છે એમાં વ્યાપક આત્મા છે. એ પર્યાયનો કર્તા આત્મા છે અને સમજવાની પર્યાય તન્મય એમાં છે તો વ્યાપ્ય એનું કર્મ છે. કર્મ અને ભાષા વ્યાપક છે અને કર્તા છે નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ!

'**ભાવાર્થ :-**' જોયું! '**આ રીતે અજ્ઞાની પણ...**' શરીરના, કર્મના, દાળ-ભાત, શાકના, મકાનના, કપડાના, રોગના, ઠંડાના, ગરમીના તેનો કર્તા પણ નથી, તેનો ભોક્તા નથી, તે તેનું ભોગ્ય નથી, તે તેનું કર્મ નથી. ટાઢ જીવ ભોગવતો નથી એમ કહે છે. આ ઠંડી પડે ને બહુ ઠંડી? એ ઠંડીની અવસ્થા તો જડની વ્યાપક થઈને જડથી બનેલી છે. એનું વ્યાપ્યવ્યાપક તો એમાં છે અને ભોગ્ય ભોક્તા પણ એમાં છે. એ આત્મામાં કેમ ઠંડી અવસ્થા આત્માની ભોગવવા યોગ્ય આત્મા હોય અને એને ભોગ્ય અવસ્થા હોય ઠંડી? ભ્રમ છે અજ્ઞાનીનો. એમ કહે છે. એક જણો કહે કે .. અમને. .. મોટો સૂયો હોયને લોઢાનો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં એક કહ્યું હતું અને એક અહીંયાં કહ્યું હતું. પાલીતાણે.

ભગવાન! આવા પ્રયોગ કરવાનો વિકલ્પ તને કેમ આવ્યો? આહાહા..! હજી તો પરને આમ કરીએ તો એને લઈને દુઃખ થશે તો એ શરીરને એક માને છે એ ખોટું. જુદા માને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ ખોટું .. થવાનું છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! આ પ્રયોગો મિથ્યાત્વના તારા છે હોં! તારા પરિણામમાં મિથ્યાત્વના પ્રયોગ છે, ભાઈ! આહાહા..! ભારે વાત, ભાઈ! જુઓ!

'**ભાવાર્થ :- પુદ્ગલકર્મનો ઉદય થતાં, જ્ઞાની તેને જાણે જ છે અર્થાત્ જ્ઞાનનો જ કર્તા થાય છે...**' ઠીક! એ પાઠમાં નથી છતાં ન્યાય મૂક્યો. '**પુદ્ગલકર્મનો ઉદય થતાં,...**' વિકલ્પ જરી જે થયો તેનો '**જ્ઞાની તેને જાણે જ છે અર્થાત્ જ્ઞાનનો જ કર્તા થાય છે...**' સમજાય છે? અહીં તેને જાણે છે એમ આવ્યું, હોં! તેને જાણે છે. '**અજ્ઞાની અજ્ઞાનને લીધે કર્મોદયના નિમિત્તે થતા પોતાના અજ્ઞાનરૂપ શુભાશુભ ભાવોનો કર્તા થાય છે.**' કર્મ ઉદયના નિમિત્તે થતા પોતાના અજ્ઞાન. અશુદ્ધતા પોતાની. એવા શુભાશુભભાવ જે અજ્ઞાનરૂપ છે તેનો કર્તા થાય છે. શુભભાવ તો દસમા સુધી છે. રાગ છે એનો કર્તા ન થાય? સાંભળને. થાય છે એનો જાણનાર છે. કર્તૃત્વ કરવાલાયક છે એવી બુદ્ધિ છે ક્યાં?

'**આ રીતે જ્ઞાની પોતાના જ્ઞાનરૂપ ભાવનો કર્તા છે...**' લ્યો! એ જ્ઞાની રાગના જ્ઞાનનો કર્તા છે, રાગનો નહિ. '**અજ્ઞાની પોતાના અજ્ઞાનરૂપ ભાવનો કર્તા છે; પરભાવનો કર્તા તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ નથી.**' ભેગા લઈ લીધાં. શરીર, વાણી આદિ પરપદાર્થની ક્રિયા તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ કરી શકતો નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**કારતક વદ ૧, સોમવાર તા. ૨૮-૧૧-૧૯૬૬**
**ગાથા-૧૦૩, પ્રવચન-૨૦૧**

ભાવની વાત ચાલે છે. આ પરભાવ એટલે પોતાના સ્વભાવથી વિપરીત વિકાર એની વાત અહીંયાં નથી. સમજાણું કાંઈ? આત્મા પોતાનો સ્વભાવ શુદ્ધ છે અને એનાથી વિપરીત જે પુણ્ય-પાપ ભાવ એને પણ પરભાવ કહે છે. એ પરભાવની અહીંયાં વાત નથી. કેમ કે અહીંયાં પરભાવ તો અજ્ઞાની અનાદિથી પોતાનું શુદ્ધ સ્વરૂપ ચૈતન્યને નહિ જાણતો સ્વભાવથી વિપરીત શુભ-અશુભ ભાવને કરે છે. સમજાણું કાંઈ? અજ્ઞાનપણે શુભાશુભભાવ જે અજ્ઞાન ભાવ છે, એ પહેલા આવી ગયું છે, અજ્ઞાનરૂપ ભાવ જે શુભાશુભભાવ, એનો કર્તા થાય છે અજ્ઞાની. પોતાના આત્મામાં પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની સત્તાની દૃષ્ટિ નહિ હોવાથી અજ્ઞાનથી શુભાશુભભાવનો કર્તા અજ્ઞાની પોતામાં થાય છે. અને જ્ઞાની પોતાના જ્ઞાનભાવને કરે છે. પણ અજ્ઞાની કે જ્ઞાની પોતા સિવાય પરદ્રવ્યના ભાવને કદી કરતા નથી. કેમ કે પોતાથી પરદ્રવ્ય તદ્દન ભિન્ન છે. ભિન્ન દ્રવ્યનું ભિન્ન દ્રવ્ય કદી કોઈ કરી શકતું નથી.

મુમુક્ષુ :- દ્રવ્ય-ગુણને કે પર્યાયને?

ઉત્તર :- પર્યાયને. દ્રવ્ય-ગુણને તો કોણ કરે? દ્રવ્ય ગુણ તો ત્રિકાળ છે. પણ પરની પર્યાય પણ પરદ્રવ્ય કદી કરી શકતું નથી. સમજાણું કાંઈ? ઈ કહે છે, જુઓ! પરભાવ શબ્દે એ લેવું.

**जो जम्हि गुणे दव्वे सो अण्णम्हि दु ण संकमदि दव्वे।**
**सो अण्णमसंकंतो कह तं परिणामए दव्वं।।१०३।।**
**જે દ્રવ્ય જે ગુણ-દ્રવ્યમાં, નહિ અન્ય દ્રવ્યે સંક્રમે;**
**અણસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને? ૧૦૩.**

જુઓ! કેટલી સ્પષ્ટ વાતું મૂકી છે. નિશ્ચય એટલે યથાર્થ એ એક જ છે. એમ કે વ્યવહારથી કહે છે ને. વ્યવહારથી કરી શકાય ને. એમ. વ્યવહારથી તો કરી શકે છે કે નહિ? એમ વ્યવહારથી પણ કરી શકતો નથી. જુઓ! આ જ વાંધા છે ને અનાદિના.

એક દ્રવ્યમાં પરદ્રવ્યનો તો અભાવ છે. અને પરદ્રવ્યમાં બીજા દ્રવ્યનો અભાવ છે. તો અભાવ છે એનું આત્મા, પરમાં પોતાનો અભાવ છે એમાં શું કરે? એ તો મહાસિદ્ધાંત છે. પર્યાયને શું કરે? એ ગુણ શબ્દે અહીંયાં વિશેષ-પર્યાય છે. એ ગુણ એટલે જ વિશેષ અવસ્થા. દ્રવ્ય નામ સામાન્ય અને વિશેષ અવસ્થા જે પદાર્થ પોતામાં વર્તે છે એમાં બીજું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દ્રવ્ય સંક્રમે નહિ, ઘૂસે નહિ, જાય નહિ તો પરદ્રવ્યને શું કરે? પરિણમાવે નહિ એમ કહે છે અહીંયાં તો.

મુમુક્ષુ :- પ્રભાવ પડે.

ઉત્તર :- પ્રભાવ કોનો પડે? પ્રભાવ કોઈ ચીજ છે? શું છે પ્રભાવ? પ્રભાવ કોણ છે? શું પરદ્રવ્યમાં પ્રભાવ પડે? જુઓ! આ લાકડી ઉઠે છે ને લાકડી? જુઓ! તો એમાં કહે છે કે એનું દ્રવ્ય અને એની વિશેષ ગુણ નામ પર્યાય, એમાં એ વર્તે છે. તો આ આંગળી એમાં શું કરે? એમ કહે છે.

મુમુક્ષુ :- લાકડી આમ ફરે તો બધા પૈસાવાળા થઈ જાય.

ઉત્તર :- એ અહીંનું કહે છે. અહીંનું એક છે ને? લાકડી એક ફરે તો બધા પૈસાવાળા થઈ જાય છે. અહીંયાં તો બિચારા સાધારણ પ્રાણી પણ છે. અહીંયાં નથી? તો એના ઉપર લાકડી નથી ફરી? કોણ ફેરવે? જેના પુણ્ય હોય તો પુણ્યથી મળે. એ પણ વ્યવહારથી કહેવામાં આવે છે. એ પણ એના પરમાણુ આવવાના હોય એ આવે છે. પુણ્યના પરમાણુથી આવે છે, પૂર્વની સત્તા એ પણ વ્યવહારનું કથન છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને લાવે છે? સમજાણું કાંઈ? આહાહા..!

'**ટીકા :- જગતમાં...**' જુઓ! આ જગતમાં. એટલે જગત અસ્તિ સિદ્ધ કરે છે- આખું વિશ્વ. '**જે કોઈ જેવડી વસ્તુ જે...**' જેવડી નામ જેવા ભાવ છે તેટલા પુરતી. જેનો ચૈતન્ય ભાવ છે એ ચૈતન્ય વસ્તુ, અચેતનભાવરૂપ અચેતન વસ્તુ. '**જેવડી વસ્તુ...**' પોતાના ભાવ સ્વભાવ જેવડી. પરમાણુ પોતાના ભાવ સ્વભાવ જેટલી, આત્મા ચૈતન્ય સ્વભાવ જેવડી, આકાશ આદિ એના અચેતન સ્વભાવ જેવડી '**વસ્તુ જે કોઈ જેવડા ચૈતન્યસ્વરૂપ...**' જે કાંઈ એનો સ્વભાવ છે. જીવનો ચૈતન્યસ્વરૂપ સ્વભાવ અને પરમાણુ આદિ પાંચ દ્રવ્યનો અચેતનસ્વરૂપ (સ્વભાવ). એ દ્રવ્યમાં અને પોતાના ગુણમાં. ગુણ શબ્દે એના કાર્યમાં. '**નિજ રસથી જ અનાદિથી જ વર્તે છે તે,...**' દરેક વસ્તુ, પ્રત્યેક પોતાના દ્રવ્યમાં અને એના વિશેષરૂપ કાર્યમાં નિજ શક્તિથી જ એ દ્રવ્ય વર્તે છે. પોતાની શક્તિથી. નિજ રસ નામ શક્તિ. '**નિજ રસથી જ અનાદિથી જ વર્તે છે...**' પરથી કદી વર્તતી નથી. એ માટે 'જ' લગાવ્યો છે. સમજાણું કાંઈ?

આ આંગળી છે. જુઓ! આંગળી. આમ પર્યાય (થાય છે). જે પરમાણુ છે એ દ્રવ્ય છે. એની જે પર્યાય છે એ એનો ગુણ છે. ગુણ નામ વિશેષ અવસ્થા છે. એ વિશેષ અવસ્થા નિજ રસથી જ વર્તે છે. પરમાણુ નિજ રસથી જ વર્તે છે. નિજ શક્તિથી વર્તે છે. આત્માથી બિલકુલ એમાં આમ થતું નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- રાગથી તો કરે ને.

ઉત્તર :- રાગથી પણ નહિ. એ તો પહેલા કહ્યું ને. ચાહે તો પ્રયોગસા, ચાહે તો વિસસા હો આત્મા. આત્મા સ્વભાવિકભાવને પ્રાપ્ત હો, ચાહે તો પ્રયોગસા. પ્રયોગ શબ્દે રાગ-દ્વેષને પ્રાપ્ત હો. સમયસાર. પાછળ ગાથા છે. કેટલામી છે? ૪૦૬. ૪૦૬. ૪૦૬ છે ને? જુઓ!

**ण वि सक्कदि घेत्तुं जं ण विमोत्तुं जं च जं परद्दव्वं।**
**सो को वि य तस्स गुणो पाउगिओ विस्ससो वा वि।।४०६।।**

૪૦૬. શું કહે છે? '**ण वि सक्कदि घेत्तुं जं ण विमोत्तुं**' પરદ્રવ્યને ગ્રહવું અને છોડવું એ આત્મામાં છે જ નહિ. કેમ? '**तस्स गुणो पाउगिओ विस्ससो**' કાં આત્મામાં વિકાર હોય. રાગ-દ્વેષ પ્રાયોગિક કહેવામાં આવે છે. રાગ હો તો પણ આત્મા પરદ્રવ્યની પર્યાય નથી કરતો. અને વીતરાગ પર્યાય હો તો પણ પરદ્રવ્યનું કરી શકતો નથી. એ બે બોલ લીધા છે. '**पाउगिओ विस्ससो वा**' સમજાણું કાંઈ? '**પ્રાયોગીક ને વૈસ્રસિક...**' ગુણ છે. આત્મામાં ચાહે તો વૈસ્રસિક હો, ચાહે તો પ્રાયોગીક હોય.

શું કહે છે? કે આત્મામાં ઈચ્છા થાય એ પ્રાયોગીક છે. તો ઈચ્છાથી આ દેહની પર્યાય કરી શકે છે એમ નથી. અને આત્મામાં વીતરાગભાવ ઉત્પન્ન થયો હોય-વૈસ્રસિક સ્વભાવિક ભાવ. વિકાર નથી તો ઘણું સામર્થ્ય થયું વૈસ્રસિક સ્વભાવમાં. વૈસ્રસિક સ્વભાવથી પણ પરની ક્રિયા કરે છે કે નહિ? કે વૈસ્રસિક સ્વભાવથી પણ કરી શકતો નથી. પરની તો વૈસ્રસિક સ્વભાવથી અને પ્રાયોગથી પણ કદી કરી શકતો નથી. કહો, સમજાણું કાંઈ?

આ જુઓ, દાંત હલે છે કે નહિ? આ હોઠ હલે છે. એ પર્યાય એ પરમાણુની વિશેષ દશા છે. એ પરમાણુ પોતાના વિશેષ અને દ્રવ્ય વિશેષમાં પ્રવર્તે છે, પરમાણુ. એની પર્યાયમાં આત્મા રાગી હોય કે વિસસા-વીતરાગ સ્વભાવવાળો હોય, પણ રાગ કે વીતરાગભાવથી એ પર્યાય જડની, પુદ્ગલની કરે એમ ત્રણ કાળમાં બનતું નથી.

મુમુક્ષુ :- હલે નહિ, હલાવે ચલાવે.

ઉત્તર :- હલાવેનો અર્થ શું થયો? ચલાવે કહો કે કરે કહો બેય એક જ વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અનાદિનું ..

ઉત્તર :- કોણ કરે છે?

મુમુક્ષુ :- આપ બોલતા જાવ છો એમ...

ઉત્તર :- બોલે કોણ? ભાષા જડની છે. એમ તો અહીં કહે છે. ઈચ્છા હોય એ પણ ભિન્ન છે. જ્ઞાન છે એ પણ ઈચ્છાથી ભિન્ન છે અને આ પર્યાય પણ ઈચ્છાથી ભિન્ન છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..!

મુમુક્ષુ :- આવું ભેદજ્ઞાન હશે?

ઉત્તર :- એવું સ્વરૂપ જ છે. એને માટે તો આ ગાથા છે. ગાથા તો સર્વવિશુદ્ધમાં લીધી છે. પૂર્વે કહી ગયા છે કે કોઈ દ્રવ્યની પર્યાય કોઈ દ્રવ્યમાં સંક્રમતિ નથી, જાતી નથી, એમાં પ્રવેશતી નથી તો પરદ્રવ્યનું શું કરે ઈ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સેટિકાની ગાથામાં.

ઉત્તર :- હા. સેટિકાની ગાથામાં આ દાખલો આપ્યો છે. ટીકામાં આપ્યો છે.

જેટલી વસ્તુ. એટલે કે જો કોઈ ચૈતન્ય અને અચેતનભાવવાળી વસ્તુ, ચેતનવાળી કે અચેતનભાવ સ્વભાવ સમુદાયવાળી વસ્તુ. એ પોતાના દ્રવ્યમાં અને ગુણમાં નિજ રસથી જ. આહાહા..! કેટલી સીધી વાત! પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ પોતાના દ્રવ્ય અને પોતાની પર્યાયમાં પોતાની શક્તિથી-નિજ રસથી, નિજભાવથી જ વર્તે છે. અનાદિથી જ વર્તે છે. જુઓ!

મુમુક્ષુ :- કર્મ...

ઉત્તર :- કર્મ કર્મની પર્યાયમાં વર્તે છે. એ તો પહેલા આવી ગયું કાલે. ભાવ્ય નહિ. કર્મનો ઉદય જીવનો ભાવ્ય-ભોગવવા લાયક નથી અને આત્મા એનો ભાવકભાવ કરનાર નથી. પરના ભાવને કરનારો નથી. કહો, સમજાણું કાંઈ?

કર્મની પરમાણુ અવસ્થા જે છે, પરમાણુની કર્મ અવસ્થા એ પોતાના દ્રવ્ય અને પોતાના ગુણ નામ પર્યાય નિજ રસથી જ કર્મ પર્યાયમાં વર્તે છે. અહીં રાગ થયો તો પર્યાય આમ થઈ એમ છે નહિ. અને ત્યાં કર્મની અવસ્થા વર્તે છે તો આત્મામાં તેને કારણે રાગ વર્તે છે એમ નથી. એ દ્રવ્ય જ પોતાની પર્યાયમાં નિજ રસથી-શક્તિથી વર્તે છે. સમજાણું કાંઈ?

અનંત દ્રવ્ય છે, અનંત દ્રવ્ય. પ્રત્યેક સમયમાં, પ્રત્યેક સમયમાં જે ચૈતન્ય સ્વભાવમય દ્રવ્ય છે અને અચેતન સ્વભાવમય દ્રવ્ય છે એ પોતાના ચૈતન્યસ્વભાવમય દ્રવ્ય ચૈતન્યસ્વભાવ રૂપી પર્યાયમાં નિજ રસથી વર્તે છે. એ વિકાર પણ ચૈતન્ય સ્વભાવ અત્યારે ગણવો છે. સમજાણું કાંઈ? અને પરમાણુ કે શરીર કે આકાશ કે બીજા ધર્માસ્તિ, એ પોતાના દ્રવ્ય નામ વસ્તુ અને પોતાના ગુણ નામ વિશેષ અવસ્થામાં પોતાના નિજ રસથી, નિજ શક્તિથી, નિજ ભાવથી, નિજ સામર્થ્યથી વર્તે છે. કહો, ભીખાભાઈ! આ ભાષાથી અંદર જ્ઞાન નથી વર્તતું એમ કહે છે.

મુમુક્ષુ :- વાત સાચી છે, પ્રભુ!

ઉત્તર :- સાચી છે એમ થોડું અંદર લળક ખાય છે. એ લળક ખાય છે અંદરમાં. સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, જેણે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક પ્રત્યક્ષ જ્ઞાનમાં જોયા. એની વાણીમાં એમ આવ્યું, એમ છે, એમ જાણ્યું, એમ આવ્યું, એમ છે કે પ્રત્યેક પદાર્થ વર્તમાનમાં પોતાના દ્રવ્ય અને પોતાની વિશેષ પર્યાયરૂપમાં એ દ્રવ્ય પ્રવર્તે છે. એ પોતાની શક્તિથી પ્રવર્તે છે. કોઈ નિમિત્તનો આશ્રય લઈને, નિમિત્તની મદદ લઈને, પરદ્રવ્યની મદદ લઈને પર્યાયમાં પ્રવર્તે છે એમ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- આખું ગોમ્મટસાર ...

ઉત્તર :- ગોમ્મટસાર એમાં સિદ્ધ થાય છે.

જ્યારે પોતાની પર્યાય પોતાથી પ્રવર્તે છે, તો કર્મ પણ પોતાની પર્યાયથી પ્રવર્તે છે ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. પોતાથી આત્મામાં પ્રવર્તે છે તો એને નિમિત્ત કહે છે. એ કર્મ પણ પોતાથી પરિણમે છે તો અહીં રાગ-દ્વેષને નિમિત્ત કહે છે. નવા બંધમાં નિજ રસથી પ્રવર્તે છે તો રાગ-દ્વેષને નિમિત્ત કહે છે. પણ રાગ-દ્વેષથી એ કર્મ પર્યાયમાં પ્રવર્તે છે, પરમાણુ કર્મરૂપે પ્રવર્તે એમ નથી. અને આત્મા રાગ-દ્વેષમાં પ્રવર્તે છે તો પુદ્ગલની પર્યાય કર્મરૂપ પ્રવર્તે છે અને ઉદય આવ્યો તો રાગ-દ્વેષમાં આત્મા પ્રવર્તે છે એમ છે જ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વાણી પણ..

ઉત્તર :- વાણી પણ એમ છે. વાણીના રજકણ પણ પોતાની પર્યાયથી પ્રવર્તે છે, આત્માથી નહિ. કહો, ભાઈ! નક્કી કરો. વાણીમાં બહુ જોર આપો છો. સમજ્યા? એના ઉપર બહુ જોર દે છે. પ્રતિમામાં નહિ અને વાણીમાં તો બધા ગુણ ભર્યા છે ભગવાનના. માટે એનાથી જ્ઞાન થાય. એ બધું ખોટું છે. એમ છે નહિ. સમજાણું કાંઈ? વાણી પણ અનંત પરમાણુ છે તો પોતાના અચેતનભાવથી એ છે. અને પોતાના અચેતનભાવ દ્રવ્ય અને અચેતનભાવ પર્યાયમાં નિજ શક્તિથી પ્રવર્તે છે. ભગવાનના જ્ઞાનને કારણે એ વાણી થાય છે એમ નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ બધું અતિશય ને બતિશય એની પર્યાયમાં રહ્યા. એ વાણી જુદી. કહો, સમજાય છે કાંઈ? અને એ વાણીની પર્યાય છે તે પોતાની શક્તિથી પ્રવર્તે છે. અને જે જાણનાર છે એ વાણીની પર્યાય છે તો પોતાની જ્ઞાનની પર્યાય અહીં પ્રવર્તે છે એમ છે નહિ. આહાહા..! કેટલાક એમ કહે કે ભગવાનની વાણીમાં તો બધા ભાવ ભર્યા છે. ભગવાનનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાન, કેવળજ્ઞાન ને આનંદ ને એ બધા ભાવ ભર્યા છે વાણીમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરમાણુમાં. કેમ ભાઈ! એમ કહે છે, તમારામાં બહુ કહે છે. એમ બહુ કહે છે કે જુઓ ભાઈ! ભગવાનની મૂર્તિમાં કાંઈ ભાવ છે? પણ પરમાણુ ભાષામાં તો ભાવ છે. ભગવાનનું જ્ઞાન, કેવળજ્ઞાન એ તો ભાવ છે. પણ ભાવ તો ચેતનનો છે. ચેતનનો ભાવ ત્યાં ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? એ વાણીમાં અચેતનનો ભાવ છે. જુઓ!

**'અચૈતન્યસ્વરૂપ દ્રવ્યમાં અને ગુણમાં નિજ રસથી જ અનાદિથી જ વર્તે છે...'** આહાહા..! ભગવાનના ગુણ પર્યાય એક અંશ પણ વાણીમાં આવ્યા નથી. સમજાણું કાંઈ? દ્રવ્યનો નાશ થઈ જાય. માણસ કહે છે, લ્યો. અમે ભાષા બોલીએ છીએ કે નહિ? ભાષા કોણ બોલે? તો એમાં જ્ઞાન આવે છે કે નહિ? જ્ઞાન ભાષામાં આવે છે? ભાષા તો ભાષાની પર્યાયમાં પ્રવર્તે છે. પોતાની પર્યાય દ્રવ્ય અને પર્યાયમાં ભાષા વર્તે છે. અને સામે જે સમજે છે એ પોતાના દ્રવ્યમાં અને એની પર્યાયમાં વર્તે છે. તો વાણીને નિમિત્ત કહો. નિમિત્તનો અર્થ એવો નથી કે એનાથી થયું છે. એ તો પોતાની પર્યાયથી ત્યાં થાય છે. નિમિત્તથી થાય છે એમ છે નહિ. એ તો સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? વાંધો એ છે. તો પછી ભગવાનની મૂર્તિ ને એ શું કામ? પણ એ તો હોય છે. એની પર્યાયથી ત્યાં થાય છે. મંદિર આદિ વર્તે છે એ પણ પોતાના અચેતનભાવ જે પરમાણુ છે એના દ્રવ્યમાં અને પોતાની વિશેષ પર્યાયમાં એ નિજ રસથી જ વર્તે છે. બીજો એને વર્તાવનાર છે એમ છે નહિ. આહાહા..! કહો, ધર્મચંદજી!

શરીર આ મંદિર. શરીર મંદિર. લ્યો! શરીરમાં તો અનંત પરમાણુ માટી છે. એ અનંત પરમાણુ જે રજકણ પ્રત્યેક દ્રવ્ય છે એ પોતાની વર્તમાન ગુણ, ગુણ નામ પર્યાય વિશેષ. દ્રવ્યનું વિશેષ. વિશેષ પોતાની નિજ રસથી અનાદિથી વર્તે છે. અત્યારથી નહિ પણ અનાદિથી વર્તે છે. કોઈ પર્યાય પરથી વર્તે છે એમ ત્રણ કાળમાં નથી. આહાહા..!

પણ આ ભાષામાં જ્ઞાન આવે છે, જ્ઞાન ન આવે તો એવું સમજણમાં કેમ ઓલાને આવે? જે અહીંયાં જ્ઞાન કહેવા માગે છે એ ભાષામાં આવે છે કે નહિ? એય..! ધર્મચંદજીને હા પાડવી પડે છે. ધર્મચંદજીને હા પડાવી દે ઘડીકમાં. ઘડીકમાં હા પાડી દે બીજી રીતે કહે તો. એમ છે નહિ. આત્મા ચૈતન્ય સ્વભાવમય દ્રવ્ય. જેવડી વસ્તુ. જેવડી નામ જેટલા ભાવવાળી, જેટલા ભાવવાળી. ભાવવાળી કહે છે હિન્દીમાં? પંડિતજી! ભાવવાળી કહે છે હિન્દીમાં? ભાવવાલી.

જડ અને ચૈતન્ય... અનંત દ્રવ્ય ભિન્ન ભિન્ન લ્યો. ભિન્ન ભિન્ન. કોઈને પરની સાથે સંબંધ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. નિમિત્ત નૈમિત્તિક સંબંધનો અર્થ પૃથક્ ભાવ બતાવે છે એટલી વાત છે. પણ કોઈ દ્રવ્યની પર્યાય કોઈ કાળે પોતાના દ્રવ્ય અને પર્યાયમાં વર્તે છે તો પરને કારણે એમાં વર્તે એવું વસ્તુના સ્વભાવમાં ત્રણ કાળમાં નથી. ઓહોહો..! સમજાણું કાંઈ? એ વાત છે. વાણીથી અહીં જ્ઞાન થાય છે? વાણીની પર્યાય તો રજકણ છે. વાણી તો અનંત રજકણનો સ્કંધ પિંડ છે. તો એના પિંડમાં, એના દ્રવ્ય અને પર્યાયમાં વાણી વર્તે છે. એ વાણી શું આત્મામાં-જ્ઞાનમાં આવી જાય છે? અને એ વાણીથી અહીં જ્ઞાન થાય છે? વાણીથી જો જ્ઞાન થતું હોય તો અહીં સામાન્યના વિશેષે કર્યું શું? સામાન્ય જે ત્રિકાળ દ્રવ્ય છે એનું વિશેષ થાય છે. તો વિશેષમાં પોતાની શક્તિથી વિશેષ થાય છે. પરના વિશેષથી અહીં વિશેષ થયું તો અહીં સામાન્યથી વિશેષ કર્યું કોણે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહુ વિશેષ છે.

ઉત્તર :- ઈ જ મોટી હરકત છે ને. ઈ જ કહે છે.

દ્રવ્ય સામાન્ય, ગુણ વિશેષ. પ્રત્યેક પદાર્થમાં દ્રવ્ય જે કાયમ રહેનારું છે એ સામાન્ય છે, ધ્રુવ છે અને વિશેષ વર્તમાન એની પર્યાયમાં-અવસ્થામાં '**નિજ રસથી જ...**' સમજાણું કાંઈ? '**स्वरसत**' '**द्रव्ये गुणे च स्वरसत एवानादित एव वृत्तः**' આહાહા..! વસ્તુ એવી છે ને ભાઈ! એને એવી સંયોગદૃષ્ટિ થઈ ગઈ છે ને કે આ સંયોગ હતો તો આ થયું, આ સંયોગ હતો એટલે આ થયું. એ દૃષ્ટિ જ મિથ્યા છે, ભ્રમ છે. સમજાણું કાંઈ? વાણી થઈ. વાણી છે તો અહીંયાં જ્ઞાન થયું. મૂઢ છો. એમ છે જ નહિ. તારું દ્રવ્ય છે કે નહિ? અને તારા દ્રવ્યમાં વિશેષ અવસ્થા વર્તમાન... વર્તમાન.. વર્તમાન... દ્રવ્ય તો ધ્રુવ છે ત્રિકાળ. તો વર્તમાન નિજ પર્યાયમાં વર્તના પોતાની શક્તિથી છે કે નહિ? કે પરની શક્તિથી ત્યાં વર્તે છે? આહાહા..! વાંધા જ આ આવે છે. એવું જો હોય તો પછી તમારે આ વાણી વાંચવી શું કરવા? ભગવાનની મૂર્તિ શું કરવા? ગુરુ પાસે સાંભળવું શું કરવા? એમ કહે છે. સાંભળ તો ખરો. પોતાની પર્યાયમાં જ્યારે એ વર્તવાનું છે ત્યારે એવો બાહ્ય સંયોગ હોય છે. પણ સંયોગથી એમાં થયું છે એમ છે નહિ. આહાહા..!

બીજાને સમજાવવા લખો છો કે નહિ? તમે એમ ધારો છો કે નહિ? અમે બીજાને સમજાવીએ. જુઓ! તમને પણ એમ છે કે અમારા સમજાવવાથી એ સમજશે એની પર્યાયમાં. ભાઈ! એમ નથી. અરે..! ભારે ભાઈ! સમજાય છે? એવા વિકલ્પને કાળે વિકલ્પ વર્તે પોતાની પર્યાયમાં હો, બસ એટલું. ભાષાપર્યાય પોતાને કાળે પોતાની પર્યાયમાં વર્તવારૂપ પરિણમન હો અને એ દ્રવ્ય પોતાની પર્યાયમાં દ્રવ્ય કાયમ રહીને પોતાની પર્યાયપણે પરિણમે છે. આનાથી એ વર્તે છે અને એનાથી આ વર્તે છે એમ છે નહિ. ભગવાનના, પરમાત્માના કેવળજ્ઞાનના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કારણે ભાષા દિવ્યધ્વનિની પર્યાય વર્તે છે એમ છે નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :- ભગવાનની દિવ્યધ્વનિ...

ઉત્તર :- એ તો નિમિત્તનું કથન છે. વાણીમાં નિમિત્ત કોણ એટલું જ્ઞાન કરાવ્યું. સમજાણું કાંઈ? નિમિત્તથી વર્તે છે એમ છે નહિ. આહાહા..! ભારે ભ્રમ, ભાઈ! આહાહા..!

**'જગતમાં જે કોઈ જેવડી...'** નામ ભાવવાળી **'વસ્તુ જે કોઈ જેવડા ચૈતન્યસ્વરૂપ કે અચૈતન્યસ્વરૂપ દ્રવ્યમાં...'** નામ ધ્રુવમાં **'અને ગુણમાં...'** નામ વિશેષમાં **'નિજ રસથી જ અનાદિથી જ વર્તે છે...'** આમાં ક્યાં અપવાદ આવ્યો? કથંચિત્ કરો તો અનેકાંત થાય. અરે..! ભગવાન! શું કરે છે પણ? વીતરાગ માર્ગ પરમેશ્વરનો માર્ગ સાંભળ્યો નથી લોકોએ. સમજાણું કાંઈ? ત્રણ લોકના નાથ પરમેશ્વરે જે જ્ઞાનમાં જોયું છે એવું સમજ્યા નથી. રાત્રે તો ઘણું આવ્યું હતું. એ કાંઈ ફરીને આવે છે કાંઈ પાછું? એ તો એ વખતે અંદરની ધૂન ચાલી હતી એમાંથી આવ્યું હતું. સમજાય છે કાંઈ? રાત્રે નહોતા તમે? હતા હતા. એ તો રસ આવે ત્યારે આવેને પાછું.

અહીં તો ઈ કહે છે, એ તો સર્વજ્ઞથી સિદ્ધ કર્યું હતું. સર્વજ્ઞે જોયું છે કે નહિ? આ જીવ આ સમયે બચશે નામ જીવત્વવાળો રહેશે. એ ભગવાને જોયું છે કે નહિ? આ જ્ઞાન એને બચાવવાનો પ્રયત્ન કરે એમ કેમ થાય? એ તો ભગવાને તો જોયું છે. ભગવાને જોયું એમ જ્ઞાનમાં જાણે કે એ બચ્યો. એની પર્યાયથી ઉત્પાદ થયો. એમ ઉત્પાદ જીવવાનો રહ્યો તો ભગવાનના જ્ઞાનમાં નહોતું? સર્વજ્ઞના જ્ઞાનમાં નહોતું? ત્યાં શરીર અને જીવનો સંયોગ રહેવાનો છે. એ થયું. બસ. હવે થયું એમાં સર્વજ્ઞ એમ જાણે છે કે મારું જ્ઞાન એને જાણે છે માટે થયું? એમ અહીંયાં પણ જ્ઞાનમાં જાણે. ત્યાં થયું એમ જાણે. એ સંબંધી જ્ઞાન કરે. પણ મેં બચાવ્યો એ વાત સર્વજ્ઞના જ્ઞાનમાં નથી, એમ આ જ્ઞાનમાં નથી. અત્યારે મગજ બહુ કામ નથી કરતું. રાતે વાત આવી હતી, તમે નહોતા. સમજાણું કાંઈ? સર્વજ્ઞ સાથે સિદ્ધ કરી હતી બધી વાત.

ભગવાને જ્યારે જોયું છે તે સમયે પરમાણુની આ અવસ્થા થઈ. ભગવાને જોયું છે. ભગવાને કર્યું છે? ભગવાને જાણ્યું છે. આ આત્મા એમ માને કે એ પર્યાય મેં કરી. ક્યાંથી આવ્યું તારું જ્ઞાન? અને કર્યું ક્યાંથી? થવાનું છે એ ભગવાને નથી જોયું? જો સર્વજ્ઞની તને શ્રદ્ધા હોય, સર્વજ્ઞની તને શ્રદ્ધા હોય તો સર્વજ્ઞે જે પર્યાય ત્યાં થવાની જોઈ છે, તો તારા જ્ઞાનમાં પણ થઈ એમ જાણવું રહ્યું. મેં કરી એમ તો રહ્યું નહિ. એમ રહ્યું નહિ. હું પરને બચાવું છું, પરને મારું છું ઈ આવ્યું ક્યાંથી? સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત, ભાઈ!

ભગવાનના જ્ઞાનમાં નથી આવ્યું? કે આ પરમાણુની આ પર્યાય આવે છે. જુઓ! આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


... જ્ઞાનમાં આવ્યું છે કે નહિ? ભગવાને જાણ્યું છે કે નહિ? આ સમયમાં એ પર્યાય પરમાણુ ભાષારૂપે થઈ, એમ જાણ્યું કે નહિ? તો થઈ કે નહિ? તો થઈ એમાં આ આત્મા એનો કર્તા (થાય છે). ભગવાને જોયું કે છે. ભગવાને જાણ્યું કે આમ થયું છે. તો આ એમ માને કે હું જ્ઞાન છું તો આ ભાષાની પર્યાય થઈ. એમ થયું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કહે છે કે થાય છે એને હું કરું છું એ મૂઢતા છે એમ કહે છે. જેમ એ જાણે છે, એમ હું પણ જાણું છું કે ભાષાની પર્યાય થઈ. થવાની હતી એ થઈ. એ સમયે જાણ્યું. બસ ખલાસ. જાણવામાં કરવું ક્યાંથી આવ્યું? સર્વજ્ઞ પણ કર્તા નથી, આ આત્મા પણ કર્તા નથી. આહાહા..! સર્વજ્ઞની શ્રદ્ધા એવી ... સર્વજ્ઞ ભગવાને, સર્વજ્ઞ. સર્વ-જ્ઞ. સર્વ જાણ્યું છે. જ્યાં જ્યાં જે જે પર્યાય જ્યાં છે તે બધું જાણ્યું છે. તો એવી શ્રદ્ધા જેને હોય એનો અર્થ એમ કે મારો સ્વભાવ જ સર્વજ્ઞ છે. અને જ્યાં જ્યાં જે થાય છે તેને હું મારા જ્ઞાનથી જાણું છું. એના કારણે નહિ.

એ તો કહ્યું હતું ને? લોકાલોક છે તો કેવળજ્ઞાન છે? અને કેવળજ્ઞાન છે તો લોકાલોક છે? છે? એમ છે નહિ. લોકાલોક છે તો કેવળજ્ઞાન છે? ખલાસ. ઉડી ગઈ વાત. છતાં કેવળજ્ઞાનને લોકાલોકનું નિમિત્ત કહે છે. નિમિત્તનો અર્થ કે ચીજ બીજી છે. પણ લોકાલોક છે તો કેવળજ્ઞાન થયું એમ છે નહિ.

એમ ભગવાનના જ્ઞાનમાં લોકાલોકની અંદરમાં જે પર્યાય જે દ્રવ્યમાં જે સમયે થાય છે એ ભગવાનમાં જ્ઞાનમાં આવ્યું છે.

જે જે દેખી વીતરાગને તે તે હોશી વીરા,
અણહોની કબહુ ન હોશે, કાહે હોત અધિરા?

આહાહા..! એમાં તો મહા મર્મ ભર્યો છે. .. એમ નહિ કહો. ત્યારે? જે જે હોશી દ્રવ્યમાં, તે તે દેખી વીરા. એમ કહો. 'જે જે દેખી વીતરાગને તે તે હોશી વીરા.' આ કહે એમ નહિ. એમ હોય તો તો જ્ઞાન જાણે એ પ્રમાણે ત્યાં થાય તો જ્ઞાન કર્તા (થઈ ગયું). કર્તા નહિ.

મુમુક્ષુ :- જ્ઞાને શું કર્યું?

ઉત્તર :- જ્ઞાન કરે શું? પરની પર્યાયનું કરે? જાણે છે કે થાય છે, બસ.

જેમ પોતાની જ્ઞાન પર્યાય કેવળજ્ઞાનની લોકાલોકને નિમિત્ત છે અને લોકાલોક કેવળજ્ઞાનમાં નિમિત્ત છે. પણ છતાં કર્તા કોઈ નથી, ત્યારે નિમિત્ત કહેવાય છે. એમ સર્વજ્ઞની જેને શ્રદ્ધા થઈ તો હું પણ સર્વજ્ઞને માનનારો હું આત્મા છું. મારું જ્ઞાન જ સર્વજ્ઞ નામ જ્ઞ સ્વભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પૂર્ણ છે. એવી પ્રતીતિ થઈ તો જે સમયે પરદ્રવ્યમાં જે પર્યાય થાય છે એ થવાની હતી, એ પોતાના જ્ઞાનમાં પોતાના જ્ઞાનથી પોતાના જ્ઞાનમાં જાણી. કર્યું કાંઈ નથી પરમાં. કરે કોણ? આહાહા..! ભારે કઠણ જગતને.

સર્વજ્ઞની પ્રતીત. સર્વજ્ઞ કહો કે જ્ઞ સ્વભાવી આત્મા કહો. જ્ઞ સ્વભાવ. આત્મા એટલે શું? કે જ્ઞાનસ્વભાવ મૂર્તિ. બસ. જ્ઞાનસ્વભાવ, જ્ઞાનસ્વભાવ. જ્ઞાનસ્વભાવ નામ પૂર્ણ જ્ઞાનસ્વભાવ સ્વરૂપ. જ્ઞાન સ્વભાવમાં વળી પૂર્ણ-અપૂર્ણ ક્યાંથી આવે? પૂર્ણ જ્ઞાનસ્વભાવ. તો પૂર્ણમાં શું આવ્યું? કે પર્યાયમાં પણ પૂર્ણ થવાની લાયકાતવાળો સ્વભાવ. તો લાયકાત જેને પ્રગટ થઈ ગઈ તેની જેને પ્રતીત થઈ, તો પોતાનો જ્ઞાનસ્વભાવ આત્મા છે એની પ્રતીત થાય છે. પ્રતીત થઈ કે એમાં જે પર્યાય પ્રગટી એમાં એમ છે કે જે સમયે જ્યાં કર્મની પર્યાય થઈ... સમજાણું કાંઈ? નિશ્ચયથી તો રાગ અહીંયા હતો. ભગવાને નહોતું જાણ્યું કે આ રાગ થયો છે? રાગ થવાનો છે? રાગ થવાનો છે એમ જાણ્યું તો આ પણ એમ જાણે કે આ થયો એમ જાણ્યું. કર્યું એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે ભગવાન! એ તો કોઈએ લખી લીધું નહોતું. થોડું આણે લખ્યું હતું તો છોકરો છે, સાધારણ લખ્યું. આ હોય ને અમૃતલાલ તો બધું લખે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પોતાની અશુદ્ધ કે શુદ્ધ પર્યાયમાં વિશેષરૂપ વર્તે છે એ અનાદિની મર્યાદા છે, એમ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ? અને પરમાણુ પણ અનાદિથી પોતાના દ્રવ્ય અને ગુણની પર્યાયમાં વર્તે છે, બસ અનાદિથી. નિગોદના જીવ એક શરીરમાં અનંત, છતાં એક એક નિગોદના જીવ પોતાના દ્રવ્ય અને પોતાની પર્યાયની નિજ શક્તિથી ત્યાં વર્તી રહ્યા છે. બીજા જીવને કારણે નહિ, શરીરને કારણે નહિ, કર્મને કારણે નહિ. સમજાણું કાંઈ?

જેટલા ભાવવાળી, ચેતન કે અચેતન સ્વભાવવાળી વસ્તુ (છે એ) પોતાના '**દ્રવ્યમાં અને ગુણમાં નિજ રસથી જ અનાદિથી જ વર્તે છે તે, ખરેખર અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય હોવાથી,...**' આહાહા..! કર્મની પર્યાય કર્મમાં વર્તે છે. આત્માની પર્યાય આત્મામાં વર્તે છે. ભાષાની પર્યાય શબ્દમાં વર્તે છે, આત્માની પર્યાય આત્મામાં વર્તે છે. અનાદિથી એમ વર્તે છે. નવી નથી. ભાષામાં કે આત્માના જ્ઞાનગુણ, કેવળજ્ઞાન ગુણ ભાષાની પર્યાયમાં આવે છે? શ્રુતજ્ઞાનની પર્યાય આવે છે કે નહિ ભાષામાં? શ્રુતજ્ઞાન ન આવે. ભાષા દ્રવ્યશ્રુત છે કે નહિ? ભાષા દ્રવ્યશ્રુત છે કે નહિ? દ્રવ્યઆગમ છે કે નહિ? વાણીને દ્રવ્યશ્રુત કહે છે કે નહિ? દ્રવ્યઆગમ કહે છે કે નહિ? દ્રવ્યઆગમ નથી કહેતા? તો દ્રવ્યઆગમ છે તો દ્રવ્યમાં ભાવ પડ્યા છે કે નહિ? દ્રવ્યઆગમ છે. તો દ્રવ્યઆગમમાં ભાવ પડ્યા છે કે નહિ? ભાવ આગમજ્ઞાન એમાં પડ્યું છે કે નહિ? દ્રવ્યઆગમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો પરમાણુની પર્યાય છે. એમાં આગમ નામ ભાવજ્ઞાન ક્યાંથી એમાં આવ્યું? શ્રુતજ્ઞાન એમાં ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેમાં ભર્યું છે? એ તો ભાષા ભાવમાં અહીં સમજે એને કહે છે. ભર્યું શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. બિલકુલ નહિ. એમ કહે છે અહીંયાં. સાંભળો, નક્કી કરો.

દ્રવ્યશ્રુત જે શાસ્ત્રની પર્યાય છે, વાણીની હોય કે લેખનની હોય, એ પોતાના દ્રવ્ય અને પર્યાયથી વર્તતી પર્યાય છે. પોતાના શ્રુતથી નહિ. અને એ દ્રવ્યશ્રુતની પર્યાયથી ભાવશ્રુતની પર્યાય વર્તતી નથી.

મુમુક્ષુ :- ભાવો બ્રહ્માંડના ભર્યા.

ઉત્તર :- ભાવો બ્રહ્માંડના ભર્યા છે શેમાં? આત્માની પર્યાયમાં જ્ઞાનના. અને એના જડની પર્યાયના જડમાં.

મુમુક્ષુ :- પ્રશ્ન સારો કર્યો.

ઉત્તર :- એ તો નવરા માણસ છે તો શું કરે? પ્રશ્ન કરે કે નહિ? કહો, સમજાણું કાંઈ? નવરા એટલે શું ઓલું બહુ કામ નથી હવે અત્યારે. એમ.

'ભાવો બ્રહ્માંડના ભર્યા.' એનો અર્થ કે એ દ્રવ્યની પર્યાયના પરમાણુમાં જેટલી લાયકાત છે એટલા એમાં ભર્યા છે. અને જ્ઞાન તો ભાવો અહીં ભર્યા છે. અહીં ભર્યા છે. એ કાંઈ ત્યાં નથી ભર્યા. આહાહા..! ભારે વાત! મોટો ભ્રમ પડે છે. એ તો માથે આવી ગયું નહિ? ભાવ્યભાવક અને વ્યાપ્યવ્યાપક. એ પરમાણુ ભાષા શાસ્ત્ર છે. સરસ્વતી કહો. એ તો નિમિત્તનું કથન છે. સરસ્વતીની પર્યાય તો અહીં વર્તે છે. પોતાથી વર્તે છે, પોતાની પર્યાય નિજરસ-શક્તિથી વર્તે છે. સરસ્વતી વાણીથી અહીં વર્તે છે? મૂઢ છે. બે દ્રવ્યને એક માને છે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહારે તો એક છે.

ઉત્તર :- વ્યવહારે એક છે નહિ. કહેવામાં આવ્યું છે. શરીર અને જીવ એક કહેવામાં છે, વસ્તુમાં નથી. સમજાણું કાંઈ?

'.. ન જાણે...' આવે છે નહિ વાણી? સર્વવિશુદ્ધિમાં. આપણે એ આવી ગયું છે. શું નામ પુસ્તકનું? એ પુસ્તક છપાણું છે ને? શું એઈ? ભેદવિજ્ઞાનસાર. આ જગજીવનભાઈએ છપાવ્યું ને. ભેદવિજ્ઞાનસાર. પંદર ગાથાનું. પર્યુષણમાં વ્યાખ્યાન થયા હતા એ. ભેદવિજ્ઞાનસાર. શ્રુતની પર્યાય કાંઈ જાણતી નથી. શાસ્ત્રની પર્યાય કંઈ જાણતી નથી. કિંચિત્ જ્ઞાન એમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. એવા શબ્દ પડ્યા છે. ... ખુબી છે. શાસ્ત્રના પર્યાયો, વાણી હો કે આ લખાણ હોય, એમાં કિંચિત્ જ્ઞાન નથી, જરીએ જ્ઞાન નથી. અચેતનભાવમાં ચૈતન્યભાવ ક્યાંથી આવ્યો? આહાહા..! સમજાણું કાંઈ? મોટી ભૂલ છે. એ લખે છે તમારે, આમ છે ને તેમ છે. ઓલો એક છે ને પંડિત તમારો. વૃદ્ધ આવ્યા હતા બિચારા. પછી જરી લખાણમાં બહુ વિરૂદ્ધ લખ્યું છે અંદર. .. કોણ ડોસા. એણે બહુ લખ્યું લખાણ પુસ્તકમાં. એવું લખાણ. વાણીમાં ભાવ ભર્યો છે, આ ભર્યું છે. ધૂળ પણ નથી વાણીમાં. જ્ઞાનભાવ ક્યાંથી આવ્યો? જડમાં જડભાવ છે. મૂર્તિનો નિષેધ કરવા ગયા ત્યાં મોટી મૂર્તિ અહીં ગરી ગઈ વાણી પાછી. એના કરતા અનંતગણું વિપરીત થઈ ગયું અહીં પાછું. વાણીમાં ભાવ ભર્યા છે. મૂર્તિનો નિષેધ કરવો છે ને. મૂર્તિ નહિ. આપણે વાણી (લ્યો). વાણીમાં તો મહા ભગવાનના ભર્યા છે માટે વાણી પૂજનીક છે. એ વાત જ જૂઠી છે.

મુમુક્ષુ :- બીજા અનુકૂળ કહે છે.

ઉત્તર :- બીજા અનુકૂળ કહે. જૂઠ છે. કહે તો શું થયું? આહાહા..! સમજાણું કાંઈ? આ સમયસાર વાણી પધરાવી છે લ્યો અહીંયાં. એમાં જ્ઞાન છે? જ્ઞાનનો અંશ એમાં છે? એ તો એક શુભ વિકલ્પ હો ત્યારે એવું બહુમાન એવી પર્યાયમાં (હોય). એ પર્યાય તો જડની છે. સમજાય છે? નિક્ષેપ ભગવાનની મૂર્તિ તો જડની પર્યાય છે. ત્યાં ભગવાન છે?

મુમુક્ષુ :- ... સન્માન છે.

ઉત્તર :- સન્માન વ્યવહારે વિકલ્પ ઉઠે એટલું સન્માન છે. એ સવારમાં સ્થાપ્યું ને? વ્યવહાર છે. વિનય આવે છે, ભક્તિ આવે છે, એવો વિકલ્પ છે એટલું. પણ પરથી નથી આવ્યું.

મુમુક્ષુ :- મૂર્તિથી નથી આવ્યું?

ઉત્તર :- નહિ.

મુમુક્ષુ :- ભગવાનની મૂર્તિથી તો સમ્યગ્દર્શન થાય.

ઉત્તર :- શું થયું? એ તો આત્માના દર્શનથી થાય છે.

મુમુક્ષુ :- ધવલમાં આવે છે.

ઉત્તર :- ધવલમાં શું આવે છે? એ તો નિમિત્તનું કથન છે. આહાહા..! ભારે કઠણ.

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ સર્વજ્ઞ.. સર્વજ્ઞ-સર્વ જેણે જાણ્યું. એ વાણીમાં એમ કહે છે કે વાણીમાં મારી પર્યાય વર્તતી નથી. મારી પર્યાયમાં વાણીની પર્યાય આવતી નથી. આહાહા..! એ નિમિત્ત ને એનાથી ભારે મોટો ગોટો.

મુમુક્ષુ :- મૂર્તિમાં તો ભગવાન આવે ને?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- ભગવાનમાં ક્યાંથી આવે? એ તો નિક્ષેપ છે. ત્યાં ક્યાં ભગવાન હતા? એ તો અજીવ છે.

મુમુક્ષુ :- સ્થાપના નિક્ષેપ છે.

ઉત્તર :- સ્થાપના નિક્ષેપથી વ્યવહાર કરે છે, વ્યવહાર કરે છે કે આ ભગવાન છે. એ શુભરાગ છે તો એમાં કરે છે કે આ આમ છે. ઈ તો છે ઈ છે. પણ વિકલ્પમાં ભક્તોને બહુમાન આવ્યા વિના રહેતું નથી. એવો વિકલ્પ વ્યવહાર છે એવી વાત છે. પણ એ વિકલ્પ પરથી ઉત્પન્ન થયો એમ નથી. આહાહા..! એય..! જગજીવનભાઈ! શું કરવું આમાં માણસને? આહાહા..! નક્કી કરો નહિતર, ભાઈ! અહીં કાંઈ ગડબડ ન ચાલે. સમજાય છે કાંઈ?

પ્રત્યેક પદાર્થ પોતપોતાના ગુણ અને પર્યાય-અવસ્થાથી વર્તી રહ્યા છે. કોઈપણ ચીજ ચેતન હો કે અચેતન હો. આ જડ માટી છે-આ શરીર, તો માટી જડ છે એ પોતાની પર્યાયમાં એ પર્યાય-અવસ્થામાં વર્તી રહી છે. આત્માને કારણે નહિ. સમજાણું કાંઈ? કોઈ કહે કે આત્મા અંદર છે તો આમ શરીર અક્કડ રહે છે, જુઓ! આત્મા નીકળી જાય તો...

મુમુક્ષુ :- પડી જાય. એકદમ ઢળી જાય.

ઉત્તર :- આત્મા નીકળી જાય પછી બાંધવું પડે દોરડીએ. એ વાત ખોટી છે એમ કહે છે. આ તો માટી જડ છે. રજકણ માટી અજીવતત્ત્વ છે. એ અજીવતત્ત્વની પર્યાયમાં અજીવતત્ત્વ વર્તી રહ્યું છે. ચેતન અંદર વર્તે છે માટે એ પર્યાય આમ રહે છે એમ છે નહિ. મૂઢ લોકોએ માન્યું છે કે મારા કારણે શરીરની પર્યાય ટકે છે, અડગ રહે છે, કઠણ રહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ટટ્ટાર ઊભું રહે છે.

ઉત્તર :- ટટ્ટાર ઊભું એને કારણે (રહે) છે, એમ કહે છે. આહાહા..! અરે..! કંઈ ખબર જ ન મળે.

મુમુક્ષુ :- પણ જીવ વયો જાય પછી...

ઉત્તર :- પણ જીવ પોતાની પર્યાયમાં હતો અને આ પણ પર્યાયમાં છે. અહીં શરીર પોતાની પર્યાયમાં છે. મડદું થયું એ એની પર્યાયમાં છે. એમાં છે શું આમાં? મડદું છે આ. આ મડદું છે, મૃતક છે. આ અજીવ છે. આ ક્યાં જીવ છે? જીવ તો ભિન્ન છે. જ્ઞાનસ્વરૂપ તે જીવ છે.

મુમુક્ષુ :- ઉપચારથી તો કહેવાય ને.

ઉત્તર :- ઉપચારથી શું કહેવાય? એનો અર્થ શરીર સહિત જીવ એટલે કે શરીર સહિત જીવ છે નહિ. રહિત છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- સહિતમાંથી રહિત થાય ને.

ઉત્તર :- હા. વ્યવહારનયના કથન એવા બધા કહે કે છે, આ કહે, ના. સત્ય કહે છે કે નહિ. અસત્ય કહે છે, છે.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, એ તો સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર ભગવાન છે. એ પોતાની પર્યાયમાં નિજ રસથી વર્તે છે. વિકારપણે વર્તો કે વીતરાગપણે વર્તો, પોતાના રસથી વર્તે છે. કર્મને કારણે નહિ, શરીરને કારણે નહિ. કહે છે ને? શરીર અનુકૂળ હોય તો ધર્મસાધન ઘણાં થાય. મૂઢ છો? શરીર મજબૂત હોય તો ધર્મ સાધન બહુ થાય. મૂઢ છો. ધર્મની પર્યાય તો તારાથી થાય છે.

મુમુક્ષુ :- વાત બરાબર છે. વૃષભનારાચ સંહનન હોય તો જ મોક્ષ થાય.

ઉત્તર :- બિલકુલ વાત ખોટી છે. વજ્રવૃષભનારાચ પરમાણુની પર્યાય પરમાણુમાં વર્તે છે અને કેવળજ્ઞાન પોતાને કારણે નિજ રસથી ત્યાં વર્તે છે. શું સંહનનને કારણે નિજ પર્યાય કેવળજ્ઞાન વર્તે છે? ભગવાન આત્મા સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ, એ પોતાના સ્વરૂપમાં કેવળજ્ઞાનરૂપે પર્યાયમાં નિજ રસથી જ વર્તે છે. સંહનનને કારણે નહિ, મનુષ્યદેહને કારણે નહિ. સમજાણું કાંઈ? પર્યાયને કારણે નહિ. પૂર્વની પર્યાયને કારણે નહિ. એ તો અનાદિ દ્રવ્ય અને વિશેષ પર્યાય પોતાની નિજ શક્તિથી વર્તે છે એમ અહીં તો કહેવું છે.

સમય સમયમાં પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ આ માટી-ધૂળ એ પોતપોતાના દ્રવ્ય નામ સામાન્ય અને વિશેષ નામ વર્તમાન પર્યાયમાં સમકાળે દરેક વર્તી રહ્યાં છે. કોઈને કારણે કોઈ છે એ વાતમાં એક દોકડો સત્ય નથી. આહાહા..! એને નથી ભાન. આંધળો અનાદિનો આંધળો. આંધળો જોતો નથી કે હું કોણ છું અને આ જડ કોણ છે? હું શરીર છું. હું શરીરને આમ કરું છું, હું શરીરને આમ રાખું છું. ધૂળમાં કરતો નથી. ઉં..ઉં.. થઈ જાય છે. કાંઈક કહેવું હતું બાયડીને. જીભ ન વળી. જીભ લવો. તો જીભ લવો એ જડ છે. જડની પર્યાય ન થઈ. તારાથી થતી નથી. થતી હોય તો ત્યાં થવી જોઈએ. ખ્યાલમાં આવી જાય એને. જુઓ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. આ મૂઢ મતિ. લ્યો સમજ્યાને? આ ભાઈ નહિ આપણા પોરબંદરવાળા? ભુરાભાઈ. છ મહિના સુધી.. એય..! પ્રાણભાઈ! ભુરાભાઈ નહિ? તમારા ભુરાભાઈ કોઠારી. છ મહિના સુધી. બાહોશ માણસ. વીસ લાખ રૂપિયા. શું કરે તારા રૂપિયા ત્યાં ધૂળમાં?

મુમુક્ષુ :- બાહોશ..

ઉત્તર :- બાહોશી પર્યાય અંદરમાં રહી. ધૂળમાં શું કરે? છ મહિના સુધી આમ કરતા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કેવો બાહોશ માણસ હતો. સમજ્યા? છ મહિના સુધી જીવન રહ્યું. કહો. પ્રાણભાઈ! જોયું હતું કે નહિ તમે? તમે જોયા હતા કે નહિ? છ મહિના સુધી. એ જડની પર્યાય શરીરની માટીની પર્યાય જે પ્રમાણે વર્તે એમાં આત્માનો અધિકાર છે જ નહિ. ગૃહસ્થ માણસ હતા પોરબંદરમાં. સ્થાનકવાસી હતા. પછી અહીંનો રંગ લાગ્યો. સોળ દિવસ સાંભળ્યું. સાંભળીને એમ થયું કે ઓહો..! માર્ગ તો આ છે. છોડી દીધું, બધું હટાવી દીધું. હું સ્થાનકવાસી નથી. મહારાજ કહે છે એ ધર્મ મને સાચો લાગે છે. ગૃહસ્થ માણસ હતા, હોં! વીસ લાખ રૂપિયા. અત્યારે તો બહુ વધી ગયું એના છોકરાને પાસે. પૈસા વધે ને ધૂળ. એમાં આત્માને શું?

મુમુક્ષુ :- સગવડ વધે ને.

ઉત્તર :- શેની સગવડ? ધૂળની? પાંચ લાખ તો એને અત્યારે આવે છે એકલા સરકાર તરફથી. એના દીકરાને. પાંચ લાખ તો પોતાને આવે છે. એક વર્ષના. પાંચ લાખ હોં! અત્યારે તો રાજા-બાજા બધા ડુલી ગયા છે. પણ એમાં.. પ્રાણભાઈ! સમજાય છે? મનસુખભાઈને પાંચ લાખની આવક. કોઠારીને પાંચ લાખની આવક. એ સિવાય બીજા ધંધાની બીજી આવે એ જુદી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ખબર નથી આપણને બહુ. પણ આટલું સાંભળ્યું હતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી જુદું હશે. એ આપણને બહુ ખબર નથી. પાંચ લાખની અત્યારે પેદાશ છે. એક વર્ષની એટલી સરકાર તરફથી. ધૂળમાંય પણ શું થયું? એ પેદાશ થઈ તો તારામાં શું આવ્યું? તારામાં તો તું મમતા કરે છે તો મમતા થઈ. પૈસાથી નહિ. પૈસાથી મમતા થઈ નથી. મમતા તારી પર્યાયમાં તારા કારણે વર્તી રહી છે. પૈસાને કારણે નહિ. આહાહા..! બરાબર છે? ભારે વાત!

મુમુક્ષુ :- હુશિયારી..

ઉત્તર :- હુશિયારી લોપ થઈ ગઈ દેખી નહિ તમે? અંદરમાં ઉઘાડ ભલે હો પણ આમ બહારમાં ડોલું પકડતા. આમ પકડી રાખે, બિચારો કેવો માણસ. જાત્રામાં ગયા હતા તો દસ હજાર લખાવ્યા હતા પહેલા. જાત્રા જ્યારે પહેલી નીકળીને આપણે. સમ્મેદશિખર પહેલી જાત્રા. (સંવત) ૨૦૧૩. જ્યાં નામ પડ્યું ત્યાં દસ હજાર. જાત્રામાં નીકળ્યા અહીંયાંથી. ડોળીવાળા. ત્યારે ડોળી.. મુંબઈમાં પહેલા ડોળીમાં બેઠા હતા. મોટરમાં બેસતા નહોતા. ત્યાં પછી મુંબઈથી મોટર લીધી. અહીં ડોલીમાં જ્યાં નીકળ્યા .. ગયા હતા નહિ. ડોળીવાળા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


... ડોળીવાળાને. બેઠા ત્યાં તો કહે, મહારાજ! જાત્રા નીકળે એમાંથી પોણો સો રૂપિયા ડોળીવાળાને. મફત હોં! ઈનામના પોણો સો. પહેલા ઈનામ આપ્યા, બહાર નીકળ્યાને. ઓલા ખુશી ખુશી થઈ ગયા. મંગળિકમાં પોણો સો. અને એ સિવાયનું એનું દરરોજનું જુદું, હોં! એ તો ચાલવું તો જુદું. એ તો જગતની પર્યાય છે. એને વર્તવાની હોય તે વર્તે છે. મૂઢ મફતનો એમ માને છે કે મારે લઈને આ થયું. ધૂળમાંય નથી.

મુમુક્ષુ :- એને મૂઢ કહેવાય?

ઉત્તર :- મૂઢ નહિ, મૂઢનો મોટો પાડો કહેવાય. અમે આ રાજની વ્યવસ્થા કરીએ, અમે કુટુંબની વ્યવસ્થા કરી શકીએ. સમજાણું કાંઈ? પૈસાની-લક્ષ્મીની વ્યવસ્થા કરીએ, વાણિયા . બહુ માને. અમે વ્યાજ બરાબર ઉપજાવીએ. ધૂળમાંય તું ઉપજાવ નહિ. ખમ ને. તારા રાગમાં તું વર્ત. પરની પર્યાયમાં એ વર્તે. તારાથી એ આવે છે? અમુલખભાઈ કેમ હશે? એમ હશે? પણ તમે તો ત્યાં બહુ .. કહેવાઓ છો. ત્રણ ગામમાં મોટી લાતીની પેદાશ મોટી છે એને. વઢવાણ, જોરાવર અને કાંપ અમુલખભાઈને બબ્બે લાખના લાકડા મોટા. મોટી પેદાશ. ૫૦-૫૦ હજારની પેદાશો મોટી. ધૂળમાંય નથી હવે, એ તો જડમાં, એમાં આને શું?

મુમુક્ષુ :- એનો માલિક.

ઉત્તર :- માલિક શેનો પણ? જડનો માલિક છે આત્મા? જડનો માલિક હોય તો જડ થઈ જાય આત્મા. નિર્જરા અધિકારમાં આવે છે. નિર્જરા અધિકારમાં આવે છે.

મુમુક્ષુ :- વ્યવહારે તો માલિક છે ને.

ઉત્તર :- વ્યવહાર માલિક ધૂળેય નથી. માને છે. એ પર્યાય એને કારણે વર્તે છે, તારી પર્યાય તારામાં વર્તે છે. ભારે ભાઈ! ભીખાભાઈ શું હશે આમાં?

મુમુક્ષુ :- આપ કહો છો એ સત્ય છે.

ઉત્તર :- એમ!

**'ખરેખર અચલિત વસ્તુસ્થિતિ...'** ભગવાન આત્મા અને આ રજકણ, માટી, ધૂળ એની વર્તમાન દશામાં વર્તે છે એ અચલતિ વસ્તુની મર્યાદા છે. એમાં કોઈ કારણે કોઈ તત્ત્વથી કોઈ બીજા તત્ત્વમાં ફેરફાર થાય એમ ત્રણ કાળમાં બનતું નથી. આહાહા..! આ જગતને બેસવું...

મુમુક્ષુ :- એ તો આમાં એમ થયું ને કે સિદ્ધ ભગવાન પોતાના કારણે ... નિમિત્ત નથી માટે

ઉત્તર :- ના, ઇ વાત જ ખોટી છે. ધર્માસ્તિકાય આગળ નથી માટે આગળ નથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જતા એ વાત જ ખોટી છે. પોતાની સ્થિતિને કારણે ત્યાં વર્તી રહ્યા છે. એ તો દરેકની સ્થિતિ જ એવી છે. દાખલા કેટલા આપે? અપાઈ ગયા છે ઘણાં. સમજાણું કાંઈ?

આ શરીરનું વર્તવું, એમ કોઈ કહે કે દાળ-ભાત-શાક પથ્ય આહાર લે તો આ વર્તી રહ્યું છે. એ વાત ખોટી છે એમ કહે છે અહીંયાં. કારણ કે દાળ-ભાત રોટલી એ પરપદાર્થ ધૂળ છે, પર. આ પર છે. આ પર છે. ભિન્ન ભિન્ન વસ્તુ છે. આ શરીર માટી છે એની વર્તમાન અવસ્થામાં એ પરમાણુ વર્તી રહ્યા છે. આત્માને કારણે એ ઠીક રહે એમ છે નહિ. અને દાળ-ભાતને કારણે શરીર ટકી રહ્યું છે એમ પણ નથી. ભારે વાત, ભાઈ! જગતને તો આંખ્યું કોડે ગઈ છે ને આડી એટલે એને તત્ત્વની ખબર નથી.

અહીં કહે છે, '**ખરેખર અચલિત વસ્તુસ્થિતિ...**' વસ્તુની મર્યાદા ચળે નહિ એવી અનાદિથી છે. '**મર્યાદાને તોડવી અશક્ય હોવાથી,...**' કોઈ પદાર્થની-વસ્તુની જે અવસ્થા થાય એ પરથી થાય, પરથી રોકાય અને પરથી રચાય, પરથી રોકાય અને પરથી રચાય એમ વસ્તુની મર્યાદામાં છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ભારે જગતને કઠણ. છે કે નહિ એમાં? ભાઈ! એ ભાષા.. હોં! શાસ્ત્રમાં જ્ઞાન નથી. એનાથી જ્ઞાન થતું નથી. આ પાનામાં જ્ઞાન નથી. પાનામાં પાનું છે.

મુમુક્ષુ :- શું કામ સામે રાખે?

ઉત્તર :- રાખે કોણ? એના કારણે એ અહીંયાં વર્તી રહ્યું છે. સમજાણું કાંઈ? આ ઉપર રહ્યું છે એ લાકડીને કારણે નીચે છે તો રહ્યું છે એમ પણ નથી.

મુમુક્ષુ :- શું કામ રાખી?

ઉત્તર :- કોણ રાખે? રાખે કોણ અને મૂકે કોણ? જગતની ચીજ છે. રજકણ પણ અચેતન પદાર્થ છે. અચેતનભાવથી ભરેલો છે. અચેતનભાવ દ્રવ્યરૂપ અને પર્યાયમાં એ વર્તી રહ્યો છે. ખલાસ થઈ ગયું. પરને કારણે કાંઈ નથી. આહાહા..!

મુમુક્ષુ :- .. તો અકારણ થઈ ગયું.

ઉત્તર :- અકારણ નામ ... એ છે તો અહીંયાં છે એમ નથી. ત્યારે નિમિત્ત કહેવાય છે. આ છે તો આ છે. તો નિમિત્ત ક્યાં રહ્યું? એમાં ઘૂસી ગયું. આહાહા..!

'**ખરેખર...**' સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ પરમાત્માએ જે ત્રણ કાળ ત્રણ લોકમાં અનંત પદાર્થ જોયા છે એ પ્રત્યેક પદાર્થની વર્તમાન દશામાં તે પદાર્થ વર્તી રહ્યો છે. પરને કારણે વર્તે છે એમ ત્રણ કાળમાં વસ્તુની મર્યાદામાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! '**તેમાં જ વર્તે છે પરંતુ... દ્રવ્યાંતર અને ગુણાંતરરૂપે સંક્રમણ પામતી નથી;...**' એક વસ્તુ. પરમાણુ એક રજકણ પોઈન્ટ છે તે બીજા પરમાણુમાં નથી જાતો. આત્મા આ પરમાણુમાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જતો નથી. આ તો રજકણ માટી ધૂળ છે. ભગવાન અરૂપી ચૈતન્યઘન છે. એ પોતાના દ્રવ્ય ગુણમાં આત્મા વર્તે છે. પરમાણુ પોતાના દ્રવ્ય ગુણમાં વર્તે છે. જુઓ!

'**સંક્રમણ પામતી નથી;...**' પલટતી નથી, બદલતી નથી. બીજા દ્રવ્યની પર્યાય બીજામાં બદલાય એમ છે નહિ. કર્મના ઉદયની પર્યાય આત્મામાં રાગ અને સંક્રમણની છે એમ છે જ નહિ. ઉદયની પર્યાય જડની છે અને રાગ એ ચૈતન્યની વિકાર પ્રવૃત્તિ છે. તો કર્મનો ઉદય અહીં સંક્રમણ થયો, .. તો રાગ થાય છે એમ કદી બનતું નથી. આહાહા..! એક વાત પણ એને અંદર યથાર્થ બેસે નહિ અને એમ ને એમ ચાલ્યો જ જાય છે અનાદિથી. અનાદિથી રખડતો મૂઢ. સમજાણું કાંઈ? પૈસા કાંઈક થયા ત્યાં કહે, પૈસાને લઈને હું મોટો થયો. ધૂળનો મોટો? પૈસા ક્યાં તારા હતા તો વળી મોટો થઈ ગયો? મોટા સમજો છો? બડા-બડા. પૈસા થયા તો મોટો થઈ ગયો.

મુમુક્ષુ :- લોકોમાં કહેવાય.

ઉત્તર :- લોકોમાં કહેવાય. જુઓ! આ લોકોમાં કહેવાય એના મામાના દીકરા છે. ચાલીસ કરોડ રૂપિયા અત્યારે છે. આ પ્રેમચંદભાઈ આ બેઠા છે ને? એના મામાના દીકરા ગોવામાં અત્યારે છે. શાંતિલાલ ખુશાલદાસ. ચાલીસ કરોડ. એક દિવસની એક લાખની આમદની. ધૂળની. માને કે મારી (છે). એ તો ધૂળના ઢગલા એને કારણે આવે અને એને કારણે જાય. મૂઢ માને કે મારા કારણે આવ્યું. મૂઢ છે. એય..! ભીખાભાઈ! ચક્કરડા છે તારા ઘરે. મૂઢ છે? એ પરવસ્તુ તો એને કારણે ત્યાં પ્રવર્તી રહીને આવે છે. તારે કારણે આવે છે? તારે કારણે આવે છે? સમજાણું કાંઈ? અને તારી પાસે આવી તો એ ક્ષેત્રાંતર એની પર્યાયમાં વર્તીને ત્યાં રહ્યું છે. તારા કારણે ત્યાં રહ્યું છે એમ છે જ નહિ. આહાહા..!

સ્ત્રીનો આત્મા, પુત્રનો આત્મા એ આત્માઓ પોતાના દ્રવ્ય એટલે વસ્તુ અને પોતાના ગુણમાં પર્યાય વર્તે છે એમાં રહે છે. તારી પાસે અહીંયાં નજીક ક્ષેત્રમાં આવ્યા તો તારે કારણે આવ્યા એમ છે જ નહિ. સમજાણું કાંઈ? પુણ્યવંત પાસે પૈસા આવે અને પાપી પાસે ન આવે તો એટલો તો કાંઈક ફેર પડતો હશે કે નહિ?

મુમુક્ષુ :- ફેર તો પડે ને.

ઉત્તર :- ધૂળમાંય નથી પડ્યો. શું પડ્યો? પૈસાના રજકણ એના દળને લઈને એને કારણે આવે. એમાં આત્માને શું? આત્માની પર્યાયમાં આવી ગયું છે એ? પર્યાય નામ અવસ્થા, અવસ્થા નામ દશા. આત્માની દશામાં એ આવ્યું છે? એ તો એની દશામાં વર્તી રહ્યું છે. અભિમાન આવે અભિમાન. એ અભિમાન વસ્તુને લઈને આવ્યું છે? અભિમાન તો પોતાની પર્યાયમાં વર્તી રહ્યું છે માટે આવ્યું છે. પરને કારણે અભિમાન નહિ. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બસ, જ્યારે કોઈ દ્રવ્ય અને એની વિશેષ દશા '**સંક્રમણ પામતી નથી; અને દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે નહિ સંક્રમતી તે, અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે?**' બસ ખલાસ. પરવસ્તુને કેવી રીતે બદલી શકે? પરવસ્તુ કેવી રીતે પલટે? ભાઈ! સમજાય છે? સમજાય છે કે નહિ? આજે તો હિન્દી લીધું, હોં! સવારમાં તો .. ચાલતું હતું.

'**(કદી ન પરિણમાવી શકે.) માટે પરભાવ કોઈથી કરી શકાય નહિ.**' જાવ. એક પદાર્થ બીજા પદાર્થની અવસ્થાને કરનાર કદી નથી. કરે તો સંક્રમણ થઈને દ્રવ્યનો નાશ થાય છે. એમ કદી બનતું નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૨, મંગળવાર તા. ૨૯-૧૧-૧૯૬૬**
**ગાથા-૧૦૩-૧૦૪, પ્રવચન-૨૦૨**

એક દ્રવ્ય બીજી દ્રવ્યની પર્યાયનું કાર્ય કરી શકતું નથી એ વાત સિદ્ધ કરે છે. ત્રીજી ગાથા છે ને થોડી ઉતાવળથી લેવાઈ ગઈ છે ને.

જે કોઈ પદાર્થ છે એ પોતાના દ્રવ્ય અને પોતાની વિશેષ અવસ્થામાં અનાદિથી વર્તી રહી છે વસ્તુ. સમજાણું? જે કોઈ આત્મા છે કે કર્મ છે કે શરીર, પ્રત્યેક પદાર્થ પોતાનું દ્રવ્ય અને પોતાના ગુણ એટલે પર્યાય વિશેષ, એમાં એ વર્તી રહી છે. તેમા જ વર્તે છે. **'પરંતુ દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ પામતી નથી;...'** એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે કે એક દ્રવ્યની પર્યાય ગુણાંતર એટલે ગુણના વિશેષ એટલે બીજી પર્યાયરૂપે સંક્રમણ પામતી નથી. ૧૦૩ ગાથા ચાલે છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ?

શું કીધું? પ્રત્યેક રજકણ અને પ્રત્યેક આત્મા ભિન્ન ભિન્ન અનાદિથી પોતાનું દ્રવ્ય જે છે અને પોતાની વિશેષ અવસ્થા એમાં એ વર્તી રહી છે. એમાં દ્રવ્યાંતર એટલે એક દ્રવ્ય અન્ય દ્રવ્યરૂપે થાય કે ગુણાંતર કે એની વિશેષ અવસ્થા બીજી પર્યાય રૂપે થાય એ સંક્રમણ પામતી નથી. એ રૂપે સંક્રમણ-બદલો થતો નથી. સમજાણું કાંઈ? આત્માની પર્યાય રાગાદિ હોય કે જ્ઞાનાદિ અને દ્રવ્ય, એ કાંઈ કર્મની... આ શરીર છે. શરીર જે રજકણો છે આ એ દ્રવ્ય. એની અવસ્થા તે એનો ગુણ એટલે વિશેષ અવસ્થા. એમાં આત્માની પર્યાય અને દ્રવ્ય, દ્રવ્યાંતર એટલે બીજા દ્રવ્યરૂપે અને ગુણાંતર એટલે કે એની વિશેષ અવસ્થારૂપે સંક્રમણ કોઈ ચીજ પામતી નથી. સમજાણું કાંઈ?

**'અને દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે નહિ સંક્રમતી તે,...'** કોઈ પણ પદાર્થ પોતાના દ્રવ્યને અન્ય દ્રવ્યરૂપે નહિ કરવું અને પોતાની વિશેષ અવસ્થાને અન્ય વિશેષરૂપે નહિ થવું, તે રીતે નહિ સંક્રમતી **'અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે?'** આ સિદ્ધાંત છેલ્લો. એક રજકણ બીજા રજકણની અવસ્થાને કેમ બદલાવે? એક આત્મા પોતાની પર્યાય સિવાય બીજા કર્મની અને દેહની પર્યાયને કેમ સંક્રમણ થાય? એટલે કે અન્ય પર્યાયરૂપે થાય અને બદલાવે એમ બનતું નથી. સમજાણું કાંઈ?

આ શરીર જે ચાલે છે, જુઓ! આ શરીરની જે આ પર્યાય છે એ એનું વિશેષ છે અને રજકણો તે એનું દ્રવ્ય છે. તો એ દ્રવ્ય પોતે દ્રવ્યાંતર એટલે કે આત્મારૂપે થાય? અને એ પર્યાય કાંઈ આત્માની પર્યાયરૂપે થાય? અનેરી વિશેષાંતર પર રૂપે થાય? તો પછી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્માને આત્માની પર્યાયમાં એ પરદ્રવ્ય શું કરી શકે? પ્રેરણા કરે. પ્રેરણા કરે એની વ્યાખ્યા શું? એ તો વાત ચાલે છે.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં પ્રેરક શબ્દ આવે છે.

ઉત્તર :- પ્રેરક એટલે એ તો નિમિત્ત કહે છે. પ્રેરક એટલે એ તો નિમિત્તની વિશેષતા. એક નિમિત્ત ઉદાસીન છે એટલે આમ સ્થિર અને એક નિમિત્ત ગતિવાળું કે ઈચ્છાવાળું. એને નિમિત્તના ફેરે બતાવવું છે. પણ એ નિમિત્ત પરમાં કાંઈ કરે તો તો ગુણાંતર થાય.

મુમુક્ષુ :- એમાં આધાર ઘણા આપ્યા છે.

ઉત્તર :- શેના આધાર પણ? એ આધાર બધા અમે વાંચ્યા છે ને. તમારે ત્યાં જયપુરની ચર્ચામાં આવ્યું છે ને, એ પ્રશ્ન આવ્યો છે, ૩૯૨ પાને છે. વાંચ્યું છે ને બધું. ખોટે ખોટા ગપેગપ છે. આ મહાસિદ્ધાંત અહીંથી લ્યો.

'**सर्वभावान्तरच्छिदे**' આવે છે ને? ભાઈ! પહેલી લીટીમાં. '**नमः समयसाराय**' '**सर्वभावान्तर**' પોતાના ભાવ સિવાય બીજા ભાવને પ્રત્યક્ષ કેવળજ્ઞાની જાણે છે. એમ અહીંયાં દ્રવ્યાંતર. એક દ્રવ્ય બીજા અનેરા દ્રવ્યમાં પલટતું નથી, એક પર્યાય ગુણાંતર-એ ગુણાંતર એટલે પર્યાય, એ પર્યાય ગુણાંતર-અનેરી પર્યાયપણે પલટતી નથી તો બીજાને કેમ પરિણમાવી શકે? મહાસિદ્ધાંત છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આહાહા..! આત્મા રાગરૂપે પરિણમે કે વીતરાગરૂપે પરિણમે, એ પોતાના દ્રવ્ય-ગુણની પર્યાયમાં પર્યાયના વિશેષપણે પરિણમવું, સામાન્ય વિશેષપણે પરિણમે. પણ એ કર્મને પરિણમાવે કે શરીરની પર્યાયને બદલાવે એ કેમ બને? કારણ કે એ કર્મની પર્યાયમાં આ દ્રવ્ય અનેરું દ્રવ્ય થાય તો ત્યાં પલટે. આ પર્યાય અનેરાની થાય તો ત્યાં પલટે. એમ તો બનતું નથી.

મુમુક્ષુ :- નિર્જરા થાય છે ને.

ઉત્તર :- નિર્જરા કોની?

મુમુક્ષુ :- કર્મની નિર્જરા.

ઉત્તર :- એ તો એની પર્યાયથી થાય છે. એની પર્યાયથી થાય છે. પરમાણુ સામાન્ય અને નિર્જરાની પર્યાય એનું વિશેષ છે. એ કાંઈ આત્માને કારણે અહીંયાં નિર્જરા થાય છે એમ છે જ નહિ. આહાહા..! આત્માએ શુદ્ધતા પ્રગટ કરી, શુદ્ધતા પ્રગટ કરી એમાં એ આત્મા વર્તે. આત્મા દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે. હવે અહીં ગુણ શબ્દે પર્યાય લેવી. વિશેષ દશા શુદ્ધ ચૈતન્ય છું, જ્ઞાન છું, આનંદ છું. સમસ્વભાવી એવો સામ્યભાવ. રાતે કહ્યું હતું કે જેમ સામ્યભાવ અંગીકાર કરવા માગે છે સંતો, તો એ સામ્યનો અર્થ શું? સમતા. તો સમતા છે એનો અર્થ શું? એ તો પર્યાય થઈ. પણ આત્મા સમતાસ્વરૂપ છે. આત્મા સમતાસ્વરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. એ સામ્યપણું આવ્યું ક્યાંથી? સામ્ય અંગીકાર કરું છું, ભગવાન કહે છે કુંદકુંદાચાર્ય. ઉપશમભાવ સામ્ય ચારિત્ર શુદ્ધોપયોગ એ ચારિત્ર .. એ સમતા.. સમતા.. એટલે વીતરાગી પર્યાય. ક્યાંથી આવી? આત્મા જ સામ્યસ્વરૂપ છે. જ્ઞાન તરીકે જુઓ તો જ્ઞાનસ્વરૂપ છે. સમતા તરીકે જુઓ તો સમતાસ્વરૂપ છે. આનંદ તરીકે જુઓ તો આનંદસ્વરૂપ છે. એનું અંતર અવલંબન કરીને સામ્ય દશાની પર્યાયમાં પોતે દ્રવ્ય અને ગુણ એટલે સામ્યદશા એમાં વર્તી રહ્યું છે. એ વર્તતું કર્મની પર્યાય અને નિર્જરાની પર્યાય એ કેમ કરે?

મુમુક્ષુ :- એનાથી રહ્યું.

ઉત્તર :- એને કારણે સિદ્ધ થયું. એને કારણે તે પર્યાય ત્યાં પ્રવર્તી રહી છે. એમ સિદ્ધ કર્યું છે ત્યાં. અને નિમિત્ત બતાવ્યું છે કે આવી શુદ્ધતા હોય ત્યાં આમ થાય. પણ એ શુદ્ધતા પરિણમે અને વર્તે પોતાની પર્યાયમાં અને ઝરવું રજકણનો પર્યાય, ધ્રુવ રહી અને એની અવસ્થાનું પલટી જવું, કર્મ રૂપે અવસ્થા છે એનું અકર્મરૂપે થવું એનું નામ નિર્જરા. એ અકર્મરૂપે થવું એનું નામ નિર્જરા. નિર્જરાની વ્યાખ્યા શું? સમજાય છે? એની કર્મ અવસ્થારૂપ છે એ અકર્મ થઈ જવી. એ એની પર્યાયમાં એનું વર્તન છે. આ ગુણે ત્યાં પર્યાયમાં પલટાવાનું કર્યું છે, નિર્જરા કરી છે કર્મની એમ છે નહિ. નક્કી કરો, ભાઈ! અહીં તો એક એક... એય..! વિજયમૂર્તિ! સમજાય છે કાંઈ?

કર્મની નિર્જરા આત્માએ કેમ કરી? અહીં તો કહે છે... અને કર્મ કેમ બાંધ્યા? બેય પ્રશ્ન છે. આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલે તો ભ્રાંતિ કરે અને રાગ-દ્વેષ કરે. એમાં એ વર્તે. હવે એ વર્તેલું દ્રવ્ય કર્મના રજકણોમાં વર્તવાની જે અવસ્થા, કર્મરૂપે થવાની એમાં આ પલટીને ત્યાં જાય છે કે એને પલટાવે? કર્મરૂપે કરાવે? કર્મરૂપે અવસ્થા કરે? આની અવસ્થા ગુણાંતર, ગુણાંતર-અવસ્થાંતર, અવસ્થાંતર અનેરી અવસ્થાપણે આ અવસ્થા થતી નથી.

ગુણાંતર એટલે અનેરી અવસ્થાપણે આ અવસ્થા થતી નથી. અનેરી અવસ્થાપણે આ અવસ્થા થતી નથી. તો આ અવસ્થા બીજાની નિર્જરા કેમ કરે? સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! તારું સ્વરૂપ ભિન્ન છે અને એનું સ્વરૂપ ભિન્ન છે એમ તને એટલુંય ન ભાસે તો પછી વીતરાગતા જે આત્મા વીતરાગસ્વરૂપ છે, શાંતરસનો કંદ છે પ્રભુ, એની દૃષ્ટિ થવી એ સમ્યગ્દર્શનમાં સમતા એ જાતની પહેલી આવી. શાંત વસ્તુ છે. એ વસ્તુ પર્યાય કર્મના ખરવાની પર્યાયથી અહીં થઈ નથી. કેમ કે કર્મના ખરવાની પર્યાયમાં કર્મના રજકણો એની વિશેષ અવસ્થામાં વર્તે છે. એની અવસ્થામાં વર્તતા આની શુદ્ધ અવસ્થા અને એ અવસ્થાંતર, એ નિર્જરાની અવસ્થા જે કર્મની થઈ એની, એ અવસ્થાંતર એટલે આ અવસ્થાને કેમ પલટાવે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આની શુદ્ધતાને કેમ પ્રગટ કરે? સમજાણું કાંઈ? ભાઈ! વાત તો એવી છે કે વસ્તુ જેવી છે એવું એને ભાવમાં નક્કી કરવું જોઈએ. આહાહા..!

ભાષા કેટલી કરી છે, જુઓ! કહે છે કે જગતમાં જે કોઈ જેટલા ભાવવાળી, ચૈતન્યસ્વરૂપ કે અચૈતન્યસ્વરૂપ ભાવવાળી વસ્તુ જે દ્રવ્યમાં અને ગુણમાં એટલે એની સામાન્ય શક્તિમાં અને એની વિશેષ દશામાં એ નિજ રસથી જ અનાદિથી વર્તે છે. નિજ રસથી-નિજ શક્તિથી-નિજ સામર્થ્યથી જ અનાદિથી વર્તે છે.

'**ખરેખર અચલિત વસ્તુસ્થિતિની...**' અચલતિ-ન ચળે તેવી વસ્તુની મર્યાદાને '**તોડવી અશક્ય હોવાથી,...**' તે મર્યાદા કોઈથી તોડી શકાય નહિ. કેમ કે પરમાણુ પણ પોતે દ્રવ્ય અને પોતાના વિશેષપણે વર્તી રહ્યું છે. આત્મા પણ પોતાનું દ્રવ્ય અને વિશેષપણે વર્તી રહ્યું છે. આવી અચળ વસ્તુની સ્થિતિને કોણ તોડી શકે? સમજાણું કાંઈ? '**તેમાં જ વર્તે છે પરંતુ દ્રવ્યાંતર...**' ભગવાન આત્મા પોતે દ્રવ્ય પલટીને અનેરા દ્રવ્ય રૂપે પલટે એમ બની શકે? આત્મા પોતાની પર્યાય છે એનાથી અનેરી પર્યાય રૂપે થાય? અનેરી પર્યાય રૂપે થાય? એની પર્યાય રૂપે એ થાય, અનેરી પર્યાય રૂપે આ શી રીતે થાય? એમ કહે છે. આહાહા..! ભારે વાત કરી છે ને. બહુ ટૂંકામાં પણ અનંતા દ્રવ્યોને ભેદીને વહેંચી નાખ્યા છે. પંડિતજી! આહાહા..! આ એવું સત્ય છે કે લોકોને એમ થઈ જાય, લ્યો. આ એકાંત.. એકાંત... એકાંત.. પણ એ એકાંત જ સત્ય છે, સાંભળને! બીજાનું કરી શકે તો અનેકાંત કહેવાય. પોતે પોતાનું કરે અને બીજાનું કરે તો અનેકાંત કહેવાય. એ અનેકાંત નથી. એ જ એકાંત મિથ્યાત્વ છે. આહાહા..!

અનંત પદાર્થ (છે). અહીં સિદ્ધાંત શું સિદ્ધ કર્યો છે? અનંત પદાર્થ તે સંખ્યા. એ દરેક પદાર્થ પોતાના દ્રવ્ય અને વિશેષમાં વર્તી રહ્યું છે. એ વર્તતા તે દ્રવ્યાંતર અને ગુણાંતર અનેરા દ્રવ્યપણે અને અનેરી વિશેષ અવસ્થાપણે પલટતી નથી. પલટતી નથી તો બીજાની પર્યાયને અને દ્રવ્યને એ કેમ કરે? દ્રવ્ય તો ન કરે પણ પર્યાયને કેમ કરે? બીજાને કેમ પલટાવે?

આત્મા જ્ઞાન કરે કે આ શરીર આમ ચાલે તો ઠીક. જ્ઞાન (કરે). પણ ચાલવાની અવસ્થા આત્મા કરે? કે આત્માની અવસ્થા અનેરી અવસ્થાપણે થાય તો આ અવસ્થાને કરે. ગુણાંતર અવસ્થાંતર, અવસ્થાંતર. આ અવસ્થા અનેરી અવસ્થાપણે થાય તો આ અવસ્થાને કરે. અનેરી અવસ્થાપણે થાતી નથી. સમજાય છે આમાં? એમ કહેવું કે અનંત આત્મા છે અને અનંત રજકણો એથી અનંતગુણા છે એમ કહેવું અને વળી એમ કહેવું કે તે કાળે તેની જે અવસ્થારૂપ જે દ્રવ્ય તેમાં વર્તે છે, એનું બીજું દ્રવ્ય વર્તાવે તો એમાં રહ્યું ક્યાં અનંતપણું? સમજાણું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ? આ તો વસ્તુની સ્થિતિ જ એવી છે, એવી સર્વજ્ઞે જોઈ છે અને વાણીમાં તેમ આવ્યું છે.

ભાઈ! પ્રત્યેક પદાર્થ આત્મા અને રજકણ... આ ભાષાની પર્યાયમાં જુઓ! આ હોઠની કે આ પર્યાય એમાં એનું દ્રવ્ય અને એનો વિશેષ અવસ્થામાં એ વર્તી રહ્યું છે. એના વર્તવામાં એ અવસ્થા આ આત્મા અને જીભને એ કેમ કરે? અરે..! એ ભાષાની પર્યાયને કેમ કરે? આ હોઠના આ રજકણ છે એ રજકણ પોતાના દ્રવ્ય અને ગુણમાં વર્તી રહી છે વસ્તુ. ગુણ એટલે વિશેષ. એ દ્રવ્ય અને ગુણ વિશેષમાં વર્તતા રજકણો એ બીજી ભાષામાં જે દ્રવ્ય-ગુણમાં વર્તતા જે પરમાણુઓ, એ પર્યાય એ ભાષાના રજકણપણે કેમ થાય? દ્રવ્યાંતરપણે. અને ભાષાની પર્યાયપણે કેમ થાય? ગુણાંતરપણે. કેમ થાય? આ હોઠની પર્યાય પણ ભાષાની પર્યાય કરે નહિ એમ કહેવું છે. આહાહા..!

વીતરાગ તારો માર્ગ તો વીતરાગ છે. કોનો કર્તા? ભાઈ! કોણ કોને કરે? બાપુ! સમજાણું? એટલું પણ નક્કી ન થાય ત્યાં સુધી એને પરના કર્તૃત્વનો ખદબદાટ ખદબદાટ (રહ્યા કરે). મેં આમ ન કર્યું તો આમ થયું, મેં આમ ન કર્યું તો આમ થયું. મેં બરાબર ખાધું સરખું નહિ ને એટલે મને આમ નબળાઈ આવી ગઈ. મેં સરખું ખાધું ને તો પચશે શરીરમાં. એ વાત જ જૂઠી છે, કહે છે. ચંદુભાઈ! જુદી વાત છે આ વીતરાગ માર્ગની. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જેણે અનંત ચક્ષુ અસંખ્ય પ્રદેશે અનંત ચક્ષુ ... અનંત ચક્ષુ ખીલી ગયા, એણે ભગવાને જોયું અને વાણીમાં સહજ આવ્યું છે.

અહીં તો કહે છે, ભગવાન! સાંભળ તો ખરો. એ વાણીના જે રજકણો છે તે એક એક રજકણ એના દ્રવ્ય અને તેના ગુણની વિશેષ અવસ્થામાં અનાદિથી વર્તી રહ્યા છે. એમાં એ ભગવાનનો આત્મા એને કેમ વર્તાવે? એનો ભગવાનનો આત્મા દ્રવ્ય ત્યાં જાય છે ભાષામાં? ભગવાનની અવસ્થા-કેવળજ્ઞાનની અવસ્થા ત્યાં જાય છે? ગુણાંતર થાય છે કે જેથી ભાષાની પર્યાયને કેવળી કરે? રાડ નાખે છે લોકો. વિરોધ એટલો કરે છે. ભગવાન! એ ભગવાનનું કહેલું છે, ભાઈ! આ સોનગઢનું નહિ. માણસ એમ કહે કે આ સોનગઢનું, સોનગઢ આ કહે છે. પણ આ તો ભગવાનનું કહેલું છે. અરે..! ભગવાન! આ તો એનું સત્ય છે એને સ્પષ્ટીકરણથી સમજાવાય છે. વાત કોઈના ઘરની નથી. જગતના તત્ત્વના ઘરની ભગવાને જાણી, કહી તેવી છે. આહાહા..! એય..! ન્યાલભાઈ! શરીરનું કરી શકે છે? દેખાડું ને તરત? એ જ કહે છે. આહાહા..! ભાઈ! તને સંતોષ થશે. જ્યારે તું એમ માનીશ કે મારી પર્યાયમાં હું વર્તું છું, એની પર્યાયમાં પ્રત્યેક દ્રવ્ય વર્તે છે. તને વિષમતા નહિ થાય કે આમ કેમ થયું? આનાથી મારામાં કેમ થયું? મારાથી અહીં? એ વાતનો સંકલ્પ જ તારો નાશ થઈ જશે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- એ વાત ફરીને સમજાવો.

ઉત્તર :- એમ કહે કે, મેં આમ કર્યું માટે આમાં આમ થયું. અને આનાથી અહીં થયું તો આમાં આમ થયું. એ સંકલ્પ નાશ થઈ જશે. કારણ કે એનાથી એનું થાય, મારાથી મારું થાય. સંકલ્પનો નાશ થઈ ગયો એ જાતનો. મારી પર્યાયથી પરમાં કાંઈક થાય અને પરની પર્યાયથી અહીં થાય એ વાતને સમાપ્ત કરી દીધી. માની હતી કલ્પનાએ. હું ભાષા કરું, હું બોલું, હું ભાગું. બાપુ! હું એટલે શું? હું એટલે શું? હું એટલે આત્મા. હું એવું જે દ્રવ્ય. એ પોતાના દ્રવ્યમાં અને પોતાની પર્યાયમાં વર્તે. એ હું એવું દ્રવ્ય. રજકણો કે બીજા આત્મા એના દ્રવ્યમાં એ અને એની વિશેષમાં વર્તે અને આ પર્યાય વિશેષાંતર ગુણાંતર થાય છે? ગુણાંતર થાય છે? પર્યાયાંતર થાય છે? આ અવસ્થા ત્યાં જાય છે? આ પર્યાય બીજા રૂપમાં થાય છે? તો પર્યાય જાય નહિ, થાય નહિ તો કરે શું પરનું? સમજાણું કાંઈ? આહાહા..! તો તો પછી આવા કોઈ મંદિર નહિ કરે, ફલાણું નહિ કરે. અરે..! પણ સાંભળને ભાઈ! અરે..! ભગવાન! આવું જો તમે સ્વરૂપ કહો તો આમ નહિ થાય, ફલાણું નહિ થાય. સમજાય છે?

એક જાણો કહેતો હતો ઘણાં વર્ષ પહેલાં. દીક્ષા લીધા પહેલા, હોં! અમદાવાદમાં એક છે ને અપાસરો? ઓલી કોરનો અપાસરો હતો. ખંભાતનો ખંભાતનો અપાસરો. ગયેલા એક ફેરી. મેં તો પૂછયું અમુક તત્ત્વની વાત. એ તો બિચારાને કાંઈ ખબર નહિ. તમે એમ કહેવા માગશો કે એકેન્દ્રિયમાં જીવ છે, પાણીમાં જીવ છે, વનસ્પતિમાં જીવ છે. સાધુ. સાધુ બોલ્યો હતો. બળદ નીકળ્યા. બળદ-બળદ. બૈલ.. બૈલ. બળદ પાણી પીવા નીકળ્યા. બે બળદને પાણી પાવા. અને ત્યાં તમે એમ કહો કે એકેન્દ્રિયમાં પાણીમાં જીવ છે, જળમાં જીવ છે. તો ઓલો પાણી નહિ પાય. ભાઈ! અરે..! ભગવાન! સ્થાનકવાસી સાધુ હતા. ખંભાતનો અપાસરો છે એક. ઓલી કોર. એક આ દરિયાપરિયાનો છે. જોવા તો ગયેલા ને તે દિ' દીક્ષા લીધા પહેલા. મારા પ્રશ્ન તો તે દિ'થી ઝીણી હતા. કીધું, આ અપાસરો છે એ જેને માટે બનાવ્યો એ મકાનમાં સાધુ જો ઉતરે તો એને નવ કોટી છે. મન, વચન, કાયા, કરવું, કરાવવું, અનુમોદન તો નવ કોટીમાં કઈ કોટી તૂટે? પંડિતજી નવ કોટી સમજ્યા? નવ પ્રકાર. મનથી કરવું, કરાવવું અને અનુમોદવું. વચનથી (કરવું, કરાવવું, અનુમોદવું). તો એને માટે બનાવેલું મકાન હોય અને સાધુ ઉતરે, વાપરે તો એ નવ કોટીમાં કઈ કોટી તૂટે? કાંઈ ખબર ન પડે. શું કહેવું છે? એ પ્રશ્ન મેં ત્યાં પણ મૂક્યો હતો .. જોધપુર. (સંવત) ૧૯૬૮-૬૯નું ચોમાસુ હતું. જોધપુર મારવાડ. ત્યાં ગયા હતા. મેં કીધું, આ પ્રશ્ન છે.

મુમુક્ષુ :- સાધુ નહોતા ઉતરતા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- એ નહોતા ઉતરતા પણ મેં પ્રશ્ન મૂક્યો હતો. ઉતરતા નહોતા. હીરાજી મહારાજને મૂક્યો હતો, અમારા ગુરુને પણ દીક્ષા લીધા પહેલાં. મારો પ્રશ્ન છે આ, કીધું. આ જે મકાનો સાધુ માટે કરે અને સાધુ એને વાપરે એટલે રહે તો એને કોઈ નવ કોટીમાં કોઈ દોષ લાગે છે? કરણ, કરાવન, અનુમોદન, મન, વચન અને કાયા. અમારા ગુરુ તો બિચારા એમ કહે, દીક્ષા નહિ લે. એટલે (કહ્યું), ના, ના. એને દોષ ન લાગે. દાખલો આપ્યો કે તમારા ભાઈએ ખુશાલભાઈએ એક મકાન કર્યું તમારા માટે અને તમે ત્યાં રહો એમાં તમને શું દોષ લાગે? હવે તે દિ' મારે એને શું કહેવું? પણ વાપરવાનો ભાવ જ એને અનુમોદનનો ભાવ થયો. એને માટે કરેલો આધાકર્મી આહાર, લ્યોને. આધાકર્મી એને માટે બનાવેલો આહાર મુનિ લે તો એનું અનુમોદન થઈ ગયું એને. આ ઠીક કર્યું એમ થઈ ગયું. એને કરણ તૂટ્યું છે. નવ કોટીમાં કરણ તૂટ્યું છે. એ નવ કોટીની નિર્દોષતા રહી નથી. પણ વાત એવી છે કે .. વાત ચાલતી હતી. ૧૯૬૮ની વાત છે. ૧૯૬૮-૬૯ સંવત. ભાઈ! શું થાય પણ એમાં? સાધુ વાપરતા. સાંભળ્યું ન હોય કે ન વાપરે. મેં કીધું, આપણે તો એવા સાધુ થવું નથી. આપણે કાંઈ રોટલા ખાવા માટે નથી નીકળતા. આપણે તો સત્ય માર્ગ જ લેવો છે. ખાવું હોય તો આપણે નથી .. લેવું. પછી બહુ ચર્ચા કરતા કરતા પછી અંતે તો લ્યો તો ખરા હવે આમાં કાંઈ બીજી વાત તો છે નહિ. એમ જાણીને જાણીને લીધું હતું, હોં!

અહીં કહે છે, ભાઈ! તું શાંતિથી, ધીરજથી જો. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે કે અનંત રજકણો છે, અનંત આત્માઓ છે. આ વાત. અસંખ્ય કાળાણુ એક કોર રાખો. કહે છે કે દરેક પદાર્થ પોતાનું દ્રવ્ય છે અને પોતાનું વિશેષ છે એમાં વર્તી રહ્યું છે, વર્તી રહ્યું છે. એ વર્તી રહ્યું એ બીજા દ્રવ્યના દ્રવ્યરૂપે કે બીજાની પર્યાયરૂપે ગુણાંતરપણે થાય છે? થાતી નથી તો પરની ક્રિયા કરે શી રીતે? પરનું કાર્ય કરે શી રીતે? કર્તાકર્મ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? જ્ઞાન-આત્મા કર્તા અને ભાષાનો પર્યાય જીવનું કર્મ એમ બને છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બોલે કોણ? બોલે એ બીજો, આત્મા નહિ. જડ. પંડિતજી! એય..! આ તો બાપુ માર્ગ પ્રભુનો છે, ભાઈ! એ માર્ગ ત્રણ કાળમાં બીજે હોઈ શકે નહિ. આહાહા..!

સર્વજ્ઞ. સર્વ-જ્ઞ. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક (જાણે એવી) પોતાની પર્યાય પ્રગટ થઈ છે એને જાણ્યું. જાણ્યું એમાં જણાઈ ગયું. આવો સ્વભાવ એ ભગવાનના મુખમાં આવ્યું છે, એ સંતોએ અનુભવ્યું છે, જાણીને આ વાણી દ્વારા કહે છે કે ભાઈ! એ દ્રવ્યાંતર અનેરા દ્રવ્યપણે કોઈ દ્રવ્ય થાય? અનેરા ગુણ-પર્યાયપણે કોઈ દ્રવ્ય થાય? સંક્રમણ પામતી નથી. અનેરા અવસ્થાપણે કોઈની અવસ્થા થતી નથી. કહો, આ તો સીધી સાદી વાત છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે એ કહો. એ વાંધા ઉઠાવ્યા છે. વસ્તુવિજ્ઞાનસાર છપાણું છે. (સંવત) ૨૦૦૨ની સાલનું. ૨૦૦૦, માગસર સુદ-૧૨નું વ્યાખ્યાન છે. માગશર સુદ-૧૨, ૨૦૦૨ સાલનું. એક કલાક વ્યાખ્યાન આવ્યું હતું. વસ્તુવિજ્ઞાનસાર. પેટ્રોલથી મોટર ચાલતી નથી. કરો નક્કી.

મુમુક્ષુ :- આ ગાથામાં લાગુ પડે?

ઉત્તર :- લાગુ પડે કે નહિ. પાડી દઈએ, જુઓને! ઓલા રાડેરાડ પાડતા હતા. ભગવાન! પેટ્રોલના રજકણો તે રજકણ પોતે પોતાના દ્રવ્યમાં અને પોતાની વિશેષ અવસ્થામાં વર્તે છે. એક-એક. હવે અહીંયાં મોટરનો એક એક રજકણ પોતાના દ્રવ્યમાં અને પર્યાયમાં વર્તે છે. એમાં આ પેટ્રોલને કારણે વિશેષ અવસ્થા આમાં થાય તો પેટ્રોલની અવસ્થા ગુણાંતર થાય છે? બીજાની અવસ્થારૂપ થાય છે કે બીજાની અવસ્થા એ કરે? ઝીણી વાત છે. એય..! દેવાનુપ્રિયા! અમારે દાખલો આપવો કઠણ પડે છે વિશેષ. ઓઘે ઓઘે વાત જાય ત્યાં સુધી વાંધો નહિ. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે નહિ. ત્યાં વાંધો નહિ. પણ આ દાખલો જ્યાં આપે... કોનું છે આ? એ કહે, દિગંબર જૈન ધર્મ નહિ. દિગંબર જૈન ધર્મ તો બીજાનું કરે એમ કહે. આ શાસ્ત્રમાં લખ્યું. પણ બાપુ! એ તો વ્યવહારનયના કથન છે. એમ છે નહિ પણ ત્યાં થવા વખતે નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા (કહ્યું છે), પણ એણે કર્યું છે એમ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહાર દર્શાવ્યો છે.

ઉત્તર :- દર્શાવ્યો છે. સવારમાં કહ્યું હતું, વ્યવહાર (દર્શાવ્યો છે). ભાઈ! આહાહા..!

લ્યો! સોનગઢની મોટર પેટ્રોલ વિના ચાલે. એક જણો એમ પ્રરૂપણા કરતો હતો. અને મારી મોટર પેટ્રોલથી ચાલે. અરે..! ભગવાન! શું કહે છે તું આ? પંડિતજી! અરે.. પ્રભુ! શું કહે છે તું? આહાહા..! એક એક રજકણ જગતનો... શું કહે છે? પોતાના ગુણ અને દ્રવ્યમાં વર્તી રહેલી અવસ્થાવાળું તત્ત્વ, તે બીજાની અવસ્થારૂપે અને દ્રવ્યરૂપે થતું નથી તો તે બીજાનું કાર્ય પલટવાનું કેમ કરે? આહાહા..! કઠણ ભારે પણ.

એક જણો મશ્કરી કરતો હતો. બ્રહ્મચારી બેઠો હતો મોટરમાં. અમારી વાત સાંભળીને... ઘણા વર્ષની વાત છે. આ સોનગઢવાળા કહે કે મોટરથી આપણે આમ જાતા નથી. આપણે આપણે કારણે આમ ચાલીએ છીએ. બેઠા છીએ અને આપણે કારણે ચાલીએ છીએ. અને પેટ્રોલથી મોટર ચાલતી નથી અને મોટરને લઈને આપણે આમ જાતા નથી. એમ મહારાજ કહે છે. એમ મશ્કરી કરતો હતો. અરે..! ભગવાન! મશ્કરી ન હોય. બાપુ! આ તો માની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મશ્કરી છે. અરે..! ૨૫ વર્ષનો જુવાન, ૪૦ વર્ષની ૪૫ વર્ષની મા આમ પટીયા પાડીને બેઠી હોય ઓલો કહે મા પટીયા કેમ (પાડ્યા છે)? ન કહેવાય આમ. અરે..! દીકરાને માનું એમ ન કહેવાય. બાપુ! પ્રવચન માતાએ કહેલી વાત એની મશ્કરી ન થાય. આહાહા..! શું થાય? વાત જગતને ખ્યાલમાં આવતી નથી. આમ કેમ થાય? આમ કેમ થાય? ભાઈ! આ વસ્તુવિજ્ઞાનસાર છપાણું છે ને આપણે. ૧૦૦૦૦ છપાણા છે. નવી છપાય છે ૫૦૦૦ બીજી. એક જુગરાજજી મારવાડી સ્થાનકવાસી છે. એમના તરફથી છપાઈ છે. મોટો ગૃહસ્થ છે. ૨૦-૨૫ લાખનો. એને અહીં રસ લાગી ગયો. પાક્કો લાગી ગયો. અહીં રહે. માર્કેટ છે ત્યાં. એણે પાંચ હજાર છપાવ્યા નવા. ઓલા દસ હજાર ખલાસ થઈ ગયા. પાંચ હજાર નવા છપાવીને અમારા કુટુંબમાં બધાને વહેંચવા છે. જુઓ! આ વસ્તુવિજ્ઞાનસાર. મોટર પેટ્રોલથી ચાલતી નથી. રાડ નાખે, હોં! અરે..! ભગવાન!

ચોખા પાણીથી ચડતા નથી. કેમ કે ચોખાનો એક એક રજકણ પોતાના દ્રવ્ય અને ગુણ એટલે પર્યાયમાં વર્તી રહ્યો છે. તે અચળ સ્થિતિને તોડવા કોઈ સમર્થ નથી. એ પાણીના રજકણને લઈને ચોખો મોળો પડ્યો, ઢીલો પડ્યો, રંધાણો એ વાત ભગવાન ના પાડે છે.

મુમુક્ષુ :- તો બાયું કેમ પાણી નાખતી હશે?

ઉત્તર :- કોણ નાખે છે? બાયડીયું જ કોને કહેવી આમાં તો હજી. પાણીનો એક એક જુદો જીવ. એકેન્દ્રિય જુદો. પાણીના જીવમાં એકેન્દ્રિય જીવ જુદો. શરીર પણ જુદું. એકેન્દ્રિયનું શરીર જુદું ને? એ શરીરનો એક એક રજકણ પોતાના દ્રવ્ય અને પર્યાયમાં ગુણાંતર પોતે પોતામાં પરિણમે છે. અનેરા દ્રવ્યપણે અનેરા ચોખાને પલાળે અને ચોખાને રાંધે એ પરમાણુના પર્યાયનો પરની પર્યાયમાં પરિણમતો નથી. સંક્રમતો નથી માટે એનો ધર્મ છે નહિ. આહાહા..! ગજબ વાત છે ને? દુનિયાથી ઊંધી છે ભાઈ વીતરાગમાર્ગ. કહો, શાંતિભાઈ!

આ તો સીધી વાત છે, સરળ વાત છે. દ્રવ્ય છે, ગુણ છે અને પર્યાય છે એટલું નક્કી કરે તો એની પર્યાય પરને કરે નહિ, સીધી વાત છે. એમાં લાંબા પલાખા ગણવા પડતા નથી. એ અહીં આચાર્ય મહારાજ કહી રહ્યા છે. આહાહા..! સમજાણું? પાણી વિના ચોખા ચડે નહિ. એ હમણાં જ આવશે. કુંભાર વિના ઘડો થાય નહિ. બિલકુલ ખોટી વાત છે. ઘડાના પરમાણુઓ જ તેના ગુણ અને પર્યાયપણે પરિણમી રહ્યા છે. કુંભારની પર્યાય ત્યાં રૂપાંતર થતી અને જતી નથી માટે ઘડાની પર્યાય કુંભાર કરે છે તે વાત જૂઠી છે. ..ભાઈ! એ.. નગીનભાઈ! સાંભળ્યું આમાં? આ બધી વાતું આવી છે આ. દુનિયાથી વિરૂદ્ધ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- આવું કો'ક દિ' સાંભળે તો ખરા. લ્યો, આ કહે છે, કોક દિ' આવે નગીનભાઈ જેવા અને આવું સાંભળવું પડે એને. એ ઝીણું લાગે, એમ કહે છે.

આ સત્ય છે. સત્ દરેક પદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્ છે. તો કહે છે કે સત્ દ્રવ્ય ધ્રુવપણે રહે અને ઉત્પાદના પર્યાયપણે વિશેષપણામાં વર્તે. એ વિશેષપણામાં વર્તતું દ્રવ્ય બીજાના વિશેષ અવસ્થામાં ઉત્પાદપણે કેમ જાય કે બીજાનો ઉત્પાદ કરે? લ્યો, આ પ્રશ્ન સીધો. સમજાણું કાંઈ? કેટલાય દાખલા આપે. એ તો બધા દાખલા છે. આ તો સિદ્ધાંત તો આ છે. દૃષ્ટાંત લોકોને સમજવા માટે છે. ત્યારે એક જણો કહે, લ્યો ત્યારે હું નહિ બોલું. નિમિત્તથી લાભ થતો નથીને તમને? મારાથી કાંઈ લાભ થતો નથી ને તમને. તમે ના પાડો છો ને. ત્યારે તમે મને પૂછો છો શું કરવા? તો અમે નહિ બોલીએ. અરે..! ભગવાન! પણ સાંભળ તો ખરો. એ ભાષાની પર્યાય કર્મ અને આત્મા જ્ઞાન તેનું કર્તા, એમ વસ્તુ છે ક્યાંય? આહાહા..!

મુમુક્ષુ :- .. નાખે તો ગળી જાય, લ્યો.

ઉત્તર :- ક્યાં ગળી જાય? શેમાં? .. શું ગળે? એ તો રજકણે રજકણ પોતાની પર્યાયમાં વર્તી રહ્યો છે. કહો, ધર્મચંદજી! શું હશે આ? તમારા ઈંજેક્શનને લઈને અહીં રોગ મટી જાય કે નહિ? એ તો મરી ગયા એનો દાખલો આપ્યો છે. મરી જાય એટલે. ઓલાને કીધું. હમણાં કો'કને ઈંજેક્શન આપ્યું. કોને? મરી ગયો એ. ઈંજેક્શન આપ્યું ને મરી ગયો. હમણાં પછી બીજો કો'ક દાખલો થયો. એને ઈંજેક્શન આપ્યું, ખલાસ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક દાખલો હતો તાજો. હમણાં તાજો જ હતો. ઈંજેક્શન આપ્યું ત્યાં... (ખલાસ થઈ ગયો). એ તો એનો પર્યાય ઈંજેક્શનથી થયો નથી, હોં! આહાહા..! કહો, આ માથું પથરા સાથે પછડાયને તો પથરાનો પર્યાય જે છે એણે આ ફૂટ કરી છે એમ નથી, એમ કહે છે. પથરાની પર્યાયના રજકણો તેના પર્યાય અને દ્રવ્યમાં વર્તી રહ્યા છે. આના પર્યાય આ દ્રવ્ય અને ગુણ પર્યાયમાં વર્તી રહ્યા છે. તો પથરાથી અહીં ફૂટ થઈ એ વાત ભગવાન ના પાડે છે. એને વસ્તુની સ્થિતિની ખબર નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીજામાં કોણ હાથ નાખે? બીજાનો એક એક રજકણ પોતામાં વર્તે છે અને હાથનો રજકણ એની પર્યાયમાં વર્તી રહ્યો છે. ન્યાલભાઈ! આ બધા કહે છે, તમારે શેર બજારમાં બહુ ધમાલ ચાલતી હોય છે. એ બધી કરી શકતા હશે કે નહિ ધમાલ? આમ ઓફિસ મોટી અને આમ માણસો અને ધમાલ ચાલતી હોય મોટી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે કે કોઈપણ દ્રવ્ય... મહાસિદ્ધાંત. ૧૦૩મી ગાથાનો મહાસિદ્ધાંત. એને સર્વવિશુદ્ધ અધિકારમાં પણ અમૃતચંદ્રાચાર્ય મહારાજ આધાર આપશે. ભાઈ! પહેલેથી કહી ગયા છીએ. કે કોઈ પદાર્થ કોઈ પદાર્થરૂપે થતો નથી અને કોઈની અવસ્થા બીજી અવસ્થારૂપે થતી નથી. માટે કર્તાકર્મ પર સાથે કોઈ સંબંધ છે નહિ. નિમિત્ત નૈમિત્તિક સંબંધ જુદો અને કર્તાકર્મ સંબંધ જુદો. નિમિત્ત હોય માટે નિમિત્તે કાર્ય કર્યું છે એમ નથી એમ સિદ્ધ કરે છે અહીં તો. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ દાખલામાં સિદ્ધાંત નક્કી થાય છે. સ્પષ્ટ થાય, એને ખ્યાલમાં આવે. આહાહા..! ભાઈ! તું તારા દ્રવ્ય અને તારી પર્યાયમાં વર્તી રહ્યો છો ને. તારું વર્તન પરની પર્યાયમાં ક્યાં જાય છે કે પરની પર્યાય તારું વર્તન તે કરે? સમજાણું કાંઈ?

આ વાત બેઠા વિના એને જડ અને ચૈતન્યની ભિન્નતાની શ્રદ્ધા સાચી નથી. સમજાણું કાંઈ? અને સત્ય શ્રદ્ધા નથી તે પાપ શ્રદ્ધા છે. એનું પાપ મોટું છે. સત્યને અસત્ય માને છે, અસત્યને સત્ માને એ મહાન પાપ જીવને મોટું નુકસાનકારક છે. પણ એ પાપનું, વિપરીત માન્યતાનું પાપ એને ખ્યાલમાં આવતું નથી. એની મહત્તા કિંમત શું છે પાપની, એનાથી રહિત થવું એવા સમ્યક્‌ની કિંમત શું છે એની એને કિંમત આવતી નથી. એ.. રાડે રાડ પાડે. પરની દયા પાળી શકે. ભાઈ! કહે છે કે પરની પર્યાયમાં આ પર્યાય જાય છે કે એ પરનું કરી શકે? શું કહે છે તું? ભગવાને દયા ધર્મનો ઉપદેશ આપ્યો. એ નિષ્ફળ જાય છે. અરે..! ભગવાન એમ ના પાડે છે, એમ થઈ શકતું નથી. સમજાણું કાંઈ?

**'પરંતુ દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ પામતી નથી; અને દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે નહિ સંક્રમતી તે, અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે?'** આહાહા..! એક તત્ત્વની અવસ્થા બીજા તત્ત્વને કેમ કરે? પરિણમાવે એટલે કેમ કરે? એમ. પરિણમાવી શકે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? શરીરને મારી શકતો નથી, પરની હિંસા થઈ શકતી નથી. એય..! રાડે રાડ નાખે. બાપુ! એ ભાવ કરે છે. ભાઈ! મારવાના ભાવમાં એ વર્તે. પણ પરની ક્રિયા કરી શકવામાં વર્તે? આ અવસ્થા ત્યાં જાય તો એનું અવસ્થા કામ કરે? રાડ નાખે છે કે અરેરે..! આવું ન હોય વીતરાગમાર્ગમાં. અરે..! પણ પ્રભુ! તેં વીતરાગમાર્ગ સાંભળ્યો નથી હજી. આહાહા..! એય..! રતિભાઈ! સાંભળો છો કે નહિ આ બધા? જૈનમાં જન્મ્યા પણ જૈનને શું કહેવું છે પરમેશ્વરને એની એને ખબરું ન મળે અને અમે જૈન છીએ.

અહીં તો પરમેશ્વર ત્રિલોકનાથ એની વાણીમાં... એની વાણી કહેવી એ પણ વ્યવહાર છે. સમજાણું કાંઈ? એના તો દ્રવ્ય અને ગુણ અને પર્યાય એના છે. પરની પર્યાય એની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે? પણ એવા કથનો આવે વ્યવહારના કે જુઓ! એની વાણી એમ કીધી કે નહિ? વળી તમે કહો છો કે વાણી આત્મા કરે નહિ. તમારો વિરોધ છે. સમજાણું કાંઈ? ભાઈ! વાણી સાંભળ, ભાઈ! સાંભળ. એમ ન કહે? એ તો વ્યવહાર થયો. ત્યારે (એમ કહે), જુઓ! તમે કહેતા હતાને કે સાંભળ. વળી કહે છે કે વાણીથી લાભ થાય નહિ. ભાઈ! સાંભળ એ તો વ્યવહારના કથન હતા. અને એનાથી જ્ઞાન ન થાય એ વાસ્તવિક હતું. કારણ કે વાણીનો પર્યાય એ રજકણમાં વર્તે છે. અને આનું જ્ઞાન થવું એના ગુણની પર્યાયમાં એની પર્યાય વર્તે છે. આની પર્યાયથી ત્યાં પર્યાય થઈ? તો આ અવસ્થા ત્યાં ગઈ કે એ અવસ્થાને કરે? રસિકભાઈ! ભારે વાત.

ઘણાં દાખલા વિરૂદ્ધ અહીંના આપી.. અહીં આમ થયું, આમાં આમ થયું. મોટા શું કહે છે? ગઢ તોડી નાખ્યા. આ બંધ બાંધ્યા. આ આમ પાણી જાતું હતું... આમ પાણી જાતું હતું ને પાળ બાંધીને આમ કર્યું. અને તમે પ્રત્યક્ષ દેખાય એને.. શું કહેવાય? દષ્ટઈષ્ટ. અરે..! ભગવાન! તું શું કહે છે? ભાઈ! કે શું તું દેખે છો? તારી નજરમાં ભૂલ છે. એ પ્રત્યેક પાણી આમ જાતું હતું વળી એમાં અક્રમ કહે. આમ પાણી જાતું હોય અને આમ વાળે તો અક્રમ થઈ ગયું. પણ તને ખબર નથી કે એ સમયે એ પર્યાય એવા ક્ષેત્રાંતરે એનો પર્યાય એમાં વર્તવાનો એને વર્તી રહ્યો છે. એ પરને કારણે નહિ.

મુમુક્ષુ :- સરકારે આટલા બધા રૂપિયા ખર્ચ્યાને.

ઉત્તર :- કોણે ખર્ચ્યા? કોણ ખર્ચે? અરેરે..! આહા..! બાપુ!

અનંતને જાણનાર એક જ્ઞાનનો પર્યાય, અનંતને.. એ વસ્તુ તો વસ્તુમાં રહી. પણ અનંતને અનંતપણે વર્તનારા દ્રવ્યોને એક જ્ઞાનનો પર્યાય જાણે કે આમ છે. એવી જ્ઞાનની સામર્થ્ય દશા તે પરને કરે નહિ અને પરને અનંતપણું છે એમ જાણતા એ અનંતની અવસ્થા છે માટે અનંતપણાના જાણવાની અવસ્થા થઈ એમ નથી. સમજાણું કાંઈ? નિગોદના અનંત જીવ છે. દરેક જીવ પોતાના દ્રવ્ય અને પર્યાયમાં વર્તી રહ્યો છે. એમાં બીજો પર્યાય બીજાનો પર્યાય ત્યાં જાય છે કે એને બચાવે? કે મારે? ઉત્પાદ કરે કે વ્યય કરે એનો? એનો ઉત્પાદ એની પર્યાયમાં એ દ્રવ્યનો ત્યાં થઈ રહ્યો છે. આનો આમાં થયો કે આ ઉત્પાદની અવસ્થા ત્યાં પરમાં જાય કે પરની ક્રિયા કરે? ભગવાન કહે છે કે એમ બનતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આ અક્ષર લખાતો નથી આત્માથી એમ કહે છે. એક અક્ષર અનંત રજકણના પિંડ છે. એક એક રજકણ પોતાના દ્રવ્ય અને પર્યાયમાં વર્તી રહ્યું છે. એ કાગળ ઉપર પડે એ આત્માથી પડ્યો, એ અક્ષર ત્યાં પડ્યો એમ છે નહિ. ત્યાં ત્યાં તેના પર્યાયમાં વર્તી રહ્યો છે. કાગળના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રજકણોનો પર્યાય તેમાં વર્તી રહ્યો છે. બેને અડ્યું નથી. અક્ષર કાગળને અડ્યો નથી. વિજયમૂર્તિજી! આ વિજયની વાત છે. સત્યનો વિજય. સત્ય તો સત્ય રહેશે. અસત્યનો કદી જય થતો નથી. સત્યનો જય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે કે આ અક્ષર અને ઓલું ધોળું એ બેને અડ્યા નથી. કેમ કે અક્ષરના રજકણોની દ્રવ્ય પર્યાયમાં એ વર્તી રહ્યો છે અક્ષર. કાગળના દ્રવ્યમાં પર્યાયમાં એ વર્તી રહ્યો છે. આ પર્યાય ઓલાને અડતી નથી. એ પર્યાયને કરતી નથી. સમજાણું કાંઈ? નહિતર તો ગુણાંતર થાય. ગુણાંતર થઈ શકે નહિ, અવસ્થાંતર થઈ શકે નહિ.

'**(કદી ન પરિણમાવી શકે.) માટે પરભાવ કોઈથી કરી શકાય નહિ.**' લ્યો, છેલ્લો સરવાળો. પરભાવ શબ્દે પર અવસ્થા અહીં લેવી છે, હોં! વિકારી પર્યાયની વાત નથી. માટે એક પદાર્થ બીજી અવસ્થા રૂપી ભાવ-પર્યાય તેને કરી શકતો નથી. ભાવ શબ્દ દ્રવ્યને વપરાય છે, ગુણને પણ વપરાય છે, પર્યાયને પણ વપરાય છે. '**सर्वभावान्तरच्छिदे**' છે ત્યાં બધા ભાવ બીજા દ્રવ્ય-ગુણ પણ ...

'**ભાવાર્થ :- જે દ્રવ્યસ્વભાવ છે તેને કોઈ પણ પલટાવી શકતું નથી,...**' જે રજકણનો સ્વભાવ અનંતનો ભિન્ન, આત્માનો સ્વભાવ અનંતનો ભિન્ન. એને કોઈ પલટાવી, બદલાવી, કાર્ય કરી શકતું નથી. '**એ વસ્તુની મર્યાદા છે.**' એ વસ્તુની હદ છે, એ વસ્તુની હદ છે. આહાહા..! કોની રાડ નાખવી ને કોને લઈને દુઃખ છે? કહો. આ શરીરની અવસ્થા આવી થાય માટે દુઃખ છે એમ ના પાડે છે અહીં. પ્રાણભાઈ! ન્યાલભાઈ! શરીરની અવસ્થા એના દ્રવ્ય-ગુણમાં વર્તનારી છે. તું તારા દ્રવ્ય ગુણ અને પર્યાયમાં વર્તનારો. એમાં એને લઈને અહીં દુઃખ થયું, એ ક્યાંથી આવ્યું? એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. તારા દુઃખની પર્યાયમાં તું વર્તનારો. અને આની પર્યાય અહીં આવે છે? આની પર્યાય છે એ ગુણાંતર થાય છે? અવસ્થાંતર થાય છે કે જેથી તારું દુઃખ આને લઈને થાય? જુદે જુદા છે એને મૂઢ ભેગા માને છે. ભેગા કે દિ' હતા? આહાહા..! ભારે વાત પણ, હોં! ગજબ વાત છે ને!

શાક છે ને? શાકને આમ છરીથી કાપે છે ને. એ છરીની પર્યાયમાં વર્તનારા રજકણો એનામાં વર્તે છે. આના કટકા થાય છે એના રજકણો એની પર્યાયમાં વર્તે છે. છરીની પર્યાયે તેના કટકાની પર્યાય કરી એ વાત ભગવાન ના પાડે છે.

મુમુક્ષુ :- છરીમાં કટકા કરવાની શક્તિ જ નથી?

ઉત્તર :- શક્તિ એના પર્યાયમાં વર્તવાની છે. સામાની પર્યાયમાં વર્તવાની એની શક્તિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે નહિ. આ ભેદજ્ઞાનની વાત છે, ભાઈ! સમજાય છે? એમ જાણે તો કર્મનો ઉદય મારી પર્યાયમાં વર્તાવે મને, એમ છે નહિ, એમ કહે છે. શું કહેતા હતા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ તો પાકનો પર્યાય સ્વભાવનો નથી. સ્વભાવની દૃષ્ટિએ, એના ઉપર લક્ષ જાય છે તો એ પાક કર્મનો છે એમ કહેવામાં આવે છે. થાય છે તો એની પર્યાયમાં. સ્વભાવનો પાક નથી એ દૃષ્ટિએ પરનો પાક છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ડિગ્રી ટુ ડિગ્રી...

સમાધાન :- ડિગ્રી જુદી વળી આવ્યું છે. છેલ્લું કહ્યું હતું. કેટલાક એમ કહે છે કે કર્મનો ઉદય આવે તો ડિગ્રી ટુ ડિગ્રી વિકાર કરવો પડે. તાવ આવે ને અહીં. થર્મોમીટરમાં તાવ જેટલું પ્રમાણ આવે કે નહિ? એમ જેટલો કર્મનો ઉદય હોય એટલો ડિગ્રી ટુ ડિગ્રી વિકાર કરવો પડે. ભગવાન ના પાડે છે કે કર્મના ઉદયનો પર્યાય તેના રજકણમાં અને તેના પર્યાયમાં વર્તી રહ્યો છે. તે આત્માની વિકારી પર્યાયમાં તે અવસ્થાંતર થતું નથી માટે વિકારી અવસ્થા તે કરતું નથી. બહુ વીતરાગ માર્ગ એવો બાપુ ભાઈ! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- કરે તો નહિ પણ આને થાવું પડે.

ઉત્તર :- પણ થાવું પડે એનો અર્થ શું થયો? થાવું તો પોતાની પર્યાયથી થાય છે. કાંઈ એનાથી થાય છે? એ તો કહ્યું, દ્રવ્યાંતર અને ગુણાંતર થતું નથી અને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વર્તે છે. બસ, થઈ રહ્યું. પોતાના પર્યાયમાં પોતે વર્તી રહ્યું છે. કાંઈ પરને લઈને વર્તી રહ્યું છે? પરની અવસ્થા અહીં આવે છે કે વર્તાવે એને? અને આ અવસ્થા એને વર્તાવે છે બંધને? એ તો અહીં સિદ્ધ કરવું છે. કર્મના રજકણો જ્ઞાનાવરણીપણે પરિણમે એને શું જીવ પરિણમાવે છે? ના. એ વાત તો અહીં સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ? એ વસ્તુની મર્યાદા છે.

‘**આ (ઉપર કહેલા) કારણે આત્મા ખરેખર પુદ્ગલકર્મોનો...**’ જુઓ! ભાષા તો આ લેવી છે ને? ‘**પુદ્ગલકર્મોનો અકર્તા ઠર્યો...**’ એ જ્ઞાનાવરણી પર્યાય બંધાય એનો આત્મા કર્તા નહિ. પહેલા તો આ અધિકાર આવી ગયો છે કે છ પ્રકારના જે પ્રકારે જ્ઞાનાવરણી બંધાવામાં નિમિત્ત પરિણામ થાય ને? છ પ્રકાર. પ્રદોષ, નિહ્નવ, અંતરાય આદિ. તો એ છ બોલ જે છે એમાં જીવ વર્તે છે. અને એથી તે જ્ઞાનાવરણીનો પર્યાય બંધાય છે એમ નથી. એમ કહે છે. અને જ્ઞાની સમ્યગ્જ્ઞાની તો એ છ બોલમાં વર્તતો નથી. છ બોલથી ભિન્ન જ્ઞાનસ્વરૂપમાં વર્તે છે. માટે છ બોલ જ્ઞાનીને જ્ઞાનમાં નિમિત્ત થાય છે. અને જ્ઞાનાવરણી બંધાય એ પણ અહીં જ્ઞાનમાં જાણવામાં આમ નિમિત્ત થાય છે. અજ્ઞાનીને છ બોલના જે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અંતરાય આદિ થાય, એવા ભાવ વિકલ્પ છે એનો જે કર્તા થાય એ વર્તનારો પોતાના પર્યાયમાં છે. અને નવી પર્યાય જે કર્મની બંધાય એ એને કારણે વિશેષ રૂપે થાય છે, કર્મને કારણે. એમાં આ એને નિમિત્ત થાય છે. નિમિત્ત કર્તા અજ્ઞાની કહેવાય છે. એનો અર્થ કે એ નિમિત્ત અવસ્થા ત્યાં વર્તાવતી નથી, કર્મને પરિણમાવતી નથી એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ!

એક કોર ગોમ્મટસારમાં આવે કે છ પ્રકારે જ્ઞાનાવરણી બંધાય, છ પ્રકારે દર્શનાવરણી બંધાય, આવી શાતા બંધાય, આ ચાર પ્રકારે આયુષ્ય બંધાય. અહીં કહે છે કે એ બધા નિમિત્તના કથન હતા. ત્યાં નિમિત્ત કોણ હતું એ. પણ આના પરિણામ આયુષ્યના જે છે એ આયુષ્યના પરિણામમાં વર્તનારો જીવ છે અને એથી ત્યાં રજકણને આયુષ્યના પરમાણુપણે પરિણમવું પડ્યું એમ છે નહિ. આહાહા..! હળવો થઈ જાય ફટ્ દઈને. એકને બીજાનો કર્તા નથી તો અનંતાનો કર્તા નથી. હું મારી પર્યાયમાં... એની દૃષ્ટિ પર્યાયમાંથી છૂટી અને દ્રવ્ય ઉપર જાય કે દ્રવ્ય કોણ છે આ? સમજાય છે કાંઈ? ૧૦૪.

**दव्वगुणस्स य आदा ण कुणदि पोग्गलमयम्महि कम्मम्हि।**
**तं उभयमकुव्वंतो तम्हि कहं तस्स सो कत्ता।।१०४।।**

**આત્મા કરે નહિ દ્રવ્ય-ગુણ પુદ્‌ગલમયી કર્મો વિષે,**
**તે ઉભયને તેમાં ન કરતો કેમ તત્કર્તા બને? ૧૦૪.**

જુઓ! આધાર આપ્યો છે. હોં!

દૃષ્ટાંત આપે છે આચાર્ય. સહેલો લોકો જોઈ શકે તેવો.

'**ટીકા :- જેવી રીતે-માટીમય ઘડારૂપી કર્મ...**' ઘડાની પર્યાય માટીમય છે કે કુંભારમય છે? એમ પહેલું સિદ્ધ કરે છે. '**માટીમય ઘડારૂપી કર્મ...**' એમ શબ્દ કરે છે. કર્મ એટલે? પર્યાય. કર્મ એટલે કાર્ય, કર્મ એટલે દશા. '**માટીમય ઘડારૂપી કર્મ કે જે માટીરૂપી દ્રવ્યમાં અને માટીના ગુણમાં નિજ રસથી જ વર્તે છે...**' એ ઘડાની પર્યાય માટીમય માટીના દ્રવ્યથી અને એની પર્યાયથી જ વર્તી રહી છે. કુંભારને કારણે નહિ. ભાષા કેવી છે, જુઓ!

'**માટીમય ઘડારૂપી કર્મ...**' એમ કહીને શું કહે છે? કે કુંભારમય ઘડા રૂપી કર્મ નથી. સમજાણું કાંઈ? આહાહા..! માટીમય ઘડા રૂપી કાર્ય, માટીમય ઘડાની અવસ્થા રૂપી (કાર્ય). અવસ્થા કહો કે એનું કર્મ કહો કે કાર્ય કહો. '**કે જે માટીરૂપી દ્રવ્યમાં...**' વસ્તુમાં. માટીરૂપી દ્રવ્યમાં. માટીમય જે ઘડારૂપી કર્મ તે માટીરૂપી દ્રવ્યમાં અને માટીના ગુણ એટલે વિશેષમાં '**નિજ રસથી જ વર્તે છે...**' એ કર્મ માટીરૂપી દ્રવ્યમાં અને તે માટીના ગુણમાં (વર્તે છે). કોણ? એ કર્મ-કાર્ય, એ પર્યાય એના દ્રવ્યમાં નિજરસથી, ગુણમાં નિજરસથી જ વર્તે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ઘડારૂપી કર્મ.

ઉત્તર :- હા ઘડારૂપી કર્મ. ઘડારૂપી અવસ્થા, માટીમય ઘડારૂપી અવસ્થા તે માટીના દ્રવ્યમાં અને એની પર્યાયમાં સ્વતંત્ર વર્તે છે. સમજાણું કાંઈ?

'**તેમાં કુંભાર પોતાને કે પોતાના ગુણને...**' પોતાને એટલે દ્રવ્યને. અને પોતાના ગુણ એટલે વિશેષને '**નાખતો-મૂકતો-ભેળવતો નથી...**' ત્રણની વ્યાખ્યા કરીને. ત્રણેને સ્પષ્ટ કર્યું છે. સમજાણું કાંઈ? '**मृद्द्रव्यमृद्गुणयोः स्वरसत एव वर्तमाने द्रव्यगुणान्तरसङ्क्रमस्य**' વસ્તુસ્થિતિ નથી. એ પોતાના ગુણને કુંભાર-કુંભાર કે દ્રવ્યને પોતાનો આત્મા છે એ એમાં જાય છે? એની વિશેષ અવસ્થા ઘડો કરું એવો વિકલ્પ. એ વિકલ્પ એની અવસ્થામાં જાય છે? ઘડાની અવસ્થામાં? શું કર્યું ત્યારે કુંભારે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ આવ્યો છે? આહાહા..!

'**કુંભાર પોતાને...**' એટલે દ્રવ્યને કે પોતાની વિશેષ અવસ્થાને એમાં મૂકતો નથી, નાખતો નથી. આહાહા..! '**કારણ કે (કોઈ વસ્તુનું)...**' હવે સિદ્ધાંત ઓલો '**દ્રવ્યાતંર...**' એટલે કુંભારનું દ્રવ્ય ત્યાં જાય અને કુંભારની અવસ્થા ત્યાં જાય ઘડાની પર્યાયમાં એમ '**સંક્રમણ થવાનો વસ્તુસ્થિતિથી જ નિષેધ છે;...**' લ્યો! ભારે વાત, ભાઈ! નિમિત્ત છે એનું જ્ઞાન કરાવે છે. પણ નિમિત્ત છે માટે કાર્ય ઘડાનું થાય છે એમ નથી. નહિતર કર્તા થઈ જાય. નિમિત્ત સંબંધ જુદો અને કર્તા એ વસ્તુ જુદી. નિમિત્ત વસ્તુ છે. નિમિત્ત વસ્તુ નથી એમ નહિ. પણ એ નિમિત્ત અહીં કાર્ય કરે છે, કુંભારનો પર્યાય છે માટે અહીં ઘડાની પર્યાય થાય છે એમ નથી. જગતથી બહુ ઊંધું.

અત્યારે બધા વિખવાદો ઊભા એ કરે છે ને. એકાંત છે, એકાંત છે. કુંભાર ઘડો કરે એમ માનો અને પોતાથી નિશ્ચયથી થાય. વ્યવહારથી કરે અને નિશ્ચયથી ન થાય એનું નામ નિશ્ચયથી થાય. નિશ્ચયથી ન કરે, વ્યવહારથી કરે. પણ એનો અર્થ શું થયો? એનો અર્થ શું થયો? નિશ્ચયથી પોતે પોતાને કરે અને પરનું કરે નહિ એનું નામ નિશ્ચય છે. તો કહે, બોલાય છે ને? બોલાવો. ભાષા હો, નિમિત્તનું જ્ઞાન કરવા ઘડાની પર્યાય કાળે કુંભાર કોણ હતો એનું જ્ઞાન કરવા વાત છે. પણ કુંભારની અવસ્થા એણે આ અવસ્થાને કરી છે એના રાગે આ કામ કર્યું છે કે એના જ્ઞાને (અહીં કામ કર્યું છે એમ નથી). ઘડાની ઊંચી કારીગરીવાળી અવસ્થા થઈ તો આ જ્ઞાનકળાવાળો કુંભાર હુશિયાર હતો એ જ્ઞાનની કારીગરીની અવસ્થા દ્વારા ત્યાં થઈ એમ નથી. એ કારીગરની અવસ્થા અવસ્થાંતર થતી નથી. તો એના વિજ્ઞાનપણાની પર્યાય ત્યાં વર્તે છે. અહીં આવતી નથી. માટે તેની કારીગરની પર્યાય વિશેષ અવસ્થાવાળો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ક્ષયોપશમ એ અહીં આવીને કામ કરે છે એમ છે નહિ. ત્યારે કેટલાક (કહે), તો સારા કુંભારને બોલાવવાનું શું કામ? વળી એમ પાછો પ્રશ્ન કરે છે, લ્યો. તો આ બાયું સારા હળવા હાથવાળી ગોતવી. શેરો કરે એમાં હળવો હાથ હોય ને. શેરો થાય. આનો હળવો હાથ છે. પણ હળવો હાથ કહેવો કોને? સાંભળને હવે. આ પુડલા-બુડલા કરે ને? પુડલા. એ પાછી એની આવડત જોઈએ પુડલાની. નહિતર તો આમ થાય અને .. હેઠે આમ થાય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમ માને છે ઈ. આવો હોય તો આવો પુડલો થાય. ધૂળની વાત ખોટી છે એમ કહે છે. પુડલા સમજો છો ને? પુડલા સમજો છો? પુડલા નથી હોતા? માલપુવા. માલપુવા. પુડલા કહે છે અમારે. એ પુડલાની જે પર્યાય થાય છે એના રજકણોના દ્રવ્યમાં રહીને એની પર્યાયનું ત્યાં થવું થાય છે. એને તાવડીને લઈને નહિ, બાઈના હાથના લઈને નહિ, તેલને લઈને નહિ, અગ્નિને લઈને નહિ. એવો જ વસ્તુનો પર્યાયમાં વર્તવું સ્વતંત્ર તેનો અનાદિ સ્વભાવ છે. એની મર્યાદા તોડીને બીજું માને તો એની દૃષ્ટિમાં મિથ્યાત્વ થાય છે.

મુમુક્ષુ :- સારા કુંભારનો ઘડો લેવો કે...

ઉત્તર :- કોણ લે? એ કહે છે. પત્રમાં બહુ આવે છે. આ લોકો કહે કે નિમિત્તથી કાંઈ થાતું નથી. તો સારો કુંભાર ગોતવો શું કરવા? સારા સંચામાં કાપડ લ્યો.. ફલાણું બહુ વખણાય નહિ? મુંબઈમાં. ટેલિકોનિક. શું કહેવાય એ? અમદાવાદમાં બહુ ઊંચું કાપડ. ત્યાં વળી અહીં હતું, ભુપેન્દ્ર ડાઈંગ. એની વળી છાપ ઊંચી કહેવાય. છાપ ઊંચી કહેવાય. ત્યાં જાય. ઓલા છ રૂપિયા સાડલાના લે અને આ બાર લે તો, ભાઈ! તમે આપો. ભાત સારી હોય. પણ તમારે ઘરે.. ભાત-ભાત. એ અહીં કહે છે કે વાત તદ્દન ખોટી છે. એ સાડલામાં ભાતની પર્યાય, એમાં એ રજકણો પોતે વર્તીને તેની પર્યાયમાં વર્તી રહ્યા છે. કારીગરે કાંઈ એમાં કર્યું નથી.

મુમુક્ષુ :- તો શેમાં કર્યું કારીગરે?

ઉત્તર :- કારીગરે એની પર્યાયમાં કર્યું.

મુમુક્ષુ :- શું કર્યું?

ઉત્તર :- રાગ. રાગ કર્યો. એ રાગમાં વર્ત્યો જીવ. આમાં વર્ત્યો છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- રંગની અવસ્થા તો રંગમા પડી. ક્યાં પડે? સમજાણું કાંઈ? ભાઈ! નક્કી કરવું પડશે. ઝઘડા મટાડવા પડશે અહીંયાં હોં! પંડિતજી! વિરોધ કરનાર ઝઘડા મટાડતા નથી. તો પછી ભગવાન પાસે જા. લે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- એને ભગવાન પાસે જવાનો અધિકાર નથી.

ઉત્તર :- હોય શેનો? બાપા! આવો તું તત્ત્વનો વિરોધ કર અને તત્ત્વને સાંભળવાની યોગ્યતા ક્યાં રહી તને? આહાહા..! સમજમાં આવ્યા વિના મટે નહિ અને સમજવું નથી. અને પોતાનું માનેલું છોડવું નથી.

અહીં તો ભગવાન સ્પષ્ટ કરે છે અમૃતચંદ્રાચાર્ય. એમ કહેવું એ નિમિત્તથી કથન છે. વાણીની પર્યાય એમ આવે છે. હવે આ શું થાય? બોલવાની રીત જ જુદી જાતની છે. કહે છે, એ માટીરૂપી દ્રવ્યમાં માટીમય ઘડાનું કાર્ય. ઘડાનું ઘડારૂપી માટીરૂપી માટીમય ઘડાનું કાર્ય તે માટીરૂપી દ્રવ્યમાં અને માટીની વિશેષ નિજ રસથી જ વર્તે છે. સમજાણું કાંઈ? એ પેટ્રોલને કારણે મોટરનું ચક્કર ચાલે એમ ના પાડે છે અહીં. સમજાણું કે નહિ?

મુમુક્ષુ :- સાયન્ટિસ્ટ કહે..

ઉત્તર :- અહીં તો ભગવાનનું વિજ્ઞાન સાચું છે.

એ પરમાણુ પોતે પોતામાં પરમાણુ તે પરમાણુ અજીવ રૂપે તેના પર્યાયનું અજીવરૂપી કર્મ એ અજીવમાં દ્રવ્યપણે અને અજીવની પર્યાયપણે વર્તે છે. એ બીજાની પર્યાયપણે વર્તાવે અને વર્તે એવું છે નહિ ત્રણ કાળ ત્રણ લોકમાં. આહાહા..! કારણ કે '**દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ થવાનો વસ્તુસ્થિતિથી જ નિષેધ છે;...**' આમ નથી તો પરિણમાવી કેમ શકે? એની વિશેષ વાત કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૩, બુધવાર તા. ૩૦-૧૧-૧૯૬૬**
**ગાથા-૧૦૪, પ્રવચન-૨૦૩**

૧૦૪. ટીકા ફરીને જુઓ. ટીકા છે ને? વારંવાર આવી ઘણી વાત કરે છે એનો હેતુ શું છે? કે એક દ્રવ્ય બીજા દ્રવ્યના પરિણામને કરે નહિ એમ ઘણું સ્પષ્ટ જીવ-અજીવમાં કર્યું છે, કર્તાકર્મમાં કર્યું છે, સર્વવિશુદ્ધિમાં કર્યું છે. ૮૬મી ગાથામાં બહુ વર્ણવ્યું. એક પરિણામ બે દ્રવ્ય કરે નહિ. બે દ્રવ્ય ભેળા થઈને એક પરિણામ ન કરે. એમ કહીને આત્માને પરદ્રવ્યના સ્વરૂપમાં હું છું અને એનું કરું છું એવો તાદાત્મ્ય અભ્યાસ છોડાવે છે. સમજાણું કાંઈ? આ શરીરની પર્યાય કે કર્મની પર્યાય હું કરું એવો એકપણાનો જે અધ્યાસ છે એ જૂઠો છે એ છોડાવે છે. શ્રીમદ્‌માં એમ લખ્યું છે એક કાગળમાં. એક પરિણામને દો કર્તા છે ને? એ એણે મૂક્યું છે. ૮૬મી ગાથામાં આવી ગયું ને આપણે? એક પરિણામના બે કર્તા નથી, એમ છે એમાં. એ એમણે લીધું છે.

એક પરિનામકે ન કરતા દરવ દોઈ,
દોઈ પરિનામ એક દર્વ ન ધરતુ હૈ.
એક કરતૂતી દોઈ દર્વ કબહૂ ન કરૈ,
દોઈ કરતૂતી એક દર્વ ન કરતુ હૈ.'

એનો વિસ્તાર કર્યો છે.

જીવ પુદ્‌ગલ એક ખેત-અવગાહી દોઉ,
અપનેં અપનેં રૂપ કોઉ ન ટરતુ હૈ.
જડ પરિણામનીકૌ કરતા હૈ પુદ્‌ગલ,
ચિદાનંદ ચેતન સુભાઉ આચરતુ હૈ. ૧૦.

એનો ખુલાસો કરીને થોડું લખ્યું છે. (પત્રાંક-૩૧૭).

**'કાવ્યકર્તાનો કહેવાનો હેતુ એમ છે કે, જો આમ તમે વસ્તુસ્થિતિ સમજો તો તો જડને વિષેનો જે સ્વસ્વરૂપભાવ છે તે મટે.'** હું કાંઈ કરું, શરીરનું, કર્મનું, પરનું એ કરું એ જડને વિષે સ્વસ્વરૂપનું અભિમાન છે. સમજાય છે કાંઈ? પરસ્વરૂપમાં એ અભિમાન છે. હું શરીરનું કરું, કર્મનું કરું, કો'કનું કરું, કો'કને સુધારું, કો'કને બગાડું. એને પર સ્વરૂપ પ્રત્યેનું અભિમાન જો મટે **'અને સ્વસ્વરૂપનું જે તિરોભાવપણું છે તે પ્રગટ થાય. વિચાર કરો, સ્થિતિ પણ એમ જ છે.'**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- વિચાર કરો...

ઉત્તર :- સ્થિતિ આમ છે. આ બધા પદાર્થના પરિણામનું સ્વરૂપ બતાવીને અર્થ કર્યા છે પોતે. છેલ્લે આ કહ્યું. ભાઈ! આ આત્મા વસ્તુ છે એને પરપણાની વસ્તુની અંદરમાં જ્યાં સુધી કર્તાપણું રહે, એક દ્રવ્ય બીજાનું ન કરે એટલે તું પણ કર્મનું કર નહિ અને શરીર પણ તારું કાંઈ કરે નહિ. શરીર આદિથી પણ તને સુખ ઉપજે નહિ. એમ કરે નહિ એનો અર્થ ઈ છે. શરીર, ઈન્દ્રિયો, કર્મ, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ એ બધાથી તને સુખ ન ઉપજે. એટલે કે એ તને સુખનું કરનારું નથી. એમ તારી દૃષ્ટિ થાય તો પરદ્રવ્ય પ્રત્યેનો એકત્વભાવ ટળે અને સ્વદ્રવ્ય પ્રત્યેનો જે એકત્વભાવ છૂટી ગયો છે તે પ્રગટ થાય. ગોદિકાજી! આહા..!

મુમુક્ષુ :- આ તો બધું જયપુરમાં સંભળાવે છે.

ઉત્તર :- હવે એ તો આ નવ દિ' કીધા એમાં બહુ તાણ કરીને .. વખત ક્યાં છે એમાં. .. મહેન્દ્રભાઈ આ તો ટાઢા માણસ ઓછું બોલે. વધારે દિવસ કરવાના કીધું. ભાઈ! દિવસ ક્યાં છે, તમે કરો છો પણ. કહો, સમજાણું?

અહીં તો એ વાત કહે છે, જુઓને! કેટલી સ્પષ્ટ કરે છે.

'**ટીકા :- જેવી રીતે–માટીમય ઘડારૂપી કર્મ...**' કર્મ એટલે કાર્ય. જુઓ ટીકા. '**માટીમય ઘડારૂપી કર્મ...**' એમ ભાષા લીધી છે. ટીકા પણ કેવી છે! માટીમય ઘડારૂપી કાર્ય. એ માટીમય ઘડારૂપી કાર્ય કુંભાર પોતાના પરિણામમય એને કેમ કરે? એમ કહે છે. સમજાણું કાંઈ? '**કે જે માટીરૂપી દ્રવ્યમાં...**' શું? માટીમય ઘડારૂપી કાર્ય. કર્મ એટલે કાર્ય. કાર્ય એટલે દશા. માટીમય ઘડારૂપી દશા '**કે જે માટીરૂપી દ્રવ્યમાં...**' એ દશા. '**માટીરૂપી દ્રવ્યમાં અને ગુણમાં...**' એટલે પર્યાયમાં '**નિજ રસથી જ વર્તે છે...**' કોણ? ઘડારૂપી કાર્ય. આહાહા..! માટીમય ઘડારૂપી કાર્ય કે જે કાર્ય માટીના દ્રવ્યમાં અને માટીની પર્યાયમાં નિજ શક્તિથી વર્તે છે. આખો સિદ્ધાંત કહી દીધો. આહાહા..! સમજાય છે કાંઈ?

'**તેમાં કુંભાર પોતાને કે પોતાના ગુણને...**' કુંભાર પોતાના દ્રવ્યને કે એની પર્યાયને '**નાખતો–મૂકતો–ભેળવતો નથી...**' લ્યો! '**નાધત્તે**' '**કારણ કે (કોઈ વસ્તુનું) દ્રવ્યાંતર...**' નામ અનેરા દ્રવ્યપણે થવું '**ગુણાંતરરૂપે...**' નામ અનેરી દશાપણે થવું એવું '**સંક્રમણ થવાનો વસ્તુસ્થિતિથી જ નિષેધ છે;...**' જ્યાં ત્યાં એને એમ છે. આમ મોહ એટલો રાખે આને કરું... આને કરું... આને કરું... આને કરું. અને કહે, હવે અમારે આત્માની દૃષ્ટિ કરવી છે. આનું કરી દઉં, મેં આને બગાડ્યું, મેં આને સુધાર્યા એવા અભિમાન તો છોડવા નથી અને આત્માની દૃષ્ટિ કરવી છે. બે કેમ બનશે? એમ કહે છે. ગોદિકાજી! સમજ્યા? મહેન્દ્રજી! આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઓલામાં લખ્યું છે ને આ? હમણાં શ્રીમદ્‌માં નથી આવ્યું? કે જ્યાં સુધી તને પરદ્રવ્યનો મોહ આ કરું... આ કરું.. એવી અંદર લાલસાની એકત્વબુદ્ધિ છે ત્યાં સુધી આત્માની દૃષ્ટિ તને થશે નહિ. કેવું કામ છે? લખ્યું છે બહુ શ્લોક એવો સરસ. અખા ભગતનો. તમે હતા? નથી. એ લખ્યો છે. સમજ્યાને? કે 'સસા શીંગનું વહાણ જ કર્યું.' પંડિતજી! જુઓ એક કવિ. 'સસા શીંગનું વહાણ જ કર્યું.' સસા એટલે સસલા-ખરગોશ. 'સસા શીંગનું વહાણ જ કર્યું.' વહાણ બનાવ્યું. સસલાના શીંગનું વહાણ બનાવ્યું. 'મૃગ તૃષ્ણામાં જઈને તર્યું.' ઝાંઝવાના પાણી હોય છે ને. મૃગતૃષ્ણા કહે છે ને? મૃગતૃષ્ણા. 'સસા શીંગનું વહાણ જ કર્યું, મૃગતૃષ્ણામાં જઈને તર્યું. વંધ્યા સુત બે વહાણે ચડ્યા'. 'વંધ્યા પુત બે વહાણે ચડ્યા, ખગ પુષ્પના વસાણા ભર્યા.' એય..! કવિ તે જુઓ! પંડિતજી! સમજ્યા? એ ચારે બોલ એમ લીધા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વંધ્યા સુત એ વહાણમાં ચડ્યા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા એ. શેમાં આવે છે? ક્યાંય આવે છે? શેમાં આવે છે ઈ? એ શ્લોક લીધો. બનાવ્યો જુઓને. હમણાં નવું આવ્યું છે ને. શતાબ્દી ઉજવે ને ૧૦૦. ૧૦૦ વર્ષ શ્રીમદ્‌ને થાય છે ને. એમાં લખ્યું છે.

સસા શીંગનું વહાણ જ કર્યું, મૃગતૃષ્ણામાં જઈને તર્યું.
વંધ્યા સુત બે વહાણે ચડ્યા. ખગ પુષ્પ વસાણા ભર્યા.

આકાશના ફૂલના વહાણ ભર્યા આખા. એય..! પંડિતજી! એ ચારેય જેમ નકામા છે, એમાં કાંઈ છે નહિ. એમ તું પરનો કર્તા માને છે એમાં આકાશના ફૂલથી વહાણ ભરવા જેવા છે. આહાહા..! કહો, ભીખાભાઈ! જ્યાં ત્યાં એને હું કરું. એ અખામાં આવે છે હોં! ઓલામાં અખામાં. સમજ્યાને? 'કર્તા મટે તો મટે કર્મ, એ છે મહા ભજનનો મર્મ.' એ થોડો શબ્દ છે. એ તો પછી ઈશ્વરનું નાખ્યું છે એણે.

કર્તા મટે તો છૂટે કર્મ, એ છે મહાભજનનો મર્મ,
જો તું જીવ તો કર્તા હરિ, જો તું શિવ તો વસ્તુ ખરી.

તું તો શિવસ્વરૂપ છો, ભાઈ!

એક વિચાર એવો આવ્યો હતો. એક સંપૂર્ણ ઉપર વિચાર હમણાં બહુ આવ્યા હતા. આ એક શ્લોકમાં ચાર વાર સંપૂર્ણ છે, ભાઈ! જુઓ! સામે શબ્દ છે ને. '**જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી...**' એક શબ્દ. એ પછી યાદ આવ્યું. હું તો મારા અંદરના બીજા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિચારમાં હતો ત્યાં વળી પાછું આ આવ્યું. **'તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે.'** બે. **'સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય.'** હું તો બીજી લાઈનમાં હતો કે જેમ આત્મા.. જીવત્વ શક્તિ છે ને એની એક ૪૭ શક્તિમાં એવી. જીવત્વ શક્તિ છે ને પહેલી? ખરેખર તો નિત્ય સંપૂર્ણ સંપૂર્ણ નિત્ય સંપૂર્ણ જીવત્વશક્તિ આત્મામાં છે. શક્તિ એ ગુણ છે. ગુણ કહો કે સ્વભાવ કહો.

ભગવાન આત્મામાં નિત્ય સંપૂર્ણ જીવંત શક્તિ ભરેલી છે. એ એનું જીવન છે. સમજાણું કાંઈ? આત્મામાં ભગવાન કુંદકુંદાચાર્યે જે વર્ણન કર્યું એમાંથી અમૃતચંદ્રાચાર્યે પહેલી શક્તિ એ કાઢી છે. જીવનું જીવન-ભગવાન જીવ એની સંપૂર્ણ જીવત્વશક્તિ. સંપૂર્ણ સાથે જરી નિત્ય શબ્દ આવ્યો હતો. નિત્ય સંપૂર્ણ જીવનશક્તિ. કેમ કે વસ્તુ નિત્ય છે તો એ શક્તિ ગુણ સ્વભાવ પણ નિત્ય છે અને નિત્ય છે તે સંપૂર્ણ છે. એવી સંપૂર્ણ નિત્ય જીવનશક્તિનો ધરનાર જે શક્તિવાન એના જીવની દૃષ્ટિ કરતાં તેને દૃષ્ટિમાં વીતરાગતા પ્રગટ થાય છે.

મુમુક્ષુ :- જીવન પ્રગટ થાય છે.

ઉત્તર :- વીતરાગતા પ્રગટ થાય એનું નામ જીવનું જીવન છે. સમજાય છે કાંઈ? મહેન્દ્રભાઈ!

જીવ... આ તો કર્તા (થાય છે) જ્યાં ત્યાં મેં આમ કર્યું... મેં આમ કર્યું... મેં આમ કર્યું... મેં આમ કર્યું અને આનાથી મને આમ થયું. એ નવરો થાતો નથી એ કે દિ' આત્માની દૃષ્ટિ કરે? એય..! વજુભાઈ! બરાબર છે? એના ઊંડાણમાંથી હોં! બહારથી કદાચ એ બોલે. પણ ઊંડાણમાં ઊંડાણમાં એટલે અંદરના અભિપ્રાયમાં. આ વળગ્યું છે કે મેં આનું કર્યું... મેં આનું કર્યું... મેં આનું કર્યું. એનાથી મારામાં આમ થયું.. એનાથી મારામાં આમ થયું... આ કર્મથી મારામાં આમ થયું... મેં કર્મમાં આમ કર્યું... આ બીજા દ્રવ્યને... બીજા આત્માઓને મેં કર્યું અને એનાથી મને અહીં થયું. એ આડે નવરો થતો નથી કે એને સ્વરૂપની દૃષ્ટિ થાય. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા તો નિત્ય જીવન શક્તિ જીવત્વશક્તિ જીવપણું, સત્‌નું સત્ત્વ, જીવનું સત્ત્વ, જીવનું સત્ત્વ, જીવનું જીવપણું. જીવનું જીવત્વ શબ્દ વાપર્યો છે ને? કારણ કે પણું વાપરવું છે ને, ભાવ વાપરવો છે ને. જીવ... એ મહાન સિદ્ધાંતો છે અંદરમાં. જીવમાં જીવત્વ શક્તિ એમ ભગવાન અમૃતચંદ્રાચાર્યે કહ્યું. શું કહે છે? ભાઈ! એ જીવ, એનું જીવત્વ, એનો ગુણ, એની શક્તિ એટલે સ્વભાવ તે નિત્ય અને સંપૂર્ણ છે. એમ જેણે અંતરમાં જીવના જીવપણાનો ધરનાર જીવ, જીવના જીવપણાનો જીવત્વનો ધરનાર જીવ, જેના ચૈતન્ય ભાવપ્રાણ, જ્ઞાન, આનંદ, સત્તા, શાંતિ, સુખ વગેરે. એવા ધરનાર આત્મા, એનું ભાવપણું એનો આત્મા. એમ આત્માની દૃષ્ટિ થતાં એને સમ્યગ્દર્શનરૂપી વીતરાગી પર્યાય પ્રગટે તે તેના જીવતર શક્તિનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કાર્ય છે. એ જીવતર શક્તિના જીવનું એ જીવન છે. આહાહા..! સમજાણું કાંઈ? પછી તો બધા ઘણાં ૨૦ સુધી તો આવ્યા હતા મંથનમાં આગળ. ત્યાં વળી આ ભાઈ આવ્યા. અંદર મંથન ચાલતું હતું. ત્યાં તમે આવ્યા વળી અડધો પોણો કલાક લઈ ગયા એમાં. શું કરે પણ?

આત્મા નિત્ય સંપૂર્ણ ચિત્શક્તિથી ભરેલું જીવનું સત્‌નું સત્‌પણું પૂર્ણ ભરેલું છે. સમજાણું કાંઈ? એમ આત્મા નિત્ય સંપૂર્ણ સુખથી ભરેલું જીવનું સત્‌નું સત્ત્વ સંપૂર્ણ નિત્ય સુખથી ભરેલું એવું સત્ત્વ છે. એને આથી મને ઠીક પડશે એનો અર્થ કે આનાથી મને સુખ થશે. એમ કહે છે ઈ. આ પુણ્ય-પાપના પરિણામથી મને ઠીક માનનારો, આનાથી મને સુખ થશે. એમ માનનારની દષ્ટિ આત્મામાં સુખ સંપૂર્ણ ભર્યું છે એવી એની દષ્ટિ છે નહિ. ..જી! આહાહા..!

બીજી રીતે કહીએ તો ભગવાન આત્મા સિવાય... એ આત્મા આવો છે. એમાં ૪૭ની વાત કરી છે પણ એવા અનંત ગુણનું સત્ત્વ પડ્યું છે. એના અંદરમાં ક્યાંય પણ એમ થાય કે આ પદાર્થથી મને કંઈક (ઠીક છે), આમ દેખે અનુકૂળતા શરીર સુંદર-બુંદર કાંઈક અને એમાં એને હરખ આવે હરખ... આહા..! એવી જે પરપદાર્થની અનુકૂળતાની, સુંદરતાની અધિકતા દષ્ટિમાં, પરિણામમાં આવતા એના ચૈતન્યના સુખ એને જાણે અહીંથી આવતું હોય એમ એ માને છે. એ અભિપ્રાયની મોટી ભૂલ છે. સમજાણું કાંઈ? આ વાત ઈ કહેવા માગે છે.

ભાઈ! કુંભારના દ્રવ્ય પર્યાય કાંઈ માટીમય ઘડાના કાર્યમાં પેઠા છે? પેઠા છે? છે? ના. તો પછી પરદ્રવ્ય જે વસ્તુ છે શરીર, કર્મ આ બધું, આ લક્ષ્મી એનું દ્રવ્યપણું, એની પર્યાયપણું અહીં પેઠું છે કે તને એને લઈને ઠીક પડે? સમજાય છે કાંઈ? તને તારા સિવાય પુણ્ય-પાપના વિકલ્પો, કર્મ... એ કર્મનો ઉદય જો અનુકૂળ હોય ને તો મને ઠીક પડે. શું કહે? સાધન અનુકૂળ હોય ને બહાર, બહાર સગવડતા હોય ને તો ઠીક પડે. એનો અર્થ શું? એને બહારના સાધન હોય ને કાંઈ શરીર નિરોગતા હોય, લક્ષ્મી હોય, પેટમાં આહાર હોય, ચા-પાણી પીને બેઠા હોઈએ તો બધી કાંઈક અનુકૂળતા પડે. એની વ્યાખ્યા શું? એનો અર્થ શું? કે આત્મા સિવાયના બાહ્ય પદાર્થની કોઈપણ અવસ્થા મને સુખમાં કારણ છે. એટલે કે મારા સુખનો એ કરનાર છે.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ છે પછી ...

ઉત્તર :- શું પ્રત્યક્ષ છે? શું પ્રત્યક્ષ છે? કહો.

જુઓ! આત્મા આત્મા પ્રકાશ નામના નિત્ય ગુણથી ભરેલો પ્રત્યક્ષ છે. કહો, શું કહેવું છે? લાવો. ભગવાન આત્મા એટલે નિત્ય દ્રવ્ય, નિત્ય દ્રવ્ય. હવે એમાં પ્રકાશ નામનો ગુણ જે છે એ નિત્ય પૂર્ણ ગુણ પ્રકાશ નામ પ્રત્યક્ષ થાય એવો એનામાં નિત્ય પૂર્ણ સંપૂર્ણ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રત્યક્ષ ગુણ પડ્યો છે. એ પ્રત્યક્ષપણું ત્યાં પરમાં છે? આનું પ્રત્યક્ષપણું પરમાં છે? શું પ્રત્યક્ષ કહ્યું? આ પ્રત્યક્ષનો દાખલો-ઉત્તર આપ્યો. એઈ..! વજુભાઈ! આહાહા..! ભગવાન! તું એકવાર જો તો ખરો, બાપુ! આહાહા..!

અહીં પરમાત્મા ફરમાવે છે અને એમ છે. ભાઈ! તું નિત્ય આત્મા છો ને. તું પછી એમાં પ્રકાશ નામનો નિત્ય સંપૂર્ણ શક્તિ કહો, ગુણ કહો, સ્વભાવ કહો, આવો સંપૂર્ણ પ્રકાશ નામનો ગુણ દ્રવ્યમાં નિત્ય (પડ્યો છે). દ્રવ્ય અને ગુણ નિત્ય પડ્યું છે. દ્રવ્ય તે સત્ છે તો પ્રકાશ નિત્ય સંપૂર્ણ તે તેનું સત્ત્વ છે. આવું પ્રત્યક્ષપણું તને ક્યાં ભાસે છે? અહીં ભાસવું જોઈએ એને ઠેકાણે અહીં ભાસે છે એ તારી ભ્રમણા છે. સમજાણું કાંઈ? એઈ..! આ પ્રત્યક્ષ લાગે છે ને. સ્ત્રી, પૈસા, લક્ષ્મી, દાળ, ભાત પડ્યા, મોસંબી પડી. પણ શું પ્રત્યક્ષ ક્યાં રહેતું હશે તને ખબર છે? પ્રત્યક્ષ ગુણ અને પ્રત્યક્ષની પર્યાય પરમાં રહે છે?

પ્રત્યક્ષ ગુણ અને પ્રત્યક્ષની પર્યાય. તો ભગવાન તો અહીં આત્મા અહીં છે. અને એમાં પ્રત્યક્ષ થાય, પ્રકાશ નામનો એક ગુણ નિત્ય પૂર્ણ, નિત્ય સંપૂર્ણ, નિત્ય સંપૂર્ણ, કાયમ સંપૂર્ણ, ધ્રુવ સંપૂર્ણ, નિત્ય સંપૂર્ણ એવો આત્મા સંપૂર્ણ પ્રકાશ પ્રત્યક્ષ ગુણથી ભરેલો પદાર્થ છે, ભાઈ! એનું પ્રત્યક્ષપણું તો એની અંતરમાં દૃષ્ટિ થતાં પર્યાયમાં પ્રત્યક્ષપણું સુખની પ્રાપ્તિ આદિની પ્રત્યક્ષતા થાય. એ પ્રત્યક્ષ રૂપ છે. સમજાણું કાંઈ? એ..! વજુભાઈ! ભીખાભાઈ! આહાહા..!

તને તારી કિંમત જ આવી નથી. તું જ્યાં છો, કેવડો છો, કેવડો છો, ક્યાં છો તેની તને કિંમત ન આવી. તારામાં ભાઈ! પ્રકાશ નામનો ગુણ નિત્ય, સંપૂર્ણ (પડ્યો જ છે). જે ગુણ છે એ નિત્ય હોય અને ગુણ છે એ સંપૂર્ણ હોય અને તે સ્વભાવ અને શક્તિ તેને કહેવાય. તો એ ભગવાન આત્માનો સંપૂર્ણ, નિત્ય, પ્રત્યક્ષ ગુણ છે એનું પ્રત્યક્ષપણું તું કહે આને લઈને મને પ્રત્યક્ષ થયું. આ પ્રત્યક્ષ દેખાય. પણ બાપુ! પ્રત્યક્ષપણું રહે છે ક્યાં? રાગમાં પ્રત્યક્ષપણું રહે છે? નિમિત્તમાં પ્રત્યક્ષપણું રહે છે? પ્રત્યક્ષપણું રહે છે ક્યાં? આહાહા..! સમજાણું કાંઈ?

પ્રત્યક્ષપણું તો પરમાત્મા કહે છે અને તું એવો છો. તારું સત્ત્વ અને તારું સ્વરૂપ અને તારું ભાવપણું જ પ્રત્યક્ષપણે છે. એવો તારો ગુણ છે. એવા ગુણને ધરનારો આત્મા પ્રત્યક્ષ થઈને સુખને આપે એવી પ્રત્યક્ષતા આત્મામાં છે. એવી પ્રત્યક્ષતા રાગમાં, આ બાયડી-છોકરા અને પ્રત્યક્ષ અમને આનંદ થાય ને. પણ એ તો તારી ભ્રમણા છે. એ વિપરીત માન્યતાના અભિપ્રાયે સત્ પ્રકાશગુણના પર્યાયને પ્રગટ ન કરતાં આવી ભ્રમણા તેં ઊભી કરી છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આ પૈસાવાળા એમ કે પ્રત્યક્ષ સુખી દેખાય છે ને. પણ પ્રત્યક્ષની વ્યાખ્યા શું? પ્રત્યક્ષ શબ્દ થયો. એનું વાચ્ય શું? પ્રત્યક્ષ એક વાચક શબ્દ છે. તો વાચકનું કોઈ વાચ્ય હોય કે નહિ? સાકર વાચક છે તો વાચ્ય સાકર (છે). તો પ્રત્યક્ષ એ શબ્દ થયો-વાચક. એનું વાચ્ય શું? એનો પદાર્થ શું? એનો ભાવ ક્યાં રહે છે? એ પ્રત્યક્ષ નામનો ભાવ તો જીવમાં રહે છે. તે દિ' એમ કહેતા ને ભાઈ ઓલા, નહિ? પંડિતજી મોટા. કેવા પંડિતજી? હીરાલાલ પંડિત અહીં બે દિ' રહ્યા હતા. પંડિતજી! એ હીરાલાલ નહિ? પ્રોફેસર.

મુમુક્ષુ :- અમરાવતી.

ઉત્તર :- હા, અમરાવતી. એ અહીં આવ્યા હતા. બે દિવસ ચર્ચા (ચાલી). આ લાકડાની છે ને લાકડાની? આ ટેબલ નહિ નાનું? મહારાજ! પણ પ્રત્યક્ષ દેખાય છે કે સુતારે આ કર્યું. સુતાર સુતાર કહે છે ને? આ પ્રત્યક્ષ દેખાય છે અને તમે કહો છો કે એનાથી ન કર્યું. મારી એક આપત્તિ છે એમ કરીને શબ્દ મૂક્યો એમણે. ભાઈ! પ્રત્યક્ષપણું બાપુ! ક્યાં રહે છે? પ્રત્યક્ષપણું ક્યાં રહે છે? ... પ્રત્યક્ષપણું લાકડાની પર્યાયમાં રહે છે? આ એમ કે પ્રત્યક્ષ છે ને કે આ સુતાર હતો તો આ થયું. એક તો તમારો પ્રશ્ન એ. તો તો સુતાર ગયો તો આમ તો રહી છે આમ ને આમ. ઓલું છે ને બેસવાનું ટેબલ નાનું. એના ઉપર નજર કરી. અહીં બેઠા હતા.

ભાઈ! તમે પ્રત્યક્ષ પ્રત્યક્ષ કરો છો તો પ્રત્યક્ષનું વાચ્યપણું ક્યાં રહે છે? એ પ્રત્યક્ષ જે છે એ જ્ઞાન પ્રત્યક્ષ કહેવાય? કે પરમાણુને? એમાં પ્રત્યક્ષ રહેતું હશે? એમાં પ્રત્યક્ષ છે તે તમે એને કીધું આ પ્રત્યક્ષ થાય છે ને? ભાઈ! પ્રત્યક્ષ તો જ્ઞાન છે. જ્ઞાનની પર્યાયને પ્રત્યક્ષ કહેવાય અને એ પ્રત્યક્ષપણું પણ અંદર ગુણને કારણે પ્રગટ થાય છે. એને ઠેકાણે... આ ગુણને કારણે તે દિ' નહોતું કહ્યું? પ્રત્યક્ષ તો પર્યાય છે એટલું કહ્યું હતું. સમજાણું કાંઈ? તો પ્રત્યક્ષ પર્યાય થઈ ઈ જાણી શકે કે આ કેમ બન્યું અને કેમ થયું? પ્રત્યક્ષ પર્યાય સ્વને અવલંબે થઈ એ રાગના અવલંબે પણ નહિ, એવી નિઃસ્પૃહ પર્યાય કે જેને રાગના સંયોગે નહિ, તો એમ જાણનાર પરદ્રવ્યની પર્યાય સંયોગને લઈને પણ એને થઈ એમ એ જાણી શકે. અજ્ઞાનીને ખબર નહિ પડે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ફરીને કહીએ.

આ આત્મા પ્રત્યક્ષ થવું. એટલે જ્ઞાનને પ્રત્યક્ષ કહેવાય. હજી તો શ્રદ્ધાને પ્રત્યક્ષ ન કહેવાય. કારણ કે જ્ઞાનને જ પ્રત્યક્ષ અને પરોક્ષનો ભેદ લાગુ પડે છે. તો બીજી ચીજમાં પ્રત્યક્ષપણું નથી અને આત્મામાં એક જ્ઞાન અને ઉપયોગ, દર્શન સિવાય બીજા ગુણમાં પણ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રત્યક્ષપણું નથી. એ પ્રત્યક્ષ ગુણ છે એને લઈને બધે પ્રત્યક્ષપણું ભલે વપરાય. સમજાય છે? પણ પ્રત્યક્ષપણું થવું-સ્વપરપ્રકાશપણું એ તો જ્ઞાનગુણમાં એ સ્વભાવ છે. સમજાણું? જ્ઞાન પોતાને પ્રત્યક્ષ થાય. એટલે? એનો પ્રકાશ નામનો ગુણ છે એને ધરનાર ઉપર દૃષ્ટિ કરી એટલે જ્ઞાન પ્રત્યક્ષ વેદન (થયું). રાગ વિના, નિમિત્ત વિના, સંગ વિના અસંગી પદાર્થ નિઃસ્પૃહપણે અંદર પરની અપેક્ષા વિના સ્વસંવેદન જ્ઞાનનું પ્રત્યક્ષ થયું એને પ્રત્યક્ષ કહેવાય. એ પ્રત્યક્ષવાળાએ એમ નક્કી કર્યું કે આ મારું પ્રત્યક્ષપણું રાગને કારણે નહિ. જોડે વિકલ્પ છે એને કારણે નહિ, શરીરને કારણે નહિ. આવી મારી પર્યાય મારે કારણે (થઈ છે), આને કારણે નહિ. એમ જોનાર જગતના પદાર્થોને જ્યાં જ્યાં એ પદાર્થની પર્યાય થાય ત્યાં સંયોગને કારણે નહિ, સંયોગ જોડે હોવા છતાં નહિ. ભગવાન! બે દિ' બહુ ચર્ચા ચાલી. બે પંડિત આવ્યા હતા ને? એક ઓલા ઉપાધ્યાય. એમ.એ. એ બિચારો નરમ હતો. એ બિચારો નરમ હતો કાંઈક. ત્યાં પણ હમણાં મળ્યા હતા ને. ક્યાં? કોલ્હાપુર આવ્યા હતા. નરમ હતો.

ભાઈ! આ કોઈ વિદ્વતાની ચીજ નથી. આ તો.. વિદ્વતા એટલે આમ છે તો વિદ્વતા. વિદ્ જ્ઞાનપણું. પણ એકલું જાણપણું અને ધારણા એ કોઈ આ ચીજ નથી. આ તો અંતરની વિદ્વતાની વાત છે. જ્ઞાનનું જ્ઞાનપણું થવું. તો આત્મા એમ પોતાને જાણે કે આ રાગ, એમાં સુખ નથી. કારણ કે સુખથી ભરેલો નિત્ય સંપૂર્ણ સત્ત્વ મારું નિત્યથી ભરેલું. નિત્યાનંદ જેને શબ્દ વાપર્યો છે. નિત્યાનંદ કહો, નિત્ય સંપૂર્ણ આનંદ કહો. એવો નિત્ય સંપૂર્ણ આનંદ તો મારો સ્વભાવ છે. એ મારા સ્વભાવને માટે તો વિકલ્પનો પણ આશ્રય લેવાની જરૂર નથી, સંયોગનો આશ્રય લેવાની જરૂર નથી. એવો મારો આનંદ મારે લઈને અંદર પ્રગટ થાય એમ જેને અંતર ભાસ્યું એને જગતના પદાર્થની પર્યાય, રાગ જોડે હોવા છતાં તેનાથી થઈ નહિ તો આ પદાર્થની જોડે બીજો પદાર્થ હોય છે છતાં એની પર્યાય એને લઈને થઈ નથી. એને લઈને સ્વતંત્ર થઈ એમ જ્ઞાની જોવે છે. સમજાણું કાંઈ? ભારે વાતું પણ.

મુમુક્ષુ :- પ્રત્યક્ષનો અર્થ ભારે...

ઉત્તર :- અમારા દલાલ છે ને એક ઈ. સ્પષ્ટીકરણ કરાવવા. આમાં તે દિ' થઈ ગયેલું ભાઈ સાથે બહુ હોં! પંડિતજી સાથે. મારી પણ આપત્તિ છે. પણ બાપુ! તમે શું કહો છો એ મારા ખ્યાલમાં નથી આવતી વાત? પણ અમે શું કહીએ છીએ, બાપુ! એને તો ખ્યાલમાં લ્યો. આહાહા..! એવી ભ્રમણા.. એવી ભ્રમણા જગતને.

અહીં એ સિદ્ધ કરવા માગે છે કે ભાઈ! સ્વતંત્ર પદાર્થ છે. માટીમય ઘડો થયો છે. એ કુંભારમય થયો નથી. એમ અહીંયાં આત્મામાં સુખ થાય તે આત્મમય સુખ થાય છે. એ રાગમય અને પરમય થતું નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ધનમય થતું નથી?

ઉત્તર :- ધનમય થતું નથી. લ્યો, આ તમારા પ્રત્યક્ષમાંથી (આટલું ચાલ્યું).

આત્મામાં આનંદ થાય તો એ આનંદ આત્મામાં ભર્યો છે. નિત્ય સંપૂર્ણ ભગવાન તત્ત્વથી ભરેલું છે. તત્ત્વ દ્રવ્ય છે એનો નિત્ય આનંદ તેનું સત્ત્વ સંપૂર્ણ આનંદ છે. ભાઈ! વસ્તુ છે. એનો સ્વભાવ છે. એવી એવી શક્તિઓ તો અનંત છે. સ્વભાવમાં શક્તિઓનું અનંતપણું પડ્યું છે. એનું સત્ત્વ, એના અવલંબે એને આનંદ અને શાંતિ થાય. એ આનંદનો પર્યાય ધનમાંથી થાય છે? આત્મમય આનંદ પર્યાય, માટીમય ઘડારૂપી કાર્ય, એમ આત્મમય આનંદમય કાર્ય એ માટીના ગુણમાં એટલે આત્માના ગુણમાં અને આત્મામાં દ્રવ્યમાં વર્તતું એ કાર્ય છે. રાગને લઈને અને દેહને લઈને અને ધનને લઈને એમાં ગુણ છે જ નહિ. ધનનો પર્યાય ત્યાં ગયો છે? ધનનો પર્યાય ત્યાં મૂકાણો છે? રાગનો પર્યાય ત્યાં સુખમાં મૂકાણો છે? બાયડીના સુંદરતાનો પર્યાય મૂકાણો અંદર છે કે તને એને લઈને સુખ થાય? આહાહા..! વાત તો એક ને એક બે જેવી સીધી છે પણ એવી અટપટી કરીને મૂકી છે ને કે એમાંથી કેમ નીકળવું એને ખબર પડતી નથી. ઓલા કરોળિયાના જાળ કાઢે ને, જાળમાં ગૂંચવાય તો નીકળવું પાલવતું નથી. એવી ભ્રમણા ઊભી કરી છે ને. અને એ ભ્રમણાને પાછા પુષ્ટિ આપનારા પોતે જ તર્કો ઊભા કરે અને કાં બીજા તર્ક દેનારા મળે એટલે એ પુષ્ટિ થઈ જાય છે એને. સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો કે '**માટીમય ઘડારૂપી કર્મ...**' એમ જ્ઞાનમય જ્ઞાનમયની ક્રિયા. જ્ઞાનમય આત્મા, એની જ્ઞાનની પરિણતિની ક્રિયા. છે તો '**માટીરૂપી દ્રવ્યમાં...**' જ્ઞાનમય દ્રવ્યમાં જ જ્ઞાનની પર્યાય વર્તે છે. અને '**માટીના ગુણમાં...**' એટલે પોતાની પર્યાયમાં જ એ ગુણની પર્યાય વર્તે છે. એવા નિજ શક્તિથી જ પર્યાય પોતામાં વર્તે છે. એમાં શાસ્ત્રના પાનાએ, પુસ્તકે, વાણીએ શું નાખ્યું એમાં કે જ્ઞાનની પર્યાય એ અવસ્થા અહીં અવસ્થાંતર થઈને આવી છે કે અહીં ગુણની પર્યાય એ પ્રગટ કરે? ભારે વાત, ભાઈ. કહો! સમજાણું આમાં? દિવ્યધ્વનિ આવી, દિવ્યધ્વનિ.

મુમુક્ષુ :- એ તો જરાક વિચારવું પડશે.

ઉત્તર :- એ વિચારવું પડશે કહે છે. લ્યો, આકરું પડશે.

અરે..! ભગવાન! એ તો એકની એક વાત છે. મોટી વાત કરીને એને સમજાવવી વાત છે. ત્રણ લોકના નાથની દિવ્યધ્વનિ ૐ છૂટી. પણ કહે છે, ભાઈ! એ આત્મામાં જે જ્ઞાનનો પર્યાય પ્રગટ્યો એ આત્મામય થઈને પ્રગટ્યો છે અને આત્માના દ્રવ્ય અને ગુણમાં પ્રગટ્યો છે કે દિવ્યધ્વનિની પર્યાય આવીને અહીં પ્રગટાવે છે? ગોદિકાજી! ખલાસ થઈ ગઈ વાત.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાઈ! તારો પર્યાય તારા આત્મમય અને આત્મ પર્યાયમય છે. એ પરમય નથી. ભ્રમણા તને થઈ ગઈ છે કે એ અહીંથી થાશે... અહીંથી થાશે.. અહીંથી થાશે. જાણે હું ખૂબ વાંચી લઉં તો ત્યાંથી પર્યાય આવશે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો મહા અધ્યાત્મ સિદ્ધાંતો છે. તેને આખા વિસ્તાર કરીને લોકમાં ન્યાય શું છે એને બતાવે છે.

મુમુક્ષુ :- બ્રહ્માંડના ભાવો ભર્યા.

ઉત્તર :- હા. બ્રહ્માંડના ભર્યા. ભાવો બ્રહ્માંડના ભર્યા. એ પર્યાયમાં એવી તાકાત છે. શબ્દમાં એવી સ્વપર વાર્તા કહેવાની તાકાત છે. શબ્દમાં સ્વપર વાર્તા કહેવાની તાકાત છે, આત્મામાં સ્વપરને જાણવાની તાકાત છે. આત્મામાં સ્વપર વાર્તા કહેવાની તાકાત નથી અને વાણીમાં સ્વપરને જાણવાની તાકાત નથી. સમજાણું કાંઈ?

કહે છે કે, કુંભાર પોતાને તેના ગુણને નાખતો નથી. તો '**દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ થવાનો વસ્તુસ્થિતિથી જ નિષેધ છે;...**' સમજાય છે કાંઈ? એ દિવ્યધ્વનિની પર્યાય એના પરમાણુના ગુણમાં-દ્રવ્યમાં વર્તે છે, પર્યાયમાં વર્તે છે. એ કાંઈ રૂપાંતર થઈને તારામાં આવી જાય એમ થતું નથી. એ ગુણાંતર થઈને, પર્યાયાંતર થઈને તારી પર્યાયને અડે અને પર્યાય પ્રગટ કરે એમ છે નહિ, ભાઈ! આહાહા..!

એક નિમિત્ત છે ને એને લોકોએ કર્તા બનાવી દીધું છે. નિમિત્ત તો પોતે સ્વપરપ્રકાશ જ્ઞાનમાં એ ચીજ છે તેના જ્ઞાનમાં જાણવા માટે નિમિત્ત છે. એને ઠેકાણે એને અહીંથી અહીં થાય.. અહીંથી અહીં થાય.. અને અહીંથી ત્યાં થાય. નિમિત્ત દેખીને, સંયોગ દેખીને એની સ્વતંત્ર પર્યાય એનાથી છે એમ એને જાણવામાં આવતું નથી. અહીં રાગને નિમિત્ત દેખીને એના વિના મારો પર્યાય થાય એમ એને ભાસતું નથી. એ તો કાંઈક રાગનો આશ્રય લઉં... આનો આશ્રય લઉં.. આનો આશ્રય લઉં. ભાઈ! એવી વસ્તુ છે નહિ. સમજાણું કાંઈ?

'**દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ થવાનો વસ્તુસ્થિતિથી જ નિષેધ છે;...**' ઘડાની પર્યાયમાં માટીમય પર્યાય છે. એ કુંભારમય પર્યાય એના કુંભારનો વિકલ્પ, એનો જોગ તે મય તો તે જીવ છે. તે તેના દ્રવ્ય અને તેની પર્યાયમાં વર્તે છે. તે પર્યાય અહીં આવીને આ કામમાં અડતી નથી. તો એ કુંભારે શું કર્યું? એ કુંભારે ઘડાની પર્યાયને કેમ કરી? આહાહા..! કેટલી દલીલ છે! ગોદિકાજી! એ ઘડો કુંભારે કર્યો નથી એમ કહે છે.

મુમુક્ષુ :- .. માટી કરે છે.

ઉત્તર :- માટીમય છે કે કુંભારમય છે? ખલાસ થઈ ગયું ત્યારે, કહે છે. માટીમયનું કાર્ય તે ઘડામય તે કુંભારથી કેમ થાય?

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- ના, એ ના પાડે છે. જુઓ! તે દિ' ના પાડતા હતા. તે દિ' કહ્યું હતું. એક થોડી વાત કરી હતી ને. શુભરાગ થાય. તે ક્રિયા તો તે કાળે તેની પર્યાયમાં અને તેના દ્રવ્યમાં વર્તતી તે પર્યાય થાય. આહાહા..! બાપુ! એ બતાવીને એમ કહે છે કે તારું દ્રવ્ય જ એવું છે અને બીજા બધા દ્રવ્ય એવા છે. એ દ્રવ્ય પોતે જ પોતાના દ્રવ્યમાં અને પર્યાયમાં વર્તતું કાર્ય કરી રહ્યું છે. આહાહા..! હવે આમાં તકરાર. શું? પંડિતજી! એ આવે ને બે બોલ? બાહ્ય અભ્યંતર...

મુમુક્ષુ :- બાહ્ય અભ્યંતર કારણ...

ઉત્તર :- કારણ આવે ને. ઉભય કારણ જોઈએ. ભાઈ! ઉભય હોય છે, સાંભળને! એ તો ઉભય કહ્યા છે એ તો વ્યવહારનયથી કહ્યું છે. ઉભય એટલે બે આવ્યા કારણ ત્યાં વ્યવહારનય થઈ ગઈ. નિશ્ચયથી તો પોતાથી પર્યાય થઈ એ યથાર્થ નિશ્ચય છે. પણ બે કારણ આવે ને? બાહ્ય અભ્યંતર હેતુ. બાપુ! બાહ્ય અને અભ્યંતર બે થઈ ગયા. બે થયા ત્યાં નિશ્ચય ન રહ્યો. ભાઈ! ભાઈ! એનો ન્યાય શાસ્ત્રોમાં ત્યાં બે કહ્યા ત્યાં એક ન રહ્યું. એ બે વ્યવહારનયનો વિષય થઈ ગયો. એક પોતાથી કામ કરે ત્યાં નિશ્ચય રહ્યો. એ બીજું નિમિત્ત છે. એને બોલાય, કહેવાય પણ એમ છે નહિ. કઠણ પડે. પણ વસ્તુ જ આમ છે ત્યાં બીજું શું થાય? વસ્તુ જ એવી પોકાર કરે છે ત્યાં શું થાય?

આત્મ મીમાંસામાં નથી લખ્યું? ઓલા કહે કે પણ નિત્ય હોય તે અનિત્ય કેમ હોય? અનિત્ય હોય તે નિત્ય કેમ હોય? શુદ્ધ દ્રવ્ય હોય તે પર્યાય અશુદ્ધ કેમ હોય? એ પોકાર કરો તો કરો પણ વસ્તુ તો એવી છે. લખ્યું છે, ભાઈ! આત્મ મીમાંસામાં. આત્મ મીમાંસામાં આવે છે. સમંતભદ્રાચાર્ય. પોકાર કરો તો કરો, બાપુ! વસ્તુ તો આવી છે. તમે કહો કે એક વસ્તુ નિત્ય એ જ અનિત્ય? એમ કેમ હોય? અને જે વસ્તુ દ્રવ્યે શુદ્ધ, તે સંસારમાં પર્યાય અશુદ્ધ? આમ હોય કેમ? બાપુ! એમ જ છે. તું પોકાર કર તો એમ છે અને ન કર તો વસ્તુ પોતે એમ પોકારે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

આત્મા એક હોય તે અનેક હોય? હા. વસ્તુ તરીકે એક છે, ગુણ-પર્યાય તરીકે અનેક છે. એ એમ વસ્તુ જ છે. એ વસ્તુ જ એમ પોકારે છે. તું એમ ન માન તો તારો પોકાર કોઈ સાંભળે એવું નથી. પોકાર તો પોકાર, પણ વસ્તુ તો એમ જ છે. જરી શાંતિથી (સમજ), બાપા! આવો વખત મળ્યો મનુષ્યનો. આહાહા..! એમાંથી આ કાંઈ કામ કરવાનું છે એ જો સત્યનું નહિ કરે, ભાઈ! આવા ટાણા નહિ મળે, બાપુ! એ બહારની આબરૂ ને કીર્તિ ને બધા પડ્યા રહેશે ત્યાં. ઈન્દ્રિયજ્ઞાન ખોટા થાશે. આહાહા..! જુઓને! આ મરતા ઈન્દ્રિયના જાણપણા હોય તો આ..આ..આ.. બેહોશ થઈ જાય. ક્યાં ગઈ બુદ્ધિ? પ્રભુ! એ તો પરને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અવલંબે ઉઘડેલા ઉઘાડ, એ આત્મા નિત્ય જ્ઞાનમાંથી આવેલું જ્ઞાન નહિ. આહાહા..!

ઈન્દ્રિયના જ્ઞાન એટલા એટલા થયા હોય, નવ પૂર્વ ભણ્યો હોય પણ મિથ્યાત્વસહિત છે ઈન્દ્રિયજ્ઞાન છે એ. સમજાય છે? વસ્તુસ્થિતિની ખબર નથી. એ અંધારા થઈ જવાના. એ દેવમાં જશે કદાચિત તો એ નવ પૂર્વ એને નહિ રહે. ત્યાંથી એકેન્દ્રિયમાં ચાલ્યો જશે તો બધું જશે. એ કાંઈ આત્મા અતીન્દ્રિય જ્ઞાનની પર્યાય નથી કે જે કાયમ ટકે. આહાહા..! એ જીવતા જીવતા બે ઘડી, ચાર ઘડી પહેલાં.. શું કહેવું કાંઈ ખબર નથી. મને કાંઈ ખબર પડતી નથી. સમજાણું? બુદ્ધિવાળો બહુ ગણાતો બહારમાં. પછી મરવા ટાણે બધા પૂછાવ્યા ગામના અગ્રેસર હોય ને એ બધા પૂછવા જાય. કેમ છે ભાઈ? પછી કહે, મને કોઈ તાણે છે. તાણે છે. હુશિયાર બહુ કહેવાતો, હુશિયાર બહુ કહેવાતો. નગરશેઠ ને બધું. મને કોઈ તાણે છે. જાણે આમ ખેંચી જતું હોય. કેમ કે ઈન્દ્રિયજ્ઞાન હતું તે હવે અટકી જવાનું. ફટકો માર્યો ફટ દઈને. જાવું છે ત્યાં જ્ઞાનની હિણી દશા લઈને જાવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભાઈ! બહારના સાધન તો તને કામ નહિ આપે, પણ આ રાગની મંદતાના કોઈ ક્ષયોપશમના જ્ઞાન કરેલા પરલક્ષી એ પણ તને મદદ આપશે નહિ. એ બધા અનિત્ય જ્ઞાન. ભાઈ! તને લાભદાયક નથી. આહાહા..! ભગવાન આત્મા વસ્તુ છે અને તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. નિત્ય જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. પ્રભુ! એની અંતર દૃષ્ટિ કર્યે જે જ્ઞાન થાય તેનું નિત્યપણું રહેશે. કારણ કે એ જ્ઞાન અવરાશે નહિ. એ અહીંથી સ્વર્ગમાં જાશે તો સાથે ને સાથે રહેશે. આહાહા..! સમજાણું કાંઈ?

ઓલું કહ્યું નહોતું? સમયસારનું કીધું હતું ને પહેલાં? નહિ? કે પાંચ અજીવ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ અને પુદ્ગલ. પુદ્ગલમાં કર્મ આવ્યા હોં! કર્મની આવી પ્રકૃતિ અને આવી સ્થિતિ અને આવો રસ અને આમ સંક્રમણ થાય, અપકર્ષણ થાય, ઉત્કર્ષણ થાય. સમજ્યાને? શું કહેવાય? વિસંયોજન થાય. દસ છે ને કરણ? બંધ, ઉદય (આદિ) દસ કરણ છે ઠાણાંગમાં. એ બધા પ્રકૃતિના આ પ્રકારના જાણપણા એ પ્રકૃતિને જ્ઞાન નથી, ધર્માસ્તિને જ્ઞાન નથી, અધર્માસ્તિને નથી, આકાશને નથી, કાળને નથી અને સંસારી જીવને જ્ઞાન નથી. કારણ કે સંસારી જીવ અજ્ઞાની છે એને જ્ઞાન નથી. એના જાણનારને જ્ઞાન નથી. પાંચ અજીવ અને સંસારી જીવનું જ્ઞાન કરે અનંત નિગોદ છે, આમ છે, આકાશ અમાપ છે, છ દ્રવ્ય છે, એ પરદ્રવ્યનું સંસારીજીવનું. શુદ્ધ સિદ્ધનું જ્ઞાન કરે તો તો એને એમ રહે કે સિદ્ધ જેવો હું છું. તો તો શુદ્ધનું જ્ઞાન થતાં અંદર જ્ઞાન થાય. પણ અશુદ્ધ સંસારી જીવ અને પાંચ દ્રવ્યો એને જ્ઞાન નથી, એને સુખ નથી. આ એના જાણનારને જ્ઞાન અને સુખ નથી. એના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાણનારને જ્ઞાન અને સુખ કહેવાતું નથી. આવ્યું છે? આવ્યું છે કે નહિ ક્યાંય? ક્યાં? ક્યાં? ભાઈ! એના ભાઈએ કર્યું છે ને આ બધું મહેનત કરીને.

પહેલા નમઃ સમયસારાયમાં. પહેલા શ્લોકમાં. કળશ પહેલો શ્લોક છે એમાં આવ્યું છે. કળશટીકા આવી છે કે નહિ પંડિતજી તમારે? એ કળશટીકા આવી છે. છે ને? ખલાસ થઈ ગઈ. રાજમલજીની. બહુ સારી. બહુ સારી. લોકો તો બહુ કહે. એમ જ ચાલે. ભગતને અને ભવ્ય, સંસારી જીવને વિરોધ જ હોય છે. ભક્તને અને ભવભ્રમણવાળાને વિરોધ જ હોય છે. એ અનાદિનું એમ છે. સમજાણું કાંઈ? નાની ઉંમરમાં વૈષ્ણવના ઓલામાં જાતાને.

જગતડા કહે છે રે ભગતડા કાલા છે.
પણ કાલા ન જાણશો રે પ્રભુને ત્યાં એ વ્હાલા છે.
જગતડા કહે છે કે ભગતડા ઘેલા છે.
પણ ઘેલા ન જાણશો રે આત્મામાં પહેલા છે.

મુમુક્ષુ :- થોડુંક ફેરવી નાખ્યું.

ઉત્તર :- એ પ્રભુમાં પહેલા એમ કહેતા. એ અમારે ત્યાં હતા ને. બહેન નથી. ત્યાં અમારા હતા એ લક્ષ્મીચંદ કાનજી. બધા દશાશ્રીમાળી સગાસંબંધી હોય ને. તો જાઈએ. વૈષ્ણવ ખરાને. જઈએ. ત્યાં એ ગાતા. મેં કીધું, આને ખબર નથી. તે દિ' આ ભગવાન ભગવાન કેવો બીજો વળી? પછી આમ કહેતા. પણ એ એમ નહિ. ભગતને અને પરમાત્માના વિરોધીઓ સંસારીને બેને અનાદિથી વેર ચાલ્યું જ આવે છે. ભગતની વાત અજ્ઞાનીને બેસે નહિ અને અજ્ઞાનીની વાત ભક્તને બેસે નહિ. આ પહેલામાં છે ને, જુઓ! પહેલા શ્લોકમાં છે, જુઓ!

સાર હિતકારી, અસાર હિતકારી. '**नमः समयसाराय**' છે ને. સારાય. હિતકારી સુખ જાણવું, અહિતકારી દુઃખ જાણવું. કારણ કે અજીવ પદાર્થ. પુદ્ગલ. પુદ્ગલમાં સર્વ આવ્યા હોં! બધું. કર્મ ને શરીર ને વાણી ને આમ ઔદારિક આમ હોય, શ્વાસ આમ હોય, સ્થિતિ આમ બંધાય, ઔદારિકમાં આમ થાય, ઢીકણામાં આમ થાય. એ પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ અને સંસારી જીવને સુખ પણ નથી અને જ્ઞાન પણ નથી. અજ્ઞાનીની વાત છે અહીં. સંસારી જીવ એને કહેવો છે. એને જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. '**અને તેનું સ્વરૂપ જાણતાં જાણનહાર જીવને પણ સુખ નથી, જ્ઞાન પણ નથી.**' પરના આવા પદાર્થને જાણનારને જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. એક શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા. સિદ્ધને જાણે તો સિદ્ધ સમાન હું છું એમ જાણે. શુદ્ધ ભગવાન આત્મા, એને જાણ્યે જે જ્ઞાન થયું તેને જ્ઞાન અને તેને આનંદ હોય છે. બાકી અજ્ઞાનીને જ્ઞાન અને આનંદ હોતો નથી. ક્યાં હવે પ્રત્યક્ષ સુખ રહ્યું? આ કહે છે, આ પૈસાવાળા સુખી છે ને. કહો,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગોદિકાજી! આ બધા સુખી કહે તમને માણસો. ત્રણ ત્રણ લાખના બંગલા મોટા, લ્યો આરસપહાણના. આરસપહાણને શું કહે? સંગેમરમર. લ્યો! છ લાખ. જોઈને આવ્યા હશો તમે. છ-છ લાખ મોટા બંગલા. ઓલા દસ-દસ લાખ આને મામાને ઘરે. ત્યાં. ગોવા. દસ-દસ લાખના બંગલા બે. આના મામાના દીકરા છે. ચાલીસ કરોડ રૂપિયા. શાંતિલાલ ખુશાલ, ગોવા. હેરાન.. હેરાન... હેરાન... દુઃખી... દુઃખી... દુઃખી. આહાહા..! આખો દિ' આમ કરે.. આ કર્યું.. આ કર્યું. હેરાન દુઃખીના દાળિયા બિચારા. દુનિયા મૂરખ એને સુખી કહે. રસિકભાઈ! દસ-દસ લાખના બંગલા.

ચક્રવર્તીને પાંચ મોટા દૈવી બંગલા હોય. દૈવી ચાર પાંચ હોય, મોટા. .. રહે, છન્નું હજાર રાણીઓ. એવી સ્થિતિ હોય ત્યાં વચમાં રહેતા હોય. છન્નુ હજાર રાણીના બારણા હોય એની પાસે આમ પડે. ઓલો એક વચમાં રહે. એ બંગલા પણ મોટા જબરા હોં! એ કાંઈ સાધારણ ન હોય. માઈલ, બે માઈલમાં એક એક બંગલો હોય. છ ખંડ છે. છન્નું હજાર સ્ત્રી. આ એક હોય. અહીંથી આવું.. અહીંથી આવું.. પૂછે. થોડુંક આમ જોવે તો સાંકળી... સાંકળી... સાંકળીને? શું આ ગયા હતા ને? તમે નહોતા. વડાલ જતાં, વડાલ વડાલ. જુનાગઢ જતા. વડાલના દરબારનું ગામ છે ને. દરબારનું ગામ. ત્યાં ઉતર્યા હતા. એ બંગલામાં ઉતર્યા હતા. એ બંગલો એવો છે કે .. અને વચમાં રાજા. બધા બારણા ખુલ્લા અને વચમાં બધાને મળી શકે એવી રીતે. જેને મળવું હોય એ ફટ બારણું ઉઘાડે. સાહ્યબી તે કેટલી! એવી ગોઠવણી કરેલી ને આમ કે પોતે બસ એમાં. સૌના પાછા નામ લખેલા હોય. આ રાણી.. .. હોળીઓ છે બધી. ત્યાં તે ક્યાં સુખ લટકતા હતા? ત્યાં સુખ છે? મૂઢ છો? સુખ તો અહીં છે. સંયોગમાં સુખ છે?

અહીં ઈ કહે છે કે સંયોગની પર્યાય તને સુખ આપે? સંયોગની પર્યાય તારી અવસ્થામાં ગરી જાય છે તે આપે? માટીમય ઘડાના કાર્યમાં કુંભારની પર્યાય ગરતી નથી માટે કુંભાર એનો કર્તા નથી. માટે તારી પર્યાયનો કર્તા, સુખની તેં કલ્પના કરી એનો કર્તા એ ચીજ નથી. એ ચીજને કારણે એ કલ્પનાનું કરવાપણું તને થયું નથી. તારા અજ્ઞાનને લઈને કલ્પના કરીને મને સુખ છે એમ તેં માન્યું છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! કેટલી વાત છે, જુઓ!

'**દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ થવાનો વસ્તુસ્થિતિથી જ નિષેધ છે;...**' વસ્તુ જ એવી છે. '**દ્રવ્યાંતરરૂપે (અર્થાત્ અન્યદ્રવ્યરૂપે) સંક્રપણ પામ્યા વિના અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય હોવાથી,...**' લ્યો! જ્યાં કોઈ પણ પદાર્થ અન્યની પર્યાયરૂપે પરિણમતી નથી, જાતી નથી, સંક્રમણ પામતી નથી. અવસ્થાંતર પોતાના કાળની દશાને છોડીને બીજી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વસ્તુમાં જાતી નથી. તો '**અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય હોવાથી,...**' એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાયને બદલાવવા, કાર્ય કરવા, કર્મ કરવા, અવસ્થા કરવા અશક્ય હોવાથી. ભગવાન પણ વાણીની પર્યાયને કરવા અશક્ય હોવાથી. એમ હશે? ભગવાન પણ એના જ્ઞાનની પર્યાયને છોડીને ભાષાની પર્યાયમાં સંક્રમે એમ નથી. લોકોને આમ લાગે કે એવું લાગે હાય.. હાય.. આ? બાપુ! વસ્તુસ્થિતિ જ એમ છે એમ કહે છે જુઓને! '**વસ્તુસ્થિતિથી જ નિષેધ છે;...**' પરથી થવું એ. આહાહા..! સમજાણું કાંઈ?

જેવી વસ્તુની સ્થિતિની હદ અને મર્યાદા છે એવો ખ્યાલ આવ્યા વિના સત્યનો સ્વીકાર નહિ થાય. અને જ્યાં સુધી તે ભ્રમણા અને અસત્ય રહેશે ત્યાં સુધી અંતર્મુખ દૃષ્ટિ થવાને શક્ય છે નહિ. એ તો બહિર્બુદ્ધિ, પરાશ્રયબુદ્ધિ થઈ. સમજાય છે? મારામાં વિકાર કર્મને લઈને થાય એ બુદ્ધિ પરાશ્રયબુદ્ધિ, ભ્રમબુદ્ધિ, મિથ્યાબુદ્ધિ છે. વસ્તુસ્થિતિથી જ એમ નિષેધ છે કે કર્મની પર્યાયને લઈને વિકારી પર્યાય થાય. એ વસ્તુસ્થિતિથી જ નિષેધ છે. કેમ કે આત્મા રાગાદિ પરિણતિના પર્યાયે પરિણમ્યો એ જીવમય પર્યાય છે. ભાઈ! અહીં તો બધું ભેગું લેવું છે ને અત્યારે? જીવ પોતે પોતાના દ્રવ્ય અને વિકારી પર્યાયમાં પરિણમતો તે જીવમય છે. એને કર્મની પર્યાય તેને અહીં બદલાવે અને કરે, બિલકુલ એમાં નથી. મોટો ગોટો કર્મનો છે જૈનના નામે અત્યારે.

મુમુક્ષુ :- જૈન નામધારીને.

ઉત્તર :- નામે નામે કીધું ને? આહાહા..! આ વસ્તુની સ્થિતિ જાણે નહિ અને એને સમ્યગ્દર્શન થાય? પરાશ્રય તો બુદ્ધિ છે હજી તો. મારી પર્યાય આનાથી થાય, એની પર્યાય મારાથી થાય એ તો બહિર્બુદ્ધિ છે હજી. બહિર્બુદ્ધિને અંતર બુદ્ધિ થવાનો અવકાશ જ ક્યાં છે? નિષેધ છે એને સમુળગો. સમજાણું કાંઈ? ભાઈ! આમાં તકરાર શેની? વાદ વિવાદ શેની? કે એકાંત થઈ જાય છે. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! સમ્યક્ એકાંત સત્ આમ જ છે. આનાથી થાય તો અનેકાંત કહેવાય. જીવમાં વિકારી પર્યાય જીવ પણ કરે કાં બે ભેગા થઈને કરે. થોડો ભાગ ઓલાનો, થોડોક આનો. ૫૦-૫૦ દોકડા. લ્યો, આ અમારે હતા ને તે દિ' નાથુલાલ શાસ્ત્રી. ઓલા કહેતા હતા, આ ના પાડતા હતા. રહેવા દેજો, પકડાઈ જશો. પેલા કહે, નહિ. ૫૦ દોકડા નિમિત્તના અને ૫૦ દોકડા ઉપાદાનના. આ કહે કે રહેવા દો. (સંવત) ૨૦૦૧ની સાલ. પંડિતજી! ૨૨ વર્ષ થયા. બહાર બેઠા હતા. અરે..! ભગવાન! શું કરે પણ આ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી બીજા. એ બીજા પ્રભુદાસ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીં તો જુઓ! એક આત્મામાં.. અત્યારે ઓલો ધર્માસ્તિકાયનો વિચાર આવ્યો વળી મગજમાં. આત્મામાં એક પ્રભુતા નામનો, પરમેશ્વર નામનો નિત્ય સંપૂર્ણ ગુણ છે. ભગવાન આત્મામાં નિત્ય સંપૂર્ણ પરમેશ્વર પ્રભુતા નામનો ગુણ છે. એ પ્રભુતા ગુણનો અખંડ પ્રતાપ અને સ્વતંત્રતાથી શોભાયમાન. સંપૂર્ણ સ્વતંત્રથી શોભાયમાન. અખંડ પ્રતાપ સંપૂર્ણ. હવે એ દ્રવ્ય ને ગુણમાં પોતાની પર્યાય જે વર્તે છે જ્યાં જ્યાં, ત્યાં ત્યાં તે પ્રભુત્વ ગુણની સ્વતંત્ર અખંડ પ્રતાપની સંપૂર્ણ ... છે એનાથી પરિણમતી સંપૂર્ણ સ્વતંત્રથી શોભાયમાન છે. એવા જીવને પરાધીન કહેવો, ધર્માસ્તિ નથી માટે સિદ્ધ ઉપર જાય એમ નથી એ વાત બરાબર છે એમ કહેવી, એ પોતાના સ્વતંત્ર સિદ્ધની દશાના પરમાત્મા પોતાનો પ્રભુત્વ ગુણ છે એની સ્વતંત્રતાના અખંડ પ્રતાપના ગુણનો નાશ કરવા જેવો છે. એથી તેના ગુણનો નાશ થાય અને દ્રવ્યનો નાશ થાય અને સામર્થ્યનો નાશ થાય છે. સિદ્ધને પણ કથંચિત્ સ્વતંત્ર અને કથંચિત્ પરતંત્ર. એ વસ્તુના સ્વરૂપમાં ત્રણ કાળમાં નથી. એનો ગુણ સ્વતંત્ર શોભાયમાન અખંડ પ્રતાપથી શોભે છે પૂર્ણ સ્વતંત્ર. પૂર્ણ સ્વતંત્ર. સમજાણું કાંઈ? આહાહા..! પણ ઓલું નિમિત્ત છે ને એની વાતું.

મુમુક્ષુ :- ... એકાંત મિથ્યાદૃષ્ટિ છે.

ઉત્તર :- એકાંત મિથ્યાદૃષ્ટિ એમ કીધું ને ઓલાએ. હમણા આવ્યું હતું રતનચંદજીનું. આત્મા અને સિદ્ધને એકાંત સદા સુખી કહેવા, સદા સુખી કહેવા એ એકાંત મિથ્યાત્વ છે. અરે..! ભગવાન! શું કહેવું છે તારે? શું કહેવું છે? અનેકાંત તો એમ થાય કે આમ સદા સંપૂર્ણ સુખી છે. અરે..! સદા સંપૂર્ણ સિદ્ધ સંપૂર્ણ સ્વતંત્ર અને પૂર્ણાનંદના કંદ છે. લે. એમાં જે કાંઈ વિપરીત કહે તો મહા મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાત પણ. ભાઈ! આ તો ધીરેથી જોવું જોઈએ. એમ વાદવિવાદને રસ્તે મેં પકડી છે માટે મારે એ સાચું કરવું એમ હોવું ન જોઈએ, એમ હોવું ન જોઈએ.

અહીં કહે છે, '**અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય હોવાથી, પોતાનાં દ્રવ્ય અને ગુણ-બન્નેને તે ઘડારૂપી કર્મમાં નહિ નાખતો...**' લ્યો! આહાહા..! એ કુંભારે એનું દ્રવ્ય મૂક્યું નથી, પણ પર્યાય મૂકી નથી. ગુણ એટલે વિશેષતા મૂકી નથી. એની વિશેષતા ત્યાં ગઈ નથી. એની વિશેષતા ત્યાં રહી છે. સામાન્ય અને સામાન્યનું વિશેષ, સામાન્ય અને વિશેષમાં રહ્યું છે. સામાન્ય અને સામાન્યનું વિશેષ કાંઈ પરના વિશેષમાં ગયું નથી. આહાહા..!

'**પોતાના દ્રવ્ય અને ગુણ બન્ને તે ઘડારૂપી કર્મમાં...**' ક્યું ઘડારૂપી કાર્ય? માટીમય ઘડારૂપી કાર્ય. માટીરૂપી ઘડારૂપી કાર્ય એમાં '**નહિ નાખતો એવો તે કુંભાર પરમાર્થે તેનો કર્તા પ્રતિભાસતો નથી;...**' આચાર્ય કહે છે, અમને તો કર્તા પ્રતિભાસતો નથી. વસ્તુનું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અસ્તિત્વ જ એવું છે કે ઘડાની પર્યાયમાં કુંભારની પર્યાયે કાંઈ કર્યું એમ અમને ભાસતું નથી. આહાહા..! ત્યારે કહે, એ તો પરમાર્થે કહ્યું છે. પણ વ્યવહારે તો બોલાય છે. સમજાય છે? એ તો બોલવાની રીત છે. વસ્તુસ્થિતિ એમ નથી. અજ્ઞાની બોલે મૂઢ જેવો. અનાદિરૂઢ વ્યવહાર. છે ને ૧૬૦માં. અનાદિરૂઢ વ્યવહાર છે. .. નિર્વિકલ્પથી ભ્રષ્ટ થયેલા કર્મની પર્યાયમાં નિમિત્ત છું એમ કહ્યું છે, નિર્વિકલ્પ ભ્રષ્ટ જીવોનો એ ઉપચાર છે. જ્ઞાનીને ઉપચાર એવો છે નહિ. શું થાય? આખો તત્ત્વજ્ઞાનની દૃષ્ટિનો વિષય જ આખો જાણે લોપ કરી દીધો હોય. એટલે જાણે આ બધું અમે કહીએ છીએ એ સાચું એમ માનીને બેઠા છે. પંડિતજી! .. છે ને. અમારે ત્યાં પંચ કલ્યાણકમાં પંડિતજી આવે છે. આહાહા..!

'**કુંભાર પરમાર્થે તેનો કર્તા પ્રતિભાસતો નથી;...**' કેમ કે ઘડાની પર્યાય માટીમયમાં કુંભારની રાગાદિ વિશેષ પર્યાય ત્યાં તેને કરતી નથી. કેમ કે ત્યાં જતી નથી, તેને પલટાવતી નથી, એમાં સંક્રમણ થતી નથી. માટે ઘડાની પર્યાયને માટીએ કરેલી એને કુંભારે કરેલી અમને દેખાતી નથી. ગોદિકાજી! વિશેષ વાત કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**કારતક વદ ૪, ગુરુવાર તા. ૧-૧૨-૧૯૬૬**
**ગાથા-૧૦૪-૧૦૫, પ્રવચન-૨૦૪**

કર્તાકર્મ અધિકાર છે. ૧૦૪ ગાથા છે. દૃષ્ટાંત આવ્યો છે, જુઓ!

'**કુંભાર પરમાર્થે તેનો કર્તા પ્રતિભાસતો નથી;...**' ત્યાં સુધી આવ્યું છે. આ તો મહાસિદ્ધાંતો છે આ. વસ્તુનો સ્વભાવ. જેમ કહ્યું ને? કે માટીમય ઘડારૂપી કાર્ય, માટીમય ઘડારૂપી કાર્ય કે જે માટીમાં દ્રવ્યરૂપે અને પર્યાયરૂપે વર્તી રહ્યું છે. માટીરૂપી દ્રવ્યમાં અને એની વિશેષ ગુણ અવસ્થામાં એ કર્મ વર્તી રહ્યું છે. પોતાની શક્તિથી વર્તી રહ્યું છે. પાછો એમ શબ્દ છે. એમાં કુંભારે પોતાનું દ્રવ્ય નાખ્યું નથી, તેની વિશેષ અવસ્થા પણ મૂકી નથી. જેથી કરીને અવસ્થા ત્યાં સંક્રમીને બીજાનું કામ કરે એમ કોઈ દિ' બનતું નથી. તેથી કહે છે કે કુંભાર પોતાના દ્રવ્ય અને ગુણને ઘડારૂપી કર્મમાં નહિ નાખતો. ઓહો..! આવી સ્પષ્ટ વાત છે, લ્યો. છતાં કહે, નહિ. કુંભાર વિના ઘડો થાય નહિ. એ તો નિમિત્તપણું સિદ્ધ કરવું હોય ત્યારે. બાકી તો નિશ્ચયથી વસ્તુ સ્વતઃસિદ્ધ કરવી છે એ તો પોતાનું માટીમય કર્મ ઘડાનું કાર્ય તો માટીએ કરેલું છે. કુંભારને લઈને બિલકુલ ઘડાનું કાર્ય થયું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરમાર્થે તો છે ને?

ઉત્તર :- પરમાર્થ એટલે ખરેખર એટલે યથાર્થ એટલે વાસ્તવિક એટલે સત્ય.

મુમુક્ષુ :- કાલે આપે પરમાર્થ કાઢ્યો હતો.

ઉત્તર :- કહ્યો હતો ને પરમાર્થ.

હવે આપણે સિદ્ધાંતમાં જરી લઈએ, જુઓ! '**તેવી રીતે-પુદ્ગલમય જ્ઞાનાવરણાદિ કર્મ...**' છે મફાભાઈ! છે એમાં? બતાવો એય. વચમાં. જેમ ઘડાની વાત કરી એમ પુદ્ગલમય. જેમ ઓલું માટીમય હતું, આ પુદ્ગલમય. હવે ત્યાં જ્ઞાનાવરણાદિ કર્મ. ત્યાં ઘડારૂપી કર્મ હતું. અહીં શું કહે છે? એક મતિજ્ઞાનાવરણીની પર્યાય જે છે, થાય એ પુદ્ગલમય... મતિજ્ઞાનાવરણીની પર્યાય, મતિજ્ઞાનાવરણીની પર્યાય પુદ્ગલમય મતિજ્ઞાનાવરણીરૂપી પર્યાય કર્મની હોં! કે જે પુદ્ગલ દ્રવ્યમાં કે જે પુદ્ગલના દ્રવ્યમાં અને ગુણમાં એ મતિજ્ઞાનાવરણાદિ જે પર્યાય થઈ જડની, એ એના વિશેષમાં નિજ રસથી જ વર્તે છે. નિજ શક્તિથી એ પરમાણુ.. અહીં મતિજ્ઞાન હીણું થયું માટે મતિજ્ઞાનાવરણી બંધાણું એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? મતિજ્ઞાન હીણું થયું તોપણ તે આત્મા, આત્મમય એવું જ્ઞાનરૂપી પર્યાય એવું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એનું કર્મ-હીણી પર્યાય. એ હીણી પર્યાયરૂપી કાર્ય એ આત્મદ્રવ્યમાં અને એની વિશેષ પર્યાયમાં નિજ રસથી હીણી પર્યાયરૂપ પર્યાય વર્તે છે. સમજાય છે કાંઈ? એ કર્મના જ્ઞાનાવરણીના ઉદય, મતિજ્ઞાનાવરણીના ઉદયને લઈને આ જ્ઞાનાવરણીની હીણી પર્યાય થતી નથી એમ કહે છે. એય..! ઓછા-વત્તાપણું દેખાય છે ને બુદ્ધિમાં? નહિતર તો એકરૂપ દશા રહેવી જોઈએ જ્ઞાનીની. કર્મ ન હોય તો. એમ નથી.

અહીં તો કહે છે કે એ મતિજ્ઞાનાવરણીનો પુદ્‌ગલમય જે આવરણનો પર્યાય કે જે પુદ્‌ગલ દ્રવ્યમાં અને પુદ્‌ગલની વિશેષ અવસ્થામાં નિજ શક્તિથી વર્તે છે. તેમ આત્મા, આત્માને જ્ઞાનાવરણીની પર્યાય મંદ જે પર્યાય થઈ એમાં આત્મા પોતે તેના મંદમાં વર્તે છે. એ અવસ્થા ત્યાં મતિજ્ઞાનાવરણીને બાંધે છે એમ નથી. કારણ કે આ પર્યાય ત્યાં મુકાતી નથી અને એ જ્ઞાનાવરણીનો જે પર્યાય બંધાય તે પર્યાય અહીં હિણી પર્યાયમાં આવતો નથી કે હિણી પર્યાય એ કરે. સમજાણું કાંઈ? આ કર્મનો મોટો વાંધો. એને માટે કર્મનું બહુ સ્પષ્ટીકરણ કર્યું છે આચાર્યે. એમાં તો કર્મની વિશેષતા છે ને બીજામાં ઈશ્વરની વિશેષતા છે. અહીં તો દરેક પદાર્થની વિશેષતા તેના પદાર્થને લઈને છે. પરને લઈને અહીં નથી અને અહીંને લઈને (પરમાં નથી). કાર્ય સિદ્ધ કરવું છે ને. કહો, સમજાણું કાંઈ?

**'જ્ઞાનાવરણાદિ કર્મ કે જે પુદ્‌ગલદ્રવ્યમાં અને પુદ્‌ગલના ગુણમાં નિજ રસથી જ વર્તે છે તેમાં આત્મા પોતાના દ્રવ્યને કે...'** પર્યાય જે હિણી થઈ તેને, **'ખરેખર નાખતો-મૂકતો-ભેળવતો નથી...'** સમજાણું કાંઈ? અહીં આમથી લેવું છે ને. કર્મમાં આત્મા કરતો નથી એમ સિદ્ધ કરવું છે. એમ સિદ્ધ કરવું છે. નહિતર આમ સિદ્ધ કરે તો એમ છે કે કર્મનો ઉદય, એનો જે પર્યાય પુદ્‌ગલમય તેનું કાર્ય. તે આત્માની જ્ઞાનની યોગ્યતાની હિણી દશાના અવસ્થાને કાંઈ કરતું નથી. બહુ આ તો વાંધો ઉઠે એવું છે.

કર્મની વાત શાસ્ત્રમાં આવે, જ્યાં-ત્યાં ગોમ્મટસારમાં આવે. સંજ્વલનનો તીવ્ર ઉદય હોય તો છઠ્ઠે ગુણસ્થાને વિશેષ પ્રમાદ થાય, મંદ ઉદય હોય તો સાતમું ગુણસ્થાન થાય. જ્ઞાન.. શું કહેવાય એ? જ્ઞાનદર્પણ. ભાઈએ કર્યું, દીપચંદજીએ. એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. એમ લખ્યું છે ત્યાં. સંજ્વલનના તીવ્ર ઉદયને લઈને પ્રમત્તદશા છઠ્ઠે અને સંજ્વલનના જડની મંદ ઉદયને લઈને સાતમું (એમ માનનાર) મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. એ પર્યાયની સ્વતંત્રતાના કાર્યને જાણતો નથી. બહુ આકરું. સમજાણું? એ લીધી છે વાત જ્ઞાનદર્પણમાં. એ આ વસ્તુ સમજાવવા. દીપચંદજીએ તો ઘણું સ્પષ્ટ કર્યું ભાઈએ.

અહીં એ જ કહે છે કે જ્ઞાનાવરણી, એનો પોતાનો પર્યાય પુદ્‌ગલમય હોવાથી, તેના પુદ્‌ગલમાં વર્તતું તેનું દ્રવ્ય અને તેના વિશેષમાં તે વર્તી રહ્યું છે. તેમાં આત્મા પોતે તેને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શું કરે? મતિજ્ઞાનાવરણીને શી રીતે બાંધે? શ્રુતજ્ઞાનાવરણીને શી રીતે બાંધે? શ્રુતજ્ઞાનની હિણી દશારૂપે પરિણમ્યો તો જ્ઞાનાવરણી શ્રુત બંધાણું એ કહે છે કે આત્મા એને કેમ બાંધે? સમજાણું કાંઈ?

કેવળજ્ઞાનાવરણી સમયે સમયે બંધાય છે. જુઓ! સમજાણું કાંઈ? તો એ કેવળજ્ઞાનાવરણી છે, પુદ્‌ગલમય કેવળજ્ઞાનાવરણી આદિ પર્યાય કે જે પુદ્‌ગલ દ્રવ્યમાં અને પુદ્‌ગલના ગુણમાં એટલે વિશેષતામાં '**નિજ રસથી જ વર્તે છે તેમાં આત્મા પોતાના દ્રવ્યને કે...**' પોતાની વિશેષતાને હિણી અવસ્થા જ્ઞાનનો અભાવ વર્તે છે અહીં જીવમાં, એ પર્યાય એને કેવળજ્ઞાનાવરણીને બાંધે એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? એમ જીવે ચક્ષુ, અચક્ષુ, અવધિ આદિ બધું આવી ગયું આમાં. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ.

અહીં કોઈ કહે કે અત્યારે તો મનઃપર્યયજ્ઞાન, અવધિજ્ઞાન, કેવળજ્ઞાનનું આવરણ છે માટે ખુલતું નથી. પર્યાય ખીલતી નથી પંચમ આરામાં. એ વાત ખોટી છે એમ કહે છે. ધર્મચંદજી! કેમ કે કર્મ એની પર્યાયમાં વર્તતું એના દ્રવ્યની પર્યાયમાં તે વર્તે. આત્મા પોતાના દ્રવ્ય અને પર્યાયમાં વર્તે છે. એમાં આણે ત્યાં શું કર્યું અને એણે અહીં શું કર્યું? શશીભાઈ! ભારે પણ આ તો, ભાઈ! બહુ ફેરફાર લાગે માણસને. ગોમ્મટસાર વાંચ્યું હોય, નક્કી કર્યું હોય. એક જણો મારતો હતો થપાટ. .. છે .. ભાઈ! તમે આવું કરો છો. તમે ગોમ્મટસાર વાંચ્યું નથી. ગોમ્મટસારમાં છે કે ચારિત્રમોહનો ઉદય આવે એટલે ક્રોધ થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- લખ્યું તો છે.

ઉત્તર :- એમ લખ્યું નથી. એ કાળે પોતે જ આત્મા વિકારી પર્યાયને જીવમય વિકારી પર્યાય, એ જીવમય વિકારી પર્યાય છે ત્યારે. જીવમય વિકારી પર્યાય તેમાં પોતાનું દ્રવ્ય અને તેના વિશેષમાં તે પર્યાય નિજરસથી વર્તી રહી છે. એને ચારિત્રમોહના પરિણામ બિલકુલ કાંઈ કરતા નથી. કહો, બરાબર હશે?

મુમુક્ષુ :- નિમિત્તપણું...

ઉત્તર :- નિમિત્તપણું એમાં જ રહે છે. ઓલામાં નિમિત્તપણું ઉડી જાય છે. એને આનું કર્તા બનાવે તો નિમિત્તપણું રહેતું નથી. નિમિત્ત તો ત્યારે કહેવાય કે જે છે અને પરનું કામ કરતું નથી, તો એને નિમિત્ત કહેવાય. પરનું કામ કરે તો નિમિત્ત ક્યાં રહ્યું? એ તો પરમાં ગરી ગયું. એ માટે તો દાખલો સંક્રમણનો અહીં (આપ્યો છે). શું તમે કર્મ શીખ્યા છો કે નહિ? કર્મગ્રંથ વાંચ્યા છે કે નહિ તમે? આ શું લખે છે? ના પાડે છે અહીંયાં.

મુમુક્ષુ :- આચાર્યનો મતભેદ હશે.

ઉત્તર :- આચાર્યને મતભેદ હશે? સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ત્યાં તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. અને અહીંયાં નિમિત્ત દેખીને કોઈ એને લઈને અહીં કાર્ય માને અને આને લઈને ત્યાં બંધ થાય એમ માને તો એ ભૂલ છોડાવી છે. એ વાત એમ છે નહિ. આહાહા..! ભાઈ! આ તો મોટા મકાન કરે ને, કહો સમજાણું? બાંધકામ કરે, મોટા પાણી શું કહેવાય? પુલ બાંધે. એ બધા મફતમાં બાંધે છે? માણસ કરે તો થાય. લ્યો, કહે છે. કહો, સમજાણું?

હવે ઓલાએ તો દૃષ્ટાંત ત્યાં સુધી આપ્યો છે માણેકચંદજીએ તો. મોટો પુલ હોય. જુઓ! છાયાવાદ. એ કાલે પ્રશ્ન પૂછ્યો, ભાઈ! તમે આ છાયાવાદ ક્યાંથી કાઢ્યો? આરસપહાણ હોય ને આરસપહાણ? આરસપહાણ કહે છે ને? સંગેમરમર. એમાં પગ મૂકે તો પગની ગરમી આરસપહાણ ચૂસે છે અને આરસપહાણની ઠંડી પગ ચૂસે છે. એવું છાયાવાદ અષ્ટ સહસ્રીમાં પાને પાને ભર્યું છે, કહે છે લ્યો. એવો પત્ર આવ્યો હતો. મેં પૂછ્યું હતું હોં! પંડિતજીને પૂછ્યું હતું. અરે..! ભગવાન! શું કહે છે? સમજ્યાને?

અહીં તો કહે છે કે જે પર્યાય પગનો છે એ પગનો એક સમયનો એ રજકણ પોતાનું કાર્ય એમાં એ પરમાણુમય કાર્ય એમાં એ દ્રવ્ય અને પર્યાયમાં એ વર્તી રહ્યું છે. નીચે આરસપહાણનો રજકણ પણ છે એની જે પર્યાય ઠંડી એ ઠંડી અવસ્થામાં એનો પરમાણુ એના દ્રવ્ય અને ગુણમાં વર્તી રહ્યો છે. તો પગની ગરમી ચૂસે અને પગ ચૂસે ઠંડી એ વાત રહેતી નથી.

મુમુક્ષુ :- દેખાય છે ને.

ઉત્તર :- શું દેખાય છે? દેખાય છે શું પણ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પોતાની પર્યાય પોતાને થવાને લાયક છે માટે કરે છે. એ વખતે પરમાણુમય ઠંડી પર્યાયનું કર્મ તેમાં દ્રવ્યમાં એ પર્યાય એના દ્રવ્ય અને પર્યાયમાં નિજરસથી વર્તી રહી છે.

મુમુક્ષુ :- સિદ્ધાંત તો બરાબર છે.

ઉત્તર :- સિદ્ધાંત તો બરાબર ... કહો, કેમ હશે? ...ભાઈ! બહુ હુશિયારી એટલે કામ કરી શકતા હશે કે નહિ દુકાનનું? અહીં ના પાડે છે. કાકો પણ કરે નહિ અને ભત્રીજો પણ કરે નહિ, એમ કહે છે અહીં તો. આહાહા..! ભારે વાત, ભાઈ!

કહે છે કે એ કાપડનો વણકર છે ને વણકર જીવ? એ વણકરનો વિકલ્પ જે છે એમાં એનો આત્મા જીવમય છે એ વિકલ્પ, એમાં એ દ્રવ્ય અને પર્યાયમાં વર્તી રહ્યો છે. એણે કપડાની પર્યાયમાં નાખ્યું શું તે કપડાની પર્યાય વણકરે કરી? કહો, આરોપ છે. અહીં પોતાની પર્યાય થઈ છે ત્યાં એને આરોપ દેવામાં આવે છે. કાર્યકાળમાં ત્યાં કોણ નિમિત્ત છે એનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આરોપ (આપ્યો છે). એણે કર્યું નથી. સોનીએ ઘરેણા કર્યા. હમણાં આ પ્રશ્ન આવ્યો હતો લ્યો. સોનીએ.. આ પાઠમાં એવું છે ત્યાં. સોની વ્યવહારે દાગીનાને કરે છે અને વ્યવહારે તેના ફળને ભોગવે છે. તન્મય થતો નથી. કરે છે એવો પાઠ છે. સામે જોયું છે તમે? ક્યાં? સર્વવિશુદ્ધ અધિકારમાં. શું છે? સેટિકા જુઓ! પાઠ કાઢો. ત્યાં પાછા તમે વાંચનારાને ઓલા પકડશે. ક્યાં છે? સેટિકાને? કેટલામું આવ્યું એ? ઓલું સોની. સેટિકા નહિ. એના પહેલા. સેટિકા નહિ.

મુમુક્ષુ :- ૩૫૬ ગાથા છે.

ઉત્તર :- ૩૫૬. સેટિકામાં નહિ. શિલ્પીમાં શિલ્પી. શિલ્પીમાં બધા કારીગર લેવા છે. બધા કારીગર, હોં! જુઓ **'जह सिप्पिओ'** ૩૪૯થી. જુઓ! પાઠમાં એમ છે.

**'ટીકા :- જેવી રીતે શિલ્પી (-સોની આદિ કારીગર)...'** હોં! બધા લેવા. **'કુંડળ આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક (-પરદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે...'** જુઓ ભાષા. અહીં ના પાડે છે. ત્યાં કરે છે એમ કીધું. ૩૪૯ ગાથાની ટીકા. ૩૪૯ થી ૩૫૫. સમજ્યાને? આમાં ૫૧૩ છે નવા પુસ્તક સમયસારમાં. શિલ્પી શબ્દે કારીગરો. કારીગર સોની, કુંભાર, સુતાર જે તમારે શું કહેવાય? સમજ્યાને? બાયું. આ બધા દાગીનાને કરે ને? આ શું કહેવાય? આ મોતી ભરે. વકીલ, ડોક્ટર. એય..! ડોક્ટર! આ મોતીના પાકના વેચનારા. ખીમચંદભાઈને નાખો ને. એ ભલે અહીં બેઠા પણ એના .. ઓલા બધા કરે છે કે નહિ. હા પાડે છે. આ કરતા હતા ને ઈજનેરપણું કામ બધું. મોટા મકાનના મકાન બાંધ્યા મોટા દસ દસ લાખના. એમ કહે છે, દસ લાખના. પણ ઓલાને શોખ બહુ હતો. પણ મરી ગયા બિચારા હોં! કાંઈ કર્યા વિના. ગયા અને સાથે ન લીધું કાંઈ. કરે અને તન્મય થયો હોય તો સાથે લઈ જાય.

મુમુક્ષુ :- એ દુઃખી થઈને...

ઉત્તર :- એ તો દુઃખી.. આ તો કાંઈ કરતો નથી. શિલ્પી નામ કારીગર. કારીગરના જેટલા કારીગરો ગણાય એટલા બધા. ફોટોગ્રાફી લ્યો. એ કારીગર છે કે નહિ? ફોટોગ્રાફી એ ફોટાને કરે છે. **'હથોડા આદિ કરણો વડે કરે છે...'** આમ સાધન હોય ને આમ કરે ને આમ કરે. પણ એમાં તન્મય થતો નથી. એટલે કરતો નથી.

મુમુક્ષુ :- કરે છે અને કરતો નથી?

ઉત્તર :- કરે છે એને કરતો નથી એમ અહીં કહેવું છે. કરે છે એમ વ્યવહારનયથી ભાષા કહેવાય છે. કહો, ફોટોગ્રાફ આમ.. એ ધ્યાન રાખજો. શું કહેવાય? એ શબ્દ કાંઈક કહે છે. રેડી. એ ક્રિયા... ખરેખર તો ત્યાંના પરમાણુની અહીં પર્યાય આવે છે આ ફોટામાં? ત્યાંના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરમાણુની અહીં પર્યાય આવે છે ફોટામાં? તો તો લાખ ફોટા પાડે તો તો ઓલો દુબળો થઈ જાય, મરી જાય, જીર્ણ થઈ જાય, ક્ષય થઈ જાય. એમ નથી. અહીં રજકણો પોતાને કારણે પોતાના પર્યાયરૂપી કર્મમાં પ્રવર્તતા દ્રવ્ય અને વિશેષમાં એ પોતે ફોટો પડી જાય છે. એને કારણે નહિ, ફોટોગ્રાફને કારણે નહિ. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- કેમેરાને લઈને?

ઉત્તર :- કેમેરાને લઈને નહિ. કેમેરો જુદો ઈ જુદું. એને લઈને શું છે અહીં? અહીં જુઓ! શિલ્પી શબ્દમાં બધા કારીગરો. લ્યો, બધા કારીગરો (લઈ લીધા). તારી પર્યાયમાં તું કર. પણ પરની પર્યાય તું કર (એમ ત્રણ કાળમાં નથી). કેમ કે પરપદાર્થ પુદ્ગલમય, એમાં વર્તતું કાર્ય તે પુદ્ગલદ્રવ્યનું પોતાનું કાર્ય છે. એને એમાં સોની કાંઈ મૂકતો નથી પર્યાયને રાગને કે જે પરને કરે. કહો, સમજાણું કાંઈ? આ ઘડિયાળને, જુઓને! કેવા સંચા ઝીણા ઝીણા હોય છે? ઘડિયાળના બહુ ઝીણા સંચા (હોય).

દરેકમાં તે તે પરમાણુ પુદ્ગલમય પોતાના પર્યાયને કરતું તે પોતાના દ્રવ્ય અને વિશેષ ગુણમાં વર્તતું તે કર્મ નિજશક્તિથી કરે છે. આહાહા..! એક એક પરમાણુ પોતાના બે ગુણથી ચાર ગુણપણે જ્યારે પરિણમે છે ત્યારે તે પોતે પુદ્ગલ પરમાણુમય પોતે દ્રવ્યમાં અને તેની પર્યાયમાં નિજરસથી ચાર ગુણની પર્યાયરૂપી કાર્ય તે પરમાણુ કરે છે. શાસ્ત્રમાં એમ આવે, ચાર ગુણવાળો પરિણમાવે છે. લ્યો! બે ગુણ પરિણમવાને યોગ્ય છે અને ચાર ગુણવાળો પરિણમાવે. એનો અર્થ આ. નિમિત્ત ત્યાં હતું એવું એને જ્ઞાન કરાવ્યું. નિમિત્ત એને પરિણમાવે છે એ ત્રણ કાળમાં બનતું નથી. કહો, સમજાણું? શિલ્પીમાં બધું લેવું, હોં! ઓલા કહે, નહિ. કરે ખરા. પણ શું કરે? અહીં ના પાડે છે ને કરે? કુંભાર ઘડો કરતો જ નથી. કારીગર વણકર કપડાને વણતો જ નથી. વકીલ પોતે દલીલની વાણી કરી શકતો જ નથી.

મુમુક્ષુ :- માંદો હોય ત્યારે ને?

ઉત્તર :- ત્યાં જતા હતા ને ત્યાં ઓલા પહેરીને રામજીભાઈ આમ... એ વકીલનો આત્મા એ ભાષાની પર્યાયમાં પેઠો નથી માટે કરી શકતો નથી. કહો, સમજાણું કાંઈ? આ ભેદજ્ઞાન છે. પ્રત્યેક પદાર્થ પોતપોતાની પર્યાયે પરિણમતું સ્વતંત્ર તેમાં કાર્ય કરી રહ્યું છે. આહાહા..! એવી દૃષ્ટિ થતાં, પરની સાથેની એક્તાનો અધ્યાસ ટળતા, પછી રાગનો એકપણાનો અધ્યાસ ટળતા, સ્વભાવ સાથે એક્તા થાય તેને આત્મજ્ઞાન અને દર્શન કહેવાય. કહો, સમજાણું કાંઈ? હજી તો અહીં જ્યાં હોય ત્યાં આ કરું ને આ કરું ને આ કરું. ઊંડે ઊંડે આમ વાંચે, બોલે પણ અંદરમાં મેં આને કર્યા.

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- હા. એ સાચી વાત.

એક કાઠી હતો કાઠી. દાખલો છે. કાઠી સમજો છો? કાઠી એટલે ગરાસિયા. જમીનદાર. સાધારણ બિચારા કાઠી હતા. એ પછી નીકળ્યા ઘોડા લેવા. ઘોડા. ઘોડાના બચ્ચા બે લેવા. સારા. ગયા ક્યાંક ગયા. એક જણાએ.. ઈંડા આવડા મોટા. હતા તો કોળા. કોળા સમજો છો ને? કોળા નથી હોતા? આવડા મોટા કોળા-કદુ. બે આપ્યા ઓલાને કે લ્યો, આ ઘોડાના ઈંડા છે. પાંચસો-પાંચસો રૂપિયા લાવો. ઘોડાના ઈંડા. હવે ઘોડાને ઈંડા હોય નહિ એની એને ભાન ન મળે. બે આપ્યા હોં! બે આવડા આવડા. ખુશી થઈ ગયો. આહાહા..! આપો. કાઠીને આપા કહે છે. આપો એટલે આત્મા. કાઠીને આપા કહે. આપા! શું લઈ આવ્યા? બે ઘોડાના ઈંડા પાંચસો-પાંચસો રૂપિયાના. પછી એમ જતાં વાર લાગેને બાર ગાઉ, પંદર ગાઉ. એક .. નથી થાતી? નદીમાં .. આવડા આવડા ઝાડ થાય. લીલા ઝાડ. એમાં સસલા બહુ રહે. સસલા. નાના આવડા આવડા. ખરગોશ.

એમાં એક ઝાડ હશે ત્યાં ટીંગાઈને બેઠા ઓલા. બે ઈંડા રાખેલા. ઈંડા હતા તો કોળા. ઘોડાના ઈંડા રાખેલા. પાંચસો-પાંચસોના. આહાહા..! વખાણ કરે. આ તો ઘોડો થાશે પાંચ હજાર રૂપિયાનો એક એક થાશે. એમાં ઓલો દોરો કાંઈક તૂટી ગયો ત્યાં અને પડ્યું. પડ્યા ભેગું ..માં બે સસલા હતા. ભાગ્યા. સસલા ભાગ્યા ઓલું ફૂટ્યું ત્યાં. એય..! એ ફાટ્યા ઈંડા ફૂટ્યા ઘોડા થયા. આહાહા..! ઘરે આવીને કહે છે કે પણ ઘોડાના ઈંડા હતા અને એ ફાટ્યું ત્યાં તો ભાગ્યા. એટલી તો એમાં તાકાત. પણ આપા! ઘોડાને ઈંડા ન હોય. પણ નજરે દીઠા છે ને. ન હોય શું? નજરે દીઠા. આમ બેઠા હતા ને ખાતા હતા ને ભાગ્યા. ઓલું તૂટ્યું ફટ ભાગ્યા બે આવડા. ઓલા બે બરાબર સસલા અને બે અહીં તૂટ્યા. ખરગોશ નાના હોય ને. એકદમ ભાગ્યા. આહાહા..! શું પણ વછેરા થાત ને. વછેરા પાંચ પાંચ હજારના થાત હોં! બાપુ! અમે તો બહુ ખાટ્યા હતા પણ નસીબ નહિ આપણા. પણ એને ન હોય. પણ નજરે દેખ્યા છે ને ન હોય? પ્રત્યક્ષ જોઈને આવ્યા છીએ કે ઘોડા વછેરા સરસ પાક્યા. હવે એને શું કહેવું? એમ આ પ્રત્યક્ષ આ કરે છે એમ કહે છે માણસ.

મુમુક્ષુ :- એ આપા જેવા છે.

ઉત્તર :- એ આપા જેવા છે. પણ પ્રત્યક્ષ દેખીએ છીએ ને. આણે આ કર્યું. તમે પ્રત્યક્ષ દેખાય ને ના પાડો છો? પણ પ્રત્યક્ષ કેવું? ઘોડાના ઈંડા જેવું છે તારું પ્રત્યક્ષ. સમજાણું કાંઈ?

અહીં તો આચાર્ય એક એક કર્મની ભિન્ન ભિન્ન પ્રકૃતિનું વર્ણન સામાન્યપણે કરી રહ્યા છે. ભાઈ! કહે છે, એમ વેદનીય, એમ દર્શનાવરણીય, એમ અંતરાય … **'જે પુદ્‌ગલદ્રવ્યમાં**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**અને પુદ્‌ગલના ગુણમાં નિજ રસથી જ વર્તે છે તેમાં આત્મા પોતાના દ્રવ્યને કે પોતાના ગુણને (પોતાની દશાને) ખરેખર નાખતો-મૂકતો-ભેળવતો નથી...**' .. એનો શબ્દ છે. '**કારણ કે (કોઈ વસ્તુનું) દ્રવ્યાંતર...**' એટલે અનેરા દ્રવ્યપણે '**કે ગુણાંતરરૂપે...**' એટલે અનેરી અવસ્થાપણે બદલવું થવું તે અશક્ય છે. અશક્ય નામ બનતું નથી. આહાહા..! અભિમાન ટળી જાય એને. જ્યાં ત્યાં અમે કર્યા.. અમે કર્યા.. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' જ્યાં ત્યાં. ઝવેરી-બવેરી હુશિયાર હોય દુકાનના કામ તો સારા કરતા હશે કે નહિ? બાબુભાઈ! તો દુકાને શું કરવા માણસને બેસાડતા હશે? એય..! રતિભાઈ! શું છે તમારે કાગળનું? ધૂળમાં કોઈ બુક છપાવતું નથી એમ કહે છે અહીં તો. બુક વહેંચી શકતો નથી. એ જડની પર્યાય ત્યારે પોતાની ક્રિયાંતર થવાના કાળે તેના પર્યાયમાં વર્તતું તે દ્રવ્ય પર્યાયમાં વર્તતું તે કાર્ય થાય છે. કહો, સમજાણું કાંઈ? આકાશ કેમ ફરતું નથી? આકાશમાં ક્ષેત્રાંતર થવાનો ગુણ પર્યાય નથી. રજકણ અને આત્મા ક્ષેત્રાંતર થાય તે તે પ્રકારની પર્યાયમાં વર્તતું તે ક્ષેત્રાંતરની ક્રિયાને કરે છે. આહાહા..!

મુમુક્ષુ :- આકાશનું કેમ કોઈ કરતા નથી?

ઉત્તર :- નથી. એમાં એનો ગુણ નથી તો શું કરે? જેનામાં ગુણ હોય એ પોતે પોતાથી કરે. એનો અર્થ એ છે. આકાશમાં ક્ષેત્રાંતર થવાનો ગુણ છે? જડ અને જીવમાં પર્યાય ધર્મ છે હોં! પર્યાય ધર્મ. પર્યાય ધર્મ છે. પર્યાય ધર્મ સ્વતંત્ર છે. પરને લઈને નહિ. જીવ અહીંયાંથી સ્વર્ગમાં જાય તો ત્યાં કર્મની પર્યાયને લઈને ક્ષેત્રાંતર થાય છે એમ અહીં ના પાડે છે.

મુમુક્ષુ :- બીજા શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :- બીજા શાસ્ત્રમાં નિમિત્તની વાત કરી છે એ તો. ટૂંકું કહેવા. લાંબી વાત કરે કાંઈ? કહો, સમજાણું કાંઈ? આનુપૂર્વી પ્રકૃતિ અને એને લઈને આમ થાય, ઢીંકણાને લઈને આમ થાય, આમથી આમ થાય. કહો. આયુષ્ય પ્રકૃતિ. ચાર અનુપૂર્વી, એ પુદ્‌ગલવિપાકી, જીવવિપાકી. લ્યો ચાર. હવે આટલું આટલું પુદ્‌ગલ વિપાકી પ્રકૃતિ શાસ્ત્રમાં કીધી છે ઈ ખોટી કીધી છે? એક જણો એમ કહેતો હતો. બીજો કહે, જીવવિપાકી પ્રકૃતિ કીધી છે લ્યો. શાસ્ત્રમાં જીવવિપાકી પ્રકૃતિ કીધી છે. ચાર ભેદ શું કરવા પાડ્યા? માટે જીવના પ્રકૃતિનો જ્યારે ઓલો ઉદય આવે ગતિનો તો અહીં જીવની પર્યાયમાં જીવવિપાકી ગતિ પર્યાય છે. એને લઈને થાય. ગતિ નામકર્મના ઉદયથી અહીં જીવ પર્યાયમાં ગતિ થાય. એમ ન થાય એમ કહે છે અહીં. સમજાય છે કાંઈ? અને ગતિને યોગ્ય જે પરિણામ કર્યા જીવે એમાં તે પર પરિણામમાં એ દ્રવ્ય વર્ત્યો. પણ ગતિ નામકર્મનો પર્યાય એને કારણે વર્ત્યો અને આત્માએ કાંઈ નાખ્યું નથી. અને ગતિ નામના ઉદયે કર્મ ને આત્માની ગતિ થતાં એમાં કાંઈ આપ્યું નથી કે જેથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીં ગતિ કરાવે.

એ પ્રશ્ન બહુ ચાલ્યો હતો. શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી છે. એને કાંઈ નરકમાં જાવું હોય? એ તો કર્મને લઈને જાય છે. પરમાત્મપ્રકાશમાં કહ્યું છે. એ દાખલો બહુ આવે છે વારંવાર. જીવને પાંગળો કહ્યો છે. એમ આપ્યું છે એણે. આપ્યું છે ને. જીવને પાંગળો કહ્યો છે ત્યાં. પરમાત્મપ્રકાશના મૂળ શ્લોકમાં. કર્મ જ્યાં લઈ જાય ત્યાં લઈ જાય. એ બીજી વાત કીધી છે. એ તો જ્ઞાનસ્વરૂપ છે, આનંદમૂર્તિ પોતામાં રહેનારો એનો સ્વભાવ છે. ગતિ થવી અને એની યોગ્યતાએ બધું પરમાં નાખીને કર્મ કરાવે એમ કહેવામાં આવે છે. એમ કહ્યું છે. કહો, સમજાણું કાંઈ? પાંગળાનો દાખલો બહુ આપે છે જ્યાં હોય ત્યાં. પાંગળો છે.

એ તો અહીં પહેલામાં ન આવ્યું? વર્ણાદિ.. પહેલા શ્લોકમાં આવ્યું. પંડિતજી! જીવતત્ત્વના અધિકારમાં. આવે છે. વર્ણાદિ માનો પુદ્‌ગલ નાચો તો નાચો. અમારે શું છે? સીધી વાત છે. ત્યાં તો પર્યાયની યોગ્યતા વિકારની અને પરને બેને એક સમયનું એક ગણીને સ્વભાવમાં નથી એમ કરીને નિષેધ કર્યું. પણ અહીં પર્યાયમાં પોતે વર્તે એ સાબિત કર્યા પછી ઓલી વાત છે. સમજાણું કાંઈ?

દરેક દ્રવ્ય પોતાની પર્યાયમાં સમયે સમયે અનાદિ અનંત, અનાદિ અનંત જે દ્રવ્ય તે પોતાની પર્યાયમાં વર્તતું તે કાર્યરૂપ કાર્ય એને કરનારું એ છે. બીજું કાંઈ એમાં મૂકતું નથી. માટે કાંઈ થાતું નથી. આહાહા..!

**'દ્રવ્યાંતરરૂપે સંક્રમણ પામ્યા વિના...'** સામાન્ય વાત કરી પાછી. ઓલા બે બોલ મૂક્યા હતાને પહેલા? દ્રવ્ય અને ગુણના. હવે **'દ્રવ્યાંતરરૂપે સંક્રમણ પામ્યા વિના...'** એનો અર્થ બેય લઈ લેવો કે દ્રવ્યાંતર એટલે અનેરા દ્રવ્યપણે અને અનેરા ગુણપણે સંક્રમણ પામ્યા વિના. પહેલા બે બોલ લીધા હતા, ભાઈ! એને સંકેલી નાખ્યું પાછું ટૂંકું કર્યું. અનેરા દ્રવ્ય અને અનેરી પર્યાયપણે કોઈ દ્રવ્ય સંક્રમતું નથી. એના વિના અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય હોવાથી બીજી ચીજને બદલાવવું થઈ શકતું નથી.

**'પોતાનાં દ્રવ્ય અને ગુણ-બન્નેને...'** દેખો! ફરીને વિસ્તાર કર્યો પાછો. **'પોતાના દ્રવ્ય અને ગુણ બન્નેને તે જ્ઞાનાવરણાદિ કર્મમાં નહિ નાખતો...'** આત્મા. પોતાના જીવની પર્યાયને અને દ્રવ્યને એ કર્મની પર્યાયમાં નહિ નાખતો **'એવો તે આત્મા પરમાર્થે તેનો કર્તા કેમ હોઈ શકે?'** એનો કર્તા છે નહિ. **'(કદી ન હોઈ શકે.)'** આહાહા..! ક્યાં ઓલો ઈશ્વર કર્તા જગતનો. અહીં કહે છે તારો પર્યાય રાગ થાય એ પણ કર્મની પર્યાયને કરે જ નહિ. ભાઈ! એની પર્યાય એ (કરે). આવું સ્વતંત્ર અકૃત્રિમ અનાદિ અનંત પદાર્થ તો દ્રવ્યે અકૃત્રિમ, પરથી નહિ, દ્રવ્યે, ગુણે અને પર્યાયે પરથી કૃત્રિમ નહિ, પોતાથી થયેલું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. સમજાણું કાંઈ? આ માને તો આ પરે મને હેરાન કર્યા, પરે મને સુખી કર્યા, હું બીજાને હેરાન કરી દઉં, હું બીજાને સુખી કરી દઉં એ બધું ખોટું અજ્ઞાન અભિમાન એનું ઉડી જાય. આહાહા..! **'માટે ખરેખર આત્મા પુદ્ગલકર્મનો અકર્તા ઠર્યો.'** લ્યો! કર્મ આત્મા બાંધે નહિ અને કર્મ આત્મા ભોગવે નહિ એમ કહે છે. એ બીજી ગાથામાં આવી ગયું છે. સમજાય છે? જે સમયે તે કરે છે તે સમયે તે હરખ-શોકને તે જ ભોગવે છે. ભાવ્ય અને કર્મ, બે કર્તાકર્મ એનું અને ભાવ્યભાવક પણ એનું છે. પરની સાથે સંબંધ છે નહિ.

**'માટે આ સિવાય બીજો-એટલે કે આત્માને પુદ્ગલકર્મોનો કર્તા કહેવો તે-ઉપચાર છે,...'** હવે ઉપચારની વ્યાખ્યા કરે છે. ઓલા કહે, પણ ઉપચાર છે ને. સાંભળને! એ ઉપચાર કોને છે? અજ્ઞાની એમ માને છે માટે તેનો વ્યવહાર કહેવામાં આવે છે. જ્ઞાનીને ઉપચાર છે જ નહિ. આહાહા..! જ્ઞાનીને તો.. એ વાત પહેલી આવી ગઈ છે. ધર્મી તો પોતાના જ્ઞાનસ્વરૂપનો સ્વામી સહજાત્મસ્વરૂપનો ધણી હોવાથી તેને કંઈ રાગ થાય તે રાગનું જ્ઞાન થાય છે. રાગમાં પોતે નિમિત્ત થતો નથી. પણ પોતાના સ્વપર જ્ઞાનમાં રાગ નિમિત્ત (થાય છે). તેમ બંધનમાં પોતે નિમિત્ત થતો નથી. બંધન એને નથી. બંધનપર્યાય તેના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? એ કહે છે, જુઓ!

**जीवम्हि हेदुभूदे बंधस्स दु पस्सिदूण परिणामं।**
**जीवेण कदं कम्मं भण्णदि उवयारमेत्तेण।।१०५।।**
**જીવ હેતુભૂત થતાં અરે! પરિણામ દેખી બંધનું,**
**ઉપચારમાત્ર કથાય કે આ કર્મ આત્માએ કર્યું. ૧૦૫.**

આહાહા..! જુઓ ભાષા. અજ્ઞાનીની વાત લેશે.

**'ટીકા :-...'** મહા અમૂલ રત્નો છે એક એક ગાથામાં. **'આ લોકમાં...'** આ સિદ્ધ કરે છે. **'આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ,...'** જુઓ! ભગવાન આત્મા તો એનો સ્વભાવ એવો છે કે બંધન થાય તેને નિમિત્ત ન થાય એવો એનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? વસ્તુ સ્વભાવ જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્યભાવ એ સ્વભાવ એવો છે, તેને પૌદ્ગલિક કર્મ જે રજકણો ઉપાદાનથી બંધાય તેને નિમિત્તભૂત ન હો એવો જીવનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

જીવનો સ્વભાવ ભગવાન આત્મા એમ જે જ્ઞાનીએ દૃષ્ટિમાં લીધો, એનો સ્વભાવ પણ એવો છે કે નવા કર્મને નિમિત્ત થાય એવો એનો સ્વભાવ નથી. જ્ઞાનીને સ્વપરના આત્માનું ભાન હોવાથી એને રાગ અને કર્મનો પર્યાય તેને અહીં નિમિત્ત થાય છે. એનો જ્ઞાનીનો સ્વભાવ બંધન અને રાગમાં નિમિત્ત થવું એવો એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભારે વાત, ભાઈ! એ કહે, આ બધી વાત તો આઠમા ગુણસ્થાનની છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અનુભવનું પૂછ્યું હતું, કોઈએ પૂછ્યું હતું હમણાં. કે અનુભવ શાસ્ત્રમાં (આવે છે ઈ શું?) અનુભવ એટલે જ્ઞાન, જાણપણું. બીજું કાંઈ ન લેવું. વળી કોઈ આનંદની પર્યાયનું વેદન લઈ લે આ ચોથેથી એમ ન હોય.

ટોડરમલજીએ એમ કહ્યું છે ને કે અનંતાનુબંધીના અભાવથી તો ચારિત્રનો પર્યાય પ્રગટે, તત્ત્વ શ્રદ્ધાન નહિ, એમ કહ્યું છે ત્યાં. એ વિદ્વાન પુરુષ છે એટલે ગમે તે એને ગોમ્મટસારનો ખ્યાલ નહિ રહ્યો હોય એ વખતે. છે ને? ત્યાં લખ્યું છે. એને ગોમ્મટસારનું ધ્યાન નહિ રહ્યું હોય આટલો આટલો ગોમ્મટસારનો અભ્યાસ એને. સમજાય છે ને? સાતમાનો છેલ્લો. ના, નવમાનો છેલ્લો. છે ને? નવમાંનો છેલ્લો છે. નવ-નવ.

પ્રશ્ન કર્યો છે, હોં! '**અનંતાનુબંધી તો ચારિત્રમોહનીયની પ્રકૃતિ છે, તે ચારિત્રનો ઘાત કરે,...**' તેથી તે સર્વ નિમિત્ત ચારિત્રનો ઘાત કરે. '**પણ એ વડે સમ્યક્ત્વનો ઘાત કેવી રીતે સંભવે?**' એમ પ્રશ્ન કર્યો છે.

'**ઉત્તર :- અનંતાનુબંધીના ઉદયથી ક્રોધાદિરૂપ પરિણામ થાય છે, પણ કાંઈ અતત્ત્વશ્રદ્ધાન થતું નથી. માટે અનંતાનુબંધી ચારિત્રનો જ ઘાત કરે છે પણ સમકિતને ઘાતતી નથી;...**' કહો, સમજાણું? '**પરમાર્થથી તો એમ જ છે, પરંતુ અનંતાનુબંધીના ઉદયથી જેવા ક્રોધાદિ થાય છે તેવા ક્રોધાદિક સમ્યક્ત્વના સદ્ભાવમાં થતા નથી. એવું તેમાં નિમિત્ત-નૈમિત્તિકપણું હોય છે.**' એથી એમ કહ્યું છે. જુઓ! આ વાત ખોટી પાડવા માગે છે. ભૂલી ગયા છે. એ લખ્યું છે. ગોમ્મટસારમાં એ લખાણનું એ વખતે ભૂલી ગયા છે. આ ભારે વાત. વિદ્વાન .. કારણ કે ખોટું પાડે તો એક ફેરી બહુ ઓલું થઈ ગયું. આહાહા..!

એ બરાબર કહ્યું છે. ચારિત્રમોહનીયની પ્રકૃતિ પચ્ચીસ છે. એ માયલો અનંતાનુબંધીની ચાર છે. એના અભાવમાં ચારિત્રનો અંશ પ્રગટે પણ પાછું એમાં લખ્યું છે કે જે પ્રકાર ચારિત્રના સંભવ જોઈએ ચોથાને એ પ્રકાર નથી. એમ છે ને? ચારિત્ર કહેવાને યોગ્ય નથી. શું કીધું? કેટલામું પાનું છે? એમાં ને એમાં છે. એમાં ને એમાં, જુઓ! '**અનંતાનુબંધીની સાથે અપ્રત્યાખ્યાનાવરણાદિ જેવો તીવ્ર ઉદય હોય છે તેવો તેના ગયા પછી હોતો નથી, તથા એ જ પ્રમાણે અપ્રત્યાખ્યાનાવરણની સાથે પ્રત્યાખ્યાન અને સંજ્વલનનો ઉદય હોય છે તેવો એકલા સંજ્વલનનો ઉદય હોતો નથી, માટે અનંતાનુબંધી ગયા પછી કંઈક કષાયોની મંદતા તો થાય છે પરંતુ એવી મંદતા થતી નથી કે જેથી**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કોઈ ચારિત્ર નામ પામે, કારણ કે કષાયોનાં અસંખ્યાત્ લોકપ્રમાણ સ્થાન છે. તેમાં સર્વત્ર પૂર્વસ્થાનથી ઉત્તરસ્થાનમાં મંદતા હોય છે પરંતુ વ્યવહારથી તે સ્થાનોમાં ત્રણ મર્યાદા કરી;...**' વ્યવહારથી મર્યાદા કરી.

'**પ્રથમના ઘણાં સ્થાન તો અસંયમરૂપ કહ્યા.**' જુઓ! છે તો ચારિત્રના સ્થાન. ભાઈ! '**ઘણાં સ્થાન તો અસંયમરૂપ કહ્યાં. પછી કેટલાક દેશસંયમરૂપ કહ્યાં અને પછી કેટલાંક સકળસંયમરૂપ કહ્યાં; તેમાં પ્રથમ ગુણસ્થાનથી માંડી ચોથા ગુણસ્થાન સુધી જે કષાયના સ્થાન હોય છે એ બધા અસંયમના જ હોય છે, તેથી ત્યાં કષાયોની મંદતા હોવા છતાં ચારિત્ર નામ પામતાં નથી. જોકે પરમાર્થથી કષાયનું ઘટવું તે ચારિત્રનો અંશ છે.**'

મુમુક્ષુ :- આમાં તો કષાય વ્યવહાર..

ઉત્તર :- છે, એ વ્યવહાર પહેલા જ કહ્યું હતું ને. એ વાત બેસતી નથી. એવી પોતાને પક્કડ છે ને. પંડિતજી! આહાહા..! વાત એ છે ને. એમાં પોતાની પક્કડ થઈ જાય છે, સમજ્યાને? મેં આમ કહ્યું, આમ લોકો જાણે છે, આવું આટલા વર્ષથી કહ્યું, આમ માન્યું હવે...? હવે મૂકને પડતું. કર્યું હતું. ભૂલ હતી. ભૂલ કબુલવી એમાં વાંધો શું છે? ભૂલ કબુલવી એમાં જ મહત્તા છે. સમજ્યાને? અનંતાનુબંધીનો અભાવ એ કષાયનો અંશનો અભાવ થાય છે. એટલું ચારિત્ર છે. સ્વરૂપાચરણ ચારિત્ર છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એ પોતાને કારણે છે હોં! અનંતાનુબંધી પર્યાય વર્તતી હતી એનામાં. એનો અભાવ થયો એ એનામાં. અહીં જ્યારે પોતાનો આત્મા સ્વરૂપની એટલા અંશે સ્થિરતાના પરિણામને કરે છે તેના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં તે વર્તે છે. અનંતાનુબંધીના અભાવને લઈને આ પર્યાય થઈ એમ છે નહિ. અને આ સ્વરૂપાચરણનો પર્યાય પોતામાં વર્ત્યો માટે અનંતાનુબંધીનો એણે અભાવ કર્યો એમ પણ છે નહિ. સમજાણું કાંઈ? અભાવ પણ કર્યો નથી અને અહીં સ્વરૂપાચરણનું ભાન નહોતું અને અસ્વરૂપાચરણ હતું તેથી ત્યાં અનંતાનુબંધીનો પર્યાય આણે કર્યો એમ છે નહિ. સમજાણું કાંઈ?

અહીં તો '**આ લોકમાં...**' નિમિત્તભૂત બનતાં એમાંથી નિમિત્તભૂત નહિ બનતા કાઢ્યું. પાઠ તો આટલો છે. '**जीव हेदुभूदे**' કોણ હેતુભૂત થાય છે એમ સિદ્ધ કરવું છે. પાઠ તો આટલો છે.

**जीवम्हि हेदुभूदे बंधस्स दु पस्सिदूण परिणामं।**
**जीवेण कदं कम्मं भण्णदि उवयारमेत्तेण।।१०५।।**

ત્યારે આચાર્યે કાઢ્યું કે '**जीवम्हि हेदुभूदे**' પણ કેમ? ખરેખર જીવ તો હેતુભુત થાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એવો એનો સ્વભાવ નથી. એમાંથી કાઢ્યું. સમજાણું કાંઈ? ત્યારે કહે, પાઠ તો આવો છે ને. પણ પાઠ અસ્તિમાંથી નાસ્તિ કાઢે, નાસ્તિમાંથી અસ્તિ કાઢી. વસ્તુનું સ્વરૂપ છે. એમાં શું છે?

**'આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્ગલિક કર્મને...'** પૌદ્ગલિક કર્મ તો એને કારણે બંધાય પણ એને નિમિત્તભૂત થવું એવો આત્મામાં સ્વભાવ નથી. નિમિત્તભૂત, હોં! ઉપાદાનભૂત તો પરમાણુ પોતાથી થાય છે. સમજાણું કાંઈ? એ આયુષ્યના બંધના પરિણામે પરિણમતા પુદ્ગલો, એમાં નિમિત્ત થવું એ જીવનો સ્વભાવ જ નથી એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આહાહા..! જ્ઞાનસ્વરૂપ આત્મા, એમ જ્યાં અનુભવ થયો, ચૈતન્ય સ્વસંવેદન પ્રાપ્ત થયું, કહે છે કે એ જીવ અને એ જીવવાળો, પર્યાયવાળો અનુભવ્યો, બેયને નવા કર્મમાં બંધન થાય એવું નિમિત્તપણું એને રહ્યું નથી. એ જીવ દ્રવ્યમાં જ એવો સ્વભાવ નથી. તો જીવદ્રવ્યના સ્વભાવના ભાનવાળો પણ નવા બંધનમાં નિમિત્ત થાય તેવું તેને હોતું નથી. ભારે ઝીણું માણસને. આ તો શાંતિથી વીતરાગભાવે મધ્યસ્થથી સમજવું જોઈએ. ચર્ચામાં પણ મધ્યસ્થી જોઈએ. ચર્ચા આવે છે ને બે પ્રકારની. પંડિતજી! ... હાર જીતની અને વીતરાગી. હાર-જીતની ન હોવી જોઈએ. સત્ય શું છે. .. એમ નહિ. તમારે એમ નહિ. તમને ખોટા પાડવા ને અમે સાચા એમ ન હોય. એવી ચર્ચા હોવી જોઈએ કે જે ચર્ચામાં કોઈને પાછો પાડવો અને પોતાને અધિક (કરવો) એ વાત નહિ. આક્ષેપ ન કરવો. વસ્તુની સ્થિતિ છે એમ પોતાને સમજી બીજાને (કહે), આમ છે, ભાઈ! આમ ન હોય તો આ વાંધો આવે છે. એમ વીતરાગભાવે ચર્ચા થાય તો એ વાત બેસે. પણ હવે અંદરથી સામાને ખોટા પાડવા. પહેલું પાછું નક્કી કરી લે કે તમે ખોટા છો. એ ધારીને ચર્ચા કરવી. હવે આ કરવું શી રીતે? અરે..! ભગવાન! તમને આગમની શ્રદ્ધા નથી. આગમમાં લખ્યા તમને પ્રમાણ બતાવ્યા. તો ઈ તમે માનતા નથી. પણ કયા નયના કથન તેં બતાવ્યા એનો તો અર્થ કરીશ કે નહિ? આગમમાં એવા લખાણ હોય ને? જ્ઞાનાવરણી જીવ બાંધે, ફલાણું બાંધે, સોની એના કામ કરે. જુઓ! તમને બતાવ્યું. પણ તમને આગમની શ્રદ્ધા નથી તેથી તમે માનતા નથી. આગમની શ્રદ્ધા નથી, સાધુની શ્રદ્ધા નથી, ભગવાનની પણ તમને શ્રદ્ધા નથી. કારણ કે આચાર્યો કહે છે કે સોની પોતે કારીગરી પરમાં કરે છે. એ ભગવાનનું કહેલું મુનિ કહે છે. તો તમારે ભગવાનને માનવા નથી, મુનિને માનવા નથી અને આગમ માનવા નથી. લ્યો ત્રણે માનવા નથી. પણ કઈ નયનું કથન છે? ભાઈ! તમને કથનો બતાવ્યા શાસ્ત્રના અને પાછું માને નહિ. પણ કઈ નયનું એ કથન કરે છે? લખ્યું છે, લે. પણ અહીં કહે છે કે નથી કરતો. હવે એનું શું કરવું છે? ત્યારે આ જે યથાર્થ છે વાત એનાથી વ્યવહારે ત્યાં વાત કરી છે. નિમિત્તપણાનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાન કરાવ્યું છે તે વખતે કરનાર તો પર્યાય કારીગરની નહિ, જે થાય તેની છે. કારીગર નિમિત્ત છે. એને અજ્ઞાની એમ માને છે કે મેં કર્યું. એમ અજ્ઞાની માને છે. જ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી...'** એનો જ્ઞાયક સ્વભાવ છે. એ જો બંધમાં નિમિત્ત થાય એનો સ્વભાવ તો કોઈ દિ' બંધ તૂટે નહિ. તો અભાવ કોઈ દિ' (થાય નહિ). આત્મા વિકાર સંસાર રહિત થઈ શકે નહિ. એ ૧૦૦મી ગાથામાં આપણે આવી ગયું છે. ૧૦૦મી ગાથામાં. સમજાણું કાંઈ? જો વિકાર કરવાનો એનો સ્વભાવ હોય તો તો નિત્ય થઈ જાય. તો તો નિત્ય થઈ જાય. ઘટપટ.. એમાં નિમિત્ત થવાનો, એમાં યોગ ઉપયોગ નિમિત્ત થાય છે. કોના? કે જેની જોગ અને ઉપયોગ ઉપર દૃષ્ટિ (છે) અને તેનો કર્તા થાય છે તે. યોગ એટલે કંપન્ન. ઈચ્છા એ કૃત્રિમ વિકૃત છે, સ્વરૂપમાં નથી. એના અસ્તિત્વની દૃષ્ટિ છે, એનો જે કર્તા થાય એના યોગ અને ઉપયોગ બહારની પર્યાયના ઉપાદાનને કાળે એને નિમિત્ત કર્તા કહેવાય છે. જ્ઞાનીને યોગ ઉપયોગ એના નથી એટલે યોગ-ઉપયોગનું અને રાગનું અહીં જ્ઞાન થાય છે. એનો કર્તા નથી તેથી તેને ઘટપટાદિના કાર્યમાં નિમિત્ત કર્તા પણ કહેવાતા નથી. એ વાત સિદ્ધ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યારે વળી કહે કે જ્ઞાનીને દસમા ગુણસ્થાન સુધી (હોય). ભાઈ! બધી વાત છે, સાંભળને! દસમા ગુણસ્થાન સુધી બંધાય છે પણ એવો જ એનો જ્ઞાન સ્વભાવ છે. ભાન થયું છે એટલે જે બંધાય અને જે રાગ એ બધા જ્ઞાનમાં નિમિત્ત થાય. એનું જ્ઞાન જ ઉપાદાનપણે સ્વપરપ્રકાશપણે એવું પરિણમી રહ્યું છે. એવી વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉપચાર અજ્ઞાનીને લાગુ પડે ને?

ઉત્તર :- અજ્ઞાનીને ઉપચાર લાગુ પડે. હવે અત્યારે (કહે છે), જુઓ! ઉપચાર છે કે નહિ?

મુમુક્ષુ :- પણ જ્ઞાનીને ઉપચાર હોય નહિ.

ઉત્તર :- પણ છે જ નહિ. ઉપચાર કેવા? સમજાણું કાંઈ? રાગનો કર્તા નથી, રાગનો જ્ઞાતા છે. રાગનો જ્ઞાની જ્ઞાતા છે. રાગનો જ્ઞાતા છે તો કર્તા નથી તો બંધાયેલા પરિણામનો એ જ્ઞાતા છે, કર્તા નથી. વ્યવહારે પણ એનો નિમિત્ત કર્તા છે નહિ. આહાહા..! નિમિત્ત આમ ગુલાંટ ખાય છે. જ્ઞાન ચૈતન્ય સ્વરૂપનું ભાન થયે જ્ઞાનીને બંધનના પરિણામ પુદ્‌ગલના અને રાગના જ્ઞાનમાં નિમિત્ત (થાય છે). ઉપાદાન એવું જ પરિણમે છે સ્વપરપ્રકાશકપણે. વજુભાઈ! આહાહા..! કહો. હવે આ વાત ચોથા ગુણસ્થાનથી માંડીને છે. જ્યારથી જ્ઞાન પ્રગટ્યું ત્યારથી માંડીને છે. સમજાણું? ૯૭માં આવ્યું હતું એ. જ્યારથી જ્ઞાનની આદિ થઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ત્યારથી જ્ઞાન પોતાને જાણે છે, રાગને જાણે છે, બંધ થાય તેને જાણવાનું કામ સાથે કરતો જાય છે. એ આવ્યું પછી થયું છે જાણવાનું કામ, બંધાણું પછી (થયું છે) એમ નથી એ તો સાથે જ કાર્ય સ્વપરનો પ્રકાશક થઈને કાર્ય થાય છે. આમ જ્યાં અંતર દૃષ્ટિ પડી છે કે તે જ્ઞાનનું આવું કાર્ય સ્વતંત્ર થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી...**' એનો અર્થ એ કે આત્મા સ્વભાવથી (કર્તા) નથી એટલે કે જ્ઞાનીનો સ્વભાવ પણ બંધમાં નિમિત્ત થવું એવો નથી. એમ છે એનો અર્થ. '**પૌદ્‌ગલકિ કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ,...**' જુઓ! નિમિત્તભૂત નહિ હોવા છતાં ભગવાન આત્માનો સ્વભાવ અને સ્વભાવદૃષ્ટિવંત એને કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં. ઉપાદાનભૂત તો નહિ પણ નિમિત્તભૂત નહિ હોવા છતાં. આહાહા..! નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અજ્ઞાનીને વ્યવહાર લાગુ પડે છે.

'**અનાદિ અજ્ઞાનને લીધે...**' જુઓ! '**અનાદિ અજ્ઞાનને લીધે...**' અનાદિ અજ્ઞાન પાછું. પોતાના સ્વરૂપનું ભાન નથી. હું એક સહજ આનંદ સ્વભાવનો પિંડ પ્રભુ છું. જ્ઞાન છું... જ્ઞાન છું... જ્ઞાન છું... સત્તા મારી જ્ઞાનસ્વરૂપ છે. હોવાવાળું મારું તત્ત્વ એકલું જ્ઞાયક. એવું જ્યાં '**અનાદિ અજ્ઞાનને લીધે...**' એમાં પાછું અનાદિ અજ્ઞાનમાં કાંઈ કર્મને લીધે એમ આવતું નથી. '**પૌદ્‌ગલિક કર્મને નિમિત્તરૂપ થતા...**' દેખો! અહીં અજ્ઞાનને લીધે પૌદ્‌ગલિક કર્મ બંધાય છે એને નિમિત્તરૂપ થતા '**એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી...**' લ્યો! વસ્તુ ચૈતન્ય સ્વરૂપના અભાનવાળો જીવ પુદ્‌ગલ કર્મની પર્યાય ઉપાદાનને કાળે ત્યાં પરિણમે છે તેને નિમિત્તરૂપ તે કાળે નિમિત્તરૂપ થતાં '**એવા અજ્ઞાનભાવે પરિણમતો...**' અજ્ઞાનભાવે પરિણમતો. જુઓ! અજ્ઞાનને લીધે અજ્ઞાનભાવે પરિણમતો એમ લેવું છે. આહાહા..! ચૈતન્યના માહાત્મ્ય એને આવ્યા નથી.

ભગવાન જ્ઞાનસ્વરૂપ મહાન ચૈતન્યપદાર્થ સર્વજ્ઞસ્વભાવી વસ્તુ છે. એવો સર્વજ્ઞ સ્વભાવી આત્મા, એને કર્મના રજકણોના બંધનમાં નિમિત્તના વિકલ્પો એને ક્યાં છે? એમાં એના વિકલ્પ ક્યાં છે? અજ્ઞાનથી પોતાના સ્વરૂપની દૃષ્ટિ છોડીને, અજ્ઞાની '**અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી નિમિત્તભૂત થતાં,...**' અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી તે અજ્ઞાન પરિણામ નિમિત્તભૂત થતાં '**પૌદ્‌ગલિક કર્મ ઉત્પન્ન થાય છે,...**' જુઓ! આટલી વાત. એ અજ્ઞાનભાવે પરિણમતો અજ્ઞાનભાવ. પુદ્‌ગલ કર્મ થાય છે તે ક્ષણે, તે પરિણામ નિમિત્તભૂત થતાં પૌદ્‌ગલિક કર્મ ઉત્પન્ન થાય છે. આવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે એને લઈને થતાં '**તેથી પૌદ્‌ગલિક કર્મ આત્માએ કર્યું**'. એ પૌદ્‌ગલિક કર્મ આત્માએ કર્યું... આહાહા..! '**એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી ભ્રષ્ટ,...**' વ્યાખ્યા કરી એવી. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભગવાન આત્મા નિર્વિકલ્પ વિજ્ઞાનઘન સ્વભાવ ભગવાન આત્મા છે. એમાં વિકલ્પ કેવો? રાગ કેવો? વિકાર કેવો? સંસાર કેવો? ઉદયભાવ કેવો? ભગવાન આત્મા નિર્વિકલ્પ વિજ્ઞાનઘન સ્વભાવથી ભ્રષ્ટ '**વિકલ્પપરાયણ...**' અહીંથી ભ્રષ્ટ, અહીં તત્પર. જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ ભગવાન વિજ્ઞાનઘન એનાથી ભ્રષ્ટ થયેલો મિથ્યાદૃષ્ટિ જીવ. આહાહા..! '**વિકલ્પપરાયણ...**' એ જે વિકલ્પ શુભ-અશુભરાગમાં પરાયણ-તત્પર છે, એ શુભરાગ વખતે શુભરાગમાં તત્પર છે અને સ્વરૂપના અજ્ઞાનને કારણે અહીં સ્વરૂપમાં તત્પરતા નથી, સ્વરૂપમાં તત્પરતા નથી તેથી અજ્ઞાની અજ્ઞાનભાવે પરિણમતો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનથી ભ્રષ્ટ થયો એ વિકલ્પમાં પરાયણ '**અજ્ઞાનીઓનો વિકલ્પ છે;...**' ભ્રષ્ટ થયેલો વિકલ્પમાં તત્પર અજ્ઞાનીઓનો વિકલ્પ છે કે મેં કર્મ કર્યું. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે આવી તો વાત સીધી છે કે ભાઈ! આત્મા જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્યબિંબ છે એમાં વિકલ્પની ગંધ નથી. એવું જ્યાં ભાન થયું એને તો વિકલ્પ છે એની ચીજમાં જ નથી. થયો એ અસ્તિત્વમાં થયો નથી. એ ભિન્ન પડી ગયો છે વિકલ્પ. તેથી તેને વિકલ્પમાં તત્પર જ્ઞાનીને કહેવાતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાનીને વિકલ્પ નહિ હોય?

ઉત્તર :- કીધું ને, વિકલ્પમાં તત્પર નથી. જ્ઞાનમાં તત્પર છે. એ વિકલ્પ સંબંધી અને પોતા સંબંધીનું જ્ઞાન છે તેમાં એ તત્પર છે. આહાહા..! નિર્વિકલ્પની સામે આમ સવિકલ્પ નાખ્યું. ભગવાન આત્મા રાગના વિકલ્પ વિનાનું વિજ્ઞાનઘન તત્ત્વ છે. તેની શ્રદ્ધા, ભાનથી ભ્રષ્ટ છે અને જેની તત્પરતા અસ્તિત્વતા રાગ ઉપર જ જ્યાં પડી છે. પછી શુભરાગ હો કે અશુભ. વિશેષ તો શુભરાગમાં એ પડ્યો છે ત્યાં. તત્પર થઈ ગયો છે.

એવો વિકલ્પમાં તત્પર થયેલો ભગવાન ચૈતન્ય સ્વભાવને ભૂલેલો એવા '**અજ્ઞાનીઓનો વિકલ્પ છે; તે વિકલ્પ...**' શું વિકલ્પ છે? કે આ પૌદ્‌ગલિક કર્મ આત્માએ કર્યું. એવો અજ્ઞાનીઓનો વિકલ્પ છે. સમજાણું કાંઈ? સમજાય છે કાંઈ? નિમિત્તપણે થતાં મેં આ કર્યું એમ એનું લક્ષ ત્યાં જાય છે. લક્ષ અહીં જ્ઞાયક સ્વરૂપ છે એનું લક્ષ એને છે નહિ. આહાહા..! આટલું બધું કાઢ્યું? '**जीवेण कदं कम्मं भण्णदि उवयारमेत्तेण**' એમાંથી કાઢ્યું. '**जीवेण कदं कम्मं**' કોણ '**जीवेण**'? જે સ્વરૂપના ચૈતન્ય જ્ઞાયકભાવથી ભ્રષ્ટ થયેલો અને વિકલ્પમાં તત્પર (છે), એ કહે છે કે આ કર્મ મેં કર્યું એવો એનો એ વિકલ્પ છે. એવો એનો વિકલ્પ છે. '**તે વિકલ્પ ઉપચાર જ છે,...**' ઉપચાર છે. અજ્ઞાનીને એ ઉપચાર લાગુ પડે છે. જ્ઞાનીને ઉપચાર લાગુ પડતો નથી. આહાહા..! વાહ! સમજાણું કાંઈ?

પણ આ એક પદાર્થ મહાન પદાર્થ છે. એને કોણ જાણે આમાં બધું ગરી ગયું છે. શરીર ને કર્મ ને રાગના ધુવા એ ધુવા-ધુમાડો ધુમાડો. એમાં ઘેરાઈ ગયેલું તત્ત્વ જાણે આ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ હું છું. ધુમાડો દેખનાર કોણ પણ? દેખનારમાં ધુમાડો નથી. સમજાણું?

કહે છે કે ભાઈ! તું જ્ઞાનસ્વરૂપ પ્રભુ આત્મા, એને જ્યારે અજ્ઞાનપણે સ્વરૂપના અભાનપણે અજ્ઞાનપણે પરિણમતો એ નવા કર્મને નિમિત્તભૂત થતો, એને વિકલ્પ એવો છે કે મેં આ કર્મ કર્યું, મેં આ કામ કર્યું એ અજ્ઞાનીને ઉપચાર લાગુ પડે છે. આહાહા..! અહીં તો કર્મના રજકણો તેના જેવો ભાવ હોય છે ને એ જ પ્રમાણમાં ત્યાં સામે બંધાય. છતાં તે પ્રકારે બંધાવાના પર્યાયમાં હું એક કર્તા છું, નિમિત્તપણે કર્તા છું, વ્યવહાર કર્તા હું કર્તા છું ને એનો, કારણ કે મેં આ કર્યું તો અહીં થયું ને, એવા અજ્ઞાનીઓ વિકલ્પમાં તત્પર છે. એવાઓને આ ઉપચાર લાગુ પડે છે.

એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘન સ્વભાવથી ભ્રષ્ટ. કેટલું કાઢ્યું છે! અત્યાર સુધી તો એમાં એ તો '**जीवेण कदं कम्मं भण्णदि उवयारमेत्तेण**' એ ઉપરથી એમાં કાઢ્યું. આમાં એમ કહ્યું કે જુઓ! જીવે કર્યું છે ઉપચારથી. જીવે કર્યું ઉપચારથી. માટે એ વાત સાચી છે. પણ સાચી કોને માટે? સમજાણું કાંઈ? પાઠ લઈને વાત કરે, આ લખ્યું શાસ્ત્રમાં. શું લખ્યું છે કુંદકુંદાચાર્યે? '**जीवम्हि हेदुभूदे**' જીવના હેતુભુત થવાથી '**बंधस्स दु पस्सिदूण**' આ નિમિત્ત થવાથી, બંધ થયા એને કારણે ત્યાં દેખીને '**जीवेण कदं कम्मं भण्णदि उवयारमेत्तेण**' પણ એ ઉપચાર શું ખોટો છે? એમ કહે છે. સાચો છે. પણ સાચો છે એટલે? એ અજ્ઞાનીને માટે મેં બાંધ્યું... ઓલું નિમિત્તભૂત થાય છે ને? એમ કીધું ને '**हेदुभूदे**'. ભગવાન આત્મા સ્વભાવ તો હેતુભુત નથી. એ ગાથામાં ભર્યો છે ભાવ. ટૂંકા શબ્દો છે ને એમાં ભરેલું છે અનંતુ બહુ ભર્યું છે. આહાહા..! બે હજાર વર્ષ પહેલાની ગાથા અને પછી ૯૦૦ વર્ષ પહેલાંની ટીકા અમૃતચંદ્રાચાર્યની. ફરે છે. ભાષા ફરે, એની અમુક હદ ફરે. સમજાય છે? વિસ્તાર કરવાનું પછી ઓલું સંક્ષેપમાં..

ભાઈ! તું ચૈતન્ય છો ને. જગતનો સાક્ષી (છો) રાગાદિ અને જડાદિની પર્યાયનો. જેમ સર્વજ્ઞને એ બધું નિમિત્ત છે, સર્વજ્ઞને એ બધું લોકાલોક નિમિત્ત છે. ભગવાન! તું જ્ઞાન સ્વરૂપ છો એના ભાનમાં, તારા જ્ઞાનમાં એ રાગ અને કર્મનું થવું તે આમ નિમિત્ત છે. તું નિમિત્ત નહિ. જીવ સ્વભાવ નિમિત્ત હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**તે વિકલ્પ ઉપચાર જ છે, પરમાર્થ નથી.**' પરમાર્થમાં એ સ્વરૂપ નથી. એટલે નિમિત્તપણે ઉપચાર છે એ અજ્ઞાનીઓને લાગુ પડે છે. પરમાર્થે તે ઉપચાર પણ જ્ઞાનીને લાગુ પડતો નથી. એવો જીવનો સ્વભાવ છે એને તું જાણ તો નિમિત્તપણે પણ કર્તા તને લાગુ પડશે નહિ. તારા જ્ઞાનમાં એ નિમિત્ત થશે એમ લાગુ પડશે. આહાહા..! વિશેષ વાત...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**નોંધ :- પ્રવચન નં. ૨૦૫માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

**કારતક વદ ૬, શનિવાર તા. ૩-૧૨-૧૯૬૬**
**ગાથા-૧૦૮ થી ૧૧૨, શ્લોક-૬૩, પ્રવચન-૨૦૬**

કર્તાકર્મ અધિકાર. ૧૦૮ ગાથાનો ભાવાર્થ.

'**ભાવાર્થ :- જગતમાં કહેવાય છે કે જેવો રાજા તેવી પ્રજા.**' જુઓ! આ કર્તાકર્મનો ન્યાય મૂક્યો. જુઓ! આ કર્તાકર્મ અધિકારની હવે ગાથાઓ જરી ઝીણી આવે છે. એ પહેલા રાજા '**જગતમાં કહેવાય છે કે જેવો રાજા તેવી પ્રજા. આમ કહીને પ્રજાના ગુણદોષનો ઉત્પન્ન કરનાર રાજાને કહેવામાં આવે છે.**' પણ એ ખરેખર એમ નથી. '**એવી જ રીતે પુદ્ગલદ્રવ્યના ગુણદોષનો ઉત્પન્ન કરનાર જીવને કહેવામાં આવે છે. પરમાર્થદષ્ટિએ જોતાં એ સત્ય નથી,..**' પુદ્ગલકર્મના પુણ્યાદિ-પાપાદિ બંધાય છે એનો કરનાર આત્મા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહેવાય, એ છે જ નહિ. .. કર્યું છે. અહીં તો બધી ઝીણી વાત આવશે હવે. તેર ગુણસ્થાન કર્મ કરે છે, આત્મા નહિ. ઝીણી વાત છે. દ્રવ્યસ્વભાવ કરે નહિ કોઈ દિ'. આહાહા..! દ્રવ્યસ્વભાવ ચૈતન્યદ્રવ્ય જ્ઞાયકમૂર્તિ એ કરે કોને? સમજાય છે? એટલે પહેલા આશંકા છે. '**હવે આગળની ગાથાની સૂચનિકારૂપ કાવ્ય કહે છે :-**'

**जीवः करोति यदि पुद्गलकर्म नैव**
**कस्तर्हि तत्कुरुत इत्यभिशङ्कयैव।**
**एतर्हि तीव्ररयमोहनिवर्हणाय।**
**सङ्कीर्त्यते शृणुत पुद्गलकर्मकर्तृ।।६३।।**

'**શ્લોકાર્થ :- જો પુદ્ગલકર્મને જીવ કરતો નથી તો તેને કોણ કરે છે?**' ભારે વાત, ભાઈ! સમજાણું? '**એવી આશંકા કરીને,...**' આશંકા લીધી છે, હોં! '**હવે તીવ્ર વેગવાળા મોહનો (કર્તાપણાના અજ્ઞાનનો)...**' એ અજ્ઞાનીની વાત છે ત્યાં. કર્તાપણાના અજ્ઞાનનો. રાગાદિ કે કર્મ બંધનના કર્તાપણું-કરવાપણું એવા જે અજ્ઞાનનો નાશ કરવા માટે '**પુદ્ગલકર્મનો કર્તા કોણ છે તે કહીએ છીએ; તે (હે જ્ઞાનના ઈચ્છક પુરુષો!)**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**તમે સાંભળો.**' સાંભળવાનો આદેશ કર્યો છે, જોયું! અમૃતચંદ્રાચાર્યે. આ સાંભળો, સાંભળવા જેવી વાત છે એમ કહે છે. લ્યો ઠીક! સમજાણું? આ આઠ કર્મના રજકણો એનું કરે કોણ? તમે તો ના પાડી કે આત્મા કરતો નથી. ત્યારે કરે છે કોણ? પુદ્‌ગલ કરે? કર્મને પુદ્‌ગલ કરે? કે સાંભળ! પુદ્‌ગલ કરે છે. ક્યા પ્રકારની વાત એ કહેશે હવે.

'**પુદ્‌ગલકર્મનો કર્તા કોણ છે તે હવે કહે છે :-**' ચાર ગાથા.

**सामण्णपच्चया खलु चउरो भण्णंति बंधकत्तारो।**
**मिच्छत्तं अविरमणं कसायजोगा य बोद्धव्वा।।१०९।।**
**तेसिं पुणो वि य इमो भणिदो भेदो दु तेरसवियप्पो।**
**मिच्छादिट्ठीआदी जाव सजोगिस्स चरमंतं।।११०।।**
**एदे अचेदणा खलु पोग्गलकम्मुदससंभवा जम्हा।**
**ते जदि करेंति कम्मं ण वि तेसिं वेदगो आदा।।१११।।**
**गुणसण्णिदा दु एदे कम्मं कुव्वंति पच्चया जम्हा।**
**तम्हा जीवोऽकत्ता गुणा य कुव्वंति कम्माणि।।११२।।**

મુમુક્ષુ :- .. ની પર્યાય

ઉત્તર :- તેર ગુણસ્થાન પ્રત્યેનો પ્રશ્ન છે. તેર ગુણસ્થાન બધા અચેતન છે.

**સામાન્ય પ્રત્યય ચાર નિશ્ચય બંધના કર્તા કહ્યા,**
**-મિથ્યાત્વ ને અવિરમણ તેમ કષાયયોગો જાણવા. ૧૦૯.**
**વળી તેમનો પણ વર્ણવ્યો આ ભેદ તેર પ્રકારનો,**
**-મિથ્યાત્વી આદિ કરીને ચરમ ભેદ સયોગીનો. ૧૧૦.**
**પુદ્‌ગલકરમના ઉદયથી ઉત્પન્ન તેથી અજીવ આ,**
**તે જો કરે કર્મો ભલે, ભોક્તાય તેનો જીવ ના. ૧૧૧.**
**જેથી ખરે 'ગુણ' નામના આ પ્રત્યયો કર્મો કરે,**
**તેથી અકર્તા જીવ છે, 'ગુણો' કરે છે કર્મને. ૧૧૨.**

જરી ધીરેથી, શાંતિથી સમજવા જેવી (વાત છે). કુણપ કરી છે ને આચાર્યે તો. સાંભળો ભાઈ! ભગવાન આત્મા તો જ્ઞાયક ચૈતન્ય આનંદ ધ્રુવ સ્વરૂપ શુદ્ધ છે. એ કેમ કરે વિકારને કે કર્મને? સમજાય છે કાંઈ? આત્મા જ્ઞાયક સ્વરૂપ શુદ્ધ ધ્રુવ ચૈતન્યમૂર્તિ, એ તે ગુણસ્થાનના ભેદને કેમ કરે? કે જેથી કર્મમાં નિમિત્ત થઈને કર્મને કરે? એવું આત્મામાં છે નહિ. એમ અહીં સિદ્ધ કરવું છે.

વસ્તુ જ્ઞાયક ચૈતન્ય સૂર્ય પ્રભુ, એ પણ કર્મનો, આઠ કર્મનો કર્તા નથી તેમ તેને નિમિત્ત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થતાં પરિણામનો પણ કર્તા નથી. એ વાત સિદ્ધ કરતા ગયા છે. એથી અહીંયાં ચૌદ ગુણસ્થાનનું કરવાપણું એ પુદ્‌ગલનું છે. પુદ્‌ગલના કારણે થયેલું છે અને બંધન થાય છે તો એ તેર ગુણસ્થાન બંધનું કારણ થાય છે. રસિકભાઈ! સમજાણું આમાં?

'**ખરેખર પુદ્‌ગલકર્મનો, પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે;...**' આઠ કર્મને પુદ્‌ગલ કર્મ જ કરે છે, આત્મા નહિ. '**તેના વિશેષો-**' શેના? પુદ્‌ગલ કર્મના વિશેષો. પહેલો સામાન્ય એક બોલ લીધો. '**ખરેખર પુદ્‌ગલકર્મનો, પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે;...**' પહેલો એક લીધો. પછી ચાર અને પછી તેર. '**તેના વિશેષો-મિથ્યાત્વ,...**' મિથ્યાત્વ-વિપરીત માન્યતા એ પુદ્‌ગલ કર્મનું વિશેષ છે. ભગવાન આત્માનું એ વિશેષ નથી. પુદ્‌ગલ કર્મનો પુદ્‌ગલ કર્મ જ કર્તા. અહીં દ્રવ્ય સ્વભાવ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ કરાવવી છે. કર્તાકર્મ અધિકાર છે ને? કર્તાકર્મ એટલે કરનાર કોણ પુદ્‌ગલનો? ભાઈ! કર્મના બંધનનો કર્તા એ આત્મા નહિ. ત્યારે કહ્યું, પુદ્‌ગલના પરિણામ તે પુદ્‌ગલને કરે. એ પુદ્‌ગલ કોણ? એક પ્રકાર પહેલો-પુદ્‌ગલ પુદ્‌ગલનું કરે એક પ્રકાર.

બીજો પ્રકાર કે એ પુદ્‌ગલના ચાર પ્રકાર. '**મિથ્યાત્વ, અવિરતી, કષાય અને યોગ બંધના સામાન્ય હેતુઓ હોવાથી ચાર કર્તા છે;...**' એકના ચાર કીધા. ભગવાન આત્મા કર્તા નથી. જ્ઞાનની મૂર્તિ ચૈતન્યપ્રભુ એ ભાવકર્મને કેમ કરે અને દ્રવ્યકર્મને કેમ કરે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો આખું બધું પુદ્‌ગલ જ છે. અહીં વળી આત્મા કે દિ'...? બેય ભેગું છે પછી. ભાવકર્મ અને કર્મ બેય એક જ ચીજ છે, આત્મામાં ક્યાં હતી, એમ સિદ્ધ કરવું છે. નીચે એમ કહ્યું કે કર્મને લઈને વિકાર થયો. પણ વિકાર અને કર્મ બે એક જ ચીજ છે. ભગવાન જ્ઞાનમૂર્તિ સ્વરૂપ ચૈતન્ય એનો કરવાનો પણ સ્વભાવ નથી અને અંદર ભોગવવાનો પણ સ્વભાવ નથી. હરખ-શોકને ભોગવવું એ જીવનો સ્વભાવ નથી. જીવદ્રવ્યનું કર્તવ્ય નથી. આહાહા..!

એ '**બંધના સામાન્ય હેતુઓ હોવાથી ચાર કર્તા છે;...**' બંધના સામાન્ય હેતુ કહ્યાને? પહેલા એક કહ્યો હતો. પછી ચાર કહ્યા. એ બંધના સામાન્ય ચાર હેતુઓ હોવાથી ચાર કર્તા છે. '**તેઓ જ ભેદરૂપ કરવામાં આવતાં...**' એ મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ. એને ભેદરૂપ કરતાં. પુદ્‌ગલના વિશેષ ચાર અને ચારના ભેદ કરતા તેર. '**મિથ્યાદૃષ્ટિથી માંડીને સયોગકેવળી સુધીના તેર કર્તા છે...**' આહાહા..! સમજાણું કાંઈ? તેર કર્તા. ચૌદમું તો છે નહિ. અકર્તાપણું છે. તેર ગુણસ્થાન તે પુદ્‌ગલકર્મના કર્તા છે. ગુણસ્થાન તે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચૈતન્ય નથી. એ પહેલા જીવમાં પહેલી ગાથામાં આવી ગયું. ૬૮. ઓલામાં આવશે. .. ગુણસ્થાન અને જીવસ્થાન અને .. જીવસ્થાન, ગુણસ્થાન જીવસ્વરૂપ નથી. જીવસ્વરૂપ તો એકરૂપ જ્ઞાયક ચૈતન્ય ચિદાનંદ અભેદ સ્વરૂપ તેને આત્મા કહીએ. એ આત્મા કર્મનો કર્તા નથી. આહા..! ભિન્ન બતાવે છે એને. એ કર્મનો કર્તા પુદ્ગલ ભાવ, તારી ચીજ જુદી છે. એ વિકાર પણ કર્મના સંગે થયેલો અને એ વિકાર તેમનો કર્તા છે એમ એ છે નહિ. તારા સંગમાંથી રાગ ઉત્પન્ન થાય અને આત્મા પોતે રાગનો કર્તા થાય એમ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે આ. એકદમ દ્રવ્ય સ્વભાવ બેને ભિન્ન પાડે છે. હજી આવશે વધારે ઝીણું.

'**હવે, જેઓ પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી...**' છે? તેર ગુણસ્થાનો તે મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ કંપન્ન. વિપરીત પરિણામ, અવ્રત ભાવ, કષાયભાવ અને કંપન્ન એ બંધના હેતુઓ ચાર, તેના વિશેષો તેર. '**હવે, જેઓ પુદ્ગલકર્મના વિપાકના પ્રકાર છે.**' ભગવાન આત્માનો વિપાક છે એ? સમજાણું કાંઈ? આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વરે સર્વજ્ઞસ્વભાવી આત્મા કહ્યો. એ સર્વજ્ઞસ્વભાવી આત્મા વિકારનો કર્તા કેમ હોય? વિકારનો કર્તા નથી તો કર્મબંધનો કર્તા કેમ હોય? એ પુદ્ગલકર્મના વિપાકના પ્રકાર તેર છે. શું કહ્યું સમજાણું આમાં?

પહેલું તો એમ કહ્યું કે પુદ્ગલ કર્મનો કર્તા પુદ્ગલ. એક વાત. તેના વિશેષો ચાર. મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ. તેના ભેદો તેર ગુણસ્થાન. તે તેર પુદ્ગલકર્મનો વિપાક (છે). પુદ્ગલકર્મનો પાક હોવાને લઈને. અહીં ચૈતન્યના સ્વભાવનો પાક નથી એ અપેક્ષાએ વિકારના તેર ભેદો બધા પુદ્ગલ કર્મનો પાક છે માટે પુદ્ગલ છે. એમ કહેવું છે. કહો, સમજાણું આમાં?

'**પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી...**' પ્રકાર એટલે ભેદો '**અત્યંત અચેતન છે.**' એ તેર ગુણસ્થાન અત્યંત અચેતન છે. જાગૃત ચૈતન્ય સ્વરૂપ છે ઈ? પુદ્ગલ પરિણામાત્. સવારમાં આવ્યું હતું નહિ? અહીં એ જ આવ્યું. પુદ્ગલ પરિણામાત્. ગુણસ્થાન પુદ્ગલના. ત્યાં ચૌદ લેવા છે. અહીં કર્તાકર્મ છે ને એટલે તેરને લેવું છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એના તેર ભેદ એ બધા અચેતન, અચેતન... અચેતન. વિકલ્પનો ભેદ બધો અચેતન, સ્વરૂપ અખંડાનંદ જ્ઞાયકમૂર્તિ તે ચેતન. તેથી પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો તેર ભેદ હોવાથી અત્યંત અચેતન છે. હેતુ આપ્યો. પુદ્ગલકર્મના વિપાક પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે. એમ આપ્યું. ન્યાય આપ્યો. ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય એનો એ પાક છે? એમાં તો કેવળજ્ઞાન પાકે, સિદ્ધપદ પાકે એવો આત્મા છે.

મુમુક્ષુ :- તેરમે તો કેવળજ્ઞાન પાક્યું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- એ ભેદ છે એ નહિ. ભેદ છે ને એટલો. ગુણસ્થાન ભેદ છે ને. ભેદ ક્યાં છે? અંશ ક્યાં છે? કેવળજ્ઞાન તો અંશ છે. લ્યો, એની સાથે પાછો ભેદ છે ને બીજો. અહીં તો એકલો જ્ઞાયકભાવ ત્રિકાળ. સમજાય છે કાંઈ? એમાં એ ભેદ છે એ તેરમે ગુણસ્થાન પણ તારું નથી. ગાતા નથી આપણે? ખબર નથી? ... તેરમું ગુણસ્થાન પણ તારું નથી, આ કોઈ દિ' મેં સાંભળ્યું નથી. એમ કહે છે. ક્યાં ગયા? પ્રવિણભાઈ! તમારા તલકચંદભાઈ! 'તેરમું ગુણસ્થાન પણ તારું નથી, એવું અમે કોઈ દિ' સાંભળ્યું નથી.' અમે તો સંપ્રદાયમાં તો આવું સાંભળ્યું નહોતું કોઈ દિ'. જાડા શેઠ છે ને આપણે, લાઠીના. કહો, સમજાણું કાંઈ? 'તેરમું ગુણસ્થાન તારું નહિ,...' આહાહા..!

અહીં તો કહે, તેરેય ગુણસ્થાન અચેતન પાક. આવી ગયું છે ને બધું. આ તો કર્તાકર્મમાં નાખ્યું જરી. ... જીવ અસ્તિત્વ ... જીવનું અસ્તિત્વ તો અભેદ ચૈતન્યમૂર્તિ એમાં માર્ગણાના ભેદો એના ક્યાં છે? પુદ્ગલના પરિણામ છે. એનું લક્ષ કરે તો વિકલ્પ ઉત્પન્ન થાય છે અને ભેદ છે. ભેદ એનું સ્વરૂપ નથી. આહાહા..! એકલો ચૈતન્ય. ત્યારે ઓલા શું કહે છે? કે એવો અભેદ કરવા જાશે તો તમે એકલા વેદાંત થઈ જશો. એમ કહે છે. ભગવાન! પણ એમાં ભેદ ક્યાંથી આવ્યા વેદાંતમાં? આ તો ભેદ છે. સમજાણું કાંઈ? આ તો એક એક આત્માની વાત કરે છે. અનંત આત્માઓ ભિન્ન ભિન્ન છે.

જૈનદર્શન એટલે કે વસ્તુદર્શનની વ્યાખ્યા. લોકોને સમજાણી નથી ને એટલે લોકો કાંઈકનું કાંઈક ખેંચી નાખે છે. અને ક્યાંક એમ કહે ત્યારે (એમ કહે), પુદ્ગલકર્મને લઈને વિકાર થાય અમે કહેતા નહોતા? એમ જ આવ્યું આ. કઈ અપેક્ષાએ આવ્યું? એમ નથી આવ્યું. પર્યાય તો વિકારની તારાથી થાય પરલક્ષે, તે કર્મને જેમ નિમિત્ત પુદ્ગલ છે જડ એના લક્ષે થયેલો વિકાર છૂટી જાય છે, દ્રવ્ય સ્વભાવમાં નથી. માટે તેનો નથી અને તેનો કર્તા જીવ નથી. એમ સિદ્ધ કરવું છે. આહાહા..!

કહે છે, એ '**પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન...**' ભાષા પાછી છે ને? અત્યંત અચેતન છે. આહાહા..! વિભાવભાવ સ્વભાવનો અત્યંત અભાવ છે. વિભાવભાવ પુણ્ય-પાપના વિકલ્પો એ સ્વભાવમાં અત્યંત અભાવ છે. એમ આ અત્યંત અચેતન છે. અચેતન એકલાએ સંતોષ ન થયો. અત્યંત અચેતન. જ્ઞાનસ્વરૂપ .. પ્રભુ એમાં ક્યાં હતો? જ્ઞાનનો સૂર્ય ચૈતન્ય. આ તો અંધકાર છે. ભેદ તો અંધકાર છે. સમજાણું કાંઈ?

જેમ રાગ દયા, દાનનો વિકલ્પ અંધકાર છે. અંધકાર એટલે એમાં ચૈતન્યનો અંશ નથી. બહુ આકરી વાત. લોકોને એવી લાગે ને. આ તો જાણે નિશ્ચયાભાસ હોય એવું થઈ જાય છે. નિશ્ચયાભાસમાં રાગ છે અને વ્યવહાર છે એવું આવે છે ક્યાં એમાં? સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં તો કહે છે કે ભાઈ! જો તને આશંકા થતી હોય કે ત્યારે આ બધી માંડી અત્યાર સુધી આ કર્મનો કર્તા નથી.. નથી.. નથી... ત્યારે છે કોણ? હવે કહો ને. જીવ નહિ.. જીવ નહિ.. જીવ નહિ. ભગવાન આત્મા કર્મનો કર્તા નહિ. હવે છે કે નહિ ત્યારે કર્મ? એનો કોઈ કર્તા હશે કે નહિ? કે એનો કર્તા તેર.

હવે જરી આકરી વાત છે જુઓ! આ શબ્દની. **'એવા આ તેર કર્તાઓ જ કેવળ વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ પુદ્‌ગલકર્મને જો કરે તો ભલે કરે;...'** ધ્યાન રાખો. એક વ્યાપ્યવ્યાપકપણે ભિન્ન કર્યું. આ બીજું વ્યાપ્યવ્યાપકનું લેશે. કર્મની અવસ્થા વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ છે? નથી. હવે અહીં બીજી રીતે સિદ્ધ કરે છે. ભગવાન આત્મા વ્યાપક અને તેર ગુણસ્થાન વ્યાપ્ય એમ નથી. અહીં તો પુદ્‌ગલકર્મ વ્યાપક અને તેની વ્યાપ્ય દશા તેર (ગુણસ્થાન) ભેદો છે. વિપાક તેર ભેદ એનો છે એમ ભિન્ન પાડવું છે દ્રવ્યને. ભારે ઝીણું! હવે કહેવું છે જરી હોં!

એક કોર ભગવાન આત્મા, એક કોર પુદ્‌ગલ. બે. હવે પુદ્‌ગલના પાડ્યા ચાર પ્રકાર. એ પુદ્‌ગલ એટલે રજકણ એમ નહિ, હોં! એ બધા જે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય યોગ એ બધું પુદ્‌ગલ. અને એના ભેદો તે તેર. અને તે તેર પુદ્‌ગલ કર્મનો પાક. અચેતનનો પાક તે અચેતનમાં ગયો. માટે અત્યંત અચેતન છે.

**'એવા આ તેર કર્તાઓ જ...'** જુઓ! કર્તાઓ જ. **'કેવળ વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ પુદ્‌ગલકર્મને જો કરે તો ભલે કરે;...'** શું કહે છે જરી? એ પુદ્‌ગલ કર્મ એ તેર તે વ્યાપક થઈને નવી કર્મની કોઈ પર્યાય રજકણ થાય તે એનું વ્યાપ્ય. એ વ્યાપ્યવ્યાપકભાવ બધો પરમાં જાય છે, આત્મામાં નહિ. આહાહા..! પુદ્‌ગલ કર્મના પાકરૂપે તેર અને તેર નવા કર્મને કરે તો તેર ગુણસ્થાન વ્યાપક થઈ પુદ્‌ગલ અને વ્યાપ્ય નવા કર્મના રજકણની અવસ્થા કરે તો એ કરે. આત્મા નહિ.

ફરીને. ઘણા પ્રકારથી રીત બીજી છે ને એટલે જાણે... આ તો નવા કર્મમાં જૂના કર્મનું વ્યાપ્યવ્યાપકપણું છે. જૂના કર્મનો પાક તે તેર ગુણસ્થાન અને તે વ્યાપક થઈને નવા રજકણો બંધાય પર્યાય એ વ્યાપ્ય. એને વ્યાપ્યવ્યાપક થઈને કરે તો કરે, આત્માને શું આવ્યું એમાં? ભારે! એ ધીરેથી સમજવા જેવું છે, હોં! નહિતર આમાં ગડબડ થાય એવું છે. ભગવાન જીવસ્વરૂપ ચૈતન્યમૂર્તિ આત્મા એ તો જ્ઞાનનો સૂર્ય છે. એને અહીંયાં કર્તાકર્મ-પરથી કર્તાકર્મ વર્ણવે છે.

શું કહે છે? જુઓ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની પરમાત્મા, એને આત્મા એવો લાગ્યો છે અને એવો છે કે આ આત્મા જ્ઞાનાનંદ સૂર્ય પ્રભુ એ આઠ કર્મનો કર્તા એ આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી એમ લાગ્યો છે, એમ જોયો છે અને એમ છે. કેમ? કે આત્મા એટલે કે રાગના અસ્તિત્વના વિનાનો, કર્મના અને શરીરના હોવા વિનાનો. ત્યારે જે આત્મા છે એ પોતે રાગના હોવા વિનાનો અને કર્મ વિનાનો એ પોતે રાગને કરે અને કર્મને કરે એમ કેમ બને? આહાહા..! એ પહેલા અસ્તિત્વની હયાતી તો સિદ્ધ કરી ગયા છે. અહીંયાં કર્તાકર્મમાં એ સિદ્ધ કરે છે. ભાઈ! તું ચૈતન્ય સૂર્ય છો. જ્ઞાનાનંદ પ્રભુ પૂર્ણાનંદ આત્મા છે એ આત્મદ્રવ્ય ચૈતન્ય છે. એમાં જે વિકલ્પોની ગુણસ્થાનની હદ અને મર્યાદા જે દેખાય છે-ભેદ, એ બધા પુદ્ગલ કર્મ જડ તેના પાકના એક સમયનું નિમિત્ત, એક સમયનું નિમિત્ત એના નિમિત્તના સંબંધે થયેલો નૈમિત્તિક, સ્વભાવના સંગે નહિ થયેલો તે બધો કર્મ પુદ્ગલ જ છે. એ તેરેય ગુણસ્થાનના ભેદ પુદ્ગલ છે. અને એ પુદ્ગલ પોતે ભેદરૂપ થઈ ચાર અને તેર ગુણસ્થાન થઈને તે ગુણસ્થાન નવા કર્મને વ્યાપ્યવ્યાપકથી કરો તો કરો. એ નવા રજકણની પર્યાય વ્યાપ્ય અને આ પૂર્વના પુદ્ગલ કર્મ અથવા વિકારી ભાવ એ વ્યાપક એમ થઈને કરો તો કરો. પણ જીવદ્રવ્યને શું આવ્યું આમાં? આહાહા..! ભારે વાતું, ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પરિણામી અને પરિણામ સ્વરૂપ જ શુદ્ધ છે. અશુદ્ધ એનું પરિણમન જ નહિ. ભગવાન ચૈતન્યની અંદર સ્વરૂપની ખાણમાં મલિનતા પડી છે? મલિનતા ક્યાં (છે)? એ તો નિર્મળાનંદ સચ્ચિદાનંદ સિદ્ધ સમાન સ્વરૂપ છે. આત્મા સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદની મૂર્તિ છે. ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાનીએ એવો આત્મા કહ્યો છે. એ આત્મા નવા રાગને કરે નહિ તો કર્મનો કર્તા કેમ હોય? એમ અહીં સિદ્ધ કરે છે. આહાહા..!

કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની મૂર્તિ દ્રવ્ય વસ્તુ, વસ્તુ પદાર્થ એ પોતે નવા કર્મનો કર્તા અને કર્મ તેનું કાર્ય એમ છે જ નહિ વસ્તુમાં. ત્યારે (કોઈ કહે), દેખાય છે ને? દેખાય છે તો એ દેખાય છે. ભગવાન આત્મામાં અવસ્થામાં જે કંઈ ભેદ, પુણ્ય-પાપ, કામ-ક્રોધ આદિના ભેદો, તેર ગુણસ્થાનના ભેદ એ પૂર્વનો કર્મ પાક, કર્મનો પાક, આઠનો પાક તેના પાકના ફળરૂપે ભેદ દેખાય છે વિકાર આદિ. અને તે વિકારના તેર ભેદો નવા કર્મને કરે તો કરો. જુઓ! અહીંયાં નવા કર્મમાં વ્યાપ્ય અને વ્યાપક તે વિકારી પરિણામ. એ વિકારી પરિણામ તે પુદ્ગલ. અરે..! કોઈ દિ' આ સાંભળ્યું ન મળે. વીતરાગ શું કહે છે? જૈન પરમેશ્વર શું કહે છે? એની વાડામાં જન્મ્યા એને ખબર ન મળે. સમજાણું? હવે એ ક્યારે એ અંદરમાં ઉતરે કે આ કોઈ ચીજ મારામાં નથી. પ્રાણભાઈ! નવરાશ ક્યાં છે પણ સંસારને આડે. ફુરસદ મળતી નથી. મરવામાં ફુરસદ મળશે, આ નથી મળતી કે આ શું ચીજ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરમેશ્વર ત્રિલોકનાથ ફરમાવે છે કે આત્મદ્રવ્ય એ આઠ કર્મનો કર્તા નથી. કેમ કે આઠ કર્મ થાય તે રજકણની પર્યાયથી થાય છે અને એના કારણરૂપે વિકારી પરિણામ પણ કર્મના પાકથી થયેલો ભાવ છે. માટે એ પાકને પણ પુદ્‌ગલ કહી, અત્યંત અચેતન કહી એનાથી કર્મ થાય એટલે એ અચેતન પરિણામ વ્યાપક થઈને નવા રજકણની વ્યાપ્ય અવસ્થાને કરો તો કરો, દ્રવ્ય સ્વભાવમાં શું આવ્યું? સમજાણું કાંઈ?

એકલો પ્રભુ ચૈતન્યબિંબ છે ને. એને અમે આત્મા કહીએ અને તું છે આત્મા એમ કહીએ છીએ. આહાહા..! વિજ્ઞાનઘન છે આત્મા. ચૈતન્યની જ્યોત સર્વજ્ઞ પરમેશ્વરે એમ જોયો છે. એ વસ્તુ સ્વરૂપ જે છે પરમાત્મસ્વરૂપે પરમ આત્મ એટલે પરમ સ્વરૂપ પોતાનું છે શુદ્ધ. એ વિકારને કેમ કરે? સમજાય છે કાંઈ? ઓલા કળશ છે ને? ભાઈ! પહેલા .. હણાય. આમાં ભાવકર્મ, દ્રવ્યકર્મ બેય નાખ્યું છે ટીકામાં. આ ટીકા છે ને. આમાં. અધ્યાત્મ તરંગીણી. એમાં નાખ્યું છે. .. ભેગું છે એ. બે ભેગું છે. એક જ છે. માટે આમાં ખુલાસો એટલો કર્યો. માથે કળશ છે ખરો ને? અહીં તો એ વિકાર અને કર્મ બે એક જ જાત છે. આત્માની જાત નથી એમ સિદ્ધ કરવું છે. એને એનાથી દૃષ્ટિ છોડાવીને જ્ઞાયક સ્વરૂપની દૃષ્ટિ કરાવવી છે. ભાઈ! તું તો ચૈતન્ય છો. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગડમથલમાં

ઉત્તર :- ગડમથલમાં ગોટામાંથી .. એમ નીકળ્યું એમ કહે છે એ. નીકળ.. નીકળ.. રાગમાં સલવાઈ ગયો છો કે રાગ તે હું. કર્મ મેં કર્યું. કર્મની પર્યાયમાં રાગ કારણ અને રાગ તે પુદ્‌ગલનો પાક (છે). ચૈતન્યનો પાક ક્યાં છે એ? એ તો અચેતન છે. તેર ગુણસ્થાન અત્યંત અચેતન છે. એ અચેતન અવસ્થા લાંબી થઈને જરી, વ્યાપક થઈને પુદ્‌ગલ પોતે વ્યાપક થઈને નવા કર્મના રજકણોની અવસ્થામાં વ્યાપ્યમાં પ્રસરો તો પ્રસરો. એક રજકણ વ્યાપક અને એની પર્યાય વ્યાપ્ય, એ અહીં અત્યારે નથી લેવું. આહાહા..! સમજાણું કાંઈ?

નહિતર વ્યાપ્યવ્યાપક તો એને કહેવાય કે એક દ્રવ્ય પોતે વ્યાપક અને એની પર્યાય વ્યાપ્ય. અહીં એક દ્રવ્ય પોતે વ્યાપક એટલે કે જીવ વ્યાપક એની પર્યાય વિકાર વ્યાપ્ય એમ નથી. કર્મ દ્રવ્ય વ્યાપક અને એની વ્યાપ્ય વિકારી પર્યાય. અને વિકારી પર્યાય વ્યાપક થઈને નવા કર્મને વ્યાપ્યને કરે છે. આત્મા કર્તા નથી. એય..! ધર્મચંદજી! કોઈ દિ' સાંભળ્યું ન હોય .. ત્યાં. નવરાશ કે દિ' છે ત્યાં? આહાહા..! તારી મહત્તા તો જો. એમ કહે છે. તારી મહત્તા એ હોય કે કર્મને કરે? તારી મોટપ, તારી મહત્તા પરમાત્મા પોતે વિકારને કરે? પરમાત્મા પોતે નિર્મળાનંદ પ્રભુ એ મેલને કરે? નિર્મળાનંદ પ્રભુ નવા કર્મનું નિમિત્ત થાય એવો એ થાય? ન થાય, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન નિર્મળાનંદ પ્રભુ આત્મા એ નિર્મળ મેલને કરે? અને મેલ તે પોતે કર્મને કરે? એ મેલ જ તારો નથી (ત્યાં) કર્મને કરે એ રહ્યું ક્યાં તારામાં? એમ કહે છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? એવા તેર કર્તાઓ. પહેલા એક સિદ્ધ કર્યું, પછી ચાર કર્યા, પછી તેર કર્યા, જે કર્મના પાક કહ્યા. પછી કહ્યું, '**તેર કર્તા કેવળ વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ પુદ્‌ગલકર્મને જો કરે તો ભલે કરે;...**' લ્યો! તેર પુદ્‌ગલ પરિણામ એ નવા કર્મને કરો તો કરો. '**તેમાં જીવને શું આવ્યું?**' વસ્તુ ભગવાન ચૈતન્યમય એમાં શું આવ્યું? કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ જ વિકાર રહિત છે. વિકાર કર્તા અને કર્મ કાર્ય એ આત્મામાં ક્યાં આવ્યું? એ તો વિકાર કર્તા થયો. આત્મા કર્તા અને વિકાર કાર્ય થાય એમ આવ્યું? કે વિકાર કર્તા અને કરવું એ બેય એક જ ચીજ થઈ ગઈ. જુદા છે નહિ. કર્મ કર્મને કરે, વિકાર વિકારને કરે, જડ જડને કરે, અચેતન અત્યંત તેર ગુણસ્થાન તે જડને કરે. ભગવાન ચૈતન્યમૂર્તિ શું કરે? એ તો જ્ઞાનની મૂર્તિ છે તે પોતામાં રહે. આહાહા..!

મુમુક્ષુ :- એ તો જાણે છે ને.

ઉત્તર :- જાણવાનું પોતાનું સ્વરૂપ છે, એ તો બતાવવું છે.

'**(કાંઈ જ નહિ.) અહીં આ તર્ક છે કે...**' શિષ્યનો પ્રશ્ન છે, મહારાજ! તમે આટલું બધું કાઢી નાખો છો. પણ અમને તો લાગે છે કે આ દુઃખ વેદે છે એ જીવ વેદે છે. અમને એમ લાગે છે. તમે બધું કાઢી નાખો છો પણ અમને વેદાય છે. ઓલા કર્તાને સિદ્ધ કરવા વેદકને સિદ્ધ કરે છે પહેલું. મહારાજ! તમે કર્તા કર્તા કાઢી નાખો છો પણ '**પુદ્‌ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો) જીવ પોતે જ મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્‌ગલકર્મને કરે છે.**' મહારાજ! આ વેદાય છે ને વિકાર? એ જીવ વેદે છે દુઃખને... દુઃખને... દુઃખને... દુઃખને. એમ અજ્ઞાનીનો પ્રશ્ન છે. આશંકા તરીકે. મહારાજ! કર્તા તમે કાઢી નાખ્યું પણ આ વેદાય છે ને? દુઃખ કાંઈ જડ વેદે? સાંભળજો. શંકામાં પણ કેવું નાખ્યું આચાર્યે? ગજબ વાત નાખી. મહારાજ! આ દુઃખ વેદન તો જીવમાં દેખાય છે ને. દુઃખનું વેદન, દુઃખનું ભોગવવું, હરખ-શોકનું ભોગવવું, પીડાનું ભોગવવું એ તો પ્રભુ આત્મામાં દેખાય છે અને તમે કહો છો કે પુદ્‌ગલ પુદ્‌ગલનું કરે. '**પુદ્‌ગલમય મિથ્યાત્વાદિને વેદતો...**' જુઓ! મહારાજ! એ વિપરીત માન્યતાને વેદે, એ રાગ-દ્વેષને વેદે એવો '**જીવ પોતે જ મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્‌ગલકર્મને કરે છે.**' મહારાજ! આ વેદવાથી સિદ્ધ થાય છે કે આત્મા કર્મને કરે છે. એ જીવ વેદે છે કે નહિ? વિકારનું, હરખ-શોકનું પર્યાયનું વેદન તારું નથી એમ સિદ્ધ કરશે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીં. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પ્રશ્ન તો સાચો છે.

ઉત્તર :- સાચો એટલે એના અજ્ઞાનનો પ્રશ્ન છે. ચૈતન્યમાં હરખનું વેદવું ક્યાંથી આવ્યું? કહે છે. એ તો પુદ્‌ગલના પરિણામ વિકારી વેદન એ આત્માનું વેદન છે? આત્માનું વેદન તો આનંદનું હોય. આ હોય દુઃખનું વેદન? એઈ..! જ્ઞાનમાં તને વેદન દેખાય છે એ જીવ સ્વરૂપનું નથી. એ અચેતન દુઃખદાયક છે. આહાહા..! એ ચૈતન્યના નુરના પ્રકાશનો ભાવ દુઃખમાં નથી આવ્યો. આહાહા..! વેદન તું કહે છો કે મિથ્યાદષ્ટિ આદિ વેદતો જીવ પોતે જ મિથ્યાદષ્ટિ થઈને પુદ્‌ગલ કર્મને કરે છે. મહારાજ! વેદનમાં તો દુઃખ જીવને દેખાય છે, હોં! અને એ વેદે છે માટે મિથ્યાત્વને વેદતો નવા કર્મને કરે છે. મહારાજ! ઈ બધું તમે કાઢી નાખો છો.

'**(તેનું સમાધાનઃ-)...**' જુઓ! ક્યાં વાતને લઈ ગયા છે? ગજબ વાત. ભાઈ! એ જેમ તેર ગુણસ્થાનને ચૈતન્યના પ્રકાશથી ભિન્ન અચેતન કહ્યા. ભાઈ! તારું ભોગવવું એ તને અવિવેક છે. આ તર્ક ખરેખર અવિવેક છે. બાપુ! આ તર્ક કેમ છે? શ્રુતજ્ઞાનમાં તર્ક ઉઠાવ્યો છે અજ્ઞાનીએ. સમજાય છે? વેદાય છે ને .. વેદાય છે ને. આમ શ્રુત જાય તો સમાધિ વેદાય. આમ જાય તો રાગને વેદે શ્રુત. સમજાય છે? મહારાજ! આ શ્રુતમાં જણાય છે ને વિકાર વેદે છે? દુઃખ થાય છે. સમજાય છે? આકુળતા થાય છે. એ તો જીવ પોતે જ એને વેદતો થકો નવા કર્મને (કરે છે). પાછો વેદતો થકો મિથ્યાદષ્ટિ થઈને. સમજાય છે? એમ રાગ-દ્વેષને વેદતો થકો પોતે જ ઊંધી દૃષ્ટિ થઈને કર્મને કરે છે. ભાઈ! આ તર્ક ખરેખર અવિવેક છે, હોં! આહાહા..! ભાઈ! તને રાગના દુઃખનું વેદન એ તને ચૈતન્યનું ભાસે છે. એ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ હરખ-શોકના વેદન ભગવાન એ ચેતનના નહિ. એ તો અચેતન છે. એ તને અનુભવ લાગે છે કે જીવના (છે). પણ એ જીવનો અનુભવ નહિ. આહાહા..! બાપુ! અતીન્દ્રિય આનંદમય સ્વરૂપ તેને ચૈતન્ય કહીએ. અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન એને આત્મા કહીએ. ભાઈ! હરખ-શોકના વેદન એ આત્મા હોય? ભાઈ! એ તારો અવિવેક છે, બાપુ! હરખ-શોકને વેદે છે જીવ, એ તું માને છે એ જ અવિવેક છે એમ કહે છે આમ તો. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા સચ્ચિદાનંદ સિદ્ધ સમાન સ્વરૂપ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એવો ભગવાન આત્મા... ભાઈ! એ વિકારને વેદે? બાપુ! અવિવેક છે. તને વેદનની વિકૃત દશા અને સ્વભાવ ભિન્ન એની તને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા..! ફરી જા કહે છે અંદરમાં. આ ક્યાં આમ આવ્યો? હરખ-શોકના વેદન એ તો અચેતન છે, પ્રભુ! ત્યાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ક્યાં આવ્યો તું? અને ત્યાં ક્યાં તારું અસ્તિત્વ-હોવાપણું સ્વીકાર્યું? ભાઈ! એ તારો અવિવેક છે. હરખ-શોકનું વેદવું એ અવિવેક (છે), ખરેખર તર્ક અવિવેક છે.

'**કારણ કે ભાવ્યભાવક...**' ઓલું વ્યાપ્યવ્યાપકનું હતું. '**ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી...**' કહો, સમજાણું? એ કર્મ ભાવક અને વિકાર દુઃખ ભાવ્ય, એને આત્મામાં અભાવ છે. સમજાણું કાંઈ? આત્મા દુઃખની અવસ્થારૂપે, ભાવ્યરૂપે થાય તેનો અભાવ છે. આહાહા..! ભાવક પુદ્ગલ કર્મ અને અવસ્થા વિકારી જીવનું ભાવ્ય અને આત્મા વેદે એનો અભાવ છે. આહાહા..! એ ચૈતન્યના નુરના પિંડમાં ... ભગવાન! એ કર્મનો પાક અને હરખ-શોકનું વેદન એ ભગવાન આત્મામાં તો અભાવ છે ને. સમજાણું કાંઈ? ચંદુભાઈ! આવી ઝીણી વાતું ભારે ઝીણી. સમયસારને વાંચવાનું કેટલાકને તો ગોટા ઉઠે. આગળ-પાછળ સમજેને.

આ તો બાપુ! પરમેશ્વર શાસ્ત્ર છે. ભાગવત શાસ્ત્ર (છે) આ. અન્યમતિમાં કહે છે ને કે ભાગવત. એ તો બધું સમજવા જેવું... આ તો પરમેશ્વરની કથા છે, ભાઈ! ભાગવત શાસ્ત્ર છે. ભગવાનનું કહેલું ભાગવત શાસ્ત્ર. ઓલા કહે છે ને? ભાગવત શાસ્ત્ર ને કેવી સપ્તાહ? પારાયણ સાત દિ' સાંભળે. જાવ થઈ ગઈ મુક્તિ. આ વળી કહે, કલ્પસૂત્ર એકવાર વાંચે તો થઈ જાય મુક્તિ. એમ આવે છે ને? કેટલી વાર આવે છે? ૨૧ વાર. અહીં તો કહે છે, અનંત વાર કલ્પ સૂત્ર સાંભળે તો પણ પુણ્ય પણ તારા પરિણામથી થાય. લ્યો! મુક્ત તો ક્યાંથી થાય?

એ વિકલ્પ ઉઠે ને સાંભળવાનો, કહે છે કે એનો કર્તા તું નહિ. અને એમાં જરી હરખ આવે કે આહાહા..! આહાહા..! એ હરખ તારી ચીજ નહિ. આહાહા..! સમજાય છે? ત્યાં ભગવાન આનંદકંદમાં હરખ પડ્યો છે અંદર. હરખ-શોકનું વેદન એના ચિદ્દ્ઘનમાં છે? નથી. લ્યો! પોક મૂકે છે ને અરેરે..! મારી નાખ્યા, દુઃખથી ઘેરાઈ ગયા. કર્મના એવા પાક આકરા આવ્યા. શું કહે છે? ભોંમાંથી ભાલા ઉઠ્યા. અરે..! ભગવાન સાંભળને. ભોમાંથી ભાલા સમજ્યા? આ જમીન હોય ને જમીન? એમાંથી લોઢાના બાણ નીકળે. ભાલા ભાલા નથી હોતા? ભાલા. એ જમીનમાં આમ ખૂંચીને પડ્યું હોય. આમ (નીકળે). અરે..! ભોમાંથી ભાલા ઉગ્યા. એમ કહે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હાથમાં તો હોય પણ... જમીનમાં ખૂંચેલા. એમ કે કર્મ એવું છે કે ભોમાંથી ભાલા ઉગે. બાપુ! એવું હેરાન-હેરાન થઈએ છીએ. બાપુ! એ વિકારને વેદવું તારું સ્વરૂપ જ નથી, હવે સાંભળને! શેનો પોકાર કરી રહ્યો છે તું? આહાહા..! સમજાય છે કે નહિ? એય..! અમરચંદભાઈ! આ તો માંડ કો'ક દિ' સાંભળે અડધો દિ'. એમાં ક્યાં આમાં...?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આખો દિ' રાંચીમાં રળવું... રળવું... રળવું. આ શું કહે છે?

ઘડીકમાં કહે કે વિકાર આત્મા કરે અને સુખ-દુઃખ આત્મા ભોગવે. કર્મ કરે નહિ અને કર્મનો ભોગવટો આત્માને (નથી). જડને ન હોય. અહીં કહે છે કે હરખ-શોકનું વેદન આત્માનું ન હોય. એ તો અચેતન છે. ભાઈ! આ કઈ અપેક્ષા છે? કે જે ચૈતન્ય આનંદમાં નથી એવી વિકૃત દશા, દુઃખ તો વિકૃત દશા છે, એ કાંઈ અવિકારી સ્વભાવ નથી. એથી વિકૃત દશામાં ચૈતન્યના તેજના ભંડાર નથી એમાં. એના ભંડારમાં તો અતીન્દ્રિય આનંદ પડ્યો છે. એ દુઃખની દશા એ કર્મના પાકમાં તારી નજર જતાં અસ્થિરતાનું વેદન વિકાર દુઃખનું એ ચૈતન્યનું નહિ. તું કહે છે કે અમારો આત્મા ઈ વેદે અને એ પાછો કર્મને બાંધે મિથ્યાદૃષ્ટિ થઈને. ના ના. આત્મા મિથ્યાદૃષ્ટિ થતો નથી, વિકારને વેદતો નથી, કર્મને બાંધતો નથી. આહાહા..!

એના પરમાત્માના તેજનું શું સામર્થ્ય છે એની એને ખબર નથી. એનું સામર્થ્ય દુઃખને વેદવું એ સામર્થ્ય તારું નહિ, એમ કહે છે. આહાહા..! ભગવાને વીર્યગુણ વર્ણવ્યો છે ને શાસ્ત્રમાં. ૪૭ ગુણમાં. વીર્ય એને કહીએ કે જે સ્વરૂપની રચના કરે એને વીર્ય કહીએ. એવી વાત લીધી છે ત્યાં. રાગને રચે, હરખ-શોકને વેદે એ વીર્ય જ નહિ. આત્મવીર્ય જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મામાં એક બળ નામનો ગુણ પડ્યો છે-વીર્ય નામનો. કહે છે કે એ ભગવાન આત્માનું વીર્ય તો સ્વરૂપની રચના કરે. શાંતિની, આનંદની, મોક્ષમાર્ગની, નિર્મળાનંદની, સિદ્ધપદની રચના કરે એ વીર્ય કહેવાય. વિકારને રચે અને વિકારને ભોગવે એને વીર્ય જ કહેતા નથી, આત્માનું બળ જ કહેતા નથી, ભાઈ! આહાહા..! એ આત્માનું બળ નહિ. એ વિકારી બળ પરમાં નાખી દે. આહાહા..! વીતરાગ દર્શનની બલિહારી છે ને! એ અલૌકિક વાત. ભાઈ! ત્રણ કાળમાં આ વાત બીજે હોય નહિ. એના જાણનારા હોય એને જાણે અને માણનારા માણે, બાકી બધા ઉભા ઉભા જોયા કરે. મશ્કરી કરે, મશ્કરી કરે કે આવો માર્ગ હોય? આવો હોય? અરે..! સાંભળ બાપા! સમજાણું કાંઈ? એ 'માહી પડ્યા તે મહાસુખ માણે, દેખનારા તે દાઝે જો ને.' દેખનારા દાઝે, લ્યો! અંદર પડ્યા .. નથી કરતા ક્રિયા, નથી વ્યવહાર, ફલાણુ.. હવે સાંભળને. એમાં જ મજા છે. આહાહા..!

એ સ્વરૂપની દૃષ્ટિ અને એના વેદનમાં રહેવું એ જ વસ્તુ છે. વિકલ્પ-ફિકલ્પમાં પ્રવૃત્તિ ફ્વૃત્તિ આત્મામાં કે દિ' હતી એમ કહે છે. સમજાણું કાંઈ? કહે છે.. કેવી રીતે વાત ઉપાડી છે, જોયું? સમજાણું? .. દુઃખ થાય એ જડ છે પરમાણુ છે. પુદ્ગલ, આત્મા નથી. એમ નથી. બાપુ! વેદાય છે તો એની પર્યાયમાં. પણ એ વસ્તુ સ્વભાવ નથી. એમ અહીં સિદ્ધ કરવું છે. પાછા કહે, શરીરના ધર્મ શરીર વેદે. વળી એમ બોલે કેટલાક. આ રોગ આવે ને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શરીરમાં? ભાઈ! શરીરનો ધર્મ શરીર વેદે. શરીરે કર્યા શરીર ભોગવે. એમ કરીને બધું નાખે જડમાં. એમ અહીં નથી નાખવા. અહીં તો વિકૃત અવસ્થા છે તો એના પર્યાયમાં પણ એ દ્રવ્યસ્વભાવ નથી માટે તેને અચેતનના કહીને આત્મા એનો ભોક્તા નથી એમ કહેવું છે. વાત એ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એક .. હતો, તમારે રાણપુરમાં. ઓલો ખત્રી, ખત્રી રૂગનાથ. તમે મહારાજ એમ કહો છો કે બધું ત્રણ કાળને જાણે, તો પરમાણુની અંદર ગર્યા વિના શી રીતે જાણે? વળી એમ એણે પ્રશ્ન કર્યો, લ્યો. ઘણી જાતના પ્રશ્ન આવે ને? પરમાણુ છે ને આ પુદ્ગલ. એમાં પેસે તો જાણે ને. અંદરમાં પેઠા વિના શી રીતે જાણે? અંદર પેઠા નથી માટે એને જ્ઞાન હોય નહિ. માટે જડ જ નથી એક જ આત્મા છે, એમ. અરે..! એમ નથી ભાઈ! સાંભળને. રજકણ આદિમાં પ્રવેશ કરીને જાણે એ તે કંઈ જ્ઞાન કહેવાય? જ્ઞાન ભિન્ન રહીને (જાણે છે). આ આંખ અગ્નિનું જ્ઞાન કરે છે તો આંખ ગરી જાય છે અગ્નિમાં? આંખ એટલે આ નહિ, હોં! જ્ઞાન જાણે છે ને? અગ્નિ ઉષ્ણ છે. જ્ઞાન ઉષ્ણમાં જાય છે? ઉષ્ણમાં જાય તો ઉષ્ણ થઈને જ્ઞાન બળી જાય. જ્ઞાન ઉષ્ણમાં ગયા વિના ઉષ્ણનો જે સ્વભાવ છે તે જ્ઞાનમાં બરાબર જણાય છે. એમ જડના સ્વભાવમાં ચૈતન્ય ગયા વિના જડનો સ્વભાવ જેવો છે એવો જ્ઞાન જાણે છે. ભારે વાંધા. નિશ્ચય કહેવા જાય તો કહે આ વેદાંતી છે. વ્યવહાર કહેવા જાય તો કહે, એઈ.. વ્યવહાર કરતા નથી માટે નિશ્ચયાભાસી છે. એઈ..! બેય કોર અજ્ઞાનીની ભૂલ.

ભાઈ! પરમેશ્વર તો એમ કહે છે, બાપુ! પોતે સર્વજ્ઞ થયા છે. પરમેશ્વર સર્વજ્ઞ થયા છે. તો સર્વજ્ઞમાં રાગ અને કર્મ છે એને? જો હોય તો તો સાથે રહેવા જોઈએ. આત્માના સ્વભાવમાં રાગ અને કર્મ બેય છે નહિ. કર્મ અને શરીર એ અજીવ છે અને રાગ દયાનો, હરખ-શોકનું વેદન તે આસ્રવ છે. રાગ અને પુણ્ય-પાપના ભાવ તે આસ્રવ છે, હરખ-શોકનું વેદન પણ આસ્રવતત્ત્વ છે. એ આસ્રવતત્ત્વ અને અજીવતત્ત્વ બેને એક નાખીને અજીવમાં નાખી દઈને એ આસ્રવનો કર્તા પુદ્ગલનું કર્મ અને એ આસ્રવતત્ત્વ કર્તા નવા કર્મને વ્યાપક થઈને કરે. આત્માનું છે નહિ. એમ સિદ્ધ કરવું છે અહીં. આહાહા..!

ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપે, કહે છે કે તે બધા વેદનના પ્રકાર ખરેખર જીવના નથી. વસ્તુના સ્વરૂપમાં નથી. તને ભ્રમ થાય છે. હું દુઃખ વેદું એ તને ભ્રમ છે એમ કહે છે અહીં. એય..! ભાઈ! દુઃખની અવસ્થા એ વિકૃત છે. તને ભ્રમ થાય છે કે હું વેદું છું. ભાઈ! એ ભ્રમ તારું સ્વરૂપ નથી. ભ્રમેય નથી તારું સ્વરૂપ. એ તો મિથ્યાત્વમાં નાખી દીધું. અને દુઃખનું વેદન ભાવ્ય તારું નથી. એ તો કર્મના પાકની અવસ્થા ભાવ્ય, તેનો ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાણનાર ભિન્ન છે. ભાવ્યભાવકભાવ. ભાવ્યભાવકભાવ, એનો અભાવ. આહાહા..! કર્મનો પાક એવો જે ભાવક, એનું જે ભાવ્ય થયેલું હરખ પરિણામ, શોક પરિણામ, દુઃખ પરિણામ એ ભાવ્યભાવકભાવ. ભગવાન આત્મામાં તેનો અભાવ છે. સમજાણું કાંઈ? આ કથા. વીતરાગની કથા પણ ભારે. સમજાણું? આ વીતરાગ કથા છે.

ભાઈ! વીતરાગી સ્વરૂપમાં રાગ ક્યાંથી આવ્યો? અને વીતરાગી સ્વરૂપ ભગવાનમાં હરખ અને શોક ક્યાંથી આવ્યો? કાંઈ હરખ અને શોકની ખાણ છે? કે ના ભાઈ! એ તો કર્મના લક્ષે અચેતનનું વેદન એને જીવ કેમ કહીએ? હરખ-શોકના વેદનથી તારું સ્વરૂપ ભિન્ન છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા એ રાગને પણ કેમ કરે? કર્મને કેમ કરે? હરખને કેમ વેદે? અને વેદીને નવા કર્મમાં પોતે કર્તા થાય એમ કેમ થાય? એ તો કર્મનો પાક અને કર્મના બંધનને કરે એ નાખ બધું પરમાં. આત્મામાં છે નહિ. જૂના કર્મમાં વ્યાપક થઈને નવા કર્મમાં થોડી વાર ઓલો વિકલ્પ થઈને કરે.. કરો, એમાં આત્મદ્રવ્યનું શું આવ્યું? ત્યાં નાખ્યું વ્યાપ્યવ્યાપકપણું. સમજાણું કાંઈ? એમ ભાવ્યભાવકપણું પણ પુદ્ગલમાં વર્તે છે, પ્રભુ! તારા ચૈતન્યમાં નહિ.

એ '**ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી આત્મા નિશ્ચયથી પુદ્ગલદ્રવ્યમય મિથ્યાત્વાદિનો ભોક્તા પણ નથી,...**' ... ભોક્તાનું. ઓલો એક પ્રશ્ન હતો ને કે મને દુઃખ વેદાય છે ને? ના, ના. દુઃખને વેદે એ આત્મા નહિ. તને ભ્રમ થઈ જાય છે અજ્ઞાનથી. આહાહા..! સમજાણું? સમકિતી શ્રેણીક રાજા હતા. લ્યો! કોણિક મારવા આવ્યો હતો. માથું ફોડ્યું.. નથી, હોં! તને ખબર નથી. એ જ્ઞાનની લીલામાં એ રાગ અને હરખનો ભોક્તા જ નથી. સમજાણું કાંઈ?

આણે દાખલો આપ્યો નહિ? ભાઈ મખનલાલજીએ. ઓલામાં આપ્યો દાખલો. વળી ઓલા ના પાડે છે. ઓલાએ દાખલો આપ્યો આ. 'નારકી બાહ્ય કૃત ભોગત, અંતર સુખની ગટાગટી.' તમે નારકીને ચોથા ગુણસ્થાને આનંદની ગટાગટી કહો છો તો નિશ્ચય તો કરો કે ચોથું ગુણસ્થાન આનંદ કેમ પ્રગટે છે? ઓલો કહે, ... આનંદ હોય નહિ. હવે બેમાં વાંધા. કાલે જ એ લખાણ આવ્યું હતું. સમજાય છે? 'નારકી બાહ્ય કૃત દુઃખ ભોગત, પણ અંતર સુખની ગટાગટી.' સમ્યગ્દૃષ્ટિ છે નારકીમાં શ્રેણિક રાજા અત્યારે પહેલી નરકમાં છે. એ આનંદના વેદનની પ્રધાનતા એને છે. આહાહા..! માટે ખરેખર તે દુઃખનો ભોક્તા આત્મા નથી. એમ સમ્યગ્દૃષ્ટિ પણ ખરેખર દુઃખનો ભોક્તા નથી. એમ અહીંયાં સિદ્ધ કરવું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**કારતક વદ ૫, રવિવાર તા. ૪-૧૨-૧૯૬૬**
**શ્લોક-૧૦૯ થી ૧૧૫, પ્રવચન-૨૦૭**

સમયસાર. કર્તાકર્મ અધિકાર. ૧૦૯, ૧૦, ૧૧, ૧૨ એની ટીકા ચાલે છે. શું કહે છે આમાં? જુઓ! આપણે અડધું આવી ગયું. આ આત્મા છે એ શું કરે તો અજ્ઞાન કહેવાય અને શું કરે તો જ્ઞાન કહેવાય એની વાત ચાલે છે. આત્મા છે એ ચૈતન્યસ્વરૂપ શુદ્ધ આનંદસ્વરૂપ છે. એ પુણ્ય-પાપના રાગને કરે કે કર્મને કરે એવું એના સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? ત્યારે આઠ કર્મ જે બંધાય છે એનો કર્તા કોણ છે? ત્યારે કહે છે, એ આઠ કર્મના રજકણો જે ઝીણા બંધાય છે એનો કર્તા પુદ્ગલ જ છે, આત્મા નહિ. આત્મા તો જ્ઞાન ચૈતન્યસ્વરૂપ છે. પુદ્ગલ છે તો પુદ્ગલના ભેદ કેટલા? પુદ્ગલના ભેદ ચાર. મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ. એ ચાર છે વિકારી પરિણામ. વિકારી અશુદ્ધ પરિણામ. પણ એને અહીંયાં ચૈતન્ય જ્ઞાન એ અજ્ઞાન (કહ્યા) છે. અજ્ઞાન છે એટલે આ જ્ઞાન નહિ એટલે અજ્ઞાન છે એટલે પુદ્ગલ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યજ્યોત શુદ્ધ સ્વરૂપ એ જ્ઞાનમૂર્તિ છે. એ અને પુણ્ય-પાપના વિકલ્પો રાગ કે કર્મ એ બધું અજ્ઞાન છે. અજ્ઞાન એટલે એક કોર જ્ઞાયકસ્વભાવ અને એક કોર અજ્ઞાન. અજ્ઞાન એટલે કે એમાં જ્ઞાન નથી. તેથી જ્ઞાન નથી જેમ જડના રજકણમાં જ્ઞાન નથી, એમ વિકારી મિથ્યાત્વ અને વિપરીત અભિપ્રાય, અવ્રતભાવ, કષાય અને યોગ એ પણ અજ્ઞાન જ છે, પુદ્ગલ જ છે. ધીરુભાઈ! ભારે ઝીણું, ભાઈ! અને તે ચારના ભેદ તેર પડે છે. મિથ્યાત્વ આદિ સયોગી ગુણસ્થાન સુધી. ઓહો..! સયોગપણું પરિણામ પણ અચેતન છે. સજોગ કંપન્ન એ પણ અચેતન છે. કેમ કે આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસૂર્ય એનો જેમાં યોગનો, પણ કંપન્નનો અભાવ છે, અકંપસ્વરૂપ જ્ઞાનનો અભાવ છે. કંપન્ન ક્રિયા છે. તેથી તેને અજ્ઞાન કહી, તેને પુદ્ગલ કહી અને તે તેર ગુણસ્થાન પુદ્ગલના કર્તા છે. ભારે ઝીણું ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચાલે છે એમાં બધું વિરૂદ્ધ છે. હમણાં ઓલા .. વાત થઈ કે આ બધી ક્રિયાઓ કરે ને જે વિધિસર ક્રિયા કરે અને અવિધિએ કરે તો... જયંતિભાઈ! વિધિએ કરે તો? પણ ક્રિયા કઈ ક્રિયા? એય.! જયંતિભાઈ! બહારની ક્રિયા જડની અને બહુ તો અંદર રાગની. વિધિએ કરે તો બરાબર અને અવિધિ કરે તો દોષ લાગે. અહીં કહે છે કે એ વિધિ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને અવિધિ વસ્તુ સ્વરૂપમાં જ નથી. આહાહા..!

ભગવાન આત્મા તો ચૈતન્યબિંબ સ્વરૂપ છે. એ તો રાગ થાય કે દેહની ક્રિયા થાય એનો જાણનાર છે. એ ચૈતન્યજ્યોત રાગને વિધિથી કરે અને એમાં અવિધિ થવા ન દે એવું સ્વરૂપમાં જ નથી. એવું આવે છે, પ્રાણભાઈ! આવે છે ને તમારે ત્યાં આવે છે એમાં શ્વેતાંબરમાં. અવિધિએ ન થાય. વિધિથી થાય. આવે છે ને બધું સાંભળ્યું છે ને વાંચેલું છે.

મુમુક્ષુ :- વિધિ કરતા અવિધિ થઈ જાય.

ઉત્તર :- હા. વિધિ કરતા અવિધિનો પાઠ આવે છે. જે કરવું હોય એ વિધિસર કરવાનું. એ છે ને આવે છે ને પાઠમાં. પણ વિધિ એટલે શું? આ ક્રિયા કરવી, દયાના ભાવ, પૂજાના, ભક્તિના જે પ્રકારની પૂજા કીધી એ પ્રમાણે (કરવું). પણ એ પૂજાના ભાવ છે એ શુભરાગ છે. કેમ કે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એમ. મૂળ તો આમ કરવું.. આમ કરવું... પણ વાત તો સાંભળ હજી. એ તો બધી જડની (ક્રિયા છે). આ તો માટી ધૂળ છે. એનું આમ થવું કે આમ થવું એ બધી ક્રિયા જડની છે, આત્માની નહિ. આત્મા એને કરતો નથી. ચંદુભાઈ! આણે તો બહુ કર્યું છે. બંગલા બંગલા કર્યા છે કે નહિ રાજા સાથે. સીનિયર હતા એ તો .. અભિમાન કર્યા હતા કે શું કર્યું હતું? અભિમાન. ધૂળેય કર્યું નથી.

અહીં તો પરમેશ્વર અને મુનિઓ બીજી વાત કરે છે. ભાઈ! તારું ચૈતન્યબિંબ સ્વરૂપ જ્ઞાનનો પ્રકાશ તે આત્મા. જ્ઞાનના નૂર અને જ્ઞાનના તેજ એ આત્મા. ભાઈ! તેમાં રાગાદિ અને કંપન્ન જે વૃત્તિ ઉઠે છે એ જ્ઞાનના ચૈતન્યનો એમાં અભાવ છે. વિજ્ઞાનઘન ભગવાન એમાં રાગ જે આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ, એ રાગમાં ચૈતન્ય સ્વરૂપ વિજ્ઞાનઘનનો અભાવ છે. માટે તેને અમે અચેતન કહી અને તેને પુદ્‌ગલ કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત! જગતને સત્ય કાને પડે નહિ, સમજે કે દિ'? આહાહા..!

વિધિએ કરવું. પણ કઈ વિધિ? ભગવાન આત્મા એ રાગ... અહીં ચાર બોલને પુદ્‌ગલ જ કહી દીધા છે અને તેરને પુદ્‌ગલ કીધા. તેર ગુણસ્થાન. આહાહા..! મિથ્યાત્વ, અવ્રત આદિ તેરમે જે કંપન્ન આદિ છે એ અચેતન છે. અચેતન અચેતનનો કર્તા. જુઓ! ક્યાં સુધી લઈ ગયા? એ અચેતન છે અને એક સમયમાં રજકણો કદાચિત આવે છે એ અચેતન એનો કર્તા છે. એ પુદ્‌ગલ પુદ્‌ગલનો કર્તા છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યજ્યોત પ્રકાશનું સત્ત્વ છે એ તો. ચૈતન્ય.. ચૈતન્ય.. ચેતનનું ચૈતન્યત્વ અને સત્ત્વ એકલું આખું, જેમાં અનંત અનંત કેવળજ્ઞાન પ્રગટે એવું એ તો સત્ત્વ છે. એમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગ ઉત્પન્ન થાય એવું સ્વરૂપમાં ક્યાં છે? વસ્તુમાં ક્યાં છે? પ્રવિણભાઈ! સવારે સંભાર્યા હતા હોં તમને. એક વાત આવી હતી. બહુ વાંચ્યું હતું અને બહુ.. ત્યાં બહુ કર્યું હતું પહેલા. અરે..! ભગવાન! સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે ભાઈ! પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરના જ્ઞાનમાં એમ આવ્યું અને વાણી એવી આવી કે ભાઈ! એ આઠ કર્મના રજકણને બાંધનાર પુદ્‌ગલ છે, આત્મા નહિ. આહાહા..! ત્યારે કહે, આ ચાર આસ્રવો છે ને? મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ, તેર ભેદ છે ને? ભાઈ! એ તેર તો ચૈતન્યના જ્ઞાનમાં ભેદ નથી. એ તો અચેતનના ભેદ છે. આહાહા..! ચંદુભાઈ!

મુમુક્ષુ :- તેરમું ગુણસ્થાન ...

ઉત્તર :- તેરમું ગુણસ્થાન અને સજોગપણું અચેતન છે. કંપન્ન છે એ અચેતન છે. વ્યાપ્યવ્યાપકભાવ અચેતન અને જડ સાથે જાય, આત્મા સાથે નહિ. એ અચેતન વ્યાપક અને નવા રજકણો એક સમયના આવે એ વ્યાપ્ય, એની સાથે સંબંધ છે. ભગવાન તો ચૈતન્યમૂર્તિ એની તું દૃષ્ટિ કર, એનો અનુભવ કર એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. આહાહા..! ભારે વાંધા મોટા. જૈન તત્ત્વ શું છે એ જૈનના વાડામાં જન્મ્યાને ખબર ન મળે. ધર્મની વ્યાખ્યા આવી ક્યાં હતી? આ તો બધા અનાદિના દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો, ઓળી કરવી, આંબેલ કરવી, જાત્રા કરવી, માથે ૯૯વાર ચડી જાવું પાલીતાણે. એ લાખ વાર ચડને હવે સાંભળને. એ તો જડની ક્રિયા આમ ચડવાની થઈ. અંદર તારો રાગ કોઈ મંદ હોય ભક્તિનો તો એ શુભરાગ છે. એ અચેતન છે. ચૈતન્યની જાત નથી. એય..! જયંતિભાઈ! ભારે આકરી વાત.

કહે છે કે ભાઈ! પુદ્‌ગલ દ્રવ્ય એ કરે છે. જીવને શું આવ્યું? એ તેર બોલ પુદ્‌ગલ પુદ્‌ગલને કરે, અચેતનભાવ અચેતનને કરે. કેમ કે મિથ્યાત્વ, અવ્રત આદિના ભેદો અચેતનના ભેદ છે. ચૈતન્ય જ્ઞાનમૂર્તિ એમાં ક્યાં આવ્યો? એવી દૃષ્ટિ કરાવવા એને અચેતન કહી પુદ્‌ગલને અચેતન કરે એમાં જીવ શું આવ્યું? જ્ઞાયકભાવ એમાં ક્યાં આવ્યો? ત્યારે શિષ્યને પ્રશ્ન થયો, મહારાજ! આપ એમ કહો છો પણ અમને દુઃખ વેદાય છે તો જીવને હોં આ. તમે બીજી વાત ભલે કહો. સમજાણું કાંઈ?

મહારાજ! આ વેદન થાય છે ને દુઃખ? એ જીવનું વેદન છે કે નહિ? કે જડને છે? મહારાજ! તમે કર્તા ના પાડો છો કે જ્ઞાયક સ્વભાવ એ રાગનો કર્તા નહિ, પુદ્‌ગલનો કર્તા રાગ અને પુદ્‌ગલ, આત્મા નહિ. ત્યારે આ વેદાય છે દુઃખ. સમજાય છે કાંઈ? આ વેદન થાય છે એ ચૈતન્યને દુઃખ લાગે છે. શું જડને લાગે છે? મહારાજ! આત્મા ભોગવે છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દુઃખને. એ તર્ક તારો અવિવેક છે. સાંભળ! દુઃખ એ પણ વિકાર છે અને વિકાર છે તે અચેતન છે, ચૈતન્ય એને ખરેખર ભોગવી શકતો જ નથી. ભારે વાત ભાઈ! એય..! શશીભાઈ! દુઃખ એ વિકૃતભાવ છે. વિકૃત છે તે અચેતન છે. એ ભગવાન આત્માના જ્ઞાનના તેજ ચૈતન્યના નૂરમાં ક્યાં આવ્યો વિકાર? આહાહા..!

તેથી આમ કહ્યું. પાઠમાં એ લીધું છે ને. વેદક છે ને, વેદાય છે ને? બાપુ! ભાઈ! વેદાય છે એનો તર્ક કર્યો છે ટીકામાં. પણ આમ વેદાય છે ને. શ્રુત દ્વારા, અજ્ઞાન દ્વારા. આ રાગ, આ હરખ, શોક એ જીવમાં દેખાય છે. એ જીવ વેદે છે. લાકડા વેદે? આ શરીર આ તો માટી જડ છે. મહારાજ! પણ એ કર્તા નથી, આત્મા વસ્તુ સ્વરૂપે એ રાગનો કર્તા અને કર્મનો કર્તા પુદ્‌ગલ તે આત્મા નહિ પણ આ વેદે છે એ કર્તા હોય કે બીજો હોય? દુઃખ તો એ આત્માને થાય છે. ભાઈ! તને ખબર નથી. દુઃખદશા એ ચૈતન્યના આનંદથી ઊલટી દશા એ અચેતન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

બાપુ! આત્મા તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. એમાં ઊલટો દુઃખ વિકલ્પ જે છે એ દુઃખ છે એ અચેતન છે. ચૈતન્ય એને વેદે એ આત્મા દ્રવ્યનો સ્વભાવ જ નથી. તને ભ્રમ થઈ જાય છે કે હું આને વેદું છું. એમ કહે છે અહીં. આહાહા..! એઈ..! વલ્લભદાસભાઈ! ભારે વાત, ભાઈ! આ ધમાલમાં સાંભળે ક્યાં પણ? સાંભળવાનો અવસર જ ક્યાં છે? ઓહોહો..! ધમાલ-ધમાલ એ તો આમ જાણે. શું થઈ ગયું જાણે? ધર્મ કરનારો જાણે શું કરે છે! પાંચ-પાંચ લાખ ખર્ચી નાખે, બે લાખ ખર્ચી નાખે (એટલે) જાણે ધર્મ કર્યા. ધૂળમાંય ધર્મ નથી સાંભળને! તારા દસ લાખ એ તો જડ છે. કહો, સમજાણું કાંઈ? કહ્યું હતું ને તે દિ' ગોદિકાને? કે આ તમે કર્યો ને પાંચ લાખનો હોલ? ના, ના. એ તો જડ છે. હોલ તે જડ છે. આત્માથી થાય છે ઈ? પાંચ લાખ રૂપિયા એ જડ છે. આત્મા જડનો હોલ કરી શકે અને જડને વાપરી શકે? .. તમે બનાવ્યોને આ હોલ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૂરા થાય એ થઈ ગયું. પૂરો ન થાય તો એ એને કારણે છે. આહાહા..! ભાઈ! બાપુ! તને ખબર નથી. જડ ને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન. જડ અને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન. કોઈ કોઈના પ્રતાપે નથી.

અહીં તો સૂક્ષ્મ દૃષ્ટિએ ભેદજ્ઞાન બતાવ્યું છે. સમજાણું કાંઈ? બાપા! અંધારામાં કોઈ પણ અંશ પ્રકાશરૂપ ન હોય અને પ્રકાશનો કોઈપણ અંશ અંધારારૂપ ન હોય. એમ ભગવાન આત્મા ચૈતન્ય પ્રકાશના નૂર છે ને ભાઈ! એનો કોઈ અંશ પ્રકાશ વિનાનો ન હોય. એ પ્રકાશ વિનાનો અંશ જે રાગાદિ છે, કંપન્ન છે, ભાઈ! એ અંધારું છે. સમજાણું કાંઈ? એને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અજ્ઞાન કહ્યું છે. અજ્ઞાન એટલે જ્ઞાનસ્વરૂપ એ નહિ. એવા આત્માને અંતર દૃષ્ટિમાં લીધા વિના એને સમ્યગ્દર્શન થાય નહિ અને ત્યાં સુધી એને ધર્મની શરૂઆત થતી નથી. કહો, ચંદુભાઈ! મહારાજ! અમને વેદાય છે ને. સમજાણું કાંઈ? આ તમારા ભણતરથી બહારની વાત છે આ બધી. ધૂળના ભણતર. એલ.એલ.બી ને એમ.એ.ના પૂંછડા વળગાડીને.. અરે..! શાસ્ત્રના ભણતરથી પણ આ બીજી જાતની વાત છે. એકલા ભણી ગયા શાસ્ત્ર પણ એનો ભાવ શું છે એ સમજ્યો નહિ. શાસ્ત્રમાં આત્મા નથી અને શાસ્ત્રના ભણતરમાં આત્મા નથી એમ કહે છે અહીં. આહાહા..! એ રેકોર્ડ પડશે બહાર, હિન્દુસ્તાનમાં જાશે. એટલા માટે તો આ કહેવાય છે. એઈ..!

અહીં તો ભગવાન! શાસ્ત્રનું જ્ઞાન એ ચૈતન્ય હોય તો ચૈતન્યનો જડ થઈ જાય. સમજાય છે? જરી ઝીણી વાત છે, બાપુ! ખરેખર પરલક્ષીનો ઉઘાડ, જે પરસત્તા અવલંબીનો ઉઘાડ તે ચૈતન્ય જ નથી. આહાહા..! એઈ..! જો એ ચૈતન્ય હોય તો ચૈતન્યની શાંતિ મળ્યા વિના રહે નહિ. રાગાદિ તો ક્યાંય રહી ગયા, આ ઉઘાડ પરનો એ ચૈતન્યનું સ્વરૂપ નહિ. પરસત્તાવલંબી જ્ઞાન તે ભગવાન આત્મા નહિ.

કહે છે, વેદાય છે ને, મહારાજ! કર્તા નથી, આત્મા કર્તા નથી. પણ ભોક્તા હોય એ કર્તા હોય ને? તો ભોગવાય છે ને? રાગ-દ્વેષ, હરખ-શોક. ભાઈ! તને ભ્રમ છે. એ જીવ પોતે .. અવિવેક છે એનો. '**કારણ કે ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી આત્મા નિશ્ચયથી પુદ્ગલ દ્રવ્યમય મિથ્યાત્વાદિનો ભોક્તા પણ નથી,...**' ભાઈ! તને ખબર નથી. એ કર્મ જડ ભાવક, ભાવકભાવનો કરનાર અને વિકારી દુઃખ પર્યાય તે ભાવકનો ભાવ્ય છે. ભાઈ! એ પ્રભુ આત્માનો નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! ક્યાં એક પળમાં ચાલ્યા જાય શરીર. ખબર પણ નથી. તું કોણ એને જાણ્યા વિના જાઈશ તો ક્યાં જાઈશ ચોર્યાશીમાં? પત્તો નહિ ખાય ચોર્યાશીમાં. પછી સાધુ થયો હોય તો મરી જાય મહાવ્રત પાળી પાળીને. પણ આ વસ્તુ આત્મા... એ તો વિકલ્પ છે મહાવ્રત એ રાગ છે, અચેતન છે એમ કહે છે. એય..! રાડ નાખી જાય. પેલા મહાવ્રતને સંવર કહે. વિકલ્પ ઉઠે છે, આને પાળું અને આને ન મારું. એ તો રાગ છે. રાગ અચેતન છે. ચૈતન્યપ્રકાશનો અંશ નહિ. ચૈતન્યના કોઈ પણ અંશનો ભાગ પ્રકાશ અંશ પ્રકાશ જ હોય.

ભગવાન આત્મા જ્ઞાનના નૂરના પૂરના ભરેલા છે ચૈતન્યના છે અંદર. બાપુ! એના અંશમાં પ્રકાશ હોય. આ તો રાગ છે, અંધકાર છે. એ દુઃખ છે તે અંધકાર છે. સમજાય છે કાંઈ? ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ, એ તે અતીન્દ્રિય આનંદને વેદે એ આત્મા કહેવાય? કે દુઃખને વેદે એ આત્મા કહેવાય? એમ કહે છે. એય..! ..ભાઈ! કહે છે કે આત્મા દુઃખને વેદે એવો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા છે. અરે..! તો તને ભાન નથી. સુખની કલ્પનાનો ભાવ તે ચૈતન્ય નથી. એ અચેતન અંધારા છે. ચૈતન્ય પ્રકાશના નૂર અંધારાને વેદે એ દ્રવ્યનું સ્વરૂપ જ નથી. તારી દૃષ્ટિ રાગ ઉપર ગઈ છે, હરખ-શોક ઉપર ગઈ છે. સ્વરૂપ ચૈતન્ય એનાથી ભિન્ન છે એની તને ખબર નથી. આત્માની ખબર નથી, આત્માને જાણતો નથી, આત્માને ઓળખતો નથી, આત્માની તને શ્રદ્ધા નથી. દુઃખના વેદનવાળો આત્માને કહેવો એ આત્મા એવો છે જ નહિ. આહાહા..! વલ્લભદાસભાઈ! એય..! જયંતિભાઈ! ત્યાં સાંભળ્યું નહિ હોય ત્યાં તમારા બાપ-દાદા આગળ ત્યાં. આહાહા..!

પ્રભુ! તારા પંથ બહુ નિરાળા છે, ભાઈ! એ વીતરાગ માર્ગના ન્યાય આખા બહુ જુદી જાતના છે. એ દુનિયા સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. વર્તમાન સંપ્રદાયની સાથે મેળ ખાય એવો નથી તો અજ્ઞાનીની સાથે ક્યાં મેળ ખાય? ભગવાનજીભાઈ! બરાબર હશે કે નહિ? તમે તો ત્યાં મોટા અગ્રેસર હતા. બધું જોયું હશે શ્વેતાંબરમાં. અમદાવાદમાં. આહાહા..! અરે..! ભાઈ! પરમેશ્વર આત્મા એ પરમેશ્વર આત્મા. એ પરમેશ્વરતામાં વળી દુઃખ કેવા? એ દુઃખનું વેદન જીવનો સ્વભાવ, જીવ વેદે એ અજ્ઞાન ભ્રમ છે તને. સમજાણું કાંઈ?

'**તો પછી પુદ્‌ગલકર્મનો કર્તા કેમ હોય?**' એ ભગવાન મિથ્યાત્વ ને અવ્રત ને રાગનો ભોક્તા આત્મા નથી. '**તો પછી પુદ્‌ગલકર્મનો કર્તા કેમ હોય?**' લ્યો! ભારે વાત, ભાઈ! '**માટે એમ ફલિત થયું-**' એમ ફલિત થયું. એનું ફળ એ આવ્યું, આ ન્યાય, સિદ્ધાંતનું તાત્પર્ય એ આવ્યું '**કે-જેથી પુદ્‌ગલદ્રવ્યમય ચાર સામાન્યપ્રત્યયોના ભેદરૂપ તેર વિશેષપ્રત્યયો કે જેઓ ગુણ શબ્દથી કહેવામાં આવે છે (અર્થાત્ જેમનું નામ ગુણસ્થાન છે)...**' સમજાણું કાંઈ? શાંતિથી, ધીરેથી સમજવા જેવી વાત છે આ તો ભાઈ. આ કાંઈ એકદમ એમ ને એમ ભણી ગયા અને શીખી ગયા એવી ચીજ નથી આ. છે કે નહિ? પ્રવિણભાઈ! શું કહે છે? ભગવાન આત્મા એ તો અતીન્દ્રિય આનંદના ચૈતન્યના પુર છે. એ તો ચૈતન્યની ગાંઠડી છે. આત્મા તો ચૈતન્ય જ્ઞાનની ગાંઠડી છે. એની ગાંઠડી ખોલે તો ચૈતન્ય નીકળે. એમાં દુઃખ નીકળે? રાગ નીકળે? એ ચૈતન્ય સ્વરૂપની ખાણમાં છે? તારી દૃષ્ટિ દુઃખ ઉપર ગઈ છે તો તને દુઃખ જેવો આત્મા દેખાય છે. જૂઠો છો એ. તું જૂઠો છો. આહાહા..! છે કે નહિ એના અર્થમાં? વાયદા આકરા. એમાં પાછું ટાણે હાથ આવે નહિ તો સમજાય નહિ કાંઈ. આહાહા..!

મુમુક્ષુ :- હાથ આવ્યું હોય તો ઠરી જાય.

ઉત્તર :- હાથ આવ્યું હોય તો ઠરી જાય. ઠરેલો જ છે ને અનાદિનો. આહાહા..!

ભાઈ! પ્રભુ! તું તો ચૈતન્ય છો ને, બાપા! આહાહા..! એની મા ઘોડિયામાં સુવાડે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે ને ત્યારે એમ કહે, મારો છોકરો ડાહ્યો. અહીં તો પરમેશ્વર કહે છે, ભાઈ! તું તો પરમેશ્વર છો ને. બાપા! તું તો ચૈતન્ય છો ને. આ દુઃખનું વેદન ભાઈ! એ આત્માનું નહિ, હોં! આહાહા..! એ દુઃખ છે એ વિકૃતભાવ છે. ભાઈ! અને વિકૃત તે ખરેખર ચૈતન્યના તેજના પ્રકાશનો એમાં અભાવ છે. આહાહા..! બાપુ! એ તારું નહિ. જાગ અને જો ચૈતન્યને. 'જાગીને જોઉં તો જગત દિસે નહિ.' નરસિંહ મહેતાએ કહ્યું છે. ઈ આ, હોં! જગત છે. જગત જગતમાં છે. આમાં નથી. એ વાંધા મોટા. આવે છે કે નહિ? શશીભાઈ! 'જાગીને જોઉં તો જગત દિસે નહિ. સ્વપ્નમાં ઊંઘમાં અટપટા ભાવ ભાસે.' ઊંઘમાં અટપટા ભાવ ભાસે. ઈ વાત એકાંતની છે. એ નથી જ જાણે કાંઈ, જગત ને દુઃખસ્વરૂપ નથી. એમ નહિ. છે. દુઃખ છે, કર્મ છે, વિકલ્પ છે પણ ભગવાન આત્મા એનામાં નથી. એનાથી ભિન્ન છે. સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞ પરમેશ્વર જેને વીતરાગદેવે જાણેલું કહેલું છે. એ વાત બીજે હોઈ શકે નહિ. આહાહા..!

કહે છે, ભગવાન આત્મા ભાઈ! એ પ્રકાશના પુંજની નજર કર ને. જેમાં દુઃખ અને રાગ છે નહિ એની નજર કર ને. એ નિધાન છે આખું. જેની નજરું કરતા તને આનંદ આવે એવી ચીજ છે. દુઃખ અને રાગ, બાપુ! એની નજર કરવામાં તો અચેતન છે એ તો. એમાં ચૈતન્યનો લાભ નથી એટલે એ ચૈતન્ય છે નહિ. સમજાણું કાંઈ?

'**માટે એમ ફલિત થયું કે-જેથી પુદ્‌ગલદ્રવ્યમય ચાર સામાન્યપ્રત્યયોના...**' મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ. તેના '**ભેદરૂપ તેર વિશેષ પ્રત્યયો...**' આસ્રવો. '**કે જેઓ ગુણ શબ્દથી...**' ગુણ એટલે ગુણસ્થાન. જેને ગુણસ્થાન તેર કહેવામાં આવે છે. '**(અર્થાત્ જેમનું નામ ગુણસ્થાન છે) તેઓ જ કેવળ કર્મોને કરે છે,...**' ભાષા જુઓ. તેઓ જ અને કેવળ. સમજાણું કાંઈ? '**गुणशब्दवाच्याः केवला एव कुर्वन्ति कर्माणि,**' એમ શબ્દ પડ્યો છે. '**केवला एव कुर्वन्ति कर्माणि,**' સંસ્કૃત છે. સમજાણું કાંઈ? આહાહા..! શું કહે છે આ? ગોમ્મટસારમાં કહે કે આત્મા કરે. આત્મા જ્ઞાનાવરણીય બાંધે, છ પ્રકારે બાંધે, આ પ્રકારે બાંધે, વેદનીય આમ બંધાય. કર્મકાંડમાં એવું આવે, કર્મગ્રંથમાં. કર્મ*ગ્રંથ મોટો હમણા કર્યો નહિ? ... કર્મ ક્યાં હતા આત્મામાં? સાંભળને! કર્મનું જ્ઞાન એ જ્ઞાન જ નથી. કર્મનું જ્ઞાન એ જ્ઞાન જ નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ તેનું અંતર્મુખનું જ્ઞાન તેને જ્ઞાન કહે છે. સમજાણું? માટે પુદ્‌ગલ કર્મ કર્તા કેમ હોય? જીવ પુદ્‌ગલનો કેમ કર્તા હોય? પુદ્‌ગલના ચારના તેર ભેદો '**તેઓ જ કેવળ કર્મોને કરે છે,...**' આહાહા..! આમાં કાંઈ .. એકાંત તો રાખો, અનેકાંત તો નાખો. ભાઈ! ચૈતન્યના ગર્ભમાં, એ ચૈતન્યપ્રભુના પેટમાં તો અનંતા પરમાત્મા પડ્યા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. એમાં અચેતન રાગ ને કંપન્ન-ફંપન્ન પડ્યા નથી. એક સમયની દશામાં નવા ઉભા કરે એ અચેતન છે, ચૈતન્યની જાત નથી. સમજાણું કાંઈ? એય..! ચીમનભાઈ! આ શું કહેવાય? આ ચુનાના .. શું કહેવાય? .. શું કહેવાય? કોથળિયું. કોથળિયું ફેરવ્યું. મકાન .. ચુનાનો વેપાર તો ઘરનો ચુનો લાવ્યા. એ ઘરનો હશે ને ચુનો? આ અમારા ઘરના છે એમ નથી કહેતા? બાયડી બાયડી (વાત કરે ને). અહીં તો કહે છે કે એ બાયડો તો ક્યાંથી તારો ઘરનો આવ્યો? પણ એના પ્રત્યેનો રાગ તારા ઘરમાં નથી. સાંભળને. એય..! જયંતિભાઈ! આહાહા..!

પરમેશ્વર વીતરાગ છે આ તો. વીતરાગ પરમેશ્વરનો માર્ગ છે. બાપુ! તારું સ્વરૂપ તો વીતરાગ સ્વરૂપ છે. એ વીતરાગ સ્વરૂપ તારું ન હોય તો વીતરાગતા આવશે ક્યાંથી? બહારથી આવે એવી છે? અધ્ધર લટકે છે ક્યાંય બહાર? સર્વજ્ઞ અને વીતરાગ આત્મા બહારથી આવે? સર્વજ્ઞ કેવળજ્ઞાન ને વીતરાગતા અંદર પડી છે આત્માની શક્તિમાં. એને આત્મા કહીએ. એમાં રાગ નથી ખાણમાં પડ્યો. સમજાણું કાંઈ? આહાહા..! એ ભક્તિનો ભાવ, પૂજાનો ભાવ, દયાનો ભાવ, વ્રતનો ભાવ બધો અચેતન છે એમ કહે છે. એ પુણ્યભાવ છે. પુણ્યભાવ એ પરમેશ્વર આત્માનો ભાવ નથી. કોણ કરતો હતો? સમજાણું કાંઈ?

કર્તા થાય ત્યાં જીવ મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. 'કર્તા મટે તો મટે કર્મ, એ છે મહા ભજનનો મર્મ.' .. અખો ભગત. એ તો એકાંત છે. 'તું છો જીવ તો કર્તા હરિ, તું છો શિવ તો વસ્તુ ખરી.' એમ કર્યું. હર્તા-કર્તા કોઈ ઈશ્વર-બિશ્વર છે નહિ. સમજાય છે કાંઈ? અહીં તો રાગનો કર્તા થાય તો કહે છે કે મૂઢ છે, અજ્ઞાની છે ચૈતન્ય પ્રભુ તે અચેતન રાગને કરે? અને હરખને ભોગવે? ભાઈ! એ પરમાત્મા ચૈતન્યનું સ્વરૂપ ભગવાને વર્ણવ્યું નથી. આહાહા..! વાતું તો સાંભળી જાય નહિ. કેટલાક નવા સાંભળનારને એવું તો થઈ જાય ને. આ તે કોના ઘરની વાત હશે? વેદાંતની હશે? અમે તો જૈનમાં તો સાંભળી નથી હોં! લાગે કે નહિ?

કહે છે કે '**તેઓ જ કેવળ કર્મોને કરે છે,...**' દ્રવ્ય સ્વરૂપ ભગવાન તો આમ ચિદાનંદ પડ્યો છે. એની દષ્ટિ કર ત્યારે સમ્યગ્દર્શન કહેવાય. એના પછી વસ્તુમાં ઠરે ત્યારે ચારિત્ર કહેવાય. બાકી બધા થોથા એકડા વિનાના થોથા છે. મીંડા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મીંડા કરોડ લખે તો એકડા વિના શું મીંડાની કિંમત છે. મીંડા પહેલા કરી દઈએ પછી એકડો લખાશે. એમ કહે છે. દલાલ છે ને. મીંડા મારી નાખશે સંખ્યામાં ગણી લીધા તો. ભ્રમમાં પડ્યો, ભ્રમમાં પડ્યો છે જુઓને! .. એમ કહીને બિચારા ભ્રમમાં રહી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ગયા. લ્યો! નારણદાસ. .. નવ વર્ષ સુધી રહ્યું. ઘરમાં લખ્યું છે. હે મહંત! હવે છેલ્લો તારો દસકો છે. એમ લખ્યું છે. જ્યોતિષે કહેલું ખરું ને. હે મહંત! આ .. જેમ લખ્યું. તારો છેલ્લો દસકો છે. દસકો ક્યાં હતો? સવારે ખલાસ. રાતના દોઢ વાગે ઉડી ગયા. શુક્રની રાત. તેરસની રાત. એમાં ઓલા જ્યોતિષીએ મારી નાખ્યા. જ્યોતિષીને .. આહાહા..! આ ચૈતન્યના જડની પર્યાય ક્યારે છૂટશે એ તને ખબર ક્યાં છે? જ્યોતિષને ભાન કે દિ' હતું? આહાહા..! સમજાણું કાંઈ? ... કહેવાની ભાષા જડની છે. આત્મા કે દિ' બોલી શકે છે? આહાહા..! ... એમ ખ્યાલ આવી જાય ... કાંઈ નહિ થાય. એ અવાજ નીકળે છે એ જડનો. જડમાં અવાજની તાકાત (છે, આત્માથી) નહિ નીકળે, આત્મા અવાજને કરતો નથી. આહાહા..! એ તો ચૈતન્યબિંબ ભગવાન અવાજના રજકણથી જુદો. એમાં વિકલ્પ ઉઠ્યો કે આ કર. એનાથી જુદો.

એવા ચૈતન્ય ભગવાનમાં કહે છે કે ભાઈ! ગુણસ્થાન કર્મને કરે એમાં આત્માને શું આવ્યું? '**તેથી જીવ પુદ્‌ગલકર્મનો અકર્તા છે,...**' છેલ્લો સરવાળો. ભગવાન ચૈતન્ય પ્રભુ વસ્તુસ્વરૂપ દ્રવ્યસ્વભાવ, પદાર્થ સ્વભાવ વિજ્ઞાનઘન આત્મા એ વિકાર અને કર્મ જડનો અકર્તા છે. '**ગુણો જ તેમના કર્તા છે;...**' ગુણો તેમના કર્તા છે. ભાષા સંક્ષેપ કરી. ગુણ એટલે શું હશે? ગુણ એટલે ગુણસ્થાન. તેર ગુણસ્થાન. રજો, તમોને ગુણ કહે છે ને? એ નહિ. રજો, તમો સત્ત્વ છે ને? .. પ્રકૃતિ કહે છે ને એ? ગુણસ્થાનના ભેદ છે તેર. .. અકર્તા છે એટલે .. ગુણ .. બંધન થાય છે ને એ કંપન્ન છે તે તેનો કર્તા છે. કંપન્નભાવ તે અજ્ઞાન છે તે બંધનો કર્તા છે. આત્મા નહિ. સમજાય છે?

એનો અર્થ એવો નથી પાછો હોં કે એમાં જે કંપન્ન રહ્યું છે ભગવાનને અઘાતિ કર્મ છે માટે કંપન્ન રહ્યું છે. એમ નથી. એ વાત બીજી છે. લોકો કહે ને, કંપન્નને લઈને હજી બહાર ઉપદેશ દેવા ફરવું પડે એ કર્મને ટાળવા માટે. એમ નથી. સાંભળ! એ કંપન્ન છે એ પર્યાયનો અપરાધ છે. સમજાય છે? કર્મને લઈને નહિ. પણ તે અપરાધના અંશમાં ચૈતન્યનો અંશ તેમાં નથી માટે તેને પુદ્‌ગલ કહેવામાં આવે છે. આહાહા..! ભૂલ્યો તો કેટલી એમાં ક્યાં એના .. છે? જુઓ! એમાં કીધું છે કે નહિ? જુઓ! પુદ્‌ગલ છે કંપન્ન. માટે કર્મથી રાગ થાય. ભગવાનને પણ ચાર ઘાતિ કર્મ બાકી રહ્યા છે અઘાતિ. માટે કંપન્ન થાય છે કંપન્ન. એ છોડવા માટે ભગવાનને વિહાર કરવા પડ્યા હજાર-હજાર. એમ કહે છે કેટલાક. પ્રવિણભાઈ! એવું ચાલે છે. ગાંડે ગાંડા. હોસ્પિટલમાં મોકલવા જેવા છે બધા. .. એ કરતા હશે.

ભાઈ! ભગવાન તો જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા છે. એ સમુદ્‌ઘાતને ક્યાં કરે? પહોળા કરે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને પછી સંકેલે, એમ હશે? કર્મને ખપાવવા માટે કરે? શું દેખાય છે? ઓલો લખે છે, પ્રત્યક્ષ દેખાય છે ને. એવા દાખલા જ આપે છે. પણ પ્રત્યક્ષ દેખાય એ તારા એકેય દાખલા વીતરાગ માર્ગમાં ન ચાલે. આ દેખાય છે ને, કુંભાર આવે ત્યારે ઘડો થાય. એ માટીને આમ લે, આમ કચરે.. આમ કચરે... લ્યો! એ વિના થાતું હશે? એની પર્યાય ફેરવ્યા ફેરવ કરે ઓલો કુંભાર. મૂઢ છો? માટીની પર્યાય માટીથી થાય કે કુંભારથી થાય? ... એટલે સત્ય. કહો, સમજાણું કાંઈ? એય..! આ કઈ જાતની નિશાળ આ તે ભગવાનની! ભગવાનની વીતરાગની નિશાળ છે આ.

કહે છે કે ભગવાન આત્મા એ કુંભારનો જીવ ઘડો શેનો કરે? એમ કર્મને કુંભાર કરે? અજ્ઞાન કરે, કહે છે. આત્મા કરે? કુંભાર કરે. અજ્ઞાનભાવે કુંભાર કરે. આ તે માર્ગ કોઈ જુદી જાતનો બાપા! એને શ્રદ્ધામાં હજી લે નહિ આવી વાતને. ત્યાં એને સમ્યગ્દર્શન થાય ક્યાંથી? સમ્યગ્દર્શન વિના એના આત્માનો ઉદ્ધાર થાય નહિ. ક્યાંય મરી જશે. ચોર્યાશીના અવતારમાં ચાલ્યો જશે ક્યાંય રખડવા. પત્તો નહિ ખાય. ક્યાં જશે. ક્યાં એકેન્દ્રિય, ક્યાં પંચેન્દ્રિય, ત્યાં ઈયળું, કાગડા, કૂતરા, કંથવા જાય મરીને. આવું સમ્યગ્દર્શનના ભાન વિના મિથ્યાદષ્ટિ કંઈક રાગની મંદ આદિની ક્રિયા હોય તો કદાચિત્ એકાદ ભવ સ્વર્ગમાં જાય. ત્યાંથી મરીને નરકનો ભવ. પહેલો સીધો નરકમાં ન જાય. સમજાય છે? ઢોર આદિમાં જઈને નરકમાં જવાના, નિગોદમાં જવાના. જેને આવો સત્ય આત્મા છે. ભગવાન પરમેશ્વર કહે છે એવી શ્રદ્ધાનું જ્ઞાન અને ભાન નથી. તે અજ્ઞાનમાં ચોર્યાશીના અવતારમાં રઝળવાના. સમજાય છે કાંઈ? ભલે ત્યાગી થયેલો હોય, સાધુ નામ ધરાવતો હોય પણ આ ચીજની જેને ખબર નથી, જેને દૃષ્ટિ નથી, અમે આ રાગ કરીએ, આ અમે કરીએ એનાથી અમને લાભ થશે. મૂઢ મિથ્યાત્વનો લાભ થઈને ચાર ગતિમાં રખડશે, એમ કહે છે. ધર્મચંદજી!

'**તેથી જીવ પુદ્‌ગલકર્મોનો અકર્તા છે, ગુણો જ તેમના કર્તા છે;...**' ગુણો જ. છે ને? '**जीवो, गुणा एव तत्कर्तारः**' જુઓ! '**जीवो, गुणा एव तत्कर्तारः**' '**અને તે ગુણો તો પુદ્‌ગલદ્રવ્ય જ છે;...**' ... '**તેથી એમ ઠર્યું કે પુદ્‌ગલકર્મનો પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે.**' કહો, સમજાય છે કે નહિ? શિવલાલભાઈ! આવી વાતું ભારે આકરી જગતને. અરે..! પરમેશ્વર વીતરાગદેવનો માર્ગ, સર્વજ્ઞનો કહેલો ધર્મ 'કેવળી પણ્ણતો ધમ્મો શરણં' ભાષા બોલે મંદિરમાં. પણ કેવળીએ શું કહ્યું અને શું તત્ત્વ છે એની ખબર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છેલ્લે .. શરણ આપે. અરિહંતા મંગલમ્ સિદ્ધા મંગલમ્... પણ અરિહંત એટલે કોણ? મંગલ એટલે કોણ? બોલવાનું છે. ભાન ક્યાં છે કાંઈ એને. બાપુ! મંગલ તો આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ રાગ અને જડની ક્રિયાથી ભિન્ન એવા ચૈતન્યસ્વરૂપનું સ્મરણ કરીને એકાગ્ર થાય એને અરિહંતા મંગલમ્ કહેવામાં આવે છે. આહાહા..!

જયચંદભાઈ હતા ને, જયચંદભાઈ નહિ? .. નાખ્યું હતું. .. (સંવત) ૧૯૯૦ની સાલમાં. સ્થાનકવાસી હતા ને? .. છેલ્લી મરવાની સ્થિતિ હતી ત્યારે લઈ ગયા ઉપાડીને. ૯૦ની સાલની વાત છે. પાંજરાપોળમાં રહેતા. પછી કહે, બોલાવો મહારાજને. ગયા હતા. હુશિયાર માણસ છે. મંગળિક કર્યું. પૂછયું હોં, કે મહારાજ! આ મંગલિક એટલે શું તમે કહ્યું? હુશિયાર માણસ હતો ફોજદાર. મરવાની તૈયારી આ .. કર્યું. બધા બેઠા હતા. જો ભાઈ! મંગલિકનો અર્થ એવો છે કે સર્વજ્ઞ પરમેશ્વરે આત્માને રાગરહિત વિકારરહિત જોયો છે. એવો ભગવાને કહેલો ભાવ અંદરમાં સમજે અને શ્રદ્ધા કરે એ ભાવને મંગલિક કરવામાં આવે છે. ભગવાનની સામે .. બીજી વાર... પરિચય નહિ બિચારાને. નોકરી કરીને મજૂરી કરી કરીને મરી જાય છે. મજૂર હશે કે નહિ? મોટા મજૂરો. એ.. મલૂકચંદભાઈ! પણ હું કોણ છું એની એને તપાસ કરવાની દરકાર થતી નથી. ભગવાન ચૈતન્ય ..

કહે છે કે '**પુદ્ગલકર્મનો પુદ્ગલદ્રવ્ય જ એક કર્તા છે.**' જ .. ભગવાનનો માર્ગ અનેકાંત છે. બાપુ! સાંભળને ભાઈ! આત્મા દ્રવ્ય સ્વભાવે વસ્તુદૃષ્ટિ કરતાં એ રાગ અને પરનો કર્તા નથી એવું યથાર્થપણે સત્ય તે એક જ છે. બીજી રીતે છે નહિ. આહાહા..!

'**ભાવાર્થ :- શાસ્ત્રમાં પ્રત્યયો...**' પ્રત્યયો એટલે આસ્રવો. આસ્રવ છે ને? નવ તત્ત્વમાં આવે છે ને? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષ. નવ તત્ત્વ આવે છે ને નવ? નવના નામ પણ આવડતા ન હોય કેટલાકને. ભગવાન જાણે નવ. નવ એટલે ભગવાન જાણે. એમાં આસ્રવ. જયંતિભાઈ! નવ તત્ત્વ કીધા. કોણ જાણે, વાતું કરે છે. અહીં તો કહે છે કે નવ તત્ત્વ-જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. નવ. ભગવાને નવ (તત્ત્વ જોયા છે). જીવ-અજીવ બે પદાર્થ છે અને સાત એની દશાઓ છે-પર્યાયો છે. પર્યાયો-અવસ્થા. એ પર્યાય સાંભળી ન હોય. અવસ્થા. એમાં પુણ્ય-પાપની અવસ્થાને આસ્રવ કહે છે. મલિન પરિણામ છે બેય શુભ-અશુભ રાગ. એને અહીં પ્રત્યય કહેવામાં આવે છે. પ્રત્યય કહેવામાં આવે છે. પ્રત્યયનો શું હશે એમાં કાંઈક હશે શબ્દ? પંડિતજી! પ્રત્યયની સાથે શું મેળ હશે? કારણ. કારણ. પ્રત્યય-કારણ. પ્રત્યયનો અર્થ કારણ. પ્રત્યયો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રત્યય કારણ. પ્રત્યયનો અર્થ કારણ, બંધના કારણ. પ્રત્યય એટલે બંધના કારણ. આહાહા..! પ્રત્યયો આસ્રવો બંધના કારણ. આ ભાષા અજાણી છે ને જગતથી?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રત્યય એટલે આસ્રવ થાય છે અહીં. શાસ્ત્રમાં પ્રત્યયોને બંધના કર્તા કહ્યા છે, જોયું! બંધન એટલે આઠ કર્મને બંધના કર્તા આસ્રવને કહ્યા છે.

**'ગુણસ્થાનો પણ વિશેષ પ્રત્યયો જ છે...'** આહાહા..! સિદ્ધ કરે છે. એ આસ્રવો તેર ગુણસ્થાન તે આસ્રવો જ છે, ભેદ છે એ. આહાહ..! ભગવાન સર્વજ્ઞને પણ જેટલું કંપન્ન છે એ આસ્રવ છે. **'તેથી એ ગુણસ્થાનો બંધના કર્તા છે...'** એ ગુણસ્થાનના ભેદ છે ને તેર? એ જ બંધનના કર્તા છે. મિથ્યાત્વભાવ, અવ્રતભાવ, કષાયભાવ, કંપન્નભાવ એ ચાર. એ ચાર પ્રત્યયો. પ્રત્યય એટલે આસ્રવ, આસ્રવ એટલે બંધના કારણો. એના તેર ભેદ થાય છે અને તે બંધના કર્તા છે. પુદ્‌ગલ કર્મના કર્તા તેર ગુણસ્થાન છે. આહાહા..!

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય વસ્તુ એ તેર ગુણસ્થાનના ભેદનો પણ કર્તા નથી. સમજાય છે કાંઈ? કારણ કે જ્યારે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, આસ્રવ વિકાર છે એના જ આ તેર ભેદ વિકાર છે. એ વિકારનો ભગવાન આત્મા કર્તા નથી. સમજાણું કાંઈ? ચૈતન્ય સચ્ચિદાનંદ સ્વરૂપ. સત્‌ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો કંદ આત્મા. એ તેર ગુણસ્થાનનો કર્તા નથી. તેથી તે કર્મનો કર્તા નથી.

**'વળી મિથ્યાત્વાદિ સામાન્ય પ્રત્યયો કે ગુણસ્થાનરૂપ વિશેષ પ્રત્યયો અચેતન પુદ્‌ગલદ્રવ્યમય જ છે,...'** ચૈતન્યના મિથ્યાત્વ પરિણામ, વિપરીત શ્રદ્ધા. એ વિપરીત શ્રદ્ધાના પરિણામ તે અજ્ઞાન છે. અને તેથી તે જ્ઞાનના પ્રકાશના દ્રવ્ય સ્વભાવથી જુદી જાત છે. અને અવ્રતના પરિણામ, આસક્તિના તે પણ ચૈતન્યના સ્વભાવથી ભિન્ન ભાવ છે. એથી તેને પુદ્‌ગલદ્રવ્ય કહેવામાં આવે છે. અચેતન કહેવામાં આવ્યા છે. કેટલાક કહે છે કે સમયસારને વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે, એમ કહે છે. અરે..! ભગવાન! તને ખબર નથી. એ વાત દિગંબરમાં છે. એક હતા નાથુ.. નાથુ? મુંબઈમાં રહેતા ને? એ છાપામાં આવ્યું હતું. અરે..! પ્રભુ! ચૈતન્ય વીતરાગનો માર્ગ તેં સાંભળ્યો નથી, ભાઈ! આમ કરવું, મૂકવું એવું જાણે વીતરાગ માર્ગમાં છે. એવું આમાં આવતું નથી. એમાં આત્મા આવો.. આત્મા આવો.. તેર ગુણસ્થાન પણ અચેતન છે. આ તો સમયસારને વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે. એમ નથી. સાંભળને! વસ્તુના સ્વરૂપના ઢાળામાં ઢાળેલો સમયસાર છે.

ભગવાન આત્મા. બાપુ! તને આત્મા શું છે એની ખબર નથી. એ તો એકલો ચૈતન્યનો રસ છે. એકલો વીતરાગી સમરસનો કંદ આત્મા છે. એને આત્મા કહીએ. આ જડ-માટીનો આત્મા? અંદર પુણ્ય-પાપના ભાવ છે એ આત્મા? એ તો વિકાર. એ તેર ગુણસ્થાને અહીં તો પુદ્‌ગલ અચેતન કહ્યા. આહાહા..! રાડ નાખે એવું છે કે નહિ? ચંદુભાઈ! બીજા કહે, એય..! એકાંત છે.. એકાંત છે. ભાઈ! ભગવાનને કહે, બાપા! પરમેશ્વરે આ કહ્યું છે એવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કુંદકુંદાચાર્યે આમાં સમયસારમાં કહ્યું છે. સમજાય છે? એવી વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અક્ષરે અક્ષર ટીકામાં છે. ઘરનું નથી .. હિંમતભાઈએ ટીકાનો અર્થ કર્યો છે. એમ કે આ ઘરના શબ્દો નથી ને, એમ કહે છે. એ ટીકાના શબ્દો છે. જુઓ! ટીકા. છે ને? '**अथैतदायातम्-यतः पुद्गलद्रव्यमयानं चतुर्णां सामान्यप्रत्ययानां विकल्पास्त्रयोदश विशेषप्रत्यया गुणशब्दवाच्याः केवला एव कुर्वन्ति कर्माणि,**' આ પંડિતજી બેઠા અહીંયાં, વ્યાકરણના ખાં છે. એ જાણે કે અર્થ ઉપરથી નથી કર્યો ને. એમ કહે છે. હિંમતભાઈએ ઘરનું નથી કર્યું. આ ૯૦૦ વર્ષ પહેલાની ટીકા. અમૃતચંદ્રાચાર્ય મુનિ દિગંબર સંત જંગલવાસી એમની ટીકા છે. બે હજાર વર્ષ પહેલા કુંદકુંદાચાર્ય દિગંબર સંત મુનિ, મહા ભગવંત ભગવત્ સ્વરૂપ એમને વિકલ્પ આવ્યો. વાણી વાણીને કારણે નીકળી ગઈ અને શબ્દ રચાઈ ગયા. સમજાય છે કાંઈ? કહે છે કે એ વિકલ્પ આવ્યો એ અચેતન છે એમ કહે છે.

'**તેથી એમ સિદ્ધ થયું કે પુદ્‌ગલદ્રવ્ય જ પુદ્‌ગલકર્મનું કર્તા (-કરનારું) છે; જીવ કર્તા નથી.**' એ જીવને પુદ્‌ગલ કર્મનો કર્તા માનવો તે અજ્ઞાન મૂઢતા છે. એ સ્વરૂપનું ભાન નથી, ભાઈ! પાગલ થઈ ગયો છે કહે છે. ભગવાન આત્મા એ જ્ઞાનના તેજથી આનંદના સ્વભાવથી ભરેલો. જેમાં અનંતા સિદ્ધ પરમાત્મા જે આત્મામાં પડ્યા છે. એવા આત્માને રાગનો અને કર્મના પરમાણુનો કર્તા કહેવો, ભાઈ! એ તારું પાગલપણું છે. સમાધિશતકમાં એ આવે છે ને. ઉન્માદ છે એમ કહે છે. સમાધિશતકમાં ઉન્માદ (કહ્યું છે). આ ચારિત્રમોહનો રાગ ઉઠે એ ઉન્માદ (છે). આહાહા..!

ભગવાન ચૈતન્ય જ્યોત, જ્યાં પ્રકાશના પાર નહિ એટલી શક્તિ પડી છે. એવા ભગવાનને રાગનો કર્તા અને પુદ્‌ગલ બંધન છે એનો કર્તા કહેવો. ભાઈ! તારા મૂળ સ્વરૂપનું તને અજ્ઞાન છે. એ સ્વરૂપ એવું છે નહિ. સમજાય છે? રાજ કુટુંબમાં પડેલો હોય, ચક્રવર્તી પદમાં પડેલો સમકિતી દેખાય. સમજાય છે કાંઈ? મોટા ચોર્યાશી લાખ હાથી ઘરે હોય. પણ હાથીમાં હું નથી. મારામાં રાગ નથી, હાથી ક્યાંથી આવ્યો? આહાહા..! ... સમ્યક્‌દૃષ્ટિ વર્તે તેને સમ્યગ્દર્શન થાય. સમ્યક્ નામ સત્ય દર્શન. તો સત્યદર્શન કોને કહે? જેવું ચૈતન્ય સ્વરૂપ છે એ આસ્રવ વિનાનું, કર્મ વિનાનું. એને અંતરમાં અનુભવ કરવો, એની પ્રતીત થવી-આ આત્મા, એનું નામ સમ્યગ્દર્શન છે. કહો, પ્રવિણભાઈ! ઝીણું ભારે. એ જીવને પુદ્‌ગલ કર્મનો કર્તા માનવો, ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ જેમાં શાશ્વત જ્ઞાન અને આનંદ છે. એને વિકાર ને મિથ્યાત્વનો કર્તા જાણવો, માનવો એ અજ્ઞાન છે. સમજાણું કાંઈ? સવારે વાત એવી હતી હોં જરી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'હવે જીવને અને તે પ્રત્યયોને એકપણું નથી એમ હવે કહે છે :-'** ભગવાન આત્મા અને મેલનો વિકલ્પ અને કર્મના રજકણ એ આત્મા અને એ બે એક નથી.

**जह जीवस्स अण्णुवओगो कोहो वि तह जदि अण्णो।**
**जीवस्साजीवस्स य एवमणण्णत्तमावण्णं।।११३।।**
**एवमिह जो दु जीवो सो चेव दु णियमदो तहाऽजीवो।**
**अयमेयत्ते दोसो पच्चयणोकम्मकम्माणं।।११४।।**
**अह दे अण्णो कोहो अण्णुवओगप्पगो हवदि चेदा।**
**जह कोहो तह पच्चय कम्मं णोकम्ममवि अण्णं।।११५।।**

નીચે હરિગીત. એ મૂળ શ્લોકો કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત સંવત્ ૪૯માં (થયા). ભગવાન સીમંધર પરમાત્મા બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં. કેવળજ્ઞાની ત્રિલોકનાથ તીર્થંકર બિરાજે છે અત્યારે. ત્યાં ગયા હતા. મહાવિદેહ ક્ષેત્રમાં બે હજાર વર્ષ પહેલા ગયા હતા. આઠ દિ' ત્યાં રહ્યા હતા પ્રભુ પાસે. ત્યાંથી આવી પોન્નુર હિલ મદ્રાસથી ૮૦ માઈલ છે ત્યાં આગળ આ શાસ્ત્રો રચ્યા. .. અંદર. એનું આ હરિગીત છે. મૂળ પાઠનું, હોં! .. આપણા પંડિતજીએ હરિગીત કર્યું છે.

**ઉપયોગ જેમ અનન્ય જીવનો, ક્રોધ તેમ અનન્ય જો,**
**તો દોષ આવે જીવ તેમ અજીવના એકત્વનો. ૧૧૩.**
**તો જગતમાં જે જીવ તે જ અજીવ પણ નિશ્ચય ઠરે;**
**નોકર્મ, પ્રત્યય, કર્મના એકત્વમાં પણ દોષ એ. ૧૧૪.**
**જો ક્રોધ એ રીત અન્ય, જીવ ઉપયોગઆત્મક અન્ય છે,**
**તો ક્રોધવત્ નોકર્મ, પ્રત્યય, કર્મ તે પણ અન્ય છે. ૧૧૫.**

જાણવું... જાણવું... જાણવું.. એ ઉપયોગ આત્માનો જાણવાનો. એમાં વિકાર અને ક્રોધ વિકલ્પ છે તે બે એક નથી. ચૈતન્ય મૂર્તિ ભગવાન અને રાગ બે એક નથી. શું કહે છે?

**'ટીકા :- જેમ જીવના ઉપયોગમયપણાને લીધે જીવથી ઉપયોગ અનન્ય છે...'** એ જાણવું-દેખવું એ જીવનો ઉપયોગ તે આત્માને ઉપયોગ બે એકમેક છે. સમજાય છે કાંઈ? જીવ એ જાણવા-દેખવાના ઉપયોગરૂપી વેપાર. એ જાણવા-દેખવાના ઉપયોગને આત્મા બે અનન્ય નામ એક છે, જુદા નથી. ગળપણ અને ગોળ બે એક છે. જુદા નથી. એમ ભગવાન આત્મા અને જાણવા-દેખવાનો જે ઉપયોગ વેપાર છે તે, આત્મા અને ઉપયોગ બે એક છે. **'તેમ જડ ક્રોધ પણ અનન્ય જ છે એવી જો પ્રતિપત્તિ કરવામાં આવે,...'** પ્રતિપાદન કરવામાં આવે, પ્રતીતિ કરવામાં આવે, એવું જ્ઞાન ઊંધું કરવામાં આવે. સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે? શું કીધું? ભગવાન આત્મા જાણન-દેખન, જાણનાર-દેખનાર... જાણનાર-દેખનાર... એવો ઉપયોગ જે છે તે આત્મા. એમ અંતરમાં ક્રોધ વિકલ્પ ઉઠ્યો વિકારનો, એ વિકારને જો તું આત્મા કહે તો એ જીવ ઉપયોગમય છે તેને ક્રોધમય કહે તો એ ક્રોધ તો અચેતન એટલે એમાં જ્ઞાનના ઉપયોગનો અભાવ છે. ઉપયોગનો અભાવ તે ઉપયોગમય થઈ જાય આત્મા તો આત્મા જડ થઈ જાય. આહાહા..! ભારે વાત! ભાવકર્મની વાત છે, હોં!

'**જીવના ઉપયોગમયપણાને લીધે...**' જાણવું-દેખવું... જાણવું-દેખવું એવો જે ઉપયોગ એ જીવથી આત્માથી અનન્ય નામ એકમેક છે. '**તેમ જડ ક્રોધ પણ અનન્ય જ છે...**' એમ કોઈ કહે. તેમ ક્રોધ જે વિકલ્પ થયો ક્રોધનો એ વિકલ્પ ક્રોધનો અને ભગવાન જ્ઞાન ઉપયોગ બે એક કહે તો એ ક્રોધનો વિકલ્પ તો ઉપયોગ વિનાની ચીજ અજીવ અને જડ છે. સમજાણું કાંઈ? ચૈતન્યના પ્રકાશમાં પ્રકાશ ઉપયોગમય એ તો આત્મા છે. ભેગો ક્રોધ એ અંધારું. એ આત્મા હોય તો એ ક્રોધ છે એ અજીવ અચેતન છે. જેના ઉપયોગ સ્વભાવમાં નથી. એને જો તું એક કહે તો આત્મા અજીવ જડ થઈ જાય. એમ બનતું નથી. માટે ક્રોધથી ચૈતન્ય ઉપયોગનો સ્વભાવ તે ભિન્ન છે એમ નક્કી કર અને અનુભવ કર. એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૮, સોમવાર તા. ૫-૧૨-૧૯૬૬**
**શ્લોક-૧૧૩ થી ૧૧૫, પ્રવચન-૨૦૮**

૧૧૩, ૧૪ અને ૧૫. એની ટીકા. ટીકા. ફરીને જુઓ. ટીકા લઈએ. ટીકા છે ને? શું કહે છે? આ કર્તાકર્મ અધિકાર છે. એટલે જીવ જ્ઞાનાનંદ સ્વરૂપ છે. ઉપયોગસ્વરૂપ છે જીવ તો. '**ટીકા :- જેમ જીવના ઉપયોગમયપણાને લીધે...**' ટીકા છે ને? જીવ જે છે એ તો ઉપયોગ-જ્ઞાન દર્શનનો ઉપયોગ ત્રિકાળ, જ્ઞાનદર્શન ઉપયોગસ્વરૂપ છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે આત્માને એમ જોયો છે અને એમ છે. એ તો જાણન-દેખન જાણવા-દેખવાના ઉપયોગસ્વરૂપ જીવ છે. એવા '**ઉપયોગમયપણાને લીધે જીવથી ઉપયોગ અનન્ય છે...**' જીવ એટલે સ્વભાવવાન અને જાણવા-દેખવાનો ઉપયોગ તે અનન્ય નામ એક છે. અનેરા નથી. અનન્ય છે એટલે અનેરા નથી. એક છે. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય ઉપયોગમય વસ્તુ છે. તો કહે છે કે એ ઉપયોગ જાણવું-દેખવું અને આત્મા તે તો અનન્ય-અન્ય નહિ, એક છે.

'**તેમ જડ ક્રોધ પણ અનન્ય જ છે...**' જરી ઝીણી વાત છે. જે ક્રોધનો ભાવ આવે છે ને એ ખરેખર ચૈતન્યના ઉપયોગસ્વરૂપ નથી. ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ આદિ જે છે એ ચૈતન્ય જાણન-દેખન ઉપયોગસ્વરૂપ એ નથી. તે ક્રોધમાં જ્ઞાનસ્વરૂપનો અભાવ છે. ઝીણું છે જરી. સમજાય છે કાંઈ? અહીં સર્વજ્ઞ પરમેશ્વર '**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं**' એ પહેલા આવી ગયું છે. ભગવાન પરમેશ્વરે તીર્થંકરદેવ કેવળજ્ઞાનીએ આ આત્માને નિત્ય જાણન-દેખન ઉપયોગસ્વરૂપ દેખ્યો છે. જેમ એ ઉપયોગ જે જાણવું-દેખવું એ એનું તન્મય સ્વરૂપ છે, એકાકાર સ્વરૂપ છે, એમ ક્રોધનો જે વિકાર થાય... સમજાય છે કાંઈ? એ વિકારની દશા પણ ચૈતન્યના ઉપયોગમય હોય તો ઉપયોગ જડ થઈ જાય. ક્રોધ જડ છે. જડ છે એટલે? એમાં જાણન-દેખનનો ઉપયોગ સ્વભાવ ક્રોધમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આસ્રવતત્ત્વ છે. જેમ આ શરીર, અજીવ, કર્મ એ બધું અજીવતત્ત્વ છે. અને અંદરમાં જે પુણ્ય અને પાપનો ભાવ થાય છે એ વિકારી આસ્રવતત્ત્વ છે. ભગવાન આત્મા ચૈતન્ય ઉપયોગમય તત્ત્વ છે. કહે છે કે ભાઈ! ભગવાન આત્મા જાણન-દેખન ઉપયોગમય સ્વરૂપ છે, અનન્ય છે, એક છે. ઉપયોગ અને આત્મા અનેરા નથી. એમ ક્રોધ અને આત્મા એક હોય તો ક્રોધ જડ છે. ક્રોધ પણ અનન્ય છે એમ જો હોય, જાણવા-દેખવાનો સ્વભાવ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વભાવવાન એક છે, એમ ક્રોધ અને આત્મા એક હોય, છે ને? જડ ક્રોધ પણ અનન્ય છે જીવથી, અનન્ય જ છે-એક જ છે, એ ક્રોધના પરિણામ અચેતન છે. એમાં ચૈતન્યના પ્રકાશનો અભાવ છે. એ ક્રોધ પરિણામ પોતે પોતાને જાણતું નથી. એ ક્રોધ ચૈતન્યમૂર્તિ ભગવાન જ્ઞાનમૂર્તિ એને જાણતો નથી. તેથી તે ક્રોધને અહીંયાં જડ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! જેમ ભગવાન આત્મા એનો ઉપયોગ જાણવું-દેખવું છે તે એક છે, અનન્ય છે, એમ જો આત્મા જડથી અનન્ય હોય, અનન્ય એટલે એકમેક હોય તો '**એવી જો પ્રતિપત્તિ કરવામાં આવે,...**' એવી માન્યતા, પ્રતિપાદન અને પ્રતીતિ કરવામાં આવે, '**તો ચિદ્રૂપ...**' એટલે જીવ. '**ચિદ્રૂપના અને જડના અનન્યપણાને લીધે...**' આહાહા..! બહુ ઝીણી વાત છે, ભાઈ! ભગવાન નવ તત્ત્વ કહે છે ને? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. તો અહીં તો કહે છે કે ભાઈ! ભગવાન આત્મા એ શરીર, કર્મના પરમાણુ, ભાષા એ તો અજીવ છે. હવે આત્મા તો જ્ઞાનદર્શન ઉપયોગમય આત્મા છે. એને જો વિકારી પરિણામમય કહો તો જેમ ઉપયોગ અને આત્મા એક છે અને વિકારીમય આત્મા એક હોય તો વિકારી જડ ભાવ છે. કહો, સમજાય છે?

'**ચિદ્રૂપના અને જડના અનન્યપણાને લીધે...**' ચિદ્રૂપ નામ જ્ઞાનસ્વરૂપ, ઉપયોગસ્વરૂપ એવો આત્મા અને ક્રોધ તે જડ છે તેના એકપણાને લીધે જો કહો તો '**જીવને ઉપયોગમયપણાની માફક...**' જાણવા-દેખવાનો સ્વભાવ અનન્ય નામ એક છે તેમ '**જડ ક્રોધમયપણું પણ આવી પડે.**' આહાહા..! વીતરાગ માર્ગને સમજવો એવો ઝીણો છે. પરમેશ્વરનું કથન લોકોને સ્થૂળ દૃષ્ટિથી પકડવું છે. અહીં તો કહે છે કે ભગવાન! આ શરીર અને કર્મ તો જડ છે, અજીવ છે એ તો ભિન્ન જુદા. એની દશાઓ પણ જડની જુદી. એમાં આત્માને કાંઈ સંબંધ નથી. હવે રહ્યું આસ્રવતત્ત્વ. ક્રોધ, માન, માયા, લોભ રાગાદિ. એ વિકારી પરિણામને... આત્મા અને જ્ઞાન-દર્શનને તો તન્મય, એકમય, અનન્ય પદાર્થનું સ્વરૂપ છે. એમ આત્માને ક્રોધ, માન વિકલ્પો જે વિકાર છે, જેમાં ચૈતન્યના પ્રકાશનો અભાવ છે એટલે કે જે અજ્ઞાન છે, અજ્ઞાન છે, વિકાર પરિણામ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે? મિથ્યાત્વ એમ નહિ. અજ્ઞાન એટલે જેમાં જ્ઞાનસ્વરૂપનું તેજ નથી. જ્ઞાન જેમાં નથી. એટલે કે જેમ જ્ઞાન જેમાં છે એવો જીવ જેમ જ્ઞાનથી એકમેક છે, એમ ક્રોધમાં જ્ઞાન નથી. એથી એ જડ છે. એને જો આત્મા સાથે એકમેક કહો તો જીવ જડ ક્રોધમય થઈ જાય. જેમ આત્મા ઉપયોગમય છે એમ જડ ક્રોધમય હોય તો આત્મા જડ થઈ જાય. સમજાય છે કાંઈ? વિશેષ (સ્પષ્ટ) કરીએ છીએ, હોં! હળવે.. હળવે. માથે આટલો બધો બોજો પડે તો આ શું?

ભાઈ! એમ કહે છે, કે આ આત્મા વસ્તુ છે ને વસ્તુ? એ તો ચિદ્રૂપ, જ્ઞાનરૂપ, દર્શન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાનના ઉપયોગસ્વરૂપ એ વસ્તુ છે. ત્રિકાળ વસ્તુ. એ વસ્તુ પોતાના જાણવા-દેખવાના ઉપયોગવાળો છે એ તો તન્મય એકમેક છે. એમ જો ક્રોધ છે એ પણ જીવ સાથે અનન્ય હોય, એકમેક હોય તો ક્રોધમાં તો અજ્ઞાન છે એટલે જ્ઞાનનો ભાગ નથી. એ તો જડ છે. તો આત્મા ક્રોધમય જડ થઈ જાય. આત્મા ઉપયોગમય છે એ તો અનન્ય છે. એમ ક્રોધમય હોય તો આત્મા જડ થઈ જાય. ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જડને પુદ્ગલમય કહેવાય અને જેમાં જ્ઞાન નથી એને જડ કહેવાય. એ માટે ખુલાસો થતો જાય છે. અમારે દલાલ છે ઈ. શેઠ છે. શેઠસાહેબ છે ત્યાં. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

ભાઈ! શાંતિથી જો, બાપુ! આ ચૈતન્ય વસ્તુ છે. વસ્તુ છે ને વસ્તુ. મહાન પદાર્થ. એમાં મુખ્ય તો ચૈતન્ય ઉપયોગ એ એનું સ્વરૂપ છે. એના અનંત ગુણો ભલે ભેગા સાથે હોય, પણ ઉપયોગવાન ઉપયોગમય છે. જાણવા-દેખવાનો નિત્ય ઉપયોગ, હોં! કાયમ ઉપયોગ સ્વરૂપ જ એનું છે ઈ. એમ જો આત્મા ઉપયોગથી અનન્ય નામ જુદો નથી, એક છે, એમ આત્મા ક્રોધથી અનન્ય નામ એક હોય તો ક્રોધ તો ચૈતન્યના સ્વભાવના અભાવવાળો વિકાર છે. એનાથી જો એક હોય તો આત્મા જડ થઈ જાય. જુઓ! '**જડ ક્રોધમયપણું પણ આવી પડે.**' ઉપયોગમય છે એમ ક્રોધરૂપ પણ જો આત્મા હોય, અનન્ય હોય, એક હોય તો '**ઉપયોગમયપણાની માફક...**' વ્યવહારનયથી પર્યાય એની છે એ વ્યવહારનય છે. અહીં તો વાસ્તવિક આત્મતત્ત્વ કહેવું છે. સમજાણું કાંઈ?

જેમ રજકણને કર્મને અને શરીરને કાંઈ સંબંધ નથી. કેમ કે એ તો અજીવતત્ત્વ છે અને ભગવાન આત્મા તો ચૈતન્યતત્ત્વ છે. હવે એ ચૈતન્યતત્ત્વનું જાણવું-દેખવું એનું અનન્ય નામ એક છે. જો રજકણ સાથે અનન્ય નથી, ભિન્ન છે, એમ જો ક્રોધ સાથે અનન્ય હોય, ભિન્ન ન હોય તો આત્માને ક્રોધમયપણું આવતા જડ થઈ જાય. ક્રોધમયપણું આવી પડે. આહાહા..! સમજાય છે કાંઈ? પ્રાણભાઈ! એય..! મગનભાઈ! શું આ બધું? મુંબઈનું વાતાવરણ એમાંથી માંડ અહીં આવે. એમાં આ ક્યાં? આ શું છે?

ભાઈ! આત્મા તો જાણન-દેખન સ્વરૂપ છે. જાણન-દેખન એનું સ્વરૂપ છે. એનો સ્વભાવ એ છે. એ સ્વભાવ અને સ્વભાવવાન એ તો એક છે, જુદા નથી. અનન્ય છે. અન્ય અન્ય નથી. અનન્ય છે. અન્ય અન્ય નથી. એમ એની માફક '**ચિદ્રૂપના અને જડના અનન્યપણાને લીધે...**' જો ક્રોધ અને આત્મા એક હોય તો '**ઉપયોગમયપણાની માફક જડ ક્રોધમયપણું પણ આવી પડે.**' આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આમ તો કેટલાક કહે છે ઘણાં કે ભાઈ! આત્મા તો જ્ઞાતા-દૃષ્ટા છે, હોં! જ્ઞાતા-દૃષ્ટા. એમ વાતું કરે. વળી પાછા એમ કહે કે વિકાર છે એનું સ્વરૂપ એકાકાર છે. વળી કહે કે વિકાર છે તે કર્મને લઈને થાય. વળી જ્ઞાતા-દૃષ્ટાપણું હતું ઈ ક્યાં ગયું? સમજાણું કાંઈ? બાપુ! જેને જ્ઞાતા-દૃષ્ટાપણાનો સ્વીકાર થાય એને વિકારની પર્યાય કર્મથી નહિ પણ પોતાની પર્યાય નબળાઈથી થઈ. એ કર્મ ભિન્ન રહ્યું અજીવ, આ ભિન્ન રહ્યું. આ તત્ત્વ ભિન્ન પાડવા છે ને? નહિતર તો નવ તત્ત્વમાં અજીવતત્ત્વથી આસ્રવ થાય અને આસ્રવ તે જીવ રહે તો ત્રણ તત્ત્વ એક થઈ ગયા. સમજાણું કાંઈ?

બાપુ! નવ તત્ત્વ ટૂંકામાં કહો તો સાત. પુણ્ય-પાપને આસ્રવમાં નાખી દો તો. તો સાતનું સાતપણું રહેશે ત્યારે સાત રહે ને? અને આત્મા જો જ્ઞાનસ્વરૂપ છે એમ રાગરૂપ થઈ જાય તો આસ્રવતત્ત્વ જ ભિન્ન રહેતું નથી. અનન્ય થઈ જાય છે આત્મા સાથે. બહુ ઝીણું પણ માણસને એવું પડે ને આમાં. એટલે આ બધા વ્યવહાર... વ્યવહાર.. કરે ને. પણ વ્યવહારનો રાગ છે એ ચૈતન્યના ઉપયોગમાં એકમેક નથી એમ કહે છે અહીં. જયંતિભાઈ! શું બરાબર છે પણ? આ બધું ઉડી જાય છે.

આ પુણ્ય-પાપના ભાવ, પુણ્યના ભાવ જીવ કરે, એ અહીં કહે છે કે જડ છે. એનું કર્તૃત્વ નથી એમ સિદ્ધ કરવું છે અહીં. આહાહા..! ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ, એનું કર્તૃત્વ જ્ઞાનના દર્શનના પરિણામને કરે તે આત્મા છે. આત્મા રાગ કરે એ આત્મા નહિ. આહાહા..! ભારે વાતું ભાઈ! રસિકભાઈ! ... કર્યા છે ને હમણાં ઘણા દિવસથી. બાપુ! આ તો તત્ત્વની વાત છે. સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની ભગવાન જેણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા. એનું .. અંતરમાં આત્મા તો ઉપયોગમય છે. ઉપયોગમયમાં ઠરતાં ઉપયોગમય કેવળજ્ઞાન થઈ જાય છે. સમજાય છે? એ કાંઈ શરીર અને કર્મમય નથી જેથી સાથે રહે અને એ કાંઈ પુણ્ય-પાપના રાગમય નથી કે જેથી સાથે રહે. પુણ્ય-પાપના વિકલ્પ તો ભાઈ! ચૈતન્યના પ્રકાશના અભાવભાવ સ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ૭૨ ગાથામાં આવી ગયું છે. વિપરીત. ચૈતન્ય સ્વરૂપથી વિકારના પરિણામ વિપરીત છે માટે તે અજીવ છે. સમજાણું કાંઈ? એની પર્યાયમાં વ્યવહાર ખરો, પણ પરમાર્થ એ આત્મા નહિ. વ્યવહાર અભૂતાર્થ જૂઠો છે. આહા..! સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વ્યવહાર જૂઠો અન્યથા જ કહે છે. આહાહા..! એ વાતું ભાઈ! તત્ત્વના રહસ્યના મર્મ સમજવા કઠણ છે. ભાઈ! એણે અનંત કાળથી એ પકડ્યું નથી. એમ ને એમ વાડામાં પડી અનંત વાર કાળ ગાળ્યો, પણ પરમેશ્વર સર્વજ્ઞદેવ જેવું સ્વરૂપ આત્માનું, જેવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકારનું, જેવું જડનું ભિન્ન ભિન્ન છે તેમ એને ભિન્ન-ભિન્ન ભાસ્યું નહિ. ભેદજ્ઞાન એણે કર્યું નથી. સમજાણું કાંઈ?

કહે છે કે ઉપયોગ અનન્ય છે એમ જડ ક્રોધ પણ અનન્ય છે.. પાધરુ ઉપાડ્યું જ છે જડથી. વિકારના ક્રોધભાવ, માન, માયા, લોભ. અહીં તો દયા-દાનના ભાવ એ બધા જડ છે, ભાઈ! સાંભળ ભાઈ! કેમ કે વિકલ્પ જે છે દયા, દાન, વ્રતનો રાગ છે, એ રાગમાં ચૈતન્ય પ્રકાશનો અંશ નથી આવ્યો. એ અંશ નથી. એ રાગ અંધકાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? સૂર્યનો કોઈપણ અંશ પ્રકાશમય જ હોય. અંધકારમય હોય નહિ. એમ ભગવાન ચૈતન્યસૂર્ય છે પ્રભુ. એ ચૈતન્ય સૂર્યનો કોઈ અંશ પણ અંધકારરૂપ ન હોય. એ તો જાણન-દેખનરૂપ કિરણવાળો હોય. એને ઠેકાણે કહે છે કે પુણ્ય-પાપના, દયા-દાન, વ્રત, ભક્તિને ખુલ્લો મૂકીને વાત કરીએ છીએ એમ કહે છે. કેટલાકને આકરું પડે છે. આમ ખુલવટ થાય છે ને ત્યારે ભાઈ આકરું પડે છે. ઓઘે ઓઘે વાત થાય સુધી તો એને વાંધો નથી. એ કહે છે અને બીજા ઘણા કહે છે કે ખુલ્લું મૂકો ત્યાં આમ થઈ જાય છે. આની વ્યાખ્યા જ એ છે.

ભાઈ! તું ચૈતન્ય છો ને બાપા! અરે..! તારી ખાણમાં તો એકલી જાણવા-દેખવાની શક્તિની એકલી ખાણ છે, લ્યો. એનો ઉપયોગ થાય તો કેવળ નીકળે એવી ખાણ છે. એમાંથી પુણ્ય-પાપ નીકળે? બાપુ! એ પુણ્યના પરિણામ એ શુભરાગ છે એને અહીંયાં જડ કીધો છે. ક્રોધથી ઉપાડ્યું છે કેમ? કે સ્વભાવની દૃષ્ટિ નથી અને રાગથી આત્માને માન્યો એને જીવ પ્રત્યે ક્રોધ છે. સમજાય છે કાંઈ? આત્માને શુભરાગવાળો માનવો એને કહે છે કે દ્વેષ અરોચક ભાવ. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે. આનંદઘનજી કહે છે, દ્વેષ અરોચક ભાવ. જંયતિભાઈ! ત્રીજા સંભવનાથની સ્તુતિ કરે છે ને ત્યાં? કે દ્વેષ-આત્મા રુચતો નથી જ્ઞાનદર્શનમય અને એને પુણ્ય ને વિકલ્પ રુચે છે એને આત્મા પ્રત્યે દ્વેષ છે. એને અહીં ક્રોધ કીધો છે. આહાહા..! કારણ કે દ્વેષના બે ભાગ છે. ક્રોધ અને માન. રાગના બે ભાગ છે-કપટ અને લોભ. સમજાણું કાંઈ? ત્રીજા સંભવનાથની સ્તુતિ આવે છે ને ...

**સંભવ દેવ તે ધુર સેવો સબે રે, લહિ પ્રભુ-સેવન ભેદ,**
**સેવન કારણ પહિલી ભૂમિકા રે, અભય, અદ્વેષ, અખેદ.**

એવા ત્રણ બોલ લીધા છે. સમજાય છે?

**ભય ચંચલતા જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ,**
**ખેદ પ્રવૃત્તિ કરતા થાકિયે, દોષ અબોધ લખાવ.**

બોધનો અભાવ. કહે છે કે આ આત્મા શુદ્ધ ચૈતન્ય ધાતુ. જાણક-દેખન વસ્તુ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રભુ! એની રુચિ નહિ અને પુણ્ય-પાપના વિકલ્પ જે ઉઠે છે રાગ, એની રુચિ છે એને આત્માના શુદ્ધ સ્વભાવ પ્રત્યે દ્વેષ વર્તે છે. એનો આદર કરતો નથી અને રાગનો આદર કરે એને ચૈતન્ય પ્રત્યે દુશ્મનાઈ વર્તે છે. ભારે આકરું કામ. એય..! વજુભાઈ! રાજા પણ તમારો આવો આકરો નહિ હોય. એક તો કડક હતા. .. બીજો હતો તો સાથે બેસવું પડે. મોટરમાં લઈ ગયા હતા? ... રોતા મરી ગયા નહિ? દુઃખી થઈને મરી ગયા બિચારા. ગાંડા થઈ ગયા. રાજા હોં! આવ્યા હતા ને, વ્યાખ્યાનમાં આવ્યા હતા ને? વ્યાખ્યાનમાં એ અને આ છોકરાઓ બેય આવ્યા હતા. .... ક્ષત્રિય હતા. ... એવા રાજ .. પડ્યા. સહી કરવી પડી. આ સરકારને લખવું પડ્યું ને? સહી કરવી પડી. ચોધાર આંસુ. .. આ .. નોકરી હતી ને ભાઈને. આ તમારા ઘર પાસે કાંઈક. તે દિ' કોણ હતું? વિઠ્ઠલભાઈ હતા કે કોણ હતું? બધા .. દઈ દીધું એ? વલ્લભભાઈ. .. કરો સહી. રાજમાં તમારો હક નથી. એ ભાઈ કહે છે, જ્યારે લખવા મંડ્યા હતા ને ઈ... દસ લાખનો તાલુકો હોં! રાત-દિ' .. નોકરી હતી ને એમાં. સાડા આઠસોનો પગાર તે દિ'. ... બે આંખમાં આંસુની ધારા ચાલી જાય. હાય.. હાય.. આ રાજ ગયું હવે. પરંપરા રાજા, છોકરા.. આંસુની ધારા ચાલી જાય. આ કેવા? બહાદુરસિંહ.. પાલીતાણા દરબાર. આને ખબર છે જયંતિભાઈને.. બહાદુરસિંહ.. સહી કરવી પડી કે રાજ હવે અમારું (જાય છે). આંસુની ધારા ચાલી જાય. હવે? હવેના છોકરાને રાજ નહિ? માન ગયા, માન ઉડી ગયા. સત્તા પ્રિય માન્યું છે ને. એનો ધણી. બાપુ! તું એનો તો ધણી નથી પણ રાગનો ધણી નથી. એમ કહે છે અહીં તો. જો રાગનો ધણી થા તો અજીવ અને જડ છે એમ કહે છે. સમજાણું કાંઈ? નિર્જરામાં આવે છે ને? ભાઈ! નિર્જરા અધિકારમાં આવે છે. જો હું રાગને મારો માનું તો અજીવ તો થઈ જાઉં. અજીવનો ધણી અજીવ હોય. નિર્જરા અધિકારમાં આવે છે. અજીવનો ધણી અજીવ. માટે રાગને મારો માનું તો નક્કી હું અજીવ થઈ જાઉં. પણ હું અજીવ છું નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં? હજી તો આ શરીર મારું, બાયડી મારી, છોકરા (મારા). ક્યાં બાપા, તારા હોય તો તારાથી જુદા ન થાય.

મુમુક્ષુ :- ભેગા રહે ત્યાં સુધી...

ઉત્તર :- ભેગા હતા કે દિ'? એ તો ભેગા નથી એમ કહે છે અહીં. એકઠા નથી. બે ભિન્ન જાત છે. અને રાગની અને આત્માની ભિન્ન જાત છે, બે ભેગા નથી તો વળી આ દેહ, વાણીનું શું છે? આ તો માટી ધૂળ છે, આ તો અજીવ છે. સમજાણું કાંઈ? આહાહા..! એની સત્તાની એણે સંભાળ કરી નથી, ભાઈ! તારી સત્તાના હોવાપણામાં તો એકલો જ્ઞાન અને દર્શનનો વેપાર ઉપયોગ પડ્યો છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને કહે છે કે તું એકમેક છો જેમ ઉપયોગની સાથે, એમ જડ ક્રોધ પણ જો એકમેક હોય આત્માની સાથે, એવી પ્રતીતિ કરવામાં આવે અને એવી કલ્પના કરવામાં આવે. બે લીધું ભાઈ! પ્રતીતિ અને પ્રતિપાદન. બેય કથનનો અર્થ બેય થાતો હશે. એમ પ્રરૂપણા કરવામાં આવે, એમ પ્રતીત કરવામાં આવે. માનવાને પ્રતીત કીધું.

'**તો ચિદ્રૂપના અને જડના અનન્યપણાને લીધે...**' બહુ ટૂંકામાં ઘણો સાર સમાડી દીધો છે. '**તો ચિદ્રૂપના...**' ચિદ્રૂપ એટલે જ્ઞાનરૂપ જીવ. ચિદ્રૂપ-જ્ઞાનરૂપ જ્ઞાનરૂપ. અને ક્રોધરૂપ એમ બે થઈ જાય. જ્ઞાનરૂપ તે જડ ક્રોધરૂપ થઈ જતાં '**ચિદ્રૂપના અને જડના અનન્યપણાને લીધે...**' એટલે કે ક્રોધ.. આ ભાવ ક્રોધની વાત છે, હોં! જડની રજકણની વાત નથી. આહાહા..! પર્યાયની વાત (છે), ભાઈ! આહાહા..! કોણ જાણે શું અર્થ કરતા હતા? બાપુ! આ નહિ, ભાઈ! એ જ્ઞાનરૂપ ચૈતન્યમૂર્તિ.

મુમુક્ષુ :- એ તો નિશ્ચય...

ઉત્તર :- નિશ્ચય એટલે વાસ્તવિક. વ્યવહારે કહેવું કે આમાં રાગ છે એ પર્યાયમાં.. પર્યાયનયથી એને કહેવો. વસ્તુદૃષ્ટિએ છે નહિ. વ્યવહાર કહે છે કે છે, નિશ્ચય કહે છે, નથી. આ બેમાં વાંધા. સમજાણું કાંઈ? આગળ કહેશે. હમણાં જ લેશે પાછું ૧૬, ૧૭, ૧૮માં. જીવનો પર્યાય જીવની શક્તિથી થાય છે એમ કહેશે. હવેની તરત પાંચ અને દસ ગાથામાં આવશે. પહેલા પાંચ પુદ્ગલનું આવશે અને પછી આવશે. સમજ્યા? એકાંતે લઈ જાય કે ના, ના વિકારની પર્યાય કર્મને લઈને થાય છે અને કર્મની છે. અહીંયાં તો કઈ અપેક્ષાએ? ચૈતન્યના સ્વરૂપમાં એ વિકૃત નથી માટે તે ચૈતન્યના સ્વરૂપનો ઉપયોગમય જેમ આત્મા, એમ ક્રોધમય આત્મા હોય તો આત્મા જડ થઈ જાય. સમજાય છે કાંઈ?

'**ઉપયોગમયપણાની માફક જડ ક્રોધમયપણું પણ આવી પડે.**' આવી પડે એમ ભાષા છે. '**એમ થતાં તો જે જીવ તે જ અજીવ ઠરે,-**' ભગવાન આત્મા જાણન-દેખન ચૈતન્ય ત્રિકાળ ઉપયોગ સ્વરૂપ એ પોતે ક્રોધરૂપ ઠરે તો અજીવ ઠરે. એટલી ભાષા વાપરી છે. ક્રોધને જડ કહ્યો. સમજાય છે? અને અહીં કહ્યો એને અજીવ. એ અજીવ છે. ખરેખર જીવ નથી. ભારે ભાઈ! '**જીવ તે જ અજીવ ઠરે,-એ રીતે અન્ય દ્રવ્યનો લોપ થાય.**' બે જુદા તત્ત્વનો લોપ થઈ જાય. અજીવપણું જુદું રહે નહિ. જીવમાં અજીવપણું ભળી ગયું. જેમ જ્ઞાનનો ઉપયોગ આત્મામાં ભળીને રહ્યો, એમ ક્રોધાદિ આત્મામાં ભળી ગયો એટલે વિકાર જડ રહ્યો નહિ. ભિન્ન ચીજ રહી નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની ક્યાં વાત છે? આ વિકારની વાત છે. પરમાણુની કોણ વાત કરે? એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો પછી કહેશે. હજી આને સિદ્ધ કરીને કહેશે.

એ વિકારી પરિણામ અને આત્મા બે જુદા છે એમ કહે છે. જડના રજકણ તો માટી ધૂળ. એ તો હમણાં કહેશે, વાત થઈ ગઈ છે ને. કહેશે હમણાં ઈ. પ્રત્યય, નોકર્મ અને કર્મ ત્રણે બોલ લેશે. પણ આ સિદ્ધ કરીને વાત એની સાથે મેળવવી છે. પહેલી મૂળ સૂક્ષ્મપણાથી જ્યારે જુદું પાડ્યું ત્યારે આ બીજા બધા તો જુદા છે જ એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'એ રીતે અન્ય દ્રવ્યનો લોપ થાય.'** તો જુદું જડ રહે નહિ. જીવ જ અજીવ થઈ જાય. અજીવપણે જુદી ચીજ રહી શકે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બે. અજીવ થઈ જાય તો પછી જીવ મરે નહિ. જીવ ત્યાં ગરી ગયો. એ અજીવ થઈ જાય એટલે ખરેખર તો અજીવ જુદું રહે નહિ.

**'એ રીતે અન્ય દ્રવ્યનો લોપ થાય.'** છે ને પાઠમાં, જુઓને! **'तथा सति तु य एव जीवः स एवाजीव इति द्रव्यान्तरलुप्तिः'** અનેરા દ્રવ્યનો અજીવનો લોપ થઈ જાય. જીવ એમાં ભળી ગયો એટલે એકલો અજીવનો પણ નાશ થઈ ગયો. એમ થઈ ગયું. મૂળ તો એમ થઈ ગયું. આમ કહે છે, ભાઈ! જડનો .. થયો. એમ કહે છે. જીવ અજીવ ઠર્યો એટલે એમ થઈ ગયું કે જીવ પોતે નાશ થઈ ગયો. ..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બે એક થઈ ગયું તે બે દ્રવ્ય જુદા ન રહ્યા. અજીવ જુદું ન રહ્યું. અજીવ જુદું ન રહ્યું. અજીવ થઈ ગયું જીવ. કહો, સમજાણું આમાં?

ભારે વ્યાખ્યા પણ ઝીણી હોં! આને ધીમેથી વાંચતા હોય ને તો તો બધો ખુલાસો થઈ જાય. શાંતિથી ધીરેથી. પણ એમ ને એમ ઉપર ટપકે વાંચે અને ચાલ્યે જાય. એય..! નિશ્ચયનું કથન. પણ નિશ્ચયનું એટલે સત્ય. વ્યવહાર એટલે અન્યથા કથન કરે તે વ્યવહાર. ખુલાસો તો કેટલો કર્યો છે ટોડરમલજીએ. પણ કોને માનવું છે. નિશ્ચય યથાર્થ જેમ છે તેમ છે તે નિશ્ચય સત્ય છે. વ્યવહાર એક દ્રવ્યનો ભાવ બીજા દ્રવ્યમાં, એક ભાવને બીજા ભાવમાં, અન્ય કારણમાં અન્ય કારણનો ભાવ કહો, એવી રીતે માને તો મિથ્યાત્વ છે એમ કહ્યું છે. પંડિતજી મહા ટોડરમલજીએ તો મોટા .. લોકોને કોણ જાણે કો'કની મોટપ દેખી દેખીને હાલ્યો જાય છે. શ્રીમદ્‌નું જાતિસ્મરણનું ઉડાવ્યું છે. સો વર્ષનું આવે છે ને? .. કો'કને દેખીને. જાતિસ્મરણ નહોતું .. છે. સાત વર્ષે જાતિસ્મરણ હોય તો ભણવા શું કરવા ગયા? જાતિસ્મરણ ભણવા માટે થયું હશે. આવા ને આવા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહેતા હતા ને .. બે વર્ષમાં તો સાત ચોપડી ભણી ગયા હતા. ક્ષયોપશમ તો જબ્બર હતો. લોકોને.. સાત વર્ષે થયું હતું એનો દાખલો છે. બાવળ ઉપર ચડ્યા એમાં થયું. બાવળના લાકડા રૂપામાં મઢ્યા છે, વડવામાં છે, ખંભાતમાં છે. સમજાય છે? પણ કોણ જાણે માણસને કો'કની મોટપ.. બાયડી-છોકરા હતા ને. આ અમે બધા ત્યાગી છીએ ને. ત્યાગી કોને કહેવા? મિથ્યાત્વના ત્યાગ વિના ત્યાગી કોને કહેવા? હજી પહેલા મિથ્યાત્વનો ત્યાગ નથી તેમાં અવ્રતનો ત્યાગ થઈ ક્યાંથી ગયો? વજુભાઈ! મોટો લેખ લખ્યો છે કોઈ અભ્યાસી માણસે. સ્થાનકવાસી જૈન છે. ... એ બધું ... છે. અરે..! ભાઈ! એના ક્ષયોપશમનો તો કોઈ એ વખતે તુલના ... છે. એટલો ક્ષયોપશમ... એટલો ક્ષયોપશમ... ફાટફાટ. એ તો ઉંમર નાની ને દેહ છૂટી ગયો. હવે એને જાતિસ્મરણ .. તમે આખો ચોપડો વાંચો. પણ ચોપડામાં પુસ્તકમાં લખ્યું છે. આમાં લખ્યું ઓલા ત્રિવેદીને. પુનર્જન્મ છે તે મારા અનુભવથી કહું છું. સમજ્યાને? .. થાતા હશે .. એમ જાતિસ્મરણ થાય નહિ. એ દાખલો ત્યાં આપ્યો છે બગસરાનો. જુઓ! આ ખોટી નીકળી. ઓલી બગસરાની હતી ને. .. એ તો ગપ્પા ઉડાડ્યો હતો. .. જીવ છું. ... એને એમ કહ્યું, જાતિસ્મરણ જ્ઞાન કહે છે ત્યાં ખટક્યું. જ્ઞાન કહે છે ને. એ મૂર્તિ માને તો અમે બધા ખોટા ઠરીએ.

ભાઈ! જાતિસ્મરણ એ તો ભવનું ભાન છે. સમ્યગ્દષ્ટિને સમ્યગ્જ્ઞાન છે જાતિસ્મરણ હોય તો. મિથ્યાદષ્ટિને જાતિસ્મરણ અજ્ઞાન છે પણ છે જાતિનું પૂર્વના ભવનું ભાન. ભગવાન! અહીં છોડી પ્રત્યક્ષ થઈ છે ને. અહીં દેખાડ્યું નહિ? ઈ ગપ છે, એમ ન માનવું. ઘણાંને બેસતું નથી. આહાહા..! ઘણાં ભવનું જ્ઞાન અને એમાં સાથે સમ્યગ્દર્શન એ વાત તો બેસવી જગતને ભારે કઠણ. કહે છે, અહીં શાંતિથી જોને, બાપુ! એ બધું જાતિસ્મરણ તો સાધારણ ચીજ છે. જ્યાં આત્માની જાતિનું ભાન થયું પછી જાતિસ્મરણ તો એક સાધારણ ચીજ છે. સમજાય છે? થવું હોય તો કોઈને થાય. ન પણ થાય. એની સાથે સંબંધ નથી.

અહીં કહે છે કે વિકારના પરિણામ ભગવાન આત્માના તન્મય હોય. તન્મય એટલે એકરૂપ હોય તો જીવ જરૂર અજીવ થઈ જાય, હોં! માટે એમ થાય તો અન્ય દ્રવ્યનો લોપ થાય. પણ એમ કોઈ દિ' બને નહિ. આહાહા..!

**'આ પ્રમાણે...'** છે ને? **'પ્રત્યય,...'** પ્રત્યય એટલે મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ. ચારેય બોલ. પહેલો દૃષ્ટાંત આપીને સિદ્ધાંત ક્રોધથી .... મિથ્યાત્વભાવ, અવ્રતભાવ, કષાયભાવ, યોગભાવ એ ચારેય અજીવ છે. એ ક્રોધની પેઠે અચેતન છે. મિથ્યાત્વભાવમાં ચૈતન્યનો પ્રકાશ નથી. અવ્રતભાવમાં ચૈતન્યનો પ્રકાશ નથી, કષાય, ક્રોધ, માન, માયા, લોભ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

દયા, દાન વ્રત પરિણામ એમાં ચૈતન્યનો અંશ નથી. આહાહા..! ... પડે ... પણ એમાં એ બધું ભરેલું છે.

ભાઈ! જેમ ક્રોધ તે આત્માથી એકમેક નથી. મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ એ ચારેય અરૂપી વિકૃતભાવ પણ અચેતન છે. ભગવાન જ્ઞાનમૂર્તિ આત્મા દર્શન (જ્ઞાનના) વેપારવાળું સ્વરૂપ ત્રિકાળ. વર્તમાન જ્ઞાનના ઉપયોગથી તે જણાય તો એ આત્મા વિકારમય નથી કે જેથી એના વડે જણાય. સમજાય છે કાંઈ? કહો, ધર્મચંદજી! આ વિકારને જડ કહે છે. શું છે? આ વ્રતનો વિકલ્પ જડ છે એમ કહે છે. રાડ નાખી જાય ને. બાપુ! જેમાં ચૈતન્યના પ્રકાશનો અભાવ છે ને એ અપેક્ષાએ તેને અચેતન કહી, એને જડ કહી અને ચૈતન્યની સાથે એકમેક નથી. એનું નામ આત્મા અને પરથી ભિન્ન જ્ઞાનનું ભેદજ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**આ પ્રમાણે પ્રત્યય,...**' એટલે આસ્રવ. કાલ તો પ્રત્યય શબ્દનું પૂછતો હતો. શબ્દ શું છે? પ્રત્યયમાંથી શું નીકળે છે? પ્રત્યય એટલે કે મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ. અહીં આસ્રવ કહેવા છે ને? એ પ્રત્યય એટલે આસ્રવ જે છે એ આપણે સવારમાં આવી ગયું છે. આવી ગયું છે. કાલે આવી ગયું. એમાં આવી ગયું મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગથી અનન્ય જીવની અનુભૂતિથી ભિન્ન છે. એ આવી ગયો છે બોલ. સમજાણું? અહીં પણ આવી ગયો પહેલા. કહો, સમજાણું? અહીં આવી ગયો મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ બંધના સામાન્ય હેતુ હોવાથી .. છે. આવી ગયું ને. પહેલા આવી ગયું. એ પુદ્ગલનો કર્તા.. આહાહા..!

ચૈતન્ય જ્ઞાનની મૂર્તિ પ્રભુ એ તો જાણક સ્વભાવથી ભરેલો, એ તો દેખવાના સ્વભાવથી ભરેલો ભગવાન. એવા વિકારને મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ એ તો બધા અચેતન છે, જડ છે. જેમ ક્રોધથી આત્મા અન્ય છે અને જો અન્ય ન હોય તો આત્મા જીવ તે અજીવ ઠરી જાય. એમ આસ્રવ જો અન્ય ન હોય તો આત્મા પ્રત્યયરૂપ થતાં જીવ અજીવ થઈ જાય. આહાહા..! અરે..! યોગના કંપન્ન રૂપ આત્મા થાય તોપણ કહે છે કે જીવ અજીવ થઈ જાય એમ કહે છે. આહાહા..! કંપન્ન છે એની પર્યાયનું, હોં! પણ વાસ્તવિક એનું સ્વરૂપ નથી. જ્ઞાન અને દર્શનનો પ્રભુ સૂર્ય છે એ તો. જ્ઞાન અને દર્શનનો સૂર્ય. કિરણો નીકળે એમાંથી કેવા નીકળે? જુઓ! ઓલા નથી ત્યાં તમારા બાહુબલીજી? બાહુબલીજી ઉપર નથી બે મોટા? સર્ચ લાઈટ. બે મૂકી છે નહિ? મોટી આવડી. રાતે દેખાય રાતે. ઊંચું જોયુંને. રાતે બેસતા હતા ને બે-બે કલાક નહિ? ઉપર ઉંચે છે. ... એમાંથી પ્રકાશ નીકળતો હતો, કે અંધારું નીકળતું હશે? ફોક્સ લાઈટમાંથી શું નીકળે? આ તો જ્ઞાન દર્શનની અનંતગુણી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સર્ચ લાઈટ ... એમાંથી. આ તો હવે ધૂળ .. તે સંયોગી તત્ત્વ. સંયોગી તત્ત્વ છે. આ તો અસંયોગી સ્વભાવ.

એક જ દ્રવ્યનું જ્ઞાન-દર્શનના ઉપયોગમય મહા અનંત સ્વભાવ. એની સાથે પ્રત્યય, મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ એક થઈ જાય તો જીવ જડ થઈ જાય. બાપુ! જીવના ઉપયોગમાં એ આવી શકતું નથી. પ્રવચનસારમાં વળી કહ્યું .. આત્માના પરિણામ છે, અનન્ય છે. સૂત્રો કહ્યા એ આત્માના. એ પર્યાયની અપેક્ષાએ અનન્ય કહ્યા. વસ્તુના સ્વભાવની અપેક્ષાએ એ ... કહ્યા. વસ્તુ સ્વભાવની દૃષ્ટિ કરાવવી છે ને? ઓલું તો માને છે અનાદિથી. એમાં શું છે નવું? સમજાણું?

'પ્રભુનો મારગ છે શુરાનો, કાયરના નહિ કામ.' એ હરિનું આવે છે ને અન્યમતિમાં? 'હરિનો રે મારગ છે શુરાનો, કાયરના નહિ કામ.' એ તો બધી વાતું છે. આ તો પ્રભુનો મારગ છે શુરાનો. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ, એના કહેલા અફર માર્ગ એ શુરવીરોનો માર્ગ છે. સમજાય છે? આહાહા..! કહે છે, એકવાર વીર થઈને જો તો ખરો તારી વીરતા તે સ્વભાવમાં છે કે તારી વીરતા કોઈ વિકૃતભાવમાં છે?

ભગવાન એની વીરતા તો ભરેલી જ્ઞાન-દર્શનના ઉપયોગની વીરતાથી ભરેલો પદાર્થ છે. વિકારના પરિણામમાં પ્રભુ તું ક્યાં આવ્યો છો? એ તો જડ છે ને? ભિન્ન છે, હોં! જો એક હોય તો જીવ અજીવ થઈ જાય. મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ અને '**નોકર્મ,...**' લ્યો! આ શરીર આદિ નોકર્મ. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષાને પછી નોકર્મ નાખે છે. આહાર, શરીર ઈન્દ્રિય, ભાષા આદિ.. છ પર્યાપ્તિમાં આવે છે ને? એ આવશે આમાં. ઓલામાં આવશે સવારમાં. સમજાણું? એ નોકર્મ તે પણ આત્મા નહિ. શરીર, ઈન્દ્રિય, ભાષા, મન, પર્યાપ્તિ બધું. એ પણ આત્મા નહિ. પણ પહેલો ઓલો વિચાર કરીને એને કીધું. ઓલા ચાર .. ગયા ને? આમાં ક્રોધ કહી પછી મિથ્યાત્વ, પછી કહ્યું નોકર્મ, પછી કહ્યું કર્મ. એ પણ જીવથી અનન્ય છે. એ આત્મા અને કર્મ અને નોકર્મ પ્રત્યય એક છે. '**એવી પ્રતિપત્તિમાં પણ,...**' એવી શ્રદ્ધામાં પણ, એવા કથનમાં '**પણ આ જ દોષ આવે છે.**' સમજાણું કાંઈ?

'**હવે જો આ દોષના ભયથી...**' હવે જો આ દોષના ભયથી '**એમ સ્વીકારવામાં આવે કે ઉપયોગાત્મક જીવ અન્ય જ છે...**' ભગવાન આત્મા જાણન-દેખન સ્વરૂપ ભગવાન, એ વિકારથી જુદો છે, વિકારથી જુદો છે. '**અને જડસ્વભાવ ક્રોધ અન્ય જ છે,...**' અને જડરૂપી ક્રોધ સ્વભાવ પણ આત્માથી જુદો જ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- દોષના ભયથી એટલે કે આમ ન થઈ જાય માટે. અજ્ઞાનીને ભૂલ ન થાય માટે. એમ કહે છે. એ દોષના ભયનો અર્થ કે તને મહામિથ્યાત્વનો દોષ લાગશે એમ કહે છે. જે જડ છે એ આત્મા થઈ જાય. આત્મા જડ થઈ જાય તો એને મહા મિથ્યાત્વનો દોષ લાગશે. તારા લોકનો નાશ થશે. તારા આત્માનો લોપ થશે અને કાં જડનો લોપ થશે. બે દ્રવ્ય જુદા રહેશે નહિ. આહાહા..! ભારે વાતું ભાઈ! ચર્ચા જ કરવી છે ને. પણ કરીને શું કરે? સાંભળને ભાઈ! કરે શું? દેહની ક્રિયા કરે આત્મા? કર્મની કરે? વાણીની કરે? કરે શું? એ તો જડ છે. આ અંદર રાગની ક્રિયા કરે એ રાગનું કર્મ એ જડ છે, આત્માનું નહિ એમ કહે છે. સિદ્ધ એ કરવું છે. જ્ઞાન ઉપયોગ કર્તા અને રાગ કર્મ એમ હોઈ શકે નહિ. ચૈતન્ય સ્વભાવ કર્તા અને રાગ કર્મ એ વસ્તુમાં હોઈ શકે નહિ એમ સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ? કોઈ કોઈનું કરે નહિ. કર્મ તારું સ્વરૂપ નથી, ભાઈ! એનો જો નિર્ણય નહિ કર તો તારો આરો ક્યાંય આવે એવો નથી. લ્યો! મરતા પણ આ..આ... ઝાવા નાખે બહારમાં. કાંઈક વિકલ્પ ઉઠાવે. ક્યાં ન્યાં શરણ છે, ભાઈ! જ્યાં ચૈતન્ય .. આનંદકંદ છે ત્યાં નજર નાખને કે જેમાં ક્રોધ અને આસ્રવ એક થયા જ નથી. એ તત્ત્વ ભિન્ન જ રહ્યા છે. સમજાણું કાંઈ?

'**ઉપયોગાત્મક જીવ અન્ય જ છે અને જડસ્વભાવ ક્રોધ અન્ય જ છે, તો જેમ ઉપયોગાત્મક જીવથી જડસ્વભાવ ક્રોધ અન્ય છે...**' જેમ જાણવા-દેખવાના ભગવાન આત્માથી એ ક્રોધના પરિણામ જુદા છે, ક્રોધ જુદો, ભગવાન જુદો. '**તેમ પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ અન્ય જ છે...**' લ્યો! સિદ્ધ તો ત્યાં પાછું કરવું છે. '**તેમ પ્રત્યય,...**' એટલે મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ. '**નોકર્મ...**' એટલે શરીર આદિ અને કર્મ. '**પણ અન્ય જ છે કારણ કે તેમના જડસ્વભાવપણામાં તફાવત નથી...**' ભાષા જુઓ! અહીં લેવો છે સિદ્ધાંત. '**કારણ કે તેમના જડસ્વભાવપણામાં તફાવત નથી...**' એટલે શું કહે છે? જેવા આઠ કર્મ જડ છે, શરીર જડ છે, વાણી જડ છે એવા જ મિથ્યાત્વભાવ, અવ્રતભાવ, કષાય અને યોગભાવ તે જડ જ છે. એવા જ જડ છે એમ કહે છે અહીં તો. એઈ..! આહાહા..! ભારે!

ફરીને. '**તો જેમ ઉપયોગાત્મક જીવથી જડસ્વભાવ ક્રોધ અન્ય છે તેમ પ્રત્યય,...**' એટલે આસ્રવો, મિથ્યાત્વ, અવ્રત, યોગ, કષાય, નોકર્મ-શરીર આદિ અને કર્મ આઠ એ અન્ય જ છે એમ જે કહે છે, કારણ કે... એટલે બે જુદા જ છે એમ કહે છે. જેમ વિકાર ક્રોધ જુદો છે એમ આ પણ જુદો છે. કેમ? કેમ? જેમ રાગ જુદો અને જીવ જુદો, તેમ '**પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ અન્ય જ છે કારણ કે તેમના...**' એટલે રાગના, ક્રોધના, મિથ્યાત્વ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અવ્રત, કષાયમાં, નોકર્મ અને શરીરમાં '**જડસ્વભાવપણામાં તફાવત નથી...**' સમજાણું કાંઈ? એય..! પ્રાણભાઈ! શું સાંભળ્યું? આ વિકારી પરિણામ એ જડ છે. એવી રીતે શરીર અને નોકર્મ જડ છે. અને શરીર નોકર્મ જડ છે એમ વિકાર એ જડ છે. બેયના જડ સ્વભાવમાં ફેર નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જુદો જ છે.

'**જેમ ઉપયોગાત્મક...**' ઉપયોગસ્વરૂપ એમ કહ્યું ને? અનન્ય કહેવું છે ને. ઉપયોગસ્વરૂપ જીવ છે એમ. જાણનાર-દેખનાર સ્વરૂપ ભગવાન એવો જે જીવ એનાથી જડ સ્વભાવ ક્રોધ અન્ય છે. તેમ મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ એ પણ જડ સ્વભાવ, નોકર્મ જડ સ્વભાવ, કર્મ જડ સ્વભાવ એ પણ આત્માથી અન્ય છે. કેમ કે તેમના વિકારના જડ સ્વભાવપણામાં, શરીર અને નોકર્મના જડસ્વભાવપણામાં તફાવત નથી. ભારે ગળે ઉતરવું. એવી તકરારું કરે. આમ છે ને તેમ છે. ક્યાં કર્મ અને શરીર અજીવ, ક્યાં રાગના પરિણામ બે જડ સ્વભાવપણાની એક જાત? એવી તકરાર ચાલે. એય..! ભગવાનભાઈ! આ અમૃતચંદ્રાચાર્યની ટીકા છે કે નહિ આ? શું છે આ?

જેમ ભગવાન આત્મા... અત્યારે હોં! જાણવા-દેખવાના સ્વભાવથી અનન્ય એટલે કે જુદો નથી, એક છે એટલે કે અન્ય છે એટલે કે વિકારથી જુદો છે અને વિકાર પણ જુદો છે. '**તેમ પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ અન્ય જ છે...**' કેમ કે આત્માના જ્ઞાન, દર્શનના ઉપયોગથી જેમ ક્રોધ અન્ય છે અને જડ છે, એવી જ રીતે પ્રત્યય, નોકર્મ, કર્મ પણ જડ છે માટે અજીવ છે, કેમ કે તેમના જડ સ્વભાવપણામાં ફેર નથી. આહાહા..! '**(અર્થાત્ જેમ ક્રોધ જડ છે તેમ પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ જડ છે).**' એક કોર રામ અને એક કોર ગામ. જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા એ જીવ અને રાગાદિ બધા અજ્ઞાન, અજીવ, જડ આમ ભેદ પાડ્યો છે. ભીખાભાઈ! શું બરાબર હશે પણ આમાં? જુઓને! શું કહેવાય? આના માટે તો રોકાણા છે. ચેક કરો એમ કહે છે. નક્કી કરો. ઓલા .. ચેક કરી દો. નક્કી કરો. ચીમનભાઈ! શું આ? સહી કરો આમાં, કહે છે. મંત્રીજીની સહી હોય ને ત્યાં? અહીં સહી કરો એમ કહે છે. કેવી? કે આત્મા જ્ઞાનદર્શન ઉપયોગસ્વરૂપ છે એ અન્ય છે અને ક્રોધ તે અન્ય છે. એમ આત્મા જ્ઞાન ઉપયોગમય છે. પ્રત્યય, કર્મ અને નોકર્મ અન્ય છે. કેમ કે બેના તફાવત જડ સ્વભાવના છે તેથી. કર સહી. હિન્દીમાં એમ કહ્યું. સહી એટલે શું કહે છે? પંડિતજી! સહી કહે છે ને સહી? એમ કહે છે ને? અહીં તો સહી કહે છે આપણે. હિન્દીમાં એમ કહે છે સહી. એમ કહે છે ને? આપણને બહુ

ખબર નહિ. સહી એમ કહેતા હતા. એકવાર રામજીભાઈ કહેતા હતા. સહી. આ સહી એટલે શું? સહી એટલે બરાબર. સહી-બરાબર છે. આહાહા..! કહે છે, ભાઈ! એ હા પાડ, હોં! હા પાડ. સહી- બરાબર છે એમ કહે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધું જડ એકમાં. એક કોર ભગવાન આત્મા. એક કોર આતમ રામ, જાણન-દેખન, ઉપયોગ ભગવાન આતમરામ. એ હિસાબે વિકાર, મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ, કર્મ, નોકર્મ, આહાર, શરીર, ઇન્દ્રિય, ભાષા, મન, પર્યાપ્તિ બધું એક જડ સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ઝીણું છે. એની મેળાએ સમજાય એવું નથી, હોં! ત્યાં. વાંચે તોય બેસે એવું નથી. હરિજનના ગુરુ છે. ઉમરાળાના છે અમારા જનમ ગામના. બહુ રસ છે. આત્મસિદ્ધિ અહીંથી લઈ ગયા ને. હરિજનમાં બહુ પ્રચાર કરે છે. હજારોમાં. આ માર્ગ છે. આ જરી એની મેળાએ ન સમજાય બધું. ઝીણું પડે ને ઝીણું. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત પણ ગજબ વાતું! ભેદની વાતું પણ ભેદ. ભેદમાં ભેદ ખુલ્લા થઈ ગયા. આહાહા..!

ભાઈ! તું ચૈતન્ય ઉપયોગમય છો ને. તું ચૈતન્ય ઉપયોગમય છો પ્રભુ! એમ જો જડ અનન્ય હોય તો તો એ જડ છે, અચેતન છે અને ચેતનના ઉપયોગમાં એ એકમેક કેમ થાય? જેમ જડ અન્ય છે તો એ જુદો જ રહે છે. અનન્ય થઈ જાય તો આત્મા જડ થઈ જાય. બે દ્રવ્ય જુદા રહે નહિ. તો જુદા જો માન, જીવ અન્ય છે, ક્રોધ અન્ય છે. મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ અન્ય છે અને કર્મ-નોકર્મ એ અન્ય છે. એ ક્રોધ રાગના પરિણામ, પુણ્યના પરિણામ... આહાહા..! જે ભાવે તીર્થંકર ગોત્ર બાંધે એ ભાવ પરિણામ અને શરીર બે જડ સ્વભાવવાળા છે એમાં ફેર છે નહિ. ગજબ વાત છે ને! આહાહા..! દિગંબર સંતોની વાણી શાંત કરીને ઠારી નાખે એવી છે. ભાઈ! માર્ગ આ છે, હોં! આમ છે એ રીત જ એમ છે. એમ તારે ગડ બેસાડવી પડશે. સહી કરવી પડશે. હા કરવી પડશે. આહાહા..!

ખોલ્યું છે પણ મૂક્યું છે ને, જુઓને! '**કારણ કે...**' ઓલા કહે, આટલો બધો..? આવું હોય? ક્યાં પુણ્ય પરિણામ તીર્થંકરગોત્ર બાંધે અને ક્યાં શરીર, બે જડ? એય..! જયંતિભાઈ! ભાઈ! કઈ અપેક્ષાની વાત છે? જેમ રાગમાં એ ચૈતન્યના જ્ઞાનપ્રકાશનો અંશ નથી, તેમ કર્મ અને શરીરમાં ચૈતન્યના પ્રકાશનો અંશ નથી. અંશ નથી માટે તે જડ છે. અને તે જડમાં બેમાં કાંઈ તફાવત છે નહિ. એમ કહે છે. વાત જ એમ છે. ઓહો..! આ વાત સાંભળવા મળે નહિ અને સાંભળવા મળે તો સમજે નહિ. ઝટ ગ્રહણ થાય નહિ. ગ્રહણ ન થાય તો ધારે ક્યાંથી? ધાર્યા વિના પાછો અંદરમાં પ્રયોગ કરે ક્યાંથી? સમજાણું?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**જેમ ક્રોધ જડ છે...**' એટલે કે રાગ, પુણ્ય, દયા, દાનના વિકલ્પો જડ છે. કેમ કે જ્ઞાનના અંશ નથી. તેમ અશુભરાગ જડ છે. તેમાં જ્ઞાનનો અંશ નથી. તેમ મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ જડ છે તેમાં જ્ઞાન નથી. તેમ શરીર અને નોકર્મ પણ જડ છે. આહાહા..! થોડું પણ એણે સાચું સમજવું જોઈએ. ભણે પણ મોટા થોથાના થોથા ભણી જાય, આખા ભણી જાય પણ એમાં પાર આવે નહિ.

મુમુક્ષુ :- સમજીને સહી કરવી પડે.

ઉત્તર :- સહી કરો. રાજ તમારું નહિ. આંખમાં આંસુની ધારા...

મુમુક્ષુ :- આનંદથી સહી કરો.

ઉત્તર :- (અહીં) તો આનંદથી સહી કર. હા પાડ. ભગવાન ચૈતન્ય આનંદ સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ સ્વરૂપ કોઈ દિ' રાગરૂપ થયો નથી. એમ અંદર જો. એમ કહે છે.

મુમુક્ષુ :- આમાં રોતા રોતા સહી કરી શકે?

ઉત્તર :- એમ કહે છે, આમાં રોતા રોતા સહી કરે તો? ઓલા રાજાએ સહી કરી દીધી ને? આમાં ન ચાલે. રોતલનું કામ નથી આમાં. રોતલ! નીકળી જા. કીધું ને? વીર્ય તો સ્વરૂપની રચના કરે તેને વીરના માર્ગમાં વીર્ય કહે છે. વીર છે ને. વિશેષે .. વિશેષનું વ-ઈર્ય આવે છે ને? પંડિતજી! વીર. વિશેષે ર. ઈર્ય. પ્રેરે છે. ઈર્યતે તે ધીર.. ધીર.. ધી-બુદ્ધિ જેમાં વિશેષ પ્રેરે, આત્મા જ્ઞાનમાં પ્રેરે એ ધી-ધીર કહેવાય, એને ધીર કહેવાય. એને વીર કહીએ. વિશેષે જે જ્ઞાનમાં વીર્યની સ્ફુરણા કરીને પ્રેરે અંદરમાં. જ્ઞાનાનંદ છું, રાગાદિ નહિ. એને અહીં વીર માર્ગ કહે છે. ભીખાભાઈ! અહીંયાં રોતલનું કામ નથી.

'**આ રીતે જીવને અને પ્રત્યયને એકપણું નથી.**' લ્યો, સરવાળો લાવ્યા. આ રીતે પ્રત્યય, જે માથે કહ્યા હતા ને? એને ને આત્માને એકપણું નથી. બેય જુદા છે. એમ અંતરમાં નિર્ણય કરી અને અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. અહીંથી ધર્મની શરૂઆત થાય છે. નહિતર એને ધર્મ થતો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૯, મંગળવાર તા. ૬-૧૨-૧૯૬૬**
**ગાથા-૧૧૩ થી ૧૨૦, પ્રવચન-૨૦૯**

કર્તાકર્મ અધિકાર, સમયસાર છે. એનો ભાવાર્થ અહીંયાં છે, ૧૧૩, ૧૧૪, ૧૧૫ ગાથાનો. અધિકાર તો આ કર્માકર્મ ચાલે છે. છતાં એના આત્મામાં આ નથી એવો અધિકાર કરીને એનો આત્મા કર્તા નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું? સિદ્ધ તો એટલું કર્યું છે કે આ રીતે જીવને અને પ્રત્યયોને એકપણું (નથી), એ સિદ્ધ કરવું છે.

‘**ભાવાર્થ :-...**’ મિથ્યાત્વ જે છે વિપરીત માન્યતા. અવ્રત, કષાય અને યોગ એ પરિણામ વિકારી છે. એ આસ્રવ છે. ‘**આસ્રવ તો જડ સ્વભાવ છે...**’ જે રાગાદિ વિકાર એ જડ નામ અચેતન સ્વભાવ, એ આત્માનો ચૈતન્ય સ્વભાવ નથી. સમજાણું કાંઈ? ‘**અને જીવ ચેતનસ્વભાવ છે.**’ ભગવાન તો જાણન-દેખન સ્વરૂપ આત્માનું છે. જાણવું-દેખવું એવું એનું ચૈતન્યસ્વરૂપ છે. અને આ મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ એ તો વિકારી પરિણામ છે. એમાં ચૈતન્ય સ્વરૂપ નથી. એ તો જડ છે. એમ કહીને શું સિદ્ધ કરવું છે? કે એનો આત્મા કર્તા નથી. નિશ્ચયદૃષ્ટિએ ચૈતન્ય સ્વભાવને જુઓ તો આત્મસ્વભાવ વિકાર પરિણામનો કર્તા નથી. કેમ કે એમાં એ નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા તો ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનાનંદ છે. એમાં રાગ અને વિકલ્પ છે નહિ તો નથી તેનો કર્તા કેમ હોય? એમ સિદ્ધ કરવું છે. સવારમાં તો અસ્તિત્વ સિદ્ધ કરીને આત્મામાં નથી એટલું કર્યું. આત્મા તો જ્ઞાન, આનંદનો સ્વભાવ ભરેલો છે આત્મા. એમાં આ પુણ્ય-પાપના ભાવ, રાગના ભાવ એ કાંઈ એના સ્વભાવમાં નથી. એ તો વિકાર છે અને વિકાર તેથી અચેતન છે. અચેતન છે તેથી ચૈતન્ય સ્વભાવથી ભિન્ન છે. ભિન્ન છે તેથી ચૈતન્ય સ્વભાવ તેનો કર્તા નથી. એમ સિદ્ધ કરવું છે. કર્તા નથી. કર્તા માનવું તે મિથ્યાત્વ અને અજ્ઞાન છે. એમ સિદ્ધ કરવું છે. કહો, સમજાય છે કાંઈ? બહુ ઝીણું!

‘**જો જડ અને ચેતન એક થઈ જાય તો ભિન્ન દ્રવ્યનો લોપ થઈ જાય...**’ આત્મા ભગવાન સિદ્ધ સ્વરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એ અને વિકાર બે એક થઈ જાય તો જડનો લોપ થઈ જાય. જડ ભિન્ન રહે નહિ. ચેતન પણ ભિન્ન રહે નહિ. ચેતન જડ થઈ જાય અને જડ ચેતન થઈ જાય. સમજાણું કાંઈ? ઘણી વાત. આ વાત એવી છે કે એને અંતરમાં જ્યાં સુધી ન બેસે ત્યાં એને એવું લાગે કે આ શું વાત કહે છે? એકાંત છે. એવું લાગે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અનંત કાળમાં આત્મતત્ત્વ શું છે એની એણે જોઈ નજર કરી નથી. ભગવાન આત્મા તો જ્ઞાનની મૂર્તિ છે. ચૈતન્ય સૂર્ય છે. કહે છે કે એમાં આ રાગાદિ અંધકાર ક્યાંથી આવ્યો? પુણ્ય-પાપના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જાપ, કામ, ક્રોધ બધા અંધકાર છે, વિકલ્પ છે, વિકાર છે, વિભાવ છે, અંધકાર છે, અજ્ઞાન છે. આહાહા..! રાડ નાખે ને પછી બિચારા. શું કરે આમાં? એ..! વજુભાઈ!

મુમુક્ષુ :- ... એના અજ્ઞાનથી રાડ નાખે છે.

ઉત્તર :- એ તો અજ્ઞાનથી. ભાઈ! એમ નથી, બાપા! તારી ચીજની તને ખબર નથી. જુઓને, ટૂંકામાં કેટલું (ભર્યું છે)!

અધિકાર તો એ ચાલ્યો આવે છે કે કર્તા નથી. તેર ગુણસ્થાન કર્તા છે એમ કીધું હતું ને? એને સિદ્ધ કરે છે. ભગવાન આત્મા એ પુદ્ગલના પરિણામનો કર્તા નથી અને નવા કર્મનો એ કર્તા નથી. નવા કર્મ અને એ તેર ગુણસ્થાન બે એક જાત છે. પુદ્ગલ પુદ્ગલને કરે, આત્મા કરતો નથી. એમ આત્માને જ્ઞાતા-દૃષ્ટાપણે વસ્તુ છે તેમ અહીંયાં સિદ્ધ કરવી છે. આહાહા..! અનંત કાળમાં એણે અંતરમાં શું ચીજ છે એનું ભાન કર્યું નથી. તેથી એને એમ લાગે કે આ શું કહે છે? વળી અહીં તો એટલું મનાય કે બધી ક્રિયા કરો. કરતા કરતા કલ્યાણ થાય. દયા, દાન, વ્રત, ભક્તિ પરિણામ કરો તો કલ્યાણ થાય. એ તો ક્યાંય ઊંધી વાત છે તદ્દન. આહાહા..!

મુમુક્ષુ :- એ પણ ક્યાં છે?

ઉત્તર :- એ પણ ક્યાં છે. પણ કદાચિત કોઈ પરિણામ રાગ મંદ હોય (તો)... અમારે ત્યાં એક ભાઈ કહેતા હતા. અમે ગયા ને તળેટીમાં. બધું ચાલતું હતું. કાંઈક બાંધ્યું હતું આગમ મંદિરમાં. અમારે તો વિધિ સહિત થાય તો કરીએ. એમ કહ્યું. મેં કીધું, વિધિ કોની પણ? જયંતિભાઈ કહેતા હતા. અમારે વિધિ થાય. અવિધિએ ન થાય કાંઈ. પણ શું વિધિ અને શું અવિધિ? એમ કે આ બરાબર ઉપધાન કરવા ૪૫ દિ'ના. એક આમ ખાવું, આમ ખાવું, તેમ ખાવું. હવે એ તો બધી જડની-બહાર ક્રિયા અને અંદર રાગ થાય એ તો રાગની ક્રિયા છે. આહાહા..! ભારે કામ આકરું!

મુમુક્ષુ :- ખુબ આકરું.

ઉત્તર :- આકરું? મૂળ વસ્તુની ખબર જ નથી. આહાહા..!

કહે છે કે ભાઈ! જડ અને ચેતન તો બે એક થઈ જાય. મોટો દોષ આવે. માટે આસ્રવને અને આત્માને એકપણું નથી. ભગવાન આત્મા ચૈતન્ય સૂર્ય છે અને પુણ્ય-પાપના, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ તો વિકાર છે. એ વિકાર અને ચૈતન્ય બે ભિન્ન છે. એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભાન કર્યા વિના તને ધર્મ થશે નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં? કહો, જયંતિભાઈ! શું આમાં છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પહેલા તો ભડકતા હતા. ત્યાં આવતા, ત્યાં રહેતા. આવે. દવા માટે આવ્યા હતા, નહિ? દવા માટે આવ્યા હતા. એવી વાત છે એવી હોં! જરી ભડકે એવી.

મુમુક્ષુ :- મોટર આવી ને તો ગાયું અને ભેસું બહુ ભડકે.

ઉત્તર :- બહુ ભડકે. અરે..! પહેલી રેલ આવી હતી. અમે નજરે જોયું હતું. એક (બાઈ) નળિયું લઈને એને પૂજતી હતી. રેલ આવી ને રેલ? ગાડી. ગાડી આવીને પહેલી? અમારે ખસ-ખસમાં. બોટાદ જતાં ખસ (આવે ને). અમે બોટાદથી ખસ જતા હતા. રેલ આવી એન્જિન. એટલે ઓલી બાઈ આમ નળિયામાં... નળિયું સમજ્યાને? એમાં ધૂપ નાખીને.. એમ કહે કે દેવી છે આ. આ દેવી ચાલે આમ? બળદ વિના ગાડી ચાલે! આહાહા..! અમે નજરે જોયું હોં! ત્યાંથી ઉતરતા... નળિયું લઈને (ધૂપ ચડાવ્યો). આ! આ તો દેવી બાઈ આવી. રેલના ડબા માંડ આવ્યા. બોટાદ સુધી જતી પણ ખસ આવી. ઘણા વર્ષ થઈ ગયા, હોં! નળિયામાં ધૂપ નાખી અગ્નિ (કરી) અને એન્જિને આમ આમ કરે. આવા મૂરખ! તે મુરખના ગામ હશે જુદા? આહાહા..!

એમ અહીં કહે છે કે તું વિકારને પૂજનિક માન (તો) મૂઢ છો, એમ કહે છે. એ શુભ-અશુભભાવને પૂજનિક માન અને મોટો છે એમ માન તો મૂઢ છો. આ ચૈતન્ય ભગવાન અનંત સચ્ચિદાનંદ મૂર્તિ પ્રભુ છે એને તું દેવ માન. એ એવો પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે જોયો છે એવો તું આત્મા છો, ભાઈ! એને દેવ માન. આ પુણ્યના-પાપના ભાવની મહત્તા માને છો, તું એને દેવ માને (છો), મૂઢ છો. એને ધૂપ દે છો. ઓહોહો..! બહુ કર્યું અમે... બહુ કર્યું અમે.. સારું કર્યું અમે. એય...!

**'માટે આસ્રવને અને આત્માને એકપણું નથી એ નિશ્ચયનયનો સિદ્ધાંત છે.'** વ્યવહારનયથી છે. પર્યાયમાં પર્યાયમાં રાગાદિ છે. અંશબુદ્ધિએ અંશનયે છે. પણ એ જાણવાલાયક છે, આદરવા લાયક નથી. એ અભાવ, સ્વભાવમાં એનો અભાવ છે એવી દૃષ્ટિ કરે તો પછી કાંઈક રાગાદિ રહે એ જાણવાલાયક રહે. જાણવા લાયક રહે, પણ આદરવા લાયક છે નહિ. એથી કહ્યું, નિશ્ચય નામ સત્યદૃષ્ટિમાં ભગવાન આત્મા આનંદકંદ પ્રભુ આત્મા છે. એનું જ્ઞાન કર અને રાગાદિનો કર્તા છોડી દે. વિકલ્પ રાગ આદિ કાર્ય મારું છે એમ તારામાં નથી માટે તેનું કાર્ય તારું કેમ હોય? એમ અહીં સિદ્ધ કરે છે. અને સિદ્ધ તો આટલું જ કર્યું છે. આ ગાથામાં. કર્તાકર્મ ઓલામાં સિદ્ધ થઈ ગયું. તેર ગુણસ્થાન. પણ એની પુષ્ટિ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માટે આ લીધું ને? સમજાણું કાંઈ? આહાહા..!

મોટો ચૈતન્ય બ્રહ્મ આત્મા, કહે છે કે એની અંદરમાં એક ક્ષણનો કૃત્રિમ વિકાર એને ભેળવી અને હું છું એમ માનવું એ મહા ભ્રમ અને અજ્ઞાન છે. અને એ વિકારી પરિણામના મારા કાર્ય છે અને આત્મા સ્વભાવિક વસ્તુ તેનો કર્તા, ભાઈ! બે એક થઈ જાય છે. બે કર્તાકર્મ એક થઈ જાય છે. એમ હોઈ શકે નહિ. ભિન્ન ચીજ છે ઈ. સમજાણું કાંઈ? એટલું સિદ્ધ કર્યું. હવે પાછી ફેરવી વાત.

વળી કોઈ પર્યાયમાં એમ માને કે પુદ્ગલની પર્યાય કે જીવની પર્યાય પોતાથી નથી થતી પણ પરથી થાય છે. એમ કોઈ માને તો સ્વતંત્ર પર્યાયની સિદ્ધિ કરવા એ વાત પાછી લે છે. સમજાણું કાંઈ? વસ્તુને સિદ્ધ કરી. વસ્તુનો સ્વભાવ આ એમ દૃષ્ટિ કરી. પણ પહેલેથી કોઈ એમ માની લે કે મારા આત્મામાં વિકાર થાય છે એ કર્મને લઈને થાય છે, આ કર્મ જે બંધાય છે હું રાગ કરું માટે બંધાય છે. એમ માને એને બે દ્રવ્યની એક્તાની બુદ્ધિ ટળી નથી. તો પછી એને રાગ અને સ્વભાવની એક્તાબુદ્ધિ કેમ ટળે? એમ. સમજાણું કાંઈ? રાગ, પુણ્ય-પાપના વિકલ્પ અને નિર્વિકલ્પ એની એક્તા ક્યારે ટળે? કે પહેલો તો આ કર્મ અને પરથી હું ભિન્ન છું. મારી દશામાં મારો વિકાર, કર્મની દશામાં કર્મના પરિણામ એનાથી થાય છે. કોઈથી બીજાથી થતા નથી. એમ એની પર્યાયની સ્વતંત્રતાનો સ્વીકાર થાય તો પછી પર્યાયનો વિકાર દ્રવ્યમાં નથી એમ સ્વભાવ અને વિભાવની એક્તા તૂટે. સમજાણું કાંઈ? એ માટે આ અધિકાર અહીં સુધી લીધો. હવે આ વાત પાછી ફેરવી. સમજાણું કાંઈ?

‘**હવે સાંખ્યમતના અનુયાયી શિષ્ય પ્રતિ પુદ્ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ કરે છે...**’ કેટલાક એમ કહે છે કે જો ભાઈ! અમે વિકાર કર્યો ને ત્યારે કર્મને પરિણમવું પડ્યું કર્મ રૂપે. છ જ્ઞાનાવરણીના ભાવ અમે કર્યા તો જ્ઞાનાવરણીને બંધાવું પડ્યું. એમ જે કહે છે એની વાત ખોટી છે એમ અહીં સિદ્ધ કર્યું છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મૂકી નથી એ વાત ને.. રાગ અને સ્વભાવ ભિન્ન છે એમ યથાર્થ માન્યતા કોને થાય? કે જેને પરદ્રવ્યની પર્યાય અને મારી પર્યાય ભિન્ન છે એવી શ્રદ્ધા થાય અને આનાથી ભિન્નની શ્રદ્ધા થાય. અહીં જ જ્યાં અટક્યો હોય એને રાગ અને સ્વભાવ ભિન્ન છે એવી શ્રદ્ધા થાય નહિ. માટે વધારે સિદ્ધ કરે છે વાતને.

‘**(અર્થાત્ સાંખ્યમતી પ્રકૃતિ-પુરુષને અપરિણામી માને છે તે સમજાવે છે) :**’

**जीवे ण सयं बद्धं ण सयं परिणमदि कम्मभावेण।**
**जदि पोग्गलदव्वमिणं अप्परिणामी तदा होदि।।११६।।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**कम्मइयवग्गणासु य अपरिणमंतीसु कम्मभावेण।**
**संसारस्स अभावो पसज्जदे संखसमओ वा।।११७।।**
**जीवो परिणामयदे पोग्गलदव्वाणि कम्मभावेण।**
**ते सयमपरिणमंते कहं णु परिणामयदि चेदा।।११८।।**
**अह सयमेव हि परिणमदि कम्मभावेण पोग्गलं दव्वं।**
**जीवो परिणामयदे कम्मं कम्मत्तमिदि मिच्छा।।११९।।**
**णियमा कम्मपरिणदं कम्मं चिय होदि पोग्गलं दव्वं।**
**तह तं णाणावरणाइपरिणदं मुणसु तच्चेव।।१२०।।**

એનું હરિગીત.

**જીવમાં સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં કર્મભાવે પરિણમે,**
**તો એવું પુદ્‌ગલદ્રવ્ય આ પરિણમનહીન બને અરે! ૧૧૬.**
**જો વર્ગણા કાર્મણ તણી નહિ કર્મભાવે પરિણમે,**
**સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૧૭.**
**જો કર્મભાવે પરિણમાવે જીવ પુદ્‌ગલદ્રવ્યને,**
**ક્યમ જીવ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૧૮.**
**સ્વયમેવ પુદ્‌ગલદ્રવ્ય વળી જો કર્મભાવે પરિણમે,**
**જીવ પરિણમાવે કર્મને કર્મત્વમાં-મિથ્યા બને ૧૧૯.**
**પુદ્‌ગલદરવ જે કર્મપરિણત, નિશ્ચયે કર્મ જ બને;**
**જ્ઞાનાવરણ ઈત્યાદિ પરિણત, તે જ જાણો તેહને. ૧૨૦.**

‘**ટીકા :-**’ જુઓ! સમય સમયની પરિણતિ પર્યાય સિદ્ધ કરે છે. છે? ૧૧૬ થી ૧૨૦. કર્તાકર્મ. એની ટીકા. આ કર્તાકર્મ છે. ૧૨૦ છે ને. ૧૧૬થી ૧૨૦. આત્મા રાગ-દ્વેષ કરે છે તેથી કર્મને પુદ્‌ગલને કર્મપણે પરિણમવું પડે છે. એ વાત ખોટી છે એ વાત સિદ્ધ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

‘**જો પુદ્‌ગલદ્રવ્ય જીવમાં...**’ જે જ્ઞાનાવરણાદિ કર્મ છે ને જડ? પહેલા જડની વાતથી લીધું. પછી જીવની લેશે પાંચ ગાથા. જ્ઞાનાવરણાદિ, મતિજ્ઞાનાવરણી, દર્શનાવરણી, વગેરે દર્શનમોહ, ચારિત્રમોહ, અંતરાય આદિ. એ ‘**પુદ્‌ગલદ્રવ્ય જીવમાં સ્વયં...**’ એની મેળાએ પોતે ‘**નહિ બંધાયું થકું...**’ એની મેળાએ કર્મરૂપે પર્યાય પુદ્‌ગલની ન થાય તો ‘**કર્મભાવે સ્વયમેવ ન પરિણમે, તો તે અપરિણામી જ ઠરે.**’ તો તે બદલતી દશા એનામાં નથી. પલટતી નથી માટે અપરિણામી કૂટસ્થ ઠરે. શું કીધું સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા રાગ-દ્વેષ કરે માટે પુદ્‌ગલને કર્મપણે પરિણમવું પડે અને સ્વયં એની મેળાએ પરિણમે નહિ.. જુઓ '**જીવમાં સ્વયં નહિ બંધાયુ થકું કર્મભાવે...**' સ્વયં એની મેળાએ હોં પર્યાયપણે. '**કર્મભાવે સ્વયમેવ ન પરિણમે, તો તે અપરિણામી જ ઠરે.**' પુદ્‌ગલ કર્મપણે સ્વયં ન પરિણમે તો તો અપરિણામી ઠરે. '**એમ થતાં, સંસારનો અભાવ થાય.**' એમ કર્મ જ નથી તો જીવને નિમિત્ત-સંસારનું નિમિત્ત નથી. નિમિત્ત નથી તો વિકાર પણ નથી. '**(કારણ કે પુદ્‌ગલદ્રવ્ય કર્મરૂપે ન પરિણમે તો જીવ કર્મરહિત ઠરે;...**' જીવને કર્મ નિમિત્તપણે પણ છે નહિ. '**તો પછી સંસાર કોનો?)**' સંસારની વિકારની દશામાં કર્મનું નિમિત્ત છે એ નિમિત્ત જ ન હોય તો સંસાર કોનો? એ કર્મ કર્મપણે પુદ્‌ગલ એક.. ખુબી એ છે કે એ પરમાણુમાં તે સમયે તે મતિજ્ઞાનાવરણી પરિણમવાને યોગ છે તે કર્મ પોતે પુદ્‌ગલ કર્મપણે પરિણમે છે. ઓહોહો..! જે આયુષ્યપણે પરિણમવાના પરમાણુ છે તે આયુષ્યપણે ત્યાં પરિણમે છે. આત્માના પરિણામની અપેક્ષા રાખ્યા વિના. કહેશે હજી. સમજાણું કાંઈ? આહાહા..! બહુ વાત...

'**જો પુદ્‌ગલદ્રવ્ય જીવમાં...**' વસ્તુ બે સિદ્ધ કરે છે. જીવ એક બાજુ અને એક કોર પુદ્‌ગલ. પણ એ પુદ્‌ગલ પોતે પોતાને કારણે '**કર્મભાવે સ્વયમેવ ન પરિણમે,...**' કર્મભાવે એટલે કર્મ અવસ્થાપણે. પુદ્‌ગલો કર્મ થવાને લાયક જે છે એ પુદ્‌ગલો સ્વયં કર્મભાવે ન પરિણમે '**તો તે અપરિણામી જ ઠરે.**' બદલતા ન ઠરે, પલટતા ન ઠરે, અવસ્થાંતર થતા ન ઠરે. '**એમ થતાં સંસારનો અભાવ થાય.**' તો સંસાર રહે નહિ. કારણ કે કર્મ વિનાનો જીવ તો મુક્તિ થઈ ગઈ. તો પછી સંસાર કોનો?

'**અહીં જો એમ તર્ક કરવામાં આવે કે જીવ પુદ્‌ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે છે...**' એ જ્ઞાનાવરણીપણે પરિણમે છે એને આત્મા પરિણમાવે છે. સમજાણું કાંઈ? કર્મરૂપે ન પરિણમે તો '**જીવ પુદ્‌ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે છે...**' એમ કોઈ કહે. '**તેથી સંસારનો અભાવ થતો નથી, તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને કરવામાં આવે છે :-**' આવી સીધી વાત છે પણ એમાં પણ ઊંધા અર્થ કરે છે લ્યો. કરે છે ને. આહાહા..!

'**જીવ પુદ્‌ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે છે તેથી સંસારનો અભાવ થતો નથી, તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને કરવામાં આવે છે :- શું જીવ સ્વયં અપરિણમતા પુદ્‌ગલ દ્રવ્યને કર્મભાવે પરિણમાવે કે સ્વયં પરિણમતાને?**' આ સિદ્ધાંત, આખો સિદ્ધાંત. આત્મા એ કર્મરૂપે થવાને, પરિણમવાને પુદ્‌ગલો પરિણમતા નથી. સ્વયં પરિણમતા નથી પુદ્‌ગલો. એને કર્મભાવે પરિણમાવે? પરિણમતા નથી એને પરિણમાવે? અપરિણમતા પુદ્‌ગલને કર્મભાવે પરિણમાવે? કે સ્વયં પરિણમતાને પરિણમાવે? બે પ્રશ્ન. શું કીધું સમજાણું આમાં?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પુદ્ગલો કર્મભાવે અપરિમણતાને પરિણમાવે કે પરિણમતાને પરિણમાવે? જીવ પરિણમાવે નહિ. રાગ થયો માટે જીવ કર્મરૂપી અવસ્થા કરે. કર્મરૂપી અવસ્થાને જીવ કરે તેથી કર્મનું નિમિત્ત અને સંસારનો અભાવ ન થાય. ત્યારે કહે છે કે ભાઈ! ન થાય તો હવે તને પૂછીએ છીએ કે જીવ પુદ્ગલદ્રવ્યને કર્મભાવે એટલે પર્યાયે કર્મ પર્યાયે.. સમજાણું? અપરિણમતાને પરિણમાવે? કે સ્વયં પરિણમતાને? આહાહા..!

'**પ્રથમ, સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ;...**' જે પરિણમવાને વર્તમાન લાયક પર્યાય નથી તેને પર વડે બદલાવી શકાય નહિ. આહાહા..! આ મહાસિદ્ધાંતો છે. '**સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ;...**' સ્વયંનો અર્થ બીજો કરે છે એ. ગોટો વાળે છે અંદરથી. આવ્યું હતું રતનચંદજીનું. સ્વયં એટલે એની મેળાએ એમ નહિ. એમ કહે છે. સ્વયં એટલે... પુદ્ગલ પુદ્ગલરૂપે પરિણમે છે. એમ. પણ અહીં તો કહે છે.. ઓહો..! એવું જીવને આકરું પડે છે ને. ઓલા ..જીએ કહ્યું ને કે જાતિ અંધનો દોષ નહિ આકરો. આંધળાઓનો દોષ આકરો નહિ, બિચારાને અર્થ જ સૂઝતો નથી. 'જાતિ અંધનો દોષ નહિ આકરો જે જાણે નહિ અર્થ. મિથ્યાદષ્ટિ તેથી આકરો કરે અર્થના અનર્થ.'

અહીં જુઓ સીધી વાત છે. ભાઈ! તું સાંભળ. આ આત્મા છે વસ્તુ અને અહીંયાં કર્મ છે. હવે એ કર્મના પુદ્ગલો સ્વયં નથી પરિણમતા? એને જીવ પરિણમાવે? અને સ્વયં પરિણમતાને પરિણમાવે? બેમાંથી શું તારે કહેવું છે? ત્યારે કહે કે એ તો નથી પરિણમતા એને પરિણમાવે છે. તો સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ. જે પુદ્ગલો જ્ઞાનાવરણીપણે, દર્શનાવરણીપણે, આયુષ્યપણે ન પરિણમતા હોય એને બીજા વડે પરિણમાવી શકાય નહિ. સમજાણું કાંઈ?

'**કારણ કે (વસ્તુમાં) જે શક્તિ સ્વતઃ (પોતાથી જ) ન હોય...**' જુઓ ભાષા! એ પરમાણુમાં જે શક્તિ કર્મરૂપે સ્વતઃ તે પણે તે પર્યાયમાં ન હોય તો '**તેને અન્ય કોઈ કરી શકે નહિ.**' સ્વતઃ પરિણમવાની શક્તિ એનામાં ન હોય, જેની શક્તિ સ્વતઃ ન હોય, તેને બીજો કોઈ કરી શકે નહિ. કહો, બરાબર હશે? આપણે અહીં દાખલો લોકમાં આપે છે કે ભાઈ જણનારીમાં જોર ન હોય તો... શું કહે છે ઓલી? સુયાણી શું કરે? સુયાણી કહે છે. તમારી ભાષામાં શું કહે છે? દાયણ. જણનારીમાં જોર ન હોય તો સુયાણી શું કરે? સુયાણી એટલે શું કહ્યું? અમારે સુવાવડ કહે. સુવાવડ શબ્દ હિન્દી ભાષામાં નહિ હોય. પ્રસુતિ કરનારમાં જોર ન હોય તો પ્રસુતિ કરાવનાર શું કરે? એમ આવે છે અમારે કાઠિયાવાડી ભાષામાં. કારણ કે એ શું કરે? અંદરમાં કસ વિનાનું હોય અને નબળું હોય જરીક ધક્કો મારવાનો એટલોય કસ ન હોય તો કરે શું ઓલી જોડે? આવે છે કે નહિ? જણનારીમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જોર નહિ તો સુયાણી શું કરે?

એમ કહે છે કે ન પરિણમતાને બીજો કેમ પરિણમાવે? એમ કહે છે. જે પુદ્ગલોમાં તે સમયે કર્મપણે પરિણમવાને લાયક નથી એને બીજો બદલાવે એમ ત્રણ કાળમાં બને નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં? આહાહા..! માટીમાં ઘડારૂપે પરિણમવાની પર્યાયની યોગ્યતા ન હોય અને કુંભાર એને પરિણમાવે? ના. શક્તિ સ્વતઃ ન હોય તો એને કોઈ કરી શકે નહિ. માટીમાં તે સમયે ઘડારૂપે પરિણમવાની શક્તિ છે તો પરિણમે છે. જો શક્તિ ન હોય અને કુંભાર પરિણમાવે (એમ) ત્રણ કાળમાં બને નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ આટામાં રોટલી થવાની શક્તિ ન હોય અને તાવડી અને બાઈ રોટલી કરે (એમ) ત્રણ કાળમાં બને નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :- બધાની શક્તિ ભેગી થાય છે.

ઉત્તર :- ધૂળમાં શક્તો ભેગો કોઈનો થાતો નથી. બે પરમાણુનો ભેગો થાતો નથી તો વળી બે આત્મા અને પરમાણુની ક્યાંથી થતી હશે? આહાહા..! આવી સીધી સીધી વાત (છે). પરમાણુઓમાં તે સમયે કર્મના ઉત્પાદની પર્યાય થવાની-પરિણમવાની શક્તિ જો ન હોય તો બીજો એને શું આપી શકે? એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ ઝીણું.. બહુ ઝીણું માણસને.

શરીરનું તો એક કોર રહ્યું. આ શરીર હાલે છે એ શરીરની આ જે પર્યાય થાય છે.. કહે છે કે આ શરીરની પર્યાયનો ઉત્પાદ પરિણમે છે એ બીજા વડે પરિણમે છે કે પરિણમતાને બીજો પરિણમાવે? એ ન પરિણમતાને પરિણમાવે એમ તો હોય નહિ કારણ કે એનામાં સ્વશક્તિ નથી, એ પરિણમાવી શકે નહિ. એને કારણે આ પર્યાય શરીરની થાય. આત્માથી નહિ. આહાહા..! અહીં તો કર્મની.. જેટલા પ્રમાણમાં વિકારી જ્ઞાનાવરણીનો ભાવ કરે એટલા પ્રમાણમાં ત્યાં બંધાય. છતાં એના પરમાણુની પર્યાય એને કારણે પરિણમે છે. આત્માને લઈને નહિ. આહાહા..! આવો નિરપેક્ષ સ્વતંત્ર પર્યાય ધર્મ, એને નક્કી કર્યા વિના રાગ વિનાનો આત્મા જ્ઞાનાનંદ નિરપેક્ષ છે એનો નિર્ણય એને નહિ થાય. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની પ્રાપ્તિ એને નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે.. આહાહા..! અહીં તો કર્મની પર્યાયની જ વાત માંડી છે. ભગવાન! સ્વયં અપરિણમતાને (અર્થાત્) જ્યારે કર્મરૂપે પુદ્ગલો ન પરિણમતા હોય એને પરિણમાવી શકાય નહિ. '**કારણ કે જે શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ. (માટે પ્રથમ પક્ષ અસત્ય છે.).**' અપરિણમતાને પરિણમાવે બીજો જીવ, કર્મરૂપે થવાની એની પરિણમવાની શક્તિ નથી અને આત્મા તેને પરિણમાવે એ વાત તારી જૂઠી છે. કારણ કે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એનામાં શક્તિ ન હોય અને બીજો બદલાવે અને પરિણમાવે એ વાત તારી ખોટી છે. ઓહોહો..! કહો, સમજાણું કાંઈ? અહીં કહે છે કે શિષ્યમાં જ્ઞાન થવાની તાકાત ન હોય અને બીજો ગુરુ આપી દે એમ નથી. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગુરુ સામર્થ્યથી થાય.

ઉત્તર :- ગુરુ સામર્થ્યથી કોને માટે? પરને માટે સામર્થ્યહીન જ છે. પરનું કોણ કરી દે એવું છે? એમ કહે છે અહીં તો. એ જીવ શિષ્ય સમજે છે એ સમજવાની પર્યાય પરથી થાય છે એમ જો તું કહે તો અમે કહીએ છીએ કે એ પરિણમવાની શક્તિ એનામાં છે અને પરિણમે છે? કે નહિ પરિણમવાની શક્તિ (છે અને પરિણમે છે)? કે પરિણમવાની શક્તિ નથી એનામાં એ યોગ્યતાની, ગુરુને લઈને થાય એમ બને નહિ. જેનામાં બદલવાની શક્તિ નથી એને બીજો કોઈ શક્તિ આપી શકે નહિ. આહાહા..! બહુ ઝીણું! આકરું પડે અત્યારના માણસને બિચારાને. ભાઈ! અહીં તેં તો કર્મ દીઠું નથી પણ આ દીઠામાં તારો ભ્રમ છે. તો આ તો અણદીઠામાં તો મોટો ભ્રમ કર્યો. એમ કહે છે.

અહીં તો સમય સમયે પરમાણુમાં જે પર્યાય થવાની સમયની લાયકાત છે તે તેનાથી પરિણમે છે એવું સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! '**સ્વયં અપરિણમતાને...**' જે કર્મ પોતે પોતાપણે ન બદલતા હોય એને પરિણમાવી શકાય નહિ. કારણ કે જે એનામાં શક્તિ સ્વતઃ પોતાથી ન હોય તેને અન્ય કોઈ આપી શકે નહિ, કરી શકે નહિ. આહાહા..!

અહીં તો (લોકો) કહે, કર્મનો આત્મા કર્તા અને કર્મ બાંધે અને કર્મ ભોગવે. અહીં ના પાડે છે. કર્મ બાંધતો નથી તું અને કર્મ ભોગવતો નથી તું. સાંભળને. વિકાર તું કર અને વિકારને ભોગવ એ તારો સ્વતંત્ર ભાવ છે. આહાહા..! કહો, રસિકભાઈ! આ રાડ નાખે બધા. કર્મને માનનારા. કર્મ ગ્રંથ ને કર્મ... શું કહેવાય? કર્મ ગ્રંથ. આપણે શું કહેવાય એ? કર્મકાંડ. કર્મકાંડ. ઓલામાં કર્મ ગ્રંથ કહે, એને અહીં કર્મકાંડ અને જીવકાંડ કહેવાય ને બે? ગોમ્મટસારમાં એમ કહે છે. જીવકાંડ અને કર્મકાંડ. પેલામાં કર્મ ગ્રંથ.. કર્મ ગ્રંથ કહે છે ઈ. પણ અહીં તો કહે છે કે સાંભળને હવે, જડ કર્મની પર્યાય.. આહાહા..!

એ કર્મની પુદ્‌ગલ વર્ગણા છે... અહીં તો એ સિદ્ધ કરે છે કે, કર્મ થવા પહેલાની જે વર્ગણા. એ વર્ગણામાં વર્તમાન કર્મપણે પરિણમવાની લાયકાતથી પરિણમે છે? કે નહિ લાયકાતથી પરિણમે છે? જો પરિણમવાને લાયક નથી અને બીજો પરિણમાવે, એમ બની શકે નહિ. જેનામાં જે શક્તિ નથી તે બીજાથી આપી શકાય નહિ. અન્ય કોઈ કરી શકે નહિ, બીજાથી કરી શકાય નહિ. આહાહા..! માટીમાં ઘડો થવાની શક્તિ છે તો ઘડો (થાય છે). કુંભાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરી શકતો નથી. આહાહા..! અને એનામાં જો ઘડો શક્તિ થવાની ન હોય તો બીજો આપી શકે નહિ. અને એનામાં શક્તિ જો ઘડો થવાની હોય તો બીજાની અપેક્ષાની જરૂર નથી. એમ સિદ્ધ કરવું છે અહીં. આહાહા..! કહો, મગનભાઈ! સમજાય છે આ? આ વેપાર-બેપારમાં બધું એવું છે હોં આ. આહાહા..!

આ લાકડી છે, જુઓ! આ લાકડી. કહે છે કે આ લાકડી આમ ચાલે છે. જુઓ! એ આંગળીએ એને હલાવી? કે આંગળી વિના એને લઈને ચાલી? આંગળીએ એને હલાવી. તો સાંભળ. એ હાલવાની પરિણતિની પર્યાય નથી પરિણમવાની શક્તિ અને આણે પરિણમાવી? કે ના. આણે પરિણમાવી. પરિણમવાની શક્તિ નથી અને પરિણમાવી? જો પરિણમવાની શક્તિ ન હોય તો પરિણમાવે એવું બની શકે નહિ. કારણ કે કોઈની શક્તિ કોઈનો આધાર-આશ્રય રાખતી નથી. ઓહોહો..! ભારે વાત ભાઈ! ગળે ઉતરવું માણસને એવું (કઠણ પડે). પછી માણસ કહે, આ તો એકાંત છે, નિશ્ચય છે. સાંભળને બાપા! નિમિત્ત છે એ વાત છે, પણ એકાંત તો સમ્યક્ એક જ વસ્તુ છે એ.

**'જે શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ. અને સ્વયં પરિણમતાને તો પર પરિણમાવનારની અપેક્ષા ન હોય;...'** મહાસિદ્ધાંત. જો કર્મપણે પુદ્‌ગલ પરિણમતા હોય એવો જ એનો પર્યાય ધર્મ હોય તો એને પર પરિણમાવનારની અપેક્ષા ન હોય. આત્મા રાગ કરે તો એને પરિણમાવે એવી અપેક્ષા એને હોય નહિ. આહાહા..! જુઓને! નિરપેક્ષ અહીં સિદ્ધ કરે છે. એ કર્મની પર્યાય તો વિકારરૂપ વિભાવ છે. ભાઈ! એનો દૃષ્ટાંત આપ્યો. કર્મનો પર્યાય તો વિભાવ છે. અનંતા પરમાણુનો સ્કંધનો વિભાવ પર્યાય. એ પણ કહે છે કે પરિણમવામાં બીજાની અપેક્ષા રાખતું નથી. આણે રાગ કર્યો માટે પરિણમ્યું એમ અપેક્ષા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અરે..! ભાઈ! તત્ત્વની સ્થિતિ અને વસ્તુની મર્યાદા અચળ જે છે એની જેને ખબર નથી. એને આ અચળ વસ્તુ ત્રિકાળ આનંદકંદ પ્રભુ છે એની દૃષ્ટિ કેમ કરશે? એની અવસ્થા ક્ષણે ક્ષણે પ્રત્યેક પદાર્થની પોતાની સ્વ શક્તિથી પરની અપેક્ષા રાખ્યા વિના વિકારી પર્યાય પરિણમે વિભાવ કર્મ. અહીં જુઓ વિભાવ પરિણામ. એને પણ જ્યાં રાગની અપેક્ષાની જરૂર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. કર્મની વિભાવપર્યાયને પણ રાગની-પરની અપેક્ષા નથી. આહાહા..! જુઓ!

સ્વયં પરિણમતાને જો કર્મ રૂપે પુદ્‌ગલ જ પોતે પરિણમતા હોય તે સમયે, મતિજ્ઞાનાવરણી, શ્રુતજ્ઞાનાવરણી, આયુષ્યપણે, દર્શનાવરણીપણે, વેદનીપણે, મોહનીપણે, તો પર અન્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પરિણમાવનારની અપેક્ષા ન હોય. તો તે કર્મની પર્યાયને બદલવામાં આત્માના પરની અપેક્ષા એને હોઈ શકે નહિ. આહાહા..! જુઓ! ઓલામાં કહ્યું છે ને? વિષયો શું કરે? ભાઈ! પ્રવચનસારમાં. ભાઈ!

મુમુક્ષુ :- અકિંચિત્કર.

ઉત્તર :- વિષયો અકિંચિત્કર છે. આ પાંચ ઈન્દ્રિયના વિષયો છે એને તું સુખરૂપ માને છો એમ વાત જ નથી. તું કલ્પના કર છે એમાં વિષયો અકિંચિત્કર વિષયો કરે શું તને સુખ ઉપજાવવામાં? સમજાણું કાંઈ? આ વિષયો શબ્દ રૂપ, રસ, ગંધ અને સ્પર્શ છે ને. તો કહે છે કે એ વિષયો અમને સુખરૂપ પરિણમાવે. બાપુ! એનામાં તાકાત નથી. તું કલ્પના કરે છો કે મને આમાં સુખ છે. આ સ્ત્રીમાં સુખ છે, આબરૂમાં સુખ છે, લાડવામાં સુખ છે. ધૂળમાંય નથી, સાંભળને! મૂરખ થઈને તું કલ્પના કરે એમાં તને વિષયો કરે શું? અકિંચિત્કર સિદ્ધ કર્યું છે. સમજાય છે કાંઈ?

સ્ત્રી તને રાગ ઉપજાવે સુખનો, લાડવો તને રાગ ઉપજાવે સુખનો ત્રણ કાળમાં નહિ, એમ કહે છે. જયંતિભાઈ! આ પૈસા ગલગલિયા કરીને આ પૈસા પાંચ કરોડ .. હીરા-માણેક આમ. માટે તને રાગ ઉપજાવે? ના ના. સાંભળને! એ વિષયો શું કરે? પર અકિંચિત્કર છે. તું મૂઢ થઈને રાગ કરે અને તું કહે કે મને આ કરાવે છે. અકિંચિત્કર છે એમ સિદ્ધ કર્યું છે પ્રવચનસારમાં. આહાહા..! તારા વડે થયેલું છે. પરથી થાય છે? વિષયો કિં કરે છે એને. કેટલામી ગાથા છે? ૬૫. ભાઈને ખબર હશે. ત્યાં ચર્ચાતી હોય ને. ઘણા વખતથી ચાલે છે.

**पप्पा इट्ठे विसए फासेहिं समस्सिदे सहावेण।**
**परिणममाणो अप्पा सयमेव सुहं ण हवदि देहो।।६५।।**

જુઓ! એ પછી આવે છે.

**एगंतेण हि देहो सुहं ण देहिस्स कुणदि सग्गे वा।**
**विसयवसेण दु सोक्खं दुक्खं वा हवदि सयमादा।।६६।।**

જુઓ ૬૭માં આવે છે. ૬૭માં.

**तिमिरहरा जइ दिट्ठी जणस्स दीवेण णत्थि कायव्वं।**
**तह सोक्खं सयमादा विसया किं तत्थ कुव्वंति।।६७।।**

આ ઈન્દ્રિયના સુખની કલ્પના તું કરે છો કે આમાં સુખ છે. એ વિષયો તને શું કરે? સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! આ '**किं तत्थ**' એમ છે પાઠ. '**विसया किं तत्थ कुव्वंति**' જુઓ! સમજાણું? શું કરે? '**સુખપરિણામની શક્તિવાળો હોવાથી વિષયોનું**

**અકિંચિત્કરપણું પ્રકાશે છે :-**' પાઠ છે, હોં! એનો અર્થ જ છે ઈ. '**अथात्मनः स्वयमेव सुखपरिणामशक्तियोगित्वाद्विषयाणामकिंचित्करत्वं द्योतयति-**' બાપુ! અહીં તો સુખની કલ્પના પરિણમવાની તારી લાયકાત છે. સુખ પરમાં નથી પણ માનવાની. વિષયોમાં, આબરૂમાં, કીર્તિમાં, શરીર સુંદર એવી માનવાની તારામાં પર્યાયમાં લાયકાત છે. એથી તું માને છો. વિષયો શું કરે તને? આહાહા..! અરે..! શું કરીએ? આ સુંદર રૂપ, સુંદર ધન, સુંદર આમ મેસુબ અને શીખંડ ને પુરી આમ ગલગલિયા ઉઠે છે અમને. બાપા! એમ નથી, કહે છે ભાઈ! એ વિષયો શું કરે તને? મગનભાઈ! શું કહેવાય? એક દિ'માં પચ્ચીસ હજાર પેદા થાય અને પચાસ હજાર પેદા થાય તો ગલગલિયા થઈ જાય અંદર. એને લઈને થયું છે? મૂઢ છો?

મુમુક્ષુ :- રૂપિયાવાળાને ...

ઉત્તર :- રૂપિયાવાળા હતા કે દિ'?

કહે છે કે **'सोक्खं सयमादा' 'सोक्खं सयमादा'**. દુઃખની કલ્પના છે પણ સુખ માને છે ને? સ્ત્રીમાં સુખ છે, ભોગમાં સુખ છે, આમ સુખ છે, છોકરા હૈયાના હાર જેવા દેખાય તો આમાં સુખ છે. મૂઢ છો. રાગ તો તેં કર્યો છે એમાં એ વિષયો કરે શું તને? ભીખાભાઈ! સાચી હશે? હવે હીરાલાલ જેવો છોકરો હોય એને.... એય..! પ્રાણભાઈ! એકનો એક છોકરો હોય અને વળી આમ કહ્યાગરો કેવો હોય આમ. આહાહા..! બાપુજી..! ભાઈ.. ભાઈ! કરે. શું છે?

ભાઈ! તને કલ્પનાના રાગપણે પરિણમવાની કલ્પનાની તારી યોગ્યતા છે. બાપુ! એ વિષયો અકિંચિત્કર છે. નિમિત્ત તો અકિંચિત્કર થઈ ગયું. લ્યો, આમાં આવી ગયું એ તો. ભાઈ! તને નિમિત્ત-એ વિષયો અકિંચિત્કર છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્યાં મૈસુબનો આમ જોયો ચોસલો. આ કલ્પના કરાવે છે. મૂઢ છો? એ અકિંચિત્કર છે. તારી કલ્પના સુખની બુદ્ધિ કરે છો એમાં એ અકિંચિત્કર છે. એય..! શું કહેવું છે તમારે? એમ કર્મ પણ અકિચિંત્કર છે એમ છે મૂળ તો. એ કહેશે પછી. હવેની ગાથામાં આવશે. સમજાણું કાંઈ? નથી ને હમણાં ક્યાં છે?

જુઓ! વિષયો શું કરે? સંસારમાં કે મુક્તિમાં સ્વયમેવ સુખપણે પરિણમતા આત્માને વિષયો શું કરે? આહાહા..! કેટલી વાત છે! અહીં જ્ઞાનતત્ત્વ અધિકાર છે ને? જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે. એનો તો આનંદસ્વભાવ છે. એને આનંદ અંતર છે. એને મૂકીને તું સુખ કલ્પના કરે છે એમાં વિષયો કરે શું તને? મૂઢ થઈને કલ્પના કરે છે કે અમે સુખી છીએ. મૂઢ છે. તારી મિથ્યાદષ્ટિપણું છે, એમ કહે છે. અને તેમાં વિષયો કે નિમિત્ત છે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નહિ. નિમિત્ત વસ્તુ એટલે? કરે તો એને નિમિત્ત ક્યાં કહેવાય? આહાહા..! કહો, સમજાણું કાંઈ? આ સુંવાળા ગાદલા, એ રેશમી.. માથે પંખા ફરતા હોય અને આમ જાણે છોકરાઓ બેઠા હોય સારા મોટા લોઢા જેવા પાંચ પાંચ હાથના લાંબા, રૂપાળા ગોરા જેવા છ-સાત આમ. શું કહેવાય? ખુરશી નાખીને. બાપુજી.. બાપુજી.. કરે. એક કોર બાયડ્યું હોય એક-બે વળી નવી-જૂની અને એમાં... આહાહા..! આહાહા..! શું છે? ઓલી જાણે હું આને રાગ ઉપજાવું, ઓલી જાણે હું આને રાગ ઉપજાવું. કહે છે કે એ વિષયો શું કરે? ભાઈ! તને તારા પરિણામની સુખની કલ્પના કરવામાં તું સ્વતંત્ર છો. એ મિથ્યાદૃષ્ટિપણે પરમાં સુખ છે એવી કલ્પના તું સ્વતંત્ર કરવાને સમર્થ છો. બાપુ! એ પાંચ ઈન્દ્રિય કાંઈ તને કરી શકતી નથી. આહાહા..! સ્વર્ગમાં ઈન્દ્રાણી સુખ ઉપજાવતી નથી એમ કહે છે. અહીં જ્ઞાન અધિકાર લીધો છે, બાપુ! જ્ઞાન તો આનંદરૂપ છે. એ આનંદરૂપ ઊંધો પરિણમે અને દુઃખ-સુખની કલ્પના કરે એમાં વિષયો શું કરે તને? આવા મોટા બંગલા, વિમાનો, સુંદર શરીરો, માખણ જેવા શરીર. ભાઈ! એ તો બધા જડની પર્યાયો, બાપુ! તને પ્રેરતા નથી. આમાં સુખ છે એમ એ પ્રેરતા નથી. તું મૂઢ થઈને કરે એમાં એ વસ્તુ શું કરે તને?

એમ અહીંયાં કહે છે કે કર્મ પોતે પોતાથી પરિણમે એને જીવ કરે શું? આહાહા..! સમજાણું કાંઈ? ત્યારે એ વખતે, એવું કેમ? એમ પ્રશ્ન ઉઠે માણસને. રાગ કર્યો, દયાના ભાવ થયા એ પ્રમાણેની શાતા બંધાણી, જુઓ. કહે છે કે એ વખતે પરમાણુમાં શાતાની પર્યાયપણે પરિણમવાની યોગ્યતાથી પરિણમ્યા છે. તારા શાતાના અનુકંપાનો ભાવ હતો માટે પરિણમ્યા છે એમ નથી. જો એનાથી પરિણમ્યા હોય તો અપરિણમતાને પરિણમાવે? એમ કેમ બને? પોતામાં પરિણમવાની પર્યાયની શક્તિ નથી અને રાગ શાતાના અનુકંપાના ભાવ થયા અને એને લઈને પરિણમ્યા એમ નથી. ત્યારે કહે છે, એ તો એ વખતે પરિણમવાની લાયકાત હતી ને પરિણમાવ્યા. તો પરિણમવાની લાયકાત હતી એને વળી પરિણમાવ્યા એ આવ્યું ક્યાંથી? આહાહા..! સમજાણું કાંઈ?

**'પરિણમાવનારની અપેક્ષા ન હોય; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી.' 'સ્વયં પરિણમતાને તો પર પરિણમાવનારની અપેક્ષા ન હોય;...'** આવી તો વસ્તુ છે. હવે કેટલાક એમ કહે છે, જૈનમાર્ગ સાપેક્ષ છે, સર્વથા નિરપેક્ષ નહિ. કઈ અપેક્ષાએ વાત છે? નિશ્ચયથી તો નિરપેક્ષ છે. વ્યવહાર છે એવું એક નિમિત્તનું જ્ઞાન કરવા વસ્તુ છે. એવું આવે, બધા છાપામાં બહુ આવે છે ઘણાં વર્ષથી. જૈનમાર્ગ તદ્દન નિરપેક્ષ કોઈ કહે તો એકાંત મિથ્યાત્વ છે. અહીં કહે છે કે કર્મની પર્યાય એને પણે પરિણમે અને પરની અપેક્ષા નથી એ એકાંત સત્ય છે. આહાહા..! કર્મના રજકણો હોં! પરમાણુમાં પહેલી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વર્ગણાની પર્યાય હતી. બીજે સમયે આયુષ્ય રૂપે પરિણમ્યા, જ્ઞાનાવરણી પરિણમ્યા એ પરિણમનારને બીજાની અપેક્ષા નથી. આણે રાગ કર્યો, આયુષ્ય બાંધવાના પરિણામ કર્યા માટે આની અપેક્ષાએ પરિણમ્યા એમ નથી. આહાહા..! તે પ્રકારે જ્ઞાનાવરણીના પરિણામ જીવે કર્યા માટે જ્ઞાનાવરણી પરિણમ્યું? ના. એ ભાવની એને અપેક્ષા નથી. આહાહા..! ભારે વાત, ભાઈ!

ભાઈએ પ્રશ્ન કર્યો ને (સંવત) ૨૦૦૬ની સાલમાં. જુઓ! આપણે રાગ ન કર્યો હોત તો થાત? માટે એટલું તો કર્મ પરિણમવામાં પરાધીન છે. અરે..! સાંભળને ભગવાન! ભાઈ! તારી મહિમા તું ભુલી જા છો અને ત્યારે પરિણામ થાય છે છતાં તે પરને નિમિત્ત થાય છે. એટલે કે પરિણમાવનાર થતા નથી. સમજાણું કાંઈ? કહો, મગનભાઈ! આ બધી ઝીણી વાતું છે. ઓહોહો..!

એક રૂપિયો છે રૂપિયો. અત્યારે તો ક્યાં હવે નોટું થઈ ગઈ. પણ એ નોટ... કહે છે કે, આમ ચાલે છે. ધ્યાન રાખજો. આમ નોટ આમ જાય. ક્રિયાવર્તી શક્તિથી, હોં! નોટ. એ ક્રિયાવર્તી શક્તિની એ જાતના પરિણમવાની શક્તિ નહોતી અને આણે હાથથી આમ ધક્કો માર્યો અને ગઈ? એમાં પરિણમવાની શક્તિ ન હોય તો બીજો કેમ આપે? અને એની ક્રિયાવર્તી શક્તિના પરિણામનો પર્યાય છે તો પરની અપેક્ષા રાખતું નથી. આંગળીથી આગળ ગઈ અને હાથથી આમ ગઈ એ વાતમાં માલ છે નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :- દેખ્યું ઈ ખોટું.

ઉત્તર :- શું દેખ્યું? એને ભાન નથી. ભેદ રૂપે પદાર્થ છે એમ દેખશે? એકરૂપે પદાર્થ છે એમ દેખશે? ભેદરૂપે તે અનેકપણે દેખશે કે એકપણે દેખશે? દૃષ્ટિમાં ફેર છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કાબુ હતો એના ઉપર? ગુંજામાં રાખ્યા ત્યાં કાબુમાં હશે એમ કહે છે. એય..! પ્રાણભાઈ! ધૂળમાંય નથી, સાંભળને!

એક એક પરમાણુનો પર્યાય જ્યારે તે ક્ષેત્રાંતર થવાના સમયના કાળમાં થાય તે પોતાથી થાય છે કે પરથી? જો પોતાથી થાય (તો) પરની અપેક્ષા નથી. પોતાથી ન થાય તો પરની શક્તિ એને પરિણમાવી શકે નહિ. એમ કહે છે. ભગવાનભાઈ! ભારે વાતું, ભાઈ!

'**સ્વયં પરિણમતાને...**' આહાહા..! કેટલો સિદ્ધાંત સિદ્ધ કર્યો છે! એ જિનવાણી અને એના જાણનાર સર્વજ્ઞો અને એને સંતોએ કેટલી સરળતાથી વાતને સીધી સત્યને પ્રસિદ્ધ કરી છે. આવા પ્રસિદ્ધ તત્ત્વો છતાં એના જ્ઞાનમાં એ ન બેસે-ભાવભાસન ન થાય તો એનો દોષ છે કે કોઈ બીજાનો દોષ છે? લ્યો! પરદ્રવ્યનું કરે નહિ. એક જણો કહેતો હતો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મોટો વકીલ હતો. સેલડોક્ટર... શું કહેવાય એ? સોલીસીટર. સોલીસીટર. સોલીસીટર હવે અહીં કોને.. (સંવત) ૧૯૯૭માં હતો, ૯૭માં. જુઓ! તમે કહો કે આ હાથનું કરી શકે નહિ. આ હાથ કર્યો, લ્યો! ભાઈ! બાપુ! હાથ કર્યો એટલે તમે અંદર શું કર્યું? તેં શું કર્યું અને આમાં શું થયું? બે વચ્ચેનું જ્ઞાન છે તમને? આત્મા જે અંદર છે એણે શું કર્યું અને આમાં શું થયું એ બેનો ભેદ છે? અનેક છે તો અનેકનું જ્ઞાન છે તમને? કે જેથી ખ્યાલમાં એમ આવ્યું કે મેં આ કર્યું? આહાહા..! અનેકને એક માને છે. છે અનેક એને એક માનીને કહે છે કે મેં આ કર્યું. અંદર આત્માની પર્યાય આત્મામાં થઈ છે. આની પર્યાય એનાથી થઈ છે. અનેક અનેકપણે રહીને અનેક પર્યાય થઈ છે. અને તમે કહો કે મેં આનું કર્યું. બાપુ! તમને અનેકને અનેક જોવાની દૃષ્ટિમાં ભૂલ છે. આહાહા..! આવો તે માર્ગ તે પણ માર્ગ! સમજાણું કાંઈ?

કહે છે... પણ ત્યારે એણે નરકના આયુષ્યના પરિણામ કર્યા ત્યારે નરકનું આયુષ્ય બંધાણુંને? ના. એય..! પ્રાણભાઈ! આહાહા..! ત્યારે એ વખતે કર્મની પર્યાયમાં એવા થવાના હોય તો અમે એમ કહીએ છીએ ઓલા ઉપાદાનવાળા કહે કે ભાઈ! તમે ઉપાદાનનું બહુ જોર દ્યો છો તો અમે એમ કહીએ છીએ એ વખતે નરકના આયુષ્યના પરમાણુ પરિણમવાના હોય તો અહીં નરકના આયુષ્યના ભાવ કરવા પડે. અરે..! ભગવાન! શું તું કરે છો? આહાહા..! એવા પ્રશ્ન આવ્યા હતા, હોં! એવા પ્રશ્ન આવ્યા હતા ઘણાં વર્ષ પહેલા. (સંવત) ૧૯૯૫ની સાલમાં. અરે..! પ્રભુ! ઉપાદાન માટે તો એમ છે કે જેની પર્યાય પોતાથી થાય એને પોતામાં જોવાનું છે. એણે પરનું જોવાનું નથી. અને પોતામાં પણ જોઈને પર્યાય જોવી છોડીને દ્રવ્ય જોવાનું છે. અશુદ્ધ ઉપાદાનનો પર્યાય એ તો અશુદ્ધ ઉપાદાન છે. એ પણ સ્વતંત્ર છે. એમ જેને નક્કી થાય એને શુદ્ધ ઉપાદાન જ્ઞાયક ત્રિકાળ શુદ્ધ છે એમ દૃષ્ટિ થયા વિના રહે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

એ માટે અહીં વાત કરે છે. કર્મના પર્યાયનો... એ બેસે છે તને? તે સમયે તારા ભાવની અપેક્ષા રાખ્યા (વિના), પર્યાયની અપેક્ષા તારા ભાવની એટલે, તારા પર્યાયના વિકારની અપેક્ષા રાખ્યા વિના પુદ્‌ગલો તે સમયે કર્મપણે પરિણમે છે. જો તારી અપેક્ષા હોય તો એ શક્તિ એનામાં નથી એમ થયું. એ એની શક્તિથી પરિણમે તો તારી શક્તિના પરિણામની અપેક્ષાની એને જરૂર નથી. ઓહોહો..! સમજાણું કાંઈ? વાંધા જ ઉઠાવે છે. એ તો નિશ્ચયથી છે. પણ નિમિત્ત કર્તા છે કે નહિ? પણ નિમિત્ત.. આહાહા..! એ તો અજ્ઞાનીની વાત છે. અજ્ઞાની નિમિત્ત કર્તા માને છે, છે તો નહિ. માને છે. કર્મની પર્યાય થાય ત્યાં અજ્ઞાનીને આત્માના જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માની ઓળખાણ નથી, એથી વિકારી પરિણામનો કર્તા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય ત્યારે એ પર્યાયને નિમિત્ત કર્તા કહેવાય. પણ નિમિત્ત કર્તા કહેવાય એટલે પરિણમન થયું આને લઈને એમ છે નહિ.

કર્મ શાસ્ત્ર બહુ ભણે. લ્યો, આત્મા આમ બાંધે, આટલી પ્રકૃતિ તોડે, આ પ્રકૃતિ બાંધે અને આટલી જોડે, આટલી સ્થિતિની અલ્પ સ્થિતિ કરે, કોઈ દીર્ઘ સ્થિતિ કરે. કોણ કરે પણ? સાંભળને. એ અલ્પ સ્થિતિ થવા લાયક પરમાણુની પર્યાય એને લઈને થઈ કે તેં પુણ્યના પરિણામ કર્યા માટે પાપની સ્થિતિ ઘટી? એમ તારે લઈને ઘટી? એમ કહે છે અહીં. આહાહા..! કર્મમાં તો ચારેય બોલ છે ને? પ્રકૃતિ, પ્રદેશ, અનુભાગ અને સ્થિતિ. સમજાણું કાંઈ? જુઓ! પરિણામ આકરા કર્યા તો ત્યાં અશાતા બંધાણી, અનુકંપા કરી ત્યાં શાતા બંધાણી. એમ નથી એમ કહે છે. બાપુ! એની સ્વતંત્રતા (છે). એ પરમાણુમાં તે કાળે તારા પરિણામની અપેક્ષા વિના પર્યાયમાં તે થવાનો એનો સ્વભાવ છે. ધર્મચંદજી! આહાહા..!

એ દવાના પરમાણુની અપેક્ષા રાખ્યા વિના ત્યાં નિરોગ થવાની પર્યાય હોય એની પોતાથી થાય છે. કહો. આ પરમાણુમાં એનામાં નિરોગતા થવાની પર્યાયની લાયકાત નથી તો ઈંજેક્શને કર્યું? અહીં નહોતીને કર્યું? નહોતીને કર્યું તો પર કરી શકે નહિ. પોતે પરિણમે છે એણે કર્યું? કે પરિણમે છે એને પરની અપેક્ષા છે જ નહિ. તો દવા શું કરવા કરાવો છો? વળી એમ કહે. કોણ કરાવે? આવા ને આવા કોણ જાણે. એવા બડથોલને અંદર એવા પ્રશ્ન (થાય). એ કાળે એવો વિકલ્પ હો અને તે કાળે તે રજકણો આવવાના હો અને તે કાળે અહીંયાં અવસ્થા નિરોગની થવાની હોય તો થાય. નહિતર કાંઈ થાતી નથી. આહાહા..! ઓલામાં કહે છે ને, આયુર્વેદાચારમાં આમ કહ્યું છે. સર્વાર્થસિદ્ધમાં આવે ને બધે, તત્વાર્થ રાજવાર્તિકમાં. નિમિત્તપણું સિદ્ધ કરે છે. નહિતર આ ખોટું પડશે. શું કરવા બધા દવા કરાવો છે? હવે સાંભળને! લાખ તારી દવા હોય તો જે પરમાણુ જે સમયે પરિણમવાના એ પોતાથી પરિણમે છે, લે. એ દવાને લઈને થાતું નથી. સાચું હશે આ? પ્રાણભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં કરે છે હજી-ભાવ. પરને લઈને શું થાય? .. આમ થઈ જાય. ટાંગો દુઃખતો હતો કાલે કહેતા હતા ને. ટાંગો આમ થઈ ગયો હતો કે નહિ? ટાંગો એટલે આ પગ-ધૂળ. આમ જરી થઈ ગયો. ફૂસી થઈ છે. ફૂસી એટલે ફોડકી. આહાહા..!

આપણે પથ્ય આહાર કરીએ ને તો એમાં નિરોગતા થાય. અપથ્ય આહાર કરીએ તો રોગ થાય. કહે છે, એ વાત ખોટી છે. એ પથ્યને તું લઈ શકતો નથી અને અપથ્યને તું છોડી શકતો નથી. એની પર્યાયના પરિણમનમાં પરની અપેક્ષાની જરૂર નથી. આહાહા..! આરે..! પ્રભુ! દ્રવ્યની પર્યાયની સ્વતંત્રતાનો પોકાર તો વીતરાગ કરે. એ સિવાય અન્યમાં એ હોઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શકે નહિ. આહાહા..! છ દ્રવ્ય અને તેમાં તે સમયનો તેનો પર્યાય તે તે કાળે પરની અપેક્ષા વિના થાય એમ સિદ્ધ કરે છે. કર્મને સિદ્ધ કરીને એમ સિદ્ધ કરે છે. હવે આમાં પાછી મોટી ચર્ચા (કરે), ઉભયથી થાય. પંડિતજી! બાહ્ય અભ્યંતર. આવે બાપુ! હોય છે એ વખતે ક્યાં. જે સમયે .. છે એ સમયે બીજી નિમિત્ત પણ એવી સામગ્રી ત્યાં હોય જ છે. અવશ્યંભાવી હોય છે. એ વખતે નથી (એમ નથી). પણ એનાથી થયું છે એમ નથી. આહાહા..! કહો, મહા સિદ્ધાંતો બે મૂક્યા.

ભાઈ! તને એમ લાગે છે કે અમને કર્મ બંધાય છે ને એ નથી બંધાવાની લાયકાતવાળા પણ એનો વિકાર કર્યું માટે બંધાણા. એમ? તો અપરિણમતાને પરિણમાવ્યું તેં? અપરિણમતાને પરિણમવાની શક્તિ કોઈ આપી શકે નહિ. ત્યારે કહે, એની મેળાએ પરિણમે એને પરિણામવ્યો. એની મેળાએ પરિણમે એને પરિણમાવ્યું રહ્યું ક્યાં તારું? એની મેળાએ કર્મપણે પરિણમવાની લાયકાતથી સમયે સમયે પરિણમ્યા એમાં તારાથી પરિણમે એ વાત ક્યાં રહી? પરિણમનાર, બદલનાર પોતાની શક્તિથી બદલતા પરની અપેક્ષા તે રાખતું નથી. આહા..! આવો કર્મનો સિદ્ધાંત પણ રજકણો પર્યાયપણે પરિણમવાની સ્વતંત્રતા. આટલી જાહેરાત! સમજાય છે કાંઈ? વીતરાગમાર્ગ સિવાય એ હોય નહિ. એની પ્રકૃતિ, એની સ્થિતિ, એનો અનુભાગ અને પરમાણું જેટલા તે તે સમયના તે પુદ્‌ગલની પર્યાયની યોગ્યતાથી તે ત્યારે થાય છે.

વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. જેનામાં જે બદલવાની શક્તિ પોતાથી છે એને બીજાને કારણે બદલે એવું એની અંદર છે નહિ. માટે બીજો પક્ષ પણ અસત્ થયો. '**તેથી પુદ્‌ગલદ્રવ્ય પરિણમનસ્વભાવવાળું સ્વયમેવ હો.**' લ્યો! માટે પુદ્‌ગલ પરમાણુ તે પર્યાયમાં તે કાળે તે સ્વભાવે પરિણમવાને લાયકાત હો. એમ સ્વતંત્ર સિદ્ધ કર તો તારો પર્યાય પણ સ્વતંત્ર સિદ્ધ થાય. એ પોતાનો પર્યાય આગળ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૧૦, બુધવાર તા. ૭-૧૨-૧૯૬૬**
**શ્લોક-૬૪, ગાથા-૧૧૬ થી ૧૨૫, પ્રવચન-૨૧૦**

કર્તાકર્મ અધિકાર. સમયસાર છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર, એમના જ્ઞાનમાં છ દ્રવ્ય જોયા ભગવાને. દરેક દ્રવ્ય અનંત ગુણ સંપન્ન છે અને ક્ષણે ક્ષણે પોતાના પરિણામશક્તિથી સ્વતંત્ર છે. એમ સિદ્ધ કરવા આ જરી કર્મનો અધિકાર લીધો છે. આ આત્મા પોતાના શુદ્ધ સ્વભાવને, આનંદને ભૂલે તો એ પરિણામમાં વિકાર થાય. પણ એ વિકાર છે માટે કર્મની પર્યાય કર્મરૂપે થાય છે એમ નથી. એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદ સ્વરૂપ છે. એને ભૂલે છે ત્યારે તેમાં વિકારના ભાવ થાય. એ પછી કહેશે કે એ વિકારને પરની અપેક્ષા નથી. અહીં તો વિકાર થાય ત્યારે જે કર્મ બંધાય એ કર્મ પણ પુદ્ગલની પર્યાય રાગ અને વિકારની અપેક્ષા રાખતી નથી. પોતાની મેળાએ તે સમયે કર્મરૂપ થવાની પર્યાયનો સ્વભાવ છે માટે તે થાય છે. મહાસિદ્ધાંત (છે) પણ જરી કઠણ જગતને (પડે છે). સમજાણું કાંઈ?

જુઓ! એ શબ્દ ઉપાડ્યો છે પહેલો કે આ આત્મા, એની જોડે જે કર્મના રજકણો બંધાય છે-જ્ઞાનાવરણી, દર્શનાવરણી આદિ આઠ કર્મ, કહે છે '**શું જીવ સ્વયં અપરિણમતાને પુદ્ગલ દ્રવ્યને કર્મભાવે પરિણમાવે?**' મહાસિદ્ધાંત. પણ અનંત કાળથી એને બહિર્બુદ્ધિ છે એ એને અંતરબુદ્ધિ થઈ શકતી નથી એમ સિદ્ધ કરવું છે અહીંયાં. જેને કર્મની પર્યાય અને આત્માની પર્યાય પરની અપેક્ષા રાખીને થાય એવી જેની બહિર્બુદ્ધિ છે, એને આત્મા અંતર્મુખ ચિદાનંદ સ્વરૂપ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જોયો એવો જોવાની એને દૃષ્ટિ થઈ શકતી નથી. સમજાણું કાંઈ? જુઓને! હવે કર્મના રજકણો સમયે સમયે જે પર્યાયપણે પરિણમે, કહે છે કે એ સ્વયં પરિણમે છે કે આત્માના પરિણમાવ્યા પરિણમે છે? '**સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ.**' જો સ્વયં કર્મરૂપે પુદ્ગલ કર્મરૂપે જ્ઞાનાવરણી રૂપે ન થાય તે સમયે પોતાની શક્તિથી, તો બીજા વડે કરીને બદલાવી શકાય નહિ. કેટલી સૂક્ષ્મ વાત છે!

પુદ્ગલની કર્મ અવસ્થા કે જેની જ્ઞાનાવરણીના મતિજ્ઞાનાવરણીપણે જે પરમાણુની પર્યાય પરિણમે તે પણ અહીં આત્મા મતિજ્ઞાનની હીણીપણે પરિણમ્યો છે એટલી અપેક્ષા રાખીને પરિણમે છે એમ નહિ. ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? એમ અહીંયાં અવધિજ્ઞાનની પ્રાપ્તિ જીવમાં નથી અને તેથી વિપરીત પર્યાય છે અંદર, માટે ત્યાં અવધિજ્ઞાનાવરણીપણે રજકણો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પરિણમે છે એમ નથી. સમજાણું કાંઈ? એમ આત્મામાં કેવળજ્ઞાનની પર્યાયની અભાવ દશા છે, હીણી દશા છે, અલ્પ છે એ કારણે ત્યાં કેવળજ્ઞાનાવરણીપણે કર્મ પરિણમે છે એમ નથી. એમ કહે છે. ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- એટલું બધું આમાંથી નીકળે છે?

ઉત્તર :- એટલું બધું નીકળે છે કે નહિ? આ અમારે પંડિતજી એણે લખ્યા છે અર્થ આમાંથી. એણે લખ્યા છે. ટીકામાંથી કર્યા છે ને. આ તો છે એનું સ્પષ્ટીકરણ થાય છે. ગર્ભમાં અંદર શું પડ્યું છે. આ તો સિદ્ધાંતો છે. મહાસિદ્ધાંત. ચાર પૈસે શેર તો મણના અઢી. કૂંચી કહેવાય ને? શું કહેવાય તમારે? કુંજી. મણના અઢી રૂપિયા તો સાડા સાત શેરના કેટલા? ચાર પૈસે શેર તો મણના અઢી. એ સાડા સાત શેરના સાડા સાત આના. એ તો એના બધા દાખલા છે. એમ દરેક કર્મ.. અહીં તો કર્મથી ઉપાડી છે વાત કે જૈન સિદ્ધાંત સિવાય ક્યાંય હોય નહિ. વીતરાગ પરમેશ્વર સિવાય ક્યાંય આ કર્મ, એમાં આઠ કર્મ અને એની ૧૪૮ પ્રકૃતિ અને ભિન્ન-ભિન્ન પ્રકૃતિની સ્થિતિ રસ ભિન્ન ભિન્ન. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે એ '**શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ.**' એ વખતે.. સમજાય છે? અહીં વીર્ય હીણું કર્યું જીવે, બળને હીણું કર્યું જીવે એટલી અપેક્ષા રાખીને વીર્યાંતરાયના રજકણો કર્મપણે પરિણમ્યા એમ છે? કે ન પરિણમતાને આણે પરિણમાવ્યા? કે ન પરિણમતાને તો પરિણમાવી શકે નહિ. કારણ કે જેમાં પરિણમવાની શક્તિ નથી એ બીજો કેમ આપે? અને સ્વયં પરિણમતાને તો પર પરિણમવાનારની અપેક્ષા ન હોય. ઓહોહો..! આ શું પણ?

જ્યારે વીર્યાંતરાયના રજકણો કર્મપણે પરિણમે છે ત્યારે કહે છે, સ્વયં એ રજકણના તે વખતે કર્મ અંતરાયના વીર્યપણે થવાની એમાં શક્તિ છે. પર્યાયની શક્તિ છે હોં! આ આત્માએ વીર્ય હીણું કર્યું એવી અપેક્ષા એને નથી. નિમિત્ત નૈમિત્તિક સંબંધ એને કહીએ. હીણું છે માટે થાય તો કર્તાકર્મ થઈ જાય. આ કર્તાકર્મનો ભાઈ અધિકાર છે. આહાહા..! એ સિદ્ધ કરે છે ત્યાં. નિમિત્ત નૈમિત્તિક બીજી ચીજ છે અને કર્તાકર્મ બીજી છે. હીણી દશા થઈ, કરી માટે અહીં થાય તો કર્તાકર્મ થઈ ગયું છે. સમજાણું કાંઈ? પણ અહીંયાં હીણી દશા જીવે સ્વતંત્ર કરી એના પર્યાયમાં, એની અપેક્ષા પણ રાખ્યા વિના તે સમયે રજકણની કર્મરૂપે થવાની અવસ્થા પરની અપેક્ષા વિના છે. જો પરની અપેક્ષા ન હોય અને પરિણમે તો એમ પરિણમાવી શકે નહિ. પરિણમવાની શક્તિ... હવે પરિણમે છે સ્વયંથી તો પરની અપેક્ષા છે નહિ. ઓહોહો..! કેટલો સિદ્ધાંત છે! એક એક દ્રવ્ય સ્વતંત્ર છે. જેટલા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાને છ દ્રવ્ય જોયા અને એમાં પણ પ્રત્યેક રજકણ ભિન્ન ભિન્ન છે. એ એક એક રજકણનો તે સમયનો પર્યાય થવાને તે રજકણ સ્વતંત્ર છે. એમ ન માને તો એણે દ્રવ્યને જેમ છે તેમ જાણ્યું નથી. અને દ્રવ્યને જાણ્યા વિના એની પર્યાયબુદ્ધિ ટળે નહિ. પર્યાયબુદ્ધિ ટળ્યા વિના દ્રવ્યબુદ્ધિ થાય નહિ. સમજાણું કાંઈ? આમાં ક્યાં અવકાશ છે? આ વસ્તુ જ પણ લોકોએ સાંભળી નથી અને લોકોના ખ્યાલમાં આવતી નથી. આ શું? આ થયું... આ થયું... આ થયું... સંયોગથી ભાળે છે અજ્ઞાની.

અહીં તો કહે છે, એ કર્મ પણ ૧૪૮ પ્રકૃતિ છે. જો અહીંયાં એક તીર્થંકરગોત્ર ભાવ બાંધવાનો નિમિત્તભાવ આવ્યો ભાવ. સમ્યગ્દૃષ્ટિને વિકલ્પ આવ્યો શુભ. પણ એટલી અપેક્ષા રાખીને તીર્થંકર પ્રકૃતિના પરમાણુ ત્યાં બંધાય છે એમ ના પાડે છે ભાઈ અહીં. આહાહા..! એના પરમાણુમાં એ સમયે પર્યાય તીર્થંકરપણાની બંધાવાની યોગ્યતાથી બંધાય છે. આ તે કાંઈ વાત! સમજાણું કાંઈ? એ ઉત્પાદ એના પરમાણુમાં જ એવી પર્યાય થવાને તે સમયે તે પરમાણુ લાયકાતથી પરિણમે છે. જીવના પરિણામ કર્યા અહીંયાં માટે પ્રકૃતિને તીર્થંકરપણાપણે પરિણમવું પડ્યું, તો તો કહે છે, પરિણમતા હતા એને આણે પરિણમાવવાની જરૂર ક્યાં હતી? અને જેનામાં તે સમયે તે પ્રમાણે પરિણમવાની શક્તિ છે તો બીજી શક્તિની અપેક્ષા એને હોતી નથી. આહાહા..! આ તે... સમજાણું કાંઈ? આ વાત લોકો શાંતિથી વિચારતા નથી. આ વીતરાગ પરમેશ્વર શું છ દ્રવ્ય કહે છે? અને છ દ્રવ્યમાં દરેકનો સમયે સમયે ઉત્પાદ સ્વતંત્ર છે. નિમિત્ત છે માટે... પણ નિમિત્ત એ બીજી ચીજ છે ને? એનો પણ ઉત્પાદ સ્વતંત્ર છે આની અપેક્ષા વિનાનો. આહાહા..! તેથી તો આ દૃષ્ટાંત વિકારના બે લીધા હતા. કર્મના અને જીવના વિકારના.

કોઈ એમ કહે કે એકલા શુદ્ધ પરમાણુ તો ભલે પરની અપેક્ષા વિના થાય. પણ આ કર્મનું થવું કે દિ' થાય? જ્ઞાનાવરણી, દર્શનાવરણી, વેદનીય, અહીં આયુષ્યના ભાવ કરે ત્યારે આયુષ્યના રજકણો કર્મપણે પરિણમે એ તો વાત ચોખ્ખી દેખાય આંધળાને. આ કહે છે કે આંધળો છો? અંધ છો? એ રજકણ વસ્તુ છે કે નહિ? અજીવતત્ત્વ તું માને છો? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. સાત તત્ત્વ છે. એમાં અજીવ તત્ત્વ માને છો? એ અજીવમાં એક પુદ્ગલ તત્ત્વ છે અને પુદ્ગલમાં અનંત રજકણો છે. અનંત રજકણોની વર્તમાન અવસ્થા થાય છે કે નહિ? સમજાય છે કાંઈ?

જેને અજીવતત્ત્વની આવી માન્યતા નથી એને જીવ-અજીવની શ્રદ્ધા છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એય..! ધર્મચંદજી! શું સાંભળ્યું તો અત્યાર સુધી ત્યાં? આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એક સમયમાં જેણે ત્રણ કાળ ત્રણ લોક જોયા. એની વાણીમાં એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવ્યું એ જ અહીંયાં મુનિ, સંતો કહી રહ્યા છે. ભાઈ! અમે તને દલીલ કરીએ છીએ. અમે તને દલીલથી પૂછીએ છીએ કે આ આત્મા પોતાના શુદ્ધ સ્વભાવને ભૂલે અને ભૂલે એ પછી સ્વતંત્ર સિદ્ધ કરશે. પણ અહીં તો ભૂલે અને રાગ-દ્વેષના ભાવ જીવ કરે એવી અપેક્ષાથી ત્યાં કર્મ પરિણમે છે? આહાહા..! ભારે જગત! અને કર્મ તો જાણે અમારા જૈનમાં કર્મ હોય અને અન્યમાં નહિ. અન્યને ઈશ્વર કર્તા અને જૈનમાં અમારે કર્મ કર્તા. એટલે આને તો ચૈતન્ય કર્તા જડ ગરી ગયો. ઓલાને ચૈતન્યકર્તા અને આને જડકર્તા. એ તો મોટો પરાધીન થઈ ગયો. પ્રાણભાઈ!

ભગવાન કહે છે કે ભાઈ! અમે કેવળજ્ઞાનથી જોયું છે અને તને કહીએ છીએ કે તું ભૂલ કર માટે કર્મના પરમાણુ કર્મપણે બંધાય એમ અમે કહેતા નથી, એવું દ્રવ્યનું સ્વરૂપ નથી, એવું અમે જાણ્યું નથી અને એવું આગમમાં અમે કહ્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! અજીવ છે કે નહિ? તું એક જીવ છો. આત્મા ભગવાન છે સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ છે અંદર. અને એક અજીવ છે આ માટી-આ શરીર. એવા કર્મ પણ ઝીણા રજકણ, ઝીણી ધૂળ છે. તો એ કર્મમાં પોતાને કર્મપણાની પ્રકૃતિપણે તે સમયની અવસ્થા... શક્તિ એટલે ત્રિકાળ લેવી નથી અહીં. તે પણાના પર્યાય થવાની શક્તિને કારણે પરિણમે છે? કે પરિણમવાની શક્તિ નથી અને પરિણમે છે? પરિણમવાની શક્તિ ન હોય અને પરિણમે એમ ત્રણ કાળમાં બને નહિ. બીજો પરિણમાવી શકે નહિ. જો પોતાની શક્તિથી પરિણમતા હોય, કર્મ રજકણ ક્ષણે ક્ષણે એના સ્વતંત્ર, તો એને વિકાર આદિની અપેક્ષા હોય તો પરિણમે એવું રહેતું નથી. ઓહોહો..! સમજાણું કાંઈ?

'**કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી.**' જે કોઈ ભગવાને છ દ્રવ્ય જોયા, સર્વજ્ઞ પરમેશ્વરે છ દ્રવ્ય જોયા. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ. એ ભગવાને કહ્યું કે છ દ્રવ્યોની વર્તમાન દશા, દ્રવ્ય એટલે પદાર્થ, એની વર્તમાન અવસ્થા થવામાં પરદ્રવ્યની અપેક્ષા બિલકુલ કોઈને હોઈ શકતી નથી. આહાહા..! કહો, રસીકભાઈ! આ ગળે ઉતારવું માણસને પણ ભારે આકરું પડે. એવા ઓલા લાકડા મગજમાં ગરી ગયા હોય છે ને અંદર. સમજાણું આમાં?

એટલે કહે છે કે '**વસ્તુની શક્તિઓ...**' જેટલા જગતમાં અનંતા પદાર્થ છે, અનંત આત્માઓ, નિગોદમાં અનંત આત્માઓ અને અનંતા રજકણો આ માટી. આ અનંત રજકણની બનેલી આ આંગળી છે. આ કાંઈ આત્મા નથી. આ તો અનંત રજકણનો માટીનો પિંડલો છે. એમાં એક એક રજકણ ભિન્ન કામ કરે છે, હોં! આમાં ભિન્ન છે. આહાહા..! એક એક રજકણ વર્તમાન પર્યાયે પરિણમતો પરના રજકણને આત્માની અપેક્ષા રાખતો નથી. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમજાણું કાંઈ? નહિતર વસ્તુ ભગવાને જોઈ તે વસ્તુ સતરૂપે સિદ્ધ થતી નથી.

કહે છે કે '**વસ્તુની શક્તિઓ...**' આ સામાન્ય સિદ્ધાંત કીધો. કોઈપણ વસ્તુની શક્તિઓ '**પરની અપેક્ષા રાખતી નથી.**' કોઈપણ રજકણ કે આત્મા જે સમયે જે અવસ્થાએ પરિણમે, થાય તે શક્તિ પોતાની છે, એને પરની અપેક્ષા હોઈ શકતી નથી. કહો, સમજાણું આમાં? '**તેથી પુદ્ગલદ્રવ્ય...**' કર્મના રજકણો જે આઠ કર્મના પરમાણુઓ '**પરિણમનસ્વભાવવાળું સ્વયમેવ હો.**' એ કર્મ એને કારણે ત્યાં પરિણમે છે. જીવના વિકારને કારણે પરિણમતા નથી. ભારે આકરું લાગે ને. લ્યો! કર્મ એની મેળાએ થયા છે. પણ સાંભળને હવે. તને ખબર નથી. કર્મ એક જગતની ચીજ છે જડ. અને જડમાં પરિણમવાનો, બદલવાનો સ્વભાવ છે. એમ કહે છે કે એ બદલે છે પોતાને કારણે પલટીને કર્મની અવસ્થા થઈ. આત્માને કારણે નહિ. આ કોઈ દિ' સાંભળ્યું ન હોય અને પછી રાડ નાખે. શું તત્ત્વ છે? શું દ્રવ્ય છે? શું પર્યાય છે? સાંભળી ન મળે. સાંભળ્યા વિના કહે અમે ધર્મ કરીએ છીએ. ધૂળમાંય ધર્મ નથી સાંભળને! ધર્મ કોને કહેવો હજી વસ્તુ શું છે એની તો ખબર નથી. ભીખાભાઈ!

કહે છે, અનંત આત્માઓ અને અનંત રજકણો કોઈપણ વસ્તુ, વસ્તુ શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. તે તે કાળે તે રજકણ એટલે પરમાણુ અંદર પરિણમતો, આત્મા એક એક સમયે પરિણતો, કોઈ પોતાની પરિણતિમાં પરની અપેક્ષા રાખતું નથી. '**એમ હોતાં (હોવાથી), જેમ ઘડારૂપે પરિણમેલી માટી જ...**' હવે ઉપસંહાર કરે છે. '**ઘડારૂપે પરિણમેલી માટી જ...**' કુંભારે ઘડારૂપે પરિણમાવી નથી, કુંભારે ઘડારૂપે પરિણમાવી નથી. કેમ કે માટી જ જ્યારે ઘડારૂપે પરિણમવાની શક્તિથી પરિણમે એ કુંભારની અપેક્ષા રાખતી નથી. આહાહા..! રાડ નાખે આ તે કોનું હશે?

મુમુક્ષુ :- દૃષ્ટાંત જ સ્વીકાર્ય ન હોય.

ઉત્તર :- દૃષ્ટાંત જ આકરો પડે. સમજાણું કાંઈ?

'**ઘડારૂપે પરિણમેલી માટી...**' એ માટી જે છે ધૂળ એ ઘડારૂપે થયેલી છે. ઘડારૂપે માટી થયેલી છે. '**પોતે ઘડો છે...**' એ માટી ઘડારૂપે થઈ તે માટી જ છે. ઘડો તે પોતે ઘડો જ છે. કોણ? પોતે માટી. માટી પોતે ઘડો છે. કુંભારને લઈને થયો છે એમ વસ્તુના સ્વરૂપમાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**એમ હોતાં, જેમ ઘડારૂપે પરિણમેલી માટી જ પોતે ઘડો છે તેમ, જડ સ્વભાવવાળા જ્ઞાનાવરણાદિરૂપે...**' આઠ કર્મ છે, આઠ કર્મની પ્રકૃતિઓ છે. તે રૂપે '**પરિણમેલું પુદ્ગલદ્રવ્ય જ પોતે જ્ઞાનાવરણાદિકર્મ છે.**' જેમ ઘડારૂપે પરિણમેલી માટી ઘડો છે, લોટની રોટલી થાય છે એ લોટ પરિણમેલી રોટલી લોટરૂપ જ છે, ભાઈ! એ રોટલી લોટરૂપે પરિણમેલી રોટલી લોટરૂપ છે. એ તાવડીથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને સ્ત્રીથી થઈ નથી ત્રણ કાળ ત્રણ લોકમાં. આહાહા..! રાડ નાખે ને, આ તે કોના ઘરની વાત છે? સમજાણું કાંઈ? માટી ઘડારૂપે, પરિણમેલી માટી એ પોતે જ ઘડો છે. એમ રોટલીપણે પરિણમેલો લોટ પોતે જ રોટલી છે. એ લોટ જ રોટલી છે. નહિ કે બાયડીએ રોટલી કરી દીધી અને તાવડીએ કરી દીધી. એમ ભગવાનના આગમમાં, ભગવાનના જ્ઞાનમાં આવ્યું નથી. સમજાણું કાંઈ? એય.! ભગવાનભાઈ! શું હા..હા.. ત્યાં સાંભળ્યું હતું? ભાવનગરમાં સાંભળી સાંભળીને વરસ ગયા પણ.. ઘણાં વરસ કાઢ્યા. રાડ નાખે. આ તે એકાંત છે... એકાંત છે... અરે..! સાંભળને હવે, તારું એકાંત તને શી ખબર પડે?

પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞે અનંત દ્રવ્યો જોયા એ દરેક દ્રવ્યમાં સમયે સમયે ઉત્પાદવ્યય ધ્રૌવ્યયુક્તં દ્રવ્ય કહ્યું છે. તે સમયે સમયે ઉત્પાદ તેનો પરની અપેક્ષા વિના થાય છે તો તેને સત્ કહેવામાં આવે છે. અને પરની અપેક્ષા રાખીને થાય તે સત્ હોઈ શકે નહિ. સત્ તે અહેતુક હોઈ શકે છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! અમે બાંધ્યા. આમ રાડું પાડે. અમે કર્મ બાંધ્યા, ભાઈ! અમારે ભોગવવાના. અહીં ભગવાન કહે છે કર્મ તેં બાંધ્યા નથી. સાંભળ. તેં તો વિકાર કર્યો છે. તારામાં તેં વિકાર કર્યો છે એમ ભગવાન કહે છે. તારી સત્તાને ભૂલીને તું વિકાર કર. કર્મના રજકણો કર્મને કારણે પરમાણુમાં પર્યાય થવાની લાયકાતથી બંધાયેલા. તેં બાંધ્યા નથી. તું મૂઢ થઈને માને છે કે મેં બાંધ્યા અને અમારે કર્મ ભોગવવા. જડ ભોગવતો હશે આત્મા? આત્મા અરૂપી જડની દશા, માટીની ધૂળની ભોગવતો હશે? સમજાય છે કાંઈ? ખબર ન મળે એક આંકડાની પણ. ભગવાન શું કહે છે? તત્ત્વ નવ કોને કહે છે? જીવ અને અજીવ તત્ત્વ બે જુદા. જુદા જ બોલે. માને એક પાછા. જડને આત્મા કરે અને જડને આત્મા ભોગવે. થઈ ગયા. બે એક થઈ ગયા. જડ અને ચેતન એક થઈ ગયા. જુદા રહ્યા નહિ. ..દાસજી! ભારે કઠણ.

આ તો દાખલો આપ્યો છે, હોં! **'ઘડારૂપે પરિણમેલી માટી જ પોતે ઘડો છે તેમ, જડ સ્વભાવવાળા જ્ઞાનાવરણાદિરૂપે પરિણમેલું પુદ્‌ગલદ્રવ્ય જ પોતે જ્ઞાનાવરણાદિકર્મ છે.'** આત્માએ એને કર્યું નથી. એ જ્ઞાનાવરણાદિ આઠ કર્મ આત્મા કરતો નથી એમ ભગવાન સિદ્ધ કરે છે. કેમ કે પરદ્રવ્યની પર્યાય-અવસ્થા આત્મા ન કરે. જો કરે તો બે એક થઈ જાય. ઈશ્વર કર્તા માને જગતનો અને તું કર્મની અવસ્થા કરે એમ માન તો બેય એકસરખા મિથ્યાદષ્ટિ છે. બેય એકસરખા મિથ્યાદષ્ટિમાં કાંઈ ફેર નથી. પ્રાણભાઈ! **'આ રીતે પુદ્‌ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું.'** આ રીતે પરમાણુઓ કર્મપણે પરિણમવાને સમય સમયની લાયકાતવાળા પરિણમે છે એમ સાબિત કર્યું.

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**स्थितेत्यविघ्ना खलु पुद्गलस्य**
**स्वभावभूता परिणामशक्तिः।**
**तस्यां स्थितायां स करोति भावं**
**यमात्मनस्तस्य स एव कर्ता।।६४।।**

**શ્લોકાર્થ :- 'આ રીતે પુદ્ગલદ્રવ્ય...'** પરમાણુ આ રજકણ, માટી, શરીર કે કર્મ. એ બધા માટી, ધૂળ ઝીણી ધૂળ છે કર્મની. આ જાડી ધૂળ છે. એ બધા પુદ્ગલદ્રવ્યની '**સ્વભાવભૂત પરિણમનશક્તિ...**' જુઓ! પર્યાયશક્તિની વાત છે હોં! પુદ્ગલ પોતે પોતાથી સ્વભાવભૂત બદલવાની શક્તિ '**નિર્વિઘ્ન સિદ્ધ થઈ.**' પરની અપેક્ષા વિના તે પરિણમનની શક્તિ વિઘ્ન નાખ્યા વિના એની મેળાએ સિદ્ધ થઈ. ઓહોહો..! પણ ભાઈ! આપણે કાંઈક રાગ કરીએ તો કર્મ બંધાયને, .. બંધાય. આ અજ્ઞાનીની દલીલ. હવે સાંભળને. રાગ તારામાં રહ્યો, રજકણ તો પરમાં રહ્યા. એ રજકણ ક્યાં તારામાં ગરી ગયા છે? એ રજકણ જ પોતે પોતાને કારણે બદલ્યા છે, તારે કારણે નહિ. ગળે ઉતરવું વાંધા. સમજાણું કાંઈ? હવે એને સમ્યગ્દર્શન તો ક્યાંથી હોય? હજી પરની પર્યાય હું કરું અને મારી પર્યાય પર કરે. ત્યાં તો એની દૃષ્ટિ બહિર્બુદ્ધિ, બહિર્બુદ્ધિ, પરાશ્રયબુદ્ધિ, પરઆશ્રય પરાધીનબુદ્ધિ (છે). એને આત્મા વિકારની કૃત્રિમ, ક્ષણિક અવસ્થા હું કરું. એના વિનાની મારી ચીજ છે એવી દૃષ્ટિ કર્યા વિના એને સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! ઉગમણી-આથમણી લાગે એવું છે ને માણસને.

પુદ્ગલદ્રવ્યની... બાપુ! તેં સાંભળ્યું નથી. પરમેશ્વરનો માર્ગ સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકર દેવ અનંત તીર્થંકરો થઈ ગયા. વર્તમાનમાં બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર પરમાત્મા આદિ કેવળજ્ઞાની બિરાજે છે. બધા તીર્થંકરોનું એક જ વચન છે. એક જ આગમ વચન, એક જ જ્ઞાનભાવ અને વસ્તુની સ્થિતિ જે પ્રકારે તે એક જ પ્રકારે છે બધાની. પુદ્ગલદ્રવ્યની રજકણોમાં પરમાણુમાં... આહાહા..! હું આ આંગળીને હલાવું એમ માનનાર કહે છે કે તું અજીવને માનતો નથી, મૂઢ છો. એઈ..! આ આંગળીઓ આમ ચાલે એ પર્યાય એના ઉત્પાદથી પરના રજકણ અને આત્માની ઇચ્છાની અપેક્ષા વિના થઈ રહી છે. છે એમાં કે નહિ? કેમ નથી આવ્યા ભાઈ? તાવ આવ્યો છે પાછો? નબળાઈ છે? સમજાણું કાંઈ? જયંતિભાઈ! શું બરાબર છે આ? સોયના નાકામાંથી હાથી હાલ્યો ગયો. તો કહે, હા. ઓલાને એવું લાગે. પૂંછડે અટક્યો પાછો. હાથી ગયો આખો અને પછી પૂંછડે અટક્યો. કહે, હા. પણ હા શી રીતે? એવી હા નથી આ, હોં!

અહીં તો કહે છે પરમેશ્વર બાપુ! તને ખબર નથી. ભાઈ! તારા જ્ઞાનની એક સમયની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પર્યાયનો... અનંતા પદાર્થો છે. અને તે તે પદાર્થ તેને કારણે તે તે સમયે પરિણમી રહ્યા છે. તે તે પદાર્થની અવસ્થા પરની અપેક્ષા વિના થઈ રહી છે એવું તારું જ્ઞાન પર્યાયમાં જાણવાની તાકાતવાળું છે. આથી વિપરીત જાણે તેની પરઅપેક્ષિત જ્ઞાનદશા પણ ખોટી છે. છતાં એ જ્ઞાન સાચું નથી, ભાઈ! આહાહા..! સાંભળો!

જ્ઞાન આત્મા તો ત્રિકાળ આનંદસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ છે. આત્મા ચૈતન્યસૂર્ય છે. સર્વજ્ઞપણું એમાં ભરેલું છે અંદરમાં. એમાંથી સર્વજ્ઞ કેવળજ્ઞાન થાય છે. તો એ ચૈતન્યસૂર્ય ભગવાન આત્મા.. કહે છે કે તારામાં શું પડ્યું છે? સમજાણું કાંઈ? એ તો જ્ઞાનસ્વરૂપ છે, શુદ્ધ સ્વરૂપ છે. પરમાણુની પર્યાય કરવાની તારામાં તાકાત છે? પરમાણુની પર્યાય થાય છે ને રજકણની અવસ્થા? મેં કર્યું તો થયું ને? મેં કર્યું તો થયું ને? પણ તું કરનાર તારામાં કે તું કરનાર પરમાં? ભગવાને તો અનંત દ્રવ્ય પર કહ્યા છે તારાથી. અને તે પણ તારા જ્ઞાનની પર્યાયમાં-અવસ્થામાં એ અનંત અજીવો તે તે અજીવને કાળે તે તે પર્યાયે પરિણમતા સ્વતંત્ર પરિણમે છે, એને બીજાની અપેક્ષા નથી તો પરિણમે છે એવી રીતે જાણ તોપણ તે જ્ઞાનની પર્યાય પરલક્ષે સાચી છે. હજી સમ્યગ્જ્ઞાનની પર્યાય નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો હજી પરલક્ષી જ્ઞાન ખોટું. તો એ જ્ઞાન નહિ. હજી તો પ્રકૃતિ, રજકણો સમયે સમયે એક રજકણ પોઈન્ટથી માંડીને સ્કંધો દાળ, ભાત, રોટલી, શાક, મકાન આ બધા. અહીં તો કર્મની માંડી છે ઝીણી. સમયે સમયે એ પરમાણુમાં જ્ઞાનાવરણી પરિણમવાની શક્તિથી પરિણમ્યા. નિર્વિઘ્ન શક્તિ સિદ્ધ થઈ. આત્માને કારણે નહિ. આવી પ્રકૃતિના રજકણો વિકારી સ્કંધ પણ પોતાના વિભાવપણે પરિણમવાની તે સમય લાયકાતથી પરિણમે તેને નિમિત્તની અપેક્ષા નથી. એવું જે જાણે જ્ઞાન તે પણ જ્ઞાન પરલક્ષી છે. એ જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહેવાતું નથી. પણ એ જ્ઞાનમાં જેની હજી ભૂલ છે એને તો પરલક્ષી જ્ઞાનમાં પણ મિથ્યા અને વિપરીત જ્ઞાન છે. આહાહા..! શું કહ્યું સમજાણું આમાં?

એક રજકણ અને કોઈ એક આત્મા એ પોતે વર્તમાન દશાપણે થાય છે, એને પરને કારણે થાય, એને થવાની નહોતી અને થઈ પરને લઈને, એમ જે માને છે એ તો હજી વસ્તુ જે સ્વતંત્ર અનંત છે એને જાણવાનું જે જ્ઞાન છે એ પણ જ્ઞાન વિપરીત થયું. સમજાણું આમાં? કર્મ આમ બાંધે, કર્મ આમ ટાળે, ઉદય આમ આવે, એનો ક્ષપક આમ થાય, કર્મ આમ ખપાવે. આત્મા ખપાવે કર્મને જડને. રજકણ જે જડ... ઈશ્વર કર્તા થયો અને તું રજકણને ખપાવ, બે એક જ જાતની શ્રદ્ધા થઈ.

કહે છે કે જેને હજી અજીવ રજકણો અને બીજા પાંચ દ્રવ્યો ભગવાને જોયા છે ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એ ચાર અને પુદ્ગલ પાંચ અને જીવ છ. એમ છ દ્રવ્ય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે જગતમાં. એમાં આત્મા સિવાય બીજા પદાર્થો સમયે સમયે તે તે કાળે તે તે પર્યાયનો વિકારી અંશ કે સંયોગી, સંયોગમાં આવેલો છતાં વિકારી અંશ, એ પોતાથી પરની અપેક્ષા વિના પરિણમે છે એમ ન માન ત્યાં સુધી પર અજીવતત્ત્વનું પરલક્ષી જ્ઞાન પણ તારું સાચું નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને એ જ્ઞાન સાચું ત્યારે થાય કે એ જ્ઞાનનો પર્યાય એમ નક્કી કરે... એ તો કાલે કહ્યું હતું એક વાત, (એક) સમયની પર્યાયમાં છ દ્રવ્ય જ માનતો નથી એને દ્રવ્યની દૃષ્ટિ કદી થાય નહિ. શું કીધું?

એક સમયની જ્ઞાનની દશામાં છ દ્રવ્યને જાણવાની તાકાત છે. એ છ દ્રવ્ય જે માનતા નથી, એક જ આત્મા છે અને એક જ પુદ્‌ગલ વસ્તુ છે, ભગવાને કહેલા છ દ્રવ્યો હજી માનતા નથી અને જે માને છે છતાં તેની સ્વતંત્રતા સ્વીકારતા નથી... સમજાય છે? એની જ્ઞાનની પર્યાયની યથાર્થતા પરલક્ષી પણ નથી. એ છ દ્રવ્ય જેમ છે તેમ તેના પરની અપેક્ષા વિના પરિણમનારા ત્રણ કાળે ત્રણે કાળ છે એવું જે જ્ઞાનનો પર્યાય જાણે ત્યારે છ દ્રવ્યને એણે જાણ્યા, માન્યા કહેવાય. તે છતાં હજી દૃષ્ટિ મિથ્યાત્વ છે. કેમ કે એનું જ્યાં સુધી પર્યાય ઉપર લક્ષ છે કે રાગ ઉપર લક્ષ છે ત્યાં એટલો જ આત્મા માને છે. એક સમયની પર્યાયના જ્ઞાનમાં છ દ્રવ્યો જેવા છે એવા સ્વતંત્ર તરીકે સ્વીકાર્યા. છતાં એ જ્ઞાનનો પર્યાય પરલક્ષી છે. એ જ્ઞાને પર્યાયને સ્વતંત્ર સ્વીકાર્યું ત્યારે દ્રવ્ય સ્વતંત્ર છે એમ દૃષ્ટિ કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે, ત્યારે તેને ધર્મની પહેલી દશા પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પુદ્‌ગલદ્રવ્યની...**' એક રજકણથી માંડીને આ પિંડો બધા સ્કંધ આદિ. '**સ્વભાવભૂત...**' એનો સ્વભાવભૂત '**પરિણમનશક્તિ...**' બદલવાની શક્તિ '**નિર્વિઘ્ન સિદ્ધ થઈ.**' વિઘન વિના, અપેક્ષા વિના, દખલ વિના, કુતર્ક એમાં નહિ ચાલે કહે છે. '**એ સિદ્ધ થતાં, પુદ્‌ગલદ્રવ્ય પોતાના જે ભાવને...**' ભાવ એટલે પર્યાય. રજકણ કર્મની અવસ્થા કરે એ એનો ભાવ છે. પરમાણુ કર્મની અવસ્થા કરે એ પુદ્‌ગલનો ભાવ છે, પુદ્‌ગલની પર્યાય છે, પુદ્‌ગલના પરિણામ છે, પુદ્‌ગલની દશા છે. આ શરીરની આ અવસ્થા થાય છે આમ, એ પુદ્‌ગલની અવસ્થા છે, પુદ્‌ગલના પરિણામ છે, પુદ્‌ગલની પર્યાય છે, પુદ્‌ગલનો અંશ છે. રજકણ કાયમ રહે. સમજાણું કાંઈ? '**પુદ્‌ગલદ્રવ્ય પોતાના જે ભાવને...**' એટલે પર્યાયને. ઘડો માટીને કરે, લોટ રોટલીને કરે, રજકણો વર્ગણા કર્મની પર્યાયને કરે. એ ભાવ છે એનો. '**તેનો તે પુદ્‌ગલદ્રવ્ય જ કર્તા છે.**' તેનો એ પુદ્‌ગલદ્રવ્ય રચનાર છે. એવું સ્વતંત્ર જડનું સ્વતંત્ર સ્વરૂપ છે. કહો, સમજાણું આમાં?

'**ભાવાર્થ :- સર્વ દ્રવ્યો...**' આ તો સર્વ દ્રવ્યો ભાઈ પાછું લીધું છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**પરિણમનસ્વભાવવાળાં છે...**' નિત્ય જેમ વેદાંત માને છે કે કૂટસ્થ છે એમ નથી. એમ બૌદ્ધ માને છે કે ક્ષણિક છે એમ નથી. દરેક પદાર્થ-અનંત રજકણો અને અનંત આત્માઓ નિત્ય પરિણામી વસ્તુ છે. કાયમ ટકીને બદલવાના, વર્તમાન પર્યાયના બદલવાના સ્વભાવવાળા છે. '**તેથી પોતપોતાના ભાવના પોતે જ કર્તા છે.**' તેથી ત્રણ કાળના જેટલા દ્રવ્યો છે તે તે દ્રવ્ય વર્તમાન જે પર્યાયે તેને પરિણમે તેનો તે કર્તા તે દ્રવ્ય છે. બીજું દ્રવ્ય તેનો કર્તા નથી. ભારે ગળે ઉતરવું આ. મોટા મહાત્મા નામ ધરાવે, મોટા સંત નામ ધરાવે. હજી દૃષ્ટિની ખબર ન મળે, શ્રદ્ધાની ખબર ન મળે અને સંત ને મહાત્મા થઈ ગયા, લ્યો. હજી સમ્યગ્દર્શન કોને કહેવું અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ક્યા કેવી શ્રદ્ધાથી થાય? એ શ્રદ્ધાનો શું વિષય છે એની ખબર ન મળે અને થઈ ગયા સમ્યગ્દૃષ્ટિ અને થઈ ગયા ચારિત્રવંત. ક્યાંથી ધૂળમાં ચારિત્ર આવ્યું?

મુમુક્ષુ :- શાસ્ત્ર વિશારદ.

ઉત્તર :- પણ શાસ્ત્ર વિશારદ કોને કહેવા? શાસ્ત્ર કહે છે કે પ્રત્યેક પદાર્થ પોતાની પર્યાયે સ્વતંત્ર પરિણમે એને પરની અપેક્ષા નથી. એટલું જાણે ત્યારે તો હજી પરદ્રવ્યનું એનું જાણવું યથાર્થ (કહેવાય). અને એવું નક્કી કરે એની દૃષ્ટિ મારા પરિણામ પણ મારાથી થાય છે, કર્મને લઈને નહિ. ટીકા આવી છે આમાં. આવી છે આ ટીકા. આ લખ્યું છે ને કો'કમાં? .. નથી પ્રવચનસારમાં? દ્રવ્યમોહ હોવા છતાં પોતાના આત્મબળે ન પરિણમે. અરે..! આત્મબળ ક્યાંથી આવ્યું નીચે? કર્મ વિના? શુભભાવ કરે આત્મા. એ કર્મને લઈને શુભભાવ કરે છે. એમ આવે છે.

મુમુક્ષુ :- ખુલાસો...

ઉત્તર :- એ ખુલાસો કર્યો, એ ખોટું તમારું બધું આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કથન એમ નથી ત્યાં. એ તો બીજી વાત છે. ઉપરની વાત છે. શુદ્ધ ભાવનું બળ જ ક્યારે હોય? આઠમે ગુણસ્થાને હોય. ચોથે આવી જાય? એમ. અરે..! ભગવાન! કાંઈ ખબર ન મળે. સમજાણું કાંઈ?

દરેક પદાર્થ... એક એક નિગોદનો આત્મા. એક શરીરમાં અનંતા જીવ. બટાટાના, શક્કરકંદ આદિમાં. આટલી કટકીમાં અસંખ્ય ઔદારિક શરીર અને એક શરીરમાં અનંતા વર્તમાન સિદ્ધ ભગવાન થયા એથી અનંતગુણા જીવ. એ એક એક જીવના વર્તમાન પરિણામ સ્વતંત્ર. એની સાથે જોડે કર્મ કાર્મણ અને તૈજસ શરીર એના રજકણો વર્તમાન પર્યાયે પરિણમતા સ્વતંત્ર પરિણમે છે. આહાહા..! નિગોદના જીવની હીણી દશા જીવે કરી છે માટે તેને જ્ઞાનાવરણીનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્મ નિકાચીત અને નિધત્ બંધાણું છે? ના. એમ નથી ભાઈ! તને ખબર નથી. એ કર્મના એ વખતે તીવ્ર રસની સ્થિતિવાળા પરમાણુઓની પોતાની પર્યાયથી તે કર્મ પરિણમ્યા છે. ત્યારે આની હીણી દશાને નિમિત્ત કહેવામાં આવે છે. પણ નિમિત્તને તો અહીં અપેક્ષા જ નથી ભાઈ, એમ લેવું છે અહીં તો. આહાહા..! ભારે કઠણ જગતને.

અહીં તો નિશ્ચયથી તો નિરપેક્ષ છે. જુઓ! ત્રણ વાત છે શાસ્ત્રમાં. નિશ્ચયથી વાત ચાલે ત્યારે દરેક પદાર્થ વર્તમાન પર્યાય સ્વતંત્ર છે. એને અપેક્ષા નથી એનું નામ નિશ્ચય. વ્યવહારથી ચાલે ત્યારે નિમિત્તનું જ્ઞાન કરાવવા એમ આવે કે આનાથી આ થયું... આનાથી આ થયું... એ તો નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા. જ્યારે પ્રમાણથી આવે ત્યારે બેના કાર્ય એક સાથે, બે કારણે એક કાર્ય થયું એમ ઉપાદાન પ્રમાણજ્ઞાન કરવું હોય ત્યારે તેમ આવે. ત્રણ પ્રકારે કથન છે શાસ્ત્રમાં. સમજાણું? આમાં નિશ્ચયનું કથન યથાર્થ જાણે એને વ્યવહારનું કથન કેમ છે એમ જાણે, એને પ્રમાણ ઉભય કારણ એક કાર્યના છે એમ એને યથાર્થ બેસે. સમજાણું કાંઈ? ઉભય કારણ, ઉભય બાહ્ય અભ્યંતર. બે સામગ્રી વિના ન થાય એ બરાબર છે. ત્યાં તેને જે કાળે પર્યાય થવાનો એનો નક્કી કરેલો છે તેને નિમિત્ત અનુકૂળ હોય જ છે સદાય. એ નિમિત્તનું જ્ઞાન કરાવવા સાથે વાત કરી. પણ આ નક્કી કર્યા વિના એકલું નિમિત્તથી વાત કરે કે આનાથી થયું... આનાથી થયું.. એ વાત તદ્દન એની જૂઠી છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**સર્વ દ્રવ્યો...**' સર્વમાં બધું આવી ગયું. પુદ્ગલની વાત કર્મની કરી પણ બધા શરીર, વાણી નીકળે છે આ વાણી, આ વાણીનો અવાજ નીકળે એ આત્માની ઈચ્છાની અપેક્ષા વિના નીકળે છે એમ કહે છે. અરેરે..! આ તે કાંઈ વાત કરે છે! ભીંતમાંથી કેમ નીકળતી નથી? હવે સાંભળને તને (ખબર નથી). ભીંતમાંથીય અવાજ નીકળે. .. એને કારણે નીકળે છે. સમજાણું કાંઈ? કહે છે કે ભાષાની આ પર્યાય થાય છે ને? એ ઈચ્છા આત્માની થઈ માટે ભાષાની પર્યાય થઈ એમ ના પાડે છે. ઈચ્છાની અપેક્ષા એને નથી. આહાહા..!

એક પગ આમ મૂકાય છે-ડગલું. કહે છે કે પગના એક એક રજકણ સ્વતંત્ર પોતાની અપેક્ષાથી પરિણમતા, ઈચ્છા થઈ આને કે આમ પગ મૂકું, ઈચ્છાની અપેક્ષાએ તે રજકણ ક્રિયાંતર થઈને આમ ચાલે છે એમ નથી. આહાહા..! આ તો કહે... શું કહેવું આ? સમજ્યાને? મોટા સાંબેલા ઉતારવા ગળે જાણે એવું લાગે. અરે..! પ્રભુ! વસ્તુનું સ્વરૂપ એવું છે. તારે માન્યે છૂટકો. નહિતર મરી જઈશ ચોર્યાશીના અવતારમાં ક્યાંય ગોદા ખાતો. સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાનના પર્યાયમાં આવ્યું છે કે ભાઈ! અનંતા પદાર્થો છે, પ્રભુ! એ અનંતા દ્રવ્ય છે જગતની અંદર. એક જ વસ્તુ છે એમ નથી. અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અનંત અનંતપણે સ્વતંત્રપણે કેમ રહે? કે અનંત અનંતપણે વર્તમાન પર્યાયથી પરની અપેક્ષા વિના પરિણમે ત્યારે તે અનંત સ્વતંત્રપણે રહે, નહિતર રહી શકતા નથી. અને એ રીતે માન્યા વિના એણે અજીવ અને જીવ તત્ત્વો જે અનંત ભિન્ન છે એની શ્રદ્ધા નથી. એની શ્રદ્ધા નથી તો એને આત્માની શ્રદ્ધા એકાકાર ચિદાનંદ મૂર્તિ જ્ઞાયક છે એવી દૃષ્ટિ એને કોઈ રીતે થઈ શકે નહિ. સમજાણું કાંઈ આમાં?

'**સર્વ દ્રવ્યો...**' ભગવાને કેવળજ્ઞાનમાં જેટલા પરમાણુ જોયા, જેટલા આત્મા જોયા, જેટલા સિદ્ધો જોયા, જેટલા નિગોદના જીવ જોયા એ '**પરિણનસ્વભાવવાળાં છે તેથી પોતપોતાના ભાવના પોતે જ કર્તા છે.**' તે તે પદાર્થ પોતાની વર્તમાન અવસ્થાના તે કર્તા છે. બીજાની અવસ્થા કોઈ બીજો પદાર્થ કરે એવું વસ્તુના સ્વરૂપમાં છે નહિ. કહો, સમજાણું કાંઈ? ચંપકભાઈ! સમજાય છે આમાં? ઉડતી ચકલી. આ કહે છે કે ઉડતી ચકલી.. બીજાને અમે બતાવીએ છીએ. અમે ન લઈએ. એક જણો કહે કે તમે પૈસા લઈ લ્યોને, તમે બતાવો છો. શું કહેવાય એને? શું કહેવાય તમે બતાવો બધાને ઈ?

મુમુક્ષુ :- ફિચર.

ઉત્તર :- એ ફિચર બહુ બતાવે ત્યાં. એક ફેરી આવ્યા ફિચર બતાવવા. તમે લોને એમાંથી. અમે તો બતાવીએ કે આ ઉડતી ચકલી છે લઈ લ્યો. તું લઈ લે ને. કહે ના અમે ન લઈએ. અમારા નસીબમાં નથી. ગપે ગપ છે. સમજાણું કાંઈ?

અહીં તો ત્યાં સુધી કહે છે કે તેં રાગ કર્યો રળવાનો. સાંભળ! માટે પૈસાના રજકણો સ્વતંત્ર દ્રવ્ય એ પરિણમીને અહીં આવ્યા એ વાતમાં બિલકુલ સાચું નથી. સમજાણું કાંઈ? અને એ રજકણો પૈસાના એક એક રજકણમાં, એક એક પાઈમાં અનંતા રજકણ છે, એક એક નોટમાં અનંત રજકણ છે, એ એક એક રજકણ વર્તમાન પોતાના પર્યાયથી પરની અપેક્ષા વિના પરિણમતા અહીં આવ્યા છે. તારા રાગને કારણે આવ્યા નથી. રાગને કારણે તો નથી પણ પૂર્વના પુણ્યને કારણે નથી એમ કહે છે અહીં તો. આહાહા..! આ વળી ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? એ તો સમજાવવું હોય કે આને આ પચાસ લાખ મળ્યા તો એને શાતાનો ઉદય હતો. પણ એ શાતાના ઉદય રજકણ જુદા છે, પરમાણુ જુદી ચીજ છે કર્મની. આ જુદી ચીજ છે. એક ચીજ જુદી ચીજને લાવે (એમ) ત્રણ કાળમાં બનતું નથી. આહાહા..! એ વાતું ભાઈ! આ તે વીતરાગ માર્ગની હશે આ? આ તે જૈન પરમેશ્વર આમ કહેતા હશે? જગતના ગોળા મારનારાની વાતું હશે આ? અરે..! ભાઈ! તને ખબર નથી, બાપુ!

પરમેશ્વર વીતરાગ દેવ કેવળજ્ઞાની ત્રણ કાળ અને ત્રણ લોકના જાણનારા પરમેશ્વર, એણે જે કહ્યું કે ભાઈ! છ વસ્તુ છે કે નહિ? અને છ વસ્તુ તે સંખ્યાએ તો અનંત છે. અનંત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્માઓ અને અનંત રજકણ છે. એમાં દરેક રજકણ અને આત્મા પોતપોતાની અવસ્થાને કરે. ભાવ એટલે અવસ્થા. **'પુદ્‌ગલદ્રવ્ય પણ પોતાના જે ભાવને કરે...'** રજકણ જે અવસ્થા, ભાષાની પર્યાય રજકણને લઈને થાય છે, આત્માને લઈને નહિ. આહાહા..! આ તે કાંઈ ગળે ઉતારવું. વસ્તુ એમ છે. આજ માન, કાલ માન, પછી માન. સત્ય માન્યા વિના તારા નિવેડા આવે એવા નથી. મરી જઈશ ચોર્યાશીના અવતારમાં ગોદા ખાઈને. સમજાણું કાંઈ? કેમ હશે આમાં? બાબુભાઈ!

પૈસા આવ્યા ને પૈસા? એ તો કહે છે કે એક એક રજકણ પોતાની પર્યાય ક્ષેત્રાંતર થઈને ક્રિયાવર્તીના પરિણામ પરની અપેક્ષા, નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના આવ્યા. તારા રાગની અપેક્ષા વિના આવ્યા. હવે એક વાત. પૈસા આવ્યા માટે અહીં ઠીક એવો હરખ આવ્યો એમ છે? ના. એમ કહે છે. ભાઈ! તને ખબર નથી. બાપુ! તને હરખના પરિણામ વિકારના આવ્યા એ તારા કારણે આવ્યા છે. પૈસાને કારણે નહિ. એ પાપના પરિણામ આવ્યા એ તારે કારણે આવ્યા છે. પરને કારણે નહિ. આહાહા..! કેમ હશે ડોક્ટર?

મુમુક્ષુ :- છૂટો તો જ પડે ને?

ઉત્તર :- ભિન્ન છે, ભાઈ! તદ્દન ભિન્ન છે. પોઈન્ટે પોઈન્ટ રજકણે રજકણ ભિન્ન ન હોય તો અનંત તત્ત્વ ટકી નહિ શકે. એમ ભગવાન આત્મા પણ રજકણથી કર્મના શરીર અને દ્રવ્યથી ભિન્ન છે. ભિન્ન ન હોય તો એનું તત્ત્વ જ ન ટકી શકે. એટલે અહીં કહે છે, સર્વ દ્રવ્યો આ જગતમાં ભગવાને જેટલા પદાર્થ જોયા એ બધા વર્તમાન બદલવાના સ્વભાવવાળા ટકીને જોયા છે. તેથી પોતપોતાના પર્યાયના તે કર્તા છે. ભાવ એટલે પર્યાય. સમજાણું કાંઈ?

**'પુદ્‌ગલદ્રવ્ય પણ પોતાના જે ભાવને કરે છે તેનો પોતે જ કર્તા છે.'** આવી માન્યતા ન માને તેને મિથ્યાદર્શનનું મહાન પાપ છે. જે પાપ કસાઈખાના કરતાં મહાન પાપ છે. સમજાણું કાંઈ?

**'હવે જીવનું પરિણામીપણું સિદ્ધ કરે છે :-'** લ્યો. એ તો પુદ્‌ગલની વાત કરી. હવે આત્માની વાત કરે છે.

**ण सयं बद्धो कम्मे ण सयं परिणमदि कोहमादीहिं।**
**जदि एस तुज्झ जीवो अप्परिणामी तदा होदि।।१२१।।**
**अपरिणमंतम्हि सयं जीवे कोहादिएहिं भावेहिं।**
**ससारस्स अभावो पसज्जदे संखसमओ वा।।१२२।।**
**पोग्गलकम्मं कोहो जीवं परिणामएदि कोहत्तं।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**तं सयमपरिणमंतं कहं णु परिणामयदि कोहो।।१२३।।**
**अह सयमप्पा परिणमदि कोहभावेण एस दे बुद्धी।**
**कोहो परिणामयदे जीवं कोहत्तमिदि मिच्छा।।१२४।।**
**कोहुवजुत्तो कोहो माणुवजुत्तो य माणमेवादा।**
**माउवजुत्तो माया लोहुवजुत्तो हवदि लोहो।।१२५।।**

પાંચ ગાથા લીધી છે.

**કર્મે સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં ક્રોધભાવે પરિણમે,**
**તો જીવ આ તુજ મત વિષે પરિણમનહીન બને અરે! ૧૨૧.**
**ક્રોધાદિભાવે જો સ્વયં નહિ જીવ પોતે પરિણમે,**
**સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૨૨.**
**જો ક્રોધ-પુદ્ગલકર્મ-જીવને પરિણમાવે ક્રોધમાં,**
**ક્યમ ક્રોધ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૨૩.**
**અથવા સ્વયં જીવ ક્રોધભાવે પરિણમે-તુજ બુદ્ધિ છે,**
**તો ક્રોધ જીવને પરિણમાવે ક્રોધમાં-મિથ્યા બને. ૧૨૪.**

ઓહોહો..! શ્લોકો કેવા નાખ્યા છે જુઓને!

**ક્રોધોપયોગી ક્રોધ, જીવ માનોપયોગી માન છે,**
**માયોપયુત માયા અને લોભોપયુત લોભ જ બને. ૧૨૫.**

શું કહે છે હવે? હવે જીવનું આવ્યું. ઓલું આવ્યું હતું પુદ્ગલનું, કર્મનું. આહાહા..!

‘**ટીકા :- જો જીવ કર્મમાં સ્વયં નહિ બંધાયો થકો ક્રોધાદિભાવે સ્વયમેવ ન પરિણમે તો તે ખરેખર અપરિણામી જ ઠરે.**’ શું કહે છે? આત્મા પોતાના વિકારીભાવે ન પરિણમે, પોતાને કારણે આત્મા વિકારીપણે ન પરિણમે, ન બંધાયો હોય પોતાના ભાવથી તો ક્રોધાદિ ભાવે સ્વયમેવ ન પરણમે. ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ આદિ પરિણામપણે ન પરિણમે તો તે ખરેખર અપરિણામી ઠરે. નહિ બદલતો આત્મા ઠરે. બદલ્યા વિના રહે છે એમ ઠરે. શું કહે છે સમજાણું કાંઈ?

કર્મના રજકણો છે એ જડમાં. હવે અહીં આત્મા પોતે પોતાને કારણે વિકારપણે ન કરે અને વિકારપણે ન બંધાય, વિકારપણે પોતે ન થાય પોતાથી તો ક્રોધાદિ વિકારપણે સ્વયમેવ ન હો તો ખરેખર તે અપરિણામી ઠરે. ‘**એમ થતાં સંસારનો અભાવ થાય.**’ તો આત્મામાં વિકાર નથી એમ સિદ્ધ થાય. વિકાર નથી તો સિદ્ધ થઈ ગયા. વિકાર નથી એ સિદ્ધને હોય. અહીં તો વિકાર છે. તો વિકારપણે પરિણમે છે કોણ? થાય છે કોણ? તું થા છો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..! ભારે વાત, ભાઈ! એ કર્મની અપેક્ષા વિના. હજી રાડ નાખે ઓલા બધા એવા રાડુ પાડે. એ.. સોનગઢિયા કર્મ વિના વિકાર કહે છે. એકાંત છે. અરે..! ભગવાન! સાંભળ બાપુ! એ તારે માનવું પડશે હોં! આજ નહિ, કાલ નહિ, પરમ દિ' નહિ, સત્ જોઈતું હોય તો માનવું પડશે. સોનગઢિયાનું નથી, એ ભગવાનના ઘરનું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની ક્યાં વાત છે અત્યારે? શું કહે છે? ના ના. એમ નથી કહેતા. વળી ઊંધુ કેમ માર્યું તમે? અહીં તો પર્યાયમાં વિકાર ન હોય, પર્યાયમાં વિકાર ન હોય તો વિકાર વિનાનું થઈ જાય છે એમ કહે છે. દ્રવ્યની અહીં વાત નથી. પર્યાયની વાત છે અહીં. એમ નથી. તમે ધીરું થઈને ધીરા સાંભળો. ઘણાં વર્ષથી સાંભળો છો પણ હજી અંદર વેગ છે. સમજાય છે કાંઈ? અહીં તો.. ભાઈ! આવે ત્યારે તો વાત બધી આવે ને. પર્યાયની વાત છે. અહીં દ્રવ્યની વાત નથી. અહીં દ્રવ્યની વાત જ નથી. દ્રવ્યદૃષ્ટિની દલીલ જ નથી પણ અહીં. અહીં તો પર્યાયને વિકારપણે સ્વયંસિદ્ધ થાય છે એ સિદ્ધ કરવું છે. જો પરિણમે આત્મા નહિ વિકારપણે તો વિકાર વિનાનો થાય તો સિદ્ધ થાય એમ કહે છે. દ્રવ્યની અહીં વાત નથી.

અહીં તો હજી અજ્ઞાનીપણે, અજ્ઞાની મિથ્યાત્વપણે પરિણમે. અહીં ક્રોધ શબ્દે એમ લેવું છે. આત્માના સ્વભાવનું ભાન નથી. ચિદાનંદ આત્મા જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યસૂર્ય છે એ રાગનો પણ કર્તા નથી અને પરનો પણ કર્તા નથી એવું જેને ભાન નથી, એવો જીવ જ્યારે ક્રોધ એટલે સ્વરૂપની અરૂચિરૂપે વિકારપણે પરિણમે છે એમ કહેવું છે. એ વિકારપણે પોતે પોતાથી ન પરિણમે તો એ અપરિણામી ઠરે. અપરિણામી ઠરતાં તેનો વિકાર એની પર્યાયમાં હોય નહિ. હોય નહિ તો સિદ્ધ થઈ જાય છે. કર્મ વિનાનો, વિકાર વિનાનો થઈ જાય છે. સમજાણું કાંઈ?

જગતને ઊંધી દૃષ્ટિએ મારી નાખ્યા છે અનંત કાળથી. અનંત કાળ થયો, અનંત કાળ. સાધુ થયો, મરી ગયો સાધુ થઈ થઈને ક્રિયા કરીને. પંચ મહાવ્રતના વિકલ્પો કર્યા, ત્યાગી થયો, જંગલમાં રહ્યો નગ્ન દિગંબરપણે હોં! એ વસ્ત્રનો તાણો ન રાખે. પણ આ આત્મા એક એક દ્રવ્યની વર્તમાન પર્યાય વિકારનો પણ સ્વયંસિદ્ધ કર્તા અજ્ઞાનભાવે. અજ્ઞાનભાવની વાત છે અત્યારે. સમજાણું કાંઈ? જે સમયે જે પ્રકારનો વિકાર થાય તે પ્રકારનો તે પરિણમનનો તેની યોગ્યતાથી પોતાને કારણે થાય છે. કર્મ અહીં મંદ આવ્યું તો અહીં શુભ થયો, તીવ્ર આવ્યો તો અશુભ થયો, દર્શનમોહનો ઉદય આવ્યો તો મિથ્યાત્વ થયું એમ વસ્તુમાં છે જ નહિ. અજ્ઞાની જડ અને ચૈતન્ય બેની એક્તા માનતા આવા કર્તાકર્મને માને છે. એમ વસ્તુમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે નહિ. સમજાણું કાંઈ? કાંતિભાઈ! ભારે આકરું કામ, હોં! બાપુ! આ તો વાત અનાદિની એવી છે. અહીં તો (સંવત) ૧૯૭૧થી પોકારતા આવીએ છીએ. ૭૧ની સાલથી હોં! વર્ષ થયા બાવન. રાડ નાખે. બહાર જ્યાં પહેલું કહ્યું ત્યાં રાડ નાખતા બધા. નહિ, વિકાર પોતાથી થાય. કર્મ-ફર્મ એ વસ્તુ બીજી જડ છે. જડ આત્માને વિકાર કરાવે? જડમાં તાકાત છે? જડ તો જડ છે એને તો ભાન પણ નથી કે અમે કોણ છીએ? સમજાણું કાંઈ? ભીખાભાઈ! પણ કાંઈ વિકાર કરવાનો કોઈને ભાવ હોય? અમારે કાંઈ વિકાર કરવાનો ભાવ હોય? એ તો કર્મ આવે તો વિકાર થાય. મૂઢ છો? સાંભળને! વિકારની દશા તું પોતે કરે છો અને કર્મને માથે નાખે છે? અનીતિ? આવો અન્યાય? વીતરાગની આજ્ઞા માને તો એવો અન્યાય અને અનીતિ સંભવે નહિ. એવું મૂક્યું હતું ત્યાં (સંવત) ૨૦૧૩ની સાલમાં. એય..! આ તો ક્યાંકના ક્યાંક ટૂકડા લઈને પોતાની વાત સિદ્ધ કરે છે એમ કહે. અરે..! ભગવાન! એમ નથી ભાઈ! સમજાણું કાંઈ?

આવે છે ને આમાં? મોક્ષમાર્ગ પ્રકાશકમાં. શું કરીએ અમારે ઘણો વિકાર કરવો નથી. પણ ઓલો કર્મનો ઉદય અમને ઉપયોગ ઠરવા દેતો નથી. કોણે કીધું આવું તને? કોણે મનાવ્યું આવું તને ઊંધું? ઉપયોગ વિકાર તું કર અને કર્મને માથે નાખ? તારે તો મહંત રહેવું છે. અમે તો મહંત છીએ પણ શું કરીએ કર્મનો ઉદય આવે તો વિકાર થાય. તારે મહંત રહેવું છે. આવી અનીતિ? વિકાર તું કર અને કર્મને માથે ઢોળ? જૈનદર્શનની આજ્ઞા વીતરાગને માન તો એ અનીતિ સંભવે નહિ. સમજાણું કાંઈ?

‘**જો જીવ કર્મમાં સ્વયં નહિ બંધાયો...**’ સ્વયં નહિ બંધાયો, હોં! નિમિત્તમાં સ્વયં. ‘**ક્રોધાદિભાવે સ્વયમેવ ન પરિણમે...**’ ક્રોધથી જ ઉપાડ્યું છે. ‘**તો તે ખરેખર અપરિણામી જ ઠરે. એમ થતાં સંસારનો અભાવ થાય.**’ પર્યાયમાં અભાવ સંભવે. પર્યાયમાં સંસાર ન રહે. સંસરણ ઈતિ સંસારઃ. ભગવાન આત્મા શુદ્ધ ચિદ્દઘન છે. વીતરાગ સ્વરૂપનો પિંડ જ આત્મા છે. એ વીતરાગતા અને કેવળજ્ઞાન આવે છે ક્યાંથી? બહારથી લટકે છે ક્યાંય? એ અંતરના સ્વભાવમાં કેવળજ્ઞાન સર્વજ્ઞપદ અને વીતરાગ સમરસ ચારિત્ર અંતર શાંતિ પડી છે પૂર્ણ. એના અંતરમાં ધ્યાન કરતાં એ સ્થિરતા અને શાંતિ આવે છે. એ કોઈ ક્રિયાકાંડ અને રાગની અને પરની ક્રિયાથી આવતી નથી.

અહીં તો કહે છે કે જે પર્યાયમાં વિકારની દશા છે એ સંસરણ ખસી ગયો છે એ આત્માથી. એના સ્વભાવના પરમ આનંદથી ખસી ગયો. સંસરી ગયો છે, ખસી ગયો છે. ખસેલી પર્યાય વિકારને તારાથી તેં કરી છે. એવું લાકડું ગરી ગયું છે ને. એમાં બહુ દીધું છે. આ એકાંત છે અને તમે શું આટલા વખાણ કરો છો? કર્મને લઈને વિકાર માનતા નથી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ તો. લાખ વાર શું અનંત વાર માનતા નથી. સાંભળને હવે. તારે માનવું પડશે સાચું જોઈતું હશે તો. લ્યો, આ બધા આચાર્યો કહે, કુંદકુંદાચાર્ય કહે. પણ કહેતા નથી. આ કોણ કહે છે? આ કુંદકુંદાચાર્ય કહે છે? કોણ કહે છે આ? આ અમૃતચંદ્રાચાર્ય ટીકા કરે છે. કુંદકુંદાચાર્ય.. સ્વયં અપરિણમતાને પરિણમાવી કોણ શકે? અને સ્વયં પરિણમતાને પરની પરિણમતાની જરૂર નથી. કોણ કહે છે આ?

મુમુક્ષુ :- મૂળ ગાથા છે.

ઉત્તર :- એ મૂળ ગાથા છે. એવા બધા શ્રદ્ધાના લાકડા બીજા ગરી ગયા હોય ને. એ દૃષ્ટિએ સાંભળે અને એ દૃષ્ટિએ વાંચે એટલે બીજું લાગે એને એય..! આમ છે ને આમ છે.

'**એમ થતાં સંસારનો અભાવ થાય.**' એટલે? વસ્તુ સ્વરૂપ શુદ્ધ ચિદાનંદમૂર્તિ આત્મા નિત્યાનંદનો કંદ પ્રભુ છે. અનંત આત્માઓ એવા છે. પણ પોતાના સ્વરૂપથી ખસી ગયા છે. વિકારમાં આવ્યા છે. સમજાય છે? એ વિકાર નથી એમ નહિ. વિકાર નિગોદના જીવને છે. એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય, સ્વર્ગ, નરક ચાર ગતિ. દરેક જીવની પર્યાયમાં વિકાર છે. જો વિકાર ન હોય તો સિદ્ધ થઈ જાય. એ વિકાર કોનો છે? તારો કરેલો છે. સાંભળને! સમજાણું કાંઈ? એ કર્મે કરેલો નથી. કર્મને લઈને વિકાર બિલકુલ નથી. આ વાત! કર્મને લઈને ન હોય તો સિદ્ધને થવો જોઈએ. સિદ્ધને કેમ (નથી)? ત્યાં કર્મ નથી માટે અને અહીં અમારે કર્મ છે માટે થાય છે. એ માટે તો આ સિદ્ધ કરે છે વાત. ભાઈ! તને ખબર નથી, બાપુ!

એ આત્મા જે જે સમયે પોતાના શુદ્ધ સ્વરૂપ આનંદકંદ પ્રભુ વીતરાગ સ્વરૂપ છે એ તો. એના સ્વભાવમાં તો ચિદાનંદ પડ્યો છે. સમજાય છે? પણ એની એને ખબર નથી અનંત કાળથી. એવા અજ્ઞાની જીવો વર્તમાન દશામાં ચૈતન્ય ધામથી ખસીને વિકારી પરિણામરૂપ સંસારદશા જે ઊભી કરી છે એ એની કરેલી છે. એની કરેલી છે. જો ન હોય તો મુક્ત દશા હોય, સંસારનો અભાવ થાય.

'**અહીં જો એમ તર્ક કરવામાં આવે કે...**' એ પરિણમન કોનું છે? સ્વતંત્ર છે? પરિણમાવે છે? કે પોતાને કારણે પરિણમે અને પરની અપેક્ષા.. એનો તર્ક કરીને એ વાતને સિદ્ધ કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૧૧, ગુરુવાર તા. ૮-૧૨-૧૯૬૬**
**ગાથા-૧૨૧ થી ૧૨૫, પ્રવચન-૨૧૧**

શું કહે છે? જુઓ! પુદ્ગલની વ્યાખ્યા આવી ગઈ. અહીં જીવની વ્યાખ્યા કરે છે. અજ્ઞાની જીવની વ્યાખ્યા છે હોં આ. જ્ઞાની જીવને તો વિકારરૂપે પરિણમન નથી. એ વાત કહી ગયા છે. સમજાણું કાંઈ? જ્ઞાની જીવ સમ્યક્ ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ, એવી જ્યાં દૃષ્ટિ છે એને તો આ અજ્ઞાનરૂપે વિકાર જે અજ્ઞાન છે એટલે એમાં જ્ઞાન નથી, એ રૂપે થવું તો એને છે નહિ. સમજાણું કાંઈ? પણ અજ્ઞાની પણ કઈ રીતે સ્વતંત્ર વિકારપણે પરિણમે છે, એની અહીંયાં વાત સિદ્ધ કરે છે.

'**જો જીવ કર્મમાં સ્વયં નહિ બંધાયો થકો...**' જુઓ! ભાષા જ અહીંથી ઉપાડી છે. સ્વયં કર્મની સાથે બંધાણાનો ભાવ અજ્ઞાનીનો છે. જ્ઞાનીને બંધન નથી અને બંધનના ભાવો તે જ્ઞાનીના નથી. સમજાણું કાંઈ? એ વાત પહેલી કહી ગયા છે. જો ભાઈ! ચૈતન્યસ્વરૂપ ભગવાન, એનો જ્યાં અંતર જ્ઞાન, અનુભવ થયો ત્યારે તો રાગ અને કર્મની જે અવસ્થા છે એ જ્ઞાનમાં નિમિત્ત થાય છે. અહીં જ્ઞાનમાં નિમિત્ત થાય છે. ધર્મી અથવા ધર્મીનો જીવ, જીવદ્રવ્ય જ પોતે કર્મને નિમિત્ત થવાને લાયકાત નથી. કર્મના બંધનના રજકણોને નિમિત્તરૂપે થવું, નિમિત્તરૂપે થવું હોં! ઉપાદાનરૂપે તો રજકણ છે કર્મના, પણ નિમિત્તરૂપે થવું એ જીવદ્રવ્યનો સ્વભાવ નથી. એ પહેલા કહી ગયા ૧૦૫માં. જ્યારે જીવદ્રવ્યનો સ્વભાવ નથી એટલે જીવદ્રવ્યના સ્વભાવની દૃષ્ટિ થઈ એવા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને પણ નવા બંધનને રાગ નિમિત્ત થાય એવો રાગ તેનું કર્તવ્ય છે એમ નથી. કર્તાકર્મ છે ને? જ્ઞાનીનું કર્તવ્ય અને કર્મ, એ તો જ્ઞાનસ્વરૂપ આત્મા એવું ભાન થયું એથી જ્ઞાતાદૃષ્ટાના જ્ઞાન-દર્શન-ચારિત્રના પરિણામ તે તેનું કર્મ અને તેનો એ કર્તા (છે). એવા કર્મરૂપી કાર્યમાં રાગાદિ જે થાય એ રાગ તેને જ્ઞાનમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? એટલે એ વાત ત્યાં સિદ્ધ કરી છે.

હવે અજ્ઞાનીના વિકારનું પરિણમન જીવ સ્વતંત્ર કરે છે એની આ વાત સિદ્ધ કરે છે. નિગોદનો જીવ પણ.. જુઓ! ત્યાં સુધી અહીં વાત ઉપાડી છે, આવશે છેલ્લા બોલમાં. ઓલામાં કહ્યું હતું ને? ઘડો માટીમય કર્મ છે. એમ કહ્યું હતું ને ઓલામાં? છેલ્લી લીટી, જુઓને એમાં. '**ઘડારૂપે પરિણમેલી માટી જ પોતે ઘડો છે. એમ જડ સ્વભાવવાળા જ્ઞાનાવરણાદિથી પરિણમેલું પુદ્ગલ દ્રવ્ય જ પોતે જ્ઞાનાવરણી કર્મ છે.**' એમ ત્યાં સિદ્ધ કર્યું છે. અહીં બીજી રીતે સિદ્ધ કરશે. અહીં જીવનું છે ને એટલે ગરૂડનો દાખલો આપીને સિદ્ધ કરશે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા...! ભારે વાત છે. સમજાણું કાંઈ?

ભાઈ! કહે છે કે આત્મા.. અનાદિનો અજ્ઞાની એ અજ્ઞાનપણે વિકારપણે અજ્ઞાન, અજ્ઞાન લેશે અહીંયાં હોં! અજ્ઞાન સ્વભાવવાળા ક્રોધાદિ એમ લેશે. કારણ કે જે પુણ્ય અને પાપ વિકલ્પ છે તે અજ્ઞાનસ્વભાવ છે. એ જ્ઞાનસ્વભાવ નથી. એ અજ્ઞાનસ્વભાવપણે પરિણમે છે જીવ એ કર્મમાં સ્વયં સ્વયં પોતે બંધાયેલો છે. એવો '**સ્વયં નહિ બંધાયો થકો ક્રોધાદિભાવે સ્વયમેવ ન પરિણમે...**' ક્રોધપણે, માનપણે, માયાપણે, લોભપણે, મિથ્યાત્વપણે રાગ-દ્વેષ આદિ સ્વયં, સ્વયં જીવ ન પરિણમે '**તો તે ખરેખર અપરિણામી જ ઠરે.**' તો તે જીવની પર્યાયનું પરિણમવું એનું ન ઠરે તો એ અપરિણામી ઠરે. સમજાણું કાંઈ? આ સમયસારને કેમ વાંચવું? એ પ્રશ્ન કર્યો હતો. પહેલું એ શરૂ કર્યું હતું. આવી ગયા હતા કલાક. એ વાતું પછી કહેશું, મેં કીધું. પહેલો પ્રશ્ન, કેમ વાંચવું? બાપુ! એ સમયસાર એટલે એનો ઉકેલ અંતર વિના સમજાય એવો નથી એમ ઉકેલો કરવો. એમ કે અમે સમયસાર વાંચીએ છીએ અને આ લક્ષથી અમે વાંચીએ છીએ. લક્ષ અમારું બરાબર છે. વાર છે, બાપા! માણસ નરમ ખરો. સાંભળતો હતો.

અરે..! પ્રભુ! આ તો વાત, બાપા! આ તો અનંત કાળની અજાણી વાત. એ તો કહે છે કે આ જે આત્મા છે એ અજ્ઞાની છે. એની વાત અત્યારે કરે છે. જ્ઞાનીને તો વસ્તુ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે એવી દૃષ્ટિ થઈ, એવું પરિણમન થયું એથી એને રાગનું પરિણમન એનું નહિ. એટલે કે રાગ તેનું કાર્ય અને આત્મા તેનો કર્તા એ વસ્તુના સ્વભાવમાં નથી. એટલે કર્તાકર્મ રાગનું કર્મ અને આત્મા કર્તા એ વાત એને લાગુ પડતી નથી. એને તો આત્માના સ્વપરપ્રકાશક જ્ઞાનમાં જેટલો પ્રકાશ ઉત્પન્ન થયો એ પ્રકારનો જે રાગાદિ નવો બંધાય તે બધા અહીં જ્ઞાનમાં આમ નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ?

અજ્ઞાની જે નવા કર્મ બંધાય એમાં પોતે સ્વયં ક્રોધાદિ વિકારપણે પરિણમે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એવી એની પર્યાયની જ્યાં સ્વતંત્રતા વિકારની છે એ પણ જેને દૃષ્ટિમાં ન આવે, તો કહે છે કે એ સ્વતંત્રતા અંશની જેને દૃષ્ટિમાં ન આવે એને આખો અવ્યક્ત ચૈતન્ય ભગવાન તે દૃષ્ટિમાં કેમ આવે? કારણ કે એ તો ચૈતન્ય તો શક્તિરૂપ તત્ત્વ છે. આ તો પર્યાય તો પ્રગટરૂપ છે. એ પ્રગટતાની પણ સ્વતંત્રતા એની પર્યાયની મારે કારણે હું સ્વતંત્ર છું. સ્વયં મારા કારણે હું પરિણામપણે પરિણમું છું. પુણ્ય-પાપ, કામ-ક્રોધ, દયા વગેરે. એ ન પરિણમે તો ખરેખર અપરિણામી છે. તો એની અવસ્થાનું એને લાગુ પડે નહિ. '**એમ થતાં સંસારનો અભાવ થાય.**' વિકારી અવસ્થા એને નથી તો એનો અર્થ કે મુક્ત થાય. જીવમાં સંસાર અવસ્થા જ નથી. આ એવું કરે કે વ્યવહાર તો જૂઠો કીધો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. પણ જૂઠો કીધો પણ વ્યવહાર એ તો ત્રિકાળની અપેક્ષાએ જૂઠો કીધો છે. પર્યાયની અપેક્ષાએ, રાગ અપેક્ષાએ રાગ નથી એમ જૂઠો કીધો છે? અરે..! આ ગાથા જ્યાં હોય ત્યાં એવી મૂકે લ્યો. ... એ બોલ્યા કરે. .. વ્યવહાર . બાપુ! વ્યવહાર .. છે એનો અર્થ શું? એ ચીજ છે. એમ છે એને છોડીશ નહિ. એમ નહિ કે જે કાંઈ કરીએ છીએ એ છોડીશ નહિ, કર્તૃત્વ એમ ને એમ રાખજે. આહાહા..!

આ ઈ વાત અહીંયાં કરે છે. જુઓ! અજ્ઞાનીને જે વિકલ્પો થાય છે પુણ્ય-પાપના એ સ્વરૂપનું ભાન નથી કે હું શુદ્ધ ચૈતન્ય છું. મારી ખાણમાં વિકાર નથી, અજ્ઞાન નથી, દોષ નથી. પણ એવી ખબર નથી એટલે પર્યાયમાં સ્વયં પોતે જો આ રાગ અને વિકારપણે પોતાથી પોતે ન પરિણમે તો સંસારનો અભાવ થાય. સમજાય છે કાંઈ? કર્મને લઈને નહિ. એ ખુલાસો કરશે. હજી તો બહુ સ્પષ્ટ કરે છે.

**'અહીં જો એમ તર્ક કરવામાં આવે કે પુદ્‌ગલકર્મ જે ક્રોધાદિક તે જીવને ક્રોધાદિભાવે પરિણમાવે છે...'** એક શબ્દ. શું કહે છે? કે ભલે આત્મા પોતે ન પરિણમે વિકારપણે પણ ક્રોધાદિ કર્મ જે છે ને દર્શનમોહ અને ચારિત્રમોહ, ક્રોધાદિ શબ્દે કર્મ જ્ઞાનાવરણી, દર્શનવરણી, દર્શનમોહ, ચારિત્રમોહ એ કર્મ છે ને, જે પુદ્‌ગલમાં... સમજાય છે? પુદ્‌ગલકર્મ જે ક્રોધાદિ. જડ હોં જડ. એનો જે પાક આવે કર્મનો, તે જીવને ક્રોધાદિભાવે પરિણમાવે. એ કર્મનો પાક આવે એ આત્માને ક્રોધ, માન, માયા, રાગ-દ્વેષપણે પરિણમાવે. એટલે સંસારનો અભાવ... શું? શું પણ બોલોને. શું સમજો તો ખબર પડે ને હા ના? અભાવ ન થાય. એ પકડાતું નથી. બફમ, મારી સામે બફમ થઈ જાય છે. જાણે વાઘ છે કે શું છે! પંડિતજી! આ તો તમે ધ્યાન કેટલું રાખો છો એટલો ખ્યાલ (લેવા), કે હા એ હા (કરો છો).

અહીં તો કહે છે, ભાઈ! તું સાંભળ. બાપુ! તારામાં જે દોષ છે ને દુઃખ. દોષ-દોષ. એ દોષપણે જો તું પોતે ન થા તો તો દોષ વિનાનો આત્મા ઠરે એટલે મુક્ત ઠરે. સંસારની સ્થિતિ છે એ નક્કી થાય નહિ. ત્યારે શિષ્ય કહે છે કે પણ મહારાજ! સંસારનો અભાવ ન થાય. લાવો હું કહું છું. તે શી રીતે? કે ઓલો કર્મ છે ને જડનો ઉદય આવે ને? એ જીવને વિકારપણે પરિણમાવે. ક્યાં સંસારનો અભાવ થાય છે? લ્યો! નવરંગભાઈ! ભાઈ! તને નથી ખબર કર્મની, અને નથી ખબર બાપુ! તારી પર્યાય કેવી વર્તે તેની. કહે છે કે અમારે તો પુદ્‌ગલ કર્મ જે જડ છે ને. આપણે જૈનમાં તો ભાઈ કર્મ જડ હોય અને એનો ઉદય આવે એટલે આત્માને વિકારપણે પરિણમવું જોઈએ. વિકારપણે.. આ પણ કહે છે ને? ડિગ્રી ટુ ડિગ્રી. એય..! નવરંગભાઈ!

શરીરમાં તાવ હોય તો નાખે થર્મોમીટર. તો એટલું પ્રમાણ આવે કે નહિ? એમ કર્મનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉદય હોય એટલો વિકાર આવે કે નહિ? વિકાર એમાં એટલા પ્રમાણે થાય નહિ? નહિતર કર્મ ક્યાં ગયું? કર્મ નથી જગતમાં?

ત્યારે શિષ્ય કહે છે હોં! મહારાજ! આ આત્મા છે ને, એની પર્યાયમાં જે છે એ વિકાર પોતે નથી પરિણમતો, સ્વયં નથી પરિણમતો. ત્યારે? સ્વયં નથી થતો. પરિણમતો એટલે સ્વયં વિકારરૂપે નથી થતો. મિથ્યાત્વપણે ચારિત્રમોહ રાગ-દ્વેષપણે સ્વયં નથી થતો. ત્યારે? ન થાય તો સંસારનો અભાવ થાય. મહારાજ! સાંભળો! ક્રોધનો ઉદય આવે ને, માનનો ઉદય આવે, લોભનો ઉદય આવે, મિથ્યાત્વનો-દર્શનમોહનો ઉદય આવે એ જીવને મિથ્યાત્વપણે પરિણમાવે, લ્યો. ચારિત્રના ક્રોધનો ઉદય આવે તો એ જીવને ક્રોધપણે પરિણમાવે. એટલે ક્યાં એમાં સંસારનો અભાવ થાય છે? શિષ્ય કહે છે, ક્યાં એમાં સંસારનો અભાવ થયો? પુદ્ગલ કર્મ જે ક્રોધ, માન, માયા તે... ક્રોધ શબ્દે મિથ્યાત્વથી લીધું છે.

'**તે જીવને ક્રોધાદિભાવે...**' આ જે પુદ્ગલ ક્રોધાદિ છે એ જડ છે અને જીવને ક્રોધાદિભાવે પરિણમાવે તે ચૈતન્યનો વિકાર છે. બેય ક્રોધાદિ શબ્દમાં ફેર છે. એક જડનો પર્યાય છે, એક ચૈતન્યનો પર્યાય છે. એ જડનો પર્યાય ચૈતન્યને વિકારપણે પરિણમાવે છે. સમજાણું કાંઈ? ભારે વાત પણ ગજબ વાત! એટલો ટૂંકામાં મર્મ છે. પુદ્ગલકર્મ જડ છે એ જીવને વિકારપણે ક્રોધાદિ, જડના ક્રોધ, માન, માયા, લોભ રૂપીનો ઉદય પાક છે, અજીવની પર્યાય જે છે તે જીવને જીવની વિકારી ક્રોધ, માન, મિથ્યાદર્શનપણે પરિણમાવે છે. તેથી સંસારનો અભાવ થતો નથી. એમ શિષ્યનો પ્રશ્ન છે. દલીલ છે.

'**તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને કરવામાં આવે છે :-**' સાંભળ! અમે બે પક્ષ લઈને ન્યાય કરીએ છીએ. જુઓ! અહીં જજ કર્યા છે. જજ બેસાડ્યા છે. મુનિઓ કહે છે કે સાંભળ ત્યારે, અમે ન્યાયથી વાત તને કરીએ છીએ. '**પુદ્ગલકર્મ ક્રોધાદિક છે...**' જો ભાઈ! પુદ્ગલ છે, હોં! કર્મ છે. ક્રોધ, માન, માયા, લોભ જડની પર્યાય છે. છે.. છે.. છે.. ચાલ્યું આવે છે. નથી એમ નહિ. જડકર્મ છે, પુદ્ગલ કર્મ છે. '**તે સ્વયં અપરિણમતા જીવને ક્રોધાદિભાવે પરિણમાવે...**' એ આત્મા વિકારપણે પરિણમતો ન હોય એને જડનો ઉદય પરિણમાવે? '**કે સ્વયં પરિણમતાને?**' કે પોતે વિકારપણે પરિણમતો હોય એને એ કર્મ જડ પરિણમાવે? સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ? વજુભાઈ! આ બધા વેપારી સામું જોવું પડે. આ ધ્યાન રાખો, આ તો ન્યાયનો વિષય છે. ન્યાય પણ એવા સૂક્ષ્મ નથી. કેટલાક વેપારી તો જાણે આપણે સમજીએ નહિ. એ બધા વકીલા અને બકીલો બુદ્ધિવાળા સમજતા હશે. પ્રાણભાઈ! એમ નહિ. એમ હોય? બધામાં બુદ્ધિ છે. કોનામાં બુદ્ધિ નથી? ક્ષયોપશમભાવ છે કે નહિ અંદર?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં તો પરમાત્મા પરમેશ્વર ત્રિલોકનાથે જે વસ્તુની સ્થિતિ કહી છે એમ સંતો યુક્તિથી સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? કહે છે કે ભાઈ! તારો દોષ તને તારાથી થતો નથી પણ કર્મનો ઉદય તને દોષ કરાવે, માટે તું દોષરૂપ થા તો અમારો પ્રશ્ન છે. તે દોષરૂપ થવા, મિથ્યાત્વરૂપ થવામાં, રાગ-દ્વેષ થવામાં, વિષયની વાસનારૂપે થવામાં તે કર્મનો જે ઉદય છે એ તું ન બદલતાને બદલાવે? કે તું બદલતો હોય એને બદલાવે? કહો, બરાબર છે? ભીખાભાઈ!

આ પ્રશ્ન સમજાય છે કાંઈ પહેલો પ્રશ્ન? કે ભગવાન આત્મા વસ્તુ તો અનંત ગુણનો પિંડ છે. હવે એની વર્તમાન દશામાં દોષ જે છે મિથ્યાત્વનો, રાગ-દ્વેષનો, દયા-દાન વિકલ્પ આદિ ઉઠે તે વિકારોનો. એ વિકારોનો દોષ જો સ્વયં પોતે ન થતો હોય તો તો જીવને સંસારનો અભાવ ઠરે. એમ ગુરુએ કહ્યું. ત્યારે શિષ્ય કહે છે, ના મહારાજ! એમ ન અભાવ ઠરે. કેમ? કે કર્મનો ઉદય આવે ને એ જીવને વિકારપણે પરિણમાવે, મિથ્યાત્વપણે પરિણમાવે છે, દર્શનમોહનો ઉદય આવે એ મિથ્યાત્વપણે પરિણમાવે, ક્રોધનો ઉદય આવે ક્રોધપણે પરિણમાવે, માનનો ઉદય આવે માનપણે પરિણમાવે, પુરુષવેદનો ઉદય આવે ત્યાં વેદની વાસનાપણે પરિણમાવે, સ્ત્રીવેદનો ઉદય આવે ત્યાં વેદની વાસનાપણે પરિણમાવે, તો એ વિકાર વિનાનો સંસાર અભાવ એમાં થતો નથી. વિકાર વિનાનો નથી થતો, વિકાર છે. એ પરને લઈને વિકાર પરિણમે, માટે સંસારનો અભાવ થતો નથી.

ત્યારે અમારો પ્રશ્ન છે, ભાઈ! એ આત્મા જે છે એ વિકારપણે નથી પરિણમતો એને કર્મનો ઉદય પરિણમાવે કે પરિણમતાને પરિણમાવે? બદલવાનું કામ પરિણમવાનું કરે છે તેને એ બદલાવે કે પરિણમવાનું કામ નથી કરતો એને એ પરિણમાવે? નવરંગભાઈ! ઓહોહો..! '**પ્રથમ, સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ;...**' પોતે જો મિથ્યાત્વપણે, રાગપણે, દ્વેષપણે, વિષયવાસનાપણે ન થતો હોય તો. સમજાણું? '**સ્વયં અપરિણમતાને...**' સ્વયં પોતે વિકારપણે ન થતો હોય. આનો અર્થ ઊંડો છે ઓલા કરતા. પરિણમે છે પોતે. પણ પરને લઈને. સ્વયં એટલે પોતે પરિણમે છે. પણ પરિણમે છે પરને લઈને. એમ નથી. અહીં તો સ્વયં પોતે પરિણમે છે એમ કહે છે. આહાહા..! એવા અર્થ કરે ને. ઓલું લાકડું મગજમાં એ રાખ્યું છે ને કે કર્મને લઈને વિકાર, કર્મને લઈને વિકાર. અહીં જ્યારે બહાર આવે કર્મને (લઈને) વિકાર નહિ. આ લોકો મિથ્યાદૃષ્ટિ. આ લોકો કર્મને અને આત્માને માનતા નથી. બહુ સારી વાત, બાપા! .. આબાદ તારી શ્રદ્ધા રહે તને. સમજાણું કાંઈ?

જૈનમાં તો એવું છે ત્રણે ફિરકાને કે કર્મ હોય તો વિકાર થાય, કર્મ હોય તો વિકાર થાય. સિદ્ધને છે કર્મ? નથી વિકાર થતો. માટે કર્મ હોય તો વિકાર થાય. ઊંધી દલીલ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. તને ખબર નથી. દ્રવ્યનો પર્યાય સ્વતંત્ર તે તે સમયનો નિગોદનો જીવ હોં. આહાહા..! નિત્યનિગોદનો જીવ પણ કોઈ એમ કહે છે કે એનું પરિણમન કર્મને લઈને છે ત્યાં. જૂઠી વાત છે, તને દ્રવ્યની શ્રદ્ધા નથી. દ્રવ્યનો પર્યાય, તેનો તે પર્યાય યુક્ત દ્રવ્ય છે તેવા દ્રવ્યની તને શ્રદ્ધા કરી નથી. એ પર્યાય તો તેં કર્મને લઈને ઠરાવી. સમજાણું કાંઈ? ચારિત્રગુણનો ઊલટો ભાવ, સમકિત શ્રદ્ધા-ગુણનો ઊલટો મિથ્યાત્વ. નિર્વિકારી પરિણમન આદિ, વાસના આદિ પરિણામ એ પરિણામ તેં કર્મને લઈને ઠરાવ્યા. ત્યારે આ ગુણનો પર્યાયનો ઊલટો ભાવ તે ક્ષણે તેનો એ ક્યાં ગયો? તે દ્રવ્યના ગુણ અને દ્રવ્યની પર્યાય જેમ છે તેમ તને શ્રદ્ધામાં નથી. એની શ્રદ્ધામાં નથી તો તારા દ્રવ્ય-ગુણ-પર્યાયની પણ તને શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ? એય..! ન્યાલભાઈ! પણ પહેલેથી સાંભળતા ને, કર્મને લઈને થાય.. કર્મને લઈને થાય. સાંભળતા નહોતા? જ્ઞાનાવરણીનો ઉદય આવે તો જ્ઞાનમાં હીણપણું કરે. જ્ઞાનાવરણીનો ઉદય આત્માને હીણો કેમ કરે? પર કરે? પર શું કરે? ના, ના, પર કરે. કેમ? કે જ્ઞાન આત્માનો તો સ્વભાવ છે. તો એ તો શુદ્ધ જ હોય. પણ એમાં હિનાધિકતા વર્તે છે એનું કારણ શું? એનું કારણ બતાવો. હિનાધિકતાનું કારણ કોણ? ત્યારે આ કહે કે એની પોતાની યોગ્યતા. યોગ્યતા હોય હિણી. કર્મને કારણે જ્ઞાનાવરણીનો જેવો ઉદય આવે ત્યાં જ્ઞાનને હીણું પરિણમાવે એ. નહિ? ન્યાલભાઈ! આહાહા..! ભાઈ! કોઈને જ્ઞાનની અધિકતા કરવાનો ભાવ ન હોય એમ છે? એય..! રતિભાઈ!

મુમુક્ષુ :- ઘરના કોઈ બગાડ કરે?

ઉત્તર :- ઘરના બગાડ કરે કોઈ? એમ કહે છે. ઘરમાં કોઈ બગાડ કરે? પરમાં બગાડે. અહીં કહે છે કે સાંભળને. પરને બગાડે નહિ. તું પોતે તારાથી બગડ્યો છો. સમજાણું કાંઈ?

કહે છે, અમારો પ્રશ્ન છે, ભાઈ! કે સ્વયં અપરિણમતાને પર વડે... ભાષા જુઓ. પર વડે. નિમિત્ત વડે, સંયોગ વડે, પરપદાર્થ વડે, કર્મ વડે '**પરિણમાવી શકાય નહિ;...**' જે પોતે ભગવાન આત્મા પોતાને ભૂલીને... અજ્ઞાનની વાત છે અહીં, હોં! જ્ઞાનીને વિકારપણે થવું એ છે જ નહિ. એ તો વિકાર એના જ્ઞાનમાં નિમિત્ત છે એમ સ્વપરપ્રકાશમાં દ્વિરૂપતા ધારણ કરે છે. પોતાનું જ્ઞાન અને એનું જ્ઞાન એવી બે રૂપતા ધારણ કરીને જ્ઞાન પ્રગટે છે. અહીં તો અજ્ઞાનીની સ્વતંત્રતાની અજ્ઞાનીને ખબર નથી એને કહે છે. સમજાણું કાંઈ?

'**સ્વયં અપરિણમતાને...**' પોતે મિથ્યાત્વપણે, ક્રોધપણે, માનપણે, માયાપણે, લોભપણે સંસારના ઉદયના વિકારપણે '**અપરિણમતાને પર વડે...**' કર્મ વડે, ઉદય વડે '**પરિણમાવી શકાય નહિ;...**' કહો, નવરંગભાઈ! કર્મ વડે ઉદય વડે પરિણમાવી શકાય નહિ? તો ઉદય કોને કહેવો?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ઉદય એને ઘરે રહ્યો.

ઉત્તર :- એને ઘરે રહ્યો. ઉદય તો પર છે. એ પાક આવ્યો એ જડમાં આવ્યો છે. એમાં આને શું છે? જડનો પાક સત્તામાં જે હતો એ પાક આવ્યો. પર્યાય પરિણમી. એ પર્યાય પરિણમી એ આને વિકાર કરાવે?

**'અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ;...'** જે જીવ પોતે જો વિકારપણે ન થાય તો પર વડે થઈ શકે નહિ, કર્મના ઉદય વડે થઈ શકે નહિ. **'કારણ કે (વસ્તુમાં) જે શક્તિ સ્વતઃ ન હોય...'** પર્યાયની શક્તિની વાત છે હોં! ગુણની અહીં વાત નથી, ભાઈ! એક સમયની શક્તિ કહો કે યોગ્યતા કહો કે લાયકાત કહો. જે વસ્તુમાં રાગપણે, મિથ્યાત્વપણે દર્શનમોહના કારણે પરિણમે એમ નહિ, મિથ્યાત્વપણે પરિણમવાની, રાગ-દ્વેષપણે થવાની શક્તિ સ્વતઃ ન હોય **'તેને અન્ય કોઈ કરી શકે નહિ.'** પર્યાય શક્તિની વાત છે. દ્રવ્ય-ગુણની નથી. દ્રવ્ય ગુણ તો ત્રિકાળની વાત છે. એની ક્યાં વાત છે? સમજાણું કાંઈ આમાં? કહો, રસિકભાઈ! મોટો વાંધો તમારે ત્યાંથી આવ્યો છે. પ્રવચનસારનો દાખલો આપ્યો છે આમાંથી. કાલે વાચ્યું નથી. ઓલું આપ્યું હતું ને ૪૫ ગાથાનું? ૪૫ને? આપ્યો હતો ને દાખલો. ભાઈ! દરેક કર્મનો ઉદય હોય છતાં આત્માના શુદ્ધ બળે કરીને તે પરિણમે તો એને કર્મનું નિમિત્તપણું થતું નથી. ત્યારે કહે, નહિ, નહિ એમ નહિ. શુદ્ધપણું નીચે હોય નહિ, શુદ્ધપણું આઠમેથી હોય. આરે..! ભારે પણ આ તો જાગ્યા છે ને. છે કે નહિ? શેમાં છે ઈ? ઓલામાં છે. ઓલામાં છે પ્રવચનસારમાં. શ્રીમદ્દનું. શ્રીમદ્દનું. પ્રવચનસાર છે ને? ૪૫ ગાથા. લાવોને ભઈ. હવે યાદ આવ્યું. આમાં આવ્યું છે, કાલે જ આવ્યું છે. અરે..! ખોટી વાત છે. શુદ્ધપણું ક્યાંથી નીચે આવ્યું? કર્મનો ઉદય હોય દ્રવ્યકર્મનો અને શુદ્ધપણે પરિણમે અને કર્મ ન થાય? એવું કે દિ' હેઠે શુદ્ધ આવ્યું? શુદ્ધ તો આઠમે હોય. ન્યાં પણ કર્મનો ઉદય નથી? શું કહે છો ભગવાન?

**'द्रव्यमोहोदयेऽपि सति यदि शुद्धात्मभावनाबलेन भावमोहेन न परिणमति तदा बंधो न भवति। यदि पुनः कर्मोदयमात्रेण बन्धो भवति तर्हि संसारिणा सर्वदैय कर्मोदयस्य विद्यमानत्वात् सर्वदैव बन्ध एव, न मोक्ष इत्यभिप्रायः।।'**

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ બધી આવી આમાં જુઓને. અરે..! ભગવાન! શાંત થા. અને અહીંનું જ્યાં સ્વતંત્ર આવ્યુંને (તો) લોકોને તો એમ થઈ ગયું કે આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગુજરાતી કરીએ છીએ. એમ કે તમે સંસ્કૃત (વાંચી ગયા). પંડિતજી સમજ્યા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અમે ન સમજ્યા.

કહે છે કે દ્રવ્યમોહ જડ જડ. એનો ઉદય હોવા છતાં પણ. '**मोहोदयेऽपि सति**' ઉદય હોવા છતાં પણ '**यदि शुद्धात्मभावनाबलेन**' જો '**यदि**' એટલે. '**शुद्धात्मभावनाबलेन**' '**भावमोहेन**' વિકારી પરિણામે '**न परिणमति तदा बंधो न भवति।**' '**यदि पुनः कर्मोदयमात्रेण बन्धो भवति**' કર્મનો ઉદય હોય તો જ અહીં બંધ થાય. તો '**तर्हि संसारिणा सर्वदैय कर्मोदयस्य विद्यमानत्वात**' તો સંસારીને કર્મનો ઉદય તો સદાય છે. હવે એને બંધનો ભાવ તો કોઈ દિ' છૂટે નહિ. '**सर्वदैव बन्ध एव, न मोक्ष इत्यभिप्रायः।।**' લ્યો, આવી વાત છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો કહે, નહિ. શુદ્ધપણું તો (આઠમે હોય).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ શુભયોગ છે નીચે. લખ્યું છે એમાં. નીચે શુભયોગ છે. તમે શુદ્ધ ક્યાંથી લાવ્યા? અરે..! ભગવાન! બાપુ! તને ખબર નથી, ભાઈ! એ કર્મનો ઉદય હોય. ભલે અત્યારે ચારિત્રમોહનો ઉદય લ્યો. પણ છતાં આ બાજુ શુદ્ધતામાં રહે, પરિણમે તો ભાવમોહપણે ન પરિણમે તો બંધ થતો નથી. એની જ વાત છે ને અહીં. સમજાણું કાંઈ? ભારે ભાઈ! તકરારું એવી કરે ને. આમાં પ્રભુ શું કરે? પ્રભુ વીતરાગ પણ શું કરે? અવળો પડ્યો, નકારે જાય એને હકાર કરાવવા કોણ સમર્થ છે?

ભાઈ! તને તારા દોષની સ્વતંત્રતાની પણ હા નથી? તો ભાઈ! તને આખું દ્રવ્ય અવ્યક્ત અનંત ગુણનો પિંડ છે એ શી રીતે પ્રતીતમાં આવશે તને? સમજાણું કાંઈ? તારી પર્યાયમાં, અવસ્થામાં તારો ક્ષણે ક્ષણે જે દોષ થાય છે એ તારાથી (થાય છે). બિલકુલ કર્મથી નહિ. પર વડે નહિ, નહિ. સમજાણું કાંઈ?

'**સ્વયં અપરિણમતાને...**' ભગવાન આત્મા વિકારપણે ન થતો હોય એને પર વડે બદલાવી શકાય નહિ. કારણ જે પર્યાયમાં બદલવાની, વિકાર થવાની જેને શક્તિ ન હોય, સ્વતઃ ન હોય, પોતાથી વિકાર થવાની શક્તિ ન હોય, પોતાથી વિકારપણે પરિણમવાની શક્તિ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ. કહો, અન્ય કોઈમાં એ કર્મની વાત લેવી છે. નોકર્મ તો કોણ કરાવતો હતો? આ માણસ આવ્યો મને ક્રોધ કરાવ્યો, ફલાણે કરાવ્યો. બિલકૂલ જૂઠ વાત છે. નોકર્મ વિકાર કરાવે એ તો છે નહિ પણ દ્રવ્યકર્મનો ઉદય છે એ તને વિકાર કરાવે એમ નથી એમ સિદ્ધ કરવું છે. દ્રવ્યકર્મની જ વાત લેવી છે. સમજાણું કાંઈ?

'**જે શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ.**' એક વાત. એક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વાત થઈ? કઈ એક વાત થઈ? કે જીવ વિકારપણે ન પરિણમે એને કર્મનો ઉદય પર વડે પરિણમાવે એમ બની શકે નહિ. કેમ કે પોતાનામાં જે સ્વતઃ શક્તિ ન હોય તે બીજો આપી શકે નહિ. કહો, સમજાણું કાંઈ? દાખલો આપ્યો નહોતો પરમ દિ'? કાલે આપ્યો હતો ને? જણનારીમાં જોર ન હોય તો સુયાણી શું કરે? ઓલી માંદી પડી, થઈ રહ્યું આ..આ...આ.. મરતા.. એને જોઈને સુયાણી શું કરે? એમ કરનારની શક્તિ પર્યાયમાં ન હોય અને પર વડે થાય એમ ત્રણ કાળમાં બને નહિ. સમજાણું કાંઈ? આ ડૉક્ટર-બોક્ટર કરતા હશે કાંઈક ત્યાં. મડદા હોય એમાં શું કરતા હોય? ઈંજેક્શન આપે. ઈંજેક્શન ભારે વધી ગયા છે અત્યારે. કહો, સમજાણું આમા? આહાહા..!

એક મહાસિદ્ધાંત તો હવે આવે છે. બીજી વાત. **'અને સ્વયં પરિણમતાને...'** ભાષા જુઓ! જો આત્મા પોતે મિથ્યાત્વપણે પરિણમે, રાગપણે થાય, દ્વેષપણે થાય, વિકારીપણે તે સમયે તે સમયે શક્તિથી થાય, યોગ્યતાથી થાય, દશાથી થાય. તો પર પરિણમાવનારની અપેક્ષા (એને નથી). આ ભારે જવાબ. તો તેને બીજાને બદલાવનારની અપેક્ષા જ ન હોય. આહાહા..! એય..! પાછું બીજું આવે હોં! મોક્ષમાર્ગમાં એમ આવે, આત્માવલોકનમાં એમ આવે કે વિકાર જો નિમિત્ત વિના થતો હોય તો એનો સ્વભાવ થઈ જાય. વાંચ્યું છે? મોક્ષમાર્ગમાં આવે છે. આપણે બધું મેળવવું જોઈએ કે નહિ? મોક્ષમાર્ગમાં એમ કહ્યું છે. વિકાર ભલે કરે પોતે, પણ નિમિત્તની અપેક્ષા જોઈએ. એ વિના ન થાય. નહિતર નિમિત્ત વિના થાય તો સ્વભાવ થઈ જશે. ત્યાં એમ કહ્યું છે અને આત્માવલોકનમાં પણ એમ કહ્યું છે દીપચંદજીએ. સમજાણું? આ બાજુને પાને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વળી બીજી વાત. પણ આ તો એક લીધી છે.

નિમિત્ત વિના કોઈ મૂરખ એમ કહે કે વિકાર થાય તો થઈ જશે વિકાર સ્વભાવ. ત્યાં એમ કહ્યું. ભાઈ! ત્યાં તો એનો વ્યવહાર શું છે એ બતાવ્યો છે. સમજાય છે? અહીં તો એકલું નિશ્ચય બતાવવું છે. સમજાણું કાંઈ? ત્યાં વ્યવહાર કર્મનો ઉદય હોય છે એમ સિદ્ધ કરવું છે. અહીં તો એ ઉદય સિદ્ધ છે માટે એની વાત છે કે એની અપેક્ષા છે જ નહિ. સમજાણું કાંઈ? શાસ્ત્રના કથનો જ્યાં નિશ્ચયથી આવતા હોય ત્યાં સ્વયંસિદ્ધ સત્ છે. વ્યવહારથી આવતા હોય તો ત્યાં નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવે છે. બેથી થતા હોય એમ કહે ત્યાં પ્રમાણનું જ્ઞાન (કરાવવા કહ્યું છે). અહીં પોતાથી થાય ત્યાં નિમિત્ત કોણ હતું, બેનું જ્ઞાન કરાવવા કથન છે. એથી આ નિશ્ચય છે એ જૂઠું પડી જાય છે અને વ્યવહારથી કહ્યું માટે વ્યવહાર સાચો થઈ જાય છે એમ નથી. અને બે કારણે જ્યાં કીધું ત્યાં... આ તો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એક જ કારણ કીધું ભાઈ આમાં. વિકાર, વિકાર હોં! બીજી નિર્મળ પર્યાય-ફર્યાય, કેવળજ્ઞાન અને કેવળદર્શન એની તો વાત જ જુદી છે. કેવળજ્ઞાન, સમ્યગ્દર્શન આદિ ચારિત્રની પર્યાય તો પરની અપેક્ષા વિના પોતાના આશ્રયથી પ્રગટ થાય છે. એને પરની અપેક્ષાની જરૂર નથી. એને રાગની મંદતાની પણ જેને નિર્મળ પર્યાય થાય તેને જરૂર નથી. પરની અપેક્ષાની જરૂર નથી. એય..! નવરંગભાઈ! અહીં તો વિકાર મિથ્યાત્વપણે પરિણમે તો પણ તે મિથ્યાત્વ પરિણમનારને પરિણમાવનાર અન્ય પરિણમાવનારની અપેક્ષા ન હોય. ગોમ્મટસારમાં પહેલું લખ્યું નહિ? ગોમ્મટસારમાં ભાઈ! ટોડરમલજીએ. પોતે પરિણમે, કર્મ પરિણમાવે. એવો પાઠ છે લખાણમાં. ગોમ્મટસારની શરૂઆતમાં. જ્યાં શરૂઆત કરી ત્યાં. એનો અર્થ ઈ... એ તો સમયસારમાં આગળમાં આવે છે. ૮૦માં આવી ગયું. ૮૧-૮૨-૮૩માં. જે પોતે ન પરિણમે તેને બીજો કોણ પરિણમાવે? એટલે પરિણમે તો પરિણમાવે એમ કહેવામાં આવે. કહેવામાં આવે. આહાહા..! આવી ગયું છે નહિ પહેલા? નહિ આમાં? ૮૦-૮૨માં આવી ગયું કે નહિ? શેમાં? આ ફેર છે ને? ૮૧-૮૨ થઈ ગયું ને? શું છે? એ ૨૭૮. કીધું ક્યાં ગયું આ? એ સાચી વાત. ૨૮૦. ૨૮૦. અહીં છે. જુઓ!

‘**યથોક્ત (અર્થાત્ જેવો કહ્યો તેવા) વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની...**’ ૨૮૦. ‘**શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી તેથી રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે પોતાની મેળે પરિણમતો નથી અને પર વડે પણ પરિણમાવાતો નથી,...**’ સમજાય છે? ઓલામાં એમ કહ્યું કે શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો રાગાદિરૂપ પરિણમાવાય છે. એ ૨૭૮માં કીધું. પરિણમાવાય છે. ‘**શુદ્ધસ્વભાવપણાને લીધે રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી, પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી આત્માને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ, રાગાદિરૂપે પરિણમાવાય છે.**’ જોયું! પરિણમાવાય છે એટલે ઓલો ચ્યુત પોતે થાય છે, પરિણમે છે ત્યારે બીજો પરિણમાવે છે એમ કહેવામાં આવે છે. ‘**આવો વસ્તુનો સ્વભાવ છે.**’ ૨૭૮-૭૯ની છેલ્લી લીટી.

‘**એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ,...**’ આત્મા જ પોતાના શુદ્ધ સ્વભાવથી ચ્યુત થાય ત્યારે રાગાદિરૂપે પરિણમાવાય છે. એ તો ચ્યુત થયો ત્યારે પરિણમાવાય છે એ તો નિમિત્તનું કથન થયું. અને અહીં કહ્યું ૨૮૦માં. ‘**શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી તેથી રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે પોતાની મેળે પરિણમતો નથી અને પર વડે પણ પરિણમાવાતો નથી,...**’ અરે..! પોતે પરિણમતો હોય ત્યારે પર વડે પરિણમાવાય છે એમ કહેવામાં આવે છે. પોતે (શુદ્ધ સ્વરૂપથી) ભ્રષ્ટ થતો નથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તો પર વડે પણ પરિણમાવાતો નથી એ વાત સિદ્ધ કરી છે. આ વાત તો ઘણીવાર કહેવાઈ ગઈ છે પણ કોઈએ ગાથા સંભારી નહિ. તમે પણ સંભારી નહિ? આ તો વાત આપણે ઘણી મુખ્ય છે. આ ૨૭૮-૨૭૯ તો .. નહોતું.

પરદ્રવ્ય વડે ... પોતે આત્મા પરિણમે નહિ. પર વડે પરિણમાવાય છે. છઠ્ઠી ગાથામાં નહોતું ચાલ્યું હતું તે દિ'? છ હજાર માણસના કલ્યાણકમાં ચાલ્યું હતું. ઊભા થઈને. જુઓ! આ સ્ફટિક મણિ પોતે પોતાથી પરિણમે નહિ, પર વડે પરણમાવાય છે. એમ જીવ રાગરૂપે પરિણમે નહિ, રાગાદિ પરદ્રવ્યો વડે પરિણમાવાય છે. અરે..! સાંભળને! એ શું કહે છે? સમજાણું કાંઈ?

જે આત્મા પોતાના શુદ્ધસ્વભાવથી ચ્યુત થયેલો વિકારપણે પરિણમે છે એને પર પરિણમાવે છે એવું નિમિત્તમાં કથન આવે છે. આહાહા..! અરે..! ભગવાન શું થાય? તને તારા અપરાધની સ્વતંત્રતા નક્કી ન થાય? સમય સમયનો અપરાધ, હોં! નિગોદના જીવનો પણ તારે એમ નક્કી કરવો પડશે. નહિતર તારું નક્કી નહિ થાય. નિગોદના જીવ, જેને મન નથી, વાણી નથી, અસંજ્ઞી છે એનો પર્યાય પણ.. અહીં એમ કહે છે, ભાઈ! એ જીવની વર્તમાન પર્યાયની શક્તિ મિથ્યાત્વપણે તીવ્રપણે પરિણમવાની નથી અને પર પરિણમાવે છે? તો પરિણમવાની નથી એને બીજો પરિણમાવે શકે નહિ. અને પોતે જ જો મિથ્યાત્વપણે પરિણમે તો એને પરની અપેક્ષા નિગોદના જીવને ય નથી. એમ કહે છે. આહાહા..!

ત્યાં એમ કહે, ક્ષયોપશમ જ્યાં સુધી પંચેન્દ્રિયનો ન હોય ને ત્યાં સુધી તો કર્મના જોરે પરિણમવું જ પડે એને. ત્યાં સુધી કર્મનું જોર. જ્યારે ક્ષયોપશમ મંદ થાય, બુદ્ધિ થાય ત્યારે પુરુષાર્થ કરી શકે. ભાઈ! એમ નથી. આત્મા તો સમયે સમયે નિગોદથી, અનાદિથી પોતાના શુદ્ધસ્વભાવથી ચ્યુત થયો થકો સ્વયં પોતાની યોગ્યતાની શક્તિની લાયકાતથી મિથ્યાત્વ અને રાગપણે પરિણમે છે. એ પરિણમતો ન હોય તો બીજો કેમ પરિણમાવે? બીજો કેમ શક્તિ આપે? જેનામાં ન હોય એમાં કેમ આપે? અને જો પોતાની મેળાએ પરિણમતો હોય તો એને પરની અપેક્ષા કેમ હોય? જે પોતે જ પોતાની પર્યાયથી નિરપેક્ષપણે નિમિત્તની પરની અપેક્ષા વિના પરિણમે છે તો સ્વયં પરિણમતાને તો પર પરિણમાવનારની અપેક્ષા ન હોય. આહાહા..!

અહીં તો પર્યાયની એક એક સમયની વિકૃત દશા તે કર્મને લઈને નહિ, પૂર્વને લઈને નહિ. ભાઈ! શું કીધું? એક એક સમયનો વિકૃતનો સત્ અંશ તે વર્તમાન પોતાથી શક્તિથી પરિણમી રહ્યો છે. એવું જ વસ્તુનું સ્વરૂપ છે. નહિતર એનો ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ એક ગુણના ત્રણ અંશો સિદ્ધ થતા નથી. ચારિત્રગુણનો ઉત્પાદ વિકારરૂપે કે દર્શનગુણનો ઉત્પાદ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મિથ્યાત્વરૂપે એ ઉત્પાદ સત્ છે. ભાઈ! એમ સિદ્ધ કરે છે. અને એ ઉત્પાદ પોતાથી પરિણમે છે. પોતાથી પરિણમવાની (લાયકાત) ન હોય તો બીજો ઉત્પાદ કરાવી શકે નહિ અને પોતાથી ઉત્પાદ થતો હોય તો બીજા પરિણમાવનારની અપેક્ષા એને હોય નહિ. આમ સિદ્ધ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એક જણો કહે મેં ત્રણ વાર સમયસાર વાંચ્યું અહીંયાં સોનગઢ ગયા પછી. સોનગઢમાં મોટી ચર્ચા થઈ ને? વિદ્વત પરિષદમાં. ત્રણ વાર આખું વાંચ્યું. ચોખ્ખી વાત છે, કર્મને લઈને જ વિકાર થાય, સમયસાર એમ કહે છે. લ્યો! આમાંથી કાઢ્યું. એય..! છોટાભાઈ! શું કરવું હવે? આવી દાંડી પીટીને આવા લખાણ! અને ક્યાંક એવા આવે કે કર્મ વ્યાપક છે અને વિકાર વ્યાપ્ય છે. એ કઈ અપેક્ષા એની ખબર ન મળે. એ તો ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯માં એમ આવ્યું કે ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે ને. એ તો જ્ઞાનીની વાત છે ત્યાં. જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ આત્મા જ્યાં દૃષ્ટિમાં આવ્યો એ જ્ઞાનીનું જ્ઞાનનું વ્યાપ્ય તો નિર્મળ અવસ્થા, વ્યાપ્ય અવસ્થા હોય. વ્યાપક દ્રવ્ય અને નિર્મળ અવસ્થા વ્યાપ્ય. હવે બાકી રહેલો જરી રાગ, એની સાથે મેળ ખાતો નથી, એકત્વ નથી. એકત્વ નથી અને વિભક્ત છે માટે કર્મ વ્યાપક અને વિકારી પર્યાય વ્યાપ્ય એમ કરીને બે ભિન્ન પાડ્યા છે. કહો, ચંદુભાઈ! છે કે નહિ? કર્મ વ્યાપક અને વિકારી પર્યાય વ્યાપ્ય. હમણાં અહીં આવી ગયું છે. તેર ગુણસ્થાન વ્યાપક અને કર્મની નવી પર્યાય તે વ્યાપ્ય. લ્યો! પુદ્ગલની પર્યાય, તેર ગુણસ્થાન પુદ્ગલની પર્યાય છે. કોણ? તેર. તેર ગુણસ્થાન. એ પુદ્ગલની પર્યાય વ્યાપક અને નવા કર્મ બંધાય તે એની અવસ્થા છે. અને વ્યાપ્યવ્યાપક એક છે.

ભાઈ! એ તો દ્રવ્ય શુદ્ધ છે એ દૃષ્ટિ કરાવવા માટે છે. દ્રવ્ય તે કોઈ કર્મને નિમિત્ત થાય? એ વિકૃત અવસ્થા પુદ્ગલની અજ્ઞાનભાવની છે તે કર્મના નિમિત્તમાં વ્યાપ્યવ્યાપક થઈને કરે તો કરો. દ્રવ્યને ક્યાં આવ્યું એમાં? સમજાણું કાંઈ? ભારે ભાઈ! લ્યો, કહે છે કે અકસ્માત કેમ અમને ક્રોધ થયો? અમે તો શાંતિથી બેઠા હતા. ત્યાં બે માણસે આવીને બે ગાળ દીધી. તો ક્રોધ આવ્યો. બાપા! કર્મનો અંદર ઉદય આવ્યો ત્યારે ક્રોધ આવ્યો. બરાબર હશે કે નહિ? પહેલા ક્યાં ક્રોધ હતો? પહેલા ક્યાં હતો? દ્રવ્ય-ગુણમાં ક્યાં છે? દ્રવ્ય-ગુણમાં છે વિકાર? એ દ્રવ્ય-ગુણમાં નહોતો અને પર્યાયમાં છે કે નહિ? એમ સિદ્ધ કરે છે. રાગ એમ કહે છે ઓલાને. છ દિ' સુધી અહીં ચાલતું હતું. ચિદાનંદ આગળ.

ચિદાનંદજી કહે, પણ વિકાર દ્રવ્યમાં નહિ, ગુણમાં નહિ, પર્યાયમાં આવ્યો ક્યાંથી? આવ્યો ક્યાંથી શું? પોતે કર્યો માટે થયો. આવ્યો ક્યાંથી? કાંઈ લટકે છે ઉપરથી? દ્રવ્ય-ગુણની ખાણમાં છે એ? ત્યારે ખાણમાં નથી માટે ચોક્કસ થયું કે દ્રવ્ય શુદ્ધ અને ગુણ શુદ્ધ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પર્યાય અશુદ્ધ તે કર્મને લઈને થઈ. ચોખ્ખી વાત છે એને તમે ખેંચી તાણીને આમ કરો. હવે સાંભળને. કહો, ..ભાઈ! શું છે આ? વિકારનો મોટો ગોટો છે. આહાહા..! શું કરીએ અમારે કરવું પડે જોર. એય..! ચકલી! ચકલી ઉડાડવાની વાતું કરે. ચકલી ઉડાડે સોનાની લઈ લેજો, કહે.

અહીં કહે છે કે કોઈ કર્મ-બર્મ દબાવતું નથી એમ કહે છે. આ છોકરા, બાયડયું આમાં કર્યા અને શું કરવું? અમે પડ્યા છીએ. એમ ના પાડે છે. નવરંગભાઈ! આ ભારે! ભાઈ! પણ શું કરીએ? એ તમને એવામાં હોય તો ખબર પડે. એક જણો એમ કહેતો હતો. મેં એને પૂછ્યું. સાંઈઠ લાખ હતા તે દિ' તો એની પાસે. સાંઈઠ લાખ હતા. પછી કીધું, વ્યવહાર-બ્યવહાર વિકાર-વિકાર.. પણ તમે નિવૃત્તિ કાંઈ લ્યો છો? અરે..! આવા પ્રસંગ મોટા અમને ઊભા થાય એમાંથી નિવૃત્તિ કેવી રીતે લઈએ? એવા પ્રસંગમાં તમે હો તો ખબર પડે. પૈસા ઘણાં. તે દિ' ૬૦ લાખની વાત હતી. પછી તો થઈ ગયા સાત-આઠ કરોડ એના છોકરા પાસે. તે દિ' અહીં આવ્યા હતા. .. કાંઈ નિવૃત્તિ-બિવૃત્તિ કરો તો આત્મા... અરે..! આવા પ્રસંગમાં એવા ઊભા છીએ કે એમાં નિવૃત્તિ લેવી.. મહારાજ! તમે આવા પ્રસંગમાં હોય તો લઈ શકો જ નહિ. એમ એનો અર્થ. કોની સાથે વાત કરે છે આ? ઓલો શેઠિયો જાણે કરે શું કરું? શું કહે છે? શું કહે છે આ? આટલો બધો પાવર ફાટી ગયો? કીધું. વિકાર જાતે કરે અને બીજાને આવા પ્રસંગ હોય તો કરવું પડે, આવી વાત? મોળો પડી ગયો પછી. રૂપિયા તારી પાસે થઈ ગયા, એટલે શું થઈ ગયું? પૈસા કે દિ' તારા હતા? આવા પ્રસંગમાં તમે હોય તો કેમ નિવૃત્તિ લેવાય? આહાહા..! એમ કરીને પોતાની પ્રવૃત્તિમાં નિવૃત્તિ નથી લઈ શકતો એવો જ અમારો યોગ છે એમ કહે છે. એય..! શશીભાઈ!

મુમુક્ષુ :- પોતાનું વ્યાજબીપણું ઠરાવે છે.

ઉત્તર :- વ્યાજબીપણું ઠરાવે છે. અરે..! હાલ હાલ. એય..! પ્રાણભાઈ!

મુમુક્ષુ :- પોતે જ મોઢે કહેતો હતો.

ઉત્તર :- પણ અહીં આવીને મને કહે. એક બીજો આવ્યો હતો એક જણો. નહિ?

અહીં આવ્યો. હું કોઈ ધર્મને માનતો નથી. પૂછ્યા વિના કઈ દુકાને આવીને વાત કરે છે? તને કહ્યું મેં? પૂછ્યું મેં તને? ધર્મ તમે માનો છો કે નહિ, કોઈએ પૂછ્યું? આ દુકાને આવીને પાધરો અવાજ? શું છે આટલી નિર્લજ્જતા. અહીં તમને કીધું હોય કે તમે આવો. અને આવો કીધું હોય અને પછી તેમ એમ કહો કે મહારાજ! તમે મને આવવાનું કીધું પણ હું ધર્મને માનતો નથી. તમારી મેળાએ આવીને પાધરા પહેલો જ અવાજ ! હું કોઈ ધર્મને માનતો નથી. પણ કોણ તને પૂછે છે? ધર્મને માનતો નથી. કઈ દુકાને આવીને તું ના પાડે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે? એય..! ચંદુભાઈ! આવા નિર્લજ્જ, જેને લજ્જા નથી. કઈ દુકાને કોની પાસે બેસવું... પછી તો થઈ ગયો મોળો ઢબ.

અહીં કહે છે કે વિકાર થાય છે તારાથી અને તું નિર્લજ્જ થઈને એમ કહે છો? અમને કર્મનો ઉદય આવે બાપા આકરા એવા. ભોમાંથી ભાલા નીકળે, ભાઈ! એ તમને ખબર ન પડે. વળી તમને ખબર ન પડે એમ કહે. ઠીક! આકરા કર્મના લોચા એવા ઉદય આવે ને ચકરડે ચડાવે. મૂઢ છો? પાપી! તારા પાપના પરિણામ તું સ્વતંત્ર કર અને તું એ ઢોળે છો કર્મને માથે? કર્મને લઈને આ થયું? એટલી તને સદોષતાના સ્વીકારની સ્વંત્રતાની તને ખબર નથી? હું આત્મા છું એની તને ખબર પડે શી રીતે? હું એક સચ્ચિદાનંદ આત્મા પરમાત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છું. એવી તને આસ્થાની દૃષ્ટિ કેવી રીતે થશે? સમજાણું કાંઈ? રતિભાઈ! આમ ઝાઝા પૈસા હોય અને ઝાઝા સંચા હોય તો નિવૃત્તિ શી રીતે લઈ શકે? કહો.

અહીં તો ભગવાન ત્રિલોકનાથ પરમાત્માનું ફરમાન, જે અનાદિસિદ્ધ થઈ ગયેલું. ત્રણે કાળના નિયમો. આ કાંઈ અમુક કાળને માટે નથી કે અમુક જીવને માટે નથી. મિથ્યાદૃષ્ટિ જીવ સ્વભાવને ચૂકેલા પર્યાયપણે પરિણમે. સ્વયં પરિણમે છે. બસ! એટલો સિદ્ધાંત. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી. સમજાણું કાંઈ? કેટલાક એમ કહે કે ભગવાનનું નિમિત્ત સારું હતું ને? નિમિત્તથી કેમ લાભ ન થયો? અહીંથી પ્રશ્ન ઉઠેલો. ભગવાન પાસે ગયો હતો ને કેમ લાભ ન થયો? તમે એ નિમિત્ત ના પાડો પણ દર્શનમોહનું નિમિત્ત છે માટે સમજ્યો નથી. આ બધા પત્રોમાં એવા ઉત્તર આવે છે. તમે કહો કે આત્મા સમ્યગ્દર્શનને કેમ પામ્યો નહિ? આત્માની ઊંધાઈથી. નિમિત્ત તો ભગવાનના મળ્યા હતા. સમવસરણમાં ગયો હતો અનંત વાર. આવા નિમિત્ત ન પામ્યો માટે નિમિત્ત કાંઈ કરતું નથી. નહિ. તમે એ નિમિત્તની ના પાડો. અંદર દર્શનમોહ કર્મ છે આકરું. એ દર્શનમોહનું કર્મ એને એ વખતે નિમિત્ત થઈને મિથ્યાત્વપણું છોડાવતું નથી. આહાહા..! મૂઢ છો? મિથ્યાત્વપણે પરિણમવું એ તારી શક્તિથી તું પરિણમે છો. દર્શનમોહના કારણે નહિ. એ અહીં કહે છે. ધર્મચંદજી!

સ્વયં પરિણમે છે મિથ્યાત્વપણે. સમવસરણમાં બેઠો, ભગવાનની સભામાં બેઠો. મિથ્યાત્વપણે પરિણમે છે અંદર મિથ્યા-વિપરીત શ્રદ્ધા. મારામાં સુખ નથી. અહીંથી મને લાભ થશે, મને આ નુકસાન કરે છે અને પુણ્ય પરિણામમાં સુખ છે, પાપ પરિણામમાં મજા છે. એવી મિથ્યાત્વની પરિણતિની શ્રદ્ધા સમવસરણમાં બેઠો પણ તું કરે, એ તારા સ્વયંસિદ્ધથી કરે છો. દર્શનમોહને કારણે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? બરાબર હશે? રતિભાઈ! નિમિત્તનું સિદ્ધ કરવા માટે... ભગવાનનું તમે નિમિત્ત કહો છો તો ભગવાન પાસે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અનંત વાર ગયો. તો કેમ થયું નહિ? માટે એ નિમિત્ત. પણ ઓલો પડ્યો છે મોટું લાકડું દર્શનમોહ. એ ત્યાં પડ્યું હતું એણે થવા ન દીધું સમકિતને.

અહીં ભગવાન ના પાડે છે. એ વખતે પણ મિથ્યાત્વપણે પરિણમવાની તારી લાયકાત ન હોય તો પર વડે તને પરિણમાવી, દર્શનમોહથી પરિણમાવી શકાય નહિ. અને તું મિથ્યાત્વપણે સ્વયં પરિણમતો હો તો તેને દર્શનમોહના નિમિત્તની તેને અપેક્ષા ત્યાં રહેતી નથી. એમ અમે કહીએ છીએ.

કેવળી પરમાત્મા ભગવાન એમ ફરમાવે છે કે મિથ્યાશ્રદ્ધા તું છોડતો નથી, પરિણમે છે માટે મિથ્યાત્વ ટળતું નથી. કર્મના કારણે મિથ્યાત્વ તને થાય છે એવી વાત સ્વરૂપમાં છે નહિ. નિમિત્તમાં એવી તાકાત નથી કે મિથ્યાત્વ તને પરિણમાવે. ઉપાદાનની પર્યાયની તાકાત નથી કે પર હોય તો પરિણમે એવી તાકાત નથી. સ્વયં પોતાને કારણે મિથ્યાત્વરૂપે પરિણમે છે. સમજાણું કાંઈ? આહાહા..! જેના જૈનદર્શનમાં જ કર્મની વાતું. આઠ કર્મ, ૧૪૮ પ્રકૃતિ અને એક એક સ્થિતિ, રસ ને અનુભાગ ને ફલાણું બીજે ક્યાંય નહિ. છતાં કહે છે કે એ તો એના ઘરમાં. તારે ઘરે ક્યાં હતા?

જે જીવ પોતાના આનંદ શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એને ભૂલીને મિથ્યા ભ્રમપણે મૂઢ મિથ્યાત્વપણે પરિણમે છે, એવા પરિણમનારને બીજાના પરિણમાવનારની અપેક્ષા ન હોય. આ તો નિરપેક્ષ તત્ત્વ થઈ ગયું. વિકાર પણ નિરપેક્ષ થઈ ગયું, ભાઈ! અરે..! વિકાર નિરપેક્ષ થઈ જાય? અપેક્ષાવાળું તત્ત્વ હોય બધું. આવે છે ને? નિયમસારમાં. નિરપેક્ષ છે, સાપેક્ષ છે. પર્યાય નિરપેક્ષ છે. નિમિત્ત સાપેક્ષ છે. અહીં તો કહે છે, વિકાર પણ નિરપેક્ષ છે. લે સાંભળને. ૧૪-૧૫ ગાથા નિયમસારની. સમજાણું? શું વળી આવ્યું ઈ? નિયમસાર. બીજી અપેક્ષાએ લીધું, જુઓ! ૧૪ છે ને?

'**पज्जाओ दुवियप्पो सपरावेक्खो य णिरवेक्खो।**' ૧૪ ગાથા છે. '**पज्जाओ दुवियप्पो सपरावेक्खो य णिरवेक्खो।**' હવે પછી ૧૫. '**कम्मोपाधिविवज्जियपज्जाया ते सहावमिदि भणिदा।**' વિકારી પર્યાય અહીંયાં સાપેક્ષ લીધી છે. ભાઈ! '**णरणारयतिरियसुरा पज्जाया ते विहावमिदि भणिदा।**' એની ઉપરથી. '**कम्मोपाधिविवज्जियपज्जाया ते सहावमिदि भणिदा।**' કેવળજ્ઞાનાદિ પર્યાય છે, કારણપર્યાય શુદ્ધ છે એ સૂક્ષ્મ વાત. એ નિરપેક્ષ છે.

અહીં તો કહે છે.. સમજાય છે? વિકારના પરિણામ નિરપેક્ષ છે. અહીંયાં બીજી અપેક્ષા છે, ત્યાં બીજી અપેક્ષા છે. એઈ..! સમજાણું કાંઈ? વિકારને સાપેક્ષ કહ્યો છે. ઉદયભાવને સાપેક્ષ કીધો. સમજાણું? ઉદયભાવ સાપેક્ષ કેમ (કહ્યો)? વ્યવહાર સિદ્ધ કરવો છે. વ્યવહાર પરની અપેક્ષાથી ઉત્પન્ન થાય છે, સ્વભાવની અપેક્ષાએ વિકાર ન હોઈ શકે એમ બતાવવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહ્યું છે. અહીંયાં કહ્યું એ બે વિરોધ છે? વિરોધ નથી.

ભગવાન આત્મા આનંદનો કંદ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. એ આનંદ પરમાં છે, બાયડીમાં છે, પૈસામાં છે, શરીરમાં છે, પાપ પરિણામમાં છે, અનુકૂળતામાં છે. એવી માન્યતા મૂઢ મિથ્યાત્વપણે જે ઊભી કરે છે એ મિથ્યાદષ્ટિના પરિણામ કર્મની અપેક્ષા વિના થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! રાડ નાખે છે. ભાઈસા'બ આપણે તો કર્મ હોય ને જૈનમાં. કર્મ, કર્મ જડમાં હોય. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ, એને ભૂલી અને જે મિથ્યાપણે પરિણમે છે... સમજાય છે કાંઈ? મિથ્યા અભિપ્રાયપણે (અર્થાત્) આ પુણ્યમાં સુખ છે, શરીરમાં સુખ છે, આ હજીરા... હજીરા એટલે સમજાણું? આ મકાન. મોટા દસ દસ લાખના મોટા. એમાં સુખ છે. મૂઢ છો. મિથ્યાત્વપણે મિથ્યાત્વના વિપરીત પરિણામપણે તું પરિણમ્યો છે. તેથી તેં આ પરિણામ ઊભા કર્યા, એ કર્મનું કાંઈ કામ છે નહિ, કર્મની અપેક્ષા છે નહિ. અને એ ચીજોની અપેક્ષા પણ નથી. એને ચીજો છે માટે મિથ્યાત્વના પરિણામ થાય છે એ વાત તદ્દન જૂઠી છે. ભગવાનભાઈ! શું હશે આ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાચું. પણ બધે સાંભળવા મળે જ્યાં હોય ત્યાં. કર્મ હોય તો વિકાર થાય, આઠ કર્મ આત્માને રખડાવે. લ્યો! (સંવત) ૨૦૦૬ સાલમાં એ નહોતું. તકરાર થઈ પાલીતાણા. એ કઈ અપેક્ષાએ વાત છે? એ તો એનો સ્વભાવ નથી. પર્યાયની યોગ્યતા છે એની એ ત્યાં સિદ્ધ નથી કરવી. પર્યાયની યોગ્યતા એ કર્મમાં નાખી દઈને જીવ પાંગળો છે એમ કહે ત્યાં. અહીંથી બીજે જવું, ત્રીજે જવું, રખડવું એ જીવના સ્વભાવમાં નથી. ઘંટીના પડ ઉપર માખી બેઠી હોય. ઘંટી સમજ્યા? ચક્કી, ચક્કી. શું કહે છે? જ્યાં બેઠી હોય ત્યાં બેઠી હોય. એ ફરે પણ એનું સ્થાન તો ત્યાં છે ત્યાં છે. ઓલી ઘંટી ફરે.

એમ કહે છે, દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિએ જોતાં વસ્તુ તો જ્ઞાયકમૂર્તિ જ્યાં છે ત્યાં છે. એમ કહે છે. રાગાદિના નિમિત્તના લક્ષે બધું ફેરફાર થાય પણ અંદરમાં થાતું નથી. એમ સિદ્ધ કરે છે ત્યાં. અરે..! જે વાત સિદ્ધ કરવા જાય ત્યાં બીજી અને બીજી સિદ્ધ કરવા જાય ત્યાં ત્રીજી. હવે એના તે પાર કે દિ' આવે? અને પાંગળો કહે .. જુઓ! જીવ પાંગળો છે. એ કર્મ એને લઈ જાય છે. બાપા! એના સ્વભાવની દૃષ્ટિની વાત કરવા વાત કરે છે. બાકી એક એક સમયે નરકમાં જાય તો પણ પોતાની યોગ્યતાના પરિણામથી પરિણમતો જાય છે. ગતિનો ઉદય આવ્યો કર્મનો માટે અહીં પરિણમે ગતિ અહીં થાય છે એમ ના પાડે છે અહીં. એય..! ચાર ગતિ આદિ આવે છે ને? એકવીસ બોલ ઉદયભાવના. એકવીસ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચાર ગતિ, છ કાય, વિકાર.. છે ને? મિથ્યા. ભાઈ! ઉદયભાવ ત્રણવેદ બાપુ! તારી પર્યાયમાં ઉદયનું તારું પરિણમન તારા દોષથી, સ્વયં પુરુષાર્થથી ઊંધાઈથી તારામાં થાય છે. કર્મને લઈને બિલકુલ નહિ. તેની અપેક્ષા સ્વતંત્ર જ્યાં પર્યાયની યોગ્યતાથી તું કર એમાં કર્મની અપેક્ષા બિલકુલ છે નહિ અને કર્મને લઈને થયું? મરી ગયો એમ ને એમ ઊંધી શ્રદ્ધાથી. અજ્ઞાનમાં પણ પાછું તીવ્ર મિથ્યાત્વ છે. અજ્ઞાન તો છે અને તીવ્ર મિથ્યાત્વ આ પાછું. પર વડે મને વિકાર થાય. વિકાર કરવાનો ભાવ નથી પણ કર્મનો ઉદય આવે તે થાય. તેં તો તીવ્ર મિથ્યાત્વ કર્યું. એ પણ તીવ્ર મિથ્યાત્વ પણ તારા મિથ્યાત્વના ઉદયને લઈને નહિ. આહાહા..! એટલી વાત આવી.

પરની અપેક્ષા વિના તારો વિકાર છે એમ નક્કી કર. તારો પર્યાય સ્વતંત્ર છે તો એ દૃષ્ટિ છોડીને દ્રવ્યસ્વભાવ શુદ્ધ ઉપર દૃષ્ટિ કર. તો તને ધર્મ થાય. નહિતર ધર્મ થાય નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**કારતક વદ ૧૨, શુક્રવાર તા. ૯-૧૨-૧૯૬૬**
**ગાથા-૧૨૧ થી ૧૨૫, પ્રવચન-૨૧૨**

કર્તાકર્મ અધિકાર. સમયસાર. અહીંયાં આવી ગયું જુઓ અહીંયાં. શું કહ્યું હતું પહેલું? એમાં છેલ્લો સરવાળો છે. આત્મા પોતે પોતાના સ્વરૂપના ભાન વિના અજ્ઞાનપણે વિકાર જે કરે છે એ સ્વયમેવ પોતાથી કરે છે. એની ચર્ચા લીધી. અજ્ઞાનીની વાત છે, હોં! જ્ઞાનીને વિકાર છે જ નહિ. જ્ઞાનમાં આત્મા જ્યાં શુદ્ધ ચૈતન્ય છે એવું જ્યાં ભાન થઈને પરિણમન જ્ઞાનનું થયું, એને તો જે રાગ છે તે તો જ્ઞાનમાં નિમિત્ત થાય છે.

ધર્મી એને કહીએ ધર્મ કરનાર કે આત્મા પવિત્ર શુદ્ધ જે આનંદ અને વીતરાગસ્વરૂપ, આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેમ ચારિત્રસ્વરૂપ એટલે વીતરાગસ્વરૂપ છે. જેમ જ્ઞાયક છે તેમ એ સમરસસ્વરૂપ છે. સમરસ એટલે ચારિત્ર. અને ચારિત્ર એટલે સામ્યરસ-શાંતરસ. એવો એનો સ્વભાવ છે. એવું જેને ધર્મનું ભાન થયું, ધર્મનું ભાન થયું. ભલે ગૃહસ્થાશ્રમમાં હો. પણ હું તો જ્ઞાયક છું અને સમરસી ચારિત્ર શાંત વીતરાગ સ્વભાવ મારો ત્રિકાળ એ હું છું. એવી જેને ધર્મદૃષ્ટિ થઈ છે. એવા ધર્મીને તો ધર્મનો નિર્મળ વીતરાગી પરિણામરૂપે પરિણમવું એ એનું કાર્ય છે. સમજાણું કાંઈ?

પણ જેને આ આત્મા.. અહીં એ સિદ્ધ કરવું છે. પહેલી વાત સિદ્ધ કરી ગયા જ્ઞાનીની. ચૈતન્ય વસ્તુ મહાશાંત અને વીતરાગી સ્વભાવથી ભરેલો આત્મા. એના સન્મુખ થઈને, એને જેણે જોયો, જાણ્યો, અનુભવ્યો, પ્રતીતમાં લીધો એવા ધર્મી જીવને, એને ધર્મી કહીએ. ચાહે તો રાજપાટમાં પડ્યો હોય અને ચાહે તો એ નરકમાં જીવ હોય. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ધર્મ તો દેખાય છે.

ઉત્તર :- ધર્મ અંતરમાં દેખાય કે શેમાં દેખાય? દેખનારને દેખાય કે દેખનાર વિનાને દેખાય? દેખનારને દેખાયને? પણ દેખનાર કોણ છે એને જાણ્યા વિના દેખાય શી રીતે? સમજાણું?

તે દિ' પ્રશ્ન ઉઠ્યો એમાં ઉઠ્યો હતો. અંધા! તું આત્માને નથી દેખતો? મહારાજ! કેમ નથી દેખતો? અમે આંખથી જોઈએ છીએને? તું આંખથી દેખે છે પણ આંખને દેખતો નથી. આંખને દેખે છો તું પણ.. આંખથી દેખે છો પણ આંખને દેખતો નથી. આંખ તો જડ છે આ માટી. એનાથી દેખાય એ જ્ઞાન એ નેત્ર જ નથી. એ આંખને દેખનાર આંખને દેખે. સમજાય છે કાંઈ? અંતર ચૈતન્ય જ્ઞાન સૂર્યના નેત્ર જેને અંતર ખીલ્યા છે. એ જ્ઞાન

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નેત્ર એવો ધર્મી જીવ ગૃહસ્થાશ્રમમાં હો, નરકમાં હો, પશુમાં હો, સ્વર્ગમાં હો. હજાર યોજનના દેહના લાંબા અવગાહનમાં અંદર આત્મા હો, એને આત્મા વસ્તુ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય સમસ્વભાવ વીતરાગ સ્વરૂપ જ આત્મા છે ત્રિકાળ. એવી જેને અંતર દૃષ્ટિ થઈ, જ્ઞાન થયું અને અંશે રમણતા થઈ. એને તો રાગનું કરવું એના જ્ઞાનમાં જ નથી. વ્યવહારનો રાગાદિ જે વ્યવહાર રત્નત્રય આવે શુભયોગ, એનું કરવું જ્ઞાનસ્વરૂપમાં નથી. એ તો જ્ઞાનમાં રાગનું જ્ઞાન થાય છે. આહાહા..! ઝીણી વાત છે. લોકોને તત્ત્વની ખબર નથી તો બિચારા ક્યાંય મુંઝાઈને પડ્યા છે.

ધર્મ તો એને કહેવાય કે જ્યાં રાગ થાય એને આત્માની દૃષ્ટિએ રાગને જાણે. એ રાગમાં (નહિ) જ્ઞાનમાં રહીને રાગને જાણે. રાગમાં રહીને, રાગ થઈને અને રાગમાં રહીને રાગને જાણી શકાય નહિ. વાતું એવી છે ને આ તો આત્મધર્મની. એને ધર્મ શું છે એને ખબર નથી. ધર્મ તો આત્માનો સ્વભાવ છે ત્રિકાળ. તો એ સ્વભાવનું ભાન થયે જે કંઈ રાગ હોય, દેહાદિની ક્રિયા થાય તેનું જ્ઞાનમાં... જ્ઞાનમાં એટલે પોતાના અસ્તિત્વમાં રહીને તેને જાણે છે. રાગમાં જઈને અને રાગરૂપે થઈને જ્ઞાન જાણી શકે જ નહિ એને. સમજાણું કાંઈ આમાં?

પુણ્ય-પાપના ભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ રૂપે થઈને એને જાણે એમ કોઈ દિ' બને જ નહિ. ઝીણી વાત છે. એનાથી પૃથક્ થઈને, એને ભિન્ન રીતે જાણે ત્યારે એણે રાગને જાણ્યો કહેવાય. એ વાત પહેલી આવી ગઈ છે કે ધર્મી જીવને રાગ જે હોય છે એ ધર્મીને નથી હોતો. સમજાણું કાંઈ? એને તો તે સંબંધીનું જ્ઞાન હોય છે. આહાહા..! સમ્યગ્દષ્ટિને ચક્રવર્તીનું રાજ હોય, છન્નું હજાર સ્ત્રી હોય. શક્રેન્દ્ર ઈન્દ્ર છે જેને કરોડો ઈન્દ્રાણી છે. પણ ઈન્દ્રાણીમાં એ નથી. તેમ ઈન્દ્રાણી તરફનો રાગ છે એમાં એ નથી. સમજાણું કાંઈ?

ધર્મી જીવ તો જ્ઞાન ચૈતન્ય આનંદમૂર્તિ પ્રભુ સમસ્વરૂપી આત્મા. એવી જ્યાં અંતર દૃષ્ટિ સ્વઆશ્રય સ્વસન્મુખની થઈ એનું તો જ્ઞાન ને આનંદ ને શાંતિમાં રહેલું તત્ત્વ એ છે. એ રાગમાં રહેતો નથી, ઘરમાં રહેતો નથી. ન્યાલભાઈ! ભારે વાતું. એ રાગમાં રહેતો નથી, રાગ સંબંધીના જ્ઞાનમાં રહે છે. હવે એવું જ્યાં ભાન નથી, અજ્ઞાની એમ કહે કે અમને તો કર્મને લઈને વિકાર થાય ભઈ, શું કરીએ? એમ માને કે ભાઈ! અમને તો ધર્મ તો કરવો છે ઘણો અમારે. પણ કર્મના જોરને લઈને અમને કર્મને લઈને વિકાર થાય છે. એ વિકાર અમને ધર્મ થવા દેતો નથી. તો કહે છે કે વાત તારી જૂઠી છે. વસ્તુના સ્વરૂપમાં કર્મ જે બીજી ચીજ છે, એ તને વિકાર કરાવે એવી વસ્તુસ્થિતિમાં નથી. એ વસ્તુની મર્યાદામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ નથી. તને ખબર નથી. સર્વજ્ઞ પરમેશ્વરે એમ જોયું નથી, વાણીમાં કહ્યું નથી અને તારામાં કર્મ વિકાર કરાવે એવું થતું નથી. સમજાણું કાંઈ? ભારે વાત!

સમ્યગ્દષ્ટિને ધર્મી જીવને તો રાગ કર્મથી થતો નથી, પોતાના સ્વભાવથી થતો નથી. ધર્મી એટલે સમ્યગ્દષ્ટિ જીવ ચાહે તો ગૃહસ્થાશ્રમમાં હો, ચાહે તો મુનિ હો પણ આત્માના આનંદનું જેને ભાન છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપ છું, મારું સ્વરૂપ જ સમરસી શાંત આનંદ રસ છે. એવો સિદ્ધ ભગવાનને પ્રગટ આનંદ અને સમરસી વીતરાગદશા જે પ્રગટી છે એ પ્રગટવાનું સ્થાન ક્ષેત્ર તો આત્મા છે. એ આત્મામાં વીતરાગતા અને સમભાવ પડેલો છે એનું જ્યાં ભાન છે એને રાગ થતો જ નથી, એમ કહે છે અહીં તો. આવી વાત છે.

ભગવાન આત્મા અનંત શાંત અને ગુણ અને આનંદ આદિના સ્વભાવથી ભરેલો છે ને પ્રભુ! એ જ્ઞાનમાં રાગ કેવો? પુણ્ય કેવું? પાપ કેવું? બંધન કેવું? સંયોગ કેવો? એવું જે આત્માનું સ્વરૂપ, જેને ધર્મદષ્ટિ (પ્રગટી છે), ભલે આઠ વર્ષની બાલિકા હો દેહથી. આત્મા એ નથી. આત્મા અંદરથી ભગવાન આત્મા દેહથી જુદો, કર્મથી જુદો અને એ પુણ્ય-પાપના શુભ-અશુભ રાગ છે એ આસ્રવતત્ત્વ છે. એનાથી જ્ઞાયકતત્ત્વ જુદું, ચૈતન્યતત્ત્વ જુદું, સમરસી વીતરાગ સ્વભાવથી ભરેલો એવો ભગવાન તે રાગ અને પુણ્યની ક્રિયાથી જુદો. એવો જેને આઠ વર્ષની કન્યા હો છતાં જો ભાન અંદર થયું, તો તેને સમ્યગ્દષ્ટિ ધર્મી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અને એ ધર્મીને જે કાંઈ રાગ દેખાય, એને સંયોગ દેખાય એ તો તેના સ્વસ્વભાવના સન્મુખના, સ્વપરપ્રકાશના જ્ઞાનમાં એ રાગાદિ જ્ઞાનમાં નિમિત્ત થાય છે. રાગનો કર્તા નથી, રાગમાં રહ્યો નથી, રાગરૂપે થયો નથી. આહાહા..! ભારે વાતું, ભાઈ! સમજાણું કાંઈ? બાપુ! આ તો સર્વજ્ઞ વીતરાગી આત્મા છે, ભાઈ! જે સર્વજ્ઞ વીતરાગ થયા એ ક્યાંથી થયા? કાંઈ બહારથી નથી આવી એ ચીજ. અંતર પ્રભુ આત્મા સર્વજ્ઞસ્વભાવ અને સમરસી વીતરાગભાવ એવો કંદ પ્રભુ વીતરાગ સ્વભાવનો રસકંદ છે આત્મા. એવી જ્યાં અંતર્મુખ થઈને રાગથી, સંયોગથી, ઈન્દ્રિયોથી, કર્મથી ભિન્ન પડીને સ્વભાવની એકતાનું અંદર ભાન થયું કે આ સ્વભાવ અને આત્મા બે અભિન્ન છે. રાગથી ભિન્ન છે. એવું અંતર્મુખ ભાન સમ્યગ્દષ્ટિને ચોથા ગુણસ્થાનથી થાય છે. આહાહા..!

એ ધર્મીને જે કાંઈ રાગ થાય કે શરીરની ક્રિયાઓ આ જડ માટી ધૂળ છે તેની જે આ અવસ્થાઓ થાય તે તેના જ્ઞાનમાં નિમિત્ત તરીકે જાણવાલાયક થાય છે. એ રાગ પોતાના અસ્તિત્વમાં છે એમ માનતો નથી. તેમ તે રાગ મારું કર્તવ્ય છે એમ એ જ્ઞાની-ધર્મી માનતો નથી. પણ રાગ થયો તેને સ્વ સ્વભાવના સામર્થ્ય દ્વારા જે સ્વપરપ્રકાશક જ્ઞાનદશા થઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમાં એ રાગ નિમિત્તપણે જાણવામાં નિમિત્ત થાય છે. બહુ વાતું ઝીણી.

હવે જેને આવું ભાન નથી, એમ કોઈ કહે કે અમારે તો ધર્મ કરવો છે, પણ કર્મ જડ છે આકરા જ્ઞાનાવરણી મોહનીય આઠ કર્મ. એ કર્મ અમને વિકાર કરાવે છે. અમને વિકાર કરાવીને અધર્મ ભાવ કર્મ ઉપજાવે છે. એમ કહે તો આચાર્ય બે પ્રશ્ન કરે છે કે ભાઈ! સાંભળ ભાઈ પ્રભુ! જો તારામાં વિકારરૂપે પરિણમવાની શક્તિ નથી અને તને કર્મ વિકારરૂપે પરિણમાવે છે? વિકારરૂપે થવાની તું લાયકાત નથી ધરાવતો અને કર્મ તને વિકારરૂપે કરાવે છે એમ છે નહિ. જો વિકારરૂપે તું ન પરિણમતો હો તો બીજો બીજો પરિણમાવી શકે એવી તાકાત કોઈ આપી શકે નહિ. ...

મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામપણે તું પરિણમવાને તે સમયમાં યોગ્યતાવાળો તું છો તેથી પરિણમે છે? કે પરિણમવાની લાયકાત નથી ને તું પરિણમે છો? જો તારામાં એ વિકાર થવાની.. ધર્મ તો નથી, ભાન નથી વસ્તુનું. પુણ્ય અને પાપપણે અને આ મારા છે એવી મિથ્યાદૃષ્ટિ (છે), પુણ્ય અને પાપના વિકલ્પો રાગ એ મારા એવી મિથ્યાદૃષ્ટિ (છે), એવી મિથ્યાદૃષ્ટિપણે પરિણમવું એ તારી લાયકાત છે? કે લાયકાત નથી? અને તારી લાયકાત જો ન હોય તો બીજો દ્રવ્ય એને લાયકાત આપી શકે નહિ. અને જો મિથ્યાત્વપણે પુણ્ય તે મારા, પાપ તે મારા, પુણ્યના ફળ એ મને મીઠા, અને તેમાં હું છું એ મારું કર્તવ્ય છે. એવા જે મિથ્યાદૃષ્ટિના પરિણામ તારી યોગ્યતાથી થતા હોય, પરિણમનારની લાયકાતથી થતા હોય તો પરિણમાવનારની એમાં અપેક્ષા રહેતી નથી. આહાહા..! એય..! નવરંગભાઈ! ન્યાયથી તો વાત કરે છે. ક્યાં સુધી આવ્યું છે કાલે?

જુઓ! '**તેને અન્ય કોઈ કરી શકે નહિ.**' ત્યાં આવ્યું છે. પ્રથમ શબ્દ આવ્યો ને? '**સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ;...**' આત્મા મિથ્યા ભ્રાંતિપણે- પુણ્યના પરિણામ તે સુખરૂપ છે... સમજાણું કાંઈ? આત્મા એમ માને કે આ પુણ્યભાવ થાય તે મને સુખરૂપ છે. અને પુણ્યના ફળ તરીકે બંધન એ મને ઠીક છે. અને એના ફળ તરીકે સંયોગ મળે એ મને ઠીક મળે છે. એવો જે મિથ્યાત્વભાવ, એ મિથ્યાત્વભાવ સ્વયં પરિણમે છે. '**સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ;...**' જો તું પોતે પરિણમતો ન હો મિથ્યાત્વભાવે તો પર વડે તે પરિણમાવી શકાય નહિ.

'**કારણ કે (વસ્તુમાં) જે શક્તિ સ્વતઃ ન હોય...**' જીવમાં જ તાકાત વિકારની મિથ્યા ભ્રમપણે પરિણમવાની તે સમયની લાયકાતની તાકાત ન હોય '**તો તેને અન્ય કોઈ કરી શકે નહિ. અને સ્વયં પરિણમતાને...**' જુઓ! પોતે જ મિથ્યા ભ્રમપણે પરિણમે છે. મિથ્યાત્વપણે (અર્થાત્) પુણ્ય તે સુખરૂપ છે, પાપમાં મજા છે, પુણ્ય-પાપના રાગ તે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મારી ચીજ છે એવો મિથ્યાત્વભાવપણે જો તું પરિણમતો હો તો '**સ્વયં પરિણમતાને તો પર પરિણમાવનારની અપેક્ષા ન હોય;...**' તે પોતાની શક્તિથી તે વિકારરૂપે મિથ્યા ભ્રાંતિરૂપે થતો હોય તો તે ભ્રમને પરિણમવાનાર બીજાની જરૂર નથી.

'**કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી.**' જે પોતે જ ભ્રમપણે મિથ્યાત્વપણે થાય છે એના પરિણમવાને માટે બીજા તત્ત્વની અપેક્ષા એને હોતી નથી. કહો, બરાબર છે આ? '**(આ રીતે બન્ને પક્ષ અસત્ય છે.)**' અહીં સુધી કાલે આવ્યું હતું. બંને પક્ષ સમજ્યા? ભગવાન આત્મા આનંદસ્વરૂપ પ્રભુ આત્મા છે. અતીન્દ્રિય આનંદનો કંદ છે એ. એ એમ માને કે મને પુણ્યના ભાવ થાય તે મને સુખરૂપ છે. પાપના ભાવ છે એ મને દુઃખરૂપ છે. આ બધી ચીજો કોઈ અનુકૂળ (મળે) એ મને ઠીક પડે. એવી મિથ્યાત્વની ભ્રમણા, મિથ્યાત્વભાવ, મિથ્યાદર્શન શલ્ય એવા મિથ્યાત્વપણે તું પરિણમતો હો તો બીજા પરિણમાવનારની તને જરૂર નથી. અને મિથ્યાત્વપણે તું ન પરિણમતો હો તો બીજો પરિણમાવે, બીજો એને શક્તિ આપે એવું હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

'**તેથી જીવ પરિણમનસ્વભાવવાળો સ્વયમેવ હો.**' માટે આત્મા એ મિથ્યાત્વપણે થવાને માટે સ્વયમેવ શક્તિ પર્યાયમાં રાખે છે. આ પર્યાયની વાત ચાલે છે. ઓલી (ગુણની) નથી. આહાહા..! વીતરાગ માર્ગ શું છે એ લોકોને બિચારાને સાંભળવા મળતો નથી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પ્રત્યક્ષ જણાણા. એવા ભગવાનની વાણીમાં તો એમ આવ્યું, ભાઈ! અનાદિથી તેં આત્માને જાણ્યો નથી, પ્રભુ! તારો ચૈતન્ય આનંદ જ્ઞાનની જ્યોત સ્વરૂપ છે. ચૈતન્યસૂર્ય એ તો ચૈતન્યનો પ્રકાશબિંબ છે. એને તેં જાણ્યો નથી. અંતર્મુખ થયો નથી. અંતર્મુખની નિધિને જોવા માટે કોઈ દિ' અનંત કાળમાં ત્યાગી બહારનો થયો પણ અંતર જોવા નવરો થયો નહિ. ત્યારે નવરો ન થયો એનું કારણ કોણ?

મુમુક્ષુ :- કર્મનો ઉદય છે.

ઉત્તર :- ઉદય છે? અમરચંદભાઈ! એવું તો બહુ સાંભળ્યું છે તમે પહેલા. બધાય એમ કહે. જુઓને! આમાં પણ એ જ આવ્યું. વંચાવ્યુંને ભાઈને.

લોકો તો રાડ નાખે છે. કર્મ વિના વિકાર થાય? કર્મના વિના વિકાર થાય? ત્યાં તો રાડે રાડ પડે પોકાર. અરે..! સાંભળ ભગવાન, સાંભળ ભાઈ! તને ખબર નથી, પ્રભુ! કર્મ તો માટી છે, બાપુ! જેમ આ શરીર છે ને માટી? એવી કર્મની ઝીણી રજકણો તો ધૂળ અજીવ મૂર્ત માટી છે. એ માટી તને વિકાર કરાવે પરદ્રવ્ય, એમ ન હોય, ભાઈ! તને તારી ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીંથી તો એ વાત બહાર આવી છે કે કર્મ જીવને વિકાર કરાવે નહિ. કેમ કે પરદ્રવ્યને આત્મામાં વિકાર કરાવવાની તાકાત પરદ્રવ્ય રાખતું નથી. અને પોતે પરદ્રવ્યથી વિકારરૂપે થાય એવી યોગ્યતા પોતે રાખતું નથી. આહાહા..! પણ આ લોકોને એમ થઈ ગયું. આપણે તો ઘણું કરવું છે પણ અંદર કર્મ નડે. મૂઢ છો? અહીં વીતરાગ કહે છે, તને ભાન નથી. તારી ભૂલની પણ તને ખબર નથી. ભૂલ વિનાનો ભગવાન આત્મા એની તો તને ખબર નથી. પણ તને એ ભૂલ થાય છે કેમ એની તને ખબર નથી.

કહે છે, પોતે જ આત્મા સ્વયં પરિણમન સ્વભાવવાળો સ્વયમેવ છે. વિકારપણે, મિથ્યાત્વપણે નિગોદનો જીવ પણ હોં! એક શરીરમાં અનંતા જીવ બટાટા, શક્કરકંદમાં એક શરીરમાં અનંતા. એ દરેક જીવ વિકારપણે મિથ્યાત્વપણે પરિણમે છે, થાય છે તે સ્વયમેવ થાય છે. કર્મને લઈને નહિ. આહાહા..! માથે આવી ગયું ને પરિણમાવનારની અપેક્ષા ન હોય. લોકોને માથે ઘા વાગી જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ શલ્ય મોટું.

ઉત્તર :- અનાદિનું શલ્ય છે ઈ. અનાદિ પોતે પોતાનું સામર્થ્ય અંતર પૂર્ણ છે એને તો જાણ્યું નથી. પણ પર્યાયના ભ્રમણાપણે પરિણમવાનું સામર્થ્ય કેવું એની પણ એને ખબર નથી.

દ્રવ્ય સામર્થ્ય. દ્રવ્ય સામર્થ્ય જે જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય બ્રહ્મ આનંદકંદ સિદ્ધ સમાન આત્મા. જે સિદ્ધો અનંત થયા, કેવળી થયા, એ બધી વીતરાગ સમદર્શીની દશાઓ આત્મામાંથી આવી છે. કાંઈ બહારથી આવી નથી. તો એવો જે ભગવાન આત્મા, ભગવાન સર્વજ્ઞે એવા અનંતા આત્મા જોયા છે. એવો આત્મા અંદર દ્રવ્ય સ્વરૂપે, વસ્તુ સ્વરૂપે, સ્વભાવ સ્વરૂપે શું છે એની તો એને અનંત કાળમાં ખબર પડી નથી. સમજાણું કાંઈ? પણ એ વસ્તુ સ્વરૂપનો અજાણપણાનો વિકારદશા કોનાથી થાય છે એની એને ખબર નથી. પર્યાયના વિકારની વિકૃત દશા કેમ છે એની એને ખબર નથી. વસ્તુની તો ખબર નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ખબર શેની છે?

ઉત્તર :- ખબર છે આ ઊંધો પરિણમું છું એમ માને છે એની.

મુમુક્ષુ :- ઊંધાને સાચું માને છે.

ઉત્તર :- એ સાચું માને છે કે મને કર્મ પરિણમાવે છે હોં! મારે કાંઈ દોષ કરવા છે ભાઈ? અને કોઈને કાંઈ દોષ કરવા હોય બાપા? એ તો કર્મનું જોર આવે તો દોષ થાય. આ એવું ઊંધું સમજ્યો છે મૂઢ.

મુમુક્ષુ :- સમજાવનાર એવા..

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- સમજાવનાર પણ સમજ્યો એ ને? સમજાવનારનો શું વાંક? એ પરમ દિ' કહ્યું હતું જરી. જણનારીમાં જોર નહિ, સુયાણી શું કરે ત્યાં? એ કહ્યું હતું. દાખલો આપ્યો હતો. બે (વાર) કહ્યો હતો. કાલે કહ્યો હતો. પંડિતજી હતા ને. હવે ગયા. એ ભાષા ન સમજી શકે આપણી ગુજરાતી ખરી ને. સુયાણી શું એ (ન સમજે).

એમ જેની વર્તમાન દશામાં ઊંધાઈની તાકાત નથી એ બીજો એને ઊંધાઈ કરાવી દે (એમ) ત્રણ કાળમાં બને નહિ. એ માટે તો આ પ્રશ્ન છે. એમ સવળાઈની તાકાત જેને પોતામાં નથી અને બીજો કોઈ સવળાઈ કરાવી દે ધર્મ (એમ ત્રણ કાળમાં નથી). સમજાય છે કાંઈ? ભગવાન અતીન્દ્રિય આનંદની ચૈતન્ય જ્યોત બિરાજે છે અંદર પૂર્ણ સ્વરૂપ શક્તિ તત્ત્વ. જેમ ઠંડી શિલા બરફની પાંચ મણની હોય, એને ચારે બાજુ જુઓ તો ઠંડીની શીતળતા ભરી હોય. એમ આ ભગવાન શરીર પ્રમાણે અરૂપી શીતળ દળ શિલા છે. આ તો માટી છે. આઠ કર્મ રજકણ જડ છે, ધૂળ છે. પુણ્ય-પાપના વિકલ્પો ઉઠે છે રાગ, એ તો આસ્રવતત્ત્વ છે. એ કાંઈ આત્મતત્ત્વ નથી. આત્મા જે આખો ચૈતન્યબિંબ અરૂપી વિજ્ઞાનઘન, આનંદકંદ. જ્યાં જુઓ ત્યાં વીતરાગતા અને શાંત .. એના આત્મામાં પૂર્ણ પડ્યો છે. આહાહા..! પણ એને સાંભળવા મળ્યું નથી. અને સાંભળવા મળ્યું હોય તો એણે નજરુંને અંદર કરી નથી. અંદરના નિધાન ભગવાન સર્વજ્ઞ કહે છે કે એ નિધાનને જોવા એ નવરો થયો નથી. ધૂળને જોવી હોય બહારની પાંચ-પચ્ચીસ લાખ, કરોડ, બે કરોડ મળ્યા હોય ધૂળ માટી, જે મમતામાં નિમિત્ત છે, દુઃખમાં નિમિત્ત છે (એને જોવા નવરો છે). એમ હશે એમાં? એય..! વજુભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય કાંઈ નથી. ૫૦-૫૦ કરોડ ને ૧૦ કરોડ અને હોળી કરોડ એ બધા જડ તત્ત્વ છે. માટીનું તત્ત્વ પુદ્ગલ છે. એ મમતા કરવામાં નિમિત્ત થાય છે. દુઃખમાં નિમિત્ત થાય છે. એ દુઃખના પરિણામ કરનારો જીવ સ્વતંત્ર છે એમ કહે છે. લક્ષ્મીને લઈને નહિ. કર્મને લઈને નહિ. આહાહા..!

ભાઈ! તને તારા સુખ આનંદસ્વરૂપની તને ખબર નથી. આનંદસ્વરૂપ પરમાત્મા જે સિદ્ધ ભગવાન છે તેવો જ મારો સ્વભાવ છે એવી તને ખબર નથી. એને લઈને તું બહાર ઝાંવા નાખે છે આમ. નિગોદથી માંડીને હોં, એકેન્દ્રિયથી માંડીને. પુણ્ય અને પાપના વિકારપણે થઈને, તે મારું કર્તવ્ય છે એમ ન માનતા એ કર્મને લઈને થાય.. કર્મને લઈને થાય... પરને લઈને થાય એમ માનીને પરની દૃષ્ટિ પરાશ્રય દૃષ્ટિ છોડતો નથી. સમજાણું કાંઈ?

કહે છે, જ્યારે આત્મા જ પોતાના સ્વરૂપને ભૂલી અને એ શુભ અને અશુભ રાગ જે વિકાર છે પુણ્ય અને પાપ બેય. શુભરાગ દયા, દાન, વ્રત, પરિણામ તે શુભરાગ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ એ અશુભરાગ છે. બેય રાગના વૃત્તિઓના ઉત્થાનપણે પરિણમવાની પોતાની લાયકાતને લઈને અજ્ઞાની અનાદિથી થાય છે. કર્મને લઈને નહિ. '**તેથી જીવ પરિણમનસ્વભાવવાળો સ્વયમેવ હો.**' સ્વયમેવ હો. એ વિકારની ક્રિયા તારી સ્વયમેવ તારાથી થાય છે. દેહની નહિ, દેહને લઈને નહિ, દેહમાં નહિ. તારામાં (થાય છે). આહાહા..!

તારું હોવાપણું જે આનંદસ્વરૂપ જ્ઞાયકમૂર્તિ ચૈતન્યસૂર્ય છે તેની વર્તમાન દશામાં તારા હોવામાં અજ્ઞાનપણે સ્વરૂપના ભાન વિના એ પુણ્ય અને પાપરૂપે પરિણમે છે એ સ્વયમેવ થાય છે. એમાં કર્મની અપેક્ષા નથી. આ વાંધો આવ્યો. બધે પત્રમાં જ્યાં હોય ત્યાં લખાઈને આવે. એય..! કર્મથી વિકાર થાય એમ માનતા નથી. એય..! ધીરૂભાઈ! જુઓ! આજે આવ્યું હતું. અહીંનું નથી એ સન્મતિ સંદેશ છે. દિલ્હીનું છે ને ભાઈ? ક્યાંનું છે? દિલ્હીમાં એક સન્મતિ સંદેશ છે. સાડા સાત હજાર પત્રો છપાય છે. પોતે એકલો છે હોં. સમજાણું?

'સન્મતિ સંદેશને એક અંક મેં લિખા હૈ કિ..' અહીં આવી ગયેલ છે ને પંડિત એક. .. સાડા છ સાત હજાર સન્મતિ સંદેશ પુસ્તક .. 'આત્મા મેં વિકાર સ્વયં હોતા હૈ, કર્મો કે નિમિત્ત સે વિકાર નહીં હોતા.' એમ લખ્યું છે. વાત સાચી છે. ત્યાં ચાલે છે એ વાત આજે આવી જૈન ગેઝેટમાં. 'આત્મામેં વિકાર સ્વયં હોતા હૈ' એમ સન્મતિ સંદેશના પત્રમાં આમ લખે છે. 'કર્મોંકિ નિમિત્ત સે વિકાર નહીં હોતા. યહ લેખ જિનવાણી મેં કુંદકુંદાચાર્યકી વાણીસે કિતના વિરૂદ્ધ હૈ?' આ જો તો ખરો. તને કાંઈ ખબર ન મળે. 'કર્મ સિદ્ધાંતસે કિતના વિપરીત હૈ?' ઠીક! આ કુંદકુંદાચાર્ય અહીં કહે છે કે મિથ્યાત્વપણે પરિણમે છો, વિકારપણે પરિણમે છો તો તને બીજાના પરિણમાવનારની અપેક્ષાની જરૂર નથી. એય..! આ લખ્યું જુઓ! આ તમારા જેવા બધા પંડિતો લખે છે સામે સામે. એવા એટલે પંડિતની અપેક્ષાએ એવા.

પછી બે બોલ લીધા. એક તો જિનવાણીનું આ જિનવાણીનો .. કે વિકારના પરિણામ કર્મની અપેક્ષા વિના તારાથી સ્વયં થાય છે. તેનો તું ઊંધો પુરુષાર્થ કરનારો ભ્રમણા કરીને રાગ અને દ્વેષ મારા એમ માનીને મિથ્યાત્વરૂપે પરિણમો છો. આ કહે છે કે જિનવાણીમેં કુંદકુંદાચાર્યકી વાણીમેં કિતના વિરૂદ્ધ હૈ? એક વાત. કર્મસિદ્ધાંતસે કિતના વિપરીત હૈ? એમ કે કર્મ સિદ્ધાંતમાં એમ લખ્યું છે કે મોહ કર્મને લઈને વિકાર થાય. એમ લખ્યું નથી. એ તો ઉપચાર કથન. તું કર ત્યારે એને નિમિત્ત કથન કહેવાય છે. બે વાત. આહાહા..!

યહ બાત સાધારણ શાસ્ત્ર સ્વાધ્યાયી ... ભી જાનતે હૈં. ઠીક! .. કર્મને લઈને વિકાર થાય અને જિનવાણી કર્મને લઈને વિકાર થાય એમ.. સાધારણ શાસ્ત્રોના સ્વાધ્યાયવાળા જાણે છે. ઠીક! 'ઐસે ઉટપટાંગ લેખો દ્વારા જનતામેં ભ્રમ ફૈલાના ઔર શબ્દાંતરમેં મિથ્યાત્વ ફૈલાના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિદ્વાનોંકા કાર્ય નહીં હૈ. આશા હૈ કિ મહાનુભાવો કો ઈસમેં સંતોષ હોગા.' લ્યો ઠીક! રાડ નાખે છે. ટેવ પડી ગઈ આમ. ઊંટને ગાંગરવાની ટેવ પડી ગઈ. માલ નાખે તો તો ગાંગરે. પણ ખાલી અમથું પલાંગ નાખે ને ત્યાં ગાંગરવા માંડે. લોકો કહે છે ને ઊંટને ગાંગરે પલાંગ. એમ અજ્ઞાની અનાદિથી, નહિ, વિકાર થાય તે કર્મથી થાય... વિકાર થાય તે કર્મથી થાય.. એમ ગાંગર્યા જ કરે છે ઊંટની પેઠે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે, બાપુ! ભગવાને એમ કહ્યું નથી. કર્મને વિકાર થાય એવું દ્રવ્ય સ્વભાવમાં નથી અને શાસ્ત્રના આગમમાં, આ આગમ છે એમાં પણ એમ લખ્યું નથી. અને ભગવાને જ્ઞાનમાં જાણ્યું નથી. ભગવાન ત્રણ કાળનું જ્ઞાન કરનાર જાણે છે કે એનો વિકાર અજ્ઞાની પોતાની પર્યાયમાં સ્વતંત્ર કરે છે. એને કર્મની અપેક્ષાથી કરે છે એમ જાણ્યું નથી. એમ ભગવાને જાણ્યું, એની વાણીમાં આવ્યું અને એની સ્થિતિમાં એમ છે. ત્રણ છે. આહાહા..! ભારે વાત! જૈનમાં તો આ લાકડું ભારે ઊંધું ગરી ગયું છે, જુઓને. મોટા ત્યાગી નામ ધરાવે. નહિ. કર્મને લઈને વિકાર થાય, મોહને લઈને આમ થાય. જ્ઞાનાવરણી કર્મને લઈને જ્ઞાનની હીણી દશા આત્મામાં થાય. કહે છે કે તારી યોગ્યતા હીણી નથી અને તને એ કરી શકે? અને તારી હીણી યોગ્યતા હોય તો બીજા હીણા કરાવનારની તને જરૂર નથી. કહો, સમજાણું આમાં?

'**એમ હોતાં (હોવાથી),...**' હવે સિદ્ધાંત સિદ્ધ .... '**જેમ ગરુડના ધ્યાનરૂપે પરિણમેલો...**' ઓલો માટીનો દાખલો ભાઈ આપ્યો હતો. ઘડાનો. એનો દાખલો આપ્યો હતો. અહીં ગરુડનું ધ્યાન આપ્યું. ગરુડનો ધ્યાનનો દાખલો આપ્યો. '**ગરુડના ધ્યાનરૂપે પરિણમેલો...**' એક અજ્ઞાની ગરુડનો વિચાર કરે છે. ત્યાં જાણે હું ગરુડ થઈ ગયો એમ માને અંદર. '**પરિણમેલો મંત્રસાધક પોતે ગરુડ છે...**' એ વખતે તો ગરુડ છે એમ જ થઈ જાય એને. જ્ઞાનમાં એકાકાર થઈ ગયો ગરુડનો વિચાર કરતા કરતા. '**જેમ ગરુડના ધ્યાનરૂપે પરિણમેલો મંત્રસાધક પોતે ગરુડ છે તેમ,...**' ધ્યાન રાખો હવે. '**અજ્ઞાનસ્વભાવવાળા ક્રોધાદિરૂપે...**' જુઓ! આમાં જરી.. એ પુણ્ય અને પાપ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના, એમ નથી કહેવું. પુણ્ય અને પાપ પોતે અજ્ઞાનસ્વભાવ છે એમ કહેવું છે. એમ કહેવું છે.

પુણ્ય અને પાપ એ વિકારી પરિણામ એમાં અજ્ઞાનભાવ છે. આત્મભાવ નથી. શું કહે છે? અજ્ઞાની એમ નથી અહીં ભાઈ એમાં. અહીં તો અજ્ઞાન સિદ્ધ કરે છે. ભગવાન આત્મા તો જ્ઞાનમૂર્તિ ચૈતન્યસ્વરૂપ છે. એમાં જે આ પુણ્ય-પાપ ને વિકલ્પ જે શુભ-અશુભ રાગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


(થાય) તે અજ્ઞાન સ્વભાવ છે. આત્માના જ્ઞાનનો પ્રકાશનો તેજનો નૂરનો એમાં અભાવ છે. સમજાણું કાંઈ? જેમ ગરુડનું ધ્યાન કરનાર આમ ગરુડ રૂપે સ્વીકારે છે અને ગરુડ છે એમ સિદ્ધ કરવું છે હોં!

જેમ માટીમય ઘડાનું કાર્ય એ માટી જ છે. માટીમય ઘડાનું કાર્ય એ કુંભાર નથી. માટીમય ઘડારૂપી કર્મ નામ દશા તે માટી જ છે. એમ ધર્મીનું જ્ઞાનરૂપી કર્મ તે આત્મા જ છે. અને અજ્ઞાનીનું? ગરુડનો જેમ વિચાર કરતા અંદર એકાકાર થાય છે. ભેંસાનો દાખલો આપ્યો હતો ને. ભેંસનો દાખલો આપ્યો હતો. ભેંસ મોટી આવડી મોટી. એ ગરુડનો વિચાર કરનારો પર્યાયમાં જાણે ગરુડ જ હોય એમ ગરુડ છે. તેમ ભગવાન આત્મા પોતાનો આનંદ અને જ્ઞાનસ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ, તેને તે રૂપે સ્વભાવના પરિણમનને ભૂલી જઈને **'અજ્ઞાનસ્વભાવવાળા...'** તે પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ બે અજ્ઞાનભાવ છે.

અજ્ઞાનનો અર્થ મિથ્યાત્વભાવ એમ નહિ. પણ એ પુણ્ય અને પાપ, શુભ અને અશુભરાગ એ જડસ્વરૂપ છે. અજ્ઞાન એટલે? ચૈતન્યસૂર્ય પ્રભુ છે, ચૈતન્યનો સૂર્ય ભગવાન છે એના ચૈતન્યનો કણ જે, સૂર્યનો કણ સૂર્યના પ્રકાશમય હોય. સૂર્યનો કોઈ અંશ પણ અંધારારૂપ ન હોય અને અંધારાનો કોઈ અંશ પ્રકાશરૂપે ન હોય. એમ ભગવાન આત્મા ચૈતન્યજ્યોત જ્ઞાનની મૂર્તિ, જ્ઞાન સમરસ ચૈતન્યમૂર્તિ, એનો કોઈ અંશ, કોઈ અંશ જ્ઞાનરૂપે જ હોય. એનો અંશ રાગ અને પુણ્યરૂપે ન હોય. એ રાગ અને પુણ્ય એ અંધકાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં તો આસ્રવભાવને અજ્ઞાનસ્વભાવ કીધો છે. અજ્ઞાન એટલે એ અજ્ઞાન એમ કે અજ્ઞાન એટલે આસ્રવભાવ મિથ્યાત્વ છે એમ નહિ. પણ આસ્રવ, પુણ્ય, પાપ, દયા, દાન, વ્રતના પરિણામ એ શુભ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, કામ, ક્રોધ પાપ છે. બેય ભાવ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે એમાં ચૈતન્યના પ્રકાશના નૂરનો અભાવ છે. જેમ આ શરીરમાં જ્ઞાન નથી. આ શરીરમાં જ્ઞાન છે? આ તો માટી છે. વાણી જડ માટી ધૂળ છે આ તો. આનામાં કોઈ જ્ઞાનનો અંશ છે? ભગવાન આત્મા તો ભિન્ન છે. આમાં જેમ જ્ઞાનનો અંશ નથી એમ શુભ અને અશુભ રાગમાં ચૈતન્યના જ્ઞાનનો અંશ નથી. એય..! ન્યાલભાઈ!

મુમુક્ષુ :- પરમ સત્ય.

ઉત્તર :- શું પરમ સત્ય? પણ ઓલા ૩૦ વર્ષ રળવામાં કાઢો એનું શું કરવું?

મુમુક્ષુ :- એ ભૂલી ગયા.

ઉત્તર :- ભૂલી ગયા પણ આપણે યાદ કરાવ્યા. એ કહ્યું છે ત્યાં પહેલા આવી ગયું છે ૧૧૩, ૧૪, ૧૫માં.

ભાઈ! શાંત થા, ધીરો થા પ્રભુ! તારા ચૈતન્યજ્યોતથી જેટલો વિકાર પુણ્ય અને પાપ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શુભ અને અશુભ રાગ થાય અને જે કર્મ જડ અને શરીર એ ત્રણેમાં જડપણામાં ફેર નથી. ભાઈ તને ખબર નથી. આહાહા..! એ આવ્યું હતું. ૧૧૩, ૧૪, ૧૫. જુઓ! ૧૩, ૧૪, ૧૫. '**કારણ કે તેમના જડસ્વભાવપણામાં તફાવત નથી...**' આમાં ૨૦૦ પાને છે. જડ સ્વભાવ અન્ય છે, પુણ્ય-પાપના વિકલ્પો... અહીં ક્રોધ કેમ કીધો છે? ૨૦૦ પાને, ભાઈ! ૧૩, ૧૪, ૧૫ છેલ્લું. જુઓ.

'**ઉપયોગાત્મક જીવ અન્ય જ છે અને જડસ્વભાવ ક્રોધ અન્ય જ છે,...**' એ ક્રોધનો વિકલ્પ જે ઉઠ્યો છે અક્ષમાનો એ જડ છે. ચૈતન્યના પ્રકાશના કિરણો એમાં નથી. એ તો અંધકાર છે. એ '**ક્રોધ અન્ય જ છે, તેમ જેમ ઉપયોગાત્મક જીવથી જડસ્વભાવ ક્રોધ અન્ય છે તેમ પ્રત્યય,...**' મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ અને યોગ અને '**નોકર્મ,...**' આ શરીર અને વાણી અને આઠ કર્મ. '**પણ અન્ય જ છે...**' જડ જ છે. '**કારણ કે તેમના જડસ્વભાવપણામાં તફાવત નથી...**' આહાહા..! એય..! નવરંગભાઈ! રાડ નાખી જાય એવું છે ને.

કહે છે કે જેવું આ શરીર છે માટી એવા જ પુણ્ય અને પાપના ભાવ તે જ્ઞાનના પ્રકાશનો અભાવ છે એમાં. માટે એમાં અને શરીરના જડપણામાં કાંઈ ફેર નથી. અમરચંદભાઈ! ભારે વાત! આહાહા..! ભાઈ! તું ચૈતન્યપ્રકાશની મૂર્તિ છો, ભાઈ! સમજાય છે? આમ શરીર પ્રમાણે અણઘડેલી ચૈતન્યમૂર્તિ છે. આ નહિ બાપુ! આ તું નહિ. આ વાણી નહિ, આઠ કર્મની ધૂળ એ તું નહિ. પણ આ પુણ્ય-પાપના ભાવ એ તું નહિ, તારામાં નહિ. આહાહા..! એવો આત્મા એને અંતરની દૃષ્ટિ અનુભવ કરે અને જાણે તો એને સમ્યગ્દર્શન કહે છે. ત્યારે એને ધર્મની પહેલી શરૂઆત થાય છે. એય..! ન્યાલભાઈ! આહાહા..!

કહે છે, '**અજ્ઞાનસ્વભાવવાળા...**' ચૈતન્ય શુદ્ધ ચૈતન્ય ભગવાન એની અંતર સમ્યક્દૃષ્ટિ અનુભવની જ્ઞાન અને શાંતિ એ તો જ્ઞાનસ્વભાવવાળા છે. ચૈતન્યના પ્રકાશનો અંશ શક્તિમાંથી પ્રગટ થયો છે. ત્યારે તેને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર એવી વીતરાગદશા, એ આત્માના અંતરમાંથી પ્રગટ થઈ તે આત્મસ્વભાવ, જ્ઞાનસ્વભાવ છે. આ વિકલ્પો જેટલા ઉઠે પુણ્ય અને પાપ એ તો અજ્ઞાન સ્વભાવવાળા છે. આહાહા..! શુભ-અશુભ રાગ એ તો અજ્ઞાનસ્વભાવવાળા ક્રોધ (છે). ક્રોધ કેમ લીધો છે? કીધું હતું ને? ભગવાન આત્મા શુદ્ધ શાંત અને જ્ઞાનનો રસ છે એની અરુચિ કરીને ઉત્પન્ન થયેલો રાગ તેને આત્માની દુશ્મનનો ક્રોધ કહે છે. સમજાણું કાંઈ?

(દ્વેષ) અરોચક ભાવ. ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પ રાગ શુભાશુભ, કર્મ, શરીરથી ભિન્ન છે. એવા ચૈતન્ય વીતરાગી આત્મા આનંદસ્વરૂપ છે એની જેને રુચિ નથી, એને વિકારનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રેમ છે. પુણ્ય પરિણામનો પ્રેમ છે. એને આત્મા પ્રત્યે દુશ્મનાઈ, ક્રોધી છે એમ કહે છે. આત્મા પ્રત્યે તને ક્રોધ વર્તે છે. સમજાણું કાંઈ? એટલે કહે છે કે ભાઈ! જેમ ગરુડનો વિચાર કરનાર જેમ ગરુડની પર્યાયમાં પરિણમી ગયો જાણે હું ગરુડ છું. અહીં તો ગરુડ છે એમ માને પર્યાયમાં.

'**તેમ, અજ્ઞાનસ્વભાવવાળા ક્રોધાદિરૂપે...**' અજ્ઞાન સ્વભાવવાળા. શુભરાગ, અશુભરાગ, પુણ્ય-પાપના ભાવ એ અજ્ઞાનસ્વભાવવાળા '**ક્રોધાદિરૂપે જેનો ઉપયોગ પરિણમ્યો છે...**' એના જ્ઞાનના વેપારમાં એ અશુદ્ધ પરિણમન પુણ્ય-પાપનો વેપાર થયો છે એ એની પર્યાયમાં એકાકાર થઈ ગયો છે. '**એવો જીવ જ પોતે ક્રોધાદિ છે.**' જેમ ઓલો ગરુડનું ધ્યાન કરનાર ગરુડ છે. એમ આત્મા વિકારના પુણ્યના, વિકલ્પના શુભરાગમાં એકાકાર થઈ ગયો એ ક્રોધ પોતે અથવા રાગ અજ્ઞાન સ્વભાવ છે. એમાં પરિણમનારો જીવ જ પોતે ક્રોધ છે. એનો પરિણમનાર જીવ જ પોતે રાગ છે. એના પણે પરિણમનારો શુભરાગપણે શુભરાગી જીવ છે. રાગી છે. આહાહા..! સમજાણું કાંઈ? સમજાણું કે નહિ? શું કીધું?

ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવના સામર્થ્યને ભૂલી અને જે કાંઈ શુભઅશુભરાગપણે થાય છે એ અજ્ઞાનસ્વભાવ (છે). એમાં જ્ઞાનસ્વભાવ નથી, શાંત નથી, જ્ઞાનના કિરણ નથી, સમ સ્વરૂપનો અંશ નથી. એવા જે પુણ્ય-પાપના ભાવ જે અજ્ઞાનસ્વભાવ છે એ પણે પરિણમતો, તે કાળે તે રાગરૂપ થતો તે રાગી જ છે આત્મા. એ આત્મા જ રાગ છે. આત્મા જ માન છે. માનપણે પરિણમ્યો વસ્તુના ભાન વિના, ચૈતન્યની ઓળખાણ વિના, એ માનપણે પરિણમેલો તે માન જ છે. કપટપણે પરિણમેલો તે કપટી જ છે. લોભપણે પરિણમ્યો તે લોભી જ છે. આત્મા નહિ. સમજાણું કાંઈ? માથુ ફરી જાય. શું હશે આ? એણે એના ઘરની વાતું કોઈ દિ' સાંભળી નથી. પરમેશ્વર ત્રિલોકનાથ પરમેશ્વર આત્મા જેને કહે છે, એ આત્મા એણે જાણવાનો કોઈ દિ' પ્રયત્ન કર્યો નથી. આ ઊંધે સલવાઈને અનાદિથી માન્યું છે હું કાંઈક કરું છું. ધર્મ કરું છું એમ માને. એમ હશે રતિભાઈ? જીવ જ પોતે રાગ છે, એમ કહે છે. શું કીધું?

'**જીવ જ પોતે ક્રોધાદિ છે.**' એમ લઈ લીધું પહેલું. જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એના ભાન વિના. એ છે ને ઉપયોગ છે ને.. શબ્દ વાપર્યો. રાગના બે પ્રકાર-માયા અને લોભ, દ્વેષના બે પ્રકાર-ક્રોધ અને માન. એ ભગવાન આત્મા વીતરાગી સ્વરૂપ જ પોતાનું છે અનાદિ. એની અંતર્મુખ દૃષ્ટિ થઈ નથી અને અંતરની ચીજ શું છે તે જાણતો નથી. તેથી એનું જ્ઞાન એને રાગમાં પરિણમીને રાગરૂપે જ જીવ છે એમ માને છે. આહાહા..! શરીરરૂપે થતો નથી હોં! એ માને. શરીરરૂપે થતો નથી. શરીરરૂપે છું એમ માને તો શરીરરૂપે થતો નથી એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહેવું છે અહીં ભાઈ! પણ શરીરરૂપે છું એવો મિથ્યાત્વભાવ તે રૂપે થાય છે. એમ કહે છે. આહાહા..! શરીર મારું, લક્ષ્મી મારી એમ માને તેથી શરીર અને લક્ષ્મીરૂપ થતો નથી. પણ એ મારા, હું એનો એવો જે મિથ્યાત્વભાવ, મિથ્યાત્વભાવપણે થાય છે. માટે મિથ્યાદૃષ્ટિ તે જીવ જ છે. મિથ્યાત્વ તે જીવ જ છે, મિથ્યાત્વ તે જીવ જ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શરીરરૂપે તો થાય છે.

ઉત્તર :- શરીરરૂપે આ ધૂળ છે એ રૂપે થાતું હશે? આ તો માટી છે. આ તો હાડકા, જડ પુદ્‌ગલ જગતના છે. ક્યાંક રજકણ ક્યાંક પડ્યા હતા એ અહીં ખડકાણા છે. ગરવામાં હતા તે અહીં આવ્યા છે. ગરવું સમજો છો? બર્તન. રોટલી મૂકવાનું વાસણ હોય છે ને? વાસણ. અમારે કાઠિયાવાડમાં ગરવું કહે છે. અંદર રોટલી ગરે ને? થોડી રહે ને લાંબી જાજીવાર. એમ આ ધૂળ આવી છે આ રજકણ કો'કની ક્યાંકની. ઓલો ભગવાન તો અરૂપી જ્ઞાનઘન ભિન્ન છે. આ એને ક્યાં આવ્યું છે અને એનું હતું કે દિ' એનું? અને એને કારણે આ રહે છે પણ ક્યાં? એ તો એની સ્થિતિએ રહે છે અને એની સ્થિતિ બદલી તો ફડાક ખલાસ થઈ ગયો. સમજાણું કાંઈ? એની સારસંભાળ કરીને રહે. ડોક્ટરો-બોક્ટરો આપી દેતા હશે? નવરંગભાઈ! ત્યાં પણ ઓલું દીધું હતું ડૂબી ગયા. અહીંના .. નહિ? સારું કર્યું હતું શું કહેવાય એ? કાકડાનું. હવે સૂતા છે નિરાંતે. જોવે ત્યારે કાંઈ ન મળે. સ્થિતિ પૂરી થઈ ગઈ એની. કોણ કરે?

અહીં કહે છે કે ભાઈ! શરીરને તું માન તો પણ શરીરરૂપે તો થતો નથી હોં! ધ્યાન રાખજે. પણ આ રાગરૂપે હું છું, પુણ્ય મેં કર્યા, પુણ્યભાવ મેં કર્યા, શુભભાવ મેં કર્યો, દયાના ભાવને મેં કર્યા... સમજાય છે? આ દાનના ભાવને મેં કર્યા એ શુભરાગ છે. એ શુભરાગે તું એકાકાર થઈને થઈ જા તો તું શુભરાગ જ છો. આત્મા નથી. એય..! તું આત્મા નહિ. એમ પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર સો ઈન્દ્રની સમવસરણમાં ઉપસ્થિતિમાં ફરમાવતા હતા. સો ઈન્દ્ર અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર અને અર્ધલોકના સ્વામી ઈશાનઈન્દ્ર. ૩૨ લાખ વિમાન ૨૮ લાખ વિમાનો છે મોટા. આભના થોભ જેવા, મોટું આયુષ્ય બબ્બે સાગરનું. સમવસરણમાં સાંભળવા ગયા, ભગવાન આમ ફરમાવતા હતા.

અરે..! આત્માઓ! જેને અંતર ચીજનું સ્વરૂપ શુદ્ધ આનંદકંદની જેને ઓળખાણ નથી, અનુભવ નથી, પ્રતીત નથી એ જીવો ત્યાં ત્યાં તે તે સ્થાનમાં, તે તે ક્ષેત્રમાં, તે તે સંયોગમાં તે તે પ્રકારનો શુભ અને અશુભ રાગ કરી અને તેમાં એકાકાર થાય છે, એને અમે રાગ કહીએ છીએ. એ રાગ તે જીવ છે. આત્મા તે જીવ છે એમ તેને રહેતું નથી. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમજાણું કાંઈ? એને વિષયની વાસનાપણે એકાકાર થઈ ગયો છે. ભોગની વાસના. લ્યોને એ વાસના છે ને? પાપ. એકાકાર (થઈ ગયો). ચૈતન્યબિંબ ભિન્ન છે એની શ્રદ્ધાનું ભાન નથી. એટલે વાસનામાં એકાકાર થઈને, ગરુડનું ધ્યાન કરતાં ગરુડ થાય, એમ વાસનાનું ધ્યાન કરતા વાસનારૂપ એ જીવ જ છે એમ કહે છે. આહાહા..! શું કહે છે?

'**અજ્ઞાનસ્વભાવવાળા...**' વાસના. ગંધ વિકારની. પુણ્ય-પાપની, શુભાશુભ આદિની. એવો એનો '**ક્રોધાદિરૂપે જેનો ઉપયોગ પરિણમ્યો છે...**' ભાષા જુઓ! એનો અશુદ્ધઉપયોગ એ રીતે પરિણમ્યો છે. કર્મે પરિણમાવ્યું નથી, કર્મે કરાવ્યું નથી અને એ અશુદ્ધપણે પરિણમ્યા વિના રહ્યો નથી. શુદ્ધ હોવા છતાં પર્યાયમાં અશુદ્ધપણે પરિણમ્યો છે, એમ સિદ્ધ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા '**સ્વભાવવાળા ક્રોધાદિરૂપે જેનો...**' એટલે આત્માનો. '**ઉપયોગ...**' એકાકાર થયો. પ્રભુ આત્મા ભિન્ન છે એનું ભાન જ નથી એને. એવા વિકારી શુભ-અશુભ રાગપણે એ પરિણમ્યો થકો '**એવો જીવ જ પોતે ક્રોધાદિ છે.**' પોતે માન છે, પોતે માયા છે, પોતે લોભ છે, પોતે રાગ છે, પોતે દ્વેષ છે, પોતે વિષય-વાસના છે. પોતે મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

'**આ રીતે જીવનું પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું.**' આ રીતે ભગવાન આત્મા પોતાને ભૂલેલા અજ્ઞાનીઓ પુણ્ય અને પાપરૂપે પરિણમેલા, એનો પરિણમન સ્વભાવ સિદ્ધ કર્યો. પોતાને કારણે એ થઈ રહ્યો છે. કોઈ પરને કારણે થયો નથી. કર્મને કારણે વિકાર થયો નથી. આહાહા..! રાડ નાખે. આપણે અહીંયાં ગાથા આવી છે અને અહીં આવ્યો લેખ આજે જ. અહીંની વાત. સન્મતિ સંદેશમાં નાખ્યું છે. એઈ..! વિજયમૂર્તિજી! શું લખ્યું છે તમારા? જૈન ગેઝેટવાળા અજીતકુમાર લખે છે. ક્યાંના છે? દિલ્હી? મહાવીરજીના. પેલા દિલ્હી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી. ઠીક!

ભાઈ! તને ખબર નથી, બાપુ! આહાહા..! ત્યાં એમ થયું હતું ને (સંવત) ૨૦૦૬ સાલમાં નહિ? એય..! ધીરૂભાઈ! ૨૦૦૬ સાલમાં ત્યાં પાલીતાણા થયું હતું ને? તમે નહોતા નહિ? કર્મ રખડાવે ચાર ગતિમાં. તમે કેમ આમ કહો છો? વ્યાખ્યાન થયું, ૮૦૦ માણસ સાથે હતું. .. આણંદજી-કલ્યાણજીના ઓલામાં બેઠો હતો. શું કહેવાય તમારે? ... શું કહેવાય? મંડપ-શમિયાણો, એમાં વ્યાખ્યાન અને રામવિજયજી ગામમાં. ભડાકા ઉઠ્યા. એય..! તમે કહો છો આઠ કર્મને લઈને આ દોષ નથી, રખડતો નથી. કીધું, લાખ વાર નથી. પોતાની ભૂલને લઈને છે. સમજાણું? ભગવાનભાઈને ખબર નહિ હોય એ. સાંભળ્યું હતું. એ ૨૦૦૬ સાલ ૧૭ વર્ષ (થયા)..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ત્રણ લોકના નાથ પરમઉપકારી જિનેશ્વર એમ કહે છે કે જીવ ચોર્યાશીના અવતારમાં રખડે છે તે કર્મથી રખડે છે. તમે ત્યાં ના પાડી કે કર્મથી નહિ. પોતાના દોષથી રખડે છે. એ ખોટું છે. ઠીક! અહીં ભગવાન પરમાત્માએ કહેલું સંતો કહે છે સત્‌ને. સંતો કહે છે સત્‌ને. આહાહા..! ભાઈ! એ ભૂલ તો પણ તારા ભાવને કર અને ભગવાન આત્માને જાણ તો તારા નિર્મળ ભાવને કર. બાકી બીજું કરી શકે, આ આંખની પાંપણ ફેરવવી એ તારા અધિકારની વાત નથી. એ જડની ક્રિયા, બાપુ! તને ખબર નથી, ભાઈ! સમજાય છે કાંઈ?

આ હાથ હાલે છે એ આત્માથી નહિ. જડના રજકણો છે આ, માટીના રજકણો. એની ક્રિયા તારું કામ જ નથી એમાં. એ શ્વાસની ક્રિયા કરું એમ માન તો પણ શ્વાસરૂપે ન થાય. પણ શ્વાસની ક્રિયા હું કરી શકું એવો જે મિથ્યાત્વભાવ, મિથ્યાત્વભાવરૂપે થાય. સમજાણું કાંઈ? અમે શ્વાસ લઈએ છીએ. ડૉક્ટર કહે કે નહિ, ઓલું કાંઈક જોવું હોય તો આમ મૂકીને. ઊંચો લ્યો. આમ કરો. એય..! ધર્મચંદજી! મૂકે ને આમ? ઊંડેથી લ્યો. ત્યારે ઓલાને ખબર પડે કે આને કાંઈક છે કે નહિ. ટાઢ છે કે નહિ, કફ છે કે નહિ. આ રહ્યા વળી. આ પણ ડોક્ટર નથી લે, મારું ત્યાં ધ્યાન જાય છે. આ પણ ડૉક્ટર છે. આ બે ડૉક્ટર બેઠા, લ્યો ને.

ભગવાન! આત્મા તો એવો છે કે એ શ્વાસની ક્રિયા કરી શકતો નથી, પ્રભુ! હોં! તું આજ માન કે કાલે માન. પણ એ શ્વાસની ક્રિયા આત્મા કરતો નથી. તો દેહની ક્રિયા આત્મા કરે અને હાલવા-ચાલવાની ક્રિયા આત્માથી થાય, ત્રણ કાળ ત્રણ લોકમાં નથી, લે. એ તારી ભ્રમણાપણે પરિણમ એ તારું પરિણમન છે. એમ સિદ્ધ કરે છે. હું શરીરને ચલાવું છું, શરીરથી કામ લઈ શકું છું, નિરોગ શરીર હોય તો બહુ ચાલી શકું છું. દેહ ક્રિયા જડની એ મારી છે એમ માની તું શકે છો. માની શકે છે. એ માન્યતારૂપે તું પરિણમી જા. પણ શરીરની ક્રિયારૂપે તું થા, (એમ) ત્રણ કાળમાં બનતું નથી. ભિન્ન તત્ત્વ ભગવાન ભિન્ન છે. એય..! રતિભાઈ! ઓલા લોઢા-બોઢાના કારખાના હલવે છે. છોકરા હલાવતા હશે. ભારે ભગવાન, ભાઈ!

કહે છે કે અજીવતત્ત્વની કોઈ પણ પર્યાય આત્મા કરે, ત્રણ કાળમાં બને નહિ. (કરે) તો અજીવ તત્ત્વ સ્વતંત્ર રહેતું નથી. અહીં તો રાગ કરે તેને રાગી જીવ ઠરાવી દીધો છે. તું જ્ઞાતાદૃષ્ટા આત્મા નહિ. તું આત્મા નહિ, ભાઈ! આહાહા..! શુભરાગના પરિણામે પરિણમેલો રાગપણે એકાકાર થયેલો તે જીવ રાગ છે, એ જીવ આત્મા નહિ, જ્ઞાન નહિ, આનંદ નહિ. આહાહા..! કહો, નવરંગભાઈ! ભાઈ! તને તારી ચીજની ખબર નથી. પ્રભુ! તું ભૂલ કરે છે સ્વતંત્ર એ કેમ થાય એની એને ખબર નથી. ક્યાં થાય છે? કેમ થાય છે? (એની ખબર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી). એથી અહીં કહે છે કે એ ક્રોધાદિ આ રીતે જીવને પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું. લ્યો! એ પરિણમવાની લાયકાતથી રાગરૂપે, દ્વેષરૂપે થાય છે.

'**ભાવાર્થ :- જીવ પરિણામસ્વભાવ છે.**' એનું બદલવું, રાગરૂપે, વિકારરૂપે થવું એની પર્યાયનો ધર્મ છે. પર્યાયનો-અવસ્થાનો. '**જ્યારે પોતાનો ઉપયોગ ક્રોધાદિરૂપે પરિણમે છે...**' એ માન ક્રોધ, માયા, રાગ-દ્વેષરૂપે થાય '**ત્યારે પોતે ક્રોધાદિરૂપ જ થાય છે એમ જાણવું.**' લ્યો! ત્યારે તે ક્રોધમય, તન્મય એકાકાર થઈ જાય છે. ભગવાન આત્મા જુદો એનું ભાન એને નથી. ધર્મી સમ્યગ્દ્રષ્ટિ છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો. શક્રેન્દ્ર મોટા ૩૨ લાખ વિમાન, ૨૮ લાખ વિમાન કરોડો ઈન્દ્રો ને અપ્સરામાં પડ્યો, ભાન સમ્યગ્દર્શન છે. એને અંતરમાં ભાન છે હું આ રાગમાં પણ નથી, ઈન્દ્રાણીમાં નથી. હું છું ત્યાં મારું જ્ઞાન છે. હું છું ત્યાં રાગનું જ્ઞાન છે, પણ હું છું ત્યાં રાગ નથી. આહાહા..! એને સમ્યગ્દ્રષ્ટિ અને એને ધર્મી કહેવાય. બાકી અજ્ઞાનીને આવા અજ્ઞાનપણે પરિણમેલો અજ્ઞાની કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# પાઠકોની નોંધ માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com